नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

આગમ- ૧૫

# પ્રજ્ઞાપના

## આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ


અનુવાદક અને સંપાદક

આગમ દિવાકર મુનિદીપરત્નસાગરજી

[ M.Com. M.Ed. Ph.D. श्रुत महर्षि ]



'આગમ ગુજરાતી અનુવાદ શ્રેણી પુષ્પ–૧૫

नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

# (૧૫) પ્રજ્ઞાપના

## આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ

પ્રકાશન તારીખ 30/03/2020 સોમવાર તિથી– ૨૦૭૬, ચૈત્ર સુદ–૬

**અનુવાદક અને સંપાદક**

**આગમ દિવાકર મુનિ દીપરત્નસાગરજી**

**[M.Com. M.Ed. Ph.D. श्रुत महर्षि]**

∞∞: સંપર્ક :∞∞

જૈનમુનિ ડો૦ દીપરત્નસાગર [M.Com., M.Ed., Ph.D., श्रुतमहर्षि]

Email: - jainmunideepratnasagar@gmail.com Mob Mobile: - 09825967397

Web address:- (1) www.jainelibrary.org, (2) Deepratnasagar.in

–: ટાઈપ સેટિંગ :–

આસુતોષ પ્રિન્ટર્સ, 09925146223

–: પ્રિન્ટર્સ :–

નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ 09825598855

## ૪૫ આગમ વર્ગીકરણ

| ક્રમ | આગમનું નામ | સૂત્ર | | ક્રમ | આગમનું નામ | સૂત્ર |
|---|---|---|---|---|---|---|
| ०१ | आचार | अंगसूत्र-१ | | २५ | आतुरप्रत्याख्यान | पयन्नासूत्र-२ |
| ०२ | सूत्रकृत् | अंगसूत्र-२ | | २६ | महाप्रत्याख्यान | पयन्नासूत्र-३ |
| ०३ | स्थान | अंगसूत्र-३ | | २७ | भक्तपरिज्ञा | पयन्नासूत्र-४ |
| ०४ | समवाय | अंगसूत्र-४ | | २८ | तंदुलवैचारिक | पयन्नासूत्र-५ |
| ०५ | भगवती | अंगसूत्र-५ | | २९ | संस्तारक | पयन्नासूत्र-६ |
| ०६ | ज्ञाताधर्मकथा | अंगसूत्र-६ | | ३०.१ | गच्छाचार | पयन्नासूत्र-७ |
| ०७ | उपासकदशा | अंगसूत्र-७ | | ३०.२ | चन्द्रवेध्यक | पयन्नासूत्र-७ |
| ०८ | अंतकृत् दशा | अंगसूत्र-८ | | ३१ | गणिविद्या | पयन्नासूत्र-८ |
| ०९ | अनुत्तरोपपातिकदशा | अंगसूत्र-९ | | ३२ | देवेन्द्रस्तव | पयन्नासूत्र-९ |
| १० | प्रश्नव्याकरणदशा | अंगसूत्र-१० | | ३३ | वीरस्तव | पयन्नासूत्र-१० |
| ११ | विपाकश्रुत | अंगसूत्र-११ | | ३४ | निशीथ | छेदसूत्र-१ |
| १२ | औपपातिक | उपांगसूत्र-१ | | ३५ | बृहत्कल्प | छेदसूत्र-२ |
| १३ | राजप्रश्निय | उपांगसूत्र-२ | | ३६ | व्यवहार | छेदसूत्र-३ |
| १४ | जीवाजीवाभिगम | उपांगसूत्र-३ | | ३७ | दशाश्रुतस्कन्ध | छेदसूत्र-४ |
| १५ | प्रज्ञापना | उपांगसूत्र-४ | | ३८ | जीतकल्प | छेदसूत्र-५ |
| १६ | सूर्यप्रज्ञप्ति | उपांगसूत्र-५ | | ३९ | महानिशीथ | छेदसूत्र-६ |
| १७ | चन्द्रप्रज्ञप्ति | उपांगसूत्र-६ | | ४० | आवश्यक | मूलसूत्र-१ |
| १८ | जंबूद्वीपप्रज्ञप्ति | उपांगसूत्र-७ | | ४१.१ | ओघनिर्युक्ति | मूलसूत्र-२ |
| १९ | निरयावलिका | उपांगसूत्र-८ | | ४१.२ | पिंडनिर्युक्ति | मूलसूत्र-२ |
| २० | कल्पवतंसिका | उपांगसूत्र-९ | | ४२ | दशवैकालिक | मूलसूत्र-३ |
| २१ | पुष्पिका | उपांगसूत्र-१० | | ४३ | उत्तराध्ययन | मूलसूत्र-४ |
| २२ | पुष्पचूलिका | उपांगसूत्र-११ | | ४४ | नन्दी | चूलिकासूत्र-१ |
| २३ | वृष्णिदशा | उपांगसूत्र-१२ | | ४५ | अनुयोगद्वार | चूलिकासूत्र-२ |
| २४ | चतु:शरण | पयन्नासूत्र-१ | | --- | --------------- | ----- |
| | | | | | | |
| | | | | | | |

# આગમસૂત્ર- ૧૫ 'પ્રજ્ઞાપના'

## ઉપાંગસૂત્ર– ૪ ગુજરાતી ભાવાનુવાદ

ક્યાં શું જોશો ?


| ક્રમ | વિષય | પૃષ્ઠ | ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|---|---|---|
| | | | | | |
| | | | | | |
| ૧ | પ્રજ્ઞાપના | ००६ | ૧૯ | સમ્યક્ત્વ | ૧૫૧ |
| ૨ | સ્થાન | ०२६ | ૨० | અંતક્રિયા | ૧૫૨ |
| ૩ | બહુવક્તવ્યતા | ०४२ | ૨૧ | અવગાહના/સંસ્થાન | ૧૫૭ |
| ૪ | સ્થિતિ | ०५६ | ૨૨ | ક્રિયા | ૧૬૬ |
| ૫ | વિશેષ | ०६५ | ૨૩ | કર્મપ્રકૃતિ | ૧૭૨ |
| ૬ | વ્યુત્ક્રાન્તિ | ०७८ | ૨૪ | કર્મબંધ | ૧૮૧ |
| ૭ | ઉચ્છ્વાસ | ०८८ | ૨૫ | કર્મબંધ–વેદન | ૧૮૨ |
| ૮ | સંજ્ઞા | ०८૯ | ૨૬ | કર્મવેદ–બંધ | ૧૮૨ |
| ૯ | યોનિ | ०૯० | ૨૭ | કર્મવેદ–વેદક | ૧૮૩ |
| ૧० | ચરમાચરમ | ०૯૨ | ૨૮ | આહાર | ૧૮૪ |
| ૧૧ | ભાષા | ०૯૮ | ૨૯ | ઉપયોગ | ૧૯૧ |
| ૧૨ | શરીર | ૧०૫ | ૩० | પશ્યત્તા | ૧૯૩ |
| ૧૩ | પરિણામ | ૧०૮ | ૩૧ | સંજ્ઞી | ૧૯૫ |
| ૧૪ | કષાય | ૧૧૧ | ૩૨ | સંયમ | ૧૯૫ |
| ૧૫ | ઇન્દ્રિય | ૧૧૨ | ૩૩ | અવધિ | ૧૯૬ |
| ૧૬ | પ્રયોગ | ૧૨૩ | ૩૪ | પ્રવિચારણા | ૧૯૮ |
| ૧૭ | લેશ્યા | ૧૩० | ૩૫ | વેદના | ૨०० |
| ૧૮ | કાયસ્થિતિ | ૧૪૪ | ૩૬ | સમુદ્ઘાત | ૨०૩ |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |

## મુનિ દીપરત્નસાગરજીનું આ પૂર્વેનું સાહિત્ય-સર્જન

| આગમસાહિત્ય | | | આગમસાહિત્ય | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | સાહિત્ય નામ | બુક્સ | ક્રમ | સાહિત્ય નામ | બુક્સ |
| 1 | **मूल आगम साहित्य:-** | 147 | 5 | **आगम अनुक्रम साहित्य:-** | 09 |
| | **-1- आगमसुत्ताणि-मूलं** print | [49] | | -1- આગમ વિષયાનુક્રમ- મૂળ. | 02 |
| | **-2- आगमसुत्ताणि-मूलं** Net | [45] | | -2- **आगम विषयानुक्रम सटीकं.** | 04 |
| | **-3- आगममञ्जूषा मूल प्रत.** | [53] | | -3- **आगम सूत्र-गाथा अनुक्रम** | 03 |
| 2 | **आगम अनुवाद साहित्य:-** | 165 | 6 | **आगम अन्य साहित्य:-** | 10 |
| | **-1-** આગમસૂત્ર ગુજરાતી અનુવાદ | [47] | | -1- આગમ કથાનુયોગ | 06 |
| | -2- **आगमसूत्र हिन्दी अनुवाद** Net | [47] | | -2- **आगम संबंधी साहित्य** | 02 |
| | -3- AagamSootra English Trans. | [11] | | **-3- ऋषिभाषित सूत्राणि** | 01 |
| | -4- આગમસૂત્ર સટીક ગુજરાતી અનુવાદ | [48] | | **-4- आगमिय सूक्तावली** | 01 |
| | **-5- आगमसूत्र हिन्दी अनुवाद** print | [12] | | **आगम साहित्य- कुल पुस्तक** | 518 |
| 3 | **आगम विवेचन साहित्य:-** | 171 | | આગમ સિવાયનું અન્ય સાહિત્ય | |
| | -1- **आगमसूत्र सटीकं** | [46] | 1 | તત્વાભ્યાસ સાહિત્ય- | 13 |
| | -2- **आगम मूलं एवं वृत्ति -1** | [51] | 2 | સૂત્રાભ્યાસ સાહિત્ય- | 06 |
| | -3- **आगम मूलं एवं वृत्ति -2** | [09] | 3 | વ્યાકરણ સાહિત્ય- | 05 |
| | -4- **आगम चूर्णि साहित्य** | [09] | 4 | વ્યાખ્યાન સાહિત્ય- | 04 |
| | -5- **सवृत्तिक आगमसूत्राणि**-1 | [40] | 5 | જિનભક્તિ સાહિત્ય- | 09 |
| | -6- **सवृत्तिक आगमसूत्राणि**-2 | [08] | 6 | વિધિ સાહિત્ય- | 04 |
| | -7- **सचूर्णिक आगमसुत्ताणि** | [08] | 7 | આરાધના સાહિત્ય | 03 |
| 4 | **आगम कोष साहित्य:-** | 16 | 8 | પરિચય સાહિત્ય- | 04 |
| | -1- **आगम सद्दकोसो** | [04] | 9 | પૂજન સાહિત્ય- | 02 |
| | -2- **आगम कहाकोसो** | [01] | 10 | તીર્થંકર સંક્ષિપ્ત દર્શન | 25 |
| | -3- **आगम-सागर-कोष:** | [05] | 11 | પ્રકીર્ણ સાહિત્ય- | 05 |
| | -4- **आगमशब्दादिसंग्रह प्रा-सं-गु.** | [04] | 12 | દીપરત્નસાગરના લઘુશોધનિબંધ | 05 |
| | **-5- आगम बृहत् नाम कोष:** | [02] | | આગમ સિવાયનું સાહિત્ય કૂલ પુસ્તક | 85 |

**1-આગમ સાહિત્ય કુલ પુસ્તક. 518**

**2–આગમેતર સાહિત્ય કુલ પુસ્તક. 085**

**દીપરત્નસાગરજીનું કુલ સાહિત્ય 603**

# [૧૫] પ્રજ્ઞાપના
## ઉપાંગસૂત્ર–૪– ગુજરાતી ભાવાનુવાદ

સૂત્ર–૧

જરા, મૃત્યુ અને ભયથી રહિત સિદ્ધોને ત્રિવિધ અભિવંદન કરીને, ત્રૈલોક્ય ગુરુ જિનવરેન્દ્ર મહાવીરને વાંદુ છું.

સૂત્ર–૨

ભવ્યજનોને મોક્ષનું કારણ અને જિનવર મહાવીરે શ્રુતરત્નોના નિધાનભૂત એવી સર્વ ભાવોની પ્રજ્ઞાપના બતાવી છે.

સૂત્ર–૩, ૪

૩. વાચક શ્રેષ્ઠ વંશમાં ત્રેવીશમાં, ધીરપુરુષ દુર્દ્ધર–ધર અને પૂર્વશ્રુત સમૃદ્ધ બુદ્ધિ એવા મુનિ વડે.

૪. શ્રુતસાગરથી વીણીને પ્રધાન શ્રુતરત્ન શિષ્યગણને આપ્યું, તે આર્યશ્યામને મારા નમસ્કાર.

સૂત્ર–૫

આ પ્રજ્ઞાપના અધ્યયન વિચિત્ર શ્રુતરત્નરૂપ, દૃષ્ટિવાદના બિંદુ સમાન છે. જેમ ભગવંતે તેને વર્ણવેલ છે, તેમ હું વર્ણવીશ.

સૂત્ર–૬ થી ૯

૬. ૧–પ્રજ્ઞાપના, ૨–સ્થાન, ૩–બહુવક્તવ્ય, ૪–સ્થિતિ, ૫–વિશેષ, ૬–વ્યુત્ક્રાંતિ, ૭–ઉચ્છ્વાસ, ૮–સંજ્ઞા, ૯–યોનિ, ૧૦–ચરમ,

૭. ૧૧–ભાષા, ૧૨–શરીર, ૧૩–પરિણામ, ૧૪–કષાય, ૧૫–ઇન્દ્રિય, ૧૬–પ્રયોગ, ૧૭–લેશ્યા, ૧૮–કાયસ્થિતિ, ૧૯–સમ્યક્ત્વ, ૨૦–અંતક્રિયા,

૮. ૨૧–અવગાહન સંસ્થાન, ૨૨–ક્રિયા, ૨૩–કર્મ, ૨૪–કર્મબંધક, ૨૫–કર્મવેદક, ૨૬–વેદબંધક, ૨૭–વેદવેદક,

૯. ૨૮–આહાર, ૨૯–ઉપયોગ, ૩૦–પશ્યતા, ૩૧–સંજ્ઞા, ૩૨–સંયમ, ૩૩–અવધિ, ૩૪–પ્રવિચારણા, ૩૫–વેદના, ૩૬–સમુદ્‌ઘાત.

## પદ-૧ “પ્રજ્ઞાપના”

સૂત્ર–૧૦

તે પ્રજ્ઞાપના કેટલા ભેદે છે ? તે બે ભેદે કહી છે, તે આ પ્રમાણે – જીવ પ્રજ્ઞાપના અને અજીવ પ્રજ્ઞાપના.

સૂત્ર–૧૧

તે અજીવ પ્રજ્ઞાપના શું છે ? અજીવ પ્રજ્ઞાપના બે ભેદે છે, તે આ પ્રમાણે – રૂપી અજીવ પ્રજ્ઞાપના અને અરૂપી અજીવ પ્રજ્ઞાપના.

સૂત્ર–૧૨

તે અરૂપી અજીવ પ્રજ્ઞાપના કેટલા ભેદે છે ? તે દશ ભેદે કહેલી છે – ધર્માસ્તિકાય, ધર્માસ્તિકાય દેશ અને ધર્માસ્તિકાય પ્રદેશ, અધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય દેશ અને અધર્માસ્તિકાય પ્રદેશ. આકાશાસ્તિકાય, આકાશાસ્તિકાય દેશ, આકાશાસ્તિકાય પ્રદેશ અને અદ્ધા સમય. તે આ અરૂપી અજીવ પ્રજ્ઞાપના છે.

સૂત્ર-૧૩ ચાલુ.

રૂપી અજીવપ્રજ્ઞાપના કેટલા પ્રકારે છે ? તે ચાર પ્રકારે છે – સ્કંધ, સ્કંધદેશ, સ્કંધપ્રદેશ, પરમાણુ પુદ્‌ગલ.

પુદ્‌ગલો સંક્ષેપથી પાંચ ભેદે છે. તે આ પ્રમાણે– વર્ણ પરિણત, ગંધ પરિણત, રસ પરિણત, સ્પર્શ પરિણત અને સંસ્થાન પરિણત.

સૂત્ર-૧૩ ચાલુ.

જે વર્ણ પરિણત છે, તે પાંચ ભેદે કહ્યા છે. તે આ – કાળા–નીલા–લોહિત–હાલિદ્ર–શુક્લ વર્ણ પરિણત.

જે ગંધરૂપે પરિણત છે, તે બે ભેદે છે – સુરભિ અને દુરભિગંધ પરિણત.

જે રસ પરિણત છે, તે પાંચ ભેદે છે – કડવા, તીખા, તૂરા, ખાટા, અને મધુર રસપણે પરિણત.

જે સ્પર્શ પરિણત છે તે આઠ ભેદે છે – કર્કશ, મૃદુ, ભારે, હલકો, શીત, ઉષ્ણ, સ્નિગ્ધ, રૂક્ષ સ્પર્શ પરિણત.

જે સંસ્થાન પરિણત છે તે પાંચ ભેદે છે – પરિમંડલ, વૃત્ત, ત્ર્યસ્ર, ચતુરસ્ર, આયત સંસ્થાન પરિણત.

સૂત્ર-૧૩ ચાલુ.

જે વર્ણથી કાળા વર્ણરૂપે પરિણત છે, તે ગંધથી સુરભિગંધ પરિણત પણ છે, દુરભિગંધ પરિણત પણ છે. રસથી તિક્ત રસ પરિણત પણ છે, કટુક–કષાય–અમ્લ–મધુર રસ પરિણત પણ છે. સ્પર્શથી કર્કશ સ્પર્શ પરિણત પણ છે, મૃદુ–ગુરુક–લઘુક–શીત–ઉષ્ણ–સ્નિગ્ધ–ઋક્ષ સ્પર્શ પરિણત પણ છે. સંસ્થાનથી પરિમંડલ સંસ્થાન પરિણત પણ છે, વૃત્ત–ત્ર્યસ્ર–ચતુરસ્ર–આયત સંસ્થાન પરિણત પણ છે.

જે વર્ણથી નીલ વર્ણ પરિણત છે, તે ગંધથી સુરભિગંધ પરિણત પણ છે, દુરભિગંધ પરિણત પણ છે. રસથી તિક્ત યાવત્ મધુર એ પાંચે રસ પરિણત છે. સ્પર્શથી કર્કશ યાવત્ રૂક્ષ એ આઠે સ્પર્શ પરિણત છે. સંસ્થાનથી પરિમંડલ યાવત્ આયત એ પાંચે સંસ્થાન પરિણત છે.

જે વર્ણથી લોહિત વર્ણ પરિણત છે, તે ગંધથી સુરભિગંધ પરિણત પણ છે, દુરભિગંધ પરિણત પણ છે. રસથી તિક્ત યાવત્ મધુર રસ પરિણત પણ છે. સ્પર્શથી કર્કશ સ્પર્શ યાવત્ ઋક્ષ સ્પર્શ પરિણત પણ છે. સંસ્થાનથી પરિમંડલ યાવત્ આયત સંસ્થાન પરિણત પણ છે.

જે વર્ણથી હાલિદ્રવર્ણ પરિણત છે, તે ગંધથી સુરભિ અને દુરભિગંધ પરિણત પણ છે. રસથી તિક્ત યાવત્ મધુર રસ પરિણત પણ છે. સ્પર્શથી કર્કશ યાવત્ ઋક્ષ સ્પર્શ પરિણત પણ છે. સંસ્થાનથી પરિમંડલ સંસ્થાન યાવત્ આયત સંસ્થાન પરિણત પણ છે.

જે વર્ણથી શુક્લ વર્ણ પરિણત છે. તે ગંધથી સુરભિગંધ કે દુરભિગંધ પરિણત પણ છે, રસથી તિક્ત યાવત્ મધુર રસ પરિણત પણ છે, સ્પર્શ કર્કશ યાવત્ ઋક્ષ સ્પર્શ પરિણત પણ છે. સંસ્થાનથી પરિમંડલ યાવત્ આયત સંસ્થાન પરિણત પણ છે.

આ રીતે પાંચ વર્ણ આશ્રિત ૧૦૦ ભેદો થયા..

જે ગંધથી સુરભિગંધ પરિણત છે, તે વર્ણથી કાળા વર્ણ પરિણત પણ છે, નીલવર્ણ પરિણત પણ છે, લોહિતવર્ણ પરિણ પણ છે, હાલિદ્ર વર્ણ પરિણત પણ છે, શુક્લ વર્ણ પરિણત પણ છે. રસથી તિક્ત રસ પરિણત યાવત્ મધુર રસ પરિણત પણ છે. સ્પર્શથી કર્કશ સ્પર્શ પરિણત યાવત્ રૂક્ષ સ્પર્શ પરિણત પણ છે. સંસ્થાનથી પરિમંડલ સંસ્થાન પરિણત યાવત્ આયત સંસ્થાન પરિણત પણ છે. ૫ + ૫ + ૮ + ૫ = ૨૩ ભેદ..

જે ગંધથી દુરભિગંધ પરિણત છે. તે વર્ણથી કાળા વર્ણ પરિણત પણ છે. યાવત્ શુક્લ વર્ણ પરિણત પણ છે. રસથી તિક્તરસ પરિણત પણ છે યાવત્ મધુરરસ પરિણત પણ છે. સ્પર્શથી કર્કશ સ્પર્શ પરિણત પણ છે યાવત્ ઋક્ષ સ્પર્શ પરિણત પણ છે. સંસ્થાનથી પરિમંડલ સંસ્થાન પરિણત યાવત્ આયત સંસ્થાન પરિણત પણ છે. એ

૨૩ ભેદ ઉપર બતાવ્યા મુજબ, કુલ ૪૬ ભેદ થયા..

જે રસથી તિક્તરસ પરિણત છે, તે વર્ણથી કાળા વર્ણ પરિણત પણ છે યાવત્ શુક્લ વર્ણ પરિણત પણ છે. ગંધથી સુરભિ૦ દુરભિગંધ પરિણત પણ છે. સ્પર્શથી કર્કશ૦ યાવત્ ઋક્ષ સ્પર્શ પરિણત પણ છે. સંસ્થાનથી પરિમંડલ સંસ્થાન પરિણત યાવત્ આયત સંસ્થાન પરિણત પણ છે.

જે રસથી કટુક રસ પરિણત છે. તે વર્ણથી કાળા૦ યાવત્ શુક્લ વર્ણ પરિણત પણ છે. ગંધથી સુરભિ૦ દુરભિ ગંધ પરિણત પણ છે. સ્પર્શથી કર્કશ સ્પર્શ યાવત્ ઋક્ષ સ્પર્શ પરિણત પણ છે. સંસ્થાનથી પરિમંડલ સંસ્થાન યાવત્ આયત સંસ્થાન પરિણત પણ છે.

જે રસથી કષાયરસ પરિણત છે, તે વર્ણથી કાળો વર્ણ યાવત્ શુક્લ વર્ણ પરિણત પણ છે. ગંધથી સુરભિ૦ દુરભિ ગંધ પરિણત પણ છે, સ્પર્શથી કર્કશ સ્પર્શ યાવત્ ઋક્ષ સ્પર્શ પરિણત પણ છે. સંસ્થાનથી પરિમંડલ સંસ્થાન યાવત્ આયત સંસ્થાન પરિણત પણ છે.

જે રસથી અમ્લ રસ પરિણત છે, તે વર્ણથી કાળો વર્ણ પરિણત યાવત્ શુક્લવર્ણ પરિણત પણ છે. ગંધથી સુરભિ૦ દુરભિગંધ પરિણત પણ છે. સ્પર્શથી કર્કશ સ્પર્શ યાવત્ ઋક્ષ સ્પર્શ પરિણત પણ છે. સંસ્થાનથી પરિમંડલ સંસ્થાન યાવત્ આયત સંસ્થાન પરિણત પણ છે.

જે રસથી મધુરરસ પણે પરિણત છે, તે વર્ણથી કાળા વર્ણ૦ યાવત્ સફેદ વર્ણ પણે પરિણત છે. ગંધથી સુરભિ૦ દુરભિ ગંધપણે પરિણત છે, સ્પર્શથી કર્કશ સ્પર્શ૦ યાવત્ ઋક્ષ સ્પર્શપણે પરિણત છે. સંસ્થાનથી પરિમંડલ સંસ્થાન૦ યાવત્ આયત સંસ્થાનપણે પરિણત છે.

આ રીતે રસને આશ્રીને ૧૦૦ ભેદ થયા..

જે સ્પર્શથી કર્કશ સ્પર્શ પરિણત હોય, તે કાળા વર્ણ૦ યાવત્ શુક્લ વર્ણ પરિણત પણ હોય, ગંધથી સુરભિ૦ દુરભિગંધ પરિણત પણ હોય, રસથી તિક્ત રસ યાવત્ મધુર રસ પરિણત પણ હોય, સ્પર્શથી ગુરુ સ્પર્શ યાવત્ ઋક્ષ સ્પર્શ પરિણત પણ હોય, સંસ્થાનથી પરિમંડલ યાવત્ આયત સંસ્થાન પરિણત હોય.

જે સ્પર્શથી મૃદુ સ્પર્શ પરિણત હોય, તે વર્ણથી કાળા વર્ણ યાવત્ શુક્લ વર્ણ પરિણત પણ હોય, ગંધથી સુરભિ૦ દુરભિગંધ પરિણત પણ હોય. રસથી તિક્ત રસ યાવત્ મધુર રસ પરિણત પણ હોય, સ્પર્શથી ગુરુસ્પર્શ યાવત્ ઋક્ષ સ્પર્શ પરિણત પણ હોય, સંસ્થાનથી પરિમંડલ સંસ્થાન૦ યાવત્ આયત સંસ્થાન પરિણત પણ હોય.

જે સ્પર્શથી ગુરુસ્પર્શ પરિણત હોય, તે વર્ણથી કાળો વર્ણ યાવત્ સફેદ વર્ણ પરિણત પણ હોય, ગંધથી સુરભિ૦ દુરભિગંધ પરિણત પણ હોય, રસથી તિક્તરસ પરિણત યાવત્ મધુર રસ પરિણત પણ હોય, સ્પર્શથી કર્કશ–મૃદુ–શીત–ઉષ્ણ–સ્નિગ્ધ–રૂક્ષ રસ પરિણત પણ હોય, સંસ્થાનથી પરિમંડલ સંસ્થાન યાવત્ આયત સંસ્થાન પરિણત પણ હોય.

જે સ્પર્શથી લઘુ સ્પર્શ પરિણત હોય, તે વર્ણથી કાળો વર્ણ યાવત્ શુક્લ વર્ણ પરિણત પણ હોય, ગંધથી સુરભિ, દુરભિગંધ પરિણત પણ હોય, રસથી તિક્તરસ યાવત્ મધુરરસ પરિણત પણ હોય, સ્પર્શથી કર્કશ–મૃદુ–શીત–ઉષ્ણ–સ્નિગ્ધ–ઋક્ષ સ્પર્શ પરિણત પણ હોય, સંસ્થાનથી પરિમંડલ સંસ્થાન યાવત્ આયત સંસ્થાન પરિણત પણ હોય.

જે સ્પર્શથી શીત સ્પર્શ પરિણત હોય, તે વર્ણથી કાળો યાવત્ શુક્લ વર્ણ પરિણત પણ હોય, ગંધથી સુરભિ૦ દુરભિ ગંધ પરિણત પણ હોય, રસથી તિક્ત યાવત્ મધુર રસ પરિણત પણ હોય. સ્પર્શથી કર્કશ–મૃદુ–ગુરુ–લઘુ–સ્નિગ્ધ–ઋક્ષ સ્પર્શ પરિણત પણ હોય. સંસ્થાનથી પાંચે સંસ્થાન પરિણત પણ હોય.

જે સ્પર્શથી ઉષ્ણ સ્પર્શ પરિણત છે, તે વર્ણથી કાળો વર્ણ યાવત્ શુક્લવર્ણ પરિણત પણ છે, ગંધથી સુરભિ૦

દુરભિગંધ પરિણત પણ છે, રસથી તિક્તરસ યાવત્ મધુરરસ પરિણત પણ છે. સ્પર્શથી કર્કશ–મૃદુ–ગુરુ–લઘુ–સ્નિગ્ધ–રુક્ષ સ્પર્શ પરિણત પણ છે. સંસ્થાનથી પરિમંડલાદિ પરિણત પણ છે.

જે સ્પર્શથી સ્નિગ્ધ સ્પર્શ પરિણત છે, તે વર્ણથી કાળો વર્ણ યાવત્ શુક્લવર્ણ પરિણત પણ છે. ગંધથી સુરભિ ગંધ૦ દુરભિગંધ પરિણત પણ છે. રસથી તિક્તરસ યાવત્ મધુરરસ પરિણત પણ છે, સ્પર્શથી કર્કશ યાવત્ ઉષ્ણ સ્પર્શ પરિણત છે. સંસ્થાનથી પરિમંડલ યાવત્ આયત સંસ્થાન પરિણત પણ છે.

જે સ્પર્શથી રુક્ષ સ્પર્શ પરિણત છે, તે વર્ણથી કાળો વર્ણ યાવત્ શુક્લ વર્ણ પરિણત પણ છે. ગંધથી સુરભિગંધ૦ દુરભિગંધ પરિણત પણ છે. રસથી તિક્તરસ યાવત્ મધુરરસ પરિણત પણ છે, સ્પર્શથી કર્કશ સ્પર્શ યાવત્ ઉષ્ણ સ્પર્શ પરિણત પણ છે. સંસ્થાનથી પરિમંડલ આદિ સંસ્થાન પરિણત પણ હોય.

આ રીતે પ્રત્યેકના ૨૩–એ રીતે સ્પર્શના ૧૮૪ ભેદ થયા..

જે સંસ્થાનથી પરિમંડલ સંસ્થાન પરિણત છે, તે કાળા આદિ પાંચે વર્ણ પરિણત પણ હોય, બંને ગંધ પરિણત પણ હોય, રસથી તિક્તાદિ પાંચે રસ પરિણત પણ હોય, સ્પર્શથી કર્કશાદિ આઠે સ્પર્શ પરિણત પણ હોય. ૨૦ ભેદ..

જે સંસ્થાનથી વૃત્ત સંસ્થાન પરિણત હોય, તે વર્ણથી કાળા આદિ પાંચે વર્ણ પરિણત પણ હોય, બંને ગંધ પરિણત પણ હોય. રસથી તિક્તાદિ પાંચે રસ પરિણત પણ હોય. સ્પર્શથી કર્કશાદિ આઠે સ્પર્શ પરિણત પણ હોય.

જે સંસ્થાનથી ત્ર્યસ્ર સંસ્થાન પરિણત હોય તે વર્ણથી કાળા આદિ પાંચે વર્ણ પરિણત પણ હોય, બંને ગંધ પરિણત પણ હોય, રસથી તિક્તાદિ પાંચે રસ પરિણત પણ હોય. સ્પર્શથી કર્કશાદિ આદિ આઠે સ્પર્શ પરિણત પણ હોય.

જે સંસ્થાનથી ચતુરસ્ર સંસ્થાન પરિણત હોય તે વર્ણથી કાળા આદિ પાંચે વર્ણ પરિણત પણ હોય, બંને ગંધથી પરિણત પણ હોય, રસથી તિક્તાદિ પાંચે રસ પરિણત પણ હોય, સ્પર્શથી કર્કશાદિ આઠે સ્પર્શ પરિણત પણ હોય.

જે સંસ્થાનથી આયત સંસ્થાન પરિણત હોય તે વર્ણથી કાળા–નીલો–લોહિત–હાલિદ્ર–શુક્લ વર્ણ પરિણત પણ હોય, ગંધથી સુરભિ–દુરભિ ગંધ પરિણત પણ હોય, રસથી તિક્ત–કટુક–કષાય–અંબિલ–મધુર રસ પરિણત પણ હોય. સ્પર્શથી કર્કશ–મૃદુ–ગુરુ–લઘુ–શીત–ઉષ્ણ–સ્નિગ્ધ–રુક્ષ સ્પર્શ પરિણત પણ હોય. સંસ્થાનથી આ ૧૦૦ ભેદ થયા..

તે આ રૂપી અજીવ પ્રજ્ઞાપના, અજીવ પ્રજ્ઞાપના કહ્યા.

સૂત્ર–૧૪

તે જીવ પ્રજ્ઞાપના કેટલા ભેદે છે ? બે ભેદે છે – સંસાર સમાપન્નક જીવ પ્રજ્ઞાપના અને અસંસાર સમાપન્નક જીવ પ્રજ્ઞાપના.

સૂત્ર–૧૫, ૧૬

૧૫. અસંસાર સમાપન્ન જીવ પ્રજ્ઞાપના કેટલા ભેદે છે ? અસંસાર સમાપન્ન જીવ પ્રજ્ઞાપના બે ભેદે કહેલ છે – અનંતર સિદ્ધ અસંસાર સમાપન્ન જીવ પ્રજ્ઞાપના અને પરંપર સિદ્ધ અસંસાર સમાપન્ન જીવ પ્રજ્ઞાપના.

૧૬. અનંતર સિદ્ધ અસંસાર સમાપન્ન જીવ પ્રજ્ઞાપના કેટલા ભેદે છે ? પંદર ભેદે છે –

૧. તીર્થસિદ્ધ, અતીર્થસિદ્ધ, તીર્થકરસિદ્ધ, અતીર્થકરસિદ્ધ, ૫. સ્વયંબુદ્ધસિદ્ધ, પ્રત્યેકબુદ્ધસિદ્ધ, બુદ્ધ બોધિત સિદ્ધ, ૮. સ્ત્રીલિંગસિદ્ધ, પુરુષલિંગસિદ્ધ, નપુંસકલિંગસિદ્ધ, ૧૧. સલિંગસિદ્ધ, અન્યલિંગસિદ્ધ, ગૃહલિંગસિદ્ધ, ૧૪. એકસિદ્ધ, ૧૫.અનેકસિદ્ધ.

સૂત્ર–૧૭

તે પરંપર સિદ્ધ અસંસાર સમાપન્નક જીવ પ્રજ્ઞાપના કેટલા ભેદે છે ? અનેક ભેદે કહી છે. તે આ – અપ્રથમ સમય સિદ્ધ, દ્વિતીય સમય સિદ્ધ, તૃતીય સમય સિદ્ધ, ચતુઃસમય સિદ્ધ યાવત્ સંખ્યાત સમય સિદ્ધ, અસંખ્યાત સમય સિદ્ધ, અનંત સમય સિદ્ધ. તે પરંપરસિદ્ધ અસંસારી જીવ પ્રજ્ઞાપના કહી છે.

સૂત્ર–૧૮

સંસાર સમાપન્ન જીવ પ્રજ્ઞાપના કેટલા ભેદે છે ? તે પાંચ ભેદે કહી છે. તે આ – એકેન્દ્રિય સંસારી જીવ પ્રજ્ઞાપના, બેઇન્દ્રિય સંસારી જીવ પ્રજ્ઞાપના, તેઇન્દ્રિય સંસારી જીવ પ્રજ્ઞાપના, ચઉરિન્દ્રિય સંસારી જીવ પ્રજ્ઞાપના અને પંચેન્દ્રિય સંસારી જીવ પ્રજ્ઞાપના.

સૂત્ર–૧૯

એકેન્દ્રિય સંસારી જીવ પ્રજ્ઞાપનાના કેટલા ભેદો છે ? તે પાંચ ભેદે છે – પૃથ્વીકાયિક એકેન્દ્રિય સંસારી જીવ પ્રજ્ઞાપના, અપ્‌કાયિક૦–તેઉકાયિક૦–વાયુકાયિક૦–વનસ્પતિકાયિક એકેન્દ્રિય સંસારી જીવ પ્રજ્ઞાપના.

સૂત્ર–૨૦

તે પૃથ્વીકાયિક કેટલા ભેદે છે ? બે ભેદે કહેલા છે. તે આ – સૂક્ષ્મ પૃથ્વીકાયિક અને બાદર પૃથ્વીકાયિક.

સૂત્ર–૨૧

સૂક્ષ્મ પૃથ્વીકાયિકો કેટલા ભેદે છે ? બે ભેદે કહ્યા. તે આ – પર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયિક, અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયિક. એ પ્રમાણે સૂક્ષ્મ પૃથ્વીકાયિકો કહ્યા.

સૂત્ર–૨૨

બાદર પૃથ્વીકાયિકો કેટલા ભેદે છે ? બે ભેદે કહેલ છે. તે આ પ્રમાણે – શ્લક્ષ્ણબાદર પૃથ્વીકાય, ખરબાદર પૃથ્વીકાયિક.

સૂત્ર–૨૩

શ્લક્ષ્ણ બાદર પૃથ્વીકાયિકો કેટલા ભેદે છે ? સાત ભેદે છે. તે આ – કાળી માટી, નીલી માટી, લાલ માટી, પીળી માટી, સફેદ માટી, પાંડુ માટી, પનક માટી. તે આ શ્લક્ષ્ણ બાદર પૃથ્વીકાયિક.

સૂત્ર–૨૪ થી ૨૯

**૨૪.** તે ખર બાદર પૃથ્વી કેટલા ભેદે છે? અનેક ભેદે છે. તે આ પ્રમાણે –

**૨૫.** પૃથ્વી, કાંકરા, રેતી, ઉપલ, શિલા, લવણ, ખારો, લોઢું, તાંબુ, જસત, સીસું, રૂપું, સોનું, વજ્રરત્ન,

**૨૬.** હડતાલ, હિંગલોક, મણસીલ, પારો, અંજનરત્ન, પ્રવાલ, અભ્રપટલ, અભ્ર વાલુકા, એ બધા બાદર પૃથ્વીકાય જાણવા. હવે મણિવિધાન.

**૨૭.** ગોમેધ્યક, રુચક, અંક, સ્ફટિક, લોહિતાક્ષ, મરકત, મસારગલ્લ, ભુજમોચક, ઇન્દ્રનીલ,

**૨૮.** ચંદન, મેરુ, હંસગર્ભ, પુલાક, સૌગંધિક, ચંદ્રપ્રભ, વૈડૂર્ય, જલકાંત, સૂર્યકાંત.

**૨૯.** યાવત્ તેવા પ્રકારના બીજા બધા.

તે સંક્ષેપથી બે પ્રકારે છે. પર્યાપ્તક અને અપર્યાપ્તક.

તેમાં જે અપર્યાપ્તા છે, તે અસંપ્રાપ્ત છે,

જે પર્યાપ્તા છે તેઓના વર્ણ–ગંધ–રસ–સ્પર્શ આદેશથી હજારો ભેદો છે. સંખ્યાતા લાખો યોનિદ્વારો છે, પર્યાપ્તા નિશ્રાએ અપર્યાપ્તા ઉત્પન્ન થાય છે.

જ્યાં એક પર્યાપ્તો, ત્યાં નિયમા અસંખ્યાતા અપર્યાપ્તા હોય.

સૂત્ર–30

તે અપ્કાયિક કેટલા ભેદે છે ? બે ભેદે – સૂક્ષ્મ અપ્કાયિક અને બાદર અપ્કાયિક.

તે સૂક્ષ્મ અપ્કાયિક કેટલા ભેદે છે ? બે ભેદે – પર્યાપ્તા સૂક્ષ્મ અપ્કાયિક અને અપર્યાપ્તા સૂક્ષ્મ અપ્કાયિક. તે સૂક્ષ્મ અપ્કાયિક કહ્યા.

તે બાદર અપ્કાયિક કેટલા ભેદે છે ? અનેક ભેદે કહ્યા છે. તે આ – ઓસ, હિમ, મહિકા, કરક, હરતનું, શુદ્ધોદક, શીતોદક, ઉષ્ણોદક, ક્ષારોદક, ખટ્વોદક, અમ્લોદક, લવણોદક, વારુણોદક, ક્ષીરોદક, ઘૃતોદક, ક્ષોતોદક, રસોદક. બીજા તેવા પ્રકારના ઉદકો હોય તે. તે સંક્ષેપથી બે ભેદે – પર્યાપ્તા અને અપર્યાપ્તા.

તેમાં જે અપર્યાપ્તા છે, તે અસંપ્રાપ્તા છે. જે પર્યાપ્તા છે, તેઓના વર્ણ–ગંધ–રસ–સ્પર્શ આદેશથી હજારો ભેદો છે, અને સંખ્યાતા લાખ યોનિદ્વારો છે. પર્યાપ્તાની નિશ્રાએ અપર્યાપ્તા ઉદ્ભવે છે. જ્યાં એક પર્યાપ્તો, ત્યાં નિયમા અસંખ્યાતા અપર્યાપ્તા હોય.

સૂત્ર–31

તે તેજસ્કાયિક કેટલા ભેદે છે ? બે ભેદે કહેલ છે. તે આ – સૂક્ષ્મ તેઉકાયિક અને બાદર તેઉકાયિક.

તે સૂક્ષ્મ તેઉકાયિક કેટલા ભેદે છે ? બે ભેદે કહેલ છે – પર્યાપ્તક, અપર્યાપ્તક. તે સૂક્ષ્મ તેઉકાયિક કહ્યા.

બાદર તેઉકાયિક કેટલા ભેદે છે ? અનેક ભેદે કહ્યા છે. તે આ – અંગાર, જ્વાલા, મુર્મુર, અર્ચિ, અલાત, શુદ્ધ અગ્નિ, ઉલ્કા, વિદ્યુત, અશનિ, નિર્ઘાત, સંઘર્ષથી સમુત્થિત, સૂર્યકાંતમણિ નિશ્રિત. બીજા તેવા પ્રકારના તેઉકાયિકો.

આ બાદર તેઉકાયિક સંક્ષેપથી બે ભેદે કહેલ છે – પર્યાપ્તા અને અપર્યાપ્તા. તેમાં જે અપર્યાપ્તા છે, તે અસંપ્રાપ્ત છે. તેમાં જે પર્યાપ્તા છે, તેઓના વર્ણ–ગંધ–રસ–સ્પર્શ આદેશ થકી હજારો ભેદો થાય છે. સંખ્યાતા લાખ યોનિ દ્વારો થાય છે. પર્યાપ્તાની નિશ્રાએ અપર્યાપ્તા ઉત્પન્ન થાય છે. જ્યાં એક પર્યાપ્તો, ત્યાં નિયમા અસંખ્યાતા અપર્યાપ્તા ઉપજે. તે બાદર–તેઉકાયિક કહ્યા , તે તેઉકાયિક કહ્યા.

સૂત્ર–3૨

વાયુકાયિકો કેટલા ભેદે છે ? બે ભેદે છે – સૂક્ષ્મ, બાદર.

તે સૂક્ષ્મ વાયુકાયિક કેટલા ભેદે છે ? બે ભેદે છે – પર્યાપ્ત સુક્ષ્મ વાયુકાયિક અને અપર્યાપ્ત સુક્ષ્મ વાયુકાયિક. તે સૂક્ષ્મ વાયુકાયિક કહ્યા.

બાદર વાયુકાયિક કેટલા ભેદે છે ? અનેક ભેદે છે, તે આ પ્રમાણે – પૂર્વવાત, પશ્ચિમવાત, દક્ષિણવાત, ઉત્તરવાત, ઉર્ધ્વવાત, અધોવાત, તિર્છાવાત, વિદિસીવાત, વાતોદ્ભ્રામ, વાતોત્કલિકા, વતમંડલિકા, ઉત્કલિકા વાત, મંડલિકાવાત, ગુંજાવાત, ઝંઝાવાત, સંવર્ત્તવાત, ઘનવાત, તનુવાત, શુદ્ધવાત.

તથા આ પ્રકારનો અન્ય વાયુ બાદર વાયુકાયિક છે. તે સંક્ષેપથી બે ભેદે કહ્યો – પર્યાપ્તક અને અપર્યાપ્તક. તેમાં જે અપર્યાપ્તક છે, તે અસંપ્રાપ્ત છે. જે પર્યાપ્તક છે, તેઓના વર્ણ–ગંધ–રસ–સ્પર્શ આદેશથી હજારો ભેદ છે, સંખ્યાતા લાખ યોનિ દ્વારો છે. પર્યાપ્તા નિશ્રાએ અપર્યાપ્તા ઉપજે છે. જ્યાં એક પર્યાપ્તો ત્યાં નિયમા અસંખ્યાતા અપર્યાપ્તા છે.

સૂત્ર–33 થી 3૭

33. વનસ્પતિકાયિકના કેટલા ભેદ છે ? બે ભેદ છે – સૂક્ષ્મ વનસ્પતિકાયિક અને બાદર વનસ્પતિકાયિક.

3૪. સૂક્ષ્મ વનસ્પતિકાયિક કેટલા ભેદે છે ? બે ભેદે છે – પર્યાપ્તા સૂક્ષ્મ વનસ્પતિકાયિક અને અપર્યાપ્તા સૂક્ષ્મ વનસ્પતિકાયિક. તે સૂક્ષ્મ વનસ્પતિકાયિક કહ્યા.

3૫. બાદર વનસ્પતિકાયિક કેટલા ભેદે છે ? બે ભેદે છે – પ્રત્યેક બાદર વનસ્પતિકાયિક અને સાધારણ

બાદર વનસ્પતિકાયિક.

૩૬. પ્રત્યેક બાદર વનસ્પતિકાયિક કેટલા ભેદે છે ? બાર ભેદે છે –

૩૭. વૃક્ષ, ગુચ્છ, ગુલ્મ, લતા, વેલ, પર્વગ, તૃણ, વલય, હરિત, ઔષધિ, જલરુહ અને કુહણ.

## સૂત્ર–૩૮ થી ૪૨

૩૮. તે વૃક્ષો કેટલા ભેદે છે ? બે ભેદે છે. એકાસ્થિક અને બહુબીજક.

તે એકાસ્થિક કેટલા ભેદે છે ? તે અનેક ભેદે છે.

૩૯. લીંબડો, આંબો, જાંબુ, કોશામ્ર, ક્ષુદ્રામ, જંગલી આંબો, સાલ, અંકોલ, પીલુ, સેલુ, શલ્લકી, મોચકી, માલુક, બકુલ, પલાસ, કરંજ,

૪૦. પુત્રંજીવ, અરીઠા, બહેડા, હરિતક, ભીલામાં, ઉંબેભરિકા, ક્ષીરિણી, ધાતકી, પ્રિયાલ,

૪૧. પૂતિનિંબ કરંજ, શ્લક્ષ્ણા, શીશમ, અસન, પુન્નાગ, નાગવૃક્ષ, શ્રીપર્ણી, અશોક.

૪૨. અને તે સિવાયના બીજા તેવા પ્રકારના વૃક્ષો, તેઓના મૂલો, કંદો, સ્કંધો, ત્વચા, શાખા, પ્રવાલો અસંખ્યાત જીવવાળા છે, પાંદડા પ્રત્યેક જીવવાળા, પુષ્પો અનેક જીવવાળા અને ફળો એકબીજવાળા છે. તે એકાસ્થિક કહ્યા.

## સૂત્ર–૪૨ ચાલુ. થી ૪૬

૪૨ ચાલુ. બહુબીજક વૃક્ષો કેટલા ભેદે છે ? તે અનેક ભેદે છે.

૪૩. અસ્થિક, તિંદુક, કપિત્થ, અંબાડક, માતુલિંગ, બિલ્વ, આમળા, ફણસ, દાડમ, અશ્વત્થ, ઉંબર, વડ,

૪૪. ન્યગ્રોધ, નંદિવૃક્ષ, પિપ્પલી, શતરી, પ્લક્ષવૃક્ષ, કાકોદુંબરી, કુસ્તુંભરી, દેવદાલી,

૪૫. તિલક, લકુચ, છત્રૌઘ, શિરિષ, સપ્તપર્ણ, દધિપર્ણ, લોધ્ર, ધવ, ચંદન, અર્જુન, નીપ, કુટજ, કદંબ.

૪૬. તે સિવાય તેવા બીજા પ્રકારના તે બહુબીજવાળા વૃક્ષો જાણવા. એના મૂલો, કંદો, સ્કંધો, શાખા, પત્ર પ્રત્યેક જીવિકા, પુષ્પો અનેકજીવિકા, ફળ બહુબીજકા છે. તે બહુબીજકો છે. તે વૃક્ષો કહ્યા.

## સૂત્ર–૪૬ થી ૮૧

૪૬. ગુચ્છો કેટલા પ્રકારે છે ? તે અનેક પ્રકારે કહ્યા છે –

૪૭. રીંગણી, સલ્લકી, થુંડકી, કચ્છુરી, જાસુમણા, રૂપી, આઢકી, નીલી, તુલસી, માતુલિંગી,

૪૮. કુસ્તુંભરી, પિપર, અલસી, વલ્લી, કાકમાચી, વુચ્ચુ, પટોલકંદકી, વિઉવ્વા, વત્થુલ, બદર,

૪૯. પત્તઉર, સીયઉર, જવાસો, નિર્ગુંડી, કસ્તુંબરી, ધાણા, અત્થઈ, તલઉડા,

૫૦. શણ, પાણ, કાસુંદરો, અઘેડો, શ્યામા, સિંદુવાર, કરમર્દ, અરડુસી, કેરડો, ઐરાવણ, મહિત્થ.

૫૧. જાતુલક, મોલ, પરિલી, ગજમારિણી, કુર્ચકારિયા, મજીઠ, ડોડી, કેતકી, ગંજ, પાડલ, દાસી, અંકોલ.

૫૨. એ સિવાય બીજા પણ તેવા પ્રકારના ગુચ્છો જાણવા.

* ગુલ્મો કેટલા ભેદે છે ? ગુલ્મો અનેક ભેદે છે, તે આ પ્રમાણે –

૫૩. સૈરયિક, નવમાલિકા, કોરંટક, બંધુજીવક, મણોજ્જ, પિઈય, પાણ, કણેર, કુબ્જક, સિંદુવાર.

૫૪. જાઈ, મોગરો, જૂઈ, મલ્લિકા, વાસંતી, વસ્તુલ, કત્થુલ, સેવાલ, ગ્રન્થી, મૃગદંતિકા.

૫૫. ચંપકજાતિ, નવનીઈયા, કુંદ, મહાજાતિ. એ પ્રમાણે અનેક આકારના ગુલ્મો જાણવા. ગુલ્મો કહ્યા.

૫૬. તે લતાઓ કેટલા ભેદે છે ? લતા અનેક પ્રકારે કહી છે, તે આ પ્રમાણે –

૫૭. પદ્મલતા, નાગલતા, અશોક, ચંપકલતા, ચૂતલતા, વનલતા, વાસંતીલતા, અતિમુક્તકલતા અને કુંદશ્યામલતા.

૫૮. જે આવા પ્રકારે અન્ય લતા હોય તે બધી. આ પ્રમાણે લતા કહી.

* તે વલ્લીવેલા. કેટલા ભેદે છે ? વલ્લી અનેક ભેદે કહી છે –

૫૯. પૂસફલી, કાલિંગી, તુંબી, તપુસી, એલવાલુંકી, ઘોસાતકી, પંડોલા, પંચાંગુલી, નીલી.

૬૦. કંડૂઈકા, કંગુયા, કકકોડકી, કારેલી, સુભગા, કુયવાય, વાગલી, પાવ, વલ્લી, દેવદાલી.

૬૧. આસ્ફોતા, અતિમુક્ત, નાગલતા, કૃષ્ણા, સૂર્યવલ્લી, સંઘટ્ટા, સુમણસા, જાસુવણ, કુવિંદવલ્લી,

૬૨. મૃદ્ધિકા, આમ્રવલ્લી, કૃષ્ણ છિરાલી, જયંતિ, ગોવાલી, પાણી, માસાવલ્લી, ગુંજીવલ્લી, વિચ્છાણી.

૬૩. શશિબિંદુ, ગોતકુસિયા, ગિરિકર્ણકી, માલુકા, અંજનકી, દધિપુષ્પિકા, કાકણી, મોગલી, અર્કબોંદિ,

૬૪. આવા પ્રકારની બીજી પણ જે છે તે વલ્લીઓ છે તે અહી સમજી લેવી.

* તે પર્વગ શું છે ? પર્વગ અનેક ભેદે કહેલ છે, તે આ પ્રમાણે –

૬૫. ઇક્ષૂ, ઇક્ષુવાટિકા, વીરુણી, ઇક્કડ, ભમાસ, સુંઠ, શર, વેત્ર, તિમિર, શતપોરક, નલ,

૬૬. વાંસ, વેણુ, કનક, કર્કાવંશ, ચંપાવશ, ઉદગ, કુડગ, વિમત, કંડાવેણુ, કલ્યાણ.

૬૭. આવા પ્રકારની અન્ય પણ પર્વગ વનસ્પતિ અહી જાણવી .

* તૃણ કેટલા ભેદે છે ? તે અનેક ભેદે કહેલ છે –

૬૮. સેડિય, મંતિય, હોંતિય, દર્ભ, કુશ, પર્વક, પોડઇલ્લ, અર્જુન, આષાઢક, રોહિતાંશ, વેય, ક્ષીર, ભુરા

૬૯. એરંડ, કુરુવિંદ, કરકર, મુટ્ઠ, વિભંગુ, મધુરતૃણ, છુરય, સિપ્પિય, સુંકલીતૃણ,

૭૦. આવા પ્રકારના અન્ય જે હોય તે બધા આ તૃણો કહ્યા.

* તે વલય(ઊંચા અને ગોળ વૃક્ષ) કેટલા ભેદે છે ? અનેક ભેદે છે –

૭૧. તાલ, તમાલ, તક્કલી, તોયલી, શાલી, સારકલ્લાણ, સરલ, જાવતિ, કેતકી, કદલી, ચર્મવૃક્ષ,

૭૨. ભુજવૃક્ષ, હિંગુવૃક્ષ, લવંગવૃક્ષ, સોપરી, ખર્જૂરી, નાલિયેરી.

૭૩. આવા પ્રકારના અન્ય પણ વલયો અહી સમજી લેવા .

* હરિત કેટલા ભેદે છે ? તે અનેક ભેદે છે –

૭૪. અજ્જોરુહ, વોડાણ, હરિતક, તંદુલેજ્જગ, વત્થુલ, પોરગ, માર્જરયા, બિલ્લી, પાલક્ક.

૭૫. દકપિપ્પલી, દર્વી, સોત્થિય, સાય, મંડુક્કી, મૂલક, સરસવ, અંબિલ, સાકેત, જિયંતક.

૭૬. તુલસી, કૃષ્ણા, ઉરાલ, ફણિજ્જક, અર્જક, ભૂજનક, વારક, દમનક, મખરુચક, શતપુષ્પ, ઇંદિવર.

૭૭. આ સિવાયના તે પ્રકારના અન્ય પણ હરિત અહી સમજી લેવા.

તે ઔષધિ કેટલા ભેદે છે? તે અનેક ભેદે છે – શાલી, વ્રીહિ, ઘઉં, જવ, જવજવ, કલાય, મસુર, તલ, મગ, અડદ, વાલ, કળથી, આલિસંદ–ચોળા, મઠ, ચણા, અળસી, કસુંબો, કોદરા, કાંગ, રાલગ, વરટ્ટ, કોદ્દંસ, સણ, સરસવ, મૂળાના બીજ, આવા પ્રકારની અન્ય પણ જે વનસ્પતિ તે ઔષધિ જાણવી.

જલરુહ વનસ્પતિ કેટલા ભેદે છે ? તે અનેક ભેદે છે – ઉદક, અવક, પનક, શેવાળ, કલંબુય, હઠ, કસેરુય, કચ્છ, ભાણી, ઉત્પલ, પદ્મ, કુમુદ, નલિન, સુભગ, સૌગંધિક, પુંડરીક, મહાપુંડરીક, શતપત્ર, સહસ્રપત્ર, કલ્હાર, કોકનદ, અરવિંદ, તામરસ, બિસ, બિસમૃણાલ, પુષ્કર, સ્થલજપુષ્કર, તે સિવાયના આવા પ્રકારના બીજા જલરુહો પણ જાણવા. તે જલરુહ કહ્યા.

કુહણ વનસ્પતિ કેટલા ભેદે છે ? અનેક ભેદે છે – આય, કાય, કુહણ, કુણક્ક, દવ્વહલિયા, સપ્ફાય, સજ્ઝાય, છત્રૌક, વંસી, નહિયા, કુરય. તે સિવાય તેના જેવા પ્રકારના કુહુણા જાણવા.

૭૮. વૃક્ષોના વિવિધ સંસ્થાન, એકજીવિકા પત્રો, સ્કંધો પણ એક જીવા, તાડ–સરલ–નાલિકેરી એક

જીવવાળા છે.

૭૯. જેમ સઘળાં સરસવો ચિકાશવાળા દ્રવ્યથી મિશ્રિત થયેલાની એક વર્તિતા વાટ કરી હોય તેવા પ્રત્યેક શરીરીના શરીરસમુદાયો હોય છે. અથવા

૮૦. ઘણા તલના સમુદાયવાળી તલપાપડી હોય તેમાં ઘણા તલો વડે સંહત થાય તેમ પ્રત્યેક શરીર સંઘાત હોય છે.

૮૧. તે આ પ્રત્યેક શરીર બાદર વનસ્પતિકાયિક કહ્યા.

સૂત્ર–૮૨ થી ૧૧૯

૮૨. સાધારણ શરીર બાદર વનસ્પતિકાયિકના કેટલા ભેદ છે ? તે અનેક ભેદે કહ્યા છે –

૮૩. અવક, પનક, સેવાલ, રોહિણી, થિહુ, થિભગ, અશ્વકર્ણી, સિંહકર્ણી, સિઉંઢી, મુસુંઢી.

૮૪. રુરુ, કુંડરિકા, જીરુ, ક્ષીરવિદારિકા, કિટ્ટિ, હળદર, આદુ, આલુ, મૂળા.

૮૫. કંબૂય, કન્નુક્કડ, મહુપીવલઈ, મધુશૃંગી, નીરુહા, સર્પ્પસુગંધા, છિન્નરુહા, બીજરુહા.

૮૬. પાઠા, મૃગવાલુંકી, મધુરસ્સા, રાજવલ્લી, પદ્મા, માઢરી, દંતી, ચંડી, કિટ્ટી.

૮૭. માષપર્ણી, મુદ્‌ગપર્ણી, જીવક, રસહ, રેણુકા, કાકોલી, ક્ષીરકાકોલી, ભંગી, નહીં.

૮૮. કૃમિરાશિ, મોથ, લાંગલી, વજ, પેલુગ, કૃષ્ણ, પઉલ, હઢ, હરતનુક, લોયાણી.

૮૯. કૃષ્ણકંદ, વજકંદ, સૂરણકંદ, ખલ્લૂર – આ અનંતકાયિક છે.

૯૦. તૃણમૂલ, કંદમૂલ, વંસમૂલ સંખ્યાતા, અસંખ્યાતા કે અનંત જીવાત્મક જાણવા.

૯૧. શીંગોડાના ગુચ્છ અનેક જીવાત્મક જાણવો. પાંદડા એક એક જીવવાળા અને તેના ફળમાં બે જીવો છે.

૯૨. જે મૂળને ભાંગવાથી સરખો ભંગ દેખાય તે મૂલ અને તે સિવાયના તેના જેવા બીજા મૂલ અનંત જીવાત્મક જાણવા.

૯૩. જે કંદ ભાંગવાથી સરખો બંગ દેખાય તે અને તેના જેવા બીજા કંદો અનંત જીવાત્મક જાણવા.

૯૪. જે સ્કંધ ભાંગવાથી સરખો ભંગ દેખાય, તે સ્કંધ અને તેવા પ્રકારના સ્કંધો અનંત જીવાત્મક જાણવા.

૯૫. જે ત્વચાને ભાંગવાથી સરખો ભંગ દેખાય તે ત્વચા તથા તેના જેવી ત્વચા અનંત જીવાત્મક જાણવી.

૯૬. જે શાખાને ભાંગવાથી સરખો ભંગ દેખાય તે શાખા તથા તેના જેવી શાખા અનંત જીવાત્મક જાણવી.

૯૭. જે પ્રવાલને ભાંગવાથી સરખો ભંગ દેખાય તે પ્રવાલ તથા તેના જેવા પ્રવાલો અનંત જીવાત્મક જાણવા.

૯૮. જે પાંદડું ભાંગવાથી સરખો ભંગ દેખાય તે પાંદડું તથા તેના જેવા પાંદડા અનંત જીવાત્મક જાણવા.

૯૯. જે પુષ્પને ભાંગવાથી સરખો ભંગ દેખાય તે પુષ્પ અને તેના જેવા પુષ્પો અનંત જીવાત્મક જાણવા.

૧૦૦. જે ફળને ભાંગવાથી સરખો ભંગ દેખાય, તે ફળ અને બીજા તેના જેવા ફળો અનંત જીવાત્મક જાણવા.

૧૦૧. જે બીજને ભાંગતા સરખો ભંગ દેખાય તે બીજ અને તેના જેવા અન્ય બીજો અનંત જીવાત્મક જાણવા.

૧૦૨. જે મૂળ ભાંગવાથી વિષમ ભંગ દેખાય, તે અને તેવા પ્રકારના અન્ય મૂલો પ્રત્યેક જીવવાળા છે.

૧૦૩. જે કંદ ભાંગવાથી વિષમ ભંગ દેખાય તે અને તેવા પ્રકારના અન્ય કંદો પ્રત્યેક જીવવાળા જાણવા.

૧૦૪. જે સ્કંધ ભાંગવાથી વિષમ ભંગ દેખાય તે અને તેવા પ્રકારના અન્ય સ્કંધો પ્રત્યેક જીવવાળા જાણવા.

૧૦૫. જે ત્વચા(છાલ)ને તોડવાથી વિષમ ભંગ દેખાય તે અને તેવા પ્રકારની અન્ય ત્વચા(છાલ) પ્રત્યેક જીવવાળી જાણવી.

૧૦૬. જે શાખા તોડવાથી વિષમ ભંગ દેખાય તે અને તેવા પ્રકારની અન્ય શાખા પ્રત્યેક જીવવાળી જાણવી.

૧૦૭. જે પ્રવાલ તોડવાથી વિષમ ભંગ દેખાય તે અને તેવા પ્રકારની અન્ય શાખા પ્રત્યેક જીવવાળી જાણવી.

**૧૦૮.** જે પત્ર(પાંદડા)ને તોડવાથી વિષમ ભંગ દેખાય તે અને તેવા પ્રકારની અન્ય પત્ર(પાંદડા) પ્રત્યેક જીવવાળા જાણવા.

**૧૦૯.** જે પુષ્પ તોડવાથી વિષમ ભંગ દેખાય તે અને તેવા પ્રકારની અન્ય શાખા પ્રત્યેક જીવવાળી જાણવી.

**૧૧૦.** જે ફળ તોડવાથી વિષમ ભંગ દેખાય તે અને તેવા પ્રકારની અન્ય શાખા પ્રત્યેક જીવવાળી જાણવી.

**૧૧૧.** જે બીજ તોડવાથી વિષમ ભંગ દેખાય તે અને તેવા પ્રકારની અન્ય શાખા પ્રત્યેક જીવવાળી જાણવી.

**૧૧૨.** જે મૂળના કાષ્ઠ (મધ્યવર્તી)ભાગથી તેની છાલ વધુ જાડી હોય તે છાલ અને તેવા પ્રકારની બીજી છાલ અનંતકાયિક જાણવી.

**૧૧૩.** જે કંદના મધ્યવર્તી ભાગથી તેની છાલ વધુ જાડી હોય તે છાલ અને તેવા પ્રકારની બીજી છાલ અનંતકાયિક જાણવી.

**૧૧૪.** જે સ્કંધના મધ્યવર્તી ભાગથી તેની છાલ વધુ જાડી હોય તે છાલ અને તેવા પ્રકારની બીજી છાલ અનંતકાયિક જાણવી.

**૧૧૫.** જે શાખાના (મધ્યવર્તી)ભાગથી તેની છાલ વધુ જાડી હોય તે છાલ અને તેવા પ્રકારની બીજી છાલ અનંતકાયિક જાણવી.

**૧૧૬.** જે મૂળના કાષ્ઠથી (મધ્યવર્તીભાગથી) તેની છાલ વધારે પાતળી હોય તે તથા તેના જેવી બીજી છાલ પ્રત્યેક જીવવાળી જાણવી.

**૧૧૭.** જે કંદના મધ્યવર્તીભાગથી તેની છાલ વધારે પાતળી હોય તે તથા તેના જેવી બીજી છાલ પ્રત્યેક જીવવાળી જાણવી.

**૧૧૮.** જે સ્કંધના મધ્યવર્તીભાગથી તેની છાલ વધારે પાતળી હોય તે તથા તેના જેવી બીજી છાલ પ્રત્યેક જીવવાળી જાણવી.

**૧૧૯.** જે શાખાના મધ્યવર્તીભાગથી તેની છાલ વધારે પાતળી હોય તે તથા તેના જેવી બીજી છાલ પ્રત્યેક જીવવાળી જાણવી.

**સૂત્ર–૧૨૦ થી ૧૩૨**

**૧૨૦.** જેને ભાંગતા ભંગસ્થાન ચક્રાકાર હોય અને ગાંઠ ચૂર્ણ–રજથી વ્યાપ્ત હોય, ભંગસ્થાન પૃથ્વી સમાન હોય તે અનંત જીવવાળી વનસ્પતિ જાણવી.

**૧૨૧.** જે ગુપ્તશિરાક, ક્ષીરવાળું કે વિનાનું હોય, પ્રનષ્ટ સંધિ હોય તે પાંદડું અનંત જીવાત્મક જાણવું.

**૧૨૨.** જલજ, સ્થલજ, વૃંતબદ્ધ, નાલબદ્ધ પુષ્પો સંખ્યાત, અસંખ્યાત, અનંત જીવવાળા જાણવા.

**૧૨૩.** જે કોઈ નાલબદ્ધ પુષ્પો છે, તે સંખ્યાતા જીવવાળા હોય છે. જે સ્નિહુ – થોરના પુષ્પો અને તેના જેવા બીજા પુષ્પો છે તે અનંત જીવવાળા છે.

**૧૨૪.** પદ્મિનીકંદ, ઉત્પલિનીકંદ, અંતરકંદ અને ઝિલ્લિકા અનંત જીવાત્મક છે પરંતુ તેના બિસતંતુ અને મૃણાલ એક જીવાત્મક છે.

**૧૨૫.** પલાંડુકંદ, લષણ કંદ, કંદલીકંદ, કુસ્તુંબક અને તેના જેવા અન્ય પણ પ્રત્યેક જીવવાળા છે.

**૧૨૬.** પદ્મ, ઉત્પલ, નલિન, સુભગ, સૌગંધિક, અરવિંદ, કોકનદ, શતપત્ર, સહસ્રપત્ર.

**૧૨૭.** તેના બિંટ, કેસર, મિંજ પ્રત્યેક એક જીવવાળા છે.

**૧૨૮.** વેણુ, નલ, ઇક્ષુવાટિકા, સમાસઇક્ષુ, ઇક્કડ, રંડ, કરકર, સુંઠ, વિહંગુ, તૃણ અને પર્વગની.

૧૨૯. આંખ, પર્વ, પરિમોટક એ બધાં એક જીવાત્મક છે. પત્રો પ્રત્યેક જીવવાળા અને પુષ્પો અનેક જીવાત્મક છે.

૧૩૦. પૂષ્યફળ, કાલિંગ, તુંબ, ત્રપુષ–કાકડી, એલવાલુંક–ચીભડા, ઘોષાતક–તુરિયા, પડોલ, તિંદુક–ટીંબરું, તિંદુસ–ટીમ્સા.

૧૩૧. ડીંટીયા, માંસ, કડાહ એ એક જીવના હોય છે, પાંદડા અને એક જીવવાળા અને કેસર સહિત – કેસર રહિત દરેક બીજ એક એક જીવાશ્રિત છે.

૧૩૨. સપ્ફાય, સજ્ઝાય, ઉવ્વેહલિયા, કુહણા, કંદુક્ક એ અનંત જીવાત્મક છે તેમાં કંદુક્કને વિશે ભજના જાણવી અર્થાત કોઈ અનંત જીવાત્મક અને કોઈ અસંખ્ય જીવાત્મક હોય છે.

## સૂત્ર–૧૩૩, ૧૩૪

૧૩૩. યોનિરૂપ બીજમાં તે બીજનો જીવ ઉત્પન્ન થાય કે અન્ય જીવ ઉત્પન્ન થાય છે. પણ જે મૂળનો જીવ છે, તે જ પ્રથમના પાંદડારૂપે પરિણમે છે.

૧૩૪. સર્વ પ્રકારના કિસલય ઉગતાં અનંતકાયિક કહ્યા છે. તે વધતા પ્રત્યેક કે અનંતકાય હોય.

## સૂત્ર–૧૩૫ થી ૧૪૮

૧૩૫. એક સાથે ઉત્પન્ન થયેલ જીવોની એક કાળે શરીર નિષ્પત્તિ, સાથે જ શ્વાસ ગ્રહણ અને સાથે જ નિઃશ્વાસ હોય છે.

૧૩૬. એકને જે આહારાદિ ગ્રહણ છે, તે જ સાધારણ જીવોને હોય છે, અને જે બહુ જીવોને હોય, તે સંક્ષેપથી એકને હોય છે.

૧૩૭. સાધારણ જીવોને સાધારણ આહાર, સાધારણ શ્વાસ–ઉચ્છ્વાસનું ગ્રહણ એ સાધારણ જીવોનું લક્ષણ છે, તેમ સમજવું જોઈએ.

૧૩૮. જેમ અત્યંત તપાવેલ લોઢાનો ગોળો, તપેલા સુવર્ણ જેવો બધો અગ્નિથી વ્યાપ્ત થાય, તેમ નિગોદના જીવોને એક શરીરમાં અનંત નીગોળ જીવોનું પરિણમન થાય છે.

૧૩૯. એક, બે, ત્રણ યાવત્ સંખ્યાતા બાદર નિગોદ જીવોના શરીરો જોવા શક્ય નથી, પણ અનંત જીવોના શરીરો દેખાય છે.

૧૪૦. લોકાકાશના પ્રદેશ ઉપર એક એક નિગોદ જીવને સ્થાપવો, એ પ્રમાણે માપતા અનંત લોક થાય છે.

૧૪૧. લોકના એક એક પ્રદેશ ઉપર એક એક પ્રત્યેક વનસ્પતિકાય જીવને સ્થાપવો એ પ્રમાણે માપતા અસંખ્યાતલોક થાય છે.

૧૪૨. પર્યાપ્તા પ્રત્યેક જીવો લોકાકાશના પ્રતરના અસંખ્યાતમા ભાગે છે, અપર્યાપ્તા પ્રત્યેક જીવો અસંખ્યાત લોકાકાશ પ્રમાણ છે. સાધારણ જીવો અનંત લોકાકાશ પ્રમાણ છે.

૧૪૩. એમ પ્રરૂપણા કરેલા બાદર જીવો આ શરીરો વડે પ્રત્યક્ષ છે, સૂક્ષ્મ જીવો આજ્ઞાગ્રાહ્ય છે, કારણ કે તે ચક્ષુનો વિષય થતા નથી.

૧૪૪. તેવા પ્રકારના જે બીજા પણ હોય તેને વનસ્પતિકાયિક જાણવા. તે સંક્ષેપથી બે પ્રકારે – પર્યાપ્તા અને અપર્યાપ્તા. તેમાં અપર્યાપ્તા તે અસંપ્રાપ્ત છે, જે પર્યાપ્તા છે તે વર્ણ–ગંધ–રસ–સ્પર્શની અપેક્ષાએ હજારો ભેદે છે. સંખ્યાતા લાખ યોનિ છે પર્યાપ્તાની નિશ્રાએ અપર્યાપ્તા ઉત્પન્ન થાય છે. જ્યાં એક પર્યાપ્તો છે, ત્યાં સંખ્યાતા, અસંખ્યાતા કે અનંતા અપર્યાપ્તા છે. એ વનસ્પતિકાય સંબંધે આ ગાથાઓ જાણવી.

૧૪૫. કંદ, કંદમૂળ, વૃક્ષમૂળ, ગુચ્છ, ગુલ્મ, વલ્લી, વેણુ, તૃણ,

**૧૪૬.** પદ્મ, ઉત્પલ, સંઘાટ, હઢ, સેવાલ, કૃષ્ણક, પનક, અવક, કચ્છ, ભાણી, કંદુક્ક.

**૧૪૭.** તેઓમાં કોઈ કોઈ વનસ્પતિની ત્વચા, છાલ, પ્રવાલ, પાંદડા, પુષ્પ, ફળ, મૂળ, અગ્ર, મધ્ય અને બીજને વિશે યોનિ હોય છે.

**૧૪૮.** એ પ્રમાણે સાધારણ વનસ્પતિકાયિક, બાદર વનસ્પતિકાયિક અને એકેન્દ્રિય જીવો કહ્યા.

## સૂત્ર–૧૪૯

બેઇન્દ્રિય જીવો કેટલા ભેદે છે ? અનેક ભેદે કહેલા છે – પુલાકૃમિ, કુક્ષીકૃમિ, ગંડોલગ, ગોલોમ, નેપુરા, સોમંગલગ, વંશીમુખ, શૂચિમુખ, ગોજલૌક, જલૌકા, જાલાઉય, શંખ, શંખનક, ઘુલ્લા, ખુલ્લા, ગુલયા, ખંધ, વરાટા, શૌકિતક, મૌકિતક, કલુયાવાસ, એકતઆવર્ત્ત, દ્વિધાવર્ત્ત, નંદિકાવર્ત્ત, શંબુક્ક, માતૃવાહ, શુકિતસંપુટ, ચંદનક, સમુદ્રલિક્ષા, તે સિવાયના તેવા પ્રકારના બીજા પણ બેઇન્દ્રિય જેવો જાણવા.

તે બધા સંમૂર્ચ્છિમ અને નપુંસક છે.

તે સંક્ષેપથી બે ભેદે કહ્યા. પર્યાપ્તા અને અપર્યાપ્તા. એ બધા મળીને પર્યાપ્તા–અપર્યાપ્તા બેઇન્દ્રિયોની સાત કરોડ જાતિ કુલયોનિ પ્રમુખ થાય છે, તેમ કહેલું છે.

તે બેઇન્દ્રિય સંસારસમાપન્ન જીવ પ્રજ્ઞાપના કહી.

## સૂત્ર–૧૫૦

તેઇન્દ્રિય સંસાર સમાપન્ન જીવ પ્રજ્ઞાપના કેટલા ભેદે છે ? અનેક ભેદે છે – ઔપયિક, રોહિણિય, કુંથુ, પિપીલિકા, ડાંસ, ઉદ્ધઈ, ઉક્કલિયા, ઉત્પાદ, ઉપ્પાડ, ઉત્પાટક, તૃણાહાર, કાષ્ઠાહાર, માલુકા, પત્રાહાર, તણબેંટિય, પત્રબેંટિય, પુષ્પબેંટિય, ફલબેંટિય, બીજબેંટિય, તેબુરણમિંજિયા, તઓસમિંજિયા, કપ્પાસઠ્ઠિમિંજિય, હિલ્લિય, ઝિલ્લિય, ઝિંગિર, કિંગિરિડ, બાહુક, લહુક, સુભગ, સૌવસ્તિક, સુયબેંટ, ઇન્દ્રકાયિક, ઇન્દ્રગોપ, તુરુતુંબગ, કુચ્છલવાહગ, જૂ હાલાહલ, પિસુય, શતપાદિકા, ગોમ્હી, હસ્તિશૌંડ અને તે સિવાયના બીજા તેવા પ્રકારના હોય તે બધા તેઇન્દ્રિય સંસાર સમાપન્ન જીવો જાણવા.

તે બધા સંમૂર્ચ્છિમ અને નપુંસક હોય છે.

તે સંક્ષેપથી બે ભેદે છે – પર્યાપ્તા અને અપર્યાપ્તા. એવા પ્રકારના એ તેઇન્દ્રિય જીવોના યોનિથી ઉત્પન્ન આઠ લાખ ક્રોડ જાતિકૂળો છે એમ કહ્યું છે. આ પ્રમાણે તેઇન્દ્રિય સંસારી જીવ પ્રજ્ઞાપના કહી.

## સૂત્ર–૧૫૧ થી ૧૫૩

**૧૫૧.** ચઉરિન્દ્રિય સંસાર સમાપન્ન જીવ પ્રજ્ઞાપના કેટલા ભેદે છે ? તે અનેક ભેદે છે. તે આ પ્રમાણે –

**૧૫૨.** અંધિય, પત્તિય, મક્ષિકા, મશક, કીટ, પતંગ, ઢંકુણ, કુક્કડ, કુક્કુહ, નંદાવર્ત્ત, સિંગિરિડ,

**૧૫૩.** કૃષ્ણપત્ર, નીલપત્ર, લોહિતપત્ર, શુક્લપત્ર, ચિત્રપક્ષ, વિચિત્રપક્ષ, ઓહંજલિયા, જલચારિકા, ગંભીર નીનિય, તંતવ, અચ્છિરોડ, અક્ષિવેધ, સારંગ, નેઉર, દોલા, ભ્રમર, ભરિલી, જરુલા, તોટ્ટ, વિંછી, પત્રવિંછી, છાણવિંછી, જલવિંછી, પિયંગાલ, કણગ, ગોમયકીડા અને તે સિવાયના બીજા તેવા પ્રકારના હોય તે બધા ચઉરિન્દ્રિય સંસાર સમાપન્ન જીવો જાણવા.

તે બધા સંમૂર્ચ્છિમ અને નપુંસક છે. તે સંક્ષેપથી બે પ્રકારે છે – પર્યાપ્ત અને અપર્યાપ્ત. આ પૂર્વોક્ત પર્યાપ્ત અને અપર્યાપ્ત ચઉરિન્દ્રિય જીવોના યોનિથી ઉત્પન્ન નવ લાખ ક્રોડ જાતિકુળો છે.

એ પ્રમાણે ચઉરિન્દ્રિય સંસારી જીવ પ્રજ્ઞાપના કહી.

## સૂત્ર–૧૫૪

પંચેન્દ્રિય સંસાર સમાપન્નક જીવ પ્રજ્ઞાપના કેટલા ભેદે છે ? ચાર ભેદે – નૈરયિક પંચેન્દ્રિય સંસાર સમાપન્નક

જીવ પ્રજ્ઞાપના. તિર્યંચયોનિક પંચેન્દ્રિય સંસાર સમાપન્નક જીવ પ્રજ્ઞાપના, મનુષ્ય પંચેન્દ્રિય સંસાર સમાપન્નક જીવ પ્રજ્ઞાપના અને દેવ પંચેન્દ્રિય સંસાર સમાપન્નક જીવ પ્રજ્ઞાપના.

સૂત્ર–૧૫૫

નૈરયિકો કેટલા ભેદે છે ? સાત ભેદે કહ્યા છે. તે આ – રત્નપ્રભા પૃથ્વી નૈરયિક, શર્કરાપ્રભા પૃથ્વી નૈરયિક, વાલુકાપ્રભા પૃથ્વી નૈરયિક, પંકપ્રભા પૃથ્વી નૈરયિક, ધૂમપ્રભા પૃથ્વી નૈરયિક, તમઃપ્રભા પૃથ્વી નૈરયિક, તમસ્તમપ્રભા પૃથ્વી નૈરયિક. તે સંક્ષેપથી બે ભેદે કહ્યા છે – પર્યાપ્તક, અપર્યાપ્તક. તે આ નૈરયિક કહ્યા.

સૂત્ર–૧૫૬

પંચેન્દ્રિય તિર્યંચયોનિકો કેટલા ભેદે છે ? ત્રણ ભેદે કહ્યા છે – જલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક, સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક, ખેચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક.

સૂત્ર–૧૫૭ થી ૧૬૦

૧૫૭. જલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકો કેટલા ભેદે છે ? તે પાંચ ભેદે કહ્યા છે – મત્સ્ય, કચ્છપ, ગાહા, મગર, શિશુમાર.

મત્સ્યો કેટલા ભેદે છે ? અનેકવિધ કહ્યા છે – શ્લક્ષ્ણ મત્સ્યો, ખવલ્લ મત્સ્યો, જુંગ મત્સ્યો, વિજ્ઝડિય મત્સ્યો, હલિ મત્સ્ય, મકરી મત્સ્ય, રોહિત મત્સ્ય, હલીસાગર, ગાગર, વડ, વડગર, ગબ્ભય, ઉસગાર, તિમિતિમિંગલ, નક્ર, તંદુલ મત્સ્ય, કર્ણિકા મત્સ્ય, સાલિ, સત્થિય મત્સ્ય, લંભન મત્સ્ય, પતાકા, પતાકાતિપતાકા, આવા પ્રકારના બીજા પણ જે કોઈ હોય તે મત્સ્ય કહ્યા.

૧૫૮. કચ્છપો કેટલા ભેદે છે ? બે ભેદે કહ્યા છે – અસ્થિ કચ્છપ અને માંસ કચ્છપ. તે કચ્છપ કહ્યા.

૧૫૯. ગાહા કેટલા ભેદે છે ? પાંચ ભેદે કહ્યા છે – દિલી, વેષ્ટક, મૂર્ધજ, પુલક, સીમાકાર. તે ગાહા કહ્યા.

૧૬૦. મગર કેટલા ભેદે છે ? બે ભેદે – સોંડ મગર, મટ્ઠ મગર. તે મગર કહ્યા. શિશુમાર કેટલા ભેદે છે ? એક પ્રકારે છે. તે શિશુમાર કહ્યા.

તે સિવાય તે પ્રકારના અન્ય પણ મત્સ્યો કહેવા. તે સંક્ષેપથી બે ભેદે કહ્યા– સંમૂર્ચ્છિમ અને ગર્ભવ્યુત્ક્રાંતિક. તેમાં જે સંમૂર્ચ્છિમ છે, તે બધા નપુંસક છે. તેમાં જે ગર્ભવ્યુત્ક્રાંતિક છે, તે ત્રણ ભેદે છે – સ્ત્રી, પુરુષ, નપુંસક.

એ પ્રમાણે પર્યાપ્તા, અપર્યાપ્તા જલચર તિર્યંચયોનિકોના સાડા બાર કરોડ જાતિ કુલ યોનિપ્રમુખો હોય છે તેમ કહેલ છે. જલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક કહ્યા.

સૂત્ર–૧૬૧

સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકના કેટલા ભેદ છે ? બે ભેદે છે – ચતુષ્પદ સ્થલચર પંચેન્દ્રિય. તિર્યંચ યોનિક અને પરિસર્પ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક.

ચતુષ્પદ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચ યોનિકના કેટલા ભેદ છે ? ચાર ભેદ છે – એક ખુરા, બે ખુરા, ગંડીપદ, સનખપદ. એક ખુરા કેટલા ભેદે છે ? અનેક ભેદે – અશ્વ, અશ્વતર ખચ્ચર. ઘોડા, ગધેડા, ગોરક્ષર, કંદલગ, શ્રીકંદલગ, આવર્ત્તક, તે સિવાયના જે આવા પ્રકારના છે તે. તે એક ખુરા કહ્યા.

તે બે ખુરાવાળાના કેટલા ભેદ છે ? અનેક ભેદો છે – ઊંટ, ગાય, ગવય, રોઝ, પસય, મહિષ, મૃગ, સંવર, વરાહ, બકરા, ઘેટા, રુરુ, શરભ, ચમર, કુરંગ, ગોકર્ણાદિ, તે સિવાયના બીજા તેના જેવા પ્રકારના હોય તે પણ અહી સમજી લેવા. એ રીતે બેખુરાવાળા કહ્યા

ગંડીપદો કેટલા ભેદે કહ્યા ? અનેક ભેદે છે – હસ્તી, હસ્તીપૂયણગ, મંકુણ હસ્તી, ખડ્ગી, ગંડ, તેવા પ્રકારના બીજા પણ ગંડીપદો હોય તે અહી જાણવા. એમ ગંડીપદ કહ્યા.

સનખપદ – નખસહિત પગવાળા કેટલા ભેદે છે ? અનેક ભેદે છે – સિંહ, વાઘ, દ્વીપી, રીંછ, તરક્ષ, પરાસર, શૃગાલ, બિડાલ, શુનક, કૌલશુનક, કોકંતિકા, શશક, ચિત્રક, ચિલ્લલગ, તે સિવાયના બીજા તેવા પ્રકારના જે હોય તે.

તે સ્થળચરો સંક્ષેપથી બે ભેદે છે – સંમૂર્ચ્છિમ અને ગર્ભજ. તેમાં જે સંમૂર્ચ્છિમ છે, તે બધાં નપુંસક છે. ગર્ભજ છે તે ત્રણ પ્રકારના છે – સ્ત્રી, પુરુષ, નપુંસક.

એ પ્રકારે પર્યાપ્તા – અપર્યાપ્તા સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકોના દશ લાખ કરોડ જાતિ કુળો યોનિ પ્રમુખ છે. તે ચતુષ્પદ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકો કહ્યા.

સૂત્ર–૧૬૨

પરિસર્પ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક કેટલા ભેદે છે ? તે બે ભેદે કહેલ છે – ઉરપરિસર્પ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક, ભુજપરિસર્પ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક.

તે ઉરપરિસર્પ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક કેટલા ભેદે છે ? તે ચાર ભેદે છે – અહી, અજગર, આસાલિક, મહોરગ.

તે અહીં કેટલા ભેદે છે ? બે ભેદે છે – દર્વીકર, મુકુલી.

તે દર્વીકર કેટલા ભેદે છે ? અનેક ભેદે છે – આશીવિષ, દૃષ્ટિવિષ, ઉગ્રવિષ, ભોગવિષ, ત્વચાવિષ, લાલાવિષ, ઉચ્છ્વાસવિષ, નિઃશ્વાસવિષ, કૃષ્ણસર્પ, શ્વેતસર્પ, કાકોદર, દગ્ધપુષ્પ, કોલાહ, મેલિમિંદ્ર, શેષેન્દ્ર અને જે આવા પ્રકારના અન્ય હોય તે બધા. એમ દર્વીકર કહ્યા.

મુકુલી અહીં કેટલા ભેદે છે ? અનેક ભેદે – દિવ્વાગ, ગોણસ, કસાહીય, વઈઉલ, ચિત્તલી, મંડલી, માલી, અહી, અહીસલાગ, વાસપતાકા અને આવા પ્રકારના બીજા જે હોય તે બધા. એમ મુકુલી કહ્યા, અહી કહ્યા.

અજગરો કેટલા ભેદે છે ? એક પ્રકારે, એમ અજગર કહ્યા.

આસાલિકા કેટલા ભેદે છે ? ભગવન્ ! આસાલિકા ક્યાં સંમૂર્ચ્છિમરૂપે ઉત્પન્ન થાય છે ?

ગૌતમ ! મનુષ્યક્ષેત્ર – અઢી દ્વીપમાં, નિર્વ્યાઘાતથી પંદર કર્મભૂમિમાં અને વ્યાઘાતથી પાંચ મહાવિદેહમાં, ચક્રવર્તીની છાવણીમાં, એ રીતે વાસુદેવ–બલદેવ–માંડલિક–મહામાંડલિકની છાવણીમાં, ગામ–નગર–ખેડ–કર્બટ–મડંબ–દ્રોણમુખ–પટ્ટન–આકર–આશ્રમ–સંબાધ–રાજધાનીના સ્થળોમાં તેઓના વિનાશ થવાનો હોય ત્યારે અહીં આસાલિકો સંમૂર્ચ્છિમરૂપે ઉત્પન્ન થાય છે. તે જઘન્ય અંગુલના અસંખ્યાતમા ભાગ માત્ર અને ઉત્કૃષ્ટ બાર યોજન પ્રમાણ શરીરાવગાહનાથી અને તેને યોગ્ય વિસ્તાર અને જાડાઈ વડે ભૂમિને વિદારીને ઉત્પન્ન થાય છે. તે આસાલિકો અસંજ્ઞી, મિથ્યાદૃષ્ટિ, અજ્ઞાની અંતર્મુહૂર્ત આયુ પૂર્ણ કરી મરણ પામનારા છે. એમ આસાલિક કહ્યા.

મહોરગો કેટલા ભેદે છે ? અનેક ભેદે – કેટલાક અંગુલ પ્રમાણ – અંગુલ પૃથક્ત્વ પ્રમાણ, વેંત–વેંતપૃથક્ત્વ, હસ્ત–હસ્તપૃથક્ત્વ, કુક્ષિ–કુક્ષિપૃથક્ત્વ, ધનુષ્–ધનુષ્પૃથક્ત્વ, ગાઉ–ગાઉપૃથક્ત્વ, યોજન–યોજનપૃથક્ત્વ, યોજનશત–યોજનશત પૃથક્ત્વ, યોજનસહસ્ર – યોજનસહસ્ર પૃથક્ત્વ પ્રમાણ હોય. તે સ્થળે જન્મી, જળ કે સ્થળમાં ફરે છે, બહારના દ્વીપ–સમુદ્રોમાં હોય છે. તે સિવાય બીજા પણ તે પ્રકારના મહોરગો કહ્યા છે. મહોરગો કહ્યા.

આ પરિસર્પ સ્થલચર સંક્ષેપથી બે ભેદે – સંમૂર્ચ્છિમ અને ગર્ભજ. તેમાં જે સંમૂર્ચ્છિમ છે, તે બધા નપુંસકો છે. જે ગર્ભજ છે તે ત્રણ ભેદે – સ્ત્રી, પુરુષ, નપુંસક. એવા પ્રકારના પર્યાપ્તા, અપર્યાપ્તા એ ઉરપરિસર્પો દશ લાખ ક્રોડ જાતિકુળ યોનિપ્રમુખ હોય છે, તેમ કહેલ છે. તે આ ઉરપરિસર્પ કહ્યા.

તે ભુજપરિસર્પો કેટલા ભેદે છે ? અનેક ભેદે છે – નકુલ, સેહા, કાકીડા, શલ્ય, સરંઠ, સારા, ખોર, ઘરોલી, વિશ્વંભર, મૂષક, મંગુસ, પ્રચલાચિત, ક્ષીરવિરાલીય, જોહા, ચતુષ્પાદિકા અને તેવા પ્રકારના બીજા પણ જે હોય તે.

તે સંક્ષેપથી બે ભેદે કહ્યા – સંમૂર્ચ્છિમ, ગર્ભજ. તેમાં સંમૂર્ચ્છિમ બધા નપુંસક છે અને ગર્ભજ છે તે ત્રણ પ્રકારે

છે – સ્ત્રી, પુરુષ, નપુંસક.

એવા પ્રકારના પર્યાપ્તા અને અપર્યાપ્તા એ ભુજ પરિસર્પોના નવ લાખ ક્રોડ જાતિકુલ યોનિ પ્રમુખ છે એમ કહ્યું છે. એ પ્રમાણે ભુજપરિસર્પ કહ્યા. એ પ્રમાણે પરિસર્પ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકો કહ્યા.

સૂત્ર–૧૬૩ થી ૧૬૫

૧૬૩. ખેચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક કેટલા ભેદે છે ? તે ચાર ભેદે છે – ચર્મપક્ષી, રોમપક્ષી, સમુદ્‌ગકપક્ષી, વિતતપક્ષી.

ચર્મપક્ષીના કેટલા ભેદ છે ? અનેક ભેદે કહ્યા છે – વાગુલી, જલોયા, અડિલ્લા, ભારંડપક્ષી, જીવંજીવ, સમુદ્ર–વાયસ, કણ્ણત્તિયા, પક્ષી વિરાલિકા, બીજા પણ તેવા પ્રકારના હોય તે બધા અહી ગ્રહણ કરવા.

રોમપક્ષી કેટલા ભેદે છે ? અનેક ભેદે કહેલ છે – ઢંક, કંક, કુરલ, વાયસ, ચક્રવાક, હંસ, કલહંસ, રાજહંસ, પાયહંસ, આડ, સેટી, બગલા, પારિપ્લવ, ક્રૌંચ, સારસ, મેસર, મસૂર, મયૂર, સપ્તહસ્ત, ગહર, પુંડરીક, કાક, કામિંજુય, વંજુલગ, તેતર, બતક, લાવક, કપોત, કપિંજલ, પારેવા, ચકલા, ચાસ, કુકડા, શુક, મોર, મદનશલાકા, કોકિલ, સેહ, વરિલ્લગ ઈત્યાદિ.

સમુદ્‌ગકપક્ષી કેટલા ભેદે છે ? એક પ્રકારે છે. તેઓ અહીં નથી, બહારના દ્વીપસમુદ્રોમાં હોય છે.

વિતતપક્ષી કેટલા ભેદે છે ? એક પ્રકારે છે. તે પણ અહીં નથી, બહારના દ્વીપ–સમુદ્રોમાં છે.

એ પ્રમાણે રોમ પક્ષી, સમુદ્રક પક્ષી અને વિતતપક્ષી કહ્યા.

ખેચરપક્ષી સંક્ષેપથી બે ભેદે છે – સંમૂર્ચ્છિમ, ગર્ભજ. તેમાં જે સંમૂર્ચ્છિમ છે, તે બધા નપુંસક છે. જે ગર્ભજ છે, તે ત્રણ ભેદે છે – સ્ત્રી, પુરુષ, નપુંસક. એ પ્રકારના પર્યાપ્તા અને અપર્યાપ્તા ખેચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકોની બાર ક્રોડ જાતિ–કુલ–યોનિપ્રમુખ થાય છે, તેમ કહેલ છે.

૧૬૪. બેઈન્દ્રિયાદિથી ખેચર પંચેન્દ્રિય તિર્યંચ સુધી અનુક્રમે સાત, આઠ, નવ, સાડાબાર, દશ, દશ, નવ અને બાર લાખ કરોડ જાતિકૂળો જાણવા.

૧૬૫. એ રીતે ખેચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક કહ્યા. એ રીતે પંચેન્દ્રિય તિર્યંચયોનિક કહ્યા.

સૂત્ર–૧૬૬ અધૂરુ....

તે મનુષ્યો કેટલા ભેદે છે ? બે ભેદે – સંમૂર્ચ્છિમ અને ગર્ભવ્યુત્ક્રાંતિક.

તે સંમૂર્ચ્છિમ મનુષ્યો કેટલા ભેદે છે ? ભગવન્ ! તે સંમૂર્ચ્છિમ મનુષ્યો ક્યાં સંમૂર્ચ્છે છે ? ગૌતમ ! પીસ્તાળીશ લાખ યોજન પ્રમાણ મનુષ્ય ક્ષેત્રમાં અઢી દ્વીપ અને સમુદ્રોમાં પંદર કર્મભૂમિમાં, ત્રીશ અકર્મભૂમિમાં તથા છપ્પન અંતર્દ્વીપોમાં ગર્ભજ મનુષ્યના જ – મળમાં, મૂત્રમાં, કફમાં, નાકના મેલમાં, વમનમાં, પિત્તમાં, પરુમાં, લોહીમાં, વીર્યમાં, શુક્રપુદ્‌ગલના પરિત્યાગમાં, જીવરહિત કલેવરમાં, સ્ત્રી–પુરુષના સંયોગમાં, નગરની ખાળમાં, સર્વે અશુચિ સ્થાનોમાં આ ચૌદ સ્થાનોમાં. ઉપજે છે.

તેઓ અંગુલના અસંખ્યાત ભાગ પ્રમાણ અવગાહનાથી ઉત્પન્ન થાય છે. અસંજ્ઞી, મિથ્યાદષ્ટિ, અજ્ઞાની, સર્વ પર્યાપ્તિઓ વડે અપર્યાપ્તા, અંતર્મુહૂર્ત્ત માત્ર આયુવાળા હોય.

ગર્ભવ્યુત્ક્રાંતિક મનુષ્યો કેટલા ભેદે છે ? ત્રણ ભેદે – કર્મભૂમિક, અકર્મભૂમક, અંતર્દ્વીપજ.

તે અંતર્દ્વીપજ મનુષ્યોકેટલા ભેદે છે ? અઠ્ઠાવીસ ભેદે છે– એકોરુક, આભાસિક, વૈષાણિક, નાંગોલિક, હયકર્ણ, ગજકર્ણ, ગોકર્ણ, શષ્કુલિકર્ણ, આદર્શ મુખ, મેંઢમુખ, અયોમુખ, ગોમુખ, અશ્વમુખ, હસ્તિમુખ, સિંહમુખ, વ્યાઘ્રમુખ, અશ્વકર્ણ, હરિકર્ણ, અકર્ણ, કર્ણપ્રાવરણ, ઉલ્કામુખ, મેઘમુખ, વિદ્યુન્મુખ, વિદ્યુદ્દન્ત, ઘનદંત, લષ્ટદંત, ગૂઢદંત, શુદ્ધદંત.

અકર્મભૂમક કેટલા ભેદે છે ? ત્રીશ ભેદે કહ્યા છે – પાંચ હૈમવત, પાંચ હિરણ્યવંત, પાંચ હરિવર્ષ, પાંચ રમ્યક્

વર્ષ, પાંચ દેવકુરુ, પાંચ ઉત્તરકુરુ વડે છે. તે અકર્મભૂમજ કહ્યા.

સૂત્ર–૧૬૬ ચાલુ.

કર્મભૂમક મનુષ્યો કેટલા ભેદે છે ? પંદર ભેદે કહ્યા છે – પાંચ ભરત, પાંચ ઐરવત, પાંચ મહાવિદેહ વડે. તેઓ સંક્ષેપથી બે ભેદે છે – આર્યો અને મ્લેચ્છો. મ્લેચ્છો કેટલા ભેદે છે? અનેક ભેદે છે – શક, યવન, ચિલાત, શબર, બર્બર, મુરુંડોડ, ભડગ, નિણ્ણગ, પક્કણીય, કુલક્ષ, ગોંડ, સિંહલ, પારસ, ગોધ, કોંચ, અંબડ, ઇદમિલ, ચિલ્લલ, પુલિંદ, હારોસ, દોવ, વોક્કાણ, ગંધાહારગ, પહલિય, અજ્ઝલ, રોમપાસ, પઉસ, મલયાય, બંધુયાય, સૂયલિ, કોંકણગ, મેય, પલ્હવ, માલવ, મગ્ગર, આભાસિય, ણક્ક, ચીણ, લ્હસિય, ખસ, ઘાસિય, નહર, મોંઢ, ડોંબિલગ, લઓસ, પઓસ, કક્કેય, અક્ખાગ, હૂણ, રોમગ, ભરુ, ભરુચ, ચિલાત આદિ.

સૂત્ર–૧૬૬ ચાલુ. થી ૧૯૦

૧૬૬. તે આર્યો કેટલા ભેદે છે ? બે ભેદે છે – ઋદ્ધિપ્રાપ્ત, અનૃદ્ધિપ્રાપ્ત.

ઋદ્ધિપ્રાપ્ત આર્યો કેટલા ભેદે છે ? છ ભેદે કહ્યા – અરિહંત, ચક્રવર્તી, બલદેવ, વાસુદેવ, ચારણમુનિ, વિદ્યાધર.

અનૃદ્ધિ પ્રાપ્ત આર્યો કેટલા ભેદે છે ? નવ ભેદે – ક્ષેત્રાર્ય, જાતિઆર્ય, કુલાર્ય, કર્માર્ય, શિલ્પાર્ય, ભાષાર્ય, જ્ઞાનાર્ય, દર્શનાર્ય, ચારિત્રાર્ય.

ક્ષેત્રાર્યો કેટલા ભેદ છે ? સાડા પચીશ ભેદે કહ્યા છે.

૧૬૭. રાજગૃહ–મગધ, ચંપા–અંગ, તામલિપ્તી–બંગ, કંચનપુર–કલિંગ, વાણારસી–કાશી,

૧૬૮. સાકેત–કોશલ, ગજપુર–કુરુ, શૌરિય–કુશાર્ત્ત, કાંપિલ્ય–પંચાલ, અહિચ્છત્રા–જંગલ,

૧૬૯. દ્વારાવતી–સૌરાષ્ટ્ર, મિથિલા–વિદેહ, વત્સ–કૌશાંબી, નંદિપુર–શાંડિલ્ય, ભદ્દિલપુર–મલય,

૧૭૦. વરાટ–વત્સ, વરણ–અચ્છા, મૃતિકાવતી–દશાર્ણ, ચેદી–શૌક્તિકાવતી, સિંધુસૌવીર–વીતભય,

૧૭૧. મથુરા–શૂરસેન, પાપા–ભંગ, પુરાવર્ત્ત–માષા, શ્રાવસ્તી–કુણાલ, કોટી વર્ષ–લાટ,

૧૭૨. શ્વેતાંબિકા–કૈકયાર્દ્ધ એ આર્યદેશો કહ્યા છે. અહીં પહેલું નામ રાજધાનીનું, પછીનું નામ દેશનું છે.. અહીં જિન, ચક્રી, બળદેવ, વાસુદેવની ઉત્પત્તિ થાય છે.

૧૭૩. જાતિ આર્યો કેટલા ભેદે છે ? છ ભેદે –

૧૭૪. અંબષ્ઠ, કલિંદ, વિદેહ, વેદગ, હરિત, ચુંચુણ એ છ ઇભ્યજાતિ છે.

૧૭૫. કુલાર્યો કેટલા ભેદે છે ? છ ભેદે છે – ઉગ્ર, ભોગ, રાજન્ય, ઇક્ષ્વાકુ, જ્ઞાત, કૌરવ્ય. એમ કુલાર્યો કહ્યા.

તે કર્માર્યો કેટલા ભેદે છે ? અનેક ભેદે છે – દૌષ્યિક, સૌત્રિક, કાર્પાસિક, સૂત્રવૈકાલિક, ભાંડ વૈકાલિક, કોલાલિય, નર વાહનિક, તે સિવાયના બીજા તેવા પણ કર્માર્ય જાણવા.

શિલ્પાર્યો કેટલા ભેદે છે ? અનેક ભેદે છે – તુન્નાગ, તંતુવાય, પટ્ટકાર, દેયડ, વરુટ્ટ, છર્વિક, કાષ્ઠપાદુકાકાર, મુંજપાદુકાકાર, છત્રકાર, વજ્ઝાર, પુસ્તકકાર, લેપ્યકાર, ચિત્રકાર, શંખકાર, દંતકાર, ભાંડકાર, જિજ્ઝકાર, સેલ્લગાર, કોટિકાર, તેવા પ્રકારના બીજા પણ જાણવા.

ભાષાર્યો કેટલા ભેદે છે ? જેઓ અર્દ્ધમાગધી ભાષા વડે બોલે છે, તે ભાષા આર્યો કહેવાય છે. જ્યાં બ્રાહ્મી લિપિ પ્રવર્તે છે, તે બ્રાહ્મી લિપિના અઢાર પ્રકારે લેખ વિધાન છે. તે આ રીતે – બ્રાહ્મી, યવનાની, દોસાપુરીયા, ખરૌષ્ટ્રી, પુષ્કર–સારિકા, ભોગવતી, પહરાઇયા, અંતક્ષરિકા, અક્ષરસ્પૃષ્ટિકા, વૈનયિકી, નિહ્નવિકી, અંકલિપી, ગણિતલિપી, ગાંધર્વલિપી, આદર્શલિપી, માહેશ્વરી, દોમલિપી, પૌલિન્દી. તે ભાષા આર્યો કહ્યા.

જ્ઞાનાર્યો કેટલા ભેદે છે ? પાંચ ભેદે કહેલ છે. તે આ– આભિનિબોધિકજ્ઞાનાર્યો, શ્રુતજ્ઞાનાર્યો, અવધિજ્ઞાનાર્યો, મનઃપર્યવજ્ઞાનાર્યો, કેવળજ્ઞાનાર્યો. તે જ્ઞાનાર્યો કહ્યા.

દર્શનાર્યો કેટલા ભેદે છે ? તે બે ભેદે કહેલ છે – સરાગ દર્શનાર્ય, વીતરાગ દર્શનાર્ય.

સરાગદર્શનાર્યો કેટલા ભેદે છે ? તે દશ ભેદે કહેલ છે. તે આ પ્રમાણે –

૧૭૬. નિસર્ગરુચિ, ઉપદેશરુચિ, આજ્ઞારુચિ, શ્રુતરુચિ, બીજરુચિ, અભિગમરુચિ, વિસ્તારરુચિ, ક્રિયારુચિ, સંક્ષેપરુચિ અને ધર્મરુચિ.

૧૭૭. જેણે જીવ, અજીવ, પુન્ય, પાપ, આસ્રવ, સંવર, આદિ સ્વાભાવિક મતિ વડે સત્યરૂપે જાણેલા છે. તેની શ્રદ્ધા કરી છે તે નિસર્ગરુચિ.

૧૭૮. જે જિનોપદિષ્ટ ચાર ભાવો(દ્રવ્ય, ક્ષેત્ર,કાલ,ભાવ)ની, 'એમ જ છે, અન્યથા નથી' એ પ્રમાણે સ્વયં શ્રદ્ધા કરે, તે નિસર્ગરુચિ જાણવો.

૧૭૯. જે અન્ય છદ્મસ્થ કે જિનોપદિષ્ટ એવા એ જ ભાવોની શ્રદ્ધા કરે તે ઉપદેશરુચિ જાણવો.

૧૮૦. જે હેતુને જાણ્યા સિવાય આજ્ઞા વડે ''એમ જ છે, અન્યથા નથી'' એ પ્રમાણે પ્રવચન રુચિવાળો હોય તે આજ્ઞારુચિ.

૧૮૧. જે સૂત્રનું અધ્યયન કરતાં અંગ કે અંગબાહ્ય શ્રુત વડે સમ્યક્ત્વને પ્રાપ્ત કરે તે સૂત્રરુચિ જાણવો.

૧૮૨. જીવાદિ તત્ત્વના એક પદની રુચિ વડે અનેક પદને વિશે જેની સમ્યક્ત્વ રુચિ પાણીમાં તેલબિંદુવત્ પ્રસરે તે બીજરુચિ.

૧૮૩. જેણે અગિયાર અંગો, પયન્ના, દૃષ્ટિવાદ રૂપ શ્રુતજ્ઞાન અર્થથી જાણેલ છે, તે અભિગમરુચિ.

૧૮૪. જેણે સર્વ પ્રમાણો અને સર્વ નયો વડે દ્રવ્યના સર્વ ભાવો ઉપલબ્ધ કર્યા છે તે વિસ્તારરુચિ જાણવો.

૧૮૫. દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ, વિનય, સર્વ સમિતિ અને ગુપ્તિની ક્રિયાભાવની રુચિ તે ક્રિયારુચિ જાણવી.

૧૮૬. જેણે કોઈ પણ કુદૃષ્ટિનો સ્વીકાર કરેલ નથી, જે જૈન પ્રવચનમાં અવિશારદ છે, બાકીના પ્રવચનનું જ્ઞાન નથી, તે સંક્ષેપ રુચિ.

૧૮૭. જે જિનેશ્વરે કહેલા અસ્તિકાયધર્મ, શ્રુતધર્મ અને ચારિત્રધર્મની શ્રદ્ધા કરે છે તે ધર્મરુચિ જાણવો.

૧૮૮. પરમાર્થ સંસ્તવ, સુદૃષ્ટ પરમાર્થસેવા, વ્યાપન્ન કુદર્શન વર્જના અને સમ્યક્ત્વની શ્રદ્ધા એ જ સમ્યગ્–દર્શનના ચિહ્નો છે.

૧૮૯. નિઃશંકિત, નિષ્કાંક્ષિત, નિર્વિચિકિત્સા, અમૂઢદૃષ્ટિ, ઉપબૃંહણા, સ્થિરીકરણ, વાત્સલ્ય, પ્રભાવના આઠ દર્શનાચાર છે.

૧૯૦. તે સરાગ દર્શનાર્યો કહ્યા.

વીતરાગ દર્શનાર્યો કેટલા ભેદે છે ? બે ભેદે છે – ઉપશાંત કષાય વીતરાગ દર્શનાર્ય અને ક્ષીણ કષાય વીતરાગ દર્શનાર્ય.

તે ઉપશાંત કષાય વીતરાગ દર્શનાર્ય કેટલા ભેદે છે ? તે બે ભેદે છે – પ્રથમ સમય ઉપશાંત કષાય વીતરાગ દર્શનાર્ય અને અપ્રથમ સમય ઉપશાંત કષાય વીતરાગ દર્શનાર્ય અથવા ચરમ સમય ઉપશાંત કષાય વીતરાગ દર્શનાર્ય. અને અચરમ સમય ઉપશાંત કષાય વીતરાગ દર્શનાર્ય.

તે ક્ષીણ કષાય વીતરાગ દર્શનાર્ય કેટલા ભેદે છે ? તે બે ભેદે છે – છદ્મસ્થ ક્ષીણ કષાય વીતરાગ દર્શનાર્ય અને કેવલી ક્ષીણ કષાય **વીતરાગ** દર્શનાર્ય.

તે છદ્મસ્થ ક્ષીણ કષાય વીતરાગ દર્શનાર્ય કેટલા ભેદે છે ? બે ભેદે છે – સ્વયંબુદ્ધ છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ દર્શનાર્ય અને બુદ્ધ બોધિત છદ્મસ્થ ક્ષીણ કષાય વીતરાગ દર્શનાર્ય.

તે સ્વયંબુદ્ધ છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ દર્શનાર્ય કેટલા ભેદે છે ? તે બે ભેદે છે – પ્રથમ સમય સ્વયંબુદ્ધ

છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ દર્શનાર્ય અને અપ્રથમ સમય સ્વયંબુદ્ધ છદ્મસ્થ ક્ષીણ કષાય વીતરાગ દર્શનાર્ય અથવા ચરમ સમય સ્વયંબુદ્ધ છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ દર્શનાર્ય અને અચરમસમય સ્વયંબુદ્ધ છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ દર્શનાર્ય.

બુદ્ધબોધિત છદ્મસ્થ ક્ષીણ કષાય વીતરાગ દર્શનાર્ય કેટલા ભેદે છે ? તે બે ભેદે છે – પ્રથમ સમય બુદ્ધબોધિત ક્ષીણ–કષાય વીતરાગ દર્શનાર્ય અને અપ્રથમ સમય બુદ્ધ બોધિત ક્ષીણકષાય વીતરાગ દર્શનાર્ય અથવા ચરમ સમય બુદ્ધ બોધિત છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ દર્શનાર્ય અને અચરમ સમય બુદ્ધ બોધિત છદ્મસ્થ ક્ષીણ કષાય વીતરાગ દર્શનાર્ય. આ બુદ્ધબોધિત છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ દર્શનાર્ય કહ્યા, છદ્મસ્થ ક્ષીણ કષાય વીતરાગ દર્શનાર્ય કહ્યા.

કેવલી ક્ષીણ કષાય વીતરાગ દર્શનાર્ય કેટલા ભેદે છે ? બે ભેદે છે – સયોગી કેવલી ક્ષીણ કષાય વીતરાગ દર્શનાર્ય અને અયોગી કેવલી ક્ષીણ કષાય વીતરાગ દર્શનાર્ય.

સયોગી કેવલી ક્ષીણ કષાય વીતરાગ દર્શનાર્ય કેટલા ભેદે છે ? બે ભેદે છે – પ્રથમ સમય સયોગી કેવલી ક્ષીણ કષાય વીતરાગ દર્શનાર્ય અને અપ્રથમ સમય સયોગી કેવલી ક્ષીણ કષાય વીતરાગ દર્શનાર્ય. અથવા ચરમ સમય સયોગી કેવલી ક્ષીણ કષાય વીતરાગ દર્શનાર્ય અને અચરમ સમય સયોગી કેવલી ક્ષીણ કષાય વીતરાગ દર્શનાર્ય. તે સયોગી કેવલી ક્ષીણ કષાય વીતરાગ દર્શનાર્યો કહ્યા.

તે અયોગી કેવલી ક્ષીણ કષાય વીતરાગ દર્શનાર્ય કેટલા ભેદે છે ? બે ભેદે છે – પ્રથમ સમય અયોગી કેવલી ક્ષીણ કષાય વીતરાગ દર્શનાર્ય અને અપ્રથમ સમય અયોગી કેવલી ક્ષીણ કષાય વીતરાગ દર્શનાર્ય. અથવા ચરમ સમય અયોગી કેવલી ક્ષીણ કષાય વીતરાગ દર્શનાર્ય અને અચરમ સમય અયોગી કેવલી ક્ષીણ કષાય વીતરાગ દર્શનાર્ય. તે અયોગી કેવલી ક્ષીણકષાય વીતરાગ દર્શનાર્ય કહ્યા. કેવલી ક્ષીણ કષાય વીતરાગ દર્શનાર્ય કહ્યા.

એ પ્રમાણે દર્શનાર્યો કહ્યા.

**સૂત્ર–૧૯૦ ચાલુ.**

ચારિત્રાર્યો કેટલા ભેદે છે ? તે બે ભેદે છે – સરાગ ચારિત્રાર્યો અને વીતરાગ ચારિત્રાર્યો.

સરાગ ચારિત્રાર્યો કેટલા ભેદે છે ? બે ભેદે છે – સૂક્ષ્મસંપરાય ચારિત્રાર્યો અને બાદર સંપરાય ચારિત્રાર્યો. સૂક્ષ્મ સંપરાય ચારિત્રાર્યો કેટલા ભેદે છે ? બે ભેદે છે – પ્રથમ સમય સૂક્ષ્મસંપરાય સરાગ ચારિત્રાર્યો અને અપ્રથમ સમય સૂક્ષ્મ સંપરાય સરાગ ચારિત્રાર્યો અથવા ચરમ સમય સૂક્ષ્મસંપરાય સરાગ ચારિત્રાર્યો અને અચરમ સમય સૂક્ષ્મ સંપરાય સરાગ ચારિત્રાર્યો

અથવા સૂક્ષ્મ સંપરાય સરાગ ચારિત્રાર્યો બે ભેદે છે – સંક્લિશ્યમાન, વિશુદ્ધયમાન. તે આ સૂક્ષ્મ સંપરાય સરાગ ચારિત્રાર્યો કહ્યા.

બાદર સંપરાય સરાગ ચારિત્રાર્યો કેટલા ભેદે છે ? બે ભેદે છે – પ્રથમ સમય બાદર સંપરાય સરાગ ચારિત્રાર્યો અને અપ્રથમ સમય બાદર સંપરાય સરાગ ચારિત્રાર્યો અથવા ચરમ સમય બાદર સંપરાય સરાગ ચારિત્રાર્યો અને અચરમ સમય બાદર સંપરાય સરાગ ચારિત્રાર્યો.

અથવા બાદર સંપરાય સરાગ ચારિત્રાર્યો બે ભેદે છે – પ્રતિપાતી અને અપ્રતિપાતી. તે બાદર સંપરાય સરાગ ચારિત્રાર્યો કહે છે. તે સરાગ ચારિત્રાર્યો કહ્યા.

તે વીતરાગ ચારિત્રાર્યો કેટલા ભેદે છે ? બે ભેદે છે – ઉપશાંત કષાય વીતરાગ ચારિત્રાર્યો અને ક્ષીણ કષાય વીતરાગ ચારિત્રાર્યો.

ઉપશાંત કષાય વીતરાગ ચારિત્રાર્યો કેટલા ભેદે છે ? બે ભેદે છે – પ્રથમ સમય ઉપશાંત કષાય વીતરાગ ચારિત્રાર્યો અને અપ્રથમ સમય ઉપશાંત કષાય વીતરાગ ચારિત્રાર્યો. અથવા ચરમ સમય ઉપશાંત કષાય વીતરાગ

ચારિત્રાર્યો અને અચરમ સમય ઉપશાંત કષાય વીતરાગ ચારિત્રાર્યો. આ ઉપશાંત કષાય વીતરાગ ચારિત્રાર્યો કહ્યા.

ક્ષીણકષાય વીતરાગ ચારિત્રાર્યો કેટલા ભેદે છે ? બે ભેદે છે – છદ્મસ્થ ક્ષીણ ક્ષીણકષાય વીતરાગ ચારિત્રાર્યો અને કેવલી ક્ષીણ કષાય વીતરાગ ચારિત્રાર્યો.

છદ્મસ્થ ક્ષીણ કષાય વીતરાગ ચારિત્રાર્યો કેટલા ભેદે છે ? બે ભેદે છે – સ્વયંબુદ્ધ છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ ચારિત્રાર્યો અને બુદ્ધ બોધિત છદ્મસ્થ ક્ષીણ કષાય વીતરાગ ચારિત્રાર્યો.

સ્વયંબુદ્ધ છદ્મસ્થ ક્ષીણ કષાય વીતરાગ ચારિત્રાર્યો કેટલા ભેદે છે ? બે ભેદે છે – પ્રથમ સમય સ્વયંબુદ્ધ છદ્મસ્થ ક્ષીણ કષાય વીતરાગ ચારિત્રાર્યો અને અપ્રથમ સમય સ્વયંબુદ્ધ છદ્મસ્થ ક્ષીણ કષાય વીતરાગ ચારિત્રાર્યો. અથવા ચરમ સમય સ્વયંબુદ્ધ છદ્મસ્થ ક્ષીણ કષાય વીતરાગ ચારિત્રાર્યો અને અચરમ સમય સ્વયંબુદ્ધ છદ્મસ્થ ક્ષીણ કષાય વીતરાગ ચારિત્રાર્યો. તે આ સ્વયંબુદ્ધ ક્ષીણ કષાય વીતરાગ ચારિત્રાર્યો.

બુદ્ધ બોધિત છદ્મસ્થ ક્ષીણ કષાય વીતરાગ ચારિત્રાર્યો કેટલા ભેદે છે ? બે ભેદે છે – પ્રથમ સમય બુદ્ધ બોધિત છદ્મસ્થ ક્ષીણ કષાય વીતરાગ ચારિત્રાર્યો અને અપ્રથમ સમય બુદ્ધ બોધિત છદ્મસ્થ ક્ષીણ કષાય વીતરાગ ચારિત્રાર્ય અથવા ચરમસમય બુદ્ધ બોધિત છદ્મસ્થ ક્ષીણ કષાય વીતરાગ ચારિત્રાર્યો અને અચરમ સમય બુદ્ધ બોધિત છદ્મસ્થ કષાય વીતરાગ ચારિત્રાર્યો. તે આ બુદ્ધ બોધિત છદ્મસ્થ ક્ષીણ કષાય વીતરાગ ચારિત્રાર્યો કહ્યા. તે આ છદ્મસ્થ ક્ષીણ કષાય વીતરાગ ચારિત્રાર્યો કહ્યા.

કેવલી ક્ષીણ કષાય વીતરાગ ચારિત્રાર્યો કેટલા ભેદે છે ? બે ભેદે છે – સયોગી કેવલી ક્ષીણ કષાય વીતરાગ ચારિત્રાર્યો અને અયોગી કેવલી ક્ષીણ કષાય વીતરાગ ચારિત્રાર્યો.

સયોગી કેવલી ક્ષીણ કષાય વીતરાગ ચારિત્રાર્યો કેટલા ભેદે છે ? બે ભેદે છે – પ્રથમ સમય સયોગી કેવલી ક્ષીણ કષાય વીતરાગ ચારિત્રાર્યો અને અપ્રથમ સમય સયોગી કેવલી ક્ષીણ કષાય વીતરાગ ચારિત્રાર્યો. અથવા ચરમ સમય સયોગી કેવલી ક્ષીણ કષાય વીતરાગ ચારિત્રાર્યો અને અચરમ સમય સયોગી કેવલી ક્ષીણ કષાય વીતરાગ ચારિત્રાર્યો. તે આ સયોગી કેવલી ક્ષીણ કષાય વીતરાગ ચારિત્રાર્યો.

અયોગી કેવલી ક્ષીણકષાય વીતરાગ ચારિત્રાર્યો કેટલા ભેદે છે ? બે ભેદે છે – પ્રથમ સમય અયોગી કેવલી ક્ષીણકષાય વીતરાગ ચારિત્રાર્યો અને અપ્રથમ સમય અયોગી કેવલી ક્ષીણ કષાય વીતરાગ ચારિત્રાર્યો અથવા ચરમસમય અયોગી કેવલી ક્ષીણકષાય વીતરાગ ચારિત્રાર્યો અને અચરમ સમય અયોગી કેવલી ક્ષીણ કષાય વીતરાગ ચારિત્રાર્યો. તે આ અયોગી કેવલી ક્ષીણકષાય વીતરાગ ચારિત્રાર્યો કહ્યા. તે આ કેવલી ક્ષીણ કષાય વીતરાગ ચારિત્રાર્યો કહ્યા. તે કેવલી ક્ષીણ કષાય વીતરાગ ચારિત્રાર્યો કહ્યા. તે વીતરાગ ચારિત્રાર્યો કહ્યા.

અથવા ચારિત્રાર્યો પાંચ ભેદે છે– સામાયિક ચારિત્રાર્ય, છેદોપસ્થાપનીય ચારિત્રાર્ય, પરિહારવિશુદ્ધિ ચારિત્રાર્ય, સૂક્ષ્મસંપરાય ચારિત્રાર્ય અને યથાખ્યાત ચારિત્રાર્ય.

સામાયિક ચારિત્રાર્ય કેટલા ભેદે છે ? બે ભેદે છે – ઇત્વરિક સામાયિક ચારિત્રાર્ય અને યાવત્કથિત સામાયિક ચારિત્ર. તે સામાયિક ચારિત્રાર્ય કહ્યા.

છેદોપસ્થાપનીય ચારિત્રાર્ય કેટલા ભેદે છે ? બે ભેદે છે – સાતિચાર છેદોપસ્થાપનીય ચારિત્રાર્ય અને નિરતિચાર છેદોપસ્થાપનીય ચારિત્રાર્ય.

પરિહાર વિશુદ્ધિ ચારિત્રાર્ય કેટલા ભેદે છે ? બે ભેદે છે – નિર્વિશમાનક પરિહાર વિશુદ્ધિ ચારિત્રાર્ય અને નિર્વિષ્ટકાયિક પરિહાર વિશુદ્ધિ ચારિત્રાર્ય.

સૂક્ષ્મ સંપરાય ચારિત્રાર્ય કેટલા ભેદે છે ? બે ભેદે છે – સંક્લિશ્યમાન સૂક્ષ્મ સંપરાય ચારિત્રાર્ય અને વિશુદ્ધ્યમાન સૂક્ષ્મ સંપરાય ચારિત્રાર્ય.

યથાખ્યાત ચારિત્રાર્ય બે ભેદે છે – છદ્મસ્થ યથાખ્યાત ચારિત્રાર્ય અને કેવલી યથાખ્યાત ચારિત્રાર્ય. તે યથાખ્યાત ચારિત્રાર્ય કહ્યા. તે ચારિત્રાર્ય કહ્યા, તે ઋદ્ધિપ્રાપ્તાર્ય કહ્યા. તે કર્મભૂમક મનુષ્યો કહ્યા. તે ગર્ભ વ્યુત્ક્રાંતિક મનુષ્યો કહ્યા. તે મનુષ્યો કહ્યા.

સૂત્ર–૧૯૧

દેવો કેટલા ભેદે છે ? ચાર ભેદે – ભવનવાસી, વ્યંતર, જ્યોતિષ અને વૈમાનિક.

ભવનવાસી કેટલા ભેદે છે ? દશ ભેદે છે – અસુરકુમાર, નાગકુમાર, સુવર્ણકુમાર, વિદ્યુત્કુમાર, અગ્નિકુમાર, દ્વીપકુમાર, ઉદધિકુમાર, દિશાકુમાર, વાયુકુમાર, સ્તનિતકુમાર.

તે સંક્ષેપથી બે ભેદે છે – પર્યાપ્તા અને અપર્યાપ્તા. આ ભવનવાસી કહ્યા.

તે વ્યંતર કેટલા ભેદે છે ? આઠ ભેદે છે – કિંનર, કિંપુરુષ, મહોરગ, ગંધર્વ, યક્ષ, રાક્ષસ, ભૂત, પિશાચ. તે સંક્ષેપથી બે ભેદે છે – પર્યાપ્તા અને અપર્યાપ્તા. તે વ્યંતર કહ્યા.

તે જ્યોતિષ્ક કેટલા ભેદે છે ? પાંચ ભેદે – ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, તારા. તે સંક્ષેપથી બે ભેદે – પર્યાપ્તા, અપર્યાપ્તા. તે જ્યોતિષ્ક કહ્યા.

વૈમાનિક કેટલા ભેદે છે ? બે ભેદે છે – કલ્પોપગ અને કલ્પાતીત.

કલ્પોપગ કેટલા ભેદે છે ? બાર ભેદે છે – સૌધર્મ, ઈશાન, સનત્કુમાર, માહેન્દ્ર, બ્રહ્મલોક, લાંતક, મહાશુક્ર, સહસ્રાર, આનત, પ્રાણત, આરણ, અચ્યુત. તે સંક્ષેપથી બે ભેદે છે – પર્યાપ્તા અને અપર્યાપ્તા. તે કલ્પોપગ કહ્યા.

કલ્પાતીત કેટલા ભેદે છે ? બે ભેદે – ગ્રૈવેયકા, અનુત્તરોપપાતિકા.

તે ગ્રૈવેયકા કેટલા ભેદે છે ? નવ ભેદે – અધઃ અધઃ ગ્રૈવેયક, અધઃ મધ્યમ ગ્રૈવેયક, અધઃ ઉપરિમ ગ્રૈવેયક. મધ્યમ અધઃ ગ્રૈવેયક, મધ્યમ મધ્યમ ગ્રૈવેયક, મધ્યમ ઉપરિમ ગ્રૈવેયક. ઉપરિમ અધઃ ગ્રૈવેયક, ઉપરિમ મધ્યમ ગ્રૈવેયક, ઉપરિમ ઉપરિમ ગ્રૈવેયક. તે સંક્ષેપથી બે ભેદે છે – પર્યાપ્તક અને અપર્યાપ્તક. તે ગ્રૈવેયકો કહ્યા.

અનુત્તરોપપાતિક કેટલા ભેદે છે ? પાંચ ભેદે છે – વિજય, વૈજયંત, જયંત, અપરાજિત, સર્વાર્થસિદ્ધ. તે સંક્ષેપથી બે ભેદે છે – પર્યાપ્તક અને અપર્યાપ્તક. તે અનુત્તરોપપાતિક કહ્યા. તે કલ્પાતીત કહ્યા, તે વૈમાનિક કહ્યા,

તે દેવો કહ્યા, તે પંચેન્દ્રિયો કહ્યા. તે સંસાર સમાપન્ન જીવ પ્રજ્ઞાપના કહી, તે જીવ પ્રજ્ઞાપના કહી –

પદ-૧ પ્રજ્ઞાપનાનો મુનિ દીપરત્નસાગરે કરેલ ભાવાનુવાદ પૂર્ણ

# પદ-૨ 'સ્થાન'

સૂત્ર–૧૯૨

ભગવન્ ! બાદર પર્યાપ્તા પૃથ્વીકાયોના સ્થાનો ક્યાં કહ્યા છે ? હે ગૌતમ ! સ્વસ્થાનથી આઠે પૃથ્વીમાં કહ્યા છે. તે આ – રત્નપ્રભા, શર્કરાપ્રભા, વાલુકાપ્રભા, પંકપ્રભા, ધૂમપ્રભા, તમઃપ્રભા, તમસ્તમઃપ્રભા, ઈષત્પ્રાગ્ભારા.

અધોલોકમાં પાતાળ કળશોમાં, ભવનો, ભવનપ્રસ્તટો, નરકો, નરકાવલિકા, નરકપ્રસ્તટોમાં હોય છે.

ઉર્ધ્વલોકમાં કલ્પો, વિમાનો, વિમાનાવલિકા, વિમાનપ્રસ્તટોમાં હોય છે.

તિર્છાલોકમાં ટંકો, કૂટો, શૈલો, શિખરો, પ્રાગ્ભારો, વિજયો, વક્ષસ્કારો, વર્ષક્ષેત્રો, વર્ષધર પર્વતો, વેળા, વેદિકાઓ, દ્વારો, તોરણો, દ્વીપો, સમુદ્રોમાં હોય છે. અહીં પર્યાપ્તા બાદર પૃથ્વીકાયિકોના સ્થાનો કહ્યા છે.

ઉપપાતને આશ્રીને તે લોકના અસંખ્યાતમાં ભાગમાં હોય છે. સમુદ્ઘાતની અપેક્ષાએ લોકના અસંખ્યાતમાં ભાગમાં અને સ્વસ્થાનને આશ્રીને પણ તેમજ છે.

ભગવન્ ! અપર્યાપ્ત બાદર પૃથ્વીકાયના સ્થાનો ક્યાં કહ્યા છે ? ગૌતમ ! જ્યાં પર્યાપ્તા બાદર પૃથ્વીકાયના સ્થાનો કહ્યા છે, ત્યાં જ અપર્યાપ્તા બાદર પૃથ્વીકાયના સ્થાનો કહ્યા છે. ઉપપાત વડે સર્વલોકમાં, સમુદ્ઘાત વડે સર્વલોકમાં, સ્વસ્થાનથી લોકના અસંખ્યાતમાં ભાગે છે.

ભગવન્ ! પર્યાપ્તા–અપર્યાપ્તા સૂક્ષ્મ પૃથ્વીકાયિકના સ્થાનો ક્યાં કહ્યા છે ? ગૌતમ ! સૂક્ષ્મ પૃથ્વીકાયિકોમાં જે પર્યાપ્તા અને અપર્યાપ્તા છે, તે બધા હે આયુષ્યમાન્ શ્રમણ ! એક પ્રકારના, અવિશેષ, ભિન્નતારહિત અને સર્વલોકમાં વ્યાપ્ત છે.

ભગવન્ ! પર્યાપ્તા બાદર અપ્કાયિકના સ્થાનો ક્યાં કહ્યા છે ? ગૌતમ ! સ્વસ્થાનથી સાત ઘનોદધિ, સાત ઘનવલય, અધોલોક, પાતાળકળશ, ભવન, ભવન પ્રસ્તટોમાં છે. ઉર્ધ્વલોકમાં કલ્પ, વિમાન, વિમાનાવલિકા, વિમાન પ્રસ્તટોમાં છે. તિર્છાલોકમાં કૂવા, તળાવ, નદી, દ્રહ, વાપી, પુષ્કરિણી, દીર્ઘિકા, ગુંજાલિકા, સરોવર, સરોવરપંક્તિ, સરસરપંક્તિ, બિલ, બિલપંક્તિ, ઝરણા, ઝરા, છિલ્લર, પલ્લવ, વપ્ર, દ્વીપ, સમુદ્ર સર્વે જળાશયો અને જળસ્થાનોમાં અહીં પર્યાપ્તા બાદર, અપ્કાયિકોના સ્થાનો કહ્યા છે. તે ઉપપાત વડે લોકના અસંખ્યાત ભાગમાં, સમુદ્ઘાત વડે લોકના અસંખ્યાત ભાગમાં અને સ્વસ્થાનથી પણ લોકના અસંખ્યાત ભાગમાં છે.

ભગવન્ ! અપર્યાપ્ત બાદર અપ્કાયિકોના સ્થાનો ક્યાં છે ? ગૌતમ ! જ્યાં પર્યાપ્ત બાદર અપ્કાયિકોના સ્થાનો છે, ત્યાં અપર્યાપ્ત બાદર અપ્કાયિકોના સ્થાનો છે. ઉપપાત અને સમુદ્ઘાત વડે સર્વલોકમાં, સ્વસ્થાનથી લોકના અસંખ્યાત ભાગમાં છે.

ભગવન્ ! પર્યાપ્તા અને અપર્યાપ્તા સૂક્ષ્મ અપ્કાયના સ્થાનો ક્યાં છે ? ગૌતમ ! સૂક્ષ્મ અપ્કાયિકોના પર્યાપ્તા અને અપર્યાપ્તા બધા એક પ્રકારના, વિશેષતા – ભેદ રહિત, સર્વલોક વ્યાપી છે.

ભગવન્ ! પર્યાપ્તા બાદર તેઉકાયિકોના સ્થાનો ક્યાં છે ? ગૌતમ ! સ્વસ્થાનથી મનુષ્યક્ષેત્રમાં અઢીદ્વીપ સમુદ્રોમાં, વ્યાઘાત ન હોય તો પંદર કર્મભૂમિમાં, વ્યાઘાત આશ્રીને પાંચ મહાવિદેહમાં બાદર તેઉકાયિકોના સ્થાનો છે. ઉપપાત વડે લોકના અસંખ્યાત ભાગમાં અને સ્વસ્થાન તથા સમુદ્ઘાતથી પણ લોકના અસંખ્યાત ભાગમાં છે.

ભગવન્ ! અપર્યાપ્તા બાદર તેઉકાયના સ્થાનો ક્યાં છે ? પર્યાપ્તાના છે, ત્યાં જ બાદર અપર્યાપ્તા તેઉકાયના સ્થાનો છે. ઉપપાતથી લોકના બંને ઉર્ધ્વ કપાટોમાં અને તિર્છાલોકરૂપ તટ્ટમાં હોય છે. સમુદ્ઘાતથી સર્વલોકમાં, સ્વસ્થાન થી લોકના અસંખ્યાત ભાગે હોય છે.

ભગવન્ ! પર્યાપ્તા, અપર્યાપ્તા સૂક્ષ્મ તેઉકાયના સ્થાનો ક્યાં છે ? ગૌતમ ! પર્યાપ્તા અને અપર્યાપ્તા સૂક્ષ્મ

તેઉકાયો છે તે બધા એક પ્રકારે, વિશેષતા – ભેદ રહિત, સર્વલોક વ્યાપી છે.

સૂત્ર–૧૯૩

ભગવન્ ! પર્યાપ્તા બાદર વાયુકાયિકોના સ્થાનો ક્યાં કહ્યા છે ? ગૌતમ ! સ્વસ્થાનની અપેક્ષાએ સાત ઘનવાતમાં, સાત ઘનવાત વલયોમાં, સાત તનુવાતમાં, સાત તનુવાત વલયમાં, અધોલોકમાં– પાતાળ, ભવન, ભવનપ્રસ્તટ, ભવનછિદ્ર, ભવનનિષ્કુટ, નરક, નરકાવલિ, નરકપ્રસ્તટ, નરકછિદ્ર, નરકનિષ્કૂટોમાં, ઉર્ધ્વલોકમાં કલ્પ, વિમાન, વિમાનવલિકા, વિમાન પ્રસ્તટ, વિમાનછિદ્ર, વિમાન નિષ્કૂટોમાં, તીર્છાલોકમાં – પૂર્વ પશ્ચિમ દક્ષિણ ઉત્તરમાં સર્વે લોકાકાશ છિદ્રોમાં, લોક નિષ્કૂટોમાં પર્યાપ્તા બાદર વાયુકાયના સ્થાનો કહ્યા છે. ઉપપાતથી લોકના અસંખ્યાત ભાગમાં, સમુદ્‌ઘાત વડે લોકના અસંખ્યાત ભાગોમાં, સ્વસ્થાન વડે પણ તેમજ છે.

ભગવન્ ! અપર્યાપ્ત બાદર વાયુકાયિકના સ્થાનો ક્યાં છે ? ગૌતમ ! જ્યાં બાદર વાયુકાયિકના સ્થાનો છે, ત્યાં જ તેના અપર્યાપ્તાના સ્થાનો છે. ઉપપાત અને સમુદ્‌ઘાતથી સર્વલોકમાં અને સ્વસ્થાનથી લોકના અસંખ્યાતમાં ભાગમાં છે.

ભગવન્ ! સૂક્ષ્મ વાયુકાયિક પર્યાપ્તા–અપર્યાપ્તાના સ્થાનો ક્યાં છે ? ગૌતમ ! પર્યાપ્તા–અપર્યાપ્તા બંને એક પ્રકારના, વિશેષ રહિત, ભેદ રહિત અને સર્વલોકમાં વ્યાપ્ત છે.

ભગવન્ ! બાદર વનસ્પતિકાયિક પર્યાપ્તાના સ્થાનો ક્યાં છે ? ગૌતમ ! સ્વસ્થાનમાં સાતે ઘનોદધિમાં, સાતે ઘનોદધિ વલયોમાં, અધોલોકમાં – પાતાળ, ભવન, ભવન પ્રસ્તટોમાં, ઉર્ધ્વ લોકમાં – કલ્પ, વિમાન, વિમાનવલિકા, વિમાન પ્રસ્તટોમાં, તીર્છા લોકમાં – કૂવા, તળાવ, નદી, દ્રહ, વાપી, પુષ્કરિણી, દીર્ઘિકા, ગુંજાલિકા, સરોવર, સરપંક્તિ, સરસર–પંક્તિ, બિલ, બિલપંક્તિ, ઉજ્ઝર, નિર્ઝર, ચલ્લલ, પલ્લલ, વપ્રિણ, દ્વીપ, સમુદ્રમાં, બધા જળાશયોમાં, જળ સ્થાનોમાં આ પર્યાપ્તા બાદર વનસ્પતિકાયિકના સ્થાનોમાં કહેલ છે. ઉપપાત અને સમુદ્‌ઘાતથી સર્વલોકમાં, સ્વસ્થાનથી લોકના અસંખ્યાત ભાગમાં આવેલ છે.

ભગવન્ ! અપર્યાપ્તા બાદર વનસ્પતિકાયિકોના સ્થાનો ક્યાં છે ? ગૌતમ ! જ્યાં પર્યાપ્તા બાદર વનસ્પતિકાયિકના સ્થાનો છે, ત્યાં જ તેના અપર્યાપ્તાના સ્થાનો છે. ઉપપાત અને સમુદ્‌ઘાતથી સર્વલોકમાં, સ્વસ્થાનથી લોકના અસંખ્યાતમા ભાગમાં છે.

ભગવન્ ! પર્યાપ્તા–અપર્યાપ્તા સૂક્ષ્મ વનસ્પતિકાયના સ્થાનો ક્યાં છે ? ગૌતમ ! પર્યાપ્તા–અપર્યાપ્તા બધા એક પ્રકારના, વિશેષ રહિત, ભેદરહિત અને સર્વલોકમાં વ્યાપ્ત કહેલ છે.

સૂત્ર–૧૯૪

ભગવન્ ! પર્યાપ્તા–અપર્યાપ્તા બેઇન્દ્રિયોના સ્થાનો ક્યાં છે ? ગૌતમ ! ઉર્ધ્વલોકમાં તેના એક ભાગમાં, અધોલોકના એક ભાગમાં, તિર્છાલોકમાં – કૂવા, તળાવ, નદી, દ્રહ, વાવ, પુષ્કરિણી, દીર્ઘિકા, ગુંજાલિકા, સરોવર, સરપંક્તિ, સરસર–પંક્તિ, બિલો, બિલ પંક્તિ, ઝરણા, પ્રવાહ, છિલ્લર, પલ્વલ, વપ્ર, દ્વીપ, સમુદ્ર અને બધા જળાશય, જળ સ્થાનોમાં પર્યાપ્તા–અપર્યાપ્તા બેઇન્દ્રિયના સ્થાનો છે. ઉપપાત, સમુદ્‌ઘાત, સ્વસ્થાનથી લોકના અસંખ્યાતમાં ભાગે છે.

ભગવન્ ! પર્યાપ્તા–અપર્યાપ્તા તેઇન્દ્રિયોના સ્થાનો ક્યાં છે ? ગૌતમ! ઉર્ધ્વ અને અધોલોકના એક ભાગમાં, તીર્છા લોકમાં કૂવા, તળાવ, નદી યાવત્ જળ સ્થાનોમાં આ પર્યાપ્તા–અપર્યાપ્તા તેઇન્દ્રિયના સ્થાનો છે. તેઓ ઉપપાત, સમુદ્‌ઘાત અને સ્વસ્થાન વડે લોકના અસંખ્યાતમાં ભાગમાં રહે છે.

ભગવન્ ! પર્યાપ્તા–અપર્યાપ્તા ચતુરિન્દ્રિયોના સ્થાનો ક્યાં છે ? ગૌતમ! ઉર્ધ્વ અને અધોલોકના એક ભાગમાં તીર્છાલોકમાં કૂવા, તળાવ, નદી યાવત્ જળસ્થાનોમાં આ પર્યાપ્તા અપર્યાપ્તા ચઉરિન્દ્રિયના સ્થાનો છે, ઉપપાત,

સમુદ્‌ઘાત અને સ્વસ્થાન વડે લોકના અસંખ્યાતમાં ભાગમાં છે.

ભગવન્ ! પર્યાપ્તા–અપર્યાપ્તા પંચેન્દ્રિયોના સ્થાનો ક્યાં છે ? ગૌતમ ! ઉર્ધ્વલોક અને અધોલોકના એક ભાગમાં, તીર્છાલોકમાં કૂવા, તળાવ, નદી યાવત્ જળસ્થાનોમાં આ પંચેન્દ્રિય પર્યાપ્તા–અપર્યાપ્તાના સ્થાનો છે. ઉપપાત, સમુદ્‌ઘાત અને સ્વસ્થાનથી લોકના અસંખ્યાત ભાગમાં છે.

સૂત્ર–૧૯૫

ભગવન્ ! પર્યાપ્તા–અપર્યાપ્તા નૈરયિકના સ્થાનો ક્યાં છે ? ભગવન્ ! નૈરયિકો ક્યાં વસે છે ? ગૌતમ ! સ્વસ્થાન વડે સાતે પૃથ્વીમાં – રત્નપ્રભા, શર્કરાપ્રભા, વાલુકાપ્રભા, પંકપ્રભા, ધૂમપ્રભા, તમઃપ્રભા, તમસ્તમપ્રભા. અહીં નૈરયિકોના ૮૪–લાખ નરકાવાસો કહ્યા છે. તે નરકો અંદરથી ગોળ, બહારથી ચોરસ, નીચે અસ્ત્રાની આકૃતિવાળા છે.

તમસ્‌થી નિત્ય અંધકારવાળા, ગ્રહ–ચંદ્ર–સૂર્ય–નક્ષત્રરૂપ જ્યોતિષ્કના માર્ગરહિત, મેદ–વસા–પરુ–લોહી–માંસના કીચડથી વારંવાર ખરડાવાથી લિપ્ત ભૂમિતલવાળા, અશુચિ–બિભત્સ–અતિ દુર્ગંધી–કાપોત અગ્નિ વર્ણાભા–કર્કશ સ્પર્શવાળા–દુઃસહ અને અશુભ નરકાવાસો છે. તેમાં અશુભ વેદનાઓ છે. અહીં પર્યાપ્તા–અપર્યાપ્તા નૈરયિકના સ્થાનો છે તેઓ ઉપપાત, સમુદ્‌ઘાત, સ્વસ્થાનથી લોકના અસંખ્યાત ભાગે છે.

અહીં ઘણા નૈરયિકો વસે છે. તેઓ કાળા, કાળી આભાવાળા, ગંભીર–અતિ રોમાંચ થાય તેવા, ભયંકર, ત્રાસ કરનારા અને વર્ણથી હે આયુષ્યમાન્! અતિ કાળા છે. તેઓ ત્યાં નિત્ય ડરેલા, નિત્ય ત્રાસિત, નિત્ય ઉદ્વિગ્ન, નિત્ય પરમ અશુભ સંબદ્ધ નરકભયને અનુભવતા રહે છે.

સૂત્ર–૧૯૬ થી ૨૦૦

૧૯૬. ભગવન્ ! રત્નપ્રભા પૃથ્વી નૈરયિક પર્યાપ્તા–અપર્યાપ્તાના સ્થાનો ક્યાં છે ? ભગવન્! રત્નપ્રભા પૃથ્વી નૈરયિકો ક્યાં વસે છે ?

ગૌતમ! આ રત્નપ્રભા પૃથ્વીના ૧,૮૦,૦૦૦ યોજન બાહલ્યના ઉપર–નીચેના એક–એક હજાર યોજન છોડીને વચ્ચેના ૧,૭૮,૦૦૦ યોજન પ્રમાણ ભાગમાં રત્નપ્રભા પૃથ્વીના નૈરયિકોનો ૩૦ લાખ નરકાવાસો કહ્યા છે. તે નરકો અંદરથી ગોળ, બહાર ચોરસ, નીચે ક્ષુરપ્ર આકારવાળા, તમસથી નિત્ય અંધકારવાળા, ગ્રહ, ચંદ્ર, સૂર્ય, નક્ષત્રરૂપ જ્યોતિષ્ક માર્ગ રહિત, મેદ–વસા આદિથી લિપ્ત ભૂમિ છે એવા, અશુચિ–વિસ્ર, અતિ દુરભિગંધવાળા, કૃષ્ણ અગ્નિ વર્ણાભા, કર્કશ સ્પર્શવાળા, દુરધ્યાસ, અશુભ નારકો છે, નરકની વેદના અશુભ છે.

અહીં રત્નપ્રભા પૃથ્વી નૈરયિક પર્યાપ્તા–અપર્યાપ્તાના સ્થાનો છે. ઉપપાત, સમુદ્‌ઘાત, સ્વસ્થાનથી તેઓ લોકના અસંખ્યાતમાં ભાગે છે, ત્યાં ઘણા રત્નપ્રભા પૃથ્વી નૈરયિકો વસે છે.

તેઓ કાળા, કાળી વર્ણાભાવાળા, ગંભીર–રોમાંચ થાય તેવા, ભયંકર, ત્રાસ ઉત્પન્નકર્તા, વર્ણથી પરમકૃષ્ણ એવા હે આયુષ્યમાન્ શ્રમણ! કહેલા છે. તેઓ નિત્ય ડરેલા, નિત્ય ત્રસ્ત, નિત્ય ત્રાસિત, નિત્ય ઉદ્વિગ્ન, નિત્ય પરમ અશુભ સંબદ્ધ અને નરકના ભયને અનુભવતા વિચરે છે.

ભગવન્ ! પર્યાપ્તા–અપર્યાપ્તા શર્કરાપ્રભાપૃથ્વી નૈરયિકોના સ્થાનો ક્યાં છે ? ભગવન્ ! શર્કરાપ્રભાપૃથ્વી નૈરયિકો ક્યાં રહે છે ? ગૌતમ ! ૧,૩૨,૦૦૦ યોજન જાડાઈવાળી શર્કરાપ્રભા પૃથ્વીમાં ઉપર–નીચેથી એક–એક હજાર યોજન છોડીને વચ્ચેના ૧,૩૦,૦૦૦ યોજન ભાગમાં શર્કરાપ્રભા પૃથ્વીના ૨૫–લાખ નરકાવાસો છે, તે નરકો અંદરથી ગોળ, બહારથી ચોરસ, નીચે ક્ષુરપ્ર આકારે છે. તમસ્‌થી નિત્ય અંધકારવાળા યાવત્ અશુભ નરકો છે, તે નરકોમાં અશુભ વેદનાઓ છે.

અહીં શર્કરાપ્રભાના નૈરયિકોના પર્યાપ્તા–અપર્યાપ્તાના સ્થાનો છે. ઉપપાત, સમુદ્‌ઘાત, સ્વસ્થાનથી લોકના

અસંખ્યાતમાં ભાગે છે, ત્યાં ઘણા શર્કરાપ્રભાપૃથ્વી નૈરયિકો વસે છે. તે કાળા, કૃષ્ણાભા વાળા યાવત્ વર્ણથી પરમકૃષ્ણ છે. તેઓ નિત્ય ડરેલા યાવત્ નરકના ભયને અનુભવતા રહે છે.

ભગવન્ ! પર્યાપ્તા–અપર્યાપ્તા વાલુકાપ્રભા પૃથ્વી નૈરયિકોના સ્થાનો ક્યાં છે? ભગવન્! તે વાલુકાપ્રભા પૃથ્વી નૈરયિકો ક્યાં વસે છે ? ગૌતમ ! વાલુકાપ્રભા પૃથ્વીની **૧,૨૮,૦૦૦** યોજન જાડાઈના ઉપર–નીચેના એક–એક હજાર યોજન છોડીને વચ્ચેના **૧,૨૬,૦૦૦** યોજન ભાગમાં વાલુકાપ્રભા પૃથ્વીના નૈરયિકોના **૧૫**–લાખ નરકવાસો કહ્યા છે. તે નરકો અંદરથી ગોળ, બહારથી ચોરસ યાવત્ દૂરધ્યાસ અશુભ નરકો છે. તે નરકની વેદના અશુભ છે.

અહીં પર્યાપ્તા–અપર્યાપ્તા વાલુકાપ્રભા પૃથ્વી નૈરયિકોના સ્થાનો છે. ઉપપાતાદિથી લોકના અસંખ્યાતમાં ભાગે છે. ત્યાં વાલુકાપ્રભા પૃથ્વીના નૈરયિકો વસે છે. તે કાળા, કાળી વર્ણાભાવાળા યાવત્ વર્ણથી પરમકૃષ્ણ છે. ત્યાં તેઓ નરક ભયને અનુભવતા રહે છે.

ભગવન્ ! પર્યાપ્તા–અપર્યાપ્તા પંકપ્રભા પૃથ્વીના નૈરયિકોના સ્થાનો છે? ભગવન્! પંકપ્રભા પૃથ્વી નૈરયિકો ક્યાં વસે છે ?

ગૌતમ ! પંકપ્રભા પૃથ્વીની **૧,૨૦,૦૦૦** યોજન જાડાઈના ઉપર–નીચેના એક–એક હજાર યોજન છોડીને વચ્ચેના **૧,૧૮,૦૦૦** યોજનમાં પંકપ્રભા પૃથ્વીના દશ લાખ નરકાવાસો છે. તે નરકો અંદરથી ગોળ, બહારથી ચોરસ યાવત્ કર્કશ સ્પર્શવાળા દૂરધ્યાસ, અશુભ નરકો, અશુભ નરક વેદનાવાળા છે. અહીં પંકપ્રભા પૃથ્વી નૈરયિકોના પર્યાપ્તા–અપર્યાપ્તાના સ્થાનો છે. ઉપપાતાદિ ત્રણેથી લોકના અસંખ્યાત ભાગમાં છે.

ત્યાં ઘણા પંકપ્રભા પૃથ્વી નૈરયિકો વસે છે. તે કાળા યાવત્ વર્ણથી પરમકૃષ્ણ છે. તે નિત્ય ડરેલા, નિત્ય ત્રસ્ત યાવત્ નરકભયને અનુભવતા રહે છે.

ભગવન્ ! પર્યાપ્તા–અપર્યાપ્તા ધૂમપ્રભા પૃથ્વી નૈરયિકોના સ્થાનો ક્યાં છે ? ભગવન્ ! ધૂમપ્રભા પૃથ્વી નૈરયિકો ક્યાં વસે છે ?

ગૌતમ! ધૂમપ્રભા પૃથ્વીની **૧,૧૮,૦૦૦** યોજન જાડાઈના ઉપર–નીચેના એક–એક હજાર યોજન છોડીને વચ્ચેના **૧,૧૬,૦૦૦** યોજનમાં ધૂમપ્રભા પૃથ્વીના ત્રણ લાખ નરકાવાસો કહ્યા છે. તે નરકોની અંદર ગોળ, બહારથી ચોરસ ઇત્યાદિ બધું પૂર્વવત્ કહેવું. અહીં નરકની અશુભ વેદના છે. અહીં પર્યાપ્તા–અપર્યાપ્તા ધૂમપ્રભા પૃથ્વી નૈરયિકોના સ્થાનો છે. ઉપપાતાદિ ત્રણેથી લોકના અસંખ્યાત ભાગમાં છે.

ત્યાં ઘણા ધૂમપ્રભા પૃથ્વી નૈરયિકો વસે છે. તેઓ કાળા યાવત્ પરમકૃષ્ણ છે. તેઓ નિત્ય ડરેલા યાવત્ નરકભયને અનુભવતા રહે છે.

ભગવન્ ! પર્યાપ્તા–અપર્યાપ્તા તમઃપ્રભા પૃથ્વી નૈરયિકોના સ્થાનો ક્યાં છે ? ભગવન્ ! તમઃપ્રભા પૃથ્વીને નૈરયિકો ક્યાં વસે છે ?

ગૌતમ ! **૧,૧૬,૦૦૦** યોજન જાડાઈવાળી તમઃપ્રભા પૃથ્વીની ઉપર–નીચેના એક–એક હજાર યોજન છોડીને વચ્ચેના **૧,૧૪,૦૦૦** યોજન ભાગમાં તમઃપ્રભા પૃથ્વીના નૈરયિકોના પાંચ ન્યૂન એક લાખ નરકાવાસો છે. તે નરકો અંદરથી ગોળ, બહારથી ચોરસ ઇત્યાદિ છે. તે નરકો અશુભ છે, ત્યાંની વેદના અશુભ છે. અહીં પર્યાપ્તા–અપર્યાપ્તા તમઃપૃથ્વી નૈરયિકોના સ્થાનો છે. તે ઉપપાતાદિ ત્રણેથી લોકના અસંખ્યાતમાં ભાગમાં છે.

ત્યાં ઘણા તમસ્પ્રભા પૃથ્વી નૈરયિકો વસે છે. તેઓ કાળા યાવત્ પરમકૃષ્ણ છે. તેઓ નિત્ય ડરેલા યાવત્ નરકભયને અનુભવતા રહે છે.

ભગવન્ ! તમસ્તમા પૃથ્વી નૈરયિકોના પર્યાપ્તા–અપર્યાપ્તાના સ્થાનો ક્યાં છે ? ભગવન્ ! તમસ્તમા પૃથ્વી નૈરયિકો ક્યાં વસે છે ?

ગૌતમ! તમસ્તમા પૃથ્વીની ૧,૦૮,૦૦૦ યોજન જાડાઈના ઉપર–નીચેના સાડી બાવન હજાર યોજન છોડીને વચ્ચેના ૩૦૦૦ યોજનોમાં આ તમસ્તમા પૃથ્વીના પર્યાપ્ત–અપર્યાપ્તા નૈરયિકોના પાંચ દિશામાં પાંચ અનુત્તર એવા મહા–મોટા નરકાવાસો કહેલા છે. તે આ રીતે – કાળ, મહાકાળ, રૌરવ, મહારૌરવ, અપ્રતિષ્ઠાન. તે નરકો અંદરથી ગોળ, બહારથી ચોરસ, નીચે ક્ષુરપ્ર સંસ્થાન સંસ્થિત છે. તમસ્થી નિત્ય અંધકારવાળા, ગ્રહ–ચંદ્ર–સૂર્ય–નક્ષત્ર જ્યોતિષ માર્ગ રહિત, મેદ–ચરબી–પૂતસમૂહ–લોહી–માંસ–ચિક્ખલાદિથી લિપ્ત થયેલ ભૂમિતલવાળા, અશુચિ–વિસ્રથી પરમ દુર્ગંધી, કર્કશ સ્પર્શવાળા, દુરધ્યાસ અશુભ નરકો છે. નરકની વેદના અશુભ છે. અહીં તમસ્તમા પૃથ્વી નૈરયિકોના સ્થાનો છે.

ઉપપાત, સમુદ્‌ઘાત અને સ્વસ્થાનથી લોકના અસંખ્યાતમાં ભાગે છે. ત્યાં ઘણા તમસ્તમા પૃથ્વી નૈરયિકો વસે છે. તે કાળા, કાળી આભાવાળા, ગંભીર–રોમાંચ થાય તેવા, ભયંકર, ત્રાસોત્પાદક, પરમકૃષ્ણ વર્ણવાળા છે.

હે આયુષ્યમાન્ શ્રમણ ! તેઓ નિત્ય ડરેલા, નિત્ય ત્રસ્ત, નિત્ય ત્રાસિત, નિત્ય ઉદ્વિગ્ન, નિત્ય પરમ અશુભ સંબદ્ધ, નરકભયને અનુભવતા રહે છે.

૧૯૭. એક લાખ ઉપર એંશી, બત્રીશ, અઠ્ઠાવીશ, વીશ, અઢાર, સોળ, આઠ હજાર યોજન બધાની નીચેની સાતમી પૃથ્વીની જાડાઈ છે.

૧૯૮. એક લાખ ઉપર અઠ્ઠોતેર, ત્રીશ, છવ્વીશ, અઢાર, સોળ હજાર, છઠ્ઠી પૃથ્વીના

૧૯૯. છઠ્ઠી પૃથ્વીમાં ૧,૧૪,૦૦૦ યોજનમાં તથા તમસ્તમા પૃથ્વીના ઉપરના અને નીચેના સાડી બાવન–સાડી બાવન હજાર છોડીને વચ્ચેના ત્રણ હજાર યોજનમાં નરકાવાસો છે.

૨૦૦. જે ત્રીશ લાખ, પચીશ લાખ, પંદર લાખ, દશ લાખ, ત્રણ લાખ, પાંચ ન્યૂન એક લાખ અને સાતમી પૃથ્વીમાં કેવળ પાંચ અનુત્તર નારાકાવાસો છે.

### સૂત્ર–૨૦૧

ભગવન્ ! પર્યાપ્તા–અપર્યાપ્તા પંચેન્દ્રિય તિર્યંચોના સ્થાનો ક્યાં કહ્યા છે ?

ગૌતમ ! ઉર્ધ્વલોકના એક દેશ ભાગમાં, અધોલોકના એક દેશ ભાગમાં, તીર્છાલોકમાં કૂવા, તળાવ, નદી, દ્રહ, વાવ, પુષ્કરિણી, દીર્ઘિકા, ગુંજાલિકા, સર, સરપંક્તિ, સરસરપંક્તિ, બિલ, બિલપંક્તિ, ઉજ્ઝર, નિજ્ઝર, ચિલ્લલ, પલ્લલ, વપ્ર, દ્વીપ, સમુદ્ર, સર્વે જળાશયોમાં, જળ સ્થાનોમાં આ પર્યાપ્તા–અપર્યાપ્તા તિર્યંચ પંચેન્દ્રિયોના સ્થાનો કહ્યા છે. ઉપપાત, સમુદ્‌ઘાત, સ્વસ્થાનથી લોકના અસંખ્યાતમાં ભાગમાં હોય છે.

### સૂત્ર–૨૦૨

ભગવન્ ! પર્યાપ્તા–અપર્યાપ્તા મનુષ્યોના સ્થાનો ક્યાં કહ્યા છે ? ગૌતમ ! ૪૫–લાખ યોજન મનુષ્યક્ષેત્રમાં અઢી દ્વીપ–સમુદ્રોમાં, ૧૫–કર્મભૂમિમાં, ૩૦–અકર્મભૂમિમાં, ૫૬–અંતર્દ્વીપોમાં પર્યાપ્તા–અપર્યાપ્તા મનુષ્યોના સ્થાનો કહ્યા છે. ઉપપાત અને સ્વસ્થાનથી લોકા અસંખ્યાતમાં ભાગમાં છે. સમુદ્‌ઘાત સર્વલોકમાં છે.

### સૂત્ર–૨૦૩ થી ૨૦૫ ચાલુ.

૨૦૩. ભગવન્ ! પર્યાપ્તા–અપર્યાપ્તા ભવનવાસી દેવોના સ્થાનો ક્યાં કહ્યા છે ? ભગવન્! ભવનવાસી દેવો ક્યાં વસે છે ?

ગૌતમ! આ રત્નપ્રભા પૃથ્વીની ૧,૮૦,૦૦૦ યોજનની જાડાઈના ઉપર–નીચેના એક–એક હજાર છોડીને વચ્ચેના ૧,૭૮,૦૦૦ યોજન ભાગમાં ભવનવાસી દેવોના સાતક્રોડ બોંતેર લાખ ભવનો છે.

તે ભવનો બહારથી ગોળ, અંદરથી ચોરસ, નીચે પુષ્કર કર્ણિકા સંસ્થાનથી સંસ્થિત, ઉત્કિર્ણ અંતરવાળી

વિપુલ ગંભીર ખાઈ અને પરિખા ચોતરફ છે. પ્રાકાર –અટ્ટાલક–કપાટ–તોરણ–પ્રતિદ્વાર દેશ ભાગવાળા, યંત્રો–શતઘ્ની–મુશલ–મુસુંઢીથી યુક્ત, અયોધ્યા, સદા જયવાળા, સદા ગુપ્ત, ૪૮–કોષ્ટકરચિત, ૪૮–વનમાળા યુક્ત, ક્ષેમ–શિવ–કિંકર દેવોથી દંડોપરક્ષિત, લીંપણ–ગુંપણથી શોભિત, ગોશીર્ષ–સરસ–રક્ત ચંદન વડે હાથના થાપા મારેલ છે એવા, ચંદનના કળશો મૂકેલ, ચંદનના ઘટથી શોભિત તોરણો જેના લઘુ દ્વારમાં આવેલ છે એવા, ભૂમિની નીચે લાગેલ અને ઉપર લટકાવેલ ફૂલની માળાઓના ઝુમખાવાળા, વેરાયેલ પંચવર્ણી સરસ સુગંધી પુષ્પના ઢગલાની શોભાયુક્ત કાળો અગરુ–શ્રેષ્ઠ કીંદ્રૂપ–તુરુષ્કની ધૂપથી મઘમઘતા અને ગંધ વડે રમણીય, શ્રેષ્ઠ સુગંધથી ગંધિત, ગંધવર્તીભૂત, અપ્સરા ગણના સમુદાયથી વ્યાપ્ત, દિવ્ય વાજિંત્ર શબ્દયુક્ત, સર્વરત્નમય, અતિ–સ્વચ્છ, સ્નિગ્ધ, કોમળ, ઘસીને સાફ કરેલા, રજરહિત, નિર્મળ, નિષ્પંક, નિરાવરણ, કાંતિ–પ્રભા–કિરણોયુક્ત, ઉદ્યોતવાળા, પ્રાસાદીય, દર્શનીય, અભિરૂપ, પ્રતિરૂપ છે.

અહીં પર્યાપ્તા–અપર્યાપ્તા ભવનવાસી દેવોના સ્થાનો છે. ઉપપાત–સમુદ્‌ઘાત–સ્વસ્થાનથી લોકના અસંખ્યાત ભાગમાં છે. ત્યાં ઘણા ભવનવાસી દેવો રહે છે. તે આ –

૨૦૪. અસુર, નાગ, સુવર્ણ, વિદ્યુત, અગ્નિ, દ્વીપ, ઉદધિ, દિશિ, પવન, સ્તનિત એ દશ ભવનવાસી કુમારો છે.

૨૦૫–ચાલુ. ભૂષણમાં અંકિત ચિહ્ન આ પ્રમાણે છે– ૧. ચૂડામણિરત્ન મુગટ, ૨. નાગની ફેણ, ૩. ગરુડ, ૪. વજ્ર, ૫. પૂર્ણ કલશાંકિત મુગટ, ૬. સિંહ, ૭. ઘોડો, ૮. હાથીરૂપ શ્રેષ્ઠ ચિહ્ન છે, ૯. આશ્ચર્યકારી મગર, ૧૦. વર્દ્ધમાનક. આ ચિહ્નો અનુક્રમે અસુરકુમારાદિ ભવનવાસી દેવોના છે.

તેઓ સુરૂપ, મહર્દ્ધિક, મહદ્યુતિક, મહાબલ, મહાયશ, મહાનુભવ, મહાસૌખ્ય, હારથી વિરાજિત છાતીવાળા, કડગ અને ત્રુટિતથી સ્તંભિત ભૂજાવાળા, અંગદ–કુંડલથી મૃષ્ટ ગંડતલવાળા, કર્ણપીઠધારી, વિચિત્ર હસ્તાભરણ–વાળા, વિચિત્ર માલ–મૌલિ–મુગટ યુક્ત, કલ્યાણગ–પ્રવર વસ્ત્ર ધારણ કરેલ, કલ્યાણક પ્રવર માળા–અનુલેપનધર, દેદીપ્યમાન શરીરી, લાંબી લટકતી વનમાળા ધારણ કર્તા, દિવ્ય એવા વર્ણ, ગંધ, સ્પર્શ, સંઘયણ, સંસ્થાન, ઋદ્ધિ, દ્યુતિ, પ્રભા, છાયા, અર્ચી, તેજ, લેશ્યા વડે દશે દિશાઓને ઉદ્યોતીત, પ્રભાસિત કરતા,

ત્યાં પોતપોતાના લાખો ભવનવાસો, હજારો સામાનિકો, ત્રાયસ્ત્રિંશકો, લોકપાલો, અગ્રમહિષી, પર્ષદાઓ, અનિકો, અનિકાધિપતિઓ, હજારો આત્મરક્ષક દેવો, બીજા પણ ઘણા ભવનવાસી દેવોનું આધિપત્ય, પૌરોપત્ય, સ્વામીત્વ, ભર્તૃત્વ, મહત્તરકત્વ, આજ્ઞા–ઐશ્વર્ય–સેનાપત્ય કરતા, પાલન કરતા, મહા આહત–નૃત્ય–ગીત–વાજિંત્ર–તંતી–તલ–તાલ–ત્રુટિત–ઘનમૃદંગના રવ આદિ વડે દિવ્ય ભોગ ભોગવતા રહે છે.

સૂત્ર–૨૦૫ ચાલુ.

ભગવન્ ! પર્યાપ્તા–અપર્યાપ્તા અસુરકુમાર દેવોના સ્થાનો ક્યાં કહ્યા છે ? અસુરકુમાર દેવો ક્યાં વસે છે ? ગૌતમ ! આ રત્નપ્રભા પૃથ્વીની ૧,૮૦,૦૦૦ જાડાઈના ઉપર–નીચેના એક–એક હજાર યોજન છોડીને વચ્ચેના ૧,૭૮,૦૦૦ યોજનમાં આ અસુરકુમાર દેવોના ૬૪ લાખ ભવનાવાસો કહ્યા છે, તે ભવનો બહારથી વૃત્ત, અંદરથી ચોરસ, નીચે પુષ્કર કર્ણિક સંસ્થાન સંસ્થિત૦ ઇત્યાદિ પૂર્વવત્. યાવત્ અભિરૂપ, પ્રતિરૂપ છે.

અહીં પર્યાપ્તા–અપર્યાપ્તા અસુરકુમાર દેવોના સ્થાનો કહ્યા છે. તેઓ ઉપપાત, સમુદ્‌ઘાત અને સ્વસ્થાનથી લોકના અસંખ્યાતમાં ભાગે છે. ત્યાં ઘણા અસુરકુમાર દેવો વસે છે.

તેઓ કાળા, લોહિતાક્ષ બિંબોષ્ઠવાળા, ધવલપુષ્પ દાંતવાળા, કાળા કેશવાળા, ડાબે એક કુંડલધર, આર્દ્ર ચંદનથી લિપ્ત શરીરવાળા, કંઈક શિલિંધ્રપુષ્પ રક્ત. વર્ણી, અસંક્લિષ્ટ સૂક્ષ્મ ઉત્તમ વસ્ત્ર ધારણ કરેલા, પ્રથમ વયને ઓળંગી ગયેલા પણ બીજી વયને અસંપ્રાપ્ત, ભદ્ર યૌવનમાં વર્તતા તથા.

તલભંગ, ત્રુટિત, બીજા શ્રેષ્ઠ આભૂષણો અને નિર્મળ મણિ–રત્નથી મંડિત ભૂજાવાળા, દશ મુદ્રાથી મંડિતથી

અગ્ર હાથવાળા, ચૂડામણિ વિચિત્ર ચિહ્નવાળા, સુરૂપ, મહર્દ્ધિક, મહાદ્યુતિક, મહાયશ યાવત્ દિવ્યલેશ્યાથી દશે દિશાને ઉદ્યોતીત અને પ્રભાસિત કરનારા તથા પોતપોતાના લાખો ભવનાવાસો, હજારો યાવત્ બીજા ઘણા ભવનવાસીઓનું આધિપત્ય, પૌરોપત્ય, સ્વામીત્વ, ભર્તૃત્વ. મહત્તરકત્વાદિ કરતા ભોગ ભોગવતા ત્યાં રહે છે.

અહીં ચમર અને બલિ એ બે અસુરકુમારેન્દ્રો, અસુરકુમાર રાજા વસે છે. તેઓ કાળા, મહાનીલ સદશ, નીલ ગુલિકા–પાડાના શીંગડા–અળસીના પુષ્પ જેવા વર્ણવાળા, વિકસિત કમળ જેવા નિર્મળ, ધોળા અને લાલ નેત્રવાળા છે. ગરુડના જેવી લાંબી, સીધી અને ઊંચી નાસિકાવાળા, ઘસેલી પ્રવાલશિલા અને બિંબફળ સમાન અધરોષ્ઠવાળા છે. શ્વેત–નિષ્કલંક ચંદ્રખંડ, નિર્મળ ઘનરૂપ દહીં, શંખ, ગાયનું દૂધ, મોગરાનું ફૂલ, પાણીના કણો, મૃણાલિકા જેવી ધવલ દંતશ્રેણિ વાળા છે. અગ્નિમાં તપાવીને નિર્મળ થયેલ તપ્ત સુવર્ણ જેવા રાતા હાથપગના તલ–તાલુ–જીભવાળા, અંજન અને મેઘ જેવા કાળા અને રુચક રત્નના જેવા રમણીય તથા સ્નિગ્ધ કેશવાળા, ડાબા ભાગે કુંડલ ધારણ કરનાર ઇત્યાદિ વર્ણન પૂર્વવત્. યાવત્ લાંબી વનમાળાને ધારણ કરનારા, દિવ્ય એવા વર્ણ–ગંધ–સ્પર્શ–સંઘયણા–સંસ્થાન–ઋદ્ધિ–ધુતિ–પ્રભા–છાયા–અર્ચી–તેજ–લેશ્યા વડે દશે દિશાઓને ઉદ્યોતીત યાવત્ બીજા ઘણા ભવનવાસી દેવો અને દેવીઓનું આધિપત્ય, પૌરોપત્યાદિ કરતા દિવ્ય ભોગ ભોગવતા રહે છે.

સૂત્ર–૨૦૫ ચાલુ. થી ૨૧૬

૨૦૫ ચાલુ. ભગવન્ ! પર્યાપ્તા–અપર્યાપ્તા દક્ષિણના અસુરકુમાર દેવોના સ્થાનો ક્યાં કહ્યા છે ? ભગવન્ ! દક્ષિણના અસુરકુમાર દેવો ક્યાં વસે છે ?

ગૌતમ ! જંબૂદ્વીપ દ્વીપના મેરુ પર્વતની દક્ષિણે ૧,૮૦,૦૦૦ યોજન પ્રમાણ જાડી રત્નપ્રભા પૃથ્વી છે, તેમાં ઉપરના–નીચેના એક–એક હજાર યોજન છોડી, મધ્યના ૧,૭૮,૦૦૦ યોજન ભાગમાં આ દક્ષિણ દિશાના અસુરકુમારોના ૩૪ લાખ ભવનો છે.

આ ભવનો બહારથી ગોળ, અંદરથી ચોરસ છે. યાવત્ પ્રતિરૂપ છે, ત્યાં સુધી વર્ણન કરવું. અહીં પર્યાપ્તા–અપર્યાપ્તા દક્ષિણ દિશાના અસુરકુમાર દેવોના સ્થાનો કહ્યા છે, ઉપપાતાદિ ત્રણે લોકના અસંખ્યાત ભાગે છે. ત્યાં ઘણાં દક્ષિણ દિશાના અસુરકુમાર દેવ–દેવીઓ વસે છે. તેઓ કાળા, લોહિતાક્ષ આદિ પૂર્વવત્ યાવત્ ભોગવતા વિચરે છે. એ દેવોને પૂર્વવત્ જ ત્રાયસ્ત્રિંશ દેવો અને લોકપાલો છે એમ બધે જાણવું.

અહીં અસુરકુમારેન્દ્ર અસુરકુમાર રાજા ચમર ભવનવાસી રહે છે. તે કાળો, મહાનીલ સદશ યાવત્ પ્રભાસતો, ત્યાં ૩૪ લાખ ભવનાવાસો, ૬૪,૦૦૦ સામાનિકો, ૩૩–ત્રાયસ્ત્રિંશક દેવો, ચાર લોકપાલો, સપરિવાર પાંચ અગ્રમહિષી, ત્રણ પર્ષદા, સાત સૈન્ય, સાત સૈન્યાધિપતિઓ, ચાર ગુણા ૬૪,૦૦૦ આત્મરક્ષક દેવો અને તે સિવાયના બીજા ઘણા દક્ષિણના દેવો અને દેવીઓનું આધિપત્યાદિ કરતો રહે છે.

ભગવન્ ! પર્યાપ્તા–અપર્યાપ્તા ઉત્તર દિશાના અસુરકુમાર દેવો ક્યાં રહે છે ? ગૌતમ ! જંબૂદ્વીપ દ્વીપમાં મેરુ પર્વતની ઉત્તરે ૧,૮૦,૦૦૦ યોજન જાડી આ રત્નપ્રભા પૃથ્વીના ઉપર–નીચેના એક–એક હજાર યોજન છોડી વચ્ચેના ૧,૭૮,૦૦૦ યોજન ભાગમાં ઉત્તરના અસુરકુમાર દેવોના ૩૦ લાખ ભવનાવાસો છે, તે ભવનો બહારથી ગોળ, અંદરથી ચોરસ ઇત્યાદિ દક્ષિણના અસુરકુમારવત્ કહેવું યાવત્ વિચરે છે.

અહીં વૈરોચનેન્દ્ર વૈરોચનરાજ બલિ વસે છે. તે કાળો, મહાનીલ સદશ યાવત્ પ્રભાસે છે. તે ત્યાં ૩૦ લાખ ભવનાવાસોનું, ૬૦,૦૦૦ સામાનિકોનું, ૩૩–ત્રાયસ્ત્રિંશકોનું, યાવત્ ચોગુણા ૬૦,૦૦૦ સામાનિકોનું, ઘણા ઉત્તરના અસુરકુમાર દેવ–દેવીનું આધિપત્યાદિ કરતો વિચરે છે.

ભગવન્ ! પર્યાપ્તા–અપર્યાપ્તા નાગકુમાર દેવોના સ્થાનો ક્યાં કહ્યા છે ? ભગવન્ ! નાગકુમાર દેવો ક્યાં વસે છે ? ગૌતમ ! આ રત્નપ્રભા પૃથ્વીના ૧,૮૦,૦૦૦ યોજન જાડાઈમાં ઉપર–નીચેના એક–એક હજાર યોજન છોડીને

વચ્ચેના ૧,૭૮,૦૦૦ યોજનમાં આ નાગકુમાર પર્યાપ્તા–અપર્યાપ્તા દેવોના ૮૪ લાખ ભવનો કહ્યા છે, તે ભવનો બહારથી ગોળ યાવત્ પ્રતિરૂપ છે. ત્યાં પર્યાપ્તા–અપર્યાપ્તા નાગકુમારના સ્થાનો કહ્યા છે. તેમના ઉપપાતાદિ ત્રણે લોકના અસંખ્યાતમે ભાગે છે. ત્યાં ઘણા નાગકુમાર દેવો વસે છે. જે મહર્દ્ધિકાદિ છે. બાકીનું ઔઘિક માફક જાણવુ.

ધરણ અને ભૂતાનંદ એ બે નાગકુમારેન્દ્ર નાગકુમાર રાજા વસે છે. જે મહર્દ્ધિક છે, બાકી ઔઘિકવત્ જાણવુ.

ભગવન્ ! દક્ષિણના પર્યાપ્તા–અપર્યાપ્તા નાગકુમાર દેવોના સ્થાનો ક્યાં કહ્યા છે? ભગવન્! દક્ષિણના નાગકુમાર દેવો ક્યાં વસે છે? ગૌતમ! જંબૂદ્વીપના મેરુ પર્વતની દક્ષિણે આ વચ્ચેના ૧,૭૮,૦૦૦ યોજનમાં આ દક્ષિણના નાગકુમાર દેવોના ૪૪ લાખ ભવનો કહ્યા છે. તે ભવનો બહારથી ગોળ યાવત્ પ્રતિરૂપ છે. અહીં દક્ષિણના પર્યાપ્તા–અપર્યાપ્તા નાગકુમારના સ્થાનો છે. ઉપપાતાદિ ત્રણે લોકના અસંખ્યાતમાં ભાગે છે. અહીં દક્ષિણના નાગકુમાર દેવો વસે છે. જે મહર્દ્ધિક છે યાવત્ વિચરે છે. અહીં મહર્દ્ધિક યાવત્ પ્રભાસતો નાગકુમારેન્દ્ર નાગકુમારરાજ ધરણ વસે છે. તે ત્યાં ૪૪ લાખ ભવનો, ૬૦૦૦ સામાનિકો, ૩૩–ત્રાયસ્ત્રિંશકો યાવત્ બીજા પણ ઘણા દક્ષિણના નાગકુમાર દેવ–દેવીઓનું આધિપત્યાદિ કરતો રહેલ છે.

ભગવન્ ! ઉત્તરના નાગકુમારોના પર્યાપ્તા–અપર્યાપ્તા દેવોના સ્થાનો ક્યાં કહ્યા છે? ભગવન્! નાગકુમાર દેવો ક્યાં વસે છે? ગૌતમ! જંબૂદ્વીપ દ્વીપના મેરુ પર્વતની ઉત્તરે આ રત્નપ્રભા પૃથ્વીના મધ્યેના ૧,૭૮,૦૦૦ યોજનમાં ઉત્તરના નાગકુમાર દેવોના ૪૦ લાખ ભવનો કહેલા છે. તે ભવનો બહારથી ગોળ ઈત્યાદિ 'દક્ષિણના' પ્રમાણે જાણવું યાવત્ વિચરે છે. નાગકુમારેન્દ્ર નાગકુમાર રાજા ભૂતાનંદ અહીં વસે છે. તે મહર્દ્ધિક યાવત્ પ્રભાસે છે. તે ૪૦ લાખ ભવનાવાસોનું આધિપત્યાદિ કરતો યાવત્ વિચરે છે.

ભગવન્ ! પર્યાપ્તા–અપર્યાપ્તા સુવર્ણકુમાર દેવોના સ્થાનો ક્યાં કહ્યા છે ? ભગવન્ ! સુવર્ણકુમાર દેવો ક્યાં વસે છે? ગૌતમ! આ રત્નપ્રભા પૃથ્વીના યાવત્ અહીં સુવર્ણકુમાર દેવોના ૭૨ લાખ ભવનો કહ્યા છે. તે ભવનો બહારથી ગોળ યાવત્ પ્રતિરૂપ છે. ત્યાં પર્યાપ્તા–અપર્યાપ્તાના સુવર્ણકુમાર દેવોના સ્થાનો છે યાવત્ ઉપપાતાદિ ત્રણે થી લોકના અસંખ્યાતમા ભાગે છે. ત્યાં ઘણા સુવર્ણકુમાર દેવો વસે છે તે મહર્દ્ધિકાદિ છે. બાકી ઔઘિક મુજબ યાવત્ રહે છે. વેણુદેવ અને વેણુદાલી બંને સુવર્ણકુમારેન્દ્ર સુવર્ણકુમાર રાજા અહીં વસે છે. જે મહર્દ્ધિક છે યાવત્ રહે છે.

ભગવન્ ! પર્યાપ્તા–અપર્યાપ્તા દક્ષિણના સુવર્ણકુમારોના સ્થાનો ક્યાં છે? ભગવન્! દક્ષિણના સુવર્ણકુમાર દેવો ક્યાં વસે છે? ગૌતમ! યાવત્ વચ્ચેના ૧,૭૮,૦૦૦ યોજનમાં આ દક્ષિણના સુવર્ણકુમારોના ૩૮ લાખ ભવનાવાસ કહ્યા છે. તે ભવનો બહારથી ગોળ યાવત્ પ્રતિરૂપ છે. અહીં દક્ષિણના પર્યાપ્તા–અપર્યાપ્તા સુવર્ણકુમારોના સ્થાનો કહ્યા છે. ઉપપાત આદિ ત્રણે લોકના અસંખ્યાત ભાગમાં છે. અહીં ઘણા સુવર્ણકુમાર દેવો વસે છે. અહીં સુવર્ણેન્દ્ર સુવર્ણકુમાર વેણુદેવ વસે છે. બાકી બધું નાગકુમારવત્ કહેવું.

ભગવન્ ! ઉત્તરના પર્યાપ્તા–અપર્યાપ્તા સુવર્ણકુમાર દેવોના સ્થાનો ક્યાં છે ? ભગવન્ ! ઉત્તરના સુવર્ણકુમાર દેવો ક્યાં વસે છે ? ગૌતમ ! આ રત્નપ્રભામાં યાવત્ ઉત્તરના સુવર્ણકુમારોના ૩૪ લાખ ભવનો કહ્યા છે. તે ભવનો યાવત્ અહીં ઘણા ઉત્તરના સુવર્ણકુમાર દેવો વસે છે. જે મહર્દ્ધિક છે યાવત્ વિચરે છે. સુવર્ણકુમારેન્દ્ર સુવર્ણકુમાર રાજા વેણુદાલી અહીં વસે છે. જે મહર્દ્ધિક છે. બાકી નાગકુમારવત્ જાણવું.

એ પ્રમાણે જેમ સુવર્ણકુમારની વક્તવ્યતા કહી તેમજ બાકીના ચૌદ ઈન્દ્રોની કહેવી. વિશેષ એ કે ભવનો, ઈન્દ્ર, વર્ણ અને પરિધાનમાં ભેદ જાણવો. તે માટે આ ગાથાઓ છે –

૨૦૬. અસુરોના ૬૪, નાગોના ૮૪, સુવર્ણના ૭૨, વાયુકુમારના–૯૬,

૨૦૭. દ્વીપ–દિશા–ઉદધિ–વિદ્યુત્–સ્તનિત–અગ્નિકુમાર એ છએના ૭૬–૭૬ લાખ ભવનાવાસો છે.

૨૦૮. ૩૪, ૪૪, ૩૮, ૫૦ અને શેષ છના ૪૦–૪૦ લાખ ભવનો દક્ષિણના જાણવા.

**૨૦૯.** ૩૦, ૪૦, ૩૪, ૪૬ અને બાકીના છના ૩૬–૩૬ લાખ ભવનો જાણવા.

**૨૧૦.** દક્ષિણ અસુરેન્દ્રના ૬૪–લાખ, ઉત્તર અસુરેન્દ્રના ૬૦–લાખ, તે સિવાય બાકીના બધા દક્ષિણના અને ઉત્તરના દરેકના છ–છ હજાર સામાનિક દેવો છે. આત્મરક્ષક તેથી ચોગુણા છે.

**૨૧૧.** ચમર, ધરણ, વેણુદેવ, હરિકાંત, અગ્નિશીખ, પૂર્ણ, જલકાંત, અમિત, વિલંબ, ઘોસ દક્ષિણના ઈન્દ્રો છે.

**૨૧૨.** બલિ, ભૂતાનંદ, વેણુદાલી, હરિસ્સહ, અગ્નિમાનવ, વિશિષ્ટ, જલપથ, અમિતવાહન, પ્રભંજન, મહાઘોષ એમ ઉત્તર દિશાના ઈન્દ્રો યાવત્ વિચરે છે.

**૨૧૩.** અસુરકુમારો કાળા, નાગકુમાર અને ઉદધિકુમારો શ્વેત, સુવર્ણકુમારો કંઈક લાલ–પીળા, દિક્કુમાર અને સ્તનિતકુમારો...

**૨૧૪.** કનક વર્ણના, વિદ્યુત્–અગ્નિ–દ્વીપકુમારો શ્યામ અને વાયુકુમારો પ્રિયંગુવૃક્ષના જેવા વર્ણના જાણવા.

**૨૧૫–૨૧૬.** અસુરકુમારના લાલ, નાગ અને ઉદધિકુમારના લીલા, સુવર્ણ–દિક્–સ્તનિતકુમારના અશ્વના મુખના ફીણ જેવા ધોળા, વિદ્યુત્–અગ્નિ–દ્વીપકુમારોના લીલા અને વાયુકુમારોના સંધ્યાના રંગ જેવા વસ્ત્રો જાણવા.

સૂત્ર–૨૧૭

ભગવન્ ! વ્યંતરોમાં પર્યાપ્તા–અપર્યાપ્તા દેવોના સ્થાનો ક્યાં કહેલા છે ? ભગવન્ ! વ્યંતર દેવો ક્યાં વસે છે ?

ગૌતમ ! આ રત્નપ્રભા પૃથ્વીના ૧૦૦૦ યોજન પ્રમાણ જાડા રત્નમય કાંડના ઉપર–નીચેના ૧૦૦ યોજન છોડીને વચ્ચેના ૮૦૦ યોજનમાં અહીં વ્યંતર દેવોના તિર્છા ભૂમિ સંબંધી અસંખ્યાતા લાખો નગરો છે એમ કહેલ છે.

તે ભૌમેય નગરો બહારથી ગોળ, અંદરના ભાગે ચોરસ, નીચે પુષ્કર કર્ણિકાના આકારે છે. ચોતરફ વિપુલ–ગંભીર ખાત–પરિખાથી ઘેરાયેલ છે, પ્રાકાર–અટ્ટાલક–કમાડ–તોરણ–પ્રતિદેશ દ્વાર ભાગે છે ઈત્યાદિ સૂત્રકૃત્ વર્ણન ભવનવાસીના ઔઘિકસૂત્ર મુજબ છે માટે ફરી અનુવાદકર્યો નથી. યાવત્ તે પ્રાસાદીય, દર્શનીય, અભિરૂપ, પ્રતિરૂપ છે

અહીં પર્યાપ્તા–અપર્યાપ્તા વ્યંતર દેવોના સ્થાનો કહ્યા છે. ઉપપાતાદિ ત્રણે લોકના અસંખ્યાતમાં ભાગે છે. ત્યાં ઘણા વ્યંતર દેવો વસે છે. તે આ પ્રમાણે – પિશાચ, ભૂત, યક્ષ, રાક્ષસ, કિંનર, કિંપુરુષ, ભુજગપતિ–મહાકાય અને નિપુણ ગંધર્વોના ગીતની પ્રીતિવાળા ગંધર્વગણો. તથા. અણપન્નિક, પણપન્નિક, ઋષિવાદિક, ભૂતવાદિક, કંદિત, મહાકંદિત, કુહંડ અને પતંગદેવો છે.

તે બધા ચંચળ, અતિ ચપળ ચિત્તવાળા, ક્રીડા અને હાસ્યપ્રિય, ગંભીરહાસ્ય–ગીત–નૃત્યમાં પ્રીતિવાળા, વનમાલા મય શેખર, મુગટ, કુંડલ તથા સ્વચ્છંદપણે વિકુર્વેલા આભરણ વડે સુંદર શોભાને ધારણ કરનારા, સર્વઋતુક સુગંધી પુષ્પો વડે સારી રીતે રચેલી લાંબી લટકતી શોભતી પ્રિય વિકસિત અને અનેક પ્રકારની વિચિત્ર વનમાળા વક્ષઃસ્થળમાં પહેરેલ એવા, કામકામા, કામરૂપ દેહધારી, વિકુર્વેલા અનેક રૂપવાળા દેહધારી, અનેક વર્ણ–રૂપ–રંગવાળા, પ્રધાન, અદ્ભૂત, વિચિત્ર, દેદીપ્યમાન વસ્ત્રોને પહેરનાર, વિવિધ દેશી વેશો ધારણ કરેલા, પ્રમુદિત તથા કંદર્પ, કલહ, ક્રીડા, કોલાહલમાં પ્રીતિવાળા, ઘણું જ હાસ્ય અને કોલાહલ કરનારા, (તથા)

હાથમાં તલવાર, મુદ્ગર, શક્તિ, ભાલાવાળા, અનેક પ્રકારના મણિ અને વિવિધ રત્નો વડે યુક્ત, વિચિત્ર ચિહ્નોવાળા, મહાઋદ્ધિક, મહાદ્યુતિક, મહાયશા, મહાબલી, મહાનુભાગ, મહાસૌખ્ય, હારથી વિરાજિત છાતીવાળા, કટક–ત્રુટિતથી સ્તંભિત ભૂજાવાળા, સંગત કુંડલ–મૃષ્ટ ગંડતલ–કર્ણપીઠધારી, વિચિત્ર હસ્તાભરણવાળા, વિચિત્ર માળા–મુગટધર, કલ્યાણક–પ્રવર–વસ્ત્રધારણ કરેલ, કલ્યાણક–પ્રવર માળા અને વિલેપનધારી, દેદીપ્યમાન શરીરી, લાંબી લટકતી વનમાળાના ધારક, દિવ્ય વર્ણ–ગંધ–સ્પર્શ–સંઘયણ–સંસ્થાન–ઋદ્ધિ–દ્યુતિ–પ્રભા–છાયા–કિરણો–તેજ–લેશ્યા વડે દશે દિશાઓને ઉદ્યોતીત કરતા, શોભતા હતા.

ત્યાં પોતપોતાના અસંખ્યાતા લાખો ભૂમિસંબંધી નગરાવાસોનું, હજારો સામાનિક દેવોનું, અગ્રમહિષી–

પર્ષદા–સૈન્ય–સેનાધિપતિ–હજારો આત્મરક્ષક દેવોનું, બીજા પણ ઘણા દેવો અને દેવીઓનું આધિપત્ય, પૌરોપત્ય, સ્વામીત્વ, ભર્તૃત્વ, મહત્તરકત્વ, આજ્ઞાઐશ્વર્યસેનાપત્ય કરતા, પાલન કરતા, મહા આહત–નૃત્ય–ગીત–વાજિંત્ર–તંતી–તાલ–ત્રુટિત–ઘનમૃદંગ–પટુ પ્રવાદિત અવાજ વડે દિવ્ય ભોગ ભોગવતા વિચરે છે.

સૂત્ર–૨૧૮ થી ૨૨૪

૨૧૮. ભગવન્ ! પર્યાપ્ત–અપર્યાપ્ત પિશાચ દેવોના સ્થાનો ક્યાં છે ? ભગવન્ ! પિશાચ દેવો ક્યાં રહે છે ? ગૌતમ ! આ રત્નપ્રભા પૃથ્વીના હજાર યોજન જાડા રત્નમય કાંડના ઉપર–નીચેના સો–સો યોજન છોડીને વચ્ચેના ૮૦૦ યોજનમાં પિશાચ દેવોના તીર્છા અસંખ્યાત લાખ ભૌમેય નગરો છે. એમ કહેલ છે. તે ભૌમેયનગરો બહારના ભાગે ગોળ છે યાવત્ ઔઘિક ભવન વર્ણન પ્રમાણે યાવત્ પ્રતિરૂપ કહેવું.

અહીં પર્યાપ્ત–અપર્યાપ્ત પિશાચ દેવોના સ્થાનો છે. ઉપપાતાદિ ત્રણે લોકના અસંખ્યાત ભાગે છે. ત્યાં ઘણા પિશાચદેવો વસે છે. તે મહર્દ્ધિક છે આદિ ઔઘિક મુજબ કહેવું યાવત્ રહે છે. અહીં કાલ, મહાકાલ બે પિશાચેન્દ્ર પિશાચરાજ વસે છે. જે મહર્દ્ધિક, મહાદ્યુતિક યાવત્ વિચરે છે.

ભગવન્ ! દક્ષિણના પિશાચ દેવોના સ્થાનો ક્યાં છે ? ભગવન્ ! દક્ષિણના પિશાચ દેવો ક્યાં વસે છે ? ગૌતમ! જંબૂદ્વીપ દ્વીપના મેરુ પર્વતની દક્ષિણે આ રત્નપ્રભા પૃથ્વીના હજાર યોજન જાડા રત્નકાંડના ઉપર–નીચેના સો–સો યોજન છોડીને વચ્ચે ૮૦૦ યોજનમાં તીર્છા અસંખ્યાત લાખ ભૌમેય નગરો કહ્યા છે. તેનું વર્ણન ઔઘિકવત્ કહેવું યાવત્ પ્રતિરૂપ છે. ત્યાં દક્ષિણના પર્યાપ્ત–અપર્યાપ્ત પિશાચ દેવો વસે છે. તેઓ ઉપપાત આદિ ત્રણે લોકના અસંખ્યાત ભાગે છે. ત્યાં ઘણા દક્ષિણના પિશાચ દેવો રહે છે. તે મહર્દ્ધિકાદિ છે. ઔઘિકવત્ કહેવું યાવત્ વિચરે છે.

અહીં કાલ નામે પિશાચેન્દ્ર પિશાચરાજ વસે છે. તે મહર્દ્ધિક યાવત્ પ્રભાસે છે. તે ત્યાં તીર્છા અસંખ્યાતા લાખ ભૌમેયનગરોનું, ૪૦૦૦ સામાનિકોનું, સપરિવાર ચાર અગ્રમહિષીનું, ત્રણ પર્ષદા–સાત સૈન્ય–સાત સેનાધિપતિનું, ૧૬,૦૦૦ આત્મરક્ષકોનું તથા બીજા ઘણા દક્ષિણના વ્યંતર દેવ–દેવીનું આધિપત્યાદિ કરે છે.

ઉત્તર દિશા સંબંધી પૃચ્છા. ગૌતમ! દક્ષિણના કથન માફક ઉત્તરના પણ કહેવા. વિશેષ આ – મેરુ પર્વતની ઉત્તરે મહાકાલ નામે પિશાચેન્દ્ર પિશાચરાજા વસે છે, યાવત્ વિચરે છે.

એ પ્રમાણે પિશાચની માફક ભૂતો યાવત્ ગંધર્વ સંબંધે કહેવું. વિશેષ એ – ઇન્દ્રોના નામમાં ભેદ છે તે કહેવો. ભૂતોના સુરૂપ–પ્રતિરૂપ, યક્ષોના પૂર્ણભદ્ર–માણિભદ્ર, રાક્ષસોના ભીમ–મહાભીમ, કિન્નરોના કિંનર–કિંપુરુષ, કિંપુરુષોના સત્પુરુષ–મહાપુરુષ, મહોરગના અતિકાય–મહાકાય, ગંધર્વોના ગીતરતિ–ગીતયશ ઇન્દ્રો છે.

૨૧૯. વ્યંતર દેવોના ઇન્દ્રો આ પ્રમાણે જાણવા, જે બે ગાથા દ્વારા કહે છે–

કાળ, મહાકાળ, સુરૂપ, પ્રતિરૂપ, પૂર્ણભદ્ર અને માણિભદ્ર, ભીમ અને મહાભીમ (તથા)

૨૨૦. કિન્નર, કિંપુરુષ, સત્પુરુષ અને મહાપુરુષ, અતિકાય અને મહાકાય, ગીતરતિ અને ગીતયશ.

૨૨૧. ભગવન્ ! અણપન્નિક દેવોના સ્થાનો ક્યાં છે ? ભગવન્ ! અણપન્નિક દેવો ક્યાં વસે છે ?

ગૌતમ ! આ રત્નપ્રભા પૃથ્વીના હજાર યોજન જાડા રત્નમય કાંડના યાવત્ ૮૦૦ યોજનમાં અણપન્નિક દેવોના સ્થાનો છે. ઉપઘાત, સમુદ્‌ઘાત, સ્વસ્થાનથી લોકના અસંખ્યાતમાં ભાગે છે. ત્યાં ઘણા અણપન્નિક દેવો વસે છે. તે મહર્દ્ધિકાદિ છે, તે પિશાચવત્ કહેવું યાવત્ વિચરે છે.

સન્નિહિત અને સામાન્ય એ બે અણપન્નિકોના ઇન્દ્ર,અણપન્નિક કુમાર રાજા વસે છે. તે મહર્દ્ધિકાદિ છે. એ પ્રમાણે જેમ કાળ, મહાકાળ બંને દક્ષિણના અને ઉત્તરના કહ્યા તેમ સંનિહિત, સામાન્ય કહેવા.

૨૨૨. અણપન્નિક, પણપન્નિક, ઋષિવાદી, ભૂતવાદી, કંદિત, મહાકંદિત, કોહંડ અને પતંગ એ વ્યંતર દેવો છે.

૨૨૩. તેઓના ઇન્દ્રો – સંનિહિત, સામાન્ય, ધાતા, વિધાતા, ઋષિ, ઋષિપાલ, ઈશ્વર, મહેશ્વર, સુવત્સ અને વિશાલ. (તથા)

હાસ, હાસરતિ, શ્વેત, મહાશ્વેત, પતંગ અને પતંગપતિ એ અનુક્રમથી અણપન્નિક આદિના ઇન્દ્રો જાણવા.

સૂત્ર–૨૨૫

ભગવન્ ! પર્યાપ્તા–અપર્યાપ્તા જ્યોતિષ્ક દેવોના સ્થાનો ક્યાં છે ? ભગવન્! જ્યોતિષ્ક દેવો ક્યાં રહે છે?

ગૌતમ ! આ રત્નપ્રભા પૃથ્વીના બહુસમ રમણીય ભૂમિભાગથી ૭૯૦ યોજન ઉપર જઈએ એટલે **૧૧૦** યોજન પહોળા અને તીર્છા અસંખ્યાતા યોજન પ્રમાણ ક્ષેત્રમાં જ્યોતિષ્ક દેવોનો નિવાસ છે. અહીં જ્યોતિષ્ક દેવોના તીર્છા અસંખ્યાતા લાખ જ્યોતિષ્ક વિમાનો કહ્યા છે.

તે વિમાનો અર્દ્ધ કપિત્થ સંસ્થાન સંસ્થિત, સર્વ સ્ફટિકમય, અભ્યુદ્‌ગત–ઉત્સૃત–પ્રહસિત માફક વિવિધ મણિ–કનક–રત્નોની રચના વડે ચિત્ર, વાયુ વડે કંપિત વિજયસૂચક વૈજયંતી પતાકા, છત્રાતિછત્ર કલિત, ઊંચા ગગનતલનું ઉલ્લંઘન કરનારા શિખરોયુક્ત, જાલીના વચ્ચેનો ભાગ રત્નમય છે એવા, પાંજરાથી બહાર કાઢેલા એવા મણિ–કનકની સ્તૂપિકાવાળ, વિકસિત શતપત્રો, પુંડરીક, તિલક, રત્નમય અર્દ્ધ ચંદ્રોથી વિચિત્ર, અનેકવિધ મણિમય માળા વડે સુશોભિત, અંદર–બહાર કોમળ, તપનીય મનોહર વાલુકાના પ્રસ્તટ યુક્ત, સુખકર સ્પર્શવાળા, શોભાયુક્ત, સુંદર રૂપવાળા, પ્રાસાદીય, દર્શનીય, અભિરૂપ, પ્રતિરૂપ છે.

અહીં પર્યાપ્તા–અપર્યાપ્તા જ્યોતિષ્ક દેવોના સ્થાનો કહ્યા છે. ઉપપાતાદિ ત્રણે લોકના અસંખ્યાતમાં ભાગે છે. ત્યાં ઘણા જ્યોતિષ્ક દેવો રહે છે. તે આ રીતે – બૃહસ્પતિ, ચંદ્ર, સૂર્ય, શુક્ર, શનૈશ્ચર, રાહુ, ધૂમકેતુ, બુધ, મંગળ. તેઓ તપનીય સુવર્ણ જેવા વર્ણવાળા છે. જે ગ્રહો જ્યોતિશ્ચક્રમાં ફરે છે, ગતિરતિક છે, ૨૮ પ્રકારના નક્ષત્ર દેવગણો છે, તે અનેક પ્રકારની આકૃતિવાળા છે. તારાઓ પાંચ વર્ણના છે, તેઓ બધા અવસ્થિત લેશ્ય છે.

જેઓ ફરવાના સ્વભાવવાળા છે, તેઓ વિશ્રામરહિત મંડલગતિક, પ્રત્યેકના નામના લાંછન વડે મુગટમાં પ્રગટ કરેલ ચિહ્ન જેમને છે તેવા, મહાઋદ્ધિક યાવત્ શોભતા ત્યાંના પોતપોતાના–લાખો વિમાનાવાસોનું, હજારો સામાનિક દેવોનું, સપરિવાર અગ્રમહિષી, પર્ષદાનું, સૈન્યોનું, સેનાધિપતિઓનું, હજારો આત્મરક્ષક દેવોનું અને બીજા ઘણા જ્યોતિષ્ક દેવો–દેવીઓનું આધિપત્યાદિ કરે છે.

અહીં ચંદ્ર અને સૂર્ય એ બે જ્યોતિષ્કેન્દ્ર, જ્યોતિષરાજ રહે છે. તેઓ મહાઋદ્ધિક યાવત્ શોભતા પોતપોતાના લાખો જ્યોતિષ્ક વિમાનાવાસોનું, ૪૦૦૦ સામાનિક દેવોનું, સપરિવાર અગ્રમહિષી યાવત્ બીજા ઘણા જ્યોતિષ્ક દેવો–દેવીનું આધિપત્યાદિ કરે છે.

સૂત્ર–૨૨૬

ભગવન્ ! પર્યાપ્તા–અપર્યાપ્તા વૈમાનિક દેવોના સ્થાનો ક્યાં કહ્યા છે ? ભગવન્ ! વૈમાનિક દેવો ક્યાં વસે છે ? ગૌતમ ! આ રત્નપ્રભા પૃથ્વીના બહુસમ રમણીય ભૂમિભાગથી ઊંચે ચંદ્ર–સૂર્ય–ગ્રહ–નક્ષત્ર–તારારૂપથી ઘણા સેંકડો યોજન, ઘણા હજારો યોજન, ઘણા લાખો યોજન, ઘણા કરોડ યોજનો, ઘણા કોડાકોડી યોજનો ઉપર દૂર જઈએ એટલે અહીં સૌધર્મ, ઈશાન, સનત્કુમાર, માહેન્દ્ર, બ્રહ્મલોક, લાંતક, મહાશુક્ર, સહસ્રાર, આનત, પ્રાણત, આરણ, અચ્યુત, ગ્રૈવેયક અને અનુત્તરોમાં વૈમાનિક દેવોના ૮૪,૯૭,૦૨૩ વિમાનાવાસો કહેલ છે.

તે વિમાનો સર્વ રત્નમય, સ્વચ્છ, કોમળ, સ્નિગ્ધ, ઘસેલ, સાફ કરેલ, રજરહિત, નિર્મળ, નિષ્પંક, નિરાવરણ દીપ્તિવાળા, પ્રભા-શોભા-ઉદ્યોત સહિત, પ્રાસાદીય, દર્શનીય, અભિરૂપ, પ્રતિરૂપ છે. અહીં પર્યાપ્તા –અપર્યાપ્તા વૈમાનિક દેવોના સ્થાનો કહ્યા છે. ઉપપાતાદિ ત્રણે લોકના અસંખ્યાતમાં ભાગે છે. ત્યાં

વૈમાનિક ઘણા દેવો વસે છે. તે આ પ્રમાણે છે –

સૌધર્મ, ઈશાન, સનત્કુમાર, માહેન્દ્ર, બ્રહ્મલોક, લાંતક, મહાશુક્ર, સહસ્રાર, આનત, પ્રાણત, અચ્યુત, ગ્રૈવેયક અને અનુત્તરોપપાતિક. તેઓ અનુક્રમે મૃગ, મહિષ, વરાહ, સિંહ, બકરો, દેડકો, ઘોડો, હાથી, સર્પ, ગેંડો, બળદ, વિડિમ રૂપ ચિહ્નો મુગટમાં પ્રગટ કરેલ છે. શિથિલ, શ્રેષ્ઠ મુગટ અને કિરિટને ધારણ કરનારા, ઉત્તમ કુંડલ વડે મુખને પ્રકાશિત કરેલ, મુગટથી દીપ્ત શોભાવાળા, લાલ આભાવાળા, પદ્મના જેવા ગૌર, શ્વેત, શુભવર્ણ–ગંધ–સ્પર્શવાળા, ઉત્તમ વૈક્રિયી, પ્રવર વસ્ત્ર–ગંધ–માળા વિલેપનધારી, મહર્દ્ધિક, મહાદ્યુતિક, મહાયશા, મહાબલી યાવત્ દશે દિશાઓને ઉદ્યોતીત કરતા, પ્રભાસતા, તેઓ ત્યાં પોત–પોતાના લાખો વિમાનો યાવત્ હજારો આત્મરક્ષક દેવો અને બીજા ઘણા વૈમાનિક દેવો અને દેવીઓનું આધિપત્ય કરતા યાવત્ દિવ્ય ભોગ ભોગવતો રહે છે.

સૂત્ર–૨૨૭

ભગવન્ ! પર્યાપ્તા–અપર્યાપ્તા સૌધર્મદેવોના સ્થાનો ક્યાં છે ? ભગવન્ ! સૌધર્મ દેવો ક્યાં વસે છે ? ગૌતમ ! જંબૂદ્વીપ દ્વીપના મેરુ પર્વતની દક્ષિણે આ રત્નપ્રભા પૃથ્વીના અતિસમ રમણીય ભૂમિભાગથી યાવત્ ઊંચે દૂર ગયા પછી અહીં સૌધર્મ નામે કલ્પ કહેલ છે. પૂર્વ–પશ્ચિમ લાંબો, ઉત્તર–દક્ષિણ પહોળો, અર્દ્ધ ચંદ્ર સંસ્થાન સંસ્થિત, કિરણોની માળા અને કાંતિના સમૂહ જેવા વર્ણવાળો છે. અસંખ્યાત કોડાકોડી યોજન લાંબો–પહોળો છે, તેની પરિધિ અસંખ્યાતા કોડાકોડી યોજન છે. તે સર્વ રત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે. ત્યાં સૌધર્મ દેવોના ૩૨–લાખ વિમાનો છે, તે વિમાનો સર્વ રત્નમય યાવત્ પ્રતિરૂપ છે.

તે વિમાનોના બહુમધ્ય દેશભાગે પાંચ અવતંસક કહ્યા છે. તે આ પ્રમાણે – અશોકાવતંસક, સપ્તવર્ણાવતંસક, ચંપકાવતંસક, ચૂતાવતંસક, મધ્યમાં સૌધર્માવતંસક. તે અવતંસકો સર્વ રત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે. અહીં પર્યાપ્તા–અપર્યાપ્તા સૌધર્મ દેવોના સ્થાનો કહ્યા છે. ઉપપાતાદિ ત્રણે લોકના અસંખ્યાતમાં ભાગે છે. ત્યાં ઘણા સૌધર્મદેવો વસે છે. તે મહર્દ્ધિક યાવત્ પ્રભાસે છે. તેઓ ત્યાં પોત–પોતાના લાખો વિમાનાવાસો, અગ્રમહિષીઓ, હજારો સામાનિકોનું એ પ્રમાણે ઔઘિકમાં કહ્યું તેમ અહીં પણ સમજી લેવું. યાવત્ બીજા ઘણા સૌધર્મકલ્પવાસી વૈમાનિક દેવો–દેવીઓનું આધિપત્ય કરતા યાવત્ વિચરે છે.

દેવેન્દ્ર, દેવરાજ, વજ્રપાણિ, પુરંદર, શતક્રતુ, મઘવા, સહસ્રાક્ષ, પાકશાસન, દક્ષિણાર્દ્ધ લોકાધિપતિ બત્રીશ લાખ વિમાન અધિપતિ, ઐરાવણ વાહન, સુરેન્દ્ર રજરહિત આકાશ જેવા વસ્ત્ર ધારણ કરનાર, માળા–મુગટ પહેરેલ, નવા સુવર્ણના સુંદર ચંચલ કુંડલો વડે જેના ગંડસ્થળો ઘસાય છે એવો ઋદ્ધિવાળો યાવત્ પ્રકાશિત કરતો શક્ર ત્યાં ૩૨–લાખ વિમાનાવાસ, ૮૪,૦૦૦ સામાનિકો, ૩૩–ત્રાયસ્ત્રિંશક, ચાર લોકપાલ, સપરિવાર આઠ અગ્રમહિષીઓ, ત્રણ પર્ષદા, સાત સૈન્યો, સાત સેનાધિપતિઓ, ચાર ગુણા ૮૪,૦૦૦ આત્મરક્ષક દેવો, બીજા પણ ઘણા સૌધર્મ–કલ્પવાસી વૈમાનિક દેવો અને દેવીનું આધિપત્યાદિ કરતો યાવત્ રહે છે.

સૂત્ર–૨૨૮ થી ૨૩૪

૨૨૮. ભગવન્ ! પર્યાપ્તા–અપર્યાપ્તા ઈશાન દેવોના સ્થાનો ક્યાં છે ? ભગવન્ ! ઈશાન દેવો ક્યાં વસે છે ? ગૌતમ! જંબૂદ્વીપ દ્વીપના મેરુ પર્વતની ઉત્તરે આ રત્નપ્રભા પૃથ્વીના બહુસમ–રમણીય ભૂમિભાગથી ઉપર ચંદ્ર–સૂર્ય–ગ્રહ–નક્ષત્ર–તારારૂપથી ઘણા સો યોજન, ઘણા હજારો યોજન યાવત્ ઉર્ધ્વ જઈને ઈશાન નામ કલ્પ કહેલ છે. તે પૂર્વ–પશ્ચિમ લાંબો, ઉત્તર–દક્ષિણ પહોળો, એ પ્રમાણે સૌધર્મકલ્પવત્ 'પ્રતિરૂપ છે' ત્યાં સુધી કહેવું.

ત્યાં ઈશાનદેવોના ૨૮–લાખ વિમાનાવાસ કહેલ છે. તે વિમાનો સર્વ રત્નમય યાવત્ પ્રતિરૂપ છે. તેમના બહુમધ્ય દેશભાગે પાંચ અવતંસક કહ્યા છે. તે આ – અંકાવતંસક, સ્ફટિકાવતંસક, રત્નાવતંસક, જાત્યરૂપાવતંસક, મધ્યમાં ઈશાન અવતંસક. તે અવતંસકો સર્વરત્નમય યાવત્ પ્રતિરૂપ છે. અહીં પર્યાપ્તા–અપર્યાપ્તા ઈશાનદેવોના

સ્થાનો કહ્યા છે. તેના ઉપપાતાદિ ત્રણે લોકના અસંખ્યાતમાં ભાગે છે. બાકી સૌધર્મ દેવોમાં કહ્યા મુજબ જાણવું યાવત્ વિચરે છે.

અહીં દેવેન્દ્ર દેવરાજ ઈશાન વસે છે. તે શૂલપાણી, વૃષભવાહન, ઉત્તરાર્દ્ધ લોકાધિપતિ છે, ૨૮–લાખ વિમાનવાસાધિપતિ, રજરહિત સ્વચ્છ વસ્ત્રધારી છે. બાકીનું શક્ર મુજબ 'પ્રભાસે છે' ત્યાં સુધી જાણવું. તે ત્યાં ૨૮ લાખ વિમાનાવાસ, ૮૦,૦૦૦ સામાનિકો, ૩૩–ત્રાયસ્ત્રિંશક, ચાર લોકપાલો, સપરિવાર આઠ અગ્રમહિષી, ત્રણ પર્ષદા, સાત સૈન્યો, સાત સેનાધિપતિ, ૩,૨૦,૦૦૦ આત્મરક્ષક દેવો, બીજા પણ ઘણા ઈશાનકલ્પવાસી દેવ–દેવીઓનું આધિપત્યાદિ કરતા યાવત્ વિચરે છે.

ભગવન્ ! પર્યાપ્તા–અપર્યાપ્તા સનત્કુમાર દેવોના સ્થાનો ક્યાં છે ? ભગવન્ ! સનત્કુમાર દેવો ક્યાં વસે છે ? ગૌતમ ! સૌધર્મકલ્પની ઉપર ચારે દિશા–વિદિશામાં ઘણા યોજન, ઘણા સેંકડો યોજન, ઘણા હજાર યોજન યાવત્ ઉપર અહીં સનત્કુમાર નામે કલ્પ છે. તે પૂર્વ–પશ્ચિમ લાંબો, ઉત્તર–દક્ષિણ પહોળા છે. સૌધર્મમાં કહ્યા મુજબ 'પ્રતિરૂપ છે' ત્યાં સુધી જાણવું. ત્યાં સનત્કુમાર દેવોના બાર લાખ વિમાનો કહેલાં છે. તે વિમાનો બધા રત્નમય યાવત્ પ્રતિરૂપ છે. તે વિમાનોના મધ્યભાગમાં પાંચ અવતંસકો કહ્યા છે – અશોકાવતંસક, સપ્તપર્ણ – ચંપક–ચૂતાવતંસક, મધ્યે સનત્કુમારા વતંસક. તે અવતંસકો સર્વ રત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે. અહીં પર્યાપ્તા–અપર્યાપ્તા સનત્કુમાર દેવોના સ્થાનો છે. ઉપપાતાદિ ત્રણે લોકના અસંખ્યાત ભાગે છે. ત્યાં ઘણા સનત્કુમાર દેવો વસે છે. તેઓ મહર્દ્ધિક યાવત્ પ્રભાસતા રહે છે. વિશેષ આ – અગ્રમહિષી નથી. દેવેન્દ્ર દેવરાજ સનત્કુમાર અહીં વસે છે. બાકી શક્ર મુજબ. તે ત્યાં બાર લાખ વિમાનો, ૭૨,૦૦૦ સામાનિકો, બાકી શક્ર મુજબ જાણવું.

ભગવન્ ! પર્યાપ્તા–અપર્યાપ્તા માહેન્દ્ર દેવોના સ્થાનો ક્યાં કહ્યા છે ? ભગવન્ ! માહેન્દ્ર દેવો ક્યાં વસે છે ? ગૌતમ ! ઈશાનકલ્પની ઉપર ચારે દિશાદિમાં ઘણા યોજનો યાવત્ ઊંચે જતા અહીં માહેન્દ્ર નામે કલ્પ છે. તે સનત્કુમારવત્ કહેવો. વિશેષ આ – આઠ લાખ વિમાનાવાસ છે. અવતંસક ઈશાનવત્. વિશેષ એ – મધ્યમાં મહેન્દ્રાવતંસક છે. બાકી સનત્કુમાર દેવો સમાન કહેવું. દેવેન્દ્ર દેવરાજ માહેન્દ્ર અહીં વસે છે. બાકી સનત્કુમારવત્ કહેવું. વિશેષ આ – આઠ લાખ વિમાનાવાસ, ૭૦,૦૦૦ સામાનિક દેવો, ચોગુણા ૭૦,૦૦૦ આત્મરક્ષક દેવોનું આધિપત્યાદિ કરે છે.

ભગવન્ ! પર્યાપ્તા–અપર્યાપ્તા બ્રહ્મલોક દેવોના સ્થાનો ક્યાં છે ? ભગવન્ ! બ્રહ્મલોક દેવો ક્યાં વસે છે ? ગૌતમ! સનત્કુમાર – માહેન્દ્ર કલ્પની ઉપર સમાન દિશા–વિદિશામાં ઘણા યોજનો જઈને યાવત્ આ બ્રહ્મલોક નામે કલ્પ છે. તે પૂર્વ–પશ્ચિમ લાંબો, ઉત્તર–દક્ષિણ પહોળો, પ્રતિપૂર્ણ ચંદ્ર આકારે રહેલ, કિરણોની માળા અને કાંતિના સમૂહયુક્ત, બાકી સનત્કુમારવત્ જાણવું.

વિશેષ એ કે – ચાર લાખ વિમાનો છે. અવતંસકો સૌધર્મના અવતંસકવત્ કહેવા. વિશેષ એ કે મધ્યમાં બ્રહ્મલોકવતંસક છે. અહીં બ્રહ્મલોક કલ્પના દેવોના સ્થાનો કહ્યા છે. બાકી પૂર્વવત્ યાવત્ રહે છે. અહીં દેવેન્દ્ર દેવરાજ બ્રહ્મ વસે છે. શેષ સનત્કુમારવત્ કહેવું. વિશેષ એ – ચાર લાખ વિમાનાવાસ, ૬૦,૦૦૦ સામાનિકો, ચોગુણા ૬૦,૦૦૦ આત્મરક્ષક દેવો, બીજા ઘણાનું યાવત્ રહે છે.

ભગવન્ ! પર્યાપ્તા–અપર્યાપ્તા લાંતક દેવોના સ્થાનો ક્યાં કહ્યા છે ? ભગવન્ ! લાંતક દેવો ક્યાં વસે છે ? ગૌતમ ! બ્રહ્મલોક કલ્પની ઉપર સમાન દિશા–વિદિશામાં ઘણા યોજનો યાવત્ ઘણા કોડાકોડી યોજન ઉપર દૂર જઈને અહીં લાંતક નામે કલ્પ કહેલ છે. પૂર્વ–પશ્ચિમ લાંબો ઈત્યાદિ બ્રહ્મલોક અનુસાર કહેવું.

વિશેષ એ – ૫૦,૦૦૦ વિમાનાવાસ કહેલ છે. અવતંસકો ઈશાનાવતંસક માફક જાણવા. માત્ર મધ્યમાં લાંતકાવતંસક છે. દેવો પૂર્વવત્ યાવત્ વિચરે છે. અહીં દેવેન્દ્ર દેવરાજ લાંતક વસે છે – આદિ સનત્કુમારવત્ કહેવું.

વિશેષ એ – **૫૦,૦૦૦** વિમાનોનું, **૫૦,૦૦૦** સામાનિકોનું, બે લાખ આત્મરક્ષકોનું, બીજા પણ ઘણા દેવ–દેવીઓનું આધિપત્યાદિ કરતા યાવત્ રહે છે.

ભગવન્ ! પર્યાપ્તા–અપર્યાપ્તા મહાશુક્ર દેવા સ્થાનો ક્યાં કહ્યા છે ? ભગવન્ ! મહાશુક્ર દેવો ક્યાં વસે છે ? ગૌતમ ! લાંતક કલ્પની ઉપર સમાન દિશા–વિદિશામાં યાવત્ જઈએ ત્યાં મહાશુક્ર નામે કલ્પ કહ્યો છે. પૂર્વ–પશ્ચિમ લાંબો, ઉત્તર–દક્ષિણ પહોળો બ્રહ્મલોક મુજબ જાણવો. આ **૪૦,૦૦૦** વિમાનો કહ્યા છે. અવતંસકો સૌધર્માવતંસક માફક જાણવા. વિશેષ એ – મધ્યમાં મહાશુક્રાવતંસક છે યાવત્ વિસરે છે. અહીં દેવેન્દ્ર દેવરાજ મહાશુક્ર છે તે સનત્કુમારવત્ જાણવો. વિશેષ આ – **૪૦,૦૦૦** વિમાનો, **૪૦,૦૦૦** સામાનિકો, **૧,૬૦,૦૦૦** આત્મરક્ષકોનું યાવત્ આધિપત્યાદિ કરતા વિચરે છે.

ભગવન્ ! પર્યાપ્તા–અપર્યાપ્તા સહસ્રાર દેવોના સ્થાનો ક્યાં કહ્યા છે ? ભગવન્ ! સહસ્રાર દેવો ક્યાં વસે છે ? ગૌતમ ! મહાશુક્ર કલ્પની ઉપર સમાન દિશા–વિદિશામાં યાવત્ જતા, અહીં સહસ્રાર નામે કલ્પ છે. શેષ બ્રહ્મલોકવત્ જાણવું. વિશેષ એ – **૬૦૦૦** વિમાનાવાસ કહેલ છે. દેવો પૂર્વવત્. અવતંસકો ઈશાનના છે તેમ જાણવા. વિશેષ આ – મધ્યમાં સહસ્રારવતંસક છે યાવત્ વિચરે છે. અહીં દેવેન્દ્ર દેવરાજ સહસ્રાર વસે છે. સનત્કુમાર માફક જાણવા. વિશેષ એ **૬૦૦૦** વિમાનાવાસ, **૩૦,૦૦૦** સામાનિકો, **૧,૨૦,૦૦૦** આત્મરક્ષકો યાવત્ આધિપત્યાદિ કરતો રહે છે.

ભગવન્ ! પર્યાપ્તા–અપર્યાપ્તા આનત–પ્રાણત દેવોના સ્થાનો ક્યાં છે ? ભગવન્ ! આનત–પ્રાણત દેવો ક્યાં વસે છે ? ગૌતમ ! સહસ્રાર કલ્પની ઉપર સમાન દિશા–વિદિશામાં યાવત અનેક કોટાકોટી યોજન ઉપર આનત અને પ્રાણત નામના બે દેવલોક છે. તે પૂર્વ–પશ્ચિમ લાંબા, ઉત્તર–દક્ષિણ પહોળા છે ઈત્યાદિ. શેષ વર્ણન પૂર્વવત જાણવું. તે કલ્પોમાં આનત અને પ્રાણત દેવોના ૪૦૦ વિમાનાવાસ છે. તેના અવતંસકોનું કથન સૌધર્મકલ્પના અવતંસકો સમાન છે. વિશેષ એ કે આ ચારેની મધ્યમાં પાંચમું પ્રાણતાવતંસક છે. તેમાં પર્યાપ્તા–અપર્યાપ્તા આનત –પ્રાણત દેવો નિવાસ કરે છે ઈત્યાદિ. અહી દેવેન્દ્ર દેવરાજ પ્રાણતેન્દ્ર નિવાસ કરે છે. તે ૪૦૦ વિમાનાવાસોનું, વીશ હજાર સામાનિક દેવોનું, ૮૦ હજાર આત્મરક્ષક દેવોનું યાવત આધિપત્યાદિ કરતા વિચરે છે.

ભગવન્ ! પર્યાપ્તા–અપર્યાપ્તા આરણ–અચ્યુત દેવોના સ્થાનો ક્યાં છે ? ભગવન્ ! આરણ–અચ્યુત દેવો ક્યાં વસે છે ? ગૌતમ ! આનત–પ્રાણત કલ્પની ઉપર સમાન દિશા–વિદિશામાં યાવત અનેક કોટાકોટી યોજન ઉપર આરણ અને અચ્યુત બે કલ્પો છે. તે પૂર્વ–પશ્ચિમ લાંબા છે યાવત તેની લંબાઈ–પહોળાઈ અને પરિધિ અસંખ્યાત કોડાકોડી યોજન છે. તે દેવલોક સર્વ રત્નમય, સ્વચ્છ ઈત્યાદિ પૂર્વવત જાણવા. ત્યાં આરણ–અચ્યુત કલ્પવાસી દેવોના ૩૦૦ વિમાનો કહ્યા છે યાવત આ વિમાનોની મધ્યમાં પાંચ અવતંસકો છે યાવત ત્યાં આરણ અને અચ્યુત દેવોના પર્યાપ્ત અને અપર્યાપ્તાના સ્થાનો છે. ત્યાં ઘણા આરણ અને અચ્યુત દેવો વિચરણ કરે છે.

**૨૨૯.** ૩૨ લાખ, ૨૮ લાખ, ૧૨ લાખ, ૮ લાખ, ૪ લાખ, ૫૦ હજાર, ૪૦ હજાર અને સહસ્રાર કલ્પે ૬૦૦૦

૨૩૦. આનત–પ્રાણત કલ્પમાં ૪૦૦ અને આરણ અચ્યુત કલ્પમાં ૩૦૦ વિમાન હોય છે.

૨૩૧. ૮૪ હજાર, ૮૦ હજાર, ૭૨ હજાર, ૭૦ હજાર, ૬૦ હજાર, ૫૦ હજાર, ૪૦ હજાર, ૩૦ હજાર, ૨૦ હજાર, ૧૦ હજાર એ પ્રમાણે ક્રમશઃ સામાનિક દેવો છે.

૨૩૨. આ બારે દેવલોકમાં આત્મરક્ષક દેવો, સામાનીક દેવોથી ચાર–ચાર ગુણા હોય છે.

* ભગવન ! પર્યાપ્ત અને અપર્યાપ્ત અધસ્તન ગ્રૈવેયક દેવોના સ્થાનો ક્યા છે ? ભગવાન ! અધસ્તન ગ્રૈવેયક દેવો કયાં નિવાસ કરે છે ? ગૌતમ ! આરણ અને અચ્યુત કલ્પોથી અનેક કોટાકોટી યોજન ઉપર અધસ્તન ગ્રૈવેયક દેવોના ત્રણ ગ્રૈવેયક વિમાન પ્રસ્તટ છે. તે પૂર્વ–પશ્ચિમ લાંબા યાવત પરિપૂર્ણ ચંદ્રના આકારે સંસ્થિત છે. શેષ વર્ણન બ્રહ્મલોકના કપ સમાન છે.તેમાં અધસ્તન ગ્રૈવેયક દેવોના ૧૧૧ વિમાનો છે યાવત તે વિમાનો પ્રતિરૂપ છે. ત્યાં

પર્યાપ્ત અને અપર્યાપ્ત અધસ્તન ગ્રૈવેયક દેવોના સ્થાન છે. તે દેવોના સ્થાનો ત્રણે અપેક્ષાએ લોકના અસંખ્યાત ભાગે છે. તેમાં ઘણા અધસ્તન ગ્રૈવેયક દેવો નિવાસ કરે છે. તેઓ બધા સમાન ઋદ્ધિવાળા, સમાન દ્યુતિવાળા, સમાન યશસ્વી, સમાન બળવાળા, સમાન પ્રભાવાળા, મહાસુખી, ઈન્દ્ર કે દાસ રહિત, પુરોહિત રહિત હોય છે.આયુષ્યમાન શ્રમણો ! તે દેવગણો અહમિન્દ્ર નામથી ઓળખાય છે.

* ભગવન ! પર્યાપ્ત અને અપર્યાપ્ત મધ્યમ ગ્રૈવેયક દેવોના સ્થાનો ક્યા છે ? ભગવાન ! મધ્યમ ગ્રૈવેયક દેવો કયાં નિવાસ કરે છે ? ગૌતમ ! અધસ્તન ગ્રૈવેયકોની ઉપર સમાન વિદિશામાં અને કોટાકોટી યોજન ઉપર ઉંચે મધ્યમ ગ્રૈવેયક દેવોના ત્રણ ગ્રૈવેયક વિમાન પ્રસ્તટ છે. તે પૂર્વ–પશ્ચિમ લાંબા છે, તેનું વર્ણન અધસ્તન ગ્રૈવેયક સમાન છે. વિશેષ એ કે તેમાં ૧૦૭ વિમાનાવાસ છે યાવત તેમાં મધ્યમ ગ્રૈવેયકના પર્યાપ્ત અને અપર્યાપ્ત દેવો રહે છે. તે દેવો ત્રણે અપેક્ષાએ લોકના અસંખ્યાતમાં ભાગે છે. ત્યાં ઘણા મધ્યમ ગ્રૈવેયકના દેવો નિવાસ કરે છે યાવત આ દેવગણો અહમિન્દ્ર કહેવાય છે.

* ભગવન ! પર્યાપ્ત અને અપર્યાપ્ત ઉપરિતન ગ્રૈવેયક દેવોના સ્થાનો ક્યા છે ? ભગવાન ! ઉપરિતન ગ્રૈવેયક દેવો કયાં નિવાસ કરે છે ? ગૌતમ ! મધ્યમ ગ્રૈવેયકની ઉપર યાવત્ જઈને અહીં ઉપરિતન ગ્રૈવેયકના ત્રણ ગ્રૈવેયક વિમાન પ્રસ્તટ છે. શેષ નીચલી ગ્રૈવેયકવત્ કહેવું. માત્ર અહીં ૧૦૦ વિમાનાવાસ છે. બાકી બધું અહમિંદ્ર પર્યન્ત પૂર્વવત્ કહેવું.

**૨૩૩.** નીચલી ગ્રૈવેયકના **૧૧૧**, મધ્યમના **૧૦૭**, ઉપલીના **૧૦૦** અને અનુત્તરના પાંચ વિમાનો કહ્યા છે.

**૨૩૪.** ભગવન્ ! પર્યાપ્તા–અપર્યાપ્તા અનુત્તરોપપાતિક દેવોના સ્થાનો ક્યાં છે ? ભગવન્ ! અનુત્તરોપપાતિક દેવો ક્યાં વસે છે ? ગૌતમ ! આ રત્નપ્રભા પૃથ્વીના બહુસમ રમણીય ભૂમિભાગથી ઉપર ચંદ્ર૦ આદિથી ઘણા સો યોજન યાવત્ ઘણા કોડાકોડી યોજન ઊંચે જઈને સૌધર્મ, ઈશાનાદિ યાવત્ **૩૧૮** ગ્રૈવેયક વિમાનાવાસને ઓળંગીને ત્યાંથી અત્યંત દૂર જતા રજરહિત, નિર્મળ, નિરંધકાર, વિશુદ્ધ એવા પાંચ દિશામાં પાંચ અનુત્તર મહા–મોટા મહાવિમાનો છે – વિજય, વૈજયંત, જયંત, અપરાજિત, સર્વાર્થસિદ્ધ. તે વિમાનો સર્વે રત્નમય, યાવત્ પ્રતિરૂપ છે. અહીં અનુત્તરોપપાતિક પર્યાપ્તા–અપર્યાપ્તા દેવોના સ્થાનો કહ્યા છે. ત્રણે લોકના અસંખ્યાત ભાગે છે. ત્યાં ઘણા અનુત્તરોપપાતિક દેવો વસે છે. બધા સમઋદ્ધિક યાવત્ અહમિંદ્ર નામે દેવગણ કહેલ છે.

## સૂત્ર–૨૩૫ થી ૨૫૬

**૨૩૫.** ભગવન્ ! સિદ્ધોના સ્થાનો ક્યાં કહ્યા છે ? ભગવન્ ! સિદ્ધો ક્યાં વસે છે ? ગૌતમ ! સર્વાર્થસિદ્ધ મહા–વિમાનની ઉપરની સ્તૂપિકાથી બાર યોજન ઊંચે ઈષત્ પ્રાગ્ભારા નામે પૃથ્વી છે. તે **૪૫**–લાખ યોજન લંબાઈ–પહોળાઈથી છે. તેની પરિધિ **૧,૪૨,૩૦,૨૪૯** યોજનથી કંઈક અધિક છે. ઈષત્ પ્રાગ્ભારા પૃથ્વીના બહુમધ્ય દેશભાગનું આઠ યોજન પ્રમાણ ક્ષેત્ર, આઠ યોજન જાડાઈથી છે. **ત્યારપછી થોડી થોડી પ્રદેશ પરિણતિથી ઘટતા–ઘટતા બધી દિશામાં છેડામાં માખીની પાંખ કરતા પણ વધુ પાતળી છે અને જાડાઈમાં અંગુલનો અસંખ્યાત ભાગ છે.**

ઈષત્પ્રાગ્ભારા પૃથ્વીના બાર નામ છે – ઈષત્, ઈષત્પ્રાગ્ભારા, તન્વી, તનુતન્વી, સિદ્ધિ, સિદ્ધાલય, મુક્તિ, મુક્તાલય, લોકાગ્ર, લોકાગ્રસ્તૂપિકા, લોકાગ્રપ્રતિવાહિની, સર્વ પ્રાણ ભૂત જીવ સત્વ સુખાવહા.

તે ઈષત્પ્રાગ્ભારા પૃથ્વી શ્વેત, શંખદલ જેવા વિમલ, સ્વસ્તિક–મૃણાલ–જલકણ–ઝાકળ–ગાયનું દૂધ–હાર જેવા વર્ણવાળી છે. તે **ચત્તા મૂકેલા છત્રના આકારે**, સર્વ શ્વેત સુવર્ણમય છે, તે સ્વચ્છ, સુકોમલ, સ્નિગ્ધ, ધૃષ્ટ, મૃષ્ટ, રજ–મલ–પંક–આવરણ રહિત, પ્રભા–શોભા–ઉદ્યોતસહિત, પ્રાસાદીયાદિ ચારે છે.

તે **ઈષત્પ્રાગ્ભારાથી નીસરણીની ગતિથી એક યોજન ઉપર લોકાંત છે, તે યોજનના ઉપરના એક ગાઉ, તે ગાઉના ઉપરના છટ્ઠા ભાગમાં સિદ્ધ ભગવંતો** સાદિ–અનંત, અનેક જન્મ–જરા–મરણ–યોનિના પરિભ્રમણનો

કલેશ, પુનર્ભવ અને ગર્ભવાસના પ્રપંચ રહિત, શાશ્વત, અનાગતકાળ **રહે છે.** ત્યાં પણ વેદ–વેદના–મમત્વ રહિત, અસંગ, સંસારથી મુક્ત, પ્રદેશનિર્વૃત્તાકારે રહે છે.

**૨૩૬.** સિદ્ધો ક્યાં પ્રતિહત, ક્યાં પ્રતિષ્ઠિત છે ? ક્યાં શરીર છોડીને, ક્યાં જઈને સિદ્ધિ પદને પામે છે ?

**૨૩૭.** અલોકમાં સિદ્ધો રોકાયેલ છે, સિદ્ધો લોકાગ્રે પ્રતિષ્ઠિત છે. તેઓ અહીં શરીરનો ત્યાગ કરી ત્યાં જઈને સિદ્ધ થાય છે.

**૨૩૮.** લાંબું કે ટૂંકું છેલ્લા ભવે જે સંસ્થાન હોય તેનાથી ત્રીજો ભાગ હીન સિદ્ધની અવગાહના કહી છે.

**૨૩૯.** અહીં શરીર તજતા છેલ્લા સમયમાં આત્મ પ્રદેશમાં ઘનરૂપ જે સંસ્થાન હોય તે સંસ્થાન ત્યાં સિદ્ધને હોય.

**૨૪૦. ૩૩૩–૧/૩ ધનુષ્ સિદ્ધોની ઉત્કૃષ્ટ અવગાહના છે.**

**૨૪૧. ચાર હાથ અને ત્રીજો ભાગ ન્યૂન એક હાથ સિદ્ધોની મધ્યમ અવગાહના છે.**

**૨૪૨. એક હાથ અને આઠ અંગુલ અધિક, સિદ્ધોની જઘન્ય અવગાહના છે.**

**૨૪૩.** સિદ્ધોની અવગાહના શરીરના ત્રીજા ભાગ વડે હીન છે. તેથી જરા–મરણથી મુક્ત સિદ્ધોનું સંસ્થાન અનિયત છે.

**૨૪૪. જ્યાં એક સિદ્ધ છે, ત્યાં ભવક્ષયથી મુક્ત થયેલ અનંત સિદ્ધો હોય છે. તેઓ પરસ્પર અવગાઢ રહેલા અને બધાં લોકાંતને સ્પૃષ્ટ છે.**

**૨૪૫. સિદ્ધો પોતાના સર્વ આત્મપ્રદેશ વડે અવશ્ય અનંત સિદ્ધોને સ્પર્શે છે**, દેશ–પ્રદેશથી પણ સ્પૃષ્ટ છે, તે પણ તેથી અસંખ્યાતગણા છે.

**૨૪૬.** તેઓ અશરીરી, જીવઘન, દર્શન–જ્ઞાનના ઉપયોગવાળા છે, તેથી સાકાર–અનાકાર ઉપયોગ એ સિદ્ધોનું લક્ષણ છે.

**૨૪૭.** કેવલજ્ઞાનોપયુક્તતાથી સર્વ ગુણ–પર્યાય જાણે છે. અનંત કેવલદર્શનથી બધું જ જુએ છે.

**૨૪૮.** અવ્યાબાધ સ્વરૂપને પ્રાપ્ત જે સુખ સિદ્ધોને છે, તે સુખ મનુષ્યો કે સર્વ દેવોને પણ નથી.

**૨૪૯.** સમસ્ત દેવગણનું સુખ, સર્વકાળના સમય વડે પિંડિત કરી, તેને અનંતગુણ કરી પુનઃ તેનો અનંતવાર વર્ગ કરો તો પણ સિદ્ધિસુખ તુલ્ય ન થાય.

**૨૫૦.** જો સિદ્ધના સુખની રાશિ સર્વકાળને એકઠો કરેલ હોય તેને અનંત વર્ગમૂલોથી ઘટાડીએ તો પણ સર્વાકાશમાં ન સમાય.

**૨૫૧.** જેમ કોઈ મ્લેચ્છ બહુવિધ નગરના ગુણોને જાણતો, ઉપમા અભાવે કહી શકતો નથી.

**૨૫૨.** એમ સિદ્ધોનું સુખ અનુપમ છે, તેને કોઈ ઉપમા નથી, તો પણ કંઈક વિશેષતાથી તેનું સાદશ્યપણું કહું

**૨૫૩.** જેમ કોઈ પુરુષ સર્વકામગુણિત ભોજન ખાઈ તૃષા–ક્ષુધા રહિત થઈ, અમૃતથી તૃપ્ત થયો હોય તેમ રહે

**૨૫૪.** તેમ સર્વકાળ તૃપ્ત, અનુપમ નિર્વાણ પ્રાપ્ત સુખી સિદ્ધો અવ્યાબાધપણે શાશ્વત કાળ રહે.

**૨૫૫.** સિદ્ધ, બુદ્ધ, પારગત, પરંપરગત, કર્મકવચનો ત્યાગ કરેલ, જરા–મરણ–સંગરહિત,

**૨૫૬.** સર્વ દુઃખોથી તરી ગયેલ, જન્મ–જરા–મરણ બંધનથી મુક્ત, અવ્યાબાધ સુખને શાશ્વત કાળને માટે સિદ્ધો અનુભવે છે.

પદ-૨ સ્થાનનો મુનિ દીપરત્નસાગરે કરેલ ભાવાનુવાદ પૂર્ણ

# પદ-૩ 'અલ્પબહુત્વ'

**સૂત્ર–૨૫૭, ૨૫૮**

**૨૫૭.** દિશા, ગતિ, ઈન્દ્રિય, કાય, યોગ, વેદ, કષાય, લેશ્યા, સમ્યક્ત્વ, જ્ઞાન, દર્શન, સંયત, ઉપયોગ, આહાર,

**૨૫૮.** ભાષક, પરિત્ત, પર્યાપ્ત, સૂક્ષ્મ, સંજ્ઞી, ભવ, અસ્તિકાય, જીવ, ક્ષેત્ર, બંધ, પુદ્‌ગલ અને મહાદંડક એમ ત્રીજા પદના **૨૭**–દ્વારો છે..

## પદ-૩, દ્વાર-૧

**સૂત્ર–૨૫૯**

દિશાને અનુસરીને સૌથી થોડા જીવો પશ્ચિમ દિશામાં છે, તેનાથી પૂર્વમાં વિશેષાધિક, દક્ષિણમાં તેથી વિશેષાધિક અને ઉત્તરમાં તેનાથી વિશેષાધિક છે.

**સૂત્ર–૨૬૦**

દિશાની અપેક્ષાએ સૌથી થોડા પૃથ્વીકાયિકો છે. તેથી ઉત્તરમાં વિશેષાધિક પૂર્વમાં તેનાથી વિશેષાધિક, પશ્ચિમમાં તેનાથી વિશેષાધિક છે.

દિશાની અપેક્ષાએ સૌથી થોડા અપ્‌કાયિકો પશ્ચિમમાં છે, પૂર્વમાં તેનાથી વિશેષાધિક, દક્ષિણમાં તેનાથી વિશેષાધિક, ઉત્તરમાં તેનાથી વિશેષાધિક છે.

દિશાની અપેક્ષાએ સૌથી થોડાં તેઉકાયિકો દક્ષિણ અને ઉત્તરમાં છે, પૂર્વમાં તેનાથી સંખ્યાતગણા, પશ્ચિમમાં તેનાથી વિશેષાધિક છે.

દિશાની અપેક્ષાએ સૌથી થોડા વાયુકાયિકો પૂર્વમાં, પશ્ચિમમાં તેનાથી વિશેષાધિક, ઉત્તરમાં તેનાથી વિશેષાધિક, દક્ષિણમાં તેનાથી વિશેષાધિક છે.

દિશાની અપેક્ષાએ સૌથી થોડાં વનસ્પતિકાયિક પશ્ચિમમાં, પૂર્વમાં તેનાથી વિશેષાધિક, દક્ષિણમાં તેનાથી વિશેષાધિક, ઉત્તરમાં તેનાથી વિશેષાધિક છે.

દિશાની અપેક્ષાએ સૌથી થોડા બેઇન્દ્રિયો પશ્ચિમમાં, પૂર્વમાં તેનાથી વિશેષાધિક, દક્ષિણમાં વિશેષાધિક, ઉત્તરમાં વિશેષાધિક છે. એ પ્રમાણે જ તેઇન્દ્રિયો અને ચઉરિન્દ્રિયોમાં પણ જાણવું.

દિશાની અપેક્ષાએ સૌથી થોડા નૈરયિકો પૂર્વ, પશ્ચિમ, ઉત્તરમાં છે, દક્ષિણમાં તેનાથી અસંખ્યાતગણા છે. એ પ્રમાણે જ રત્નપ્રભાપૃથ્વી નૈરયિક, શર્કરાપ્રભાપૃથ્વી નૈરયિક,વાલુકાપ્રભાપૃથ્વી નૈરયિક, પંકપ્રભાપૃથ્વી નૈરયિક, ધૂમપ્રભાપૃથ્વી નૈરયિક, તમઃપ્રભાપૃથ્વી નૈરયિક, અધઃસપ્તમી પૃથ્વીનૈરયિકો સંબંધે પણ જાણવું.

દક્ષિણના અધઃસપ્તમી નરકપૃથ્વીના નૈરયિકોથી છઠ્ઠી તમઃપ્રભા પૃથ્વીના નૈરયિકો પૂર્વ–પશ્ચિમ–ઉત્તરમાં અસંખ્યાતગણા છે, તેથી દક્ષિણ દિશામાં અસંખ્યાતગણા છે. દક્ષિણદિશાના તમઃપ્રભા પૃથ્વીના નૈરયિકોથી પાંચમી ધૂમપ્રભા પૃથ્વીના નૈરયિકો પૂર્વ–પશ્ચિમ–ઉત્તરમાં અસંખ્યાતગણા છે તેથી દક્ષિણમાં અસંખ્યાતગણા છે. એ પ્રમાણે આ જ ક્રમથી પંકપ્રભા, વાલુકાપ્રભા, શર્કરાપ્રભા, રત્નપ્રભાના આલાવા કહેવા.

દિશાની અપેક્ષાએ – સૌથી થોડાં પંચેન્દ્રિયતિર્યંચ પશ્ચિમમાં, પૂર્વમાં તેનાથી વિશેષાધિક, દક્ષિણમાં તેનાથી વિશેષાધિક, ઉત્તરમાં તેનાથી વિશેષાધિક છે.

દિશાની અપેક્ષાએ સૌથી થોડા મનુષ્યો દક્ષિણ–ઉત્તરમાં, પૂર્વમાં સંખ્યાતગણા, પશ્ચિમમાં તેનાથી વિશેષ છે.

દિશાની અપેક્ષાએ સૌથી થોડાં ભવનવાસી દેવો પૂર્વ–પશ્ચિમમાં છે, તેથી ઉત્તરમાં અસંખ્યાતગણા, દક્ષિણમાં તેથી અસંખ્યાતગણા છે.

દિશાની અપેક્ષાએ સૌથી થોડા વ્યંતરો પૂર્વમાં, પશ્ચિમમાં તેનાથી વિશેષાધિક, ઉત્તરમાં તેનાથી વિશેષાધિક, દક્ષિણમાં તેથી વિશેષાધિક છે.

દિશાની અપેક્ષાએ સૌથી થોડા જ્યોતિષ્ક દેવો પૂર્વ–પશ્ચિમમાં, દક્ષિણમાં વિશેષ, ઉત્તરમાં તેનાથી વિશેષ છે.

દિશાની અપેક્ષાથી સૌથી થોડાં દેવો સૌધર્મ કલ્પમાં પૂર્વ–પશ્ચિમમાં છે, ઉત્તરમાં અસંખ્યાતગણા, દક્ષિણમાં વિશેષાધિક છે. આ પ્રમાણે જ ઈશાનકલ્પથી માહેન્દ્રકલ્પ સુધી આલાવો કહેવો.

દિશાની અપેક્ષાએ સૌથી થોડા દેવો બ્રહ્મલોક કલ્પમાં પૂર્વ–પશ્ચિમ–ઉત્તરમાં છે, દક્ષિણમાં અસંખ્યાતગણા છે, આ પ્રમાણે સહસ્રારકલ્પ સુધી આ આલાવા છે.

ત્યારપછી હે આયુષ્યમાન્ શ્રમણ ! બહુ સમાનપણે છે. દિશાની અપેક્ષાએ સૌથી થોડાં સિદ્ધો દક્ષિણ–ઉત્તરમાં છે, પૂર્વમાં તેનાથી સંખ્યાતગણા, પશ્ચિમમાં તેનાથી વિશેષાધિક છે.

## પદ-૩, દ્વાર-૨ 'ગતિ'

### સૂત્ર–૨૬૧

ભગવન્ ! આ નૈરયિક, તિર્યંચયોનિક, મનુષ્ય, દેવ અને સિદ્ધોમાં પાંચ ગતિના સંક્ષેપથી કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી થોડા મનુષ્યો છે, નૈરયિકો તેનાથી અસંખ્યાતગણા, દેવો તેનાથી અસંખ્યાતગણા, સિદ્ધો તેનાથી અનંત–ગણા, તેનાથી તિર્યંચો અનંતગણા છે.

ભગવન્ ! આ નૈરયિક, તિર્યંચયોનિક, તિર્યંચયોનિક સ્ત્રી, મનુષ્ય, માનુષી, દેવો, દેવી, સિદ્ધો એ આઠ ગતિના સંક્ષેપથી કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય, વિશેષાધિક છે ?

ગૌતમ! સૌથી થોડી માનુષી સ્ત્રીઓ છે, મનુષ્યો તેનાથી અસંખ્યાતગણા છે, નૈરયિકો તેનાથી અસંખ્યાત ગણા, તિર્યંચયોનિકીઓ તેનાથી અસંખ્યાતગણી, દેવો તેનાથી અસંખ્યાતગણા, દેવીઓ તેનાથી સંખ્યાતગણી, સિદ્ધો તેનાથી અનંતગણા, તિર્યંચિણી તેનાથી અનંતગુણી છે.

## પદ-૩, દ્વાર-૩ 'ઇન્દ્રિયદ્વાર'

### સૂત્ર–૨૬૨

ભગવન્ ! આ ઇન્દ્રિયવાળા, એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, પંચેન્દ્રિય, અનિન્દ્રિય જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી થોડાં પંચેન્દ્રિયો છે, ચઉરિન્દ્રિય વિશેષાધિક, તેઇન્દ્રિયો વિશેષાધિક, બેઇન્દ્રિયો વિશેષાધિક, અનિન્દ્રિયો અનંતગણા, એકેન્દ્રિયો અનંતગણા, સઇન્દ્રિય વિશેષ છે.

આ અપર્યાપ્તા સેન્દ્રિય, એક–બે–ત્રણ–ચાર–પાંચ ઇન્દ્રિયમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી થોડાં પંચેન્દ્રિય અપર્યાપ્તા છે, ચઉરિન્દ્રિય અપર્યાપ્તા વિશેષાધિક, તેઇન્દ્રિય અપર્યાપ્તા વિશેષાધિક, બેઇન્દ્રિય અપર્યાપ્તા વિશેષાધિક, એકેન્દ્રિય અપર્યાપ્તા અનંતગણા, સેન્દ્રિય અપર્યાપ્તા વિશેષાધિક છે.

ભગવન્ ! આ પર્યાપ્તા સેન્દ્રિય, એક–બે–ત્રણ–ચાર–પાંચ ઇન્દ્રિયવાળામાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય, વિશેષાધિક છે ? ગૌતમ! સૌથી થોડાં પર્યાપ્તા ચઉરિન્દ્રિય, પર્યાપ્તા પંચેન્દ્રિય વિશેષાધિક, બેઇન્દ્રિય પર્યાપ્તા વિશેષાધિક, તેઇન્દ્રિય પર્યાપ્તા વિશેષાધિક, એકેન્દ્રિય પર્યાપ્તા અનંતગણા, સેન્દ્રિય–પર્યાપ્તા તેથી વિશેષાધિક છે.

ભગવન્ ! આ પર્યાપ્તા–અપર્યાપ્તા સેન્દ્રિયોમાં કોણ કોનાથી અલ્પ આદિ છે ? ગૌતમ ! સૌથી થોડાં અપર્યાપ્તા સેન્દ્રિય છે, પર્યાપ્તા સેન્દ્રિયો તેથી સંખ્યાતગણા છે.

ભગવન્ ! આ પર્યાપ્તા–અપર્યાપ્તા એકેન્દ્રિયોમાં કોણ કોનાથી અલ્પ–બહુ–તુલ્ય–વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી થોડાં અપર્યાપ્તા એકેન્દ્રિયો, પર્યાપ્તા એકેન્દ્રિયો સંખ્યાતગણા છે.

ભગવન્ ! આ પર્યાપ્તા–અપર્યાપ્તા બેઇન્દ્રિયોમાં કોણ કોનાથી અલ્પ–બહુ–તુલ્ય–વિશેષાધિક છે ? ગૌતમ !

સૌથી થોડાં પર્યાપ્તા બેઇન્દ્રિયો, અપર્યાપ્તા બેઇન્દ્રિયો અસંખ્યાતગણા.

ભગવન્ ! પર્યાપ્તા–અપર્યાપ્તા તેઇન્દ્રિયોમાં કોણ કોનાથી અલ્પ–બહુ–તુલ્ય–વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી થોડા પર્યાપ્તા તેઇન્દ્રિયો, અપર્યાપ્તા તેઇન્દ્રિયો તેનાથી અસંખ્યાતગણા છે.

ભગવન્ ! પર્યાપ્તા–અપર્યાપ્તા ચઉરિન્દ્રિયોમાં કોણ કોનાથી અલ્પ–બહુ–તુલ્ય–વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી થોડાં પર્યાપ્તા ચઉરિન્દ્રિયો, અપર્યાપ્તા ચઉરિન્દ્રિયો તેનાથી અસંખ્યાતગણા છે.

ભગવન્ ! પર્યાપ્તા–અપર્યાપ્તા પંચેન્દ્રિયોમાં કોણ કોનાથી અલ્પ–બહુ–તુલ્ય કે વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી થોડાં પર્યાપ્તા પંચેન્દ્રિયો, અપર્યાપ્તા પંચેન્દ્રિયો અસંખ્યાતગણા છે.

ભગવન્ ! પર્યાપ્તા–અપર્યાપ્તા સેન્દ્રિય, એક–બે–ત્રણ–ચાર–પાંચ ઇન્દ્રિયોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય, વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી થોડાં પર્યાપ્તા ચઉરિન્દ્રિય, પર્યાપ્તા પંચેન્દ્રિય વિશેષાધિક, પર્યાપ્તા બેઇન્દ્રિય વિશેષાધિક પર્યાપ્તા તેઇન્દ્રિય વિશેષ, અપર્યાપ્તા પંચેન્દ્રિય અસંખ્યાતગણા, અપર્યાપ્તા ચઉરિન્દ્રિય વિશેષાધિક, અપર્યાપ્તા તેઇન્દ્રિય વિશેષાધિક, અપર્યાપ્તા બેઇન્દ્રિય વિશેષાધિક, અપર્યાપ્તા એકેન્દ્રિય અનંતગણા, અપર્યાપ્તા સેન્દ્રિય વિશેષાધિક, પર્યાપ્તા એકેન્દ્રિય સંખ્યાતગણા, પર્યાપ્તા સેન્દ્રિય વિશેષાધિક, તેથી સેન્દ્રિયો વિશેષાધિક છે.

## પદ-૩, દ્વાર-૪ 'કાયદ્વાર'

### સૂત્ર–૨૬૩

ભગવન્ ! આ સકાયિક, પૃથ્વીકાયિક, અપ્કાયિક, તેઉકાયિક, વાયુકાયિક, વનસ્પતિકાયિક, ત્રસકાયિક, અકાયિકોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? ગૌતમ! સૌથી થોડાં ત્રસકાયિક, તેનાથી તેઉકાયિક અસંખ્યાતગણા, પૃથ્વીકાયિક તેનાથી વિશેષાધિક, અપ્કાયિક તેનાથી વિશેષાધિક, વાયુકાયિક તેનાથી વિશેષાધિક, અકાયિક તેનાથી અનંતગણા, વનસ્પતિકાયિક તેનાથી અનંતગણા, સકાયિક તેનાથી વિશેષાધિક છે.

ભગવન્ ! આ સકાયિક, પૃથ્વી–અપ્–તેઉ–વાયુ–વનસ્પતિ–ત્રસકાયિક, અપર્યાપ્તામાં કોણ કોનાથી અલ્પ આદિ છે ? ગૌતમ ! સૌથી થોડાં અપર્યાપ્તા ત્રસકાયિક, અપર્યાપ્તા તેઉકાયિક અસંખ્યાતગણા, અપર્યાપ્તા પૃથ્વીકાયિક વિશેષાધિક, અપર્યાપ્તા અપ્કાયિક વિશેષાધિક, અપર્યાપ્તા વાયુકાયિક વિશેષાધિક, અપર્યાપ્તા વનસ્પતિકાયિક અનંતગણા, સકાયિક અપર્યાપ્તા વિશેષાધિક છે.

ભગવન્ ! સકાયિક, પૃથ્વી યાવત્ ત્રસકાયિક પર્યાપ્તામાં કોણ કોનાથી અલ્પાદિ છે ? ગૌતમ ! સૌથી થોડાં પર્યાપ્તા ત્રસકાયિક, પર્યાપ્તા તેઉકાયિક અસંખ્યાતગણા, પર્યાપ્તા પૃથ્વીકાયિક વિશેષાધિક, પર્યાપ્તા અપ્કાયિક વિશેષાધિક, પર્યાપ્તા વાયુકાયિક વિશેષાધિક, પર્યાપ્તા વનસ્પતિકાયિક અનંતગણા, સકાયિક તેનાથી વિશેષાધિક છે.

ભગવન્ ! પર્યાપ્તા–અપર્યાપ્તા સકાયિકમાં કોણ કોનાથી અલ્પાદિ છે? સૌથી થોડાં અપર્યાપ્તા સકાયિક, પર્યાપ્તા સકાયિક તેનાથી સંખ્યાતગણા છે.

ભગવન્ ! પર્યાપ્તા–અપર્યાપ્તા પૃથ્વીકાયિકમાં કોણ કોનાથી અલ્પાદિ છે ? ગૌતમ ! સૌથી થોડાં અપર્યાપ્તા પૃથ્વીકાયિકો છે. તેથી પર્યાપ્તા પૃથ્વીકાયિકો તેનાથી સંખ્યાતગણા છે. આ પ્રમાણે જ અપ્કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાયના આલાવા કહેવા.

ભગવન્ ! આ પર્યાપ્તા–અપર્યાપ્તા ત્રસકાયિકોમાં કોણ–કોનાથી અલ્પ, બહુ, તુલ્ય, વિશેષાધિક છે ? પર્યાપ્તા ત્રસકાયિકો સૌથી થોડાં છે, તેનાથી અપર્યાપ્તા અસંખ્યાતગણા છે.

ભગવન્ ! પર્યાપ્તા–અપર્યાપ્તા સકાયિક એવા પૃથ્વી–અપ્–તેઉ–વાયુ–વનસ્પતિકાયિક અને ત્રસકાયિકોમાં કોણ કોનાથી અલ્પ આદિ છે ? ગૌતમ ! સૌથી થોડાં પર્યાપ્તા ત્રસકાયિક છે. અપર્યાપ્તા ત્રસકાયિકો સંખ્યાતગણા છે. અપર્યાપ્તા તેઉકાયિક અસંખ્યાતગણા, અપર્યાપ્તા પૃથ્વીકાયિક વિશેષાધિક, અપર્યાપ્તા અપ્કાયિકો વિશેષાધિક,

અપર્યાપ્તા વાયુકાયિકો વિશેષાધિક, પર્યાપ્તા તેઉકાયિકો સંખ્યાતગણા, પર્યાપ્તા પૃથ્વીકાયિકો વિશેષાધિક, પર્યાપ્તા અપ્કાયિકો વિશેષાધિક, પર્યાપ્તા વાયુકાયિકો વિશેષાધિક, અપર્યાપ્તા વનસ્પતિકાયિક અનંતગણા, અપર્યાપ્તા સકાયિકો વિશેષાધિક, પર્યાપ્તા વનસ્પતિકાયિક સંખ્યાતગણા, સકાયિક પર્યાપ્તા વિશેષાધિક, સકાયિક વિશેષાધિક.

સૂત્ર–૨૬૪

ભગવન્ ! સૂક્ષ્મો, સૂક્ષ્મપૃથ્વીકાયિકો, સૂક્ષ્મ અપ્કાયિકો, સૂક્ષ્મ તેઉકાયિકો, સૂક્ષ્મ વાયુકાયિકો, સૂક્ષ્મ વનસ્પતિકાયિકો, સૂક્ષ્મ નિગોદોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી થોડાં સૂક્ષ્મ તેઉકાયિકો છે, સૂક્ષ્મ પૃથ્વીકાયિક–અપ્કાયિક–વાયુકાયિક ક્રમશઃ વિશેષાધિક છે. સૂક્ષ્મ નિગોદો અસંખ્યાતગણા, સૂક્ષ્મ વનસ્પતિકાયિકો તેનાથી અનંતગણા છે, તેનાથી સૂક્ષ્મો વિશેષાધિક છે.

ભગવન્ ! આ અપર્યાપ્તા એવા સૂક્ષ્મો સૂક્ષ્મ પૃથ્વીકાયિક–અપ્કાયિક–તેઉકાયિક–વાયુકાયિક–વનસ્પતિકાયિકો, સૂક્ષ્મ નિગોદોમાં કોણ કોનાથી અલ્પ બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી થોડાં અપર્યાપ્તા સૂક્ષ્મ તેઉકાયિકો છે, અપર્યાપ્તા સૂક્ષ્મ પૃથ્વીકાયિક–અપ્કાયિક–વાયુકાયિક ક્રમશઃ તેનાથી વિશેષાધિક છે, તેથી અપર્યાપ્તા સૂક્ષ્મ નિગોદો અસંખ્યાતગણા છે, તેથી અપર્યાપ્તા સૂક્ષ્મ વનસ્પતિકાયિકો અનંતગણા છે, તેથી અપર્યાપ્તા સૂક્ષ્મો વિશેષાધિક છે.

ભગવન્ ! પર્યાપ્તા એવા સૂક્ષ્મ, સૂક્ષ્મ પૃથ્વીકાયિક–અપ્કાયિક–તેઉકાયિક–વાયુકાયિક–વનસ્પતિકાયિક અને સૂક્ષ્મ નિગોદોમાં કોણ કોનાથી અલ્પ બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી થોડાં પર્યાપ્તા તેઉકાયિકો છે. પર્યાપ્તા સૂક્ષ્મ પૃથ્વીકાયિક–અપ્કાયિક–વાયુકાયિક અનુક્રમે વિશેષાધિક છે. પર્યાપ્તા સૂક્ષ્મ નિગોદો તેનાથી અસંખ્યાતગણા છે, પર્યાપ્તા સૂક્ષ્મ વનસ્પતિકાયિકો અનંતગણા છે. પર્યાપ્તા સૂક્ષ્મો વિશેષાધિક છે.

ભગવન્ ! પર્યાપ્તા–અપર્યાપ્તા સૂક્ષ્મોમાં કોણ કોનાથી અલ્પ બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? સૌથી થોડાં સૂક્ષ્મ અપર્યાપ્તા, પર્યાપ્તા સંખ્યાતગણા. એ પ્રમાણે સૂક્ષ્મ પૃથ્વીકાયિક યાવત્ સૂક્ષ્મનિગોદો પણ જાણવા.

ભગવન્ ! પર્યાપ્તા–અપર્યાપ્તા સૂક્ષ્મો, સૂક્ષ્મ પૃથ્વીકાયિક યાવત્ વનસ્પતિકાયિક, સૂક્ષ્મ નિગોદોમાં કોણ કોનાથી અલ્પ બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી થોડાં અપર્યાપ્ત સૂક્ષ્મ તેઉકાયિકો છે. અપર્યાપ્તા સૂક્ષ્મ પૃથ્વીકાયિક–અપ્કાયિક–વાયુકાયિક અનુક્રમે વિશેષાધિક છે. પર્યાપ્ત સૂક્ષ્મ તેઉકાયિકો વિશેષાધિક છે, પર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયિક–અપ્કાયિક વિશેષાધિક છે. અપર્યાપ્તા સૂક્ષ્મ નિગોદો અસંખ્યાતગણા છે. પર્યાપ્ત સૂક્ષ્મ નિગોદો સંખ્યાતગણા, અપર્યાપ્તા સૂક્ષ્મ વનસ્પતિકાયિક અનંતગણા, અપર્યાપ્તા સૂક્ષ્મો વિશેષાધિક, પર્યાપ્તા સૂક્ષ્મ વનસ્પતિ–કાયિક સંખ્યાતગણા, પર્યાપ્તા સૂક્ષ્મ વિશેષાધિક છે અને તેથી સૂક્ષ્મો વિશેષાધિક છે.

સૂત્ર–૨૬૫

ભગવન્ ! આ બાદરો, બાદર પૃથ્વીકાયિક, બાદર અપ્કાયિક, બાદર તેઉકાયિક, બાદર વાયુકાયિક, બાદર વનસ્પતિકાયિક, પ્રત્યેક શરીર બાદર વનસ્પતિકાયિક, બાદર નિગોદ, બાદર ત્રસકાયિકોમાં કોણ કોનાથી અલ્પ બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી થોડાં બાદર ત્રસકાયિક, બાદર તેઉકાયિક અસંખ્યાતગણા, પ્રત્યેક શરીર બાદર વનસ્પતિકાયિક અસંખ્યાતગણા, બાદર નિગોદ અસંખ્યાતગણા, બાદર પૃથ્વીકાયિક અસંખ્યાતગણા, બાદર અપ્કાયિક અસંખ્યાતગણા, બાદર વાયુકાયિક અસંખ્યાતગણા,, બાદર વનસ્પતિકાયિક અનંતગણા, બાદર વિશેષાધિક છે.

ભગવન્ ! આ બાદર અપર્યાપ્તા એવા પૃથ્વીકાયિક થી વનસ્પતિકાયિક, પ્રત્યેક શરીર બાદર વનસ્પતિકાયિક, બાદર નિગોદ, બાદર ત્રસ એ બધા અપર્યાપ્તામાં કોણ કોનાથી અલ્પ બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી થોડાં બાદર ત્રસકાયિક અપર્યાપ્તા છે, બાદર તેઉકાયિક અપર્યાપ્તા અસંખ્યાતગણા, પ્રત્યેક શરીર બાદર વનસ્પતિ–

કાયિક અપર્યાપ્તા અસંખ્યાતગણા, બાદર નિગોદ અપર્યાપ્તા અસંખ્યાતગણા, બાદર પૃથ્વી–અપ્–વાયુ–અપર્યાપ્તા અનુક્રમે અસંખ્યાતગણા, બાદર વનસ્પતિકાય અપર્યાપ્તા અનંતગણાં, બાદર અપર્યાપ્તા વિશેષાધિક.

ભગવન્ ! બાદર પર્યાપ્તા એવા બાદર, બાદર પૃથ્વીકાયિક–અપ્કાયિક–તેઉકાયિક–વાયુકાયિક, પ્રત્યેક શરીર બાદર વનસ્પતિકાયિક, બાદર નિગોદ, બાદર ત્રસકાયિક એ બધા પર્યાપ્તામાં કોણ કોનાથી અલ્પાદિ છે ? ગૌતમ ! સૌથી થોડાં બાદર તેઉકાયિક પર્યાપ્તા છે, બાદર ત્રસકાયિક પર્યાપ્તા અસંખ્યાતગણા, પ્રત્યેક શરીર બાદર વનસ્પતિ કાયિક પર્યાપ્તા અસંખ્યાતગણા, બાદર નિગોદ પર્યાપ્તા અસંખ્યાતગણા, બાદર પૃથ્વીકાયિક–અપ્કાયિક–વાયુકાયિક પર્યાપ્તા અનુક્રમે અસંખ્યાતગણા, બાદર વનસ્પતિકાયિક પર્યાપ્તા અનંતગણા, બાદર પર્યાપ્તા વિશેષાધિક છે.

ભગવન્ ! બાદર પર્યાપ્તા–અપર્યાપ્તામાં કોણ કોનાથી અલ્પાદિ છે ? સૌથી થોડાં બાદર પર્યાપ્તા, બાદર અપર્યાપ્તા તેનાથી અસંખ્યાતગણા.

ભગવન્ ! બાદર પર્યાપ્તા–અપર્યાપ્તા પૃથ્વીકાયિકોમાં કોણ કોનાથી અલ્પ બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી થોડાં પર્યાપ્તા બાદર પૃથ્વીકાયિક છે, અપર્યાપ્તા બાદર પૃથ્વીકાયિક અસંખ્યાતગણા છે. આવા જ આલાવા પર્યાપ્તા–અપર્યાપ્તા બાદર અપ્, તેઉ, વાયુ, વનસ્પતિકાયિકમાં તથા પ્રત્યેક શરીરી બાદર વનસ્પતિકાયિક, બાદર નિગોદ, બાદર ત્રસકાયિકોમાં જાણવા. બધે જ પર્યાપ્તાથી અસંખ્યાતગણા અપર્યાપ્તા છે.

ભગવન્ ! આ બાદર, બાદર એવા પૃથ્વીકાયિક યાવત્ વનસ્પતિકાયિક પ્રત્યેક શરીર બાદર વનકાયિક, બાદર નિગોદ, બાદર ત્રસકાયિક પર્યાપ્તા–અપર્યાપ્તામાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય, વિશેષ છે ? ગૌતમ ! સૌથી થોડાં બાદર તેઉકાયિક પર્યાપ્તા, બાદર ત્રસકાયિક પર્યાપ્તા અસંખ્યાતગણા, બાદર ત્રસકાયિક અપર્યાપ્તા અસંખ્યાતગણા, પ્રત્યેક શરીર બાદર વનકાયિક પર્યાપ્તા અસંખ્યાત, બાદર નિગોદ પર્યાપ્તા અસંખ્યાત, બાદર પૃથ્વીકાયિક અપ્કાયિક વાયુકાયિક પર્યાપ્તા અનુક્રમે અસંખ્યાતગણા, બાદર તેઉકાયિક અપર્યાપ્તા અસંખ્યાતગણા, પ્રત્યેક શરીર બાદર વનસ્પતિકાયિક અપર્યાપ્તા અસંખ્યાતગણા, બાદર નિગોદ–પૃથ્વીકાયિક–અપ્કાયિક–વાયુકાયિક, અપર્યાપ્તા અસંખ્યાતગણા, બાદર વનસ્પતિકાયિક પર્યાપ્તા અનંતગણા, બાદર વનસ્પતિકાયિક અપર્યાપ્તા અસંખ્યાતગણા, બાદર અપર્યાપ્તા વિશેષાધિક, બાદરા વિશેષાધિક.

સૂત્ર–૨૬૬

ભગવન્ ! આ સૂક્ષ્મો, સૂક્ષ્મ એવા પૃથ્વીકાયિક–અપ્કાયિક–તેઉકાયિક–વાયુકાયિક–વનસ્પતિકાયિક–નિગોદ, બાદર, બાદર પૃથ્વીકાયિક–અપ્કાયિક–તેઉકાયિક–વાયુકાયિક–વનસ્પતિકાયિક, પ્રત્યેક શરીરી બાદર વનસ્પતિકાયિક, બાદર નિગોદો, બાદર ત્રસકાયિકોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય, વિશેષ છે?

ગૌતમ ! સૌથી થોડાં બાદર ત્રસકાયિકો છે. બાદર તેઉકાયિક અસંખ્યાતગણા છે. પ્રત્યેક શરીર બાદર વનસ્પતિકાયિક અસંખ્યાતગણા, બાદર નિગોદો અસંખ્યાતગણા, સૂક્ષ્મ પૃથ્વીકાયિક–અપ્કાયિક–વાયુકાયિક ક્રમશઃ વિશેષાધિક, સૂક્ષ્મ નિગોદ અસંખ્યાતા, બાદર વનસ્પતિકાયિક અનંતગણા, બાદર વિશેષાધિક, સૂક્ષ્મ વનસ્પતિકાયિક અસંખ્યાતા, તેથી સૂક્ષ્મ જીવો વિશેષાધિક છે.

ભગવન્ ! અપર્યાપ્તા એવા સૂક્ષ્મ, સૂક્ષ્મ પૃથ્વીકાયિક યાવત્ વનસ્પતિકાયિક, સૂક્ષ્મ નિગોદ, બાદર, બાદર પૃથ્વીકાયિક યાવત્ વનસ્પતિકાયિકો, પ્રત્યેક શરીર બાદર વનસ્પતિકાયિક બાદર નિગોદ, બાદર ત્રસકાયિકોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષ છે ?

ગૌતમ! સૌથી થોડાં અપર્યાપ્તા બાદર ત્રસકાયિકો છે, અપર્યાપ્તા બાદર તેઉકાયિક અસંખ્યાતા, અપર્યાપ્તા પ્રત્યેક શરીર બાદર વનસ્પતિકાયિક અસંખ્યાતા, અપર્યાપ્તા બાદર નિગોદો અસંખ્યાતા, અપર્યાપ્તા બાદર પૃથ્વીકાયિક–અપ્કાયિક–વાયુકાયિક ક્રમશઃ અસંખ્યાતા, અપર્યાપ્તા સૂક્ષ્મ તેઉકાયિક અસંખ્યાતગણા, અપર્યાપ્તા

સૂક્ષ્મ પૃથ્વીકાયિક–અપ્કાયિક–વાયુકાયિક ક્રમશઃ વિશેષાધિક, અપર્યાપ્તા સૂક્ષ્મ નિગોદ અસંખ્યાતા, અપર્યાપ્તા બાદર વનસ્પતિકાયિક અનંતગણા, અપર્યાપ્તા બાદર વિશેષાધિક, અપર્યાપ્તા સૂક્ષ્મ વનસ્પતિકાયિક અસંખ્યાતા, અપર્યાપ્તા સૂક્ષ્મો વિશેષ છે.

ભગવન્ ! પર્યાપ્તા–સૂક્ષ્મો, સૂક્ષ્મ પૃથ્વીકાયિક યાવત્ વનસ્પતિકાયિક, સૂક્ષ્મ નિગોદ પર્યાપ્તા–બાદર, બાદર પૃથ્વીકાયિક યાવત્ વનસ્પતિકાયિક, પ્રત્યેક શરીર બાદર વનસ્પતિકાયિક, બાદર નિગોદ, બાદર ત્રસકાયિક, એ બધાં પર્યાપ્તામાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય, વિશેષ છે ?

ગૌતમ ! સૌથી થોડાં પર્યાપ્તા બાદર તેઉકાયિકો છે, પર્યાપ્તા બાદર ત્રસકાયિક અસંખ્યાતગણા, પર્યાપ્તા પ્રત્યેક શરીર બાદર વનસ્પતિકાયિક અસંખ્યાતગણા, પર્યાપ્તા બાદર નિગોદ અસંખ્યાતગણા, પર્યાપ્તા બાદર પૃથ્વીકાયિક–અપ્કાયિક–વાયુકાયિક ક્રમશઃ અસંખ્યાતગણા, પર્યાપ્તા સૂક્ષ્મ તેઉકાયિક અસંખ્યાતગણા, પર્યાપ્તા સૂક્ષ્મ પૃથ્વી–કાયિક અપ્કાયિક વાયુકાયિક અનુક્રમે વિશેષાધિક, સૂક્ષ્મ નિગોદ પર્યાપ્તા અસંખ્યાતગણા, પર્યાપ્તા બાદર વનસ્પતિકાયિક અનંતગણા, પર્યાપ્તા બાદર વિશેષાધિક, પર્યાપ્તા સૂક્ષ્મ વનસ્પતિકાયિક અસંખ્યાતગણા, પર્યાપ્તા સૂક્ષ્મ તેનાથી વિશેષાધિક છે.

ભગવન્ ! પર્યાપ્તા–અપર્યાપ્તા સૂક્ષ્મ અને બાદરમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? ગૌતમ સૌથી થોડાં બાદર પર્યાપ્તા છે, બાદર અપર્યાપ્તા તેનાથી અસંખ્યાતગણા. અપર્યાપ્તા સૂક્ષ્મ તેનાથી અસંખ્યાતગણા, પર્યાપ્તા સૂક્ષ્મ સંખ્યાતગણા.

ભગવન્ ! આ સૂક્ષ્મ પૃથ્વીકાયિક અને બાદર પૃથ્વીકાયિકમાં પર્યાપ્તા–અપર્યાપ્તામાં કોણ કોનાથી અલ્પ બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી થોડાં પર્યાપ્તા બાદર પૃથ્વીકાયિક છે, અપર્યાપ્તા બાદર પૃથ્વીકાયિક અસંખ્યાતા, અપર્યાપ્તા સૂક્ષ્મ પૃથ્વીકાયિક અસંખ્યાતા, પર્યાપ્તા સૂક્ષ્મ પૃથ્વીકાયિક સંખ્યાતા. એ પ્રમાણે પર્યાપ્તા–અપર્યાપ્તા સૂક્ષ્મ અને બાદર અપ્કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય, નિગોદ સંબંધી સૂત્રો જાણવા. આ બધામાં બાદર પર્યાપ્તાથી બાદર અપર્યાપ્તા અસંખ્યાતગણા, તેથી સૂક્ષ્મ અપર્યાપ્તા અસંખ્યાતગણા, સૂક્ષ્મ પર્યાપ્તા સંખ્યાતા છે.

ભગવન્! આ સૂક્ષ્મ, સૂક્ષ્મ પૃથ્વીકાયિક યાવત્ વનસ્પતિકાયિક, સૂક્ષ્મ નિગોદ, બાદર, પૃથ્વીકાયિક યાવત્ વનસ્પતિકાય, પ્રત્યેક શરીર બાદર વનસ્પતિકાય, બાદર નિગોદ, બાદર ત્રસકાયિક પર્યાપ્તા–અપર્યાપ્તામાં કોણ કોનાથી અલ્પ આદિ છે ?

ગૌતમ! સૌથી થોડાં પર્યાપ્તા બાદર તેઉકાયિકો છે. પર્યાપ્તા બાદર ત્રસકાયિક તેનાથી અસંખ્યાતગણા, અપર્યાપ્તા બાદર ત્રસકાયિક તેનાથી અસંખ્યાતગણા, પર્યાપ્તા પ્રત્યેક શરીર બાદર વનસ્પતિકાયિક તેનાથી અસંખ્યાતા, પર્યાપ્તા બાદર નિગોદ તેનાથી અસંખ્યાતા, તેનાથી પર્યાપ્તા બાદર પૃથ્વીકાયિક અપ્કાયિક વાયુકાયિક અનુક્રમે અસંખ્યાતગણા, અપર્યાપ્તા બાદર તેઉકાયિક તેનાથી અસંખ્યાતગણા, તેનાથી અપર્યાપ્તા પ્રત્યેક શરીર બાદર વનસ્પતિકાયિક અસંખ્યાતગણા, તેનાથી અપર્યાપ્તા બાદર નિગોદ અસંખ્યાતગણા, તેનાથી અપર્યાપ્તા બાદર પૃથ્વીકાયિક અપ્કાયિક વાયુકાયિક અનુક્રમે અસંખ્યાતગણા, અપર્યાપ્તા સૂક્ષ્મ તેઉકાયિક અસંખ્યાતગણા, અપર્યાપ્તા સૂક્ષ્મ પૃથ્વીકાયિક અપ્કાયિક વાયુકાયિક અનુક્રમે વિશેષાધિક, તેનાથી પર્યાપ્તા સૂક્ષ્મ તેઉકાયિક અસંખ્યાતગણા, પર્યાપ્તા સૂક્ષ્મ પૃથ્વીકાયિક અપ્કાયિક વાયુકાયિક અનુક્રમે વિશેષાધિક, સૂક્ષ્મ નિગોદ અપર્યાપ્તા અસંખ્યાતગણા, સૂક્ષ્મ નિગોદ પર્યાપ્તા તેનાથી સંખ્યાતગણા, પર્યાપ્તા બાદર વનસ્પતિકાયિક અનંતગણા, પર્યાપ્તા બાદર વિશેષાધિક, અપર્યાપ્તા બાદર વનકાયિક તેનાથી અસંખ્યાતગણા, અપર્યાપ્તા બાદર વિશેષાધિક, બાદર વિશેષાધિક, અપર્યાપ્તા સૂક્ષ્મ વનકાયિક અસંખ્યાતગણા, અપર્યાપ્તા સૂક્ષ્મ વિશેષાધિક, પર્યાપ્તા સૂક્ષ્મ વનસ્પતિકાયિક તેનાથી સંખ્યાતગણા, સૂક્ષ્મ પર્યાપ્તા વિશેષ, સૂક્ષ્મ વિશેષ છે.

## પદ-૩, દ્વાર-૫ 'યોગદ્વાર'

સૂત્ર–૨૬૭

ભગવન્ ! આ સયોગી, મનોયોગી, વચનયોગી, કાયયોગી અને અયોગીમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય, વિશેષ છે ? ગૌતમ ! સૌથી થોડા જીવો મનોયોગી છે, વચનયોગી અસંખ્યાતગણા, અયોગી અનંતગણા, કાયયોગી અનંતગણા, સયોગી તેનાથી વિશેષાધિક છે.

## પદ-૩, દ્વાર-૬ 'વેદદ્વાર'

સૂત્ર–૨૬૮

ભગવન્! જીવો સવેદી, સ્ત્રીવેદી, પુરુષવેદી, નપુંસક વેદી, અવેદીમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય, વિશેષ છે ? ગૌતમ ! સૌથી થોડાં જીવો પુરુષવેદી છે, સ્ત્રીવેદી સંખ્યાતગણા, અવેદી અનંતગણા, નપુંસકવેદી અનંતગણા, સવેદી વિશેષાધિક છે.

## પદ-૩, દ્વાર-૭ 'કષાય'

સૂત્ર–૨૬૯

ભગવન્ ! આ સકષાયી, ક્રોધ કષાયી –માન કષાયી –માયા કષાયી –લોભ કષાયી, અકષાયીમાં કોણ–કોનાથી અલ્પ, બહુ, તુલ્ય, વિશેષ છે ? ગૌતમ ! સૌથી થોડા જીવો અકષાયી છે, માનકષાયી અનંતગણા, ક્રોધ કષાયી –માયા કષાયી –લોભ કષાયી અનુક્રમે વિશેષાધિક, સકષાયી તેનાથી વિશેષાધિક છે.

## પદ-૩, દ્વાર-૮ 'લેશ્યા'

સૂત્ર–૨૭૦

ભગવન્ ! આ સલેશ્યી, કૃષ્ણલેશ્યી–નીલલેશ્યી–કાપોતલેશ્યી–તેઉલેશ્યી–પદ્મલેશ્યી–શુક્લલેશ્યી, અલેશ્યીમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય, વિશેષ છે ? ગૌતમ ! સૌથી થોડાં જીવો શુક્લલેશ્યી છે, પદ્મલેશ્યી સંખ્યાતગણા, તેજોલેશ્યી સંખ્યાતગણા, અલેશ્યી અનંતગણા, કાપોત લેશ્યી અનંતગણા, નીલ–કૃષ્ણ–સલેશ્યી અનુક્રમે વિશેષાધિક છે.

## પદ-૩, દ્વાર-૯ 'સમ્યક્‌ત્વ'

સૂત્ર–૨૭૧

ભગવન્ ! આ સમ્યક્‌દૃષ્ટિ–મિથ્યાદૃષ્ટિ–મિશ્રદૃષ્ટિમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય, વિશેષ છે ? ગૌતમ ! સૌથી થોડાં સમ્યક્ મિથ્યાદૃષ્ટિ છે, સમ્યક્‌દૃષ્ટિ અનંતગણા, મિથ્યાદૃષ્ટિ તેનાથી અનંતગણા છે.

## પદ-૩, દ્વાર-૧૦ 'જ્ઞાન'

સૂત્ર–૨૭૨

ભગવન્ ! આ આભિનિબોધિકજ્ઞાની–શ્રુતજ્ઞાની–અવધિજ્ઞાની–મનઃપર્યવજ્ઞાની–કેવળજ્ઞાનીઓમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય, વિશેષ છે ? ગૌતમ ! સૌથી થોડાં જીવો મનઃપર્યવજ્ઞાની, અવધિજ્ઞાની અસંખ્યાતગણા, આભિનિબોધિકજ્ઞાની અને શ્રુતજ્ઞાની બંને તુલ્ય અને વિશેષાધિક છે, કેવલજ્ઞાની અનંતગણા છે

ભગવન્ ! આ મતિઅજ્ઞાની, શ્રુતઅજ્ઞાની, વિભંગજ્ઞાનીમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય, વિશેષ છે ? ગૌતમ! સૌથી થોડાં જીવો વિભંગજ્ઞાની, મતિ–શ્રુત અજ્ઞાની બંને તુલ્ય અને અનંતગણા.

ભગવન્ ! આ આભિનિબોધિકજ્ઞાની યાવત્ કેવળજ્ઞાની અને મતિઅજ્ઞાનીથી વિભંગજ્ઞાનીમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય, વિશેષ છે ? સૌથી થોડાં જીવો મનઃપર્યવજ્ઞાની, અવધિ**જ્ઞાની** અસંખ્યાતગણા, આભિનિબોધિક

જ્ઞાની અને શ્રુતજ્ઞાની બંને તુલ્ય અને વિશેષાધિક, વિભંગજ્ઞાની અસંખ્યાતગણા, કેવલજ્ઞાની અનંતગણા, મતિઅજ્ઞાની–શ્રુતઅજ્ઞાની બંને તુલ્ય અને અનંતગણા છે.

## પદ-૩, દ્વાર-૧૧ ‘દર્શન’

**સૂત્ર–૨૭૩**

ભગવન્ ! આ ચક્ષુ–અચક્ષુ–અવધિ–કેવલદર્શનીમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય, વિશેષ છે ? સૌથી થોડાં અવધિદર્શની છે, ચક્ષુદર્શની અસંખ્યાતગણા, કેવલદર્શની અનંતગણા, અચક્ષુદર્શની અનંતગણા છે.

## પદ-૩, દ્વાર-૧૨ ‘સંયત’

**સૂત્ર–૨૭૪**

ભગવન્ ! આ સંયત, અસંયત, સંયતાસંયત અને નોસંયતનોઅસંયત–નોસંયતાસંયતમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય, વિશેષ છે ? ગૌતમ ! સૌથી થોડાં જીવો સંયત, સંયતાસંયત અસંખ્યાતગણા, નોસંયતનોઅસંયત–નોસંયતાસંયત અનંતગણા, અસંયત અનંતગણા છે.

## પદ-૩, દ્વાર-૧૩ ‘ઉપયોગ’

**સૂત્ર–૨૭૫**

ભગવન્ ! આ સાકારોપયુક્ત, અનાકારોપયુક્તોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય, વિશેષ છે ? ગૌતમ ! સૌથી થોડાં જીવો અનાકારોપયુક્ત છે, સાકારોપયુક્ત જીવો સંખ્યાતગણા છે.

## પદ-૩, દ્વાર-૧૪ ‘આહાર’

**સૂત્ર–૨૭૬**

ભગવન્ ! આ આહારક–અનાહારકમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય, વિશેષ છે ? સૌથી થોડાં જીવો અનાહારક છે, આહારકો અસંખ્યાતગણા છે.

## પદ-૩, દ્વાર-૧૫ થી ૨૦

**સૂત્ર–૨૭૭ થી ૨૮૨ છ દ્વારો અનુક્રમે.**

**૨૭૭**, દ્વાર–૧૫. ભગવન્ ! ભાષક અને અભાષક જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય, વિશેષ છે ? ભાષક સૌથી થોડાં, અભાષકો અનંતગણા છે.

**૨૭૮**, દ્વાર–૧૬. ભગવન્ ! આ પરીત્ત, અપરીત્ત, નોપરીત્ત–નોઅપરીત્ત જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય, વિશેષ છે ? સૌથી થોડાં પરીત્ત, નોપરીત્ત–નોઅપરીત્ત અનંતગણા, અપરીત્ત અનંતગણા છે.

**૨૭૯**, દ્વાર–૧૭. ભગવન્ ! પર્યાપ્તા, અપર્યાપ્તા અને નોપર્યાપ્તા–નોઅપર્યાપ્તામાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય, વિશેષ છે ? સૌથી થોડાં નોપર્યાપ્તા–નોઅપર્યાપ્તા છે, અપર્યાપ્તા અનંતગણા, પર્યાપ્તા સંખ્યાતગણા.

**૨૮૦**, દ્વાર–૧૮. ભગવન્ ! સૂક્ષ્મ, બાદર, નોસૂક્ષ્મ–નોબાદર જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય, વિશેષ છે ? સૌથી થોડાં નોસૂક્ષ્મ–નોબાદર જીવો છે, બાદરો અનંતગણા છે, સૂક્ષ્મો અસંખ્યાતગણા છે.

**૨૮૧**, દ્વાર–૧૯. ભગવન્ ! આ સંજ્ઞી, અસંજ્ઞી અને નોસંજ્ઞી–નોઅસંજ્ઞી જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય, વિશેષ છે ? ગૌતમ ! સૌથી થોડાં જીવો સંજ્ઞી છે, નોસંજ્ઞી–નોઅસંજ્ઞી અનંતગણા, અસંજ્ઞી અનંતગણા.

**૨૮૨**, દ્વાર–૨૦. ભગવન્ ! આ ભવસિદ્ધિક, અભવસિદ્ધિક, નોભવસિદ્ધિક–અભવસિદ્ધિક જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય, વિશેષ છે ? ગૌતમ ! સૌથી થોડાં જીવો અભવસિદ્ધિક, નોભવસિદ્ધિક–નોઅભવસિદ્ધિકો અનંતગણા, ભવસિદ્ધિકો અનંતગણા છે.

## પદ-૩, દ્વાર-૨૧ 'અસ્તિકાય'

**સૂત્ર–૨૮૩**

ભગવન્ ! ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, જીવાસ્તિકાય, પુદ્‌ગલાસ્તિકાય અને અદ્ધા–સમયોમાં દ્રવ્યાર્થરૂપે કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? ગૌતમ ! ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય ત્રણે અસ્તિકાય દ્રવ્યાર્થતાથી તુલ્ય અને સૌથી થોડાં છે. તેથી જીવાસ્તિકાય દ્રવ્યાર્થતાથી અનંતગણા છે, તેથી પુદ્‌ગલાસ્તિકાય દ્રવ્યાર્થરૂપે અનંતગુણ, અદ્ધાસમય દ્રવ્યાર્થરૂપે અનંતગણા છે.

ભગવન્ ! ધર્માસ્તિકાય યાવત્ અદ્ધાસમયોમાં પ્રદેશાર્થરૂપે કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? ગૌતમ ! ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય બંને પ્રદેશાર્થરૂપે તુલ્ય અને સૌથી થોડાં છે, જીવાસ્તિકાય–પુદ્‌ગલાસ્તિકાય, અદ્ધાસમયો, આકાશાસ્તિકાય અનુક્રમે પ્રદેશાર્થરૂપે અનંતગણા છે.

ભગવન્! ધર્માસ્તિકાયમાં દ્રવ્યાર્થ–પ્રદેશાર્થપણે કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? સૌથી થોડાં ધર્માસ્તિકાય દ્રવ્યરૂપે એક છે , પ્રદેશરૂપે તેનાથી અસંખ્યાતા છે.

અધર્માસ્તિકાય સંબંધે આ રીતે જ પ્રશ્ન અને ઉત્તર કહેવા.

ભગવન્ ! આકાશાસ્તિકાયમાં દ્રવ્યરૂપે – પ્રદેશરૂપે કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? ગૌતમ ! દ્રવ્યરૂપે આકાશાસ્તિકાય એક અને સૌથી થોડાં છે, પ્રદેશરૂપે અનંતગણા છે.

જીવાસ્તિકાય અને પુદ્‌ગલાસ્તિકાયનો આલાવો ધર્માસ્તિકાયવત્ કહેવો. અદ્ધાસમયને પ્રદેશો નથી, તેથી પ્રશ્ન જ નથી.

ભગવન્ ! ધર્માસ્તિકાય યાવત્ અદ્ધાસમયમાં દ્રવ્યાર્થ અને પ્રદેશાર્થપણે કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? ગૌતમ ! ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય ત્રણે દ્રવ્યાર્થપણે તુલ્ય અને સૌથી થોડાં છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય,બંને તુલ્ય અને પ્રદેશાર્થતાથી અસંખ્યાતગણા છે. જીવાસ્તિકાય દ્રવ્યાર્થપણે અનંતગણા અને પ્રદેશરૂપે અસંખ્યાતગણા છે. તેનાથી પુદ્‌ગલાસ્તિકાય દ્રવ્ય રૂપે અનંતગણા છે, પ્રદેશરૂપે અસંખ્યાતગણા છે. અદ્ધાસમય દ્રવ્યાર્થ–પ્રદેશાર્થતાથી અનંતગણા છે. આકાશાસ્તિકાય પ્રદેશ રૂપે અનંતગણા છે.

## પદ-૩, દ્વાર-૨૨ / ૨૩

**સૂત્ર–૨૮૪, ૨૮૫ બંને દ્વાર.**

**૨૮૪, દ્વાર–૨૨.** ભગવન્ ! આ ચરમ અને અચરમ જીવોમાં કોણ–કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી થોડાં જીવો અચરમ છે, ચરમ જીવો તેથી અનંતગણા છે.

**૨૮૫, દ્વાર–૨૩.** ભગવન્ ! જીવો, પુદ્‌ગલો, અદ્ધાસમયો, સર્વ દ્રવ્યો, સર્વ પ્રદેશો, સર્વ પર્યાયોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી થોડાં જીવો, પુદ્‌ગલો અનંતગણા, અદ્ધાસમયો અનંતગણા, સર્વ દ્રવ્યો વિશેષાધિક, સર્વ પ્રદેશો અનંતગણા તેનાથી સર્વ પર્યાયો અનંતગણા છે.

## પદ-૩, દ્વાર-૨૪ 'ક્ષેત્રદ્વાર'

**સૂત્ર–૨૮૬**

ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડાં જીવો ઉર્ધ્વલોક–તિર્છાલોકમાં છે, અધોલોક–તિર્છાલોકમાં વિશેષાધિક છે, તિર્છાલોકમાં અસંખ્યાતગણા, ત્રણે લોકમાં અસંખ્યાતગણા છે, ઉર્ધ્વલોકમાં અસંખ્યાતગણા, અધોલોકમાં વિશેષાધિક છે.

**સૂત્ર–૨૮૭**

ક્ષેત્રને આશ્રીને સૌથી થોડાં નૈરયિકો ત્રણ લોકમાં છે, અધોલોક–તીર્છાલોકમાં અસંખ્યાતગણા, અધોલોકમાં અસંખ્યાતગણા.

ક્ષેત્રને આશ્રીને સૌથી થોડાં તિર્યંચયોનિકો ઉર્ધ્વલોક–તિર્છાલોકમાં, અધોલોક તિર્છાલોકમાં વિશેષાધિક, તિર્છાલોકમાં અસંખ્યાતગણા, ત્રિલોકમાં અસંખ્યાતગણા, ઉર્ધ્વલોકમાં અસંખ્યાતગણા, અધોલોકમાં વિશેષાધિક છે.

ક્ષેત્રને આશ્રીને સૌથી થોડી તિર્યંચ સ્ત્રીઓ ઉર્ધ્વલોકમાં છે, ઉર્ધ્વલોક–તિર્છાલોકમાં તેનાથી અસંખ્યાતગણી, ત્રિલોકમાં તેનાથી સંખ્યાતગણી, અધોલોક–તિર્છાલોકમાં તેનાથી સંખ્યાતગણી, અધોલોકમાં તેનાથી સંખ્યાતગણી, તિર્છાલોકમાં તેનાથી સંખ્યાતગણી છે.

ક્ષેત્રને આશ્રીને સૌથી થોડાં મનુષ્યો ત્રિલોકમાં, ઉર્ધ્વલોક–તિર્છાલોકમાં અસંખ્યાતગણા, અધોલોક–તિર્છાલોકમાં સંખ્યાતગણા, ઉર્ધ્વલોકમાં સંખ્યાતગણા, અધોલોકમાં સંખ્યાતગણા, તિર્છાલોકમાં સંખ્યાતગણા છે.

ક્ષેત્રને આશ્રીને સૌથી થોડી મનુષ્યસ્ત્રી ત્રિલોકમાં, ઉર્ધ્વલોક–તિર્છાલોકમાં સંખ્યાતગણી, અધોલોક તિર્છાલોકમાં સંખ્યાતગણી, ઉર્ધ્વલોકમાં અધોલોક, તિર્છાલોકમાં અનુક્રમે સંખ્યાતગણી.

ક્ષેત્રને આશ્રીને સૌથી થોડા દેવો ઉર્ધ્વલોકમાં, ઉર્ધ્વલોક–તિર્છાલોકમાં અસંખ્યાતગણા, ત્રિલોકમાં સંખ્યાતગણા, અધોલોક–તિર્છાલોકમાં સંખ્યાતગણા, અધોલોકમાં સંખ્યાતગણા તિર્છાલોકમાં સંખ્યાતગણા

ક્ષેત્રને આશ્રીને દેવી સંબંધી આલાવો દેવ મુજબ જાણવો.

સૂત્ર–૨૮૮

ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડાં ભવનવાસી ઉર્ધ્વલોકમાં, ઉર્ધ્વ–તિર્છાલોકમાં તેનાથી અસંખ્યાતગણા, ત્રિલોકમાં તેનાથી સંખ્યાતગણા, અધોલોક–તિર્છાલોકમાં તેનાથી અસંખ્યાતગણા, તિર્છાલોકમાં અસંખ્યાતગણા, અધોલોકમાં તેનાથી અસંખ્યાતગણા છે.

ક્ષેત્રની અપેક્ષાએ ભવનવાસીની દેવીનું અલ્પબહુત્વ સૂત્રમાં કહેલ છે, તે ભવનવાસી દેવવત્ જાણવું.

ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડાં વ્યંતર દેવો ઉર્ધ્વલોકમાં છે. ઉર્ધ્વલોક–તિર્છાલોકમાં તેનાથી અસંખ્યાતગણા, ત્રિલોકમાં તેનાથી સંખ્યાતગણા, અધોલોક–તિર્છાલોકમાં તેનાથી અસંખ્યાતગણા, અધોલોકમાં તેનાથી સંખ્યાત–ગણા, તિર્છાલોકમાં તેનાથી સંખ્યાતગણા છે.

વ્યંતર દેવીનો આલાવો પણ વ્યંતર દેવની માફક જ જાણવો. જેમ કે સૌથી થોડી ઉર્ધ્વલોકમાં આદિ.

ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડાં જ્યોતિષ્ક દેવો ઉર્ધ્વલોકમાં, ઉર્ધ્વલોક–તિર્છાલોકમાં અસંખ્યાતગણા, ત્રિલોકમાં તેનાથી સંખ્યાતગણા, અધોલોક–તિર્છાલોકાં તેનાથી અસંખ્યાતગણા, અધોલોકમાં તેનાથી સંખ્યાતગણા, તિર્છાલોકમાં તેનાથી અસંખ્યાતગણા છે.

જ્યોતિષ્કદેવીનો આલાવો જ્યોતિષ્કદેવની માફક જ જાણવો.

ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડાં વૈમાનિક દેવો ઉર્ધ્વલોક–તિર્છાલોકમાં છે, ત્રિલોકમાં તેનાથી સંખ્યાતગણા, અધોલોક–તિર્છાલોકમાં તેનાથી સંખ્યાતગણા, અધોલોકમાં તેનાથી સંખ્યાતગણા, તિર્છાલોકમાં તેથી સંખ્યાતગણા, ઉર્ધ્વલોકમાં અસંખ્યાતગણા છે.

વૈમાનિક દેવી પણ આ રીતે જાણવી.

સૂત્ર–૨૮૯

ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડાં એકેન્દ્રિય જીવો ઉર્ધ્વલોક–તિર્છાલોકમાં છે. અધોલોક–તિર્છાલોકમાં વિશેષાધિક, તિર્છાલોકમાં અસંખ્યાતગણા, ત્રિલોકમાં અસંખ્યાતગણા, ઉર્ધ્વલોકમાં અસંખ્યાતગણા, અધોલોકમાં વિશેષાધિક છે. ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડાં અપર્યાપ્તા એકેન્દ્રિય જીવો ઉર્ધ્વલોક–તિર્છાલોકમાં ઇત્યાદિ ઉપરના

સૂત્ર મુજબ જાણવું. એ જ પ્રમાણે પર્યાપ્તા એકેન્દ્રિયમાં જાણવું.

**સૂત્ર–૨૯૦**

ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડાં બેઇન્દ્રિયો ઉર્ધ્વલોકમાં છે, ઉર્ધ્વલોક–તિર્છાલોકમાં તેનાથી અસંખ્યાતગણા, ત્રિલોકમાં અને અધોલોક તિર્છાલોકમાં અનુક્રમે અસંખ્યાતગણા, અધોલોક–તિર્છાલોકમાં અનુક્રમે સંખ્યાતગણા છે.

ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડાં અપર્યાપ્તા બેઈન્દ્રિયો ઉર્ધ્વલોકમાં ઇત્યાદિ ઔધિક સૂત્રવત્ છે.

એ જ રીતે પર્યાપ્તા બેઇન્દ્રિયનું સૂત્ર જાણવું.

તેઇન્દ્રિયોના ત્રણે સૂત્રો બેઇન્દ્રિય પ્રમાણે જ જાણવા.

ચઉરિન્દ્રિયોના ત્રણે સૂત્રોનું અલ્પબહુત્વ પણ બેઇન્દ્રિયવત્ જાણવું.

**સૂત્ર–૨૯૧**

ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડાં પંચેન્દ્રિયો ત્રિલોકમાં છે, ઉર્ધ્વલોક–તિર્છાલોકમાં તેનાથી સંખ્યાતગણા, અધોલોક–તિર્છાલોકમાં તેનાથી સંખ્યાતગણા, ઉર્ધ્વલોકમાં તેનાથી સંખ્યાતગણા, અધોલોકમાં તેથી સંખ્યાતગણા, તિર્છાલોકમાં તેનાથી અસંખ્યાતગણા છે.

અપર્યાપ્તાનો આલાવો ઔઘિકની માફક કહેવો.

ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડા પંચેન્દ્રિય પર્યાપ્તાઓ ઉર્ધ્વલોકમાં, ઉર્ધ્વ લોક–તિર્છાલોકમાં અસંખ્યાતગણા, ત્રિલોકમાં તેનાથી સંખ્યાતગણા, અધોલોક–તિર્છાલોકમાં તેનાથી સંખ્યાતગણા, અધોલોકમાં તેનાથી સંખ્યાતગણા. તિર્છાલોકમાં તેનાથી અસંખ્યાતગણા છે.

**સૂત્ર–૨૯૨**

ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડાં પૃથ્વીકાયિકો ઉર્ધ્વલોક–તિર્છાલોકમાં છે, અધોલોક તિર્છાલોકમાં વિશેષાધિક છે. તિર્છાલોક–ત્રિલોક–ઉર્ધ્વલોકમાં અનુક્રમે અસંખ્યાતગણા અધોલોકમાં વિશેષાધિક છે. અપર્યાપ્તા અને પર્યાપ્તા પૃથ્વીકાયના બંને આલાવા ઔધિક પૃથ્વીકાય માફક જ જાણવા.

ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડાં અપ્કાયિકો ઉર્ધ્વલોક–તિર્છાલોકમાં છે, અધોલોક–તિર્છાલોકમાં વિશેષાધિક, તિર્છાલોક–ત્રિલોક–ઉર્ધ્વલોકમાં અનુક્રમે અસંખ્યાતગણા, અધોલોકમાં વિશેષાધિક છે. અપર્યાપ્તા અને પર્યાપ્તા અપ્કાયિક સૂત્રો એ પ્રમાણે જ જાણવા.

તેઉકાયિક, વાયુકાયિક અને વનસ્પતિકાયિક એ ત્રણેના સામાન્ય, અપર્યાપ્તા, પર્યાપ્તા એ ત્રણે સૂત્રો અપ્કાયવત્ જ જાણવા.

**સૂત્ર–૨૯૩**

ક્ષેત્રને આશ્રીને સૌથી થોડાં ત્રસકાયિકો ત્રિલોકમાં છે, ઉર્ધ્વલોક–તિર્છાલોકમાં અસંખ્યાતગણા, અધોલોક–તિર્છાલોકમાં સંખ્યાતગણા, ઉર્ધ્વલોકમાં સંખ્યાતગણા, અધોલોકમાં સંખ્યાતગણા, તિર્છાલોકમાં અસંખ્યાતગણા છે. આ પ્રમાણે જ અપર્યાપ્તા અને પર્યાપ્તા બંને ત્રસકાયિકોના સૂત્રો જાણવા.

## પદ-૩, દ્વાર-૨૫ 'બંધદ્વાર'

**સૂત્ર–૨૯૪**

ભગવન્ ! આ આયુકર્મ બંધક, અબંધક, પર્યાપ્તા, અપર્યાપ્તા, સુપ્ત, જાગ્રત, સમવહત, અસમવહત, સાતાવેદક, અસાતાવેદક, ઇન્દ્રિયોપયુક્ત, નોઇન્દ્રિયોપયુક્ત, સાકારોપયુક્ત, અનાકારોપયુક્ત જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

ગૌતમ ! સૌથી થોડાં જીવો આયુકર્મબંધક, અપર્યાપ્તા તેનાથી સંખ્યાતગણા, સુપ્ત તેનાથી સંખ્યાતગણા,

સમવહત અસંખ્યાતગણા, સાતાવેદક સંખ્યાતગણા, ઈન્દ્રિયોપયુક્ત સંખ્યાતગણા, અનાકારોપયુક્ત સંખ્યાતગણા, સાકારોપયુક્ત સંખ્યાતગણા, નોઇન્દ્રિયોપયુક્ત વિશેષ અધિક છે, અસાતાવેદક વિશેષાધિક, અસમવહત વિશેષાધિક, જાગૃત વિશેષાધિક, પર્યાપ્તા વિશેષાધિક, આયુકર્મઅબંધક વિશેષાધિક છે.

## પદ-૩, દ્વાર-૨૬ 'પુદ્‌ગલ'

### સૂત્ર-૨૯૫

ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડાં પુદ્‌ગલો ત્રણ લોકમાં છે, તેનાથી ઉર્ધ્વલોક–તિર્છાલોકમાં અનંતગણા છે, તેનાથી અધોલોક–તિર્છાલોકમાં વિશેષાધિક છે, તેથી તિર્છાલોકમાં અસંખ્યાતગણા છે, તેનાથી ઉર્ધ્વલોકમાં અસંખ્યાતગણા છે, તેથી અધોલોકમાં વિશેષાધિક છે.

દિશાની અપેક્ષાએ સૌથી થોડા પુદ્‌ગલો ઉર્ધ્વ દિશામાં છે, અધોદિશામાં વિશેષાધિક છે, ઈશાનમાં નૈઋત્યમાં અસંખ્યાતગણા અને બંને વિદિશામાં પરસ્પરતુલ્ય, તેથી અગ્નિ અને વાયવ્યમાં બંને સ્થાને સરખા અને વિશેષાધિક, પૂર્વમાં અસંખ્યાતા પશ્ચિમમાં દક્ષિણમાં, ઉત્તરમાં અનુક્રમે વિશેષાધિક છે.

ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડાં દ્રવ્યો ત્રિલોકમાં, ઉર્ધ્વલોક તિર્છાલોકમાં અનંતગણા, અધોલોક–તિર્છાલોકમાં વિશેષાધિક, ઉર્ધ્વલોકમાં અસંખ્યાતગણા, અધોલોકે અનંતગણા, તિર્છાલોકે સંખ્યાતગણા.

દિશાની અપેક્ષાએ સૌથી થોડાં દ્રવ્યો અધોદિશામાં, ઉર્ધ્વ દિશામાં અનંતગણા, ઈશાન અને નૈઋત્ય બંનેમાં તુલ્ય અને અસંખ્યાતગણા, અગ્નિ અને વાયવ્યમાં બંનેમાં તુલ્ય અને વિશેષાધિક, પૂર્વમાં અસંખ્યાતગણા, પશ્ચિમ–દક્ષિણ–ઉત્તરમાં ક્રમશઃ વિશેષાધિક.

### સૂત્ર-૨૯૬

ભગવન્ ! આ પરમાણુ પુદ્‌ગલ, સંખ્યાત પ્રદેશિક, અસંખ્યાત પ્રદેશી, અનંતપ્રદેશી સ્કંધોમાં દ્રવ્યાર્થતાથી, પ્રદેશાર્થપણાથી, દ્રવ્યાર્થ–પ્રદેશાર્થતાથી કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

ગૌતમ! સૌથી થોડાં અનંતપ્રદેશી સ્કંધો દ્રવ્યાર્થપણે, પરમાણુ પુદ્‌ગલો દ્રવ્યાર્થપણે અનંતગણા, સંખ્યાત પ્રદેશી સ્કંધો દ્રવ્યાર્થપણે સંખ્યાતગણા, અસંખ્યાતપ્રદેશી સ્કંધો દ્રવ્યાર્થપણે અસંખ્યાતગણા છે. અનંતપ્રદેશી સ્કંધો પ્રદેશાર્થપણે સૌથી થોડાં છે, પરમાણુ પુદ્‌ગલો પ્રદેશાર્થપણે અનંતગણા છે, સંખ્યાત પ્રદેશી સ્કંધો પ્રદેશાર્થપણે સંખ્યાતગણા છે, અસંખ્યાતપ્રદેશી સ્કંધો પ્રદેશાર્થપણે અસંખ્યાતગણા છે.

દ્રવ્યાર્થ–પ્રદેશાર્થપણે – સૌથી થોડાં અનંતપ્રદેશી સ્કંધો દ્રવ્યાર્થપણે છે, તે પ્રદેશાર્થપણે અનંતગણા છે. પરમાણુ પુદ્‌ગલો દ્રવ્યાર્થ–પ્રદેશાર્થપણે અનંતગણા, સંખ્યાતપ્રદેશી સ્કંધ દ્રવ્યાર્થપણે સંખ્યાતગણા, તે જ સ્કંધ પ્રદેશાર્થપણે સંખ્યાતગણા છે, અસંખ્યાતપ્રદેશી સ્કંધ દ્રવ્યાર્થપણે અસંખ્યાતગણા, તે જ સ્કંધ પ્રદેશાર્થપણે અસંખ્યાતગણા છે.

ભગવન્ ! એક પ્રદેશાવગાઢ, સંખ્યાત પ્રદેશાવગાઢ, અસંખ્યાત પ્રદેશાવગાઢ પુદ્‌ગલોમાં દ્રવ્યાર્થપણે, પ્રદેશાર્થપણે, દ્રવ્યાર્થ–પ્રદેશાર્થપણે કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય, વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી થોડાં એક પ્રદેશાવગાઢ પુદ્‌ગલો દ્રવ્યાર્થપણે છે. તેથી સંખ્યાત પ્રદેશાવગાઢ પુદ્‌ગલો દ્રવ્યાર્થપણે સંખ્યાતપ્રદેશાવગાઢ છે, તેથી અસંખ્યાતપ્રદેશાવગાઢ પુદ્‌ગલો દ્રવ્યાર્થપણે અસંખ્યાતગણા છે.

પ્રદેશાર્થપણે – સૌથી થોડા એક પ્રદેશાવગાઢ પુદગલો છે, સંખ્યાત પ્રદેશાવગાઢ પુદગલો સંખ્યાતગણા, અસંખ્યાતપ્રદેશાવગાઢ પુદગલો અસંખ્યાતગણા છે.

દ્રવ્યપ્રદેશાર્થપણે સૌથી થોડાં એકપ્રદેશાવગાઢ પુદ્‌ગલો દ્રવ્યાર્થ–પ્રદેશાર્થપણે છે. સંખ્યાતપ્રદેશ અવગાઢ પુદ્‌ગલો બંને રીતે સંખ્યાતગણા, અસંખ્યાતપ્રદેશાવગાઢ પુદ્‌ગલો બંને રીતે અસંખ્યાતગણા છે.

ભગવન્ ! એક સમયસ્થિતિક, સંખ્યાત સમયસ્થિતિક, અસંખ્યાત સમય સ્થિતિક પુદ્‌ગલોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય, વિશેષાધિક છે ?

ગૌતમ! ૧. દ્રવ્યાર્થપણે – સૌથી થોડાં એક સમય સ્થિતિક પુદ્‌ગલો, સંખ્યાત સમય સ્થિતિક પુદ્‌ગલો સંખ્યાતગણા, તેથી અસંખ્યાત સમય સ્થિતિક પુદ્‌ગલો અસંખ્યાતગણા છે.

૨. પ્રદેશાર્થપણે સૌથી થોડાં એક સમય સ્થિતિક પુદ્‌ગલો, અસંખ્યાત સમય સ્થિતિક પુદ્‌ગલો સંખ્યાતગણા, અસંખ્યાતસમય સ્થિતિક પુદ્‌ગલો અસંખ્યાતગણા,

૩. દ્રવ્યાર્થ–પ્રદેશાર્થપણે – સૌથી થોડાં એક સમય સ્થિતિક પુદ્‌ગલો, સંખ્યાત સમય સ્થિતિક પુદ્‌ગલો બંને રીતે સંખ્યાતગણા, અસંખ્યાત સમય સ્થિતિક પુદ્‌ગલો બંને રીતે અસંખ્યાતગણા છે.

ભગવન્ ! એક ગુણ કાળા, સંખ્યાતગુણ કાળા, અસંખ્યાત ગુણ કાળા, અનંતગુણ કાળા પુદ્‌ગલોમાં દ્રવ્યાર્થપણે, પ્રદેશાર્થપણે, દ્રવ્યાર્થ–પ્રદેશાર્થપણે કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય, વિશેષાધિક છે ? ગૌતમ ! સામાન્ય પુદ્‌ગલો સંબંધે કહ્યું તેમ અહીં કહેવું. એ પ્રમાણે બાકીના વર્ણ, ગંધ, રસ સંબંધે કહેવું. સ્પર્શમાં કર્કશ–મૃદુ–ગુરુ–લઘુસ્પર્શ સંબંધે એક પ્રદેશાવગાઢ માફક કહેવા. બાકીના સ્પર્શો વર્ણો કહ્યા તેમ કહેવા.

## પદ-૩, દ્વાર-૨૭ ‘મહાદંડક’

### સૂત્ર–૨૯૭

ભગવન્ ! હવે સર્વ જીવોના અલ્પબહુત્વ મહાદંડકનું વર્ણન કરીશ.

૧–સૌથી થોડાં ગર્ભજ મનુષ્યો છે, ૨–માનુષી તેનાથી સંખ્યાતગણી છે, ૩–પર્યાપ્ત બાદર તેઉકાયિક તેનાથી અસંખ્યાતગણા, ૪–અનુત્તરોપપાતિક દેવો તેનાથી અસંખ્યાતગણા, ૫–ઉપલી ગ્રૈવેયકના દેવો તેનાથી સંખ્યાતગણા, ૬–મધ્યમ ગ્રૈવેયક દેવો તેનાથી સંખ્યાતગણા, ૭–નીચલા ગ્રૈવેયક દેવો તેનાથી સંખ્યાતગણા, ૮ થી ૧૧–અચ્યુત–આરણ–પ્રાણત–આનતકલ્પના દેવો અનુક્રમે તેનાથી સંખ્યાતગણા– સંખ્યાતગણા છે.

૧૨, ૧૩–સાતમી અને છઠ્ઠી પૃથ્વીના નારકો તેનાથી ઉત્તરોત્તર અસંખ્યાતગણા છે,

૧૪,૧૫– સહસ્રાર અને મહાશુક્રના દેવો ક્રમશઃ તેનાથી અસંખ્યાતગણા,

૧૬–પાંચમી પૃથ્વીના નારકો તેનાથી અસંખ્યાતગણા, ૧૭–લાંતક કલ્પે દેવો તેનાથી અસંખ્યાતગણા,

૧૮–ચોથી પૃથ્વીના નારકો તેનાથી અસંખ્યાતગણા, ૧૯–બ્રહ્મલોક કલ્પે દેવો તેનાથી અસંખ્યાતગણા,

૨૦–ત્રીજી પૃથ્વીના નારકો તેનાથી અસંખ્યાત ગણા, ૨૧–માહેન્દ્રકલ્પના દેવો તેનાથી અસંખ્યાતગણા,

૨૨–સનત્કુમાર કલ્પના દેવો તેનાથી અસંખ્યાતગણા, ૨૩–બીજી પૃથ્વીના નારકો તેનાથી અસંખ્યાતગણા,

૨૪–સંમૂર્ચ્છિમ મનુષ્યો તેનાથી અસંખ્યાતગણા, ૨૫–ઈશાનકલ્પના દેવો તેનાથી અસંખ્યાતગણા,

૨૬ થી ૨૮–ઈશાનકલ્પ ની દેવી, સૌધર્મના દેવો, સૌધર્મની દેવી ક્રમશઃ તેનાથી સંખ્યાતગણી,

૨૯–ભવનવાસી દેવો તેનાથી અસંખ્યાતગણા, ૩૦–ભવનવાસી દેવી તેનાથી સંખ્યાતગણી છે.

૩૧–રત્નપ્રભા પૃથ્વીના નારકો અસંખ્યાતગણા છે. ૩૨–ખેચર પંચેન્દ્રિય પુરુષ તિર્યંચો અસંખ્યાતગણા,

૩૩–ખેચર પંચેન્દ્રિય તિર્યંચ સ્ત્રી તેનાથી સંખ્યાતગણી.

૩૪ થી ૩૭–સ્થલચર પંચેન્દ્રિય પુરુષ તિર્યંચો, પંચેન્દ્રિય તિર્યંચ સ્ત્રી, જલચર પંચેન્દ્રિય પુરુષ તિર્યંચો, જલચર પંચેન્દ્રિય તિર્યંચ સ્ત્રીઓ ક્રમશઃ સંખ્યાતગણા છે.

૩૮ થી ૪૧–વ્યંતર દેવ, વ્યંતર દેવી, જ્યોતિષ્ક દેવ, જ્યોતિષ્ક દેવી ક્રમશઃ સંખ્યાતગણા છે.

૪૨ થી ૪૪–ખેચર પંચેન્દ્રિય નપુંસક તિર્યંચ સ્થલચર પંચેન્દ્રિય નપુંસક તિર્યંચ, જલચર પંચેન્દ્રિય નપુંસક તિર્યંચ ક્રમશઃ સંખ્યાતગણા છે, ૪૫–પર્યાપ્ત ચઉરિન્દ્રિયો તેનાથી સંખ્યાતગણા છે,

૪૬ થી ૪૮–પર્યાપ્તા પંચેન્દ્રિયો, પર્યાપ્તા બેઇન્દ્રિય, પર્યાપ્તા તેઇન્દ્રિય ઉત્તરોત્તર વિશેષાધિક છે.

૪૯–અપર્યાપ્તા પંચેન્દ્રિય તેનાથી અસંખ્યાતગણા છે, ૫૦–અપર્યાપ્તા ચઉરિન્દ્રિયો વિશેષાધિક છે.

૫૧–૫૨–તેથી અપર્યાપ્તા તેઇન્દ્રિય, અપર્યાપ્તા બેઇન્દ્રિયો ક્રમશઃ વિશેષાધિક છે.

૫૩ થી ૬૪–પર્યાપ્તા પ્રત્યેક બાદર વનસ્પતિકાય, પર્યાપ્તા બાદર નિગોદ, પર્યાપ્તા બાદર પૃથ્વીકાય, પર્યાપ્તા બાદર અપ્કાય, પર્યાપ્તા બાદર વાયુકાય, અપર્યાપ્તા બાદર તેઉકાય અપર્યાપ્તા પ્રત્યેકશરીર બાદર વનસ્પતિકાય, અપર્યાપ્તા બાદર નિગોદો, અપર્યાપ્તા બાદર પૃથ્વીકાય, અપર્યાપ્તા બાદર અપ્કાય, અપર્યાપ્તા બાદર વાયુકાય, અપર્યાપ્તા સૂક્ષ્મ તેઉકાય ક્રમશઃ અસંખ્યાતગણા છે.

૬૫ થી ૬૭–તેનાથી અપર્યાપ્તા સૂક્ષ્મ પૃથ્વીકાય અપર્યાપ્તા સૂક્ષ્મ અપ્કાય, અપર્યાપ્તા સૂક્ષ્મ વાયુકાય ક્રમશઃ વિશેષાધિક છે.

૬૮ થી ૭૧–તેથી પર્યાપ્તા સૂક્ષ્મ તેઉકાય, પર્યાપ્તા સૂક્ષ્મ પૃથ્વીકાય, પર્યાપ્તા સૂક્ષ્મ અપ્કાય, પર્યાપ્તા સૂક્ષ્મ વાયુકાય વિશેષાધિક છે.

૭૨–અપર્યાપ્તા સૂક્ષ્મ નિગોદ અસંખ્યાતગણા, ૭૩–પર્યાપ્તા સૂક્ષ્મ નિગોદ સંખ્યાતગણા છે.

૭૪ થી ૭૬–અભવ્યો, પતિત સમ્યક્દૃષ્ટિ, સિદ્ધો ક્રમશઃ અનંતગણા છે,

૭૭–તેનાથી પર્યાપ્તા બાદર વનસ્પતિકાય અનંત ગણા છે, ૭૮–તેનાથી બાદર પર્યાપ્તા વિશેષાધિક છે,

૭૯–અપર્યાપ્તા બાદર વનસ્પતિકાય અસંખ્યાતગણા છે, ૮૦–બાદર અપર્યાપ્તા વિશેષાધિક છે,

૮૧– તેનાથી બાદર જીવો વિશેષાધિક છે. ૮૨– અપર્યાપ્તા સૂક્ષ્મ વનસ્પતિકાય અસંખ્યાતગણા છે.

૮૩–સૂક્ષ્મ અપર્યાપ્તા વિશેષાધિક છે, ૮૪–પર્યાપ્તા સૂક્ષ્મ વનસ્પતિકાયિક સંખ્યાતગણા છે.

૮૫–સૂક્ષ્મ પર્યાપ્તા વિશેષાધિક છે. ૮૬–સૂક્ષ્મો વિશેષાધિક છે. ૮૭–ભવસિદ્ધિકો વિશેષાધિક છે,

૮૮–નિગોદો વિશેષાધિક છે. ૮૯–વનસ્પતિજીવો વિશેષાધિક છે.

૯૦, ૯૧–એકેન્દ્રિયો, તિર્યંચ ક્રમશઃ વિશેષાધિક છે.

૯૨ થી ૯૮–મિથ્યાદષ્ટિ, અવિરતિ, સકષાયી, છદ્મસ્થ, સયોગી, સંસારી, સર્વજીવો ઉત્તરોત્તર વિશેષાધિક છે.

**પદ-૩ અલ્પબહુત્વનો મુનિ દીપરત્નસાગરે કરેલ ભાવાનુવાદ પૂર્ણ**

# પદ–૪ ' સ્થિતિ'

સૂત્ર–૨૯૮

ભગવન્ ! નારકોની કેટલા કાળની સ્થિતિ કહી છે ? ગૌતમ ! જઘન્ય દશહજાર વર્ષ, ઉત્કૃષ્ટ ૩૩–સાગરોપમ.

ભગવન્ ! અપર્યાપ્ત નૈરયિકોની કેટલો કાળ સ્થિતિ કહી છે ? ગૌતમ ! જઘન્ય અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત.

ભગવન્ ! પર્યાપ્ત નૈરયિકોની કેટલો કાળ સ્થિતિ છે ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત ન્યૂન ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન ૩૩–સાગરોપમ.

ભગવન્ ! રત્નપ્રભા પૃથ્વી નૈરયિકની કેટલો કાળ સ્થિતિ છે ? ગૌતમ ! જઘન્ય ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટ સાગરોપમ. ભગવન્ !

અપર્યાપ્ત રત્નપ્રભા પૃથ્વી નૈરયિકની કેટલી સ્થિતિ છે ? ગૌતમ ! જઘન્ય, ઉત્કૃષ્ટ પણ અંતર્મુહૂર્ત.

ભગવન્ ! પર્યાપ્ત રત્નપ્રભા પૃથ્વી નૈરયિકની સ્થિતિ કેટલો કાળ છે ? ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત ન્યૂન ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત ન્યૂન સાગરોપમ.

ભગવન્ ! શર્કરાપ્રભા પૃથ્વી નૈરયિકની સ્થિતિ કેટલી કહી છે ? ગૌતમ ! જઘન્ય એક સાગરોપમ અને ઉત્કૃષ્ટ ત્રણ સાગરોપમ.

ભગવન્ ! શર્કરાપ્રભા પૃથ્વીના અપર્યાપ્તા નૈરયિકની સ્થિતિ કેટલી કહી છે ? ગૌતમ ! જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને અંતર્મુહુર્ત.

ભગવન્ ! શર્કરાપ્રભા પૃથ્વીના પર્યાપ્તા નૈરયિકની સ્થિતિ કેટલી કહી છે ? ગૌતમ ! જઘન્ય અન્તર્મુહુર્ત ન્યૂન એક સાગરોપમ અને ઉત્કૃષ્ટ અન્તર્મુહુર્ત ન્યૂન ત્રણ સાગરોપમ.

ભગવન્ ! વાલુકાપ્રભા પૃથ્વી નૈરયિકની સ્થિતિ કેટલી કહી છે ? ગૌતમ ! જઘન્ય ૩–સાગરોપમ, ઉત્કૃષ્ટ ૭–સાગરોપમ.

અપર્યાપ્તા વાલુકાપ્રભા પૃથ્વી નૈરયિકની સ્થિતિ કેટલી કહી છે? જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને અંતર્મુહૂર્ત.

ભગવન્ !પર્યાપ્તા વાલુકાપ્રભા પૃથ્વી નૈરયિકની સ્થિતિ કેટલી કહી છે ? જઘન્ય અંતર્મુહૂર્ત ન્યૂન ૩–સાગરોપમ, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન ૭–સાગરોપમ.

ભગવન્ ! પંકપ્રભા પૃથ્વી નૈરયિકની સ્થિતિ કેટલી કહી છે ? જઘન્ય સાત સાગરોપમ, ઉત્કૃષ્ટ દશ સાગરોપમ.

અપર્યાપ્તા પંકપ્રભા પૃથ્વી નૈરયિકની સ્થિતિ કેટલી કહી છે ? જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને અંતર્મુહૂર્ત.

ભગવન્ ! પર્યાપ્તા પંકપ્રભા પૃથ્વી નૈરયિકની સ્થિતિ કેટલી કહી છે ? જઘન્ય અંતર્મુહૂર્ત ન્યૂન સાત સાગરોપમ, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન દશ સાગરોપમ.

ભગવન્ ! ધૂમપ્રભા પૃથ્વી નૈરયિકની કેટલી સ્થિતિ કેટલી કહી છે ? ગૌતમ ! જઘન્ય દશ સાગરોપમ, ઉત્કૃષ્ટ ૧૭–સાગરોપમ.

અપર્યાપ્ત ધૂમપ્રભા પૃથ્વી નૈરયિકની સ્થિતિ કેટલી કહી છે? ગૌતમ ! જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને અંતર્મુહૂર્ત.

ભગવન્ ! પર્યાપ્તા ધૂમપ્રભા પૃથ્વી નૈરયિકની સ્થિતિ? જઘન્ય અંતર્મુહૂર્ત ન્યૂન ૧૦ સાગરોપમ, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તોણ ૧૭ સાગરોપમ.

ભગવન્ ! તમઃપ્રભા પૃથ્વી નૈરયિકની કેટલી સ્થિતિ છે કેટલી કહી છે ? ગૌતમ ! જઘન્ય ૧૭–સાગરોપમ, ઉત્કૃષ્ટ ૨૨–સાગરોપમ.

અપર્યાપ્તા તમઃપ્રભા પૃથ્વી નૈરયિકની સ્થિતિ કેટલી કહી છે? જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને પણ અંતર્મુહૂર્ત.

ભગવન્ ! પર્યાપ્તા તમઃપ્રભા પૃથ્વી નૈરયિકની સ્થિતિ કેટલી કહી છે ? જઘન્ય અંતર્મુહૂર્ત ન્યૂન ૧૭ સાગરોપમ, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન ૨૨–સાગરોપમ છે.

ભગવન્ ! અધઃસપ્તમી પૃથ્વી નૈરયિકની કેટલી સ્થિતિ કેટલી કહી છે છે ? ગૌતમ ! જઘન્ય ૨૨–સાગરોપમ, ઉત્કૃષ્ટ ૩૩–સાગરોપમ.

અપર્યાપ્તા અધઃસપ્તમી પૃથ્વી નૈરયિકની સ્થિતિ છે કેટલી કહી છે ? જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને અંતર્મુહૂર્ત છે.

ભગવન્ ! પર્યાપ્તા અધઃસપ્તમી પૃથ્વી નૈરયિકની સ્થિતિ કેટલી કહી છે? જઘન્ય અંતર્મુહૂર્ત ન્યૂન ૨૨–સાગરોપમ, ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત ન્યૂન ૩૩–સાગરોપમ છે.

## સૂત્ર–૨૯૯ થી ૩૦૫

૨૯૯. ભગવન્ ! દેવોની કાળ સ્થિતિ કેટલી કહી છે ? ગૌતમ ! જઘન્ય ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટ ૩૩–સાગરોપમ.

અપર્યાપ્ત દેવોની સ્થિતિ કેટલી કહી છે ? ગૌતમ ! જઘન્યથી અને ઉત્કૃષ્ટથી બંને અંતર્મુહૂર્ત

ભગવન્ ! પર્યાપ્ત દેવોની સ્થિતિ કેટલી કહી છે ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત ન્યૂન ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત ન્યૂન ૩૩–સાગરોપમ.

ભગવન્ ! દેવીની કાળ સ્થિતિ કેટલી કહી છે ? જઘન્યથી ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટથી ૫૫–પલ્યોપમ.

અપર્યાપ્તા દેવીની કાળ સ્થિતિ કેટલી કહી છે ? ગૌતમ ! જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને અંતર્મુહૂર્ત.

ભગવન્ ! પર્યાપ્તા દેવીની કાળ સ્થિતિ કેટલી કહી છે ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત ન્યૂન દશ હજાર વર્ષ. ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત ન્યૂન પંચાવન પલ્યોપમની સ્થિતિ છે.

ભગવન્ ! ભવનવાસી દેવોની કાળ સ્થિતિ કેટલી કહી છે ? ગૌતમ ! જઘન્યથી દશ હજાર વર્ષ, ઉત્કૃષ્ટથી સાધિક એક સાગરોપમ.

અપર્યાપ્ત ભવનવાસી દેવોની કાળ સ્થિતિ કેટલી કહી છે? જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને અંતર્મુહૂર્ત.

ભગવન્ ! પર્યાપ્ત ભવનવાસી દેવોની કાળ સ્થિતિ કેટલી કહી છે છે ? જઘન્ય અંતર્મુહૂર્ત ન્યૂન ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત ન્યૂન સાતિરેક સાગરોપમ છે.

ભગવન્ ! ભવનવાસી દેવીની કેટલી કાળ સ્થિતિ કહી છે? ગૌતમ! જઘન્યથી ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટથી સાડા ચાર પલ્યોપમ છે.

અપર્યાપ્ત ભવનવાસી દેવીની કેટલી કાળ સ્થિતિ કહી છે? જઘન્ય અને ઉત્કૃષ્ટથી પણ અંતર્મુહૂર્ત.

ભગવન્ ! પર્યાપ્તા ભવનવાસી દેવીની કેટલી કાળ સ્થિતિ કહી છે? જઘન્યથી અંતર્મુહૂર્ત ન્યૂન દશ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત ન્યૂન સાડા ચાર પલ્યોપમની કહી છે.

ભગવન્ ! અસુરકુમાર દેવોની કાળ સ્થિતિ કેટલી કહી છે? ગૌતમ ! જઘન્યથી ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટથી સાતિરેક સાગરોપમ છે.

ભગવન્ !અપર્યાપ્તા અસુરકુમાર દેવોની કાળ સ્થિતિ કેટલી કહી છે ? જઘન્યથી, ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત

ભગવન્ !પર્યાપ્તા અસુરકુમાર દેવોની કાળ સ્થિતિ કેટલી કહી છે ?જઘન્યથી અંતર્મુહૂર્ત ન્યૂન ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત ન્યૂન સાતિરેક સાગરોપમ છે.

ભગવન્ ! અસુરકુમાર દેવીની કાળ સ્થિતિ કેટલી કહી છે ? ગૌતમ ! જઘન્યથી ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટથી સાડાચાર પલ્યોપમ

ભગવન્ ! અપર્યાપ્ત અસુરકુમાર દેવીની કાળ સ્થિતિ કેટલી કહી છે ? જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને અંતર્મુહૂર્ત

ભગવન્ ! અસુરકુમાર દેવીની કાળ સ્થિતિ કેટલી કહી છે ? જઘન્યથી અંતર્મુહૂર્ત ન્યૂન ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત ન્યૂન સાડાચાર પલ્યોપમની છે.

ભગવન્ ! નાગકુમાર દેવોની કાળ સ્થિતિ કેટલી કહી છે ? ગૌતમ ! જઘન્યથી ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટ દેશોન બે પલ્યોપમ છે.

ભગવન્ ! અપર્યાપ્તા નાગકુમાર દેવોની કાળ સ્થિતિ કેટલી કહી છે ? જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને અંતર્મુહૂર્ત.

ભગવન્ ! પર્યાપ્તા નાગકુમારદેવોની કાળ સ્થિતિ કેટલી કહી છે ? જઘન્યથી અંતર્મુહૂર્ત ન્યૂન ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત ન્યૂન દેશોન બે પલ્યોપમની છે.

ભગવન્ ! નાગકુમારી દેવીની કાળ સ્થિતિ કેટલી કહી છે ? ગૌતમ ! જઘન્યથી ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટથી દેશોન પલ્યોપમ.

ભગવન્ ! અપર્યાપ્તા નાગકુમાર દેવીની કાળ સ્થિતિ કેટલી કહી છે ? જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને અંતર્મુહૂર્ત.

ભગવન્ ! પર્યાપ્તા નાગકુમાર દેવીની કાળ સ્થિતિ કેટલી કહી છે ? ? જઘન્ય અંતર્મુહૂર્ત ન્યૂન ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટ અંતર્મુહુર્ત ન્યૂન દેશોન પલ્યોપમ.

ભગવન્ ! સુવર્ણકુમાર દેવોની કાળ સ્થિતિ કેટલી કહી છે ? ગૌતમ ! જઘન્યથી ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટથી કંઈક ન્યૂન બે પલ્યોપમ.

અપર્યાપ્તા સુવર્ણકુમાર દેવોની કાળ સ્થિતિ કેટલી કહી છે ? જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને અંતર્મુહૂર્ત.

ભગવન્ ! પર્યાપ્તા સુવર્ણકુમાર દેવોની કાળ સ્થિતિ કેટલી કહી છે? જઘન્યથી અંતર્મુહૂર્ત ન્યૂન ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત ન્યૂન દેશોન બે પલ્યોપમ.

ભગવન્ ! સુવર્ણકુમાર દેવીની કાળ સ્થિતિ કેટલી કહી છે ? જઘન્ય ૧૦,૦૦૦ વર્ષ ઉત્કૃષ્ટ દેશોન પલ્યોપમ.

ભગવન્ ! અપર્યાપ્ત સુવર્ણકુમાર દેવીની કાળ સ્થિતિ કેટલી કહી છે ? જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને અંતર્મુહૂર્ત.

ભગવન્ ! પર્યાપ્તી સુવર્ણકુમાર દેવીની કાળ સ્થિતિ કેટલી કહી છે ? જઘન્ય અંતર્મુહૂર્ત ન્યૂન ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન દેશોન પલ્યોપમ.

એ પ્રમાણે સ્તનિતકુમાર દેવો પર્યન્ત સામાન્ય, અપર્યાપ્તા અને પર્યાપ્તાના ત્રણ–ત્રણ સૂત્રો નાગકુમાર દેવોની માફક જાણવા.

૩૦૦. ભગવન્ ! પૃથ્વીકાયિકોની કેટલી સ્થિતિ છે ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી ૨૨,૦૦૦ વર્ષ. અપર્યાપ્તા પૃથ્વીકાયની ? જઘન્ય, ઉત્કૃષ્ટ બંને અંતર્મુહૂર્ત, ભગવન્ ! પર્યાપ્તા પૃથ્વીકાયિકની પૃચ્છા–જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન ૨૨,૦૦૦ વર્ષ.

સૂક્ષ્મ પૃથ્વીકાયિકની પૃચ્છા–જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને અંતર્મુહૂર્ત. અપર્યાપ્તા અને પર્યાપ્તા બંને આલાવા એ જ રીતે છે. બાદર પૃથ્વીકાયિકની પૃચ્છા–તે સામાન્ય પૃથ્વીકાયિક માફક જાણવા.

ભગવન્ ! અપ્‌કાયિકની કેટલી કાળ સ્થિતિ છે ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી ૭૦૦૦ વર્ષ. અપર્યાપ્તા અપ્‌કાયિકની કેટલી કાળ સ્થિતિ છે ? જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને અંતર્મુહૂર્ત. પર્યાપ્તા અપ્‌કાયિકની પૃચ્છા–સામાન્ય અપ્‌કાયિકવત્ જાણવી.

સૂક્ષ્મ અપ્‌કાયિકના ત્રણે સૂત્રો પૃથ્વીકાયિક વત્ જાણવા. બાદર અપ્‌કાયિક પર્યાપ્તા ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત ન્યૂન ૭૦૦૦ વર્ષ.

તેઉકાયિક સંબંધે પ્રશ્ન – જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ત્રણ અહોરાત્ર. અપર્યાપ્ત તેઉકાયિકોનો પ્રશ્ન – બંને

અંતર્મુહૂર્ત. પર્યાપ્તા તેઉકાયિકોનો પ્રશ્ન. ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત ન્યૂન ત્રણ રાત્રિદિવસ.

ભગવન્ ! વાયુકાયિકોની સ્થિતિ કેટલા કાળની છે ? ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી ૩૦૦૦ વર્ષ. અપર્યાપ્તા વાયુકાયિકની પૃચ્છા – જઘન્ય, ઉત્કૃષ્ટ બંને અંતર્મુહૂર્ત પર્યાપ્તા વાયુકાયિકની પૃચ્છા–જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન ૩૦૦૦ વર્ષ.

સૂક્ષ્મ વાયુકાયિકના ત્રણે પ્રશ્નો – જઘન્ય, ઉત્કૃષ્ટ બંનેથી અંતર્મુહૂર્ત.

બાદર વાયુકાયિકનો પ્રશ્ન–ત્રણે સ્થિતિ ઔધિકવત્ છે.

ભગવન્ ! વનસ્પતિકાયિકની કેટલી સ્થિતિ છે ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી ૧૦,૦૦૦ વર્ષ. અપર્યાપ્તા વનસ્પતિકાયિકનો પ્રશ્ન – જઘન્ય, ઉત્કૃષ્ટ બંને અંતર્મુહૂર્ત. પર્યાપ્તા વનસ્પતિકાયિકનો પ્રશ્ન – જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન દશ હજાર વર્ષ.

સૂક્ષ્મ વનસ્પતિકાયિકની ત્રણે સ્થિતિ – જઘન્ય, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત.

બાદર વનસ્પતિકાયિકનો પ્રશ્ન–ત્રણે સ્થિતિ અંતર્મુહૂર્ત ન્યૂન કરીને ઔધિકવત્ કહેવી.

**૩૦૧.** ભગવન્ ! બેઇન્દ્રિયોની કેટલા કાળની સ્થિતિ છે ? ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ બાર વર્ષ.

અપર્યાપ્તા બેઇન્દ્રિયની સ્થિતિ–જઘન્યથી, ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત,

પર્યાપ્તા બેઇન્દ્રિયનો પ્રશ્ન–જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન બાર વર્ષ.

ભગવન્ ! તેઇન્દ્રિયોની કેટલા કાળની સ્થિતિ છે ? જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ૪૯ અહોરાત્ર.

અપર્યાપ્ત તેઇન્દ્રિયોની સ્થિતિ – બંને અંતર્મુહૂર્ત.

પર્યાપ્ત તેઇન્દ્રિયની સ્થિતિ ? જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત ન્યૂન ૪૯ અહોરાત્રિ.

ભગવન્ ! ચઉરિન્દ્રિયોની કેટલી કાળ સ્થિતિ છે ? જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ છ માસ.

અપર્યાપ્ત ચઉરિન્દ્રિયની સ્થિતિ ? બંને અંતર્મુહૂર્ત. પર્યાપ્તા ચઉરિન્દ્રિય સંબંધી પ્રશ્ન–જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત ન્યૂન છ માસ.

**૩૦૨.** ભગવન્ ! પંચેન્દ્રિય તિર્યંચની કેટલી સ્થિતિ છે ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી ત્રણ પલ્યોપમ. અપર્યાપ્તાની પૃચ્છા–ગૌતમ ! જઘન્યથી, ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત. પર્યાપ્તાની પૃચ્છા – ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત ન્યૂન ત્રણ પલ્યોપમની છે.

સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચયોનિકની પૃચ્છા– જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી પૂર્વ ક્રોડ. અપર્યાપ્તાની પૃચ્છા–જઘન્યથી, ઉત્કૃષ્ટથી બંને અંતર્મુહૂર્ત. પર્યાપ્તાની પૃચ્છા–જઘન્યથી ગૌતમ ! અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત ન્યૂન પૂર્વક્રોડ.

ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિયની પૃચ્છા–ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી ત્રણ પલ્યોપમ. અપર્યાપ્તાની પૃચ્છા–જઘન્યથી, ઉત્કૃષ્ટથી બંને અંતર્મુહૂર્ત. પર્યાપ્તાની પૃચ્છા–જઘન્યથી ગૌતમ ! અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત ન્યૂન ત્રણ પલ્યોપમ.

ભગવન્ ! જલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકની કેટલી કાળ સ્થિતિ છે ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી પૂર્વકોડી. અપર્યાપ્તાની પૃચ્છા. જઘન્યથી, ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત. પર્યાપ્તાની પૃચ્છા. જઘન્યથી અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત ન્યૂન પૂર્વક્રોડ.

સંમૂર્ચ્છિમ જલચર પંચેન્દ્રિય તિર્યંચની પૃચ્છા– જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી પૂર્વક્રોડ. અપર્યાપ્તાની પૃચ્છા. જઘન્યથી, ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત. પર્યાપ્તાની પૃચ્છા. જઘન્યથી અંતર્મુહૂર્ત. ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન પૂર્વક્રોડ.

ભગવન્ ! ગર્ભજ જલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકની પૃચ્છા. ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી

પૂર્વક્રોડ. અપર્યાપ્તાની પૃચ્છા – જઘન્યથી, ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત્ત. પર્યાપ્તાની પૃચ્છા–જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત્ત ન્યૂન પૂર્વક્રોડ.

ચતુષ્પદ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચની પૃચ્છા– જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી ત્રણ પલ્યોપમ. અપર્યાપ્તા ચતુષ્પદ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચની પૃચ્છા–જઘન્ય અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત. પર્યાપ્તા ચતુષ્પદ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચની ની પૃચ્છા. જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત્ત ન્યૂન ત્રણ પલ્યોપમ.

સંમૂર્ચ્છિમ ચતુષ્પદ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચની પૃચ્છા–ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ ૮૪,૦૦૦ વર્ષ. અપર્યાપ્તા સંમૂર્ચ્છિમ ચતુષ્પદ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચની પૃચ્છા? બંને અંતર્મુહૂર્ત. પર્યાપ્તા સંબંધે પ્રશ્ન–જઘન્યથી અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત ન્યૂન ૮૪,૦૦૦ વર્ષ.

ગર્ભજ ચતુષ્પદ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચ સંબંધે પ્રશ્ન. જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી ત્રણ પલ્યોપમ. અપર્યાપ્તાની સ્થિતિ ? જઘન્ય, ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત. પર્યાપ્તાની સ્થિતિ ? જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત્ત ન્યૂન ત્રણ પલ્યોપમ.

ઉરપરિસર્પ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચની સ્થિતિ ? જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ પૂર્વક્રોડ. અપર્યાપ્તાની ? બંને અંતર્મુહૂર્ત. પર્યાપ્તાની ? જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન પૂર્વક્રોડ.

સંમૂર્ચ્છિમ ઉરપરિસર્પ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચની સ્થિતિ ? જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ૫૩,૦૦૦ વર્ષ. અપર્યાપ્તાની ? બંને અંતર્મુહૂર્ત. પર્યાપ્તાની ? જઘન્ય અંતર્મુહૂર્ત્ત. ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન ૫૩,૦૦૦ વર્ષ.

ગર્ભજ ઉરપરિસર્પ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચની સ્થિતિ ? જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી પૂર્વકોડી. અપર્યાપ્તાની પૃચ્છા– જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને અંતર્મુહૂર્ત્ત. પર્યાપ્તાની સ્થિતિ ? જઘન્ય અંતર્મુહૂર્ત. ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત્ત ન્યૂન પૂર્વકોડી.

ભુજપરિસર્પ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકની સ્થિતિ ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી ક્રોડપૂર્વ. એ રીતે અપર્યાપ્તા અને પર્યાપ્તાની પણ ગર્ભજ ઉરપરિસર્પ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચવત્ કહેવી.

સંમૂર્ચ્છિમ ભુજ પરિસર્પ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકની સ્થિતિ ? જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી ૪૨,૦૦૦ વર્ષ. અપર્યાપ્તાની સ્થિતિ ? જઘન્યથી, ઉત્કૃષ્ટથી બંને અંતર્મુહૂર્ત. પર્યાપ્તાની સ્થિતિ ? જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન ૪૨,૦૦૦ વર્ષ.

ગર્ભજ ભુજ પરિસર્પ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચની સ્થિતિ ? જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ પૂર્વક્રોડ. અપર્યાપ્તાની સ્થિતિ ? જઘન્યથી, ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત. પર્યાપ્તાની ભુજ પરિસર્પ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચની સ્થિતિ ? જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત્ત ન્યૂન પૂર્વક્રોડ.

ખેચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકની સ્થિતિ ? જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ. અપર્યાપ્તાની સ્થિતિ ? જઘન્ય અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત. પર્યાપ્તા ખેચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકની સ્થિતિ? જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત્ત ન્યૂન પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ.

સંમૂર્ચ્છિમ ખેચર પંચેન્દ્રિય તિર્યંચની સ્થિતિ ? જઘન્ય, અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ૭૨,૦૦૦ વર્ષ. અપર્યાપ્તાની સ્થિતિ ? જઘન્ય અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત. પર્યાપ્તા સંમૂર્ચ્છિમ ખેચર પંચેન્દ્રિય તિર્યંચની સ્થિતિ ? જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત્ત ન્યૂન ૭૨,૦૦૦ વર્ષ.

ગર્ભજ ખેચર પંચેન્દ્રિય તિર્યંચની સ્થિતિ ? જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ. અપર્યાપ્તા અને પર્યાપ્તાની સ્થિતિ પણ સામાન્ય ખેચર પંચેન્દ્રિય તિર્યંચની સ્થિતિ મુજબ કહેવી.

૩૦૩. ભગવન્ ! મનુષ્યોની કેટલી સ્થિતિ છે ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી ત્રણ પલ્યોપમ.

અપર્યાપ્તા મનુષ્યની સ્થિતિ ? જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને અંતર્મુહૂર્ત્ત. પર્યાપ્તા મનુષ્યોની સ્થિતિ ? જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત્ત ન્યૂન ત્રણ પલ્યોપમ.

સંમૂર્ચ્છિમ મનુષ્યોની સ્થિતિ ? જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને અંતર્મુહૂર્ત્ત.

ગર્ભજ મનુષ્યની સ્થિતિ ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટથી ત્રણ પલ્યોપમ. અપર્યાપ્તા ગર્ભજ મનુષ્યની સ્થિતિ ? જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને અંતર્મુહૂર્ત્ત. પર્યાપ્તા ગર્ભજ મનુષ્યની સ્થિતિ? જઘન્ય અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત્ત ન્યૂન ત્રણ પલ્યોપમ.

**૩૦૪.** ભગવન્ ! વ્યંતર દેવોની કેટલા કાળની સ્થિતિ છે ? ગૌતમ ! જઘન્યથી **૧૦,૦૦૦** વર્ષ, ઉત્કૃષ્ટ પલ્યોપમ. અપર્યાપ્તા વ્યંતર દેવોની સ્થિતિ ? જઘન્ય અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત્ત, પર્યાપ્તાની સ્થિતિ ? જઘન્યથી અંતર્મુહૂર્ત્ત ન્યૂન **૧૦,૦૦૦** વર્ષ, ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત્ત ન્યૂન પલ્યોપમ.

વ્યંતર દેવીની સ્થિતિ ? જઘન્ય **૧૦,૦૦૦** વર્ષ, ઉત્કૃષ્ટ અર્દ્ધ પલ્યોપમ. અપર્યાપ્તાની ? બંને અંતર્મુહૂર્ત્ત. પર્યાપ્તિની ? જઘન્ય અંતર્મુહૂર્ત્ત ન્યૂન **૧૦,૦૦૦** વર્ષ, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત્ત ન્યૂન પલ્યો**પમ**

**૩૦૫.** જ્યોતિષ્ક દેવોની સ્થિતિ ? જઘન્યથી પલ્યોપમનો આઠમો ભાગ, ઉત્કૃષ્ટ પલ્યોપમ અને એક લાખ વર્ષાધિક. અપર્યાપ્ત જ્યોતિષ્ક દેવોનો પ્રશ્ન–જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને અંતર્મુહૂર્ત્ત. પર્યાપ્તા જ્યોતિષ્ક દેવોની સ્થિતિ? જઘન્યથી અંતર્મુહૂર્ત્ત ન્યૂન પલ્યોપમનો આઠમો ભાગ, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત્ત ન્યૂન લાખવર્ષાધિક પલ્યોપમ.

જ્યોતિષ્ક દેવીની સ્થિતિ ? ગૌતમ ! જઘન્ય પલ્યોપમનો અષ્ટભાગ, ઉત્કૃષ્ટ અર્દ્ધપલ્યોપમ અને **૫૦,૦૦૦** વર્ષાધિક. અપર્યાપ્તા જ્યોતિષ્ક દેવીની સ્થિતિ ? ગૌતમ ! જઘન્ય અને ઉત્કૃષ્ટ બને અંતર્મુહૂર્ત્ત. પર્યાપ્તા જ્યોતિષ્ક દેવીની સ્થિતિ ? સામાન્ય સ્થિતિમાંથી અંતર્મુહૂર્ત્ત ન્યૂન કરતા જે આવે તે.

ચંદ્ર વિમાનના દેવની સ્થિતિ ? જઘન્ય ચતુર્ભાગ પલ્યોપમ અને ઉત્કૃષ્ટ લાખ વર્ષાધિક પલ્યોપમ. અપર્યાપ્તા ચંદ્ર વિમાનના દેવની સ્થિતિ ? જઘન્ય અને ઉત્કૃષ્ટ બને અંતર્મુહૂર્ત્ત. પર્યાપ્તા ચંદ્ર વિમાનના દેવની સ્થિતિ? સામાન્ય સ્થિતિમાંથી અંતર્મુહૂર્ત્ત બાદ કરવું.

ચંદ્ર વિમાનની દેવીની સ્થિતિ ? જઘન્ય ચતુર્ભાગ પલ્યોપમ, ઉત્કૃષ્ટ **૫૦,૦૦૦** વર્ષાધિક અર્દ્ધપલ્યોપમ. અપર્યાપ્તા ચંદ્ર વિમાનની દેવીની સ્થિતિ ? જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને અંતર્મુહૂર્ત્ત. પર્યાપ્તા ચંદ્ર વિમાનની દેવીની સ્થિતિ ? જઘન્ય અંતર્મુહૂર્ત્ત ન્યૂન ચતુર્ભાગ પલ્યોપમ. ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત્ત ન્યૂન **૫૦,૦૦૦** વર્ષાધિક અર્ધપલ્યો**પમ.**

સૂર્ય વિમાને દેવોની સ્થિતિ? જઘન્યથી ચતુર્ભાગ પલ્યોપમ, ઉત્કૃષ્ટ હજાર વર્ષાધિક પલ્યોપમ. અપર્યાપ્તાની? જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને અંતર્મુહૂર્ત્ત. પર્યાપ્તા સૂર્ય વિમાનના દેવોની સ્થિતિ ? સામાન્ય સ્થિતિમાં અંતર્મુહૂર્ત્ત ન્યૂન.

સૂર્યવિમાને દેવીની સ્થિતિ? જઘન્ય ચતુર્ભાગ પલ્યોપમ, ઉત્કૃષ્ટ **૫૦૦** વર્ષાધિક અર્ધપલ્યોપમ. સૂર્યવિમાને અપર્યાપ્તા દેવીની સ્થિતિ? જઘન્ય ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત્ત. પર્યાપ્તા દેવીની સ્થિતિ? સામાન્યમાં અંતર્મુહૂર્ત્ત ન્યૂન

ગ્રહવિમાને દેવોની સ્થિતિ ? જઘન્યથી ચતુર્ભાગ પલ્યોપમ, ઉત્કૃષ્ટ પલ્યોપમ. ગ્રહવિમાને અપર્યાપ્તા દેવોની સ્થિતિ ? જઘન્ય ઉત્કૃષ્ટ બંને અંતર્મુહૂર્ત્ત. ગ્રહવિમાને પર્યાપ્તાદેવોની સ્થિતિ ? સામાન્ય સ્થિતિમાંથી અંતર્મુહૂર્ત્ત ન્યૂન.

ગ્રહવિમાને દેવીની સ્થિતિ ? જઘન્ય ચતુર્ભાગ પલ્યો**પમ,** ઉત્કૃષ્ટ અર્ધપલ્યોપમ. અપર્યાપ્તા ગ્રહવિમાનના દેવીની સ્થિતિ ? જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને અંતર્મુહૂર્ત્ત. પર્યાપ્તા ગ્રહવિમાનના દેવીની સ્થિતિ ? સામાન્ય સ્થિતિમાંથી અંતર્મુહૂર્ત્ત ન્યૂન કરવી.

નક્ષત્ર વિમાને દેવોની સ્થિતિ ? જઘન્યથી ચતુર્ભાગ પલ્યોપમ. ઉત્કૃષ્ટથી અર્ધપલ્યોપમ. અપર્યાપ્તા નક્ષત્ર વિમાને દેવોની સ્થિતિ ? જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને સ્થિતિ અંતર્મુહૂર્ત્ત. પર્યાપ્તા નક્ષત્ર વિમાનના દેવોની સ્થિતિ ? અંતર્મુહૂર્ત્ત ન્યૂન ચતુર્ભાગ પલ્યો**પમ** જઘન્ય સ્થિતિ અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત્ત ન્યૂન અર્ધપલ્યોપમ.

નક્ષત્ર વિમાને દેવીની સ્થિતિ ? જઘન્યથી ચતુર્ભાગ પલ્યોપમ, ઉત્કૃષ્ટ સાતિરેક ચતુર્ભાગ પલ્યોપ**મ**, અપર્યાપ્તા નક્ષત્ર વિમાને દેવીની સ્થિતિ? જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને અંતર્મુહૂર્ત. પર્યાપ્તા નક્ષત્ર વિમાને દેવીની સ્થિતિ? સામાન્યમાંથી અંતર્મુહૂર્ત બાદ કરવા.

તારા વિમાને દેવોની સ્થિતિ ? જઘન્યથી અષ્ટભાગ પલ્યોપમ, ઉત્કૃષ્ટ ચતુર્ભાગ પલ્યોપ**મ**, અપર્યાપ્તા તારા વિમાનના દેવોની સ્થિતિ ? જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને અંતર્મુહૂર્ત. પર્યાપ્તા તારા વિમાનના દેવોની સ્થિતિ? જઘન્ય અને ઉત્કૃષ્ટ બંનેમાં અંતર્મુહૂર્ત ન્યૂન.

તારા વિમાને દેવીની સ્થિતિ ? જઘન્યથી અષ્ટભાગ પલ્યોપમ, ઉત્કૃષ્ટ સાતિરેક અષ્ટભાગ પલ્યોપ**મ.** અપર્યાપ્તિ તારા વિમાનના દેવીની સ્થિતિ ? જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને સ્થિતિ અંતર્મુહૂર્ત. પર્યાપ્તિ તારા વિમાનના દેવીની સ્થિતિ ? જઘન્ય અંતર્મુહૂર્ત ન્યૂન અષ્ટભાગ પલ્યોપ**મ**, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન સાતિરેક અષ્ટભાગ પલ્યોપ**મ**

સૂત્ર–૩૦૬

ભગવન્ ! વૈમાનિક દેવોની કેટલા કાળની સ્થિતિ કહી છે ? ગૌતમ ! જઘન્યથી પલ્યોપમ, ઉત્કૃષ્ટ ૩૩–સાગરોપમ. અપર્યાપ્તાની વૈમાનિક દેવોની સ્થિતિ ? ગૌતમ ! જઘન્યથી અને ઉત્કૃષ્ટથી પણ અંતર્મુહૂર્ત. પર્યાપ્તા વૈમાનિક દેવોની સ્થિતિ ? જઘન્યથી અંતર્મુહૂર્ત ન્યૂન પલ્યોપમ. ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત ન્યૂન ૩૩–સાગરોપમ.

ભગવન્ ! વૈમાનિક દેવીની કેટલો કાળ સ્થિતિ છે ? જઘન્યથી એક પલ્યોપમ, ઉત્કૃષ્ટથી પંચાવન પલ્યોપમ. અપર્યાપ્તા વૈમાનિક દેવીની સ્થિતિ ? જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને અંતર્મુહૂર્ત. પર્યાપ્તી વૈમાનિક દેવીની ? જઘન્ય અંતર્મુહૂર્ત ન્યૂન પલ્યોપ**મ** ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન **૫૫**–પલ્યોપ**મ.**

સૌધર્મકલ્પે દેવોની કેટલા કાળની સ્થિતિ કહી છે? જઘન્યથી પલ્યોપમ, ઉત્કૃષ્ટથી બે સાગરોપમ. અપર્યાપ્તા સૌધર્મકલ્પના દેવોની સ્થિતિ ? જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને અંતર્મુહૂર્ત. પર્યાપ્તા સૌધર્મકલ્પના દેવોની સ્થિતિ ? સામાન્ય સ્થિતિમાંથી અંતર્મુહૂર્ત બાદ કરવું.

સૌધર્મકલ્પના દેવીની સ્થિતિ ? જઘન્યથી પલ્યોપમ, ઉત્કૃષ્ટથી **૫૦**–પલ્યોપમ. અપર્યાપ્તા સૌધર્મકલ્પના દેવીની સ્થિતિ ? જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને અંતર્મુહૂર્ત. પર્યાપ્તા સૌધર્મકલ્પના દેવીની સ્થિતિ ? સામાન્ય સ્થિતિમાંથી અંતર્મુહૂર્ત ન્યૂન સ્થિતિ બાદ કરવી.

સૌધર્મકલ્પના પરિગૃહીતા દેવીની સ્થિતિ ? જઘન્ય પલ્યોપમ, ઉત્કૃષ્ટ સાત પલ્યોપમ. અપર્યાપ્તા સૌધર્મ કલ્પના પરિગૃહીતા દેવીની સ્થિતિ ? જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને અંતર્મુહૂર્ત. સૌધર્મકલ્પના પરિગૃહીતા પર્યાપ્તા દેવીની સ્થિતિ ? જઘન્યથી અંતર્મુહૂર્ત ન્યૂન પલ્યોપમ, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન સાત પલ્યોપમ.

સૌધર્મકલ્પે અપરિગૃહીતા દેવીની સ્થિતિ ? જઘન્ય પલ્યોપમ, ઉત્કૃષ્ટ **૫૦**–પલ્યોપમ. સૌધર્મકલ્પે અપર્યાપ્તા દેવીની સ્થિતિ ? જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને અંતર્મુહૂર્ત. સૌધર્મકલ્પે પર્યાપ્તા દેવીની સ્થિતિ ? સામાન્ય સ્થિતિમાંથી અંતર્મુહૂર્ત બાદ.

ઈશાનકલ્પના દેવોની સ્થિતિ ? જઘન્યથી સાતિરેક પલ્યોપમ, ઉત્કૃષ્ટ સાતિરેક બે સાગરોપમ. ઈશાન કલ્પના અપર્યાપ્તા દેવોની સ્થિતિ ? જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને અંતર્મુહૂર્ત. ઈશાન કલ્પના પર્યાપ્તા દેવોની સ્થિતિ ? સામાન્ય સ્થિતિમાંથી અંતર્મુહૂર્ત ન્યૂન.

ઈશાનકલ્પે દેવીની સ્થિતિ ? જઘન્ય સાતિરેક પલ્યોપમ, ઉત્કૃષ્ટ **૫૫**–પલ્યોપમ, ઈશાનકલ્પે અપર્યાપ્તા દેવીની સ્થિતિ ? જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને અંતર્મુહૂર્ત. ઈશાનકલ્પે દેવીની સ્થિતિ ? સામાન્યમાંથી અંતર્મુહૂર્ત ન્યૂન.

ઈશાનકલ્પે પરિગૃહીતા દેવીની સ્થિતિ? જઘન્ય સાતિરેક પલ્યોપમ, ઉત્કૃષ્ટ નવ પલ્યોપ**મ**, ઈશાનકલ્પે પરિગૃહીતા અપર્યાપ્તા દેવીની સ્થિતિ ? જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને અંતર્મુહૂર્ત. ઈશાનકલ્પે પરિગૃહીતા અપર્યાપ્તા દેવીની

સ્થિતિ ? સામાન્ય સ્થિતિમાંથી અંતર્મુહૂર્ત્ત ન્યૂન.

ઈશાનકલ્પે અપરિગૃહીતા દેવીની સ્થિતિ ? જઘન્ય સાતિરેક પલ્યોપમ, ઉત્કૃષ્ટ ૫૫–પલ્યોપમ. ઈશાનકલ્પે અપરિગૃહીતા અપર્યાપ્તાદેવીની સ્થિતિ ? જઘન્ય ઉત્કૃષ્ટ બંને સ્થિતિ અંતર્મુહૂર્ત્ત છે. ઈશાનકલ્પે અપરિગૃહીતા પર્યાપ્તા દેવીની સ્થિતિ ? ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત્ત ન્યૂન સાતિરેક પલ્યોપમ અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત્ત ન્યૂન ૫૫–પલ્યોપમ.

સનત્કુમાર કલ્પના દેવોની કેટલા કાળની સ્થિતિ કહી છે? જઘન્ય બે સાગરોપમ, ઉત્કૃષ્ટ સાત સાગરોપમ. સનત્કુમાર કલ્પના અપર્યાપ્તા દેવોની સ્થિતિ ? જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને સ્થિતિ અંતર્મુહૂર્ત્ત. સનત્કુમાર કલ્પના પર્યાપ્તા દેવોની સ્થિતિ ? સામાન્ય સ્થિતિમાંથી અંતર્મુહૂર્ત્ત ન્યૂન કરવી.

માહેન્દ્રકલ્પના દેવોની સ્થિતિ ? જઘન્ય સાતિરેક બે સાગરોપમ, ઉત્કૃષ્ટ સાતિરેક સાત સાગરોપમ. માહેન્દ્ર કલ્પના અપર્યાપ્તા દેવોની સ્થિતિ ? જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને અંતર્મુહૂર્ત્ત. માહેન્દ્ર કલ્પના પર્યાપ્તા દેવોની સ્થિતિ ? સામાન્ય સ્થિતિમાંથી અંતર્મુહૂર્ત્ત ન્યૂન સ્થિતિ આવે તે સ્થિતિ.

બ્રહ્મલોકકલ્પના દેવોની સ્થિતિ ? જઘન્ય ૭ સાગરોપમ, ઉત્કૃષ્ટ ૧૦ સાગરોપમ. બ્રહ્મલોકકલ્પના અપર્યાપ્તા દેવોની સ્થિતિ? જઘન્ય ઉત્કૃષ્ટ બંને અંતર્મુહૂર્ત્ત. પર્યાપ્તા દેવોની સ્થિતિ? સામાન્ય સ્થિતિમાંથી અંતર્મુહૂર્ત્ત ન્યૂન.

લાંતક કલ્પના દેવોની સ્થિતિ ? જઘન્ય દશ સાગરોપમ, ઉત્કૃષ્ટ ચૌદ સાગરોપમ. લાંતક કલ્પના અપર્યાપ્તા દેવોની સ્થિતિ ? જઘન્ય ઉત્કૃષ્ટ બંને અંતર્મુહૂર્ત્ત સ્થિતિ. પર્યાપ્તા દેવોની સ્થિતિ ? સામાન્યમાંથી અંતર્મુહૂર્ત્ત ન્યૂન.

મહાશુક્રકલ્પના દેવોની સ્થિતિ? જઘન્ય **૧૪** સાગરોપમ, ઉત્કૃષ્ટ **૧૭**–સાગરોપમ. મહાશુક્રકલ્પના અપર્યાપ્તા દેવોની સ્થિતિ? જઘન્ય ઉત્કૃષ્ટ બંને અંતર્મુહૂર્ત્ત. પર્યાપ્તા દેવોની સ્થિતિ ? સામાન્ય સ્થિતિમાંથી અંતર્મુહૂર્ત્ત ન્યૂન.

સહસ્રારકલ્પના દેવોની સ્થિતિ ? જઘન્ય–**૧૭**–સાગરોપમ, ઉત્કૃષ્ટ **૧૮**–સાગરોપમ. સહસ્રારકલ્પના અપર્યાપ્તા દેવોની સ્થિતિ ? જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને અંતર્મુહૂર્ત્ત. સહસ્રારકલ્પના પર્યાપ્તા દેવોની સ્થિતિ ? સામાન્ય સ્થિતિમાંથી અંતર્મુહૂર્ત્ત ન્યૂન.

આનત કલ્પના દેવોની સ્થિતિ ? જઘન્ય **૧૮**–સાગરોપમ, ઉત્કૃષ્ટ **૧૯**–સાગરોપમ. આનત કલ્પના અપર્યાપ્તા દેવોની સ્થિતિ ? જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને અંતર્મુહૂર્ત્ત. આનત કલ્પના પર્યાપ્તા દેવોની સ્થિતિ ? સામાન્ય સ્થિતિમાંથી અંતર્મુહૂર્ત્ત ન્યૂન.

પ્રાણતકલ્પના દેવોની કેટલા કાળની સ્થિતિ કહી છે? જઘન્ય **૧૯** સાગરોપમ, ઉત્કૃષ્ટ **૨૦**–સાગરોપમ. પ્રાણતકલ્પના અપર્યાપ્તા દેવોની સ્થિતિ ? જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને અંતર્મુહૂર્ત્ત. પ્રાણતકલ્પના અપર્યાપ્તા દેવોની સ્થિતિ ? સામાન્ય સ્થિતિમાંથી અંતર્મુહૂર્ત્ત ન્યૂન.

આરણ કલ્પના દેવોની સ્થિતિ? જઘન્ય **૨૦** સાગરોપમ, ઉત્કૃષ્ટ **૨૧**–સાગરોપમ. આરણ કલ્પના અપર્યાપ્તા દેવોની સ્થિતિ ? જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને અંતર્મુહૂર્ત્ત. આરણ કલ્પના પર્યાપ્તા દેવોની સ્થિતિ ? જઘન્યથી અંતર્મુહૂર્ત્ત ન્યૂન **૨૦**–સાગરોપમ, ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત્ત ન્યૂન **૨૧**–સાગરોપમની છે.

અચ્યુત કલ્પના દેવોની સ્થિતિ ? જઘન્યથી **૨૧**–સાગરોપમ, ઉત્કૃષ્ટથી **૨૨**–સાગરોપમ. અચ્યુત કલ્પના અપર્યાપ્તા દેવોની સ્થિતિ ? જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને અંતર્મુહૂર્ત્ત. અચ્યુત કલ્પના અપર્યાપ્તા દેવોની સ્થિતિ ? સામાન્ય સ્થિતિમાંથી અંતર્મુહૂર્ત્ત ન્યૂન.

નીચલી નીચલી ગ્રૈવેયકના દેવોની સ્થિતિ ? જઘન્યથી બાવીશ સાગરોપમ, ઉત્કૃષ્ટથી **૨૩**–સાગરોપમ. નીચલી નીચલી ગ્રૈવેયકના અપર્યાપ્તા દેવોની સ્થિતિ ? જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને અંતર્મુહૂર્ત્ત. નીચલી નીચલી ગ્રૈવેયકના અપર્યાપ્તા દેવોની સ્થિતિ ? સામાન્ય સ્થિતિમાંથી અંતર્મુહૂર્ત્ત ન્યૂન.

નીચલી મધ્યમ ગ્રૈવેયકના દેવોની સ્થિતિ ? જઘન્યથી ૨૩ સાગરોપમ, ઉત્કૃષ્ટ **૨૪**–સાગરોપમ. નીચલી

મધ્યમ ગ્રૈવેયકના અપર્યાપ્તા દેવોની સ્થિતિ ? જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને અંતર્મુહૂર્ત. નીચલી મધ્યમ ગ્રૈવેયકના અપર્યાપ્તા દેવોની સ્થિતિ ? સામાન્ય સ્થિતિમાંથી અંતર્મુહૂર્ત ન્યૂન.

નીચલી–ઉપલી ગ્રૈવેયકના દેવોની સ્થિતિ ? જઘન્ય **૨૪**–સાગરોપમ, ઉત્કૃષ્ટ **૨૫**–સાગરોપમ,નીચલી–ઉપલી ગ્રૈવેયકના અપર્યાપ્તા દેવોની સ્થિતિ ? જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને અંતર્મુહૂર્ત. નીચલી–ઉપલી ગ્રૈવેયકના અપર્યાપ્તા દેવોની સ્થિતિ ? સામાન્ય સ્થિતિમાંથી અંતર્મુહૂર્ત ન્યૂન.

મધ્યમ–નીચલી ગ્રૈવેયકના દેવોની સ્થિતિ ? જઘન્ય **૨૫**–સાગરોપમ, ઉત્કૃષ્ટ **૨૬**–સાગરોપમ. મધ્યમ–નીચલી ગ્રૈવેયકના અપર્યાપ્તા દેવોની સ્થિતિ ? જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને અંતર્મુહૂર્ત. મધ્યમ–નીચલી ગ્રૈવેયકના અપર્યાપ્તા દેવોની સ્થિતિ ? સામાન્ય સ્થિતિમાંથી અંતર્મુહૂર્ત બાદ.

મધ્યમ–મધ્યમ ગ્રૈવેયકના દેવોની સ્થિતિ ? જઘન્ય **૨૬**–સાગરોપમ, ઉત્કૃષ્ટ **૨૭**–સાગરોપમ. મધ્યમ–મધ્યમ ગ્રૈવેયકના અપર્યાપ્તા દેવોની સ્થિતિ ? જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને અંતર્મુહૂર્ત. મધ્યમ–મધ્યમ ગ્રૈવેયકના અપર્યાપ્તા દેવોની સ્થિતિ ? સામાન્ય સ્થિતિમાંથી અંતર્મુહૂર્ત ન્યૂન.

મધ્યમ–ઉપલી ગ્રૈવેયકના દેવોની સ્થિતિ ? જઘન્ય **૨૭**–સાગરોપમ, ઉત્કૃષ્ટ **૨૮**–સાગરોપમ. મધ્યમ–ઉપલી ગ્રૈવેયકના અપર્યાપ્તા દેવોની સ્થિતિ ? જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને અંતર્મુહૂર્ત. મધ્યમ–ઉપલી ગ્રૈવેયકના અપર્યાપ્તા દેવોની સ્થિતિ ? સામાન્ય સ્થિતિમાંથી અંતર્મુહૂર્ત ન્યૂન.

ઉપરની નીચલી ગ્રૈવેયકના દેવોની સ્થિતિ ? જઘન્ય **૨૮**–સાગરોપમ, ઉત્કૃષ્ટ **૨૯**–સાગરોપમ. ઉપરની નીચલી ગ્રૈવેયકના અપર્યાપ્તા દેવોની સ્થિતિ ? જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને અંતર્મુહૂર્ત. ઉપરની નીચલી ગ્રૈવેયકના પર્યાપ્તા દેવોની સ્થિતિ ? સામાન્ય સ્થિતિમાંથી અંતર્મુહૂર્ત ન્યૂન.

ઉપરની મધ્યમ ગ્રૈવેયકના દેવોની સ્થિતિ ? જઘન્ય **૨૯**–સાગરોપમ, ઉત્કૃષ્ટ **૩૦**–સાગરોપમ. ઉપરની મધ્યમ ગ્રૈવેયકના અપર્યાપ્તા દેવોની સ્થિતિ ? જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને અંતર્મુહૂર્ત. ઉપરની મધ્યમ ગ્રૈવેયકના પર્યાપ્તા દેવોની સ્થિતિ ? સામાન્ય સ્થિતિમાંથી અંતર્મુહૂર્ત ન્યૂન.

ઉપરની ઉપલી ગ્રૈવેયકના દેવોની સ્થિતિ ? જઘન્ય **૩૦**–સાગરોપમ, ઉત્કૃષ્ટ **૩૧**–સાગરોપમ. ઉપરની ઉપલી ગ્રૈવેયકના અપર્યાપ્તા દેવોની સ્થિતિ ? જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને અંતર્મુહૂર્ત. ઉપરની ઉપલી ગ્રૈવેયકના અપર્યાપ્તા દેવોની સ્થિતિ ? સામાન્ય સ્થિતિમાંથી અંતર્મુહૂર્ત ન્યૂન.

ભગવન્ ! વિજય, વૈજયંત, જયંત, અપરાજિતમાં દેવોની કેટલા કાળની સ્થિતિ કહી છે ? ગૌતમ ! જઘન્યથી **૩૧**–સાગરોપમ, ઉત્કૃષ્ટથી **૩૩**–સાગરોપમ કાળ સ્થિતિ કહી છે. ભગવન્ ! વિજય, વૈજયંત, જયંત, અપરાજિતમાં અપર્યાપ્તા દેવોની કેટલા કાળની સ્થિતિ કહી છે ? જઘન્યથી, અને ઉત્કૃષ્ટથી બંને અંતર્મુહૂર્ત. ભગવન્ ! વિજય, વૈજયંત, જયંત, અપરાજિતમાં અપર્યાપ્તા દેવોની કેટલા કાળની સ્થિતિ કહી છે ? જઘન્યથી અંતર્મુહૂર્ત ન્યૂન **૩૧**–સાગરોપમ, ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત ન્યૂન **૩૩**–સાગરોપમ છે.

ભગવન્ ! સર્વાર્થસિદ્ધના દેવોની કેટલા કાળની સ્થિતિ કહી છે ? ગૌતમ ! સર્વાર્થસિદ્ધના દેવોની અજઘન્યોત્કૃષ્ટ **૩૩**–સાગરોપમ કાળ સ્થિતિ કહી છે. ભગવન્ ! સર્વાર્થસિદ્ધના અપર્યાપ્તા દેવોની કેટલા કાળની સ્થિતિ કહી છે ? ગૌતમ ! સર્વાર્થસિદ્ધના અપર્યાપ્તા દેવોની કેટલા કાળની સ્થિતિ કહી છે ? જઘન્યથી અને ઉત્કૃષ્ટથી બંને સ્થિતિ અંતર્મુહૂર્ત કહી છે. ભગવન્ ! સર્વાર્થસિદ્ધના પર્યાપ્તા દેવોની કેટલા કાળની સ્થિતિ કહી છે ? ગૌતમ ! સર્વાર્થસિદ્ધના પર્યાપ્તા દેવોની સ્થિતિ અજઘન્યોત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન **૩૩**–સાગરોપમ છે.

**પદ-૪ 'સ્થિતિ'નો મુનિ દીપરત્નસાગરે કરેલ ભાવાનુવાદ પૂર્ણ**

# પદ–૫ ' પર્યાય'

## સૂત્ર–૩૦૭

ભગવન્ ! પર્યાયો કેટલા ભેદે છે ? ગૌતમ ! બે ભેદે – જીવપર્યાય અને અજીવપર્યાય.

ભગવન્ ! જીવપર્યાયો સંખ્યાતા છે, અસંખ્યાતા છે કે અનંતા છે ? ગૌતમ ! સંખ્યાત કે અસંખ્યાત નથી, અનંત છે. ભગવન્ ! એમ કેમ કહ્યું ?

ગૌતમ ! નૈરયિકો, અસુરકુમારો, નાગકુમારો, સુવર્ણકુમારો, વિદ્યુતકુમારો, અગ્નિકુમારો, દ્વીપકુમારો, ઉદધિ કુમારો, દિશાકુમારો, વાયુકુમારો અને સ્તનિતકુમારો, પૃથ્વીકાયિકો–અપ્કાયિકો–તેઉકાયિકો–વાયુકાયિકો એ બધાં. અસંખ્યાતા છે. વનસ્પતિકાયિકો અનંતા છે. બે–ત્રણ–ચાર ઇન્દ્રિયોવાળા, પંચેન્દ્રિય તિર્યંચો, મનુષ્યો, વ્યંતરો, જ્યોતિષ્કો વૈમાનિકો આ બધા અસંખ્યાતા છે. તથા સિદ્ધો અનંતા છે. તેથી હે ગૌતમ ! એમ કહ્યું કે – અનંતા છે.

## સૂત્ર–૩૦૮

ભગવન્ ! નારકોના કેટલા પર્યાયો છે ? ગૌતમ ! અનંતા પર્યાયો છે.

ભગવન્ !એમ કેમ કહ્યું ? ગૌતમ ! એક નારક, બીજા નારકની અપેક્ષાએ દ્રવ્યાર્થપણે તુલ્ય છે, પ્રદેશાર્થપણે તુલ્ય છે, પણ અવગાહના વડે કદાચ હીન, કદાચ તુલ્ય, કદાચ અધિક હોય. જો હીન હોય તો અસંખ્યાતમો ભાગ હીન હોય, સંખ્યાતમો ભાગહિન, સંખ્યાત ગુણ હીન કે અસંખ્યાતગુણ હીન હોય. જો અધિક હોય તો અસંખ્યાતમો ભાગ અધિક, સંખ્યાતમો ભાગ અધિક, સંખ્યાત ગુણ અધિક કે અસંખ્યાતગુણ અધિક હોય.

સ્થિતિની અપેક્ષાથી કદાચ હીન, કદાચ તુલ્ય કે કદાચ અધિક હોય. જો હીન સ્થિતિક હોય તો અસંખ્યાતમો ભાગ હીન યાવત્ અસંખ્યાતગુણ હીન હોય. જો અધિક હોય તો અસંખ્યાતમો ભાગ અધિક યાવત્ અસંખ્યાતગુણ અધિક સ્થિતિવાળો હોય,

કાળા વર્ણ પર્યાયની અપેક્ષાથી કદાચ હીન, કદાચ તુલ્ય કે કદાચ અધિક હોય. જો હીન હોય તો અનંતમો ભાગ હીન, અસંખ્યાતમો ભાગ હીન કેસંખ્યાતમો ભાગ હીન હોય અથવા સંખ્યાત ગુણ હીન –અસંખ્યાત ગુણ હીન કે અનંતગુણ હીન હોય. જો અધિક હોય તો અનંતમો ભાગ અધિક યાવત્ અનંતગુણ અધિક હોય.

એ રીતે નીલ–રક્ત–હારિદ્ર અને શુક્લવર્ણની અપેક્ષાથી પણ છ સ્થાન પતિત જાણવો.

સુગંધ અને દુર્ગંધ પર્યાયની અપેક્ષાથી છ સ્થાન પતિત હોય,

તિક્ત–કટુક–કષાય–અમ્લ–મધુરરસ પર્યાયની અપેક્ષાએ છ સ્થાન પતિત હોય,

કર્કશ–મૃદુ–ગુરુ–લઘુ–શીત–ઉષ્ણ–સ્નિગ્ધ–રૂક્ષ સ્પર્શ પર્યાય વડે છ સ્થાન પ્રાપ્ત હોય.

આભિનિબોધિક–શ્રુત–અવધિ–મનઃપર્યાયજ્ઞાન પર્યાય તથા મતિઅજ્ઞાન–શ્રુતઅજ્ઞાન–વિભંગજ્ઞાન પર્યાય વડે, ચક્ષુ–અચક્ષુ–અવધિ દર્શન પર્યાય વડે છ સ્થાનને પ્રાપ્ત હોય. તે કારણથી હે ગૌતમ ! એમ કહ્યું કે નારકોના અનંતા પર્યાય હોય છે.

## સૂત્ર–૩૦૯ થી ૩૧૪

૩૦૯. ભગવન્ ! અસુરકુમારોના કેટલા પર્યાયો કહ્યા છે ? ગૌતમ ! અનંતપર્યાયો છે.

ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! એક અસુરકુમાર બીજા અસુરકુમાર કરતા દ્રવ્યાર્થપણે તુલ્ય છે, પ્રદેશાર્થપણે તુલ્ય છે. અવગાહના રૂપે ચતુઃસ્થાન પતિત છે. સ્થિતિ વડે ચતુઃસ્થાન પતિત છે. કાળાવર્ણ પર્યાયથી છ સ્થાનને પ્રાપ્ત થયેલ છે. એ રીતે નીલ–રક્ત–પીત–શુક્લવર્ણ પર્યાય વડે, સુગંધ–દુર્ગંધ પર્યાય વડે, તિક્ત–કટુક–કષાય–અમ્લ–મધુર રસ પર્યાય વડે, રસ પર્યાય વડે, કર્કશ–મૃદુ–ગુરુ–લઘુ–શીત–ઉષ્ણ–સ્નિગ્ધ–રૂક્ષ

સ્પર્શ પર્યાય વડે, આભિનિબોધિકાદિ ચાર જ્ઞાન, મતિ આદિ ત્રણ અજ્ઞાન વડે તથા ચક્ષુ–અચક્ષુ–અવધિ દર્શન પર્યાય વડે છ સ્થાનક પતિત છે. હે ગૌતમ ! એ કારણથી કહું છું કે – અસુરકુમારને અનંત પર્યાયો કહ્યા છે. બાકી બધું નૈરયિકવત્ જાણવું. અસુરકુમારની માફક સ્તનિતકુમાર સુધી કહેવું.

૩૧૦. ભગવન્ ! પૃથ્વીકાયિકોને કેટલા પર્યાયો છે ? ગૌતમ ! અનંત પર્યાયો છે.

ભગવન્! એમ કેમ કહ્યું ? ગૌતમ! એક પૃથ્વીકાયિક, બીજા પૃથ્વીકાયિકની અપેક્ષાએ દ્રવ્યાર્થ અને પ્રદેશાર્થ રૂપે તુલ્ય છે, અવગાહના રૂપે કદાચિત હીન–તુલ્ય કે અધિક હોય છે. જો ન્યૂન હોય તો અસંખ્યાતમો ભાગ ન્યૂન કે સંખ્યાતમો ભાગ ન્યૂન હોય છે અથવા સંખ્યાત ગુણઅધિક કે અસંખ્યાત ગુણ અધિક હોય છે. સ્થિતિની અપેક્ષાએ ત્રિસ્થાન પતિત હોય– કદાચ ન્યૂન, કદાચ તુલ્ય કે કદાચ અધિક હોય. જો ન્યૂન હોય તો અસંખ્યાતમો ભાગ ન્યૂન, સંખ્યાતમો ભાગ ન્યૂન, સંખ્યાતગુણ ન્યૂન હોય. જો અધિક હોય તો અસંખ્યાતમો ભાગ અધિક, સંખ્યાતમો ભાગ અધિક કે સંખ્યાતગુણ અધિક હોય. વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, મતિ અને શ્રુત અજ્ઞાનપર્યાય, અચક્ષુદર્શન પર્યાય વડે છ સ્થાન પતિત હોય છે.

ભગવન્ ! અપ્કાયિકોને કેટલા પર્યાયો છે ? ગૌતમ ! અનંત પર્યાયો છે.

ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! એક અપ્કાયિક બીજા અપ્કાયિકની અપેક્ષાએ દ્રવ્યાર્થ–પ્રદેશાર્થપણે તુલ્ય છે. અવગાહના રૂપે ચાર સ્થાન અને સ્થિતિરૂપે ત્રિસ્થાન પતિત હોય છે. વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, ચક્ષુદર્શનથી છ સ્થાન પતિત હોય.

ભગવન્ ! તેઉકાયિકના કેટલા પર્યાયો છે ? ગૌતમ ! અનંત પર્યાયો છે.

ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ! એક તેઉકાયિક, બીજા એક તેઉકાયિકની અપેક્ષાથી દ્રવ્યાર્થ–પ્રદેશાર્થપણે તુલ્ય છે. અવગાહનરૂપે ચતુઃસ્થાન પતિત, સ્થિતિરૂપે ત્રિસ્થાન પતિત હોય છે. વર્ણાદિથી ચાર, મતિ આદિ બે અજ્ઞાન, અચક્ષુદર્શન વડે પર્યાય છ સ્થાન પતિત હોય છે.

ભગવન્ ! વાયુકાયિકના કેટલા પર્યાયો છે ? ગૌતમ ! અનંત પર્યાયો છે.

ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! એક વાયુકાયિક બીજા એક વાયુકાયિકની અપેક્ષાથી દ્રવ્યાર્થ અને પ્રદેશાર્થરૂપે તુલ્ય છે. અવગાહનારૂપે ચતુઃસ્થાન, સ્થિતિરૂપે ત્રિસ્થાનપતિત છે. વર્ણાદિ ચાર, મતિ આદિ બે અજ્ઞાન, અચક્ષુદર્શન પર્યાય વડે છ સ્થાન પતિત હોય છે.

ભગવન્ ! વનસ્પતિકાયિકના કેટલા પર્યાય છે ? ગૌતમ ! અનંત પર્યાયો છે.

ભગવન્! એમ કેમ કહ્યું ? ગૌતમ ! કોઈ એક વનસ્પતિકાયિક બીજા વનસ્પતિકાયિકની અપેક્ષાએ દ્રવ્યાર્થ અને પ્રદેશાર્થથી તુલ્ય છે. અવગાહનારૂપે ચતુઃસ્થાન અને સ્થિતિરૂપે ત્રિસ્થાનપતિત છે. વર્ણાદિથી ચાર, મત્યાદિ બે અજ્ઞાન, અચક્ષુદર્શન પર્યાય વડે છ સ્થાન પતિત છે.

૩૧૧. ભગવન્ ! બેઇન્દ્રિયોને કેટલા પર્યાય છે ? ગૌતમ ! અનંત પર્યાયો છે.

ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! એક બેઇન્દ્રિય, બીજા બેઇન્દ્રિય ની અપેક્ષાથી દ્રવ્યાર્થ–પ્રદેશાર્થપણે તુલ્ય છે. અવગાહનાથી કદાચ ન્યૂન, તુલ્ય કે અધિક હોય. જો ન્યૂન હોય તો અસંખ્યાત કે સંખ્યાત ભાગ ન્યૂન તથા સંખ્યાત કે અસંખ્યાતગુણ ન્યૂન હોય. જો અધિક હોય તો અસંખ્યાત ભાગ યાવત્ અસંખ્યાતગુણ અધિક હોય છે. સ્થિતિને આશ્રીને ત્રિસ્થાનપતિત હોય. વર્ણાદિ ચાર, આભિનિબોધિકાદિ બે જ્ઞાન, બે અજ્ઞાન અને અચક્ષુદર્શન પર્યાય વડે છ સ્થાનપતિત હોય છે.

એ પ્રમાણે તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિયો જીવો જાણવા. પણ ચઉરિન્દ્રિયોમાં એ વિશેષ છે કે તેને ચક્ષુ અને અચક્ષુ એ બે દર્શન હોય છે.

**૩૧૨.** પંચેન્દ્રિય તિર્યંચયોનિકને નૈરયિકોવત્ કહેવા.

**૩૧૩.** ભગવન્ ! મનુષ્યોને કેટલા પર્યાયો છે ? ગૌતમ ! અનંત પર્યાયો છે.

ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ! કોઈ એક મનુષ્ય, બીજા મનુષ્યની અપેક્ષાથી દ્રવ્યાર્થ–પ્રદેશાર્થપણે તુલ્ય છે. અવગાહનારૂપે ચતુઃસ્થાન પતિત અને સ્થિતિરૂપે ત્રિસ્થાન પતિત છે. વર્ણાદિ ચાર સ્થાન પતિત અને, આભિનિબોધિકાદિ ચાર જ્ઞાનથી છ સ્થાન પતિત છે. કેવળજ્ઞાન પર્યાયથી તુલ્ય છે. ત્રણ અજ્ઞાન, ત્રણ દર્શન વડે છ સ્થાન પતિત છે. કેવળદર્શન પર્યાયથી તુલ્ય છે.

**૩૧૪.** વ્યંતરો અવગાહના અને સ્થિતિરૂપે ચતુઃસ્થાન પતિત છે. વર્ણાદિથી છ સ્થાન પતિત છે. જ્યોતિષ્ક અને વૈમાનિક પણ એ જ પ્રકારે છે. પણ સ્થિતિ વડે ત્રિસ્થાનપતિત છે.

સૂત્ર–૩૧૫

ભગવન્ ! જઘન્ય અવગાહનાવાળા નૈરયિકોને કેટલા પર્યાયો છે ? ગૌતમ ! અનંતા પર્યાયો છે.

ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! જઘન્ય અવગાહનાવાળો નૈરયિક બીજા જઘન્ય અવગાહનાવાળા નૈરયિકની અપેક્ષાએ દ્રવ્યાર્થ–પ્રદેશાર્થ–અવગાહનારૂપે તુલ્ય છે, સ્થિતિ વડે ચતુઃસ્થાન પતિત છે. વર્ણ, ગંધ, રસ, સ્પર્શ પર્યાય તથા ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાન, ત્રણ દર્શન વડે છ સ્થાન પતિત છે.

ભગવન્ ! ઉત્કૃષ્ટ અવગાહનાવાળા નૈરયિકોના કેટલા પર્યાયો છે ? ગૌતમ! અનંતા પર્યાયો છે.

ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! ઉત્કૃષ્ટ અવગાહનાવાળો એક નૈરયિક, બીજા નૈરયિકની અપેક્ષાથી દ્રવ્યાર્થ–પ્રદેશાર્થ–અવગાહનારૂપે તુલ્ય છે. સ્થિતિ વડે કદાચ ન્યૂન, તુલ્ય કે અધિક હોય. જો ન્યૂન હોય તો અસંખ્યાતમો ભાગ ન્યૂન હોય, સંખ્યાતમો ભાગ ન્યૂન હોય, અધિક હોય તો અસંખ્યાતમો કે સંખ્યાતમો ભાગ અધિક હોય. વર્ણ–ગંધ–રસ–સ્પર્શ પર્યાયથી, ત્રણ જ્ઞાન–ત્રણ અજ્ઞાન–ત્રણ દર્શન વડે છ સ્થાન પતિત હોય.

ભગવન્ ! અજઘન્ય અનુત્કૃષ્ટ અવગાહનાવાળા નૈરયિકોને કેટલા પર્યાયો છે? ગૌતમ! અનંતા પર્યાયો છે.

ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! અજઘન્ય અનુત્કૃષ્ટ(મધ્યમ) અવગાહનાવાળો એક નૈરયિક, તેવા જ નૈરયિકની અપેક્ષાએ દ્રવ્યાર્થ અને પ્રદેશાર્થરૂપે તુલ્ય હોય, અવગાહનારૂપે કદાચ હીન, તુલ્ય કે અધિક હોય. જો હીન હોય તો કદાચ અસંખ્યાતમો ભાગ કે સંખ્યાતમો ભાગ કે સંખ્યાતગુણ કે અસંખ્યાતગુણ હીન હોય. જો અધિક હોય તો અસંખ્યાતમો ભાગ યાવત્ અસંખ્યાગુણ અધિક હોય. સ્થિતિ વડે કદાચ હીન, તુલ્ય કે અધિક હોય. જો હીન હોય તો અસંખ્યાતમો ભાગ, સંખ્યાતમો ભાગ કે સંખ્યાતગુણ હીન હોય, જો અધિક હોય તો આ ત્રણેથી અધિક હોય, વર્ણ–ગંધ–રસ–સ્પર્શ વડે, ત્રણ જ્ઞાન– ત્રણ અજ્ઞાન–દર્શન વડે છ સ્થાન પતિત હોય, જેથી અજઘન્યાનુત્કૃષ્ટ અવગાહનાવાળા નૈરાયિકને અનંત પર્યાયો કહ્યા.

ભગવન્ ! જઘન્ય સ્થિતિક નૈરયિકોને કેટલા પર્યાયો છે ? ગૌતમ ! અનંતા પર્યાયો છે.

ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! જઘન્યસ્થિતિક એક નૈરયિક, બીજા નૈરયિકની અપેક્ષાથી દ્રવ્યાર્થ અને પ્રદેશાર્થરૂપે તુલ્ય છે. અવગાહનારૂપે ચતુઃસ્થાન પતિત છે. સ્થિતિ વડે તુલ્ય છે. વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, પર્યાય વડે, ત્રણ જ્ઞાન–ત્રણ અજ્ઞાન–ત્રણ દર્શનો વડે છ સ્થાન પતિત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટ સ્થિતિ અને અજઘન્ય અનુત્કૃષ્ટ સ્થિતિવાળા નૈરયિકોને માટે જાણવું. પણ સ્વસ્થાન અપેક્ષાએ ચતુઃસ્થાન પતિત હોય છે.

ભગવન્ ! જઘન્ય કાળા વર્ણવાળા નૈરયિકોના કેટલા પર્યાયો છે ? ગૌતમ ! અનંતા પર્યાયો છે.

ભગવન્! એમ કેમ કહ્યું ? ગૌતમ ! જઘન્ય કાળા વર્ણવાળા એક નૈરયિકની અપેક્ષા બીજા નૈરયિકની અપેક્ષા દ્રવ્યાર્થ અને પ્રદેશાર્થપણે તુલ્ય છે. અવગાહના અને સ્થિતિ વડે ચતુઃસ્થાન પતિત છે. કાળા વર્ણપર્યાય વડે તુલ્ય છે, બાકીના વર્ણાદિ વડે, ત્રણ જ્ઞાન–ત્રણ અજ્ઞાન–ત્રણ દર્શનથી છ સ્થાનપતિત હોય છે. તે હેતુથી હે ગૌતમ ! કહ્યું

કે જઘન્ય કાળા વર્ણવાળા નૈરયિકોના અનંતપર્યાયો છે.

એ પ્રમાણે ઉત્કૃષ્ટ અને અજઘન્ય અનુત્કૃષ્ટ કૃષ્ણ વર્ણવાળા નૈરયિકો માટે પણ જાણવુ. પણ કાળા વર્ણ પર્યાયથી છ સ્થાન પતિત હોય છે, એ પ્રમાણે બાકીના વર્ણો અને ગંધાદિમાં જાણવું.

ભગવન્ ! જઘન્ય આભિનિબોધિક જ્ઞાની નૈરયિકોને કેટલા પર્યાયો છે ? ગૌતમ ! અનંતા પર્યાયો છે.

ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! જઘન્ય આભિનિબોધિક જ્ઞાની એક નૈરયિક, બીજા નૈરયિકની અપેક્ષાએ દ્રવ્યાર્થ–પ્રદેશાર્થપણે તુલ્ય છે. અવગાહનાથી ચતુઃસ્થાન પતિત છે. વર્ણાદિ ચાર વડે છ સ્થાન પતિત છે. આભિનિબોધિક જ્ઞાનપર્યાય વડે તુલ્ય છે. શ્રુતજ્ઞાન–અવધિજ્ઞાન પર્યાયો અને ત્રણ દર્શન વડે છ સ્થાન પતિત છે.

એ પ્રમાણે ઉત્કૃષ્ટ અને મધ્યમ આભિનિબોધિક જ્ઞાની નૈરયિકો માટે પણ તેમ જાણવુ. પણ સ્વસ્થાનથી આભિનિબોધિક જ્ઞાન પર્યાયો વડે છ સ્થાન પતિત છે. એ પ્રમાણે શ્રુતજ્ઞાની, અવધિજ્ઞાની નૈરયિકો વિશે પણ જાણવુ. પણ જેમને જ્ઞાન હોય, તેમને અજ્ઞાન હોતું નથી. જ્ઞાનની જેમ અજ્ઞાન વિશે પણ કહેવું. પરંતુ જેને અજ્ઞાન હોય તેને જ્ઞાન હોતું નથી.

ભગવન્ ! જઘન્ય ચક્ષુદર્શની નૈરયિકોને કેટલા પર્યાયો છે ? ગૌતમ ! અનંતા પર્યાયો છે.

ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! જઘન્ય ચક્ષુદર્શનવાળો એક નૈરયિક, બીજા નૈરયિકની અપેક્ષાએ દ્રવ્યાર્થ–પ્રદેશાર્થરૂપે તુલ્ય છે. અવગાહનાથી ચતુઃસ્થાન પતિત છે, સ્થિતિથી ચતુઃસ્થાન પતિત છે. વર્ણાદિ ચાર, ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાન વડે છ સ્થાન પતિત છે. ચતુદર્શનપર્યાય વડે તુલ્ય છે. અચક્ષુદર્શન અને અવધિ દર્શન પર્યાય વડે છ સ્થાન પતિત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટ અને મધ્યમ ચક્ષુદર્શન વાળા પણ જાણવા. સ્વસ્થાન અપેક્ષાએ છ સ્થાન પતિત હોય છે. આ પ્રમાણે ચક્ષુ અને અવધિદર્શની પણ જાણવા.

## સૂત્ર–૩૧૬ થી ૩૨૧

**૩૧૬.** ભગવન્ ! જઘન્ય અવગાહનાવાળા અસુરકુમારોને કેટલા પર્યાયો છે ? ગૌતમ! અનંતા પર્યાયો છે.

ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! જઘન્ય અવગાહનાવાળો એક અસુરકુમાર, બીજા અસુરકુમારની અપેક્ષાએ દ્રવ્યાર્થ–પ્રદેશાર્થ–અવગાહનાથી તુલ્ય છે. સ્થિતિ વડે ચતુઃસ્થાન પતિત છે. વર્ણાદિ વડે છ સ્થાન પતિત છે. આભિનિબોધિકાદિ ત્રણ જ્ઞાનના પર્યાયો વડે, ત્રણ અજ્ઞાન, ત્રણ દર્શન વડે છ સ્થાન પતિત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટ અવગાહનાવાળા સંબંધે જાણવું. મધ્યમ અવગાહનાવાળામાં પણ જાણવું. પણ સ્વસ્થાન અવગાહના અપેક્ષાથી ચતુઃસ્થાનપતિત જાણવા.

એ પ્રમાણે સ્તનિતકુમાર સુધી જાણવુ.

**૩૧૭.** ભગવન્ ! જઘન્ય અવગાહનાવાળા પૃથ્વીકાયિકોને કેટલા પર્યાયો છે ? ગૌતમ ! અનંતા પર્યાયો છે.

ભગવન્ ! એમ કેમ કહો છો ? ગૌતમ ! જઘન્ય અવગાહનાવાળો એક પૃથ્વીકાયિક, બીજા પૃથ્વીની અપેક્ષાએ દ્રવ્યાર્થ–પ્રદેશાર્થ–અવગાહના રૂપે તુલ્ય છે. પણ સ્થિતિથી ત્રિસ્થાનપતિત છે. વર્ણ–ગંધ–રસ–સ્પર્શ વડે, બે અજ્ઞાન, અચક્ષુદર્શન પર્યાય વડે છ સ્થાન પતિત છે. એમ ઉત્કૃષ્ટ અવગાહનાવાળા પૃથ્વીકાયિક પણ જાણવા. મધ્યમ અવગાહનાવાળા પૃથ્વીકાયિક માટે એમ જ જાણવુ. પણ સ્વસ્થાન અપેક્ષાએ ચતુઃસ્થાનપતિત જાણવા.

જઘન્ય સ્થિતિક પૃથ્વીકાયિકને કેટલા પર્યાયો છે ? ગૌતમ ! અનંતા પર્યાયો છે.

ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! જઘન્ય સ્થિતિક પૃથ્વીકાયિક બીજા તેવા જઘન્ય સ્થિતિક પૃથ્વીકાયિક ની અપેક્ષાથી દ્રવ્યાર્થ–પ્રદેશાર્થ–સ્થિતિરૂપે તુલ્ય છે અને અવગાહનારૂપે ચતુઃસ્થાન પતિત છે. વર્ણ–ગંધ–રસ–સ્પર્શ પર્યાય વડે, બે અજ્ઞાન–અચક્ષુદર્શનપર્યાય વડે છ સ્થાન પતિત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટ સ્થિતિક પૃથ્વીકાયિક પણ જાણવો. મધ્યમસ્થિતિકમાં પણ એમ જ સમજવું. પણ સ્થિતિ વડે ત્રિસ્થાનપતિત છે.

ભગવન્ ! જઘન્ય કાળા ગુણવાળા પૃથ્વીકાયિકને કેટલા પર્યાયો છે ? ગૌતમ! અનંતા પર્યાયો છે..

ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! જઘન્ય કાળા ગુણવાળો એક પૃથ્વીકાયિક બીજા જઘન્ય કાળા ગુણવાળા પૃથ્વીકાયિક ની અપેક્ષાથી દ્રવ્યાર્થ અને પ્રદેશાર્થરૂપે તુલ્ય છે. પણ અવગાહના વડે ચતુઃસ્થાનથી પતિત છે. સ્થિતિ વડે ત્રિસ્થાનપતિત છે. કાળા વર્ણ પર્યાયથી તુલ્ય છે. બાકીના વર્ણાદિ વડે છ સ્થાનપતિત છે. બે અજ્ઞાન, અચક્ષુદર્શન પર્યાયથી છ સ્થાન પતિત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટ કાળા ગુણવાળા પૃથ્વી૦માં જાણવુ. મધ્યમ કાળાગુણ વાળા માટે પણ એમજ છે. પણ સ્વસ્થાન અપેક્ષાથી છ સ્થાન પતિત છે. એ રીતે પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ, આઠ સ્પર્શ સંબંધમાં પણ જાણવુ.

ભગવન્ !જઘન્ય મતિ અજ્ઞાની પૃથ્વીકાયિકના પર્યાયો કેટલા છે? ગૌતમ ! અનંતા પર્યાયો છે.

ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! જઘન્ય મતિઅજ્ઞાની એક પૃથ્વીકાયિક બીજા જઘન્ય મતિઅજ્ઞાની પૃથ્વીકાયિકની અપેક્ષાથી દ્રવ્યાર્થ–પ્રદેશાર્થથી તુલ્ય છે. અવગાહના રૂપે ચતુઃસ્થાન પતિત છે. સ્થિતિ વડે ત્રિસ્થાનપતિત છે. વર્ણાદિ વડે છ સ્થાનપતિત છે. મતિઅજ્ઞાન પર્યાયથી તુલ્ય છે. શ્રુતઅજ્ઞાન પર્યાય અને અચક્ષુદર્શન પર્યાયથી છ સ્થાન પતિત છે. એમ શ્રુતઅજ્ઞાની અને અચક્ષુદર્શની જાણવા. એ પ્રમાણે વનસ્પતિકાયિક સુધી જાણવુ.

૩૧૮. જઘન્ય અવગાહનાવાળા બેઇન્દ્રિયો વિશે પૃચ્છા– ગૌતમ ! અનંતપર્યાયો છે.

ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! જઘન્ય અવગાહનાવાળો એક બેઇન્દ્રિય, બીજા જઘન્ય અવગાહનાવાળા બેઇન્દ્રિયની અપેક્ષાથી દ્રવ્યાર્થ–પ્રદેશાર્થ–અવગાહનારૂપે તુલ્ય છે, સ્થિતિ વડે ત્રિસ્થાનપતિત છે. વર્ણાદિ ચાર વડે, બે જ્ઞાન, બે અજ્ઞાન, અચક્ષુદર્શન વડે છ સ્થાનપતિત છે. એ રીતે ઉત્કૃષ્ટ અવગાહનાવાળા સંબંધે જાણવુ. પણ અહીં જ્ઞાનો હોતા નથી. મધ્યમ અવગાહનાવાળાને, જઘન્ય અવગાહનાવાળા માફક જાણવુ. પણ સ્વસ્થાનને આશ્રીને ચતુઃસ્થાન પતિત છે.

જઘન્યસ્થિતિક બેઇન્દ્રિયની પૃચ્છા– ગૌતમ ! અનંત પર્યાયો છે. ભગવન્ ! એમ કેમ કહો છો ? ગૌતમ ! જઘન્ય સ્થિતિક એક બેઇન્દ્રિય, બીજા જઘન્ય સ્થિતિક બેઇન્દ્રિયની અપેક્ષાએ દ્રવ્ય–પ્રદેશ–સ્થિતિરૂપે તુલ્ય છે. પણ અવગાહનારૂપે ચતુઃસ્થાન પતિત છે. વર્ણાદિ ચાર, બે અજ્ઞાન, અચક્ષુદર્શન પર્યાય વડે છ સ્થાન પતિત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટ સ્થિતિકને જાણવા. પણ અહીં બે જ્ઞાન અધિક હોય છે. મધ્યમ સ્થિતિકને ઉત્કૃષ્ટ માફક કહેવા. પણ અહીં સ્થિતિ અપેક્ષાએ ત્રિસ્થાનપતિત હોય છે.

જઘન્ય કાળા ગુણવાળા બેઇન્દ્રિયની પૃચ્છા–ગૌતમ ! અનંતપર્યાયો છે.

ભગવન્ ! એમ કેમ કહ્યું ? જઘન્યગુણ કાળો એક બેઇન્દ્રિય, બીજા જઘન્યગુણ કાળા બેઇન્દ્રિય ની અપેક્ષાએ દ્રવ્ય અને પ્રદેશરૂપે તુલ્ય છે. અવગાહનારૂપે છ સ્થાન પતિત છે. કાળાવર્ણ પર્યાયથી તુલ્ય છે. બાકીના વર્ણ, ગંધ, રસ, સ્પર્શ પર્યાયથી, બે જ્ઞાન, બે અજ્ઞાન, અચક્ષુદર્શન પર્યાય વડે છ સ્થાનપતિત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટ કાળા ગુણવાળા પણ જાણવા. મધ્યમ કાળા ગુણવાળા પણ એમ જ છે. પણ સ્વસ્થાનને આશ્રીને છ સ્થાન પતિત છે. એમ પાંચ વર્ણ, પાંચ રસ, આઠ સ્પર્શ માટે કહેવું.

જઘન્ય આભિનિબોધિક જ્ઞાની બેઇન્દ્રિયોને કેટલા પર્યાયો હોય છે ? ગૌતમ ! અનંતા.

ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! જઘન્ય આભિનિબોધિકજ્ઞાની એક બેઇન્દ્રિય, બીજા જઘન્ય આભિનિબોધિકજ્ઞાની બેઇન્દ્રિયની અપેક્ષાથી દ્રવ્યાર્થ–પ્રદેશાર્થતાથી તુલ્ય છે. અવગાહના વડે ચતુઃસ્થાન પતિત છે, સ્થિતિથી ત્રિસ્થાનપતિત છે. વર્ણાદિ પર્યાયોથી છ સ્થાન પ્રાપ્ત છે. આભિનિબોધિક જ્ઞાન પર્યાય વડે તુલ્ય છે. શ્રુતજ્ઞાન અને અચક્ષુદર્શન પર્યાયથી છ સ્થાનપતિત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટ આભિનિબોધિક જ્ઞાની પણ જાણવા.

મધ્યમ આભિનિબોધિકજ્ઞાની પણ એમ જ છે. પરંતુ સ્વસ્થાન અપેક્ષાથી છ સ્થાનપતિત છે.

એ પ્રમાણે શ્રુતજ્ઞાની, શ્રુતઅજ્ઞાની, અચક્ષુદર્શની બેઇન્દ્રિયો જાણવા. પરંતુ જ્યાં જ્ઞાન છે, ત્યાં અજ્ઞાન નથી, અજ્ઞાન છે ત્યાં જ્ઞાન નથી. દર્શન છે ત્યાં જ્ઞાન અને અજ્ઞાન પણ હોય છે. એ પ્રમાણે તેઇન્દ્રિયો પણ જાણવા. ચઉરિન્દ્રિય તેમજ છે, પણ ચક્ષુદર્શન અધિક છે.

૩૧૯. ભગવન્ ! જઘન્ય અવગાહનાવાળા પંચેન્દ્રિય તિર્યંચોને કેટલા પર્યાય છે ? ગૌતમ ! અનંતા.

ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! જઘન્ય અવગાહનાવાળો એક પંચેન્દ્રિયતિર્યંચ બીજા જઘન્ય અવગાહનાવાળા પંચેન્દ્રિયતિર્યંચની અપેક્ષાએ દ્રવ્ય–પ્રદેશ–અવગાહનારૂપે તુલ્ય છે. પણ સ્થિતિ વડે ત્રિસ્થાન–પતિત છે. વર્ણાદિ ચાર, બે જ્ઞાન, બે અજ્ઞાન, બે દર્શન પર્યાયો વડે છ સ્થાનપતિત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટ અવગાહનામાં પણ જાણવુ. પરંતુ ત્રણ જ્ઞાન, ત્રણ દર્શન વડે છ સ્થાનપતિત હોય છે. ઉત્કૃષ્ટ અવગાહનાવાળા માફક મધ્યમ અવગાહનાવાળાને પણ કહેવા. પરંતુ અવગાહના અને સ્થિતિ વડે ચતુઃસ્થાન પતિત હોય છે.

ભગવન્ !જઘન્ય સ્થિતિક પંચેન્દ્રિય તિર્યંચોને કેટલા પર્યાયો છે ? ગૌતમ ! અનંતા.

ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! જઘન્ય સ્થિતિક એક પંચેન્દ્રિય તિર્યંચ, બીજાની અપેક્ષાથી દ્રવ્ય અને પ્રદેશથી તુલ્ય છે. અવગાહનારૂપે ચતુઃસ્થાનપતિત છે. સ્થિતિ વડે તુલ્ય છે. વર્ણાદિ ચાર, બે અજ્ઞાન, બે દર્શન વડે છ સ્થાનપતિત છે. ઉત્કૃષ્ટ સ્થિતિકને એમ જ જાણવો. પણ તેને બે જ્ઞાન, બે અજ્ઞાન, બે દર્શન હોય છે. મધ્યમસ્થિતિક વાળાને પણ એમ જ જાણવા. પણ તે સ્થિતિથી ચતુઃસ્થાન પતિત છે. તેને ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાન, ત્રણ દર્શન હોય છે.

જઘન્ય કાળા વર્ણવાળા પંચેન્દ્રિય તિર્યંચ વિશે પ્રશ્ન – ગૌતમ ! અનંતા પર્યાયો છે.

ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! જઘન્ય કાળા વર્ણવાળો એક પંચેન્દ્રિય તિર્યંચ, બીજા જઘન્ય કાળા વર્ણવાળા એક પંચેન્દ્રિય તિર્યંચની અપેક્ષા દ્રવ્ય અને પ્રદેશરૂપે તુલ્ય છે. પણ અવગાહના અને સ્થિતિથી ચતુઃસ્થાન પતિત છે. કાળા વર્ણપર્યાયથી તુલ્ય છે. બાકીના વર્ણ, ગંધ, રસ, સ્પર્શ પર્યાય વડે તથા ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાન, ત્રણ દર્શન વડે છ સ્થાનથી પતિત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટ કાળા વર્ણવાળા જાણવા. મધ્યમ કાળા વર્ણવાળામાં પણ એમ જ જાણવું. પણ સ્વસ્થાનને આશ્રીને તે છ સ્થાનપતિત છે. આ પ્રમાણે પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ, આઠ સ્પર્શ સંબંધે જાણવું.

ભગવન્ ! જઘન્ય આભિનિબોધિકજ્ઞાની પંચેન્દ્રિય તિર્યંચોને કેટલા પર્યાયો છે ? ગૌતમ ! અનંતા પર્યાયો છે.

ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! જઘન્ય આભિનિબોધિકજ્ઞાની એક પંચેન્દ્રિય તિર્યંચ, બીજા જઘન્ય આભિનિબોધિકજ્ઞાની પંચેન્દ્રિય તિર્યંચની અપેક્ષા દ્રવ્ય અને પ્રદેશથી તુલ્ય છે. પણ અવગાહના અને સ્થિતિથી ચતુઃસ્થાન પતિત છે. કાળા વર્ણપર્યાયથી તુલ્ય છે. બાકીના વર્ણ, ગંધ, રસ, સ્પર્શ પર્યાય વડે તથા ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાન, ત્રણ દર્શન વડે છ સ્થાનથી પતિત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટ કાળા વર્ણવાળા જાણવા. મધ્યમ કાળા વર્ણવાળામાં પણ એમ જ જાણવું. પણ સ્વસ્થાનને આશ્રીને તે છ સ્થાન પતિત છે. આ પ્રમાણે પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ, આઠ સ્પર્શ સંબંધે જાણવું.

ભગવન્ ! જઘન્ય આભિનિબોધિકજ્ઞાની પંચેન્દ્રિય તિર્યંચોને કેટલા પર્યાયો છે ? ગૌતમ ! અનંતા પર્યાયો છે.

ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! જઘન્ય આભિનિબોધિકજ્ઞાની એક પંચેન્દ્રિય તિર્યંચ, બીજા જઘન્ય આભિનિબોધિકજ્ઞાની પંચેન્દ્રિય તિર્યંચની અપેક્ષાથી દ્રવ્ય અને પ્રદેશરૂપે તુલ્ય છે. અવગાહના અને સ્થિતિરૂપે ચતુઃસ્થાન પતિત છે. વર્ણાદિ ચાર વડે છ સ્થાનપતિત છે. આભિનિબોધિક જ્ઞાન પર્યાયથી તુલ્ય છે. શ્રુતજ્ઞાન, ચક્ષુદર્શન, અચક્ષુદર્શન પર્યાય વડે છ સ્થાનપતિત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટ આભિનિબોધિક જ્ઞાની સંબંધે જાણવું.

પણ સ્થિતિ વડે તે ત્રિસ્થાન પતિત છે. તેને ત્રણ જ્ઞાન, ત્રણ દર્શન હોય છે. સ્વસ્થાન અપેક્ષાથી તુલ્ય છે. બાકીના પર્યાયની અપેક્ષાથી છ સ્થાનપતિત છે. મધ્યમ આભિનિબોધિક જ્ઞાની ઉત્કૃષ્ટ માફક સમજવા. પરંતુ સ્થિતિની અપેક્ષાએ ચતુઃસ્થાન પતિત છે અને સ્વસ્થાન અપેક્ષાથી છ સ્થાનપતિત છે એ પ્રમાણે શ્રુતજ્ઞાન પણ છે.

જઘન્ય અવધિજ્ઞાની પંચેન્દ્રિય તિર્યંચોનો પ્રશ્ન – ગૌતમ ! અનંતા પર્યાય છે.

ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! જઘન્ય અવધિજ્ઞાની કોઈ એક પંચેન્દ્રિય તિર્યંચ, બીજા જઘન્ય અવધિજ્ઞાની પંચેન્દ્રિય તિર્યંચ ની અપેક્ષાથી દ્રવ્ય અને પ્રદેશરૂપે તુલ્ય છે. પણ અવગાહના વડે ચતુઃસ્થાન પતિત છે. સ્થિતિ વડે ત્રિસ્થાન પતિત છે, વર્ણ–ગંધ–રસ–સ્પર્શ વડે તથા પહેલા બે જ્ઞાનથી છ સ્થાન પતિત છે. અવધિજ્ઞાન પર્યાય વડે તુલ્ય છે. અજ્ઞાન નથી. ત્રણ દર્શન વડે છ સ્થાન પતિત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટ અવધિજ્ઞાની પણ જાણવા. મધ્યમ અવધિજ્ઞાની પણ એમ જ છે. પરંતુ સ્વસ્થાન આશ્રીને છ સ્થાન પતિત છે. આભિનિબોધિક જ્ઞાની માફક બંને અજ્ઞાનીને કહેવા. અવધિ જ્ઞાની માફક વિભંગજ્ઞાનીને કહેવા. બે દર્શની આભિનિબોધિક જ્ઞાની માફક જાણવા. અવધિદર્શની અવધિજ્ઞાની માફક જાણવા. પરંતુ જ્યાં જ્ઞાન છે, ત્યાં અજ્ઞાન નથી, અજ્ઞાન છે ત્યાં જ્ઞાન નથી. જ્યાં દર્શન છે ત્યાં જ્ઞાન અને અજ્ઞાન બંને છે એમ કહેવું.

**૩૨૦.** ભગવન્ ! જઘન્ય અવગાહનાવાળા મનુષ્યોને કેટલા પર્યાયો છે ? ગૌતમ ! અનંતા છે.

ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ! જઘન્ય અવગાહનાવાળો એક મનુષ્ય, બીજા જઘન્ય અવગાહનાવાળા મનુષ્ય ની અપેક્ષાથી દ્રવ્ય–પ્રદેશ અને અવગાહનારૂપે તુલ્ય છે. સ્થિતિ વડે ત્રિસ્થાનપતિત છે. વર્ણાદિ ચાર પર્યાય વડે, ત્રણ જ્ઞાન, બે અજ્ઞાન, ત્રણ દર્શન વડે છ સ્થાન પતિત છે. ઉત્કૃષ્ટ અવગાહનાવાળા માટે પણ એમ જ સમજવું. પરંતુ સ્થિતિ વડે કદાચ ન્યૂન, અધિક કે તુલ્ય હોય. જો ન્યૂન હોય તો અસંખ્યાતમો ભાગ ન્યૂન, જો અધિક હોય તો અસંખ્યાતમો ભાગ અધિક હોય. તેને બે જ્ઞાન, બે અજ્ઞાન, બે દર્શન હોય છે. મધ્યમ અવગાહનાવાળામાં પણ એમ જ સમજવું. પરંતુ અવગાહના અને સ્થિતિ વડે ચતુઃસ્થાન પતિત હોય છે. કેવળદર્શન પર્યાય વડે તુલ્ય છે.

ભગવન્ ! જઘન્યસ્થિતિક મનુષ્યોને કેટલા પર્યાયો છે ? ગૌતમ! અનંતા. ભગવન્ ! એમ કેમ કહ્યું?

ગૌતમ! જઘન્ય સ્થિતિક એક મનુષ્ય, બીજા જઘન્ય સ્થિતિક મનુષ્યની અપેક્ષાએ દ્રવ્ય–પ્રદેશ–સ્થિતિરૂપે તુલ્ય છે. પણ અવગાહનારૂપે ચતુઃસ્થાન પતિત છે. વર્ણાદિચાર પર્યાય, બે અજ્ઞાન, બે દર્શન વડે છ સ્થાનપતિત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટ સંબંધે જાણવું. પણ તેને બે જ્ઞાન, બે અજ્ઞાન, બે દર્શન હોય છે. મધ્યમ સ્થિતિવાળામાં પણ એમ જ જાણવુ. પણ સ્થિતિ અને અવગાહનાથી ચતુઃસ્થાન પતિત, આદિ ચાર જ્ઞાન વડે છ સ્થાન પતિત, કેવળજ્ઞાન વડે તુલ્ય, ત્રણ અજ્ઞાન અને ત્રણ દર્શન વડે છ સ્થાનપતિત, કેવળ દર્શનપર્યાયથી તુલ્ય છે.

ભગવન્ ! જઘન્યગુણ કાળા વર્ણવાળા મનુષ્યોને કેટલા પર્યાયો છે ? ગૌતમ ! અનંતા.

ભગવન્ ! એમ કેમ કહ્યું ? જઘન્ય કાળા વર્ણીય એક મનુષ્ય, બીજાની અપેક્ષાથી દ્રવ્ય અને પ્રદેશરૂપે તુલ્ય છે, અવગાહના અને સ્થિતિ વડે ચતુઃસ્થાન પતિત છે. કાળા વર્ણપર્યાયથી તુલ્ય છે. ત્રણ અજ્ઞાન, ત્રણ દર્શન વડે છ સ્થાનપતિત છે. કેવળદર્શન પર્યાયથી તુલ્ય છે એમ ઉત્કૃષ્ટ કાળા વર્ણવાળા સંબંધે જાણવું. મધ્યમ કાળા વર્ણવાળાને પણ એમ જ જાણવા. પણ સ્વસ્થાન આશ્રીને છ સ્થાન પતિત હોય છે. એ પ્રમાણે પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ, આઠ સ્પર્શ સંબંધે જાણવુ.

ભગવન્ ! જઘન્ય આભિનિબોધિકજ્ઞાની મનુષ્યોને કેટલા પર્યાયો છે ? ગૌતમ ! અનંતા પર્યાય છે.

ભગવન્! એમ કેમ કહ્યું ? ગૌતમ ! જઘન્ય આભિનિબોધિકવાળો એક મનુષ્ય, બીજાની અપેક્ષાથી દ્રવ્ય અને પ્રદેશરૂપે તુલ્ય છે. પણ અવગાહના અને સ્થિતિ વડે ચતુઃસ્થાનપતિત છે. વર્ણાદિચારથી છ સ્થાન પતિત છે. આભિનિબોધિકજ્ઞાન પર્યાય વડે તુલ્ય છે. શ્રુતજ્ઞાનપર્યાય, બે દર્શન વડે છ સ્થાનપતિત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટ

આભિનિબોધિકજ્ઞાની સંબંધે જાણવું. પણ સ્થિતિ વડે ત્રિસ્થાન પતિત, ત્રણ જ્ઞાન અને ત્રણ દર્શનથી છ સ્થાનપતિત છે. મધ્યમ આભિનિબોધિક જ્ઞાની, ઉત્કૃષ્ટ ભગવન્ ! માફક જાણવા. પણ સ્થિતિ વડે ચતુઃસ્થાન પતિત અને સ્વસ્થાનથી છ સ્થાનપતિત હોય છે.

એ પ્રમાણે શ્રુતજ્ઞાની સંબંધે પણ જાણવું.

ભગવન્ ! જઘન્ય અવધિજ્ઞાની મનુષ્યોને કેટલા પર્યાયો છે ? ગૌતમ ! અનંતા.

ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! જઘન્ય અવધિજ્ઞાની એક મનુષ્ય, બીજા જઘન્ય અવધિજ્ઞાનીની અપેક્ષાથી દ્રવ્ય અને પ્રદેશરૂપે તુલ્ય છે. પણ અવગાહના અને સ્થિતિથી ત્રિસ્થાનપતિત છે. વર્ણાદિ ચાર અને બે જ્ઞાનથી છ સ્થાનપતિત છે. અવધિજ્ઞાનપર્યાયથી તુલ્ય, મનઃપર્યવ જ્ઞાન પર્યાય અને ત્રણ દર્શનથી છ સ્થાન પતિત હોય છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટ અવધિજ્ઞાની પણ જાણવા. મધ્યમ અવધિજ્ઞાની પણ એમ જ જાણવા. પણ અવગાહનાથી ચતુઃસ્થાનપતિત અને સ્વસ્થાનથી છ સ્થાનપતિત છે.

અવધિની જેમ મનઃપર્યવજ્ઞાની પણ કહેવા. પરંતુ તે અવગાહનાથી ત્રણ સ્થાન પતિત હોય છે.

આભિનિબોધિક જ્ઞાની માફક મતિ અને શ્રુત અજ્ઞાની કહેવા.

અવધિજ્ઞાનીવત્ વિભંગ જ્ઞાની કહેવા.

ચક્ષુ અને અચક્ષુદર્શની આભિનિબોધિકજ્ઞાની માફક કહેવા.

અવધિદર્શની અવધિજ્ઞાની માફક જાણવા. પણ જ્યાં જ્ઞાન છે ત્યાં અજ્ઞાન નથી. અજ્ઞાન છે ત્યાં જ્ઞાન નથી. દર્શન છે ત્યાં જ્ઞાન અને અજ્ઞાન બંને હોય છે.

ભગવન્ ! કેવલજ્ઞાની મનુષ્યોને કેટલા પર્યાયો છે ? ગૌતમ! અનંતા.

ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! કેવલજ્ઞાની એક મનુષ્ય બીજાની અપેક્ષાથી દ્રવ્ય અને પ્રદેશરૂપે તુલ્ય છે. અવગાહનાથી ચતુઃસ્થાન પતિત છે સ્થિતિથી ત્રિસ્થાન પતિત છે. વર્ણાદિચારથી છ સ્થાનપતિત છે. કેવલજ્ઞાન પર્યાયથી તુલ્ય છે. એમ કેવલદર્શની પણ છે.

**૩૨૧.** વ્યંતરો, અસુરકુમારવત્ કહેવા. એ પ્રમાણે જ્યોતિષ્ક અને વૈમાનિક પણ જાણવા. પરંતુ સ્વસ્થાનથી ત્રિસ્થાનપતિત કહેવા.

## સૂત્ર–૩૨૨ થી ૩૨૫

**૩૨૨.** ભગવન્ ! અજીવ પર્યાયો કેટલા ભેદે છે ? બે ભેદે. રૂપી અને અરૂપી અજીવપર્યાય.

ભગવન્! અરૂપી અજીવ પર્યાયો કેટલા ભેદે છે ? ગૌતમ ! દશ ભેદે – ધર્માસ્તિકાય, ધર્માસ્તિકાયના દેશ, ધર્માસ્તિકાયના પ્રદેશ, અધર્માસ્તિકાય, અધર્માસ્તિકાયના દેશ, અધર્માસ્તિકાયના પ્રદેશ, આકાશાસ્તિકાય, આકાસ્તિકાયના દેશ, આકાસ્તિકાયના પ્રદેશ અને અદ્ધા સમય.

**૩૨૩.** ભગવન્ ! રૂપી અજીવપર્યાયો કેટલા ભેદે છે ? ગૌતમ ! ચાર ભેદે. સ્કંધ, સ્કંધદેશ, સ્કંધપ્રદેશ, પરમાણુ પુદ્ગલો. ભગવન્ ! તે સંખ્યાતા, અસંખ્યાતા કે અનંતા છે ? ગૌતમ! અનંતા છે. ભગવન્ ! અનંતા કેમ કહ્યા? ગૌતમ! અનંતા પરમાણુ પુદ્ગલો, અનંતા દ્વીપ્રદેશિક સ્કંધ યાવત્ અનંતા દશપ્રદેશી સ્કંધ, અનંતા સંખ્યાતપ્રદેશી, અસંખ્યાત પ્રદેશી, અનંત પ્રદેશી સ્કંધ છે, માટે કહ્યુ.

**૩૨૪.** ભગવન્ ! પરમાણુ પુદ્ગલના કેટલા પર્યાયો છે ? ગૌતમ ! અનંતા. ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ! પરમાણુ એક પુદ્ગલ, બીજા પરમાણુ પુદ્ગલ ની અપેક્ષાથી દ્રવ્ય–પ્રદેશ–અવગાહનારૂપે તુલ્ય છે. સ્થિતિથી કદાચ હીન, તુલ્ય કે અધિક છે. જો હીન હોય તો અસંખ્યાત ભાગ હીન કે સંખ્યાતભાગ કે સંખ્યાતગુણ કે અસંખ્યાત ગુણ હીન હોય. જો અધિક હોય તો અસંખ્યાતભાગ યાવત્ અસંખ્યાતગુણ અધિક હોય.

કાળા વર્ણ પર્યાયથી કદાચ હીન, તુલ્ય કે અધિક હોય. જો હીન હોય તો અનંતભાગ–અસંખ્યાતભાગ–સંખ્યાતભાગ–સંખ્યાતગુણ–અસંખ્યાતગુણ–અનંતગુણહીન હોય. જો અધિક હોય તો અનંતભાગ યાવત્ અનંતગુણ અધિક હોય.

એ પ્રમાણે બાકીના વર્ણો, ગંધ–રસ–સ્પર્શ પર્યાયથી છ સ્થાનપતિત છે. સ્પર્શમાં શીત, ઉષ્ણ, સ્નિગ્ધ, રૂક્ષ પર્યાય વડે પણ છ સ્થાનપતિત છે. માટે ગૌતમ! તેના અનંત પર્યાયો કહ્યા.

દ્વિપ્રદેશિક સ્કંધોનો પ્રશ્ન. ગૌતમ ! અનંતા પર્યાયો છે. ભગવન્ ! એમ કેમ કહ્યું ? એક દ્વિપ્રદેશી સ્કંધ, બીજા દ્વિપ્રદેશી સ્કંધ ની અપેક્ષાથી દ્રવ્ય અને પ્રદેશ રૂપે તુલ્ય છે. અવગાહનાથી કદાચ ન્યૂન, તુલ્ય કે અધિક હોય. જો ન્યૂન હોય તો પ્રદેશન્યૂન અને અધિક હોય તો પ્રદેશ અધિક હોય. સ્થિતિ વડે ચતુઃસ્થાનપતિત હોય. વર્ણાદિ અને ઉક્ત ચાર સ્પર્શથી છ સ્થાનપતિત હોય.

એ પ્રમાણે ત્રિપ્રદેશી સ્કંધ છે. પણ અવગાહના વડે કદાચ ન્યૂન, તુલ્ય કે અધિક હોય. ન્યૂન હોય તો એક કે બે પ્રદેશ ન્યૂન અને અધિક હોય તો એ કે બે પ્રદેશ અધિક હોય. એ પ્રમાણે દશ પ્રદેશી સ્કંધ સુધી કહેવું. પણ અવાગહના માં પ્રદેશની વૃદ્ધિ દશ પ્રદેશ સુધી કરવી. અવગાહના નવપ્રદેશ ન્યૂન જાણવી.

સંખ્યાતપ્રદેશી સ્કંધનો પ્રશ્ન – ગૌતમ ! અનંતાપર્યાય છે. ભગવન્ ! એમ કેમ કહ્યું ? એક સંખ્યાતપ્રદેશી સ્કંધ, બીજાથી દ્રવ્યાર્થથી તુલ્ય છે, પ્રદેશરૂપે કદાચ ન્યૂન, તુલ્ય કે અધિક હોય. જો ન્યૂન હોય તો સંખ્યાત ભાગ કે સંખ્યાતગુણ ન્યૂન હોય. અધિક હોય તો એમ જ હોય. અવગાહનાથી દ્વિસ્થાનપતિત, સ્થિતિથી ચતુઃસ્થાન પતિત. વર્ણાદિ અને ઉક્ત ચાર સ્પર્શથી છ સ્થાન પતિત.

અસંખ્યાતપ્રદેશી સ્કંધનો પ્રશ્ન – ગૌતમ ! અનંતા પર્યાયો છે. એમ કેમ કહ્યું ? ગૌતમ ! તે એકબીજાની અપેક્ષાથી દ્રવ્યથી તુલ્ય, પ્રદેશ અને અવગાહનાથી ચતુઃસ્થાન પતિત, વર્ણાદિ અને ઉક્ત ચાર સ્પર્શથી છ સ્થાનપતિત હોય છે.

અનંતપ્રદેશી સ્કંધનો પ્રશ્ન – ગૌતમ ! અનંતા પર્યાયો છે. એમ કેમ કહ્યું ? એકબીજાની અપેક્ષાથી દ્રવ્યરૂપે તુલ્ય, પ્રદેશથી છ સ્થાનપતિત, અવગાહના અને સ્થિતિથી ચતુઃસ્થાન પતિત છે. વર્ણાદિ ચાર પર્યાયોથી છ સ્થાન પતિત છે.

એકપ્રદેશાવગાઢ પુદ્‌ગલોની સંખ્યા– તે અનંતા છે. એમ કેમ કહ્યું ? એકબીજાથી તે દ્રવ્યથી તુલ્ય, પ્રદેશથી છ સ્થાન પતિત, અવગાહનાથી તુલ્ય, સ્થિતિથી ચતુઃસ્થાનપતિત, વર્ણાદિ અને ઉક્ત ચાર સ્પર્શથી છ સ્થાન પતિત છે. એ રીતે દ્વિપ્રદેશાવગાઢ સંબંધે જાણવું.

સંખ્યાતપ્રદેશાવગાઢ પુદ્‌ગલોની સંખ્યા– તે અનંતા છે. કેમ કે એકબીજાની અપેક્ષા તે દ્રવ્યથી તુલ્ય છે, પ્રદેશથી છ સ્થાન પતિત છે. અવગાહનાથી દ્વિસ્થાન પતિત, સ્થિતિથી ચતુઃસ્થાન પતિત અને વર્ણાદિ તથા ઉક્ત ચાર સ્પર્શ વડે છ સ્થાન પતિત છે.

એક સમય સ્થિતિક પુદ્‌ગલો ના પર્યાયો – તે અનંતા છે. કેમ કે તેઓ પરસ્પર દ્રવ્યથી તુલ્ય છે, પ્રદેશથી છ સ્થાન, અવગાહના થી ચતુઃસ્થાનપતિત, સ્થિતિથી તુલ્ય, વર્ણાદિ તથા આઠે સ્પર્શથી છ સ્થાનપતિત છે. એ પ્રમાણે દશ સમય સ્થિતિક પુદ્‌ગલો જાણવા.

સંખ્યાત સમય સ્થિતિક પુદ્‌ગલોમાં તેમજ છે, પણ તે સ્થિતિથી દ્વિસ્થાન પતિત છે. અસંખ્યાત સમયસ્થિતિક પુદ્‌ગલોમાં પણ તેમજ છે. પણ સ્થિતિ વડે તે ચતુઃસ્થાનપતિત છે.

એક ગુણકાળા પુદ્‌ગલોના પર્યાયો ? અનંતા પર્યાયો છે. એમ કેમ ? તેઓ પરસ્પર દ્રવ્યરૂપે તુલ્ય, પ્રદેશથી છ સ્થાનપતિત, અવગાહના અને સ્થિતિથી ચતુઃસ્થાનપતિત, કાળા વર્ણપર્યાયથી તુલ્ય, વર્ણાદિ ચારેથી છ

સ્થાનપતિત છે. એ પ્રમાણે દશગુણ કાળા પુદ્‌ગલો જાણવા.

સંખ્યાતગુણ કાળા પુદ્‌ગલોમાં એમજ છે, પણ સ્વસ્થાને દ્વિસ્થાનપતિત છે. એ રીતે અસંખ્યાતગુણ કાળા વર્ણમાં પણ જાણવું. પણ તે છ સ્થાનપતિત છે. આ પ્રમાણે બાકીના વર્ણ, ગંધ, રસ અને સ્પર્શની વક્તવ્યતા અનંતગુણ રૂક્ષ પુદ્‌ગલ સુધી કહેવી.

જઘન્ય અવગાહનાવાળા દ્વિપ્રદેશી સ્કંધ ના પર્યાયો ? અનંતા પર્યાયો છે. કેમ કે – પરસ્પર દ્રવ્ય–પ્રદેશ–અવગાહનાથી તુલ્ય છે, સ્થિતિથી ચતુઃસ્થાન પતિત છે, વર્ણાદિ ચાર અને ઉક્ત ચાર સ્પર્શથી છ સ્થાનપતિત છે. ઉત્કૃષ્ટ અવગાહના વાળામાં પણ એમજ જાણવું. મધ્યમ અવગાહનાવાળા દ્વિપ્રદેશીસ્કંધ નથી.

જઘન્ય અવગાહનાવાળા ત્રિપ્રદેશી પુદ્‌ગલો ના પર્યાયો? તે અનંતા છે. દ્વિપ્રદેશી સ્કંધ મુજબ કહેવું. ઉત્કૃષ્ટ અવગાહનાવાળા સંબંધે પણ એમ જ છે. એ પ્રમાણે મધ્યમ અવગાહનામાં પણ છે.

જઘન્ય અવગાહનાવાળા ચતુઃપ્રદેશી સ્કંધમાં પણ ત્રણે અવગાહનાવાળામાં તેમજ કહેવું. પણ મધ્યમમાં અવગાહના વડે કદાચ ન્યૂન, તુલ્ય કે અધિક હોય. જો ન્યૂન હોય તો પ્રદેશ ન્યૂન, અધિક હોય તો પ્રદેશ અધિક હોય. એ પ્રમાણે દશ પ્રદેશી સ્કંધ સુધી જાણવું. પણ મધ્યમ અવગાહનામાં પ્રદેશની વૃદ્ધિ કરવી.

જઘન્ય અવગાહનાવાળા સંખ્યાત પ્રદેશી પુદ્‌ગલો ના પર્યાયો ? અનંતા પર્યાય છે. કેમ કે તે સ્કંધ પરસ્પર દ્રવ્યાર્થથી તુલ્ય, પ્રદેશાર્થથી દ્વિસ્થાનપતિત, અવગાહનાથી તુલ્ય, સ્થિતિથી ચતુઃસ્થાનપતિત, વર્ણાદિ અને ચાર સ્પર્શથી છ સ્થાન પતિત છે. એમ ઉત્કૃષ્ટ અવગાહનાવાળાને પણ જાણવા. મધ્યમમાં પણ તેમજ છે. પરંતુ સ્વસ્થાનથી દ્વિસ્થાન પતિત છે.

જઘન્ય અવગાહનાવાળા અસંખ્યાતપ્રદેશી સ્કંધ વિશે પ્રશ્ન – અનંતા પર્યાયો છે. કેમ કે તેઓ પરસ્પર દ્રવ્યથી તુલ્ય, પ્રદેશથી ચતુઃસ્થાન પતિત છે. વર્ણાદિ તથા ચાર સ્પર્શોથી છ સ્થાન પતિત છે. એ રીતે ઉત્કૃષ્ટ અવગાહનામાં જાણવું. મધ્યમ અવગાહના સ્કંધમાં પણ એમ જ છે. પણ સ્વસ્થાનમાં ચતુઃસ્થાનપતિત છે.

જઘન્ય અવગાહનાવાળા અનંતપ્રદેશી સ્કંધની પૃચ્છા–તેના અનંત પર્યાયો છે. કેમ કે – તેઓ પરસ્પર દ્રવ્યાર્થથી તુલ્ય છે. પ્રદેશાર્થથી છ સ્થાન પતિત, અવગાહનાથી તુલ્ય, સ્થિતિથી છ સ્થાન પતિત, વર્ણાદિ અને ઉક્ત ચાર સ્પર્શ વડે છ સ્થાન પતિત છે. ઉત્કૃષ્ટ અવગાહનાવાળા અનંતપ્રદેશી સ્કંધનો પ્રશ્ન – તેના અનંતપર્યાયો છે. કેમ કે – તેઓ પરસ્પર દ્રવ્યથી તુલ્ય છે, પ્રદેશથી છ સ્થાનપતિત છે. અવગાહના અને સ્થિતિ પણ ચતુઃસ્થાનપતિત છે. વર્ણાદિ અને આઠે સ્પર્શ વડે છ સ્થાનપતિત છે.

જઘન્યસ્થિતિક પરમાણુ પુદ્‌ગલોનો પ્રશ્ન – તેઓના અનંતા પર્યાયો છે. કેમ કે – તેઓ પરસ્પર દ્રવ્ય–પ્રદેશ–અવગાહના અને સ્થિતિથી તુલ્ય છે. વર્ણાદિ અને બે સ્પર્શથી છ સ્થાન પતિત છે. એમ ઉત્કૃષ્ટ સ્થિતિક પરમાણુને પણ જાણવા. મધ્યમ સ્થિતિકમાં પણ એમ જ છે. પરંતુ સ્થિતિ વડે ચતુઃસ્થાનપતિત છે.

જઘન્યસ્થિતિક દ્વિપ્રદેશી સ્કંધનો પ્રશ્ન – તેના અનંતા પર્યાયો છે. કેમ કે – તેઓ પરસ્પર દ્રવ્ય અને પ્રદેશથી તુલ્ય છે. અવગાહનારૂપે કદાચ ન્યૂન, તુલ્ય કે અધિક હોય. જો ન્યૂન હોય તો પ્રદેશ ન્યૂન અને અધિક હોય તો પ્રદેશ અધિક હોય. સ્થિતિ વડે તુલ્ય, વર્ણાદિ અને ચાર સ્પર્શ વડે છ સ્થાનપતિત હોય. એ પ્રમાણે ઉત્કૃષ્ટ સ્થિતિકને જાણવા. મધ્યમ સ્થિતિકમાં પણ એમ જ જાણવું, પણ સ્થિતિ વડે ચતુઃસ્થાન પતિત હોય છે. એ પ્રમાણે દશ પ્રદેશી સુધી જાણવું. પણ પ્રદેશની વૃદ્ધિ કરવી.

જઘન્ય સ્થિતિક સંખ્યાતપ્રદેશી સ્કંધનો પ્રશ્ન. તેને અનંતા પર્યાયો છે. કેમ કે – તેઓ પરસ્પર દ્રવ્યથી તુલ્ય, પ્રદેશ અને અવગાહનાથી દ્વિસ્થાનપતિત, સ્થિતિથી તુલ્ય, વર્ણાદિ અને ચાર સ્પર્શથી છ સ્થાન પતિત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટ સ્થિતિકમાં કહેવું. મધ્યમ સ્થિતિક તેમજ છે. પણ સ્થિતિથી ચતુઃસ્થાન પતિત છે.

જઘન્યસ્થિતિક અસંખ્યાતપ્રદેશિક પુદ્‌ગલોનો પ્રશ્ન – તેના અનંતા પર્યાયો છે. કેમ કે – તેઓ પરસ્પર દ્રવ્યથી તુલ્ય છે, પ્રદેશ અને અવગાહનાથી ચતુઃસ્થાન પતિત, સ્થિતિથી તુલ્ય, વર્ણાદિ અને ઉક્ત ચાર સ્પર્શ વડે છ સ્થાનપતિત. એ પ્રમાણે ઉત્કૃષ્ટ સ્થિતિક છે. મધ્યમ સ્થિતિક પણ તેમજ છે. પણ સ્થિતિ વડે ચતુઃસ્થાનપતિત છે.

જઘન્યસ્થિતિક અનંતપ્રદેશિક સ્કંધનો પ્રશ્ન–તેના અનંત પર્યાયો છે. કેમ કે – તેઓ પરસ્પર દ્રવ્યાર્થથી તુલ્ય, પ્રદેશાર્થથી છ સ્થાનપતિત, અવગાહનાથી ચતુઃસ્થાનપતિત, સ્થિતિથી તુલ્ય, વર્ણાદિ આઠે સ્પર્શથી છ સ્થાન પતિત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટ સ્થિતિક જાણવા. મધ્યમ સ્થિતિક એમ જ છે. પણ સ્થિતિથી ચતુઃસ્થાન પતિત.

જઘન્ય કાળા વર્ણવાળા પરમાણુ પુદ્‌ગલનો પ્રશ્ન – તેના અનંત પર્યાયો છે. કેમ કે – તેઓ પરસ્પર દ્રવ્ય–પ્રદેશ–અવગાહનારૂપે તુલ્ય છે, સ્થિતિથી ચતુઃસ્થાન પતિત છે, કાળા વર્ણપર્યાયથી તુલ્ય છે, બાકીના વર્ણો નથી. ગંધ, રસ, બે સ્પર્શથી છ સ્થાનપતિત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટ કાળા વર્ણવાળા પરમાણુમાં જાણવું. મધ્યમ કાળા વર્ણવાળામાં પણ તેમજ છે. પણ સ્વસ્થાનથી છ સ્થાન પતિત છે.

જઘન્ય કાળા વર્ણવાળા દ્વિપ્રદેશી સ્કંધનો પ્રશ્ન – તેના અનંતા પર્યાયો છે. કેમ કે – તેઓ પરસ્પર દ્રવ્ય અને પ્રદેશથી તુલ્ય છે, અવગાહનાથી કદાચ ન્યૂન, તુલ્ય કે અધિક હોય. જો ન્યૂન હોય તો પ્રદેશ ન્યૂન હોય, અધિક હોય તો પ્રદેશ અધિક છે. સ્થિતિથી ચતુઃસ્થાન પતિત, કાળા વર્ણપર્યાયથી તુલ્ય, બાકીના વર્ણાદિ અને ચાર સ્પર્શ વડે છ સ્થાન પતિત છે. એમ ઉત્કૃષ્ટ કાળા વર્ણને જાણવા. મધ્યમ કાળા વર્ણવાળામાં પણ તેમજ છે. પરંતુ સ્વસ્થાનથી છ સ્થાન પતિત છે. એ પ્રમાણે દશપ્રદેશી સ્કંધ સુધી જાણવું. પરંતુ અવગાહનામાં તે પ્રમાણે જ પ્રદેશવૃદ્ધિ કરવી.

જઘન્ય ગુણ કાળા સંખ્યાત પ્રદેશી સ્કંધોનો પ્રશ્ન – તેના અનંતા પર્યાયો છે. કેમ કે – તેઓ પરસ્પર દ્રવ્યથી તુલ્ય, પ્રદેશ અને અવગાહનાથી દ્વિસ્થાનપતિત છે, સ્થિતિથી ચતુઃસ્થાનપતિત છે. કાળા વર્ણ પર્યાયથી તુલ્ય છે. બાકીના વર્ણાદિ અને ઉક્ત ચાર સ્પર્શ વડે છ સ્થાનપતિત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટ કાળા વર્ણવાળા પણ છે. મધ્યમ કાળા વર્ણવાળા પણ એમજ છે. પણ સ્વસ્થાનથી છ સ્થાન પતિત હોય છે.

જઘન્યગુણ કાળા અસંખ્યાતપ્રદેશી સ્કંધનો પ્રશ્ન – તેઓના અનંતા પર્યાયો છે. કેમ કે – તેઓ પરસ્પર દ્રવ્યથી તુલ્ય છે. પ્રદેશ અને સ્થિતિથી ચતુઃસ્થાન પતિત છે. કાળા વર્ણપર્યાયથી તુલ્ય છે. બાકીના વર્ણાદિ અને ઉક્ત ચાર સ્પર્શથી છ સ્થાન પતિત છે. અવગાહનાથી ચતુઃસ્થાન પતિત છે. એ રીતે ઉત્કૃષ્ટ કાળા વર્ણવાળા છે. મધ્યમ પણ એમજ છે. પણ સ્વસ્થાનથી છ સ્થાનપતિત છે.

જઘન્ય ગુણ કાળા અનંતપ્રદેશી પુદ્‌ગલોનો પ્રશ્ન – તેના અનંતા પર્યાયો છે. કેમ કે – તેઓ પરસ્પર દ્રવ્યથી તુલ્ય, પ્રદેશથી છ સ્થાનપતિત, અવગાહનાથી ચાર સ્થાન પતિત, સ્થિતિ પણ તેમજ, કાળા વર્ણ પર્યાયથી તુલ્ય, બાકા વર્ણાદિ અને આઠ સ્પર્શથી છ સ્થાનપતિત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટ કાળા વર્ણમાં જાણવું. મધ્યમ કાળા વર્ણમાં એમ જ છે. પણ સ્વસ્થાનથી છ સ્થાનપતિત છે.

એ પ્રમાણે નીલ, લાલ, પીળા, ધોળા, બંને ગંધ, પાંચે રસની વક્તવ્યતા પણ કહેવી. પણ સુગંધીવાળા પરમાણુ પુદ્‌ગલને દુર્ગંધી ન કહેવા, દુર્ગંધીવાળાને સુગંધી ન કહેવા. એક રસમાં બીજા રસો ન કહેવા.

જઘન્ય કર્કશ ગુણવાળા અનંતપ્રદેશી સ્કંધનો પ્રશ્ન – તેના અનંત પર્યાયો છે. કેમ કે – તેઓ પરસ્પર દ્રવ્યથી તુલ્ય, પ્રદેશથી છ સ્થાનપતિત, અવગાહના અને સ્થિતિથી ચતુઃસ્થાનપતિત, વર્ણાદિ ચારથી છ સ્થાનપતિત છે. કર્કશ સ્પર્શ પર્યાયથી તુલ્ય, બાકીના સાતે સ્પર્શ પર્યાય વડે છ સ્થાનપતિત છે. એ રીતે ઉત્કૃષ્ટ કર્કશ ગુણવાળાને જાણવા. મધ્યમ કર્કશ ગુણવાળાને એમજ જાણવા. પણ સ્વસ્થાનથી છ સ્થાનપતિત છે. એમ મૃદુ, ગુરુ, લઘુ સ્પર્શમાં પણ કહેવું.

જઘન્ય શીતગુણવાળા પરમાણુ પુદ્‌ગલના પ્રશ્ન – તેના અનંતા પર્યાયો છે. કેમ કે – તેઓ પરસ્પર દ્રવ્ય–

પ્રદેશ–અવગાહના રૂપે તુલ્ય છે. સ્થિતિથી ચતુઃસ્થાન પતિત, વર્ણ–ગંધ–રસથી છ સ્થાન પતિત, શીત સ્પર્શથી તુલ્ય, ઉષ્ણ સ્પર્શ નથી, સ્નિગ્ધ અને રૂક્ષ સ્પર્શ પર્યાયથી છ સ્થાન પતિત છે.

જઘન્ય શીતગુણવાળા દ્વિપ્રદેશી પુદ્‌ગલોનો પ્રશ્ન – તેના અનંત પર્યાયો છે. કેમ કે – તેઓ પરસ્પર દ્રવ્ય અને પ્રદેશથી તુલ્ય છે, અવગાહનાથી કદાચ તુલ્ય, ન્યૂન કે અધિક છે. જો ન્યૂન હોય તો પ્રદેશ ન્યૂન, અધિક હોય તો પ્રદેશ અધિક હોય. સ્થિતિથી ચતુઃસ્થાન પતિત હોય. વર્ણ, ગંધ, રસ પર્યાયથી છ સ્થાનપતિત છે. શીતસ્પર્શથી તુલ્ય છે. ઉષ્ણ–સ્નિગ્ધ–રૂક્ષ સ્પર્શ પર્યાયથી છ સ્થાનપતિત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટ શીતગુણવાળા જાણવા. મધ્યમ શીતગુણવાળા પણ તેમજ છે. પણ સ્વસ્થાનથી છ સ્થાન પતિત છે. એમ દશ પ્રદેશી સ્કંધ સુધી જાણવું, પણ અવગાહના વડે પ્રદેશની વૃદ્ધિ કરવી.

જઘન્ય શીતગુણવાળા સંખ્યાત પ્રદેશી સ્કંધનો પ્રશ્ન – તેના અનંતા પર્યાયો છે. કેમ કે તેઓ પરસ્પર દ્રવ્યથી તુલ્ય, પ્રદેશ અને અવગાહનાથી દ્વિસ્થાન પતિત, સ્થિતિથી ચતુઃસ્થાન પતિત વર્ણાદિથી છ સ્થાન પતિત, શીત સ્પર્શ પર્યાયથી તુલ્ય, ઉષ્ણ–સ્નિગ્ધ–રૂક્ષ પર્યાયથી છ સ્થાનપતિત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટ શીત ગુણવાળા જાણવા. મધ્યમ શીત ગુણવાળા તેમજ છે. પરંતુ સ્વસ્થાનને આશ્રીને તે છ સ્થાનપતિત હોય છે.

જઘન્ય શીતગુણવાળા અસંખ્યાતપ્રદેશી પુદ્‌ગલોનો પ્રશ્ન – તેઓના અનંત પર્યાયો છે. કેમ કે – તેઓ પરસ્પર દ્રવ્યથી તુલ્ય, પ્રદેશ–અવગાહના અને સ્થિતિથી ચતુઃસ્થાન પતિત, વર્ણાદિથી છ સ્થાન પતિત, શીતસ્પર્શ પર્યાયથી તુલ્ય, ઉષ્ણ–સ્નિગ્ધ–રૂક્ષ સ્પર્શથી છ સ્થાન પતિત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટ શીતસ્પર્શવાળા જાણવા. મધ્યમ૦ તેમ જ છે. પણ સ્વ સ્થાનને આશ્રીને છ સ્થાન પતિત છે.

જઘન્ય શીતગુણવાળા અનંતપ્રદેશી પુદ્‌ગલોનો પ્રશ્ન – તેના અનંતા પર્યાયો છે. કેમ કે – તેઓ પરસ્પર દ્રવ્યથી તુલ્ય, પ્રદેશથી છ સ્થાન પતિત, અવગાહના અને સ્થિતિથી ચતુઃસ્થાન પતિત, વર્ણાદિ પર્યાયથી છ સ્થાન પતિત, શીત સ્પર્શથી તુલ્ય, બાકીના સાતે સ્પર્શથી છ સ્થાન પતિત છે.

એ પ્રમાણે ઉત્કૃષ્ટ શીત સ્પર્શવાળા જાણવા. મધ્યમ શીત સ્પર્શવાળા તેમજ છે. પણ સ્વસ્થાનથી છ સ્થાન પતિત છે. એ પ્રમાણે ઉષ્ણ, સ્નિગ્ધ, રૂક્ષ સ્પર્શમાં પણ જાણવું. પરમાણુ પુદ્‌ગલમાં તેમજ છે પણ બધાને પ્રતિપક્ષ વર્ણાદિ ન કહેવા.

**૩૨૫.** જઘન્ય પ્રદેશિક સ્કંધોનો પ્રશ્ન – તેઓના અનંત પર્યાયો છે. કેમ કે – તેઓ પરસ્પર દ્રવ્યાર્થ–પ્રદેશાર્થથી તુલ્ય, અવગાહના રૂપે કદાચ ન્યૂન, તુલ્ય કે અધિક હોય. જો ન્યૂન હોય તો પ્રદેશન્યૂન અને અધિક હોય તો પ્રદેશ અધિક હોય. સ્થિતિ વડે ચતુઃસ્થાન પતિત, વર્ણાદિ અને ઉક્ત ચાર સ્પર્શ પર્યાયથી છ સ્થાન પતિત હોય.

ઉત્કૃષ્ટ પ્રદેશવાળા સ્કંધોનો પ્રશ્ન – તેઓના અનંત પર્યાયો છે. કેમ કે – તેઓ પરસ્પર દ્રવ્ય અને પ્રદેશથી તુલ્ય છે. અવગાહના અને સ્થિતિથી ચતુઃસ્થાન પતિત, વર્ણાદિ અને આઠ સ્પર્શ પર્યાયો વડે છ સ્થાન પતિત હોય છે. મધ્યમ પ્રદેશ પરિમાણવાળા સ્કંધોના કેટલા પર્યાય છે? અનંત. કઈ રીતે? તેઓ પરસ્પર દ્રવ્યાર્થથી તુલ્ય છે, પ્રદેશાર્થથી છ સ્થાન પતિત, અવગાહના અને સ્થિતિથી ચતુઃસ્થાન પતિત, વર્ણાદિ અને આઠ સ્પર્શ પર્યાયોથી છ સ્થાન પતિત છે.

જઘન્ય અવગાહનાવાળા પુદ્‌ગલોનો પ્રશ્ન – તેના અનંત પર્યાયો છે. કેમ કે – તેઓ પરસ્પર દ્રવ્યાર્થથી તુલ્ય, પ્રદેશાર્થથી છ સ્થાન પતિત, અવગાહનાથી તુલ્ય, સ્થિતિથી ચતુઃસ્થાન પતિત, વર્ણાદિ અને આઠ સ્પર્શ પર્યાયથી છ સ્થાન પતિત છે. ઉત્કૃષ્ટ અવગાહના વાળામાં એમ જ જાણવું. પણ સ્થિતિથી તુલ્ય છે. મધ્યમાવગાહના પુદ્‌ગલોના અનંત પર્યાયો છે. કેમ કે – તેઓ પરસ્પર દ્રવ્યથી તુલ્ય છે, પ્રદેશથી છ સ્થાન પતિત, અવગાહના અને સ્થિતિથી ચતુઃસ્થાન પતિત, વર્ણાદિ અને આઠ સ્પર્શ પર્યાયથી છ સ્થાન પતિત છે.

જઘન્યસ્થિતિક પુદ્‌ગલોનો પ્રશ્ન – તેના અનંત પર્યાયો છે. કેમ કે – તેઓ પરસ્પર દ્રવ્યાર્થથી તુલ્ય, પ્રદેશાર્થથી છ સ્થાન પતિત, અવગાહનાથી ચતુઃસ્થાન પતિત, સ્થિતિથી તુલ્ય, વર્ણાદિ અને આઠ સ્પર્શ પર્યાયથી છ સ્થાનપતિત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટ સ્થિતિક૦ જાણવા. મધ્યમ સ્થિતિક૦ તેમજ છે. પણ સ્થિતિથી ચતુઃસ્થાન પતિત છે.

જઘન્યગુણ કાળા પુદ્‌ગલોનો પ્રશ્ન – તેના અનંત પર્યાય છે. કેમ કે – તેઓ પરસ્પર દ્રવ્યાર્થથી તુલ્ય, પ્રદેશાર્થથી છ સ્થાન પતિત, અવગાહના અને સ્થિતિથી ચતુઃસ્થાન પતિત, કાળા વર્ણ પર્યાયથી તુલ્ય, બાકીના વર્ણ, ગંધ, રસ, સ્પર્શ પર્યાયથી છ સ્થાન પતિત છે એમ ઉત્કૃષ્ટ કાળા વર્ણવાળા માટે જાણવું, મધ્યમ ગુણ કાળા પણ તેમજ છે. પણ સ્વસ્થાનને આશ્રીને છ સ્થાન પતિત છે.

કાળા વર્ણ માફક બાકીના વર્ણો, ગંધ–રસ–સ્પર્શની વક્તવ્યતા કહેવી – × -

**પદ-૫ 'પર્યાય'નો મુનિ દીપરત્નસાગરે કરેલ ભાવાનુવાદ પૂર્ણ**

# પદ–૬ ' વ્યુત્ક્રાંતિ'

સૂત્ર–૩૨૬

બાર મુહૂર્ત, ચોવીશ મુહૂર્ત, સાંતર, એક સમય, ક્યાંથી ? ઉદ્વર્તના, પરભવિકાયુ, આયુષ્નો બંધ એ આઠ આકર્ષ–દ્વારો અહીં છે.

## પદ–૬, દ્વાર–૧

સૂત્ર–૩૨૭

ભગવન્ ! નરકગતિ કેટલો કાળ જીવોત્પતિ રહિત કહી છે ? ગૌતમ ! જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ **૧૨**–મુહૂર્ત.

ભગવન્ ! તિર્યંચગતિ કેટલો કાળ ઉપપાત રહિત છે ? ગૌતમ ! જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ **૧૨**–મુહૂર્ત.

ભગવન્ ! દેવગતિ કેટલો કાળ ઉપપાત રહિત છે ? ગૌતમ ! જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ બાર મુહૂર્ત.

ભગવન્ ! સિદ્ધગતિ કેટલો કાળ સિદ્ધિ વિરહિત છે ? ગૌતમ! જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ છ માસ.

ભગવન્ ! નરકગતિ કેટલો કાળ ઉદ્વર્તના રહિત કહી છે ? ગૌતમ ! જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ બાર મુહૂર્ત એ પ્રમાણે તિર્યંચગતિ, મનુષ્યગતિ અને દેવગતિ સંબંધી પ્રશ્નોત્તર પણ જાણવા.

## પદ-૬, દ્વાર-૨

સૂત્ર–૩૨૮, ૩૨૯

**૩૨૮.** ભગવન્ ! રત્નપ્રભા પૃથ્વી નૈરયિક કેટલો કાળ ઉપપાત વિરહિત હોય ? જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ **૨૪**–મુહૂર્ત.

ભગવન્ ! શર્કરાપ્રભા પૃથ્વી નૈરયિક કેટલો કાળ ઉપપાત વિરહિત હોય ? ગૌતમ ! જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ સાત રાત્રિદિન.

ભગવન્ ! વાલુકાપ્રભા પૃથ્વી નૈરયિક કેટલો કાળ ઉપપાત વિરહિત હોય ? ગૌતમ ! જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ અર્દ્ધમાસ.

ભગવન્ ! પંકપ્રભા પૃથ્વી નૈરયિક કેટલો કાળ ઉપપાત વિરહિત હોય ? જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ **૧**–માસ,

ભગવન્ ! ધૂમપ્રભા પૃથ્વી નૈરયિક કેટલો કાળ ઉપપાત વિરહિત હોય ? જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ **૨**–માસ,

ભગવન્ ! તમઃપ્રભાપૃથ્વી નૈરયિક કેટલો કાળ ઉપપાત વિરહિત હોય ? જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ **૪**–માસ

ભગવન્! અધઃસપ્તમી પૃથ્વી નૈરયિક કેટલો કાળ ઉપપાત રહિત હોય છે ? ગૌતમ ! જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટથી છ માસ.

ભગવન્ ! અસુરકુમારો કેટલો કાળ ઉપપાતરહિત હોય ? ગૌતમ ! જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ **૨૪**–મુહૂર્ત.

ભગવન્ ! નાગકુમાર કેટલો કાળ ઉપપાતરહિત હોય ? ગૌતમ ! જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ **૨૪**–મુહૂર્ત. એ પ્રમાણે સુવર્ણકુમાર, વિદ્યુતકુમાર,અગ્નિકુમાર, દ્વીપકુમાર, દિક્કુમાર, ઉદધિકુમાર, વાયુકુમાર, અને સ્તનિત કુમારો બધામાં આ જ કાળ જાણવો.

ભગવન્ ! પૃથ્વીકાયિકો કેટલો કાળ ઉપપાતરહિત હોય ? ગૌતમ ! પ્રતિસમય ઉપપાતથી અવિરહિત છે. એ પ્રમાણે અપ્કાયિકથી વનસ્પતિકાયિક સુધીના પ્રતિસમય ઉપપાતથી અવિરહિત છે.

ભગવન્ ! બેઇન્દ્રિયો કેટલો કાળ ઉપપાત રહિત હોય છે ? ગૌતમ ! જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત એ પ્રમાણે તેઇન્દ્રિયો અને ચઉરિન્દ્રિયો પણ જાણવા.

ભગવન્! સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચો કેટલો કાળ ઉપપાત રહિત હોય છે? ગૌતમ ! જઘન્ય એક સમય,

ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત.

ભગવન્ ! ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિયો કેટલો કાળ ઉપપાત રહિત હોય છે ? ગૌતમ ! જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ બાર મુહૂર્ત.

ભગવન્ ! સંમૂર્ચ્છિમ મનુષ્યો કેટલો કાળ ઉપપાત રહિત હોય? જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ ૨૪–મુહૂર્ત.

ભગવન્ ! ગર્ભજ મનુષ્યો કેટલો કાળ ઉપપાતરહિત હોય ? જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ બાર મુહૂર્ત.

વ્યંતર સંબંધી પૃચ્છા–ગૌતમ ! જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ ૨૪–મુહૂર્ત.

જ્યોતિષ્કો સંબંધી પૃચ્છા–જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ ૨૪–મુહૂર્ત હોય છે.

ભગવન્ ! સૌધર્મકલ્પે દેવો કેટલો કાળ ઉપપાત રહિત હોય ? જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ ૨૪–મુહૂર્ત. ઈશાનકલ્પના દેવોનો પણ તે જ કાળ છે.

ભગવન્ ! સનત્કુમાર કલ્પે દેવો કેટલો કાળ ઉપપાત રહિત હોય ? જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ નવ રાત્રિદિન, ૨૦ મુહૂર્ત.

ભગવન્ ! માહેન્દ્રકલ્પે દેવો કેટલો કાળ ઉપપાત રહિત હોય ? જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ બાર રાત્રિદિન, ૧૦–મુહૂર્ત.

ભગવન્ ! બ્રહ્મલોક કલ્પે દેવો કેટલો કાળ ઉપપાત રહિત હોય ? જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ સાડા બાવીશ રાત્રિદિન.

ભગવન્ ! લાંતક કલ્પે દેવો કેટલો કાળ ઉપપાત રહિત હોય ? જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ ૪૫–રાત્રિદિન,

ભગવન્ ! મહાશુક્ર કલ્પે દેવો કેટલો કાળ ઉપપાત રહિત હોય ? જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ ૮૦–રાત્રિદિન.

ભગવન્ ! સહસ્રારકલ્પે દેવો કેટલો કાળ ઉપપાત રહિત હોય ? જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ ૧૦૦–રાત્રિદિન.

ભગવન્ ! આનત કલ્પે દેવો કેટલો કાળ ઉપપાત રહિત હોય ? જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટા સંખ્યાતા માસ.

ભગવન્ ! પ્રાણત દેવો કેટલો કાળ ઉપપાત રહિત હોય ? આનત કલ્પ મુજબ જાણવું.

ભગવન્ ! આરણ દેવો કેટલો કાળ ઉપપાત રહિત હોય? જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ સંખ્યાતા વર્ષ. અચ્યુત કલ્પે તે પ્રમાણે જ છે.

ભગવન્ ! નીચલી ગ્રૈવેયકના દેવોનો ઉપપાત વિરહ કેટલો કાળ છે ? ગૌતમ ! જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ સંખ્યાતા વર્ષ.

ભગવન્ ! મધ્યમ ગ્રૈવેયક દેવો૦ ? જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ સંખ્યાતા હજાર વર્ષ.

ભગવન્ ! ઉપલી ગ્રૈવેયકના દેવો૦? જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ સંખ્યાતા લાખ વર્ષ.

ભગવન્ ! વિજય આદિ ચાર અનુત્તર દેવો૦ ? જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ પલ્યોપમનો અસંખ્યાત ભાગ.

ભગવન્ ! સિદ્ધો કેટલો કાળ સિદ્ધિથી વિરહિત હોય છે ? હે ગૌતમ! જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ છ માસ.

**૩૨૯.** ભગવન્ ! રત્નપ્રભા પૃથ્વી નૈરયિક કેટલો કાળ મરણ રહિત કહ્યા છે ? ગૌતમ! જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ ૨૪–મુહૂર્ત. એ પ્રમાણે સિદ્ધો સિવાયની ઉદ્વર્તના અનુત્તરોપપાતિક સુધી કહેવી. દેવોમાં 'ચ્યવન' કહેવું.

## પદ-૬, દ્વાર-૩

### સૂત્ર–૩૩૦, ૩૩૧

**૩૩૦.** ભગવન્ ! નૈરયિકો સાંતર ઉપજે છે કે નિરંતર ? ગૌતમ ! સાંતર પણ ઉપજે, નિરંતર પણ ઉપજે છે.

ભગવન્ ! તિર્યંચયોનિકો સાંતર ઉપજે છે કે નિરંતર ? સાંતર પણ ઉપજે, નિરંતર પણ ઉપજે છે. એ પ્રમાણે મનુષ્યો અને દેવો પણ કહેવા.

ભગવન્ ! રત્નપ્રભા પૃથ્વી નૈરયિક સાંતર ઉપજે કે નિરંતર ? ગૌતમ ! બંને રીતે ઉપજે. એ પ્રમાણે અધઃસપ્તમી સુધી કહેવું.

ભગવન્ ! અસુરકુમાર દેવો સાંતર ઉપજે છે કે નિરંતર ? ગૌતમ ! બંને રીતે ઉપજે. આ રીતે સ્તનિતકુમાર સુધી કહેવું.

ભગવન્ ! પૃથ્વીકાયિકો સાંતર ઉપજે કે નિરંતર ? ગૌતમ ! તેઓ નિરંતર ઉપજે છે. આ પ્રમાણે વનસ્પતિકાયિક સુધી કહેવું.

ભગવન્ ! બેઇન્દ્રિયો સાંતર ઉપજે કે નિરંતર ? ગૌતમ ! તેઓ બંને રીતે ઉપજે છે. એ પ્રમાણે પંચેન્દ્રિય તિર્યંચયોનિકો સુધી કહેવું.

ભગવન્ ! મનુષ્યો સાંતર ઉપજે કે નિરંતર ? ગૌતમ ! તેઓ બંને રીતે ઉપજે છે. એ પ્રમાણે વ્યંતર, જ્યોતિષ્ક, સૌધર્મ કલ્પથી સર્વાર્થસિદ્ધ સુધી બંને રીતે ઉપજે છે તેમ કહેવું.

ભગવન્ ! સિદ્ધો સાંતર સિદ્ધ થાય કે નિરંતર ? ગૌતમ ! તેઓ સાંતર પણ સિદ્ધ થાય અને નિરંતર પણ થાય.

**૩૩૧.** ભગવન્ ! નૈરયિકો સાંતર ઉદ્વર્તે કે નિરંતર ? ગૌતમ ! તેઓ બંને રીતે ઉદ્વર્તે છે. ઉપપાતની જેમ ઉદ્વર્તના પણ વૈમાનિક સુધી કહેવી. તેમાં સિદ્ધો ન કહેવા. જ્યોતિષ્ક અને વૈમાનિકમાં 'ચ્યવન' શબ્દ કહેવો.

## પદ-૬, દ્વાર-૪

### સૂત્ર–૩૩૨, ૩૩૩

**૩૩૨.** ભગવન્ ! નૈરયિકો એક સમયમાં કેટલા ઉપજે છે ? જઘન્યથી એક, બે કે ત્રણ, ઉત્કૃષ્ટથી સંખ્યાત કે અસંખ્યાત ઉપજે છે. આ પ્રમાણે અધઃસપ્તમી સુધી જાણવું.

ભગવન્ ! અસુરકુમારો એક સમયમાં કેટલા ઉપજે ? ગૌતમ ! નૈરયિકવત્ જાણવું. આ પ્રમાણે સ્તનિતકુમાર સુધી કહેવું.

ભગવન્ ! પૃથ્વીકાયિક એક સમયમાં કેટલા ઉપજે ? ગૌતમ ! નિરંતર અસંખ્યાતા ઉપજે છે. એ પ્રમાણે વાયુકાયિક સુધી જાણવું.

ભગવન્ ! વનસ્પતિકાયિક એક સમયમાં કેટલા ઉપજે ? ગૌતમ ! સ્વસ્થાનને આશ્રીને નિરંતર પ્રતિસમય અનંતા ઉપજે છે. પરસ્થાનને આશ્રીને પ્રતિસમય અસંખ્યાતા ઉપજે છે.

ભગવન્ ! એક સમયમાં બેઇન્દ્રિયો કેટલા ઉપજે છે ? ગૌતમ ! જઘન્ય એક, બે, ત્રણ. ઉત્કૃષ્ટ સંખ્યાતા કે અસંખ્યાતા બેઇન્દ્રિયો ઉત્પન્ન થાય.

એ રીતે તેઇન્દ્રિય, ચઉરીન્દ્રિય, સંમૂર્ચ્છિમ–અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય, ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય, સંમૂર્ચ્છિમ મનુષ્ય, વ્યંતર, જ્યોતિષ્ક, સૌધર્મથી સહસ્રાર સુધી બધાની પ્રરૂપણા નૈરયિકવત્ કહેવી.

ગર્ભજ મનુષ્ય, આનતથી અનુત્તરોપપાતિક સુધીના દેવો જઘન્ય એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા ઉત્પન્ન થાય છે.

ભગવન્ ! એક સમયમાં કેટલા સિદ્ધ થાય ? ગૌતમ ! જઘન્ય એક, બે, ત્રણ અને ઉત્કૃષ્ટથી ૧૦૮.

**૩૩૩.** ભગવન્ ! એક સમયમાં કેટલા નૈરયિક ઉદ્વર્તે છે ? ગૌતમ ! જઘન્યથી એક, બે કે ત્રણ. ઉત્કૃષ્ટથી સંખ્યાતા કે અસંખ્યાતા, એમ ઉપપાત માફક ઉદ્વર્તના અનુત્તરોપપાતિક સુધી કહેવી.

## પદ-૬, દ્વાર-૫

### સૂત્ર–૩૩૪, ૩૪૪

**૩૩૪.** ભગવન્ ! નૈરયિકો ક્યાંથી આવીને ઉપજે છે ? નૈરયિકથી યાવત્ દેવથી ?

ગૌતમ ! નૈરયિકો, નૈરયિક કે દેવમાંથી આવીને ન ઉપજે, તિર્યંચ કે મનુષ્યથી આવીને ઉપજે.

ભગવન્ ! જો તિર્યંચથી આવીને ઉપજે તો શું એકેન્દ્રિયથી તિર્યંચથી આવીને ઉપજે ? યાવત્ પંચેન્દ્રિય તિર્યંચથી આવીને ઉપજે? ગૌતમ ! એકેન્દ્રિય યાવત્ ચઉરિન્દ્રિય તિર્યંચથી આવીને ન ઉપજે. પણ પંચેન્દ્રિય તિર્યંચયોનિકથી આવીને ઉપજે.

જો પંચેન્દ્રિય તિર્યંચયોનિકથી આવીને ઉપજે તો શું જલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકથી આવીને ઉપજે? સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકથી આવીને ઉપજે? કે ખેચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકથી આવીને ઉપજે ? ગૌતમ! જલચર–સ્થલચર કે ખેચર ત્રણે પંચેન્દ્રિય તિર્યંચયોનિકથી આવીને ઉપજે.

જો જલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકથી આવીને ઉપજે તો સંમૂર્ચ્છિમ જલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકથી આવીને ઉપજે કે ગર્ભજ જલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકથી આવીને ઉપજે. ગૌતમ ! બંનેમાંથી આવીને ઉપજે.

જો સંમૂર્ચ્છિમ જલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકથી આવીને ઉપજે તો પર્યાપ્ત સંમૂર્ચ્છિમ જલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકથી આવીને ઉપજે કે અપર્યાપ્ત સંમૂર્ચ્છિમ જલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકથી આવીને ઉપજે ? ગૌતમ ! પર્યાપ્ત સંમૂર્ચ્છિમ જલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકથી આવીને ઉપજે અપર્યાપ્તાથી નહીં.

જો ગર્ભજ જલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકથી આવીને ઉપજે તો પર્યાપ્ત ગર્ભજ જલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકથી કે અપર્યાપ્ત ગર્ભજ જલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકથી? પર્યાપ્ત ગર્ભજ જલચર પંચેન્દ્રિય તિર્યંચ–યોનિકથી આવીને ઉપજે, અપર્યાપ્તાથી નહીં.

જો સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચથી આવીને ઉપજે તો ચતુષ્પદ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચથી આવીને ઉપજે કે પરિસર્પ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચથી આવીને ઉપજે ? ગૌતમ ! ચતુષ્પદ૦ કે પરિસર્પ૦ બંને સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચથી આવીને ઉપજે.

જો ચતુષ્પદ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચથી આવીને ઉપજે તો સંમૂર્ચ્છિમ ચતુષ્પદ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચથી આવીને ઉપજે કે ગર્ભજ ચતુષ્પદ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચથી આવીને ઉપજે ? બંનેથી આવીને ઉપજે.

જો સંમૂર્ચ્છિમ ચતુષ્પદ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચથી આવીને ઉપજે તો શું પર્યાપ્ત સંમૂર્ચ્છિમ ચતુષ્પદ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચથી આવીને ઉપજે કે અપર્યાપ્ત સંમૂર્ચ્છિમ ચતુષ્પદ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચથી આવીને ઉપજે ? ગૌતમ ! પર્યાપ્તાથી આવીને જ ઉપજે.

જો ગર્ભજ ચતુષ્પદ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચથી આવીને ઉપજે તો શું સંખ્યાત વર્ષાયુષ્ક ગર્ભજ ચતુષ્પદ સ્થલચર પંચેન્દ્રિય થી કે અસંખ્યાત વર્ષાયુષ્ક ગર્ભજ ચતુષ્પદ સ્થલચર પંચેન્દ્રિય થી આવીને ઉપજે ? ગૌતમ ! સંખ્યાત વર્ષાયુષ્ક ગર્ભજથી આવીને ઉપજે, અસંખ્યાત વર્ષાયુષ્ક ગર્ભજ થી આવીને ઉપજે નહીં.

જો સંખ્યાત વર્ષાયુષ્ક ગર્ભજ ચતુષ્પદ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચથી આવીને ઉપજે તો શું પર્યાપ્ત સંખ્યાત વર્ષાયુષ્ક ગર્ભજ ચતુષ્પદ સ્થલચર થી આવીને ઉપજે કે અપર્યાપ્ત સંખ્યાત વર્ષાયુષ્ક ગર્ભજ ચતુષ્પદ સ્થલચર થી આવીને ઉપજે ? ગૌતમ ! પર્યાપ્તાથી આવીને ઉપજે, અપર્યાપ્તાથી નહીં.

જો પરિસર્પ સ્થલચર પંચે૦ તિર્યંચ૦થી ઉપજે તો શું ઉરઃ પરિસર્પ૦થી કે ભૂજપરિસર્પ૦થી ઉપજે? ગૌતમ! બંનેથી. જો ઉરઃપરિસર્પ સ્થલચર પંચે૦તિર્યંચ૦થી ઉપજે તો શું સંમૂર્ચ્છિમ ઉરસર્પ૦થી કે ગર્ભજ ઉરપરિસર્પ૦થી ઉપજે? ગૌતમ! બંનેથી. જો સંમૂર્ચ્છિમ ઉરઃ પરિસર્પ સ્થલચર પંચે૦ તિર્યંચ૦ ઉપજે તો શું પર્યાપ્ત૦થી કે અપર્યાપ્ત૦ થી? ગૌતમ! પર્યાપ્ત૦થી ઉપજે, અપર્યાપ્તાથી નહીં. જો ગર્ભજ ઉરઃપરિસર્પ સ્થલચર પંચે૦ તિર્યંચ૦થી ઉપજે તો પર્યાપ્ત૦થી કે અપર્યાપ્ત૦થી? ગૌતમ! પર્યાપ્ત૦થી ઉપજે અપર્યાપ્ત ગર્ભજ૦થી નહીં.

જો ભૂજપરિસર્પ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચથી આવીને ઉપજે તો શું સંમૂર્ચ્છિમ ભૂજપરિસર્પ સ્થલચર

પંચેન્દ્રિય તિર્યંચથી આવીને ઉપજે કે ગર્ભજ ભૂજપરિસર્પ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચથી આવીને ઉપજે? ગૌતમ ! બંનેથી આવીને ઉપજે.

જો સંમૂર્ચ્છિમ ભૂજપરિસર્પ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચથી ઉપજે તો પર્યાપ્તા સંમૂર્ચ્છિમ ભૂજપરિસર્પ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચથી ઉપજે કે અપર્યાપ્તા સંમૂર્ચ્છિમ ભૂજપરિસર્પ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચથી ઉપજે ? ગૌતમ ! પર્યાપ્તાથી આવીને ઉપજે, અપર્યાપ્તાથી નહીં.

જો ગર્ભજ ભૂજપરિસર્પ પંચેન્દ્રિય તિર્યંચથી આવીને ઉપજે તો શું પર્યાપ્તા ગર્ભજ ભૂજપરિસર્પ પંચેન્દ્રિય તિર્યંચથી આવીને ઉપજે કે અપર્યાપ્તા૦થી ઉપજે ? ગૌતમ ! પર્યાપ્તા ગર્ભજ ભૂજપરિસર્પ પંચેન્દ્રિય તિર્યંચથી આવીને ઉપજે, અપર્યાપ્તા૦થી આવીને ન ઉપજે.

જો ખેચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકથી ઉપજે, તો શું સંમૂર્ચ્છિમ ખેચર પંચે૦ તિર્યંચથી આવીને ઉપજે કે ગર્ભજ૦ થી? બંનેથી આવીને ઉપજે.

જો સંમૂર્ચ્છિમ ખેચર પંચે૦ તિર્યંચથી ઉપજે તો તેના પર્યાપ્તા૦થી કે અપર્યાપ્તા૦થી આવીને ઉપજે ? ગૌતમ ! પર્યાપ્તા૦થી આવીને ઉપજે, અપર્યાપ્તા૦થી આવીને નહીં.

જો પર્યાપ્તા ગર્ભજ ખેચર પંચે૦ તિર્યંચ૦થી આવીને ઉપજે તો શું સંખ્યાત વર્ષાયુષ્ક૦થી ઉપજે કે અસંખ્યાત વર્ષાયુષ્ક૦થી આવીને ઉપજે? ગૌતમ ! સંખ્યાત વર્ષાયુષ્ક૦થી આવીને ઉપજે અસંખ્યાતથી નહીં.

જો સંખ્યાત વર્ષાયુષ્ક૦થી આવીને ઉપજે તો પર્યાપ્તા કે અપર્યાપ્તાથી૦ આવીને ઉપજે ? પર્યાપ્તા**૦થી** આવીને જ ઉપજે અપર્યાપ્તાથી૦ આવીને ન ઉપજે.

જો મનુષ્યથી આવીને ઉપજે તો સંમૂર્ચ્છિમ૦થી કે ગર્ભજ૦થી આવીને ઉપજે ? ગૌતમ ! સંમૂર્ચ્છિમ મનુષ્યથી ન ઉપજે, ગર્ભજ મનુષ્યથી આવીને જ ઉપજે.

જો ગર્ભજ મનુષ્યથી આવીને ઉપજે તો કર્મભૂમિગર્ભજ**મનુષ્ય**થી આવીને ઉપજે કે અકર્મભૂમિગર્ભજ૦ થી આવીને ઉપજે કે અંતર્દ્વીપગર્ભજ૦થી આવીને ઉપજે? ગૌતમ ! કર્મભૂમિજ ગર્ભજથી આવીને ઉપજે. અકર્મભૂમિજ૦ કે અંતર્દ્વીપગર્ભજથી આવીને નહીં.

જો કર્મભૂમિ ગર્ભજ મનુષ્યથી આવીને ઉપજે તો શું સંખ્યાત વર્ષાયુષ્ક૦થી આવીને ઉપજે કે અસંખ્યાત વર્ષાયુષ્ક૦થી ? ગૌતમ ! સંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્યથી ઉપજે, અસંખ્યાત૦થી નહીં.

જો સંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્યથી આવીને ઉપજે તો શું પર્યાપ્તાથી ઉપજે કે અપર્યાપ્તાથી? પર્યાપ્તા સંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્યથી આવીને જ ઉપજે.

એ પ્રમાણે સામાન્ય નૈરયિકવત્ રત્નપ્રભાપૃથ્વી નૈરયિકોનો ઉપપાત કહેવો.

શર્કરાપૃથ્વી નૈરયિકની પૃચ્છા– આનો સામાન્યની માફક ઉપપાત કહેવો. પરંતુ સંમૂર્ચ્છિમનો નિષેધ કરવો.

ભગવન્ ! વાલુકાપ્રભા પૃથ્વી નૈરયિક ક્યાંથી આવીને ઉપજે ? ગૌતમ ! શર્કરાપ્રભા નૈરયિકવત્ કહેવું. પરંતુ ભૂજપરિસર્પનો નિષેધ કરવો.

પંકપ્રભા નૈરયિકની પૃચ્છા–વાલુકાપ્રભા નૈરયિકવત્ કહેવું. પણ ખેચરનો નિષેધ કરવો.

ધૂમપ્રભા પૃથ્વી નૈરયિકની પૃચ્છા – પંકપ્રભા નૈરયિકવત્ કહેવું. પરંતુ ચતુષ્પદનો નિષેધ કરવો.

ભગવન્ ! તમઃપૃથ્વી નૈરયિક ક્યાંથી આવીને ઉપજે? ધૂમપ્રભા નૈરયિકવત્ કહેવું, સ્થલચરનો નિષેધ કરવો.

જો પંચેન્દ્રિય તિર્યંચથી ઉપજે તો શું જલચર–સ્થલચર કે ખેચર પંચેન્દ્રિયોથી આવીને ઉપજે ? ગૌતમ ! માત્ર સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચથી આવીને ઉપજે.

જો મનુષ્યોથી ઉપજે તો શું કર્મભૂમિ૦થી આવીને ઉપજે, અકર્મભૂમિ૦ આવીને ઉપજે કે અંતર્દ્વીપજથી

આવીનેઉપજે ? ગૌતમ ! કર્મભૂમિજથી ઉપજે છે, અકર્મભૂમિજ કે અંતર્દ્વીપજ૦થી ન ઉપજે.

જો કર્મભૂમિજથી ઉપજે તો સંખ્યાત વર્ષાયુષ્ક૦થી ઉપજે કે અસંખ્યાત વર્ષાયુષ્કથી ? સંખ્યાત વર્ષાયુષ્કથી ઉપજે, અસંખ્યાત વર્ષાયુષ્ક૦થી નહીં.

જો સંખ્યાત વર્ષાયુષ્કથી ઉપજે તો પર્યાપ્તાથી૦ કે અપર્યાપ્તા૦થી ? ગૌતમ ! પર્યાપ્તાથી આવીને ઉપજે, અપર્યાપ્તા૦થી આવીને નહીં.

જો પર્યાપ્તા સંખ્યાતવર્ષાયુષ્ક કર્મભૂમિજ ઉપજે તો સ્ત્રી૦ પુરુષ૦ કે નપુંસકથી ઉપજે ? ત્રણેમાંથી ઉપજે.

ભગવન્ ! અધઃસપ્તમી પૃથ્વી નૈરયિક ક્યાંથી આવીને ઉપજે ? ગૌતમ ! એમ જ છે. માત્ર સ્ત્રીનો નિષેધ છે.

૩૩૫,. અસંજ્ઞી પહેલી નરક સુધી, સરિસર્પ બીજી, પક્ષી ત્રીજી, સિંહ ચોથી, ઉરગ પાંચમી,

૩૩૬ . સ્ત્રી છઠ્ઠી, મનુષ્યો, મત્સ્ય સાતમી પૃથ્વી સુધી ઉપજે. આ નરક પૃથ્વીનો ઉત્કૃષ્ટ ઉપપાત જાણવો.

૩૩૭. ભગવન્ ! અસુરકુમાર ક્યાંથી આવીને ઉપજે? નારક કે દેવથી આવીને ન ઉપજે, મનુષ્ય કે તિર્યંચથી આવીને ઉપજે. એ રીતે નૈરયિક માફક અસુરકુમારનો પણ ઉપપાત કહેવો. વિશેષ એ કે– અસંખ્યાત વર્ષાયુષ્ક, અકર્મભૂમિજ, અંતર્દ્વીપજ મનુષ્ય અને તિર્યંચથી આવીને પણ ઉપજે.

એ પ્રમાણે સ્તનિતકુમાર સુધી કહેવું.

૩૩૮. ભગવન્ ! પૃથ્વીકાયિકો ક્યાંથી આવીને ઉપજે છે, નૈરયિકોથી યાવત્ દેવોથી ? ગૌતમ ! નૈરયિકોથી આવીને ન ઉપજે. તિર્યંચ, મનુષ્ય કે દેવોથી આવીને ઉપજે છે.

ભગવન્ ! પૃથ્વીકાયિકો જો તિર્યંચોથી આવીને ઉપજે તો શું એકેન્દ્રિયો આવીને ઉપજે ? કે યાવત્ પંચેન્દ્રિયોથી આવીને ઉપજે? ગૌતમ ! તે પાંચેથી આવીને ઉપજે.

ભગવન્ ! પૃથ્વીકાયિકો જો એકેન્દ્રિય તિર્યંચોથી આવીને ઉપજે તો શું પૃથ્વીકાયિકથી આવીને ઉપજે કે યાવત્ વનસ્પતિકાયિકથી આવીને ઉપજે ? ગૌતમ ! પૃથ્વીકાયિકાદિ પાંચેથી આવીને ઉપજે.

ભગવન્ ! પૃથ્વીકાયિકો જો પૃથ્વીકાયિકથી આવીને ઉપજે તો શું સૂક્ષ્મ પૃથ્વીકાયિકથી આવીને ઉપજે કે બાદર પૃથ્વીકાયિકથી આવીને ઉપજે? ગૌતમ ! બંનેથી આવીને ઉપજે.

ભગવન્ ! પૃથ્વીકાયિકો જો સૂક્ષ્મપૃથ્વીકાયિકથી આવીને ઉપજે, તો શું પર્યાપ્તા સૂક્ષ્મપૃથ્વીકાયિકથી આવીને ઉપજે કે અપર્યાપ્તા સૂક્ષ્મપૃથ્વીકાયિકથી આવીને ઉપજે ? ગૌતમ ! બંનેથી આવીને ઉપજે.

ભગવન્ ! પૃથ્વીકાયિકો જો બાદર પૃથ્વીકાયિકથી આવીને ઉપજે, તો શું પર્યાપ્તા બાદર પૃથ્વીકાયિકથી આવીને ઉપજે કે અપર્યાપ્તા૦ થી આવીને ઉપજે? ગૌતમ ! બંનેથી ઉપજે. એ રીતે વનસ્પતિકાયિક સુધી ચાર ભેદો વડે ઉપપાત કહેવો.

ભગવન્ ! પૃથ્વીકાયિકો જો બેઇન્દ્રિય તિર્યંચયોનિકથી આવીને ઉપજે તો શું પર્યાપ્તા બેઇન્દ્રિય તિર્યંચ યોનિકથી ઉપજે કે અપર્યાપ્તા બેઇન્દ્રિય તિર્યંચયોનિકથી આવીને ઉપજે ? ગૌતમ ! બંનેથી ઉપજે. એ રીતે તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિયથી પણ કહેવું.

ભગવન્ ! પૃથ્વીકાયિકો જો પંચેન્દ્રિય તિર્યંચયોનિકથી આવીને ઉપજે તો શું જલચર પંચેન્દ્રિય તિર્યંચ યોનિકથી આવીને ઉપજે, એ પ્રમાણે નૈરયિકનો ઉપપાત કહ્યો, તે પ્રમાણે અહીં પણ કહેવો. પણ પર્યાપ્તા–અપર્યાપ્તા બંને પ્રકારના પંચેન્દ્રિય તિર્યંચયોનિકથી આવીને ઉપજે.

ભગવન્ ! પૃથ્વીકાયિકો જો મનુષ્યોથી ઉપજે તો શું સંમૂર્ચ્છિમ મનુષ્યથી ઉપજે કે ગર્ભજ મનુષ્યથી ? ગૌતમ! બંને પ્રકારના મનુષ્યોમાંથી ઉત્પન્ન થાય.

ભગવન્ ! પૃથ્વીકાયિકો જો ગર્ભજ મનુષ્યથી ઉપજે તો શું કર્મભૂમિજ ગર્ભજ મનુષ્યથી ઉપજે ઇત્યાદિ

નૈરયિકવત્ કહેવું. વિશેષ એ કે – અપર્યાપ્તાથી પણ ઉપજે.

ભગવન્ ! પૃથ્વીકાયિકો જો દેવોમાથી આવીને ઉપજે તો શું ભવનવાસીથી ઉપજે, વ્યંતરથી ઉપજે, જ્યોતિષ્કથી ઉપજે કે વૈમાનિકથી ઉપજે ? ગૌતમ ! ચારેમાંથી આવીને ઉપજે.

ભગવન્ ! પૃથ્વીકાયિકો જો ભવનવાસીથી ઉપજે તો શું અસુરકુમારથી આવીને ઉપજે કે યાવત્ સ્તનિતકુમારથી આવીને ઉપજે? ગૌતમ ! તે બધાથી આવીનેઉપજે.

ભગવન્ ! પૃથ્વીકાયિકો જો વ્યંતરદેવથી આવીને ઉપજે તો શું પિશાચથી આવીને ઉપજે યાવત્ ગંધર્વથી આવીને ઉપજે? ગૌતમ ! તે બધામાંથી આવીને ઉપજે.

ભગવન્ ! પૃથ્વીકાયિકો જો જ્યોતિષ્કદેવથી આવીને ઉપજે તો ચંદ્રવિમાનથી આવીને ઉપજે કે યાવત્ તારાવિમાનથી આવીને ઉપજે ? ગૌતમ! તે પાંચેમાંથી આવીને ઉપજે.

ભગવન્ ! પૃથ્વીકાયિકો જો વૈમાનિક દેવથી આવીને ઉપજે, તો શું કલ્પોપપન્ન આવીને ઉપજે કે કલ્પાતીત૦થી આવીને ઉપજે ? ગૌતમ ! કલ્પોપપન્ન૦થી આવીને ઉપજે, કલ્પાતીત૦થી આવીને ઉપજે નહીં.

ભગવન્ ! પૃથ્વીકાયિકો જો કલ્પોપપન્ન વૈમાનિક દેવથી ઉપજે તો શું સૌધર્મથી આવીને ઉપજે કે યાવત્ અચ્યુત **કલ્પ**થી આવીને ઉપજે ? ગૌતમ! સૌધર્મ–ઈશાનથી આવીને ઉપજે છે. સનત્કુમાર યાવત્ અચ્યુતથી ન ઉપજે. એ રીતે અપ્કાયિક પણ કહેવા. તેઉકાયિક વાયુકાયિક થી પણ તેમ જ છે. પરંતુ દેવ સિવાય બાકીના જીવોથી આવીને ઉત્પન્ન થાય. વનસ્પતિકાયિકને પૃથ્વીકાયિકવત્ જાણવા.

**૩૩૯.** બે ઈન્દ્રિયો, ત્રણ ઈન્દ્રિયો, ચાર ઈન્દ્રિયો જીવોની ઉત્પત્તિ તેઉકાયિક અને વાયુકાયિકવત્ જાણવા.

**૩૪૦.** ભગવન્ ! પંચેન્દ્રિય તિર્યંચ ક્યાંથી આવીને ઉપજે ? નૈરયિકથી કે યાવત્ દેવોથી આવીને ઉપજે? ગૌતમ! તે ચારેથી આવીને ઉપજે.

ભગવન્ ! પંચેન્દ્રિય તિર્યંચ જો નૈરયિકથી આવીને ઉપજે, તો શું રત્નપ્રભાપૃથ્વી નૈરયિકથી આવીને ઉપજે કે યાવત્ અધઃસપ્તમી પૃથ્વીનૈરયિકથી આવીને ઉપજે ? ગૌતમ ! તે સાતે પૃથ્વી નૈરયિકથી આવીને ઉપજે.

ભગવન્ ! પંચેન્દ્રિય તિર્યંચ જો તિર્યંચયોનિકથી આવીને ઉપજે તો શું એકેન્દ્રિય તિર્યંચથી આવીને ઉપજે કે યાવત્ પંચેન્દ્રિય તિર્યંચથી આવીને ઉપજે ? ગૌતમ ! તે પાંચેથી આવીને ઉપજે. એ રીતે પૃથ્વીકાયમાં ઉપપાત કહ્યો તેમ આમનો પણ કહેવો. વિશેષ એ કે – પંચેન્દ્રિય તિર્યંછો, સહસ્રાર સુધીના દેવોથી ઉપજે.

**૩૪૧.** ભગવન્ ! મનુષ્યો ક્યાંથી ઉપજે ? નૈરયિકથી યાવત્ દેવોથી ? ગૌતમ! ચારેથી ઉપજે.

ભગવન્ ! મનુષ્યો જો નૈરયિકથી આવીને ઉપજે તો શું રત્નપ્રભાપૃથ્વી નૈરયિકથી આવીને ઉપજે કે યાવત્ અધઃસપ્તમીથી નૈરયિકથી આવીને ઉપજે ? રત્નપ્રભા નૈરયિક યાવત્ તમઃપ્રભાપૃથ્વી નૈરયિકથી આવીને ઉપજે, પણ અધઃસપ્તમી નૈરયિકથી આવીને ઉપજે નહીં.

ભગવન્ ! મનુષ્યો જો તિર્યંચયોનિકથી ઉપજે, તો શું એકેન્દ્રિય તિર્યંચથી આવીને ઉપજે કે પંચેન્દ્રિય તિર્યંચથી આવીને ઉપજે ? જે પ્રમાણે પંચેન્દ્રિય તિર્યંચોનો ઉપપાત કહ્યો તેમ મનુષ્યોનો પણ કહેવો. પરંતુ અધઃસપ્તમી નૈરયિક અને તેઉકાયિક અને વાયુકાયિકથી આવીને ન ઉપજે. તથા સર્વ દેવોથી યાવત્ સર્વાર્થસિદ્ધથી ઉપપાત કહેવો.

**૩૪૨.** ભગવન્ ! વ્યંતર દેવો, ક્યાંથી આવીને ઉપજે છે ? નૈરયિકથી આવીને ઉપજે કે યાવત્ દેવથી આવીને ઉપજે? વ્યંતર દેવોની ઉત્પત્તિ અસુરકુમારવત્ કહેવી.

**૩૪૩.** ભગવન્ ! જ્યોતિષ્ક દેવો ક્યાંથી આવીને ઉપજે છે ? જ્યોતિષ્ક દેવોની ઉત્પત્તિ વ્યંતરવત્ જાણવી. પરંતુ સંમૂર્ચ્છિમ, અસંખ્યાત વર્ષાયુષ્ક ખેચર પંચેન્દ્રિય તિર્યંચ અને અંતર્દ્વીપજ મનુષ્યોને વર્જીને બીજેથી ઉપજે.

૩૪૪. ભગવન્ ! વૈમાનિકો ક્યાંથી આવીને ઉપજે છે? શું નૈરયિકોથી આવીને ઉપજે છે કે યાવત્ દેવોથી આવીને ઉપજે છે ? ગૌતમ ! નૈરયિક કે દેવોથી આવીને ન ઉપજે. પણ પંચેન્દ્રિય તિર્યંચથી અને મનુષ્યોથી આવીને ઉપજે છે. એ પ્રમાણે સૌધર્મ અને ઈશાન દેવો કહેવા. સનત્કુમાર દેવો પણ એમ જ કહેવા. પરંતુ અસંખ્યાત વર્ષાયુષ્ક અકર્મભૂમિજને વર્જીને ઉપજે છે. એ પ્રમાણે સહસ્રારદેવો સુધી કહેવું.

ભગવન્ ! આનત કલ્પના દેવો ક્યાંથી આવીને ઉપજે છે ? શું નૈરયિકોથી આવીને ઉપજે છે કે યાવત્ દેવોથી આવીને ઉપજે છે ? ગૌતમ ! નૈરયિક કે દેવોથી આવીને ન ઉપજે, તિર્યંચોમાંથી આવીને પણ ન ઉપજે, આ દેવો ફક્ત મનુષ્યોમાંથી આવીને ઉપજે છે.

ભગવન્ ! આનત કલ્પના દેવો જો મનુષ્યથી આવીને ઉપજે તો શું સંમૂર્ચ્છિમ મનુષ્યથી ઉપજે કે ગર્ભજથી? ગૌતમ ! ગર્ભજ મનુષ્યોથી ઉપજે, સંમૂર્ચ્છિમથી નહીં.

ભગવન્ ! આનત કલ્પના દેવો જો ગર્ભજ મનુષ્યથી ઉપજે તો શું કર્મભૂમિજ–અકર્મભૂમિજ કે અંતર્દ્વીપજ મનુષ્યોથી આવીને ઉપજે? ગૌતમ ! તેઓ કેવળ કર્મભૂમિજ ગર્ભજ મનુષ્યથી ઉપજે.

ભગવન્ ! આનત કલ્પના દેવો જો કર્મભૂમિજ ગર્ભજ મનુષ્યથી ઉપજે તો શું સંખ્યાત વર્ષાયુષ્કથી ઉપજે કે અસંખ્યાત વર્ષાયુષ્કથી ઉપજે ? ગૌતમ ! સંખ્યાત વર્ષાયુષ્કથી ઉપજે.

ભગવન્ ! આનત કલ્પના દેવો જો સંખ્યાત વર્ષાયુષ્ક ગર્ભજ મનુષ્યોથી આવીને ઉપજે તો શું પર્યાપ્તાoથી આવીને ઉપજે કે અપર્યાપ્તાoથી આવીને ઉપજે ? ગૌતમ ! તેઓ પર્યાપ્તા સંખ્યાત વર્ષાયુષ્ક ગર્ભજ મનુષ્યોથી આવીને ઉપજે, અપર્યાપ્તાથી નહી.

ભગવન્ ! આનત કલ્પના દેવો જો પર્યાપ્તા સંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્યોથી ઉપજે, તો શું સમ્યક્ દૃષ્ટિ પર્યાપ્તાoથી ઉપજે કે મિથ્યાદૃષ્ટિ પર્યાપ્તાથી કે મિશ્રદૃષ્ટિ પર્યાપ્તાથી ઉપજે? ગૌતમ ! સમ્યક્ દૃષ્ટિ કે મિથ્યાદૃષ્ટિ પર્યાપ્ત સંખ્યાતવર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્યોથી ઉપજે છે, પણ મિશ્ર દૃષ્ટિ પર્યાપ્તાoથી ન ઉપજે.

ભગવન્ ! આનત કલ્પના દેવો જો સમ્યક્દૃષ્ટિ પર્યાપ્તાoથી ઉપજે તો શું સંયત સમ્યક્દૃષ્ટિ પર્યાપ્તાoથી ઉપજે કે અસંયત સમ્યક્દૃષ્ટિ પર્યાપ્તાoથી ઉપજે કે સંયતાસંયત સમ્યક્દૃષ્ટિ પર્યાપ્તાoથી ઉપજે? ગૌતમ ! તેઓ ત્રણેમાંથી પણ આવીને ઉપજે. એ રીતે અચ્યુતકલ્પ સુધી કહેવું.

ગ્રૈવેયક દેવો પણ એમ જ કહેવા, પરંતુ અસંયત અને સંયતાસંયતનો નિષેધ કરવો. ગ્રૈવેયક દેવ માફક અનુત્તરોપપાતિક દેવ પણ કહેવા. પરંતુ અહીં સંયતો જ આવીને ઉપજે.

ભગવન્ ! અનુત્તર વિમાનના દેવો જો સમ્યગ્દૃષ્ટિ સંયત પર્યાપ્તા સંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્યોથી આવીને ઉપજે તો પ્રમત્તસંયતથી આવીને ઉપજે કે અપ્રમત્તસંયતથી આવીને ? અપ્રમત્ત સંયતથી જ ઉપજે

ભગવન્ ! અનુત્તર વિમાનના દેવો જો અપ્રમત્ત સંયતથી આવીને ઉપજે, તો શું ઋદ્ધિપ્રાપ્ત અપ્રમત્ત સંયતથી આવીને ઉપજે કે અનૃદ્ધિપ્રાપ્ત અપ્રમત્ત સંયતથી આવીને ઉપજે ? ગૌતમ ! તે બંનેથી આવીને ઉત્પન્ન થાય.

## પદ-૬, દ્વાર-૬

### સૂત્ર–૩૪૫, ૩૫૦

૩૪૫. ભગવન્ ! નૈરયિકો ઉદ્વર્તના કરી(મરીને) અનંતર ક્યાં જાય છે, ક્યાં ઉપજે છે ? શું નૈરયિકોમાં ઉત્પન્ન થાય કે યાવત્ દેવોમાં ઉત્પન્ન થાય ? ગૌતમ ! નૈરયિક કે દેવમાં ન ઉપજે, તિર્યંચયોનિક કે મનુષ્યમાં ઉપજે.

ભગવન્ ! નૈરયિકો મરીને અનંતર જો તિર્યંચમાં ઉપજે તો શું એકેન્દ્રિયમાં ઉપજે કે યાવત્ પંચેન્દ્રિય તિર્યંચમાં ઉપજે ? ગૌતમ ! ઉપપાત માફક ઉદ્વર્તના કહેવી. વિશેષ એ કે – સંમૂર્ચ્છિમોમાં ઉત્પન્ન થતા નથી. એમ સર્વે પૃથ્વીમાં કહેવું. માત્ર સાતમી નરકમાં મૃત્યુ પામીને અનંતર ભાવે મનુષ્યમાં ન ઉપજે.

૩૪૬. ભગવન્ ! અસુરકુમાર, અનંતર ઉદ્વર્તીને (મૃત્યુ પામીને) ક્યાં જાય છે, ક્યાં ઉપજે છે ? નૈરયિકમાં યાવત્ દેવોમાં? ગૌતમ ! અસુરકુમાર, અનંતર ઉદ્વર્તીને નારક કે દેવોમાં ન ઉપજે, પણ તિર્યંચ કે મનુષ્યમાં ઉપજે.

ભગવન્ ! અસુરકુમાર, અનંતર મૃત્યુ પામીને જો તિર્યંચમાં ઉપજે તો શું એકેન્દ્રિય તિર્યંચમાં ઉપજે કે યાવત્ પંચેન્દ્રિય તિર્યંચમાં ઉપજે ? તેઓ એકેન્દ્રિયોમાં ઉપજે, બેઇન્દ્રિય, ત્રણઇન્દ્રિય કે ચાર ઇન્દ્રિય તિર્યંચમાં ન ઉપજે. પંચેન્દ્રિય તિર્યંચમાં ઉપજે.

ભગવન્ ! અસુરકુમાર, અનંતર મૃત્યુ પામીને જો એકેન્દ્રિયમાં ઉપજે તો પૃથ્વીકાયિકમાં ઉપજે કે યાવત્ વનસ્પતિ**કાયિક**માં ઉપજે ? તેઓ પૃથ્વીકાયિક, અપ્કાયિક કે વનસ્પતિકાયિકમાં ઉપજે, પણ તેઉકાયિક કે વાયુકાયિકમાં ન ઉપજે.

ભગવન્ ! અસુરકુમાર, અનંતર મૃત્યુ પામીને જો પૃથ્વીકાયિકમાં ઉપજે, તો શું સૂક્ષ્મ પૃથ્વીકાયિકમાં ઉપજે કે બાદરપૃથ્વીકાયિકમાં ? તેઓ બાદર પૃથ્વીકાયિકમાં ઉપજે, સૂક્ષ્મ પૃથ્વીકાયિકમાં નહીં,

ભગવન્ ! અસુરકુમાર, અનંતર મૃત્યુ પામીને જો બાદર પૃથ્વીકાયિકમાં ઉપજે તો શું પર્યાપ્તા બાદર પૃથ્વીકાયિકમાં ઉપજે કે અપર્યાપ્તા બાદર પૃથ્વીકાયિકમાં? તેઓ બાદર પર્યાપ્તા પૃથ્વીકાયિકમાં ઉપજે, બાદર અપર્યાપ્તા પૃથ્વીકાયિકમાં નહીં. એ પ્રમાણે અપ્કાયિક અને વનસ્પતિકાયિક કહેવા. પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યો વિશે નૈરયિકોની સંમૂર્ચ્છિમ સિવાય અન્યમાં ઉદ્વર્તના કહી તેમ અસુરકુમારની કહેવી. એ પ્રમાણે સ્તનિતકુમાર સુધી ઉદ્વર્તના જાણવી.

૩૪૭. ભગવન્ ! પૃથ્વીકાયિક અનંતર ઉદ્વર્તીને(મરીને) ક્યાં જાય ? નૈરયિકમાં યાવત્ દેવમાં? ગૌતમ ! તેઓ નૈરયિક કે દેવમાં ન ઉપજે, પણ તિર્યંચ કે મનુષ્યમાં ઉપજે. પૃથ્વીકાયિકના ઉપપાત માફક ઉદ્વર્તના કહેવી. પણ દેવો ન કહેવા. એ રીતે અપ્કાય, વનસ્પતિકાય અને વિકલેન્દ્રિય કહેવા. તેઉકાય અને વાયુકાય પણ એમ જ કહેવા, પરંતુ તે બંને મનુષ્યમાં ઉત્પન્ન થતા નથી.

૩૪૮. ભગવન્ ! પંચેન્દ્રિય તિર્યંચયોનિકો અનંતર મરીને ક્યાં જાય, ક્યાં ઉપજે ? ગૌતમ ! તેઓ નૈરયિક યાવત્ દેવોમાં ઉપજે છે.

ભગવન્ ! પંચેન્દ્રિય તિર્યંચયોનિકો જો નૈરયિકમાં ઉપજે તો રત્નપ્રભામાં ઉપજે કે યાવત્ અધઃસપ્તમી નૈરયિકોમાં ઉપજે? ગૌતમ ! તેઓ સાતે નરકોમાં ઉપજે.

ભગવન્ ! પંચેન્દ્રિય તિર્યંચયોનિકો જો તિર્યંચમાં ઉપજે તો એકેન્દ્રિય તિર્યંચમાં ઉપજે કે યાવત્ પંચેન્દ્રિય તિર્યંચમાં ઉપજે? ગૌતમ ! તેઓ પાંચેમાં પણ ઉપજે. એ રીતે તેમના ઉપપાતની જેમ ઉદ્વર્તના કહેવી. પરંતુ તેઓ અસંખ્યાતા વર્ષાયુષ્ક તિર્યંચોમાં પણ ઉત્પન્ન થાય.

ભગવન્ ! પંચેન્દ્રિય તિર્યંચયોનિકો જો મનુષ્યોમાં ઉપજે, તો સંમૂર્ચ્છિમ મનુષ્યોમાં ઉપજે કે ગર્ભજ૦માં? તેઓ બંનેમાં ઉપજે. એ રીતે ઉપપાત માફક ઉદ્વર્તના કહેવી. વિશેષ એ કે – અકર્મભૂમિજ અને અંતર્દ્વીપજ અસંખ્યાતા વર્ષાયુ મનુષ્યોમાં પણ ઉપજે.

જો પંચેન્દ્રિય તિર્યંચયોનિકો દેવોમાં ઉપજે તો ભવનપતિ દેવ કે યાવત્ વૈમાનિક દેવોમાં ઉપજે ? તેઓ બધામાં ઉપજે. સર્વે અસૂરો, વ્યંતર, જ્યોતિષ્ક અને સહસ્રાર દેવલોક સુધી ઉપજે.

૩૪૯. ભગવન્ ! મનુષ્યો અનંતર ઉદ્વર્તીને(મરીને) ક્યાં જાય, ક્યાં ઉપજે? નૈરયિકોમાં ઉત્પન્ન થાય કે યાવત્ દેવોમાં ઉત્પન્ન થાય ? ગૌતમ ! તેઓ ચારેમાં પણ ઉપજે, એ રીતે નિરંતર બધા સ્થાનોની પૃચ્છા – બધા સ્થાનોમાં મનુષ્યો ઉપજે, ક્યાંય નિષેધ નથી, યાવત્ સર્વાર્થસિદ્ધમાં ઉપજે. કેટલાક સિદ્ધ–બુદ્ધ–મુક્ત અને પરિનિવૃત્ત થઇને સર્વે દુઃખોનો અંત પણ કરે છે.

૩૫૦. વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિક સૌધર્મ અને ઈશાન દેવો અસુરકુમારવત્ કહેવા. માત્ર જ્યોતિષ્ક અને વૈમાનિકમાં 'ચ્યવે છે' તેમ કહેવું. સનત્કુમારની પૃચ્છા – અસુરકુમારવત્ કહેવું, પરંતુ એકેન્દ્રિયોમાં ન ઉપજે. એ પ્રમાણે સહસ્રારદેવો સુધી કહેવું. આનતથી અનુત્તરોપપાતિક દેવો એમજ છે, પરંતુ તેઓ તિર્યંચમાં ન ઉપજે અને મનુષ્યોમાં પર્યાપ્તા સંખ્યાતા વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજમાં ઉપજે.

## પદ-૬, દ્વાર-૭

**સૂત્ર–૩૫૧**

ભગવન્ ! નૈરયિકો, પોતાના આયુષ્યનો કેટલો ભાગ બાકી હોય ત્યારે પરભવાયુ બાંધે ? ગૌતમ ! છ માસ બાકી હોય ત્યારે અવશ્ય બાંધે. એ પ્રમાણે અસુરકુમારો યાવત્ સ્તનિતકુમારો જાણવા.

ભગવન્! પૃથ્વીકાયિકો કેટલો ભાગ બાકી રહે ત્યારે પરભવાયુ બાંધે ? પૃથ્વીકાયિકો બે ભેદે છે– સોપક્રમાયુ અને નિરપક્રમાયુ. તેમાં જે નિરુપક્રમાયુષ્ક જીવો છે, તે નિયમા ત્રિભાગ શેષ આયુ રહે ત્યારે પરભવાયુ બાંધે. જે સોપક્રમાયુવાળા જીવો છે, તે કદાચ ત્રણ ભાગ આયુ રહેતા પરભવાયુ બાંધે, કદાચ ત્રિભાગ–ત્રિભાગ આયુ બાકી રહે ત્યારે બાંધે, કદાચ ત્રિભાગ–ત્રિભાગ–ત્રિભાગ શેષાયુ રહે ત્યારે બાંધે.

અપ્કાયિક, તેઉકાયિક, વાયુકાયિક, વનસ્પતિકાયિક, બેઇન્દ્રિય–તેઇન્દ્રિય–ચઉરિન્દ્રિયને એમ જ જાણવું.

ભગવન્ ! પંચેન્દ્રિય તિર્યંચયોનિક કેટલો ભાગ આયુ બાકી રહેતા પરભવાયુ બાંધે ? પંચેન્દ્રિય તિર્યંચયોનિક બે ભેદે – સંખ્યાત વર્ષાયુ, અસંખ્યાત વર્ષાયુ. તેમાં અસંખ્યાત વર્ષાયુ નિયમા છ માસ બાકી રહેતા પરભવાયુ બાંધે. સંખ્યાત વર્ષાયુષ્ક બે ભેદે – સોપક્રમાયુ, નિરુપક્રમાયુ. તેમાં નિરુપક્રમો નિયમા ત્રણ ભાગ શેષ આયુ રહેતા પરભવાયુ બાંધે. સોપક્રમાયુષ્ક ત્રીજો, નવમો કે સત્તાવીશમો ભાગ રહેતા પરભવાયુ બાંધે. મનુષ્યો તેમજ છે. વ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિકને નૈરયિકવત્ જાણવા.

## પદ-૬, દ્વાર-૮

**સૂત્ર–૩૫૨**

ભગવન્ ! આયુષ્ બંધ કેટલા ભેદે છે ? ગૌતમ ! આયુષ્ બંધ છ ભેદે છે, તે આ પ્રમાણે– જાતિનામ નિધત્તાયુ, ગતિનામનિધત્તાયુ, સ્થિતિનામનિધત્તાયુ, અવગાહનાનામનિધત્તાયુ, પ્રદેશનામનિધત્તાયુ, અનુભાવનામનિધત્તાયુ.

ભગવન્ ! નૈરયિકને કેટલા ભેદે આયુષ્ બંધ છે? ગૌતમ ! છ ભેદે – જાતિનામનિધત્તાયુ યાવત્ અનુભાવનામ નિધત્તાયુ. એ પ્રમાણે વૈમાનિક સુધી જાણવું.

ભગવન્ ! જીવો જાતિનામ નિધત્તાયુ કેટલા આકર્ષોથી બાંધે ? ગૌતમ ! જઘન્ય એક, બે, ત્રણ. ઉત્કૃષ્ટ આઠ.

ભગવન્ ! નૈરયિક જાતિનામ નિધત્તાયુ કેટલા આકર્ષથી બાંધે ? ઉપર મુજબ, આમ વૈમાનિક સુધી કહેવું. એ પ્રમાણે ગતિનામ નિધત્તાયુથી અનુભાવનામ નિધત્તાયુ સુધી છે.

ભગવન્ ! આ જાતિનામ નિધત્તાયુ જઘન્યથી કે ઉત્કૃષ્ટથી બાંધતા જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય, વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી થોડાં જીવો આઠ આકર્ષ વડે જાતિનામ નિધત્તાયુ બાંધનારા છે. સાત આકર્ષ વડે બાંધનારા તેનાથી સંખ્યાતગણા છે. એ રીતે છ–પાંચ–ચાર–ત્રણ–બે–એક આકર્ષ વડે બાંધનારા ઉત્તરોત્તર તેનાથી–તેનાથી સંખ્યાતગણા છે. એ પ્રમાણે આ આલાવાથી અનુભાગનામ નિધત્તાયુ સુધી જાણવું.

એ રીતે આ છ જીવાદિ અલ્પબહુત્વના દંડકો કહેવા.

**પદ-૬ 'વ્યુત્ક્રાન્તિ'નો મુનિ દીપરત્નસાગરે કરેલ ભાવાનુવાદ પૂર્ણ**

# પદ–૭ ' ઉચ્છ્વાસ'

સૂત્ર–૩૫૩

ભગવન્ ! નૈરયિકો કેટલા કાળે ઉચ્છ્વાસ લે અને મૂકે ? ગૌતમ ! સતત અને નિરંતર શ્વાસ લે અને મૂકે.

ભગવન્ ! અસુરકુમારો કેટલા કાળે શ્વાસ લે અને મૂકે ? જઘન્ય સાત સ્તોકે, ઉત્કૃષ્ટ સાધિક એક પક્ષે.

ભગવન્ ! નાગકુમારો કેટલા કાળે શ્વાસ લે અને મૂકે ? જઘન્ય સાત સ્તોક, ઉત્કૃષ્ટ મુહૂર્ત્ત પૃથક્ત્વ. એ પ્રમાણે સ્તનિતકુમાર સુધી જાણવું.

ભગવન્ ! પૃથ્વીકાયિક કેટલા કાળે શ્વાસ લે અને મૂકે ? વિમાત્રાએ શ્વાસ લે અને મૂકે. એ પ્રમાણે મનુષ્યો સુધી જાણવું. વ્યંતરોના ઉછ્વાસ અને નિ:શ્વાસનું કથન નાગકુમારવત્ જાણવું.

ભગવન્ ! જ્યોતિષ્કો કેટલા કાળે શ્વાસ લે અને મૂકે ? ગૌતમ ! જઘન્યથી મુહૂર્ત્ત પૃથક્ત્વે, ઉત્કૃષ્ટથી પણ મુહૂર્ત્ત પૃથક્ત્વે.

ભગવન્ ! વૈમાનિકો કેટલા કાળે શ્વાસ લે અને મૂકે ? ગૌતમ ! જઘન્યથી મુહૂર્ત્ત પૃથક્ત્વ, ઉત્કૃષ્ટથી ૩૩–પક્ષે શ્વાસ લે–મૂકે.

ભગવન્ ! સૌધર્મદેવો કેટલા કાળે શ્વાસ લે–મૂકે ? જઘન્યથી મુહૂર્ત્ત પૃથક્ત્વ, ઉત્કૃષ્ટથી બે પક્ષે.

ભગવન્ ! ઈશાન દેવો કેટલા કાળે શ્વાસ લે અને મૂકે ? જઘન્યથી સાતિરેક મુહૂર્ત્ત પૃથક્ત્વ, ઉત્કૃષ્ટથી સાતિરેક બે પક્ષે.

ભગવન્ ! સનત્કુમાર દેવો કેટલા કાળે શ્વાસ લે અને મૂકે ? જઘન્યથી બે પક્ષે, ઉત્કૃષ્ટથી સાત પક્ષે.

ભગવન્ ! માહેન્દ્ર દેવો કેટલા કાળે શ્વાસ લે અને મૂકે ? જઘન્ય સાતિરેક બે પક્ષે, ઉત્કૃષ્ટ સાતિરેક સાત પક્ષે.

ભગવન્ ! બ્રહ્મલોક દેવો કેટલા કાળે શ્વાસ લે અને મૂકે ? જઘન્યથી સાત પક્ષે ઉત્કૃષ્ટથી દશ પક્ષે.

ભગવન્ ! લાંતક દેવો કેટલા કાળે શ્વાસ લે અને મૂકે ? જઘન્યથી દશ પક્ષે, ઉત્કૃષ્ટથી ૧૪–પક્ષે.

ભગવન્ ! મહાશુક્રદેવો કેટલા કાળે શ્વાસ લે અને મૂકે ? જઘન્ય ૧૪–પક્ષે, ઉત્કૃષ્ટ ૧૭–પક્ષે.

ભગવન્ ! સહસ્રારદેવો કેટલા કાળે શ્વાસ લે અને મૂકે ? જઘન્યથી ૧૭–પક્ષો ઉત્કૃષ્ટથી ૧૮–પક્ષે.

એ રીતે આનત દેવો જઘન્ય ૧૮–પક્ષે, ઉત્કૃષ્ટ ૧૯–પક્ષે. પ્રાણતદેવો જઘન્ય ૧૯–પક્ષે, ઉત્કૃષ્ટ ૨૦ –પક્ષે. આરણદેવો જઘન્ય ૨૦–પક્ષે, ઉત્કૃષ્ટ ૨૧–પક્ષે. અચ્યુતદેવો જઘન્ય ૨૧–પક્ષે, ઉત્કૃષ્ટ ૨૨–પક્ષે શ્વાસ લે – મૂકે.

અધોઅધો ગ્રૈવેયક દેવો જઘન્ય ૨૨–પક્ષે, ઉત્કૃષ્ટ ૨૩–પક્ષે. અધો મધ્યમ ગ્રૈવેયક દેવો જઘન્ય ૨૩–પક્ષે, ઉત્કૃષ્ટ ૨૪–પક્ષે. અધોઉર્ધ્વ ગ્રૈવેયક દેવો જઘન્ય ૨૪–પક્ષે, ઉત્કૃષ્ટ ૨૫–પક્ષે શ્વાસ લે અને મૂકે.

મધ્યમ અધો ગ્રૈવેયક દેવો જઘન્ય ૨૫–પક્ષે, ઉત્કૃષ્ટ ૨૬–પક્ષે. મધ્યમ મધ્યમ ગ્રૈવેયક દેવો જઘન્ય ૨૬–પક્ષે, ઉત્કૃષ્ટ ૨૭–પક્ષે. મધ્યમ ઉપલા ગ્રૈવેયક દેવો જઘન્ય ૨૭–પક્ષે, ઉત્કૃષ્ટ ૨૮–પક્ષે શ્વાસ લે અને મૂકે.

ઉર્ધ્વ અધો ગ્રૈવેયક દેવો જઘન્ય ૨૮–પક્ષે, ઉત્કૃષ્ટ ૨૯–પક્ષે. ઉર્ધ્વ મધ્યમ ગ્રૈવેયક દેવો જઘન્ય ૨૯–પક્ષે, ઉત્કૃષ્ટ ૩૦–પક્ષે. ઉર્ધ્વ–ઉર્ધ્વ ગ્રૈવેયક દેવો જઘન્ય ૩૦–પક્ષે, ઉત્કૃષ્ટ ૩૧–પક્ષે શ્વાસ લે–મૂકે.

ભગવન્ ! વિજય–વૈજયંત–જયંત–અપરાજિત વિમાને દેવો કેટલા કાળે શ્વાસ લે અને મૂકે ? ગૌતમ! જઘન્ય ૩૧–પક્ષે અને ઉત્કૃષ્ટ ૩૩–પક્ષે શ્વાસ લે અને મૂકે. સર્વાર્થસિદ્ધદેવો અજઘન્યોત્કૃષ્ટ ૩૩–પક્ષે શ્વાસ લે છે અને મૂકે.

પદ-૭ 'ઉચ્છ્વાસ'નો મુનિ દીપરત્નસાગરે કરેલ ભાવાનુવાદ પૂર્ણ

# પદ–૮ ' સંજ્ઞા'

### સૂત્ર–૩૫૪, ૩૫૫

**૩૫૪.** ભગવન્ ! સંજ્ઞાઓ કેટલી છે ? ગૌતમ ! દશ. તે આ પ્રમાણે– આહારસંજ્ઞા, ભયસંજ્ઞા, મૈથુનસંજ્ઞા, પરિગ્રહસંજ્ઞા, ક્રોધસંજ્ઞા, માનસંજ્ઞા, માયાસંજ્ઞા, લોભસંજ્ઞા, લોકસંજ્ઞા અને ઓઘસંજ્ઞા.

ભગવન્ ! નૈરયિકોને કેટલી સંજ્ઞા છે ? દશ, આહારસંજ્ઞા યાવત ઓઘસંજ્ઞા પૂર્વવત્.

ભગવન્ ! અસુરકુમારને કેટલી સંજ્ઞા છે ? દશ, આહારસંજ્ઞા યાવત ઓઘસંજ્ઞા પૂર્વવત્. એ રીતે સ્તનિતકુમાર સુધી જાણવું. એ પ્રમાણે પૃથ્વીકાયિક યાવત્ વૈમાનિકને પણ જાણવા.

**૩૫૫.** ભગવન્ ! નૈરયિક, શું આહાર સંજ્ઞોપયુક્ત યાવત્ પરિગ્રહ સંજ્ઞોપયુક્ત છે? ગૌતમ! બાહ્ય કારણને આશ્રીને ભય સંજ્ઞોપયુક્ત છે, સંતતિભાવને આશ્રીને આહાર યાવત્ પરિગ્રહ સંજ્ઞોપયુક્ત છે.

ભગવન્ ! આ આહાર યાવત્ પરિગ્રહ સંજ્ઞોપયુક્ત નૈરયિકમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? ગૌતમ ! સૌથી થોડાં નૈરયિક મૈથુન સંજ્ઞોપયુક્ત છે. આહાર સંજ્ઞોપયુક્ત તેનાથી સંખ્યાતગણા છે, પરિગ્રહ સંજ્ઞોપયુક્ત તેનાથી સંખ્યાતગણા છે. **ભય સંજ્ઞોપયુક્ત** તેનાથી સંખ્યાતગણા છે.

ભગવન્ ! તિર્યંચયોનિક શું આહાર સંજ્ઞોપયુક્ત છે કે યાવત્ પરિગ્રહ સંજ્ઞોપયુક્ત છે ? ગૌતમ ! બાહ્ય કારણથી આહાર સંજ્ઞોપયુક્ત છે, સંતતિભાવને આશ્રીને તે ચારે સંજ્ઞા–ઉપયુક્ત છે.

ભગવન્ ! આ આહાર યાવત્ પરિગ્રહ સંજ્ઞોપયુક્ત તિર્યંચમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? ગૌતમ ! સૌથી થોડાં તિર્યંચ પરિગ્રહ સંજ્ઞોપયુક્ત છે. તેનાથી મૈથુન સંજ્ઞોપયુક્ત સંખ્યાતગુણા, તેનાથી ભય સંજ્ઞોપયુક્ત સંખ્યાતગણા, તેનાથી **આહાર સંજ્ઞોપયુક્ત** સંખ્યાતગણા છે.

ભગવન્ ! મનુષ્યો શું આહાર સંજ્ઞોપયુક્ત છે કે યાવત્ પરિગ્રહ સંજ્ઞોપયુક્ત છે ? ગૌતમ ! બાહ્ય કારણથી મૈથુન સંજ્ઞોપયુક્ત, સંતતિ ભાવથી ચારે સંજ્ઞાયુક્ત છે.

ભગવન્ ! આ મનુષ્યોમાં ચારે સંજ્ઞોપયુક્તતામાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? સૌથી થોડાં મનુષ્યો ભય સંજ્ઞોપયુક્ત છે. આહાર–પરિગ્રહ–**મૈથુન સંજ્ઞોપયુક્ત**તા ઉત્તરોત્તર સંખ્યાતગણા છે.

ભગવન્ ! દેવો શું આહાર સંજ્ઞોપયુક્ત છે કે યાવત્ પરિગ્રહ સંજ્ઞોપયુક્ત છે ? ગૌતમ ! બાહ્ય કારણથી પરિગ્રહ સંજ્ઞોપયુક્ત છે, સંતતિ ભાવને આશ્રીને ચારે સંજ્ઞાથી ઉપયુક્ત હોય છે.

ભગવન્! આ આહાર યાવત્ પરિગ્રહ સંજ્ઞોપયુક્ત દેવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી થોડાં દેવો આહાર સંજ્ઞોપયુક્ત છે. ભય સંજ્ઞોપયુક્ત સંખ્યાતગણા, મૈથુન સંજ્ઞોપયુક્ત સંખ્યાતગુણા, **પરિગ્રહ સંજ્ઞોપયુક્ત** સંખ્યાતગણા છે.

પદ-૮ 'સંજ્ઞા'નો મુનિ દીપરત્નસાગરે કરેલ ભાવાનુવાદ પૂર્ણ

# પદ–૯ ' યોનિ'

## સૂત્ર–૩૫૬, ૩૫૭

**૩૫૬.** યોનિ કેટલા ભેદે છે ? ગૌતમ ! યોનિ ત્રણ ભેદે છે– શીત, ઉષ્ણ અને શીતોષ્ણ.

**૩૫૭.** ભગવન્ ! નૈરયિકોને શું શીતયોનિ હોય, ઉષ્ણયોનિ હોય કે શીતોષ્ણયોનિ હોય ? ગૌતમ ! શીત અને ઉષ્ણ યોનિ હોય, શીતોષ્ણ ન હોય.

ભગવન્ ! અસુરકુમારોને કઈ યોનિ હોય ? ગૌતમ ! અસુરકુમારોને શીતોષ્ણ યોનિ હોય, શીત અને ઉષ્ણ યોનિ ન હોય. એ પ્રમાણે સ્તનિતકુમાર સુધી જાણવું.

ભગવન્ ! પૃથ્વીકાયિકને કઈ યોનિ હોય ? ગૌતમ ! ત્રણે યોનિ હોય. એ પ્રમાણે અપ્કાયિક, વાયુકાયિક, વનસ્પતિકાયિક અને વિકલેન્દ્રિયો કહેવા. તેઉકાયિકને ઉષ્ણ યોનિ હોય, શીત કે શીતોષ્ણ ન હોય.

ભગવન્ ! પંચેન્દ્રિય તિર્યંચયોનિકને કઈ યોનિ હોય ? ગૌતમ ! તેમને શીત, ઉષ્ણ અને શીતોષ્ણ એ ત્રણે યોનિ હોય. સંમૂર્છિમ પંચેન્દ્રિય તિર્યંચયોનિકને પણ તેમજ છે. ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચને કઈ યોનિ હોય? ગૌતમ! ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચને શીત કે ઉષ્ણ યોનિ ન હોય, માત્ર શીતોષ્ણ યોનિ હોય.

ભગવન્ ! મનુષ્યને શીત, ઉષ્ણ કે શીતોષ્ણ યોનિ હોય ? ગૌતમ ! મનુષ્યને શીત, ઉષ્ણ કે શીતોષ્ણ એ ત્રણે યોનિ હોય. સંમૂર્છિમ મનુષ્યને પણ આ ત્રણે હોય. ગર્ભજ મનુષ્યને શીત, ઉષ્ણ કે શીતોષ્ણ યોનિ હોય ? ગૌતમ ! ગર્ભજ મનુષ્યને શીત કે ઉષ્ણ યોનિ ન હોય, તેમને શીતોષ્ણ યોનિ જ હોય.

ભગવન્ ! વ્યંતર દેવોને કઈ યોનિ હોય? ગૌતમ ! વ્યંતર દેવોને શીત કે ઉષ્ણ યોનિ ન હોય, શીતોષ્ણ યોનિ હોય. જ્યોતિષ્ક અને વૈમાનિકને પણ એમજ છે.

ભગવન્ ! આ શીત યોનિક, ઉષ્ણ યોનિક, શીતોષ્ણ યોનિક, અયોનિકોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષ છે ? સૌથી થોડા જીવો શીતોષ્ણયોનિક, તેનાથી ઉષ્ણયોનિક અસંખ્યાતગણા, તેનાથી અયોનિક અનંતગણા, તેથી શીતયોનિક અનંતગણા છે.

## સૂત્ર–૩૫૮

ભગવન્ ! યોનિ કેટલા ભેદે છે ? ગૌતમ ! ત્રણ ભેદે – સચિત્ત, અચિત્ત, મિશ્રયોનિ.

ભગવન્ ! નૈરયિકોની યોનિ સચિત્ત છે, અચિત્ત છે કે મિશ્ર છે ? ગૌતમ ! નૈરયિકોની યોનિ અચિત્ત છે, સચિત્ત કે મિશ્ર નથી.

ભગવન્ ! અસુરકુમારોની યોનિ સચિત્ત, અચિત્ત કે મિશ્ર છે ? ગૌતમ ! અસુરકુમારોની યોનિ અચિત્ત છે, સચિત્ત કે મિશ્ર યોનિ નથી. એ પ્રમાણે સ્તનિતકુમાર સુધી જાણવું.

ભગવન્ ! પૃથ્વીકાયિકની યોનિ સચિત્ત, અચિત્ત, મિશ્ર છે ? ગૌતમ! પૃથ્વીકાયિકની યોનિ સચિત્ત, અચિત્ત, મિશ્ર એ ત્રણે છે. એ પ્રમાણે ચઉરિન્દ્રિય સુધી જાણવું. સંમૂર્છિમ પંચેન્દ્રિય તિર્યંચ અને સંમૂર્છિમ મનુષ્યોની યોનિ એ પ્રમાણે જ છે. ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચ અને ગર્ભજ મનુષ્યોની યોનિ સચિત્ત કે અચિત્ત નહીં પણ મિશ્રયોનિ છે. વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિકોની યોનિ અસુરકુમારવત્ છે.

ભગવન્ ! આ સચિત્તયોનિક, અચિત્તયોનિક, મિશ્રયોનિક અને અયોનિક જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષ છે? સૌથી થોડાં જીવો મિશ્રયોનિક છે, અચિત્તયોનિક તેનાથી અસંખ્યાતગણા છે., અયોનિક તેનાથી અનંતગુણા તેનાથી સચિત્તયોનિક અનંતગણા છે.

## સૂત્ર–૩૫૯

ભગવન્ ! કેટલા ભેદે યોનિ છે ? ગૌતમ ! ત્રણ ભેદે – સંવૃત્ત, વિવૃત્ત, સંવૃત્તવિવૃત્ત યોનિ.

ભગવન્ ! નૈરયિકોની યોનિ સંવૃત્ત, વિવૃત્ત કે સંવૃત્તવિવૃત્ત છે? ગૌતમ ! નૈરયિકોની યોનિ સંવૃત્ત યોનિ છે, વિવૃત્ત કે મિશ્ર નહીં. એ પ્રમાણે વનસ્પતિકાયિક સુધી કહેવું.

બેઇન્દ્રિયો વિશે પૃચ્છા – ગૌતમ ! વિવૃત્તયોનિ છે, સંવૃત્ત કે મિશ્ર નથી. એ રીતે યાવત્ ચઉરિન્દ્રિય કહેવું.

સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચ અને સંમૂર્ચ્છિમ મનુષ્યોને તે પ્રમાણે જ છે.

ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચ અને ગર્ભજ મનુષ્યોને સંવૃત્તવિવૃત્ત યોનિ છે, સંવૃત્ત કે વિવૃત્ત નહીં.

વ્યંતર–જ્યોતિષ્ક–વૈમાનિક નૈરયિકવત્ જાણવા.

ભગવન્ ! આ સંવૃત્ત, વિવૃત્ત, સંવૃત્તવિવૃત્ત યોનિક તથા અયોનિકોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષ છે ? સૌથી થોડા જીવો સંવૃત્ત–વિવૃત્તયોનિક છે, વિવૃત્તયોનિક અસંખ્યાતગણા છે, અયોનિક અનંતગણા છે, સંવૃત્તયોનિક તેનાથી અનંતગણા છે.

સૂત્ર–૩૬૦

ભગવન્ ! યોનિ કેટલા ભેદે છે ? ત્રણ ભેદે – કૂર્મોન્નત, શંખાવર્ત્ત, વંશીપત્ર.

કૂર્મોન્નત યોનિ ઉત્તમ પુરુષોની માતાની છે, તેમાં ઉત્તમપુરુષો ગર્ભમાં આવે છે. તે આ – અરહંત, ચક્રવર્તી, બલદેવ, વાસુદેવ.

શંખાવર્તા યોનિ સ્ત્રી રત્નની છે, ઘણા જીવો અને પુદ્‌ગલો તેમાં આવે છે અને ગર્ભરૂપે ઉપજે છે.

વંશીપત્રા યોનિ સામાન્ય મનુષ્યની છે. તેમાં સામાન્ય મનુષ્યો ગર્ભમાં આવે છે.

પદ-૯ 'યોનિ'નો મુનિ દીપરત્નસાગરે કરેલ ભાવાનુવાદ પૂર્ણ

# પદ-૧૦ 'ચરમાચરમ'

સૂત્ર–૩૬૧

ભગવન્ ! પૃથ્વીઓ કેટલી કહી છે ? ગૌતમ ! આઠ – રત્નપ્રભા, શર્કરાપ્રભા, વાલુકાપ્રભા, પંકપ્રભા, ધૂમપ્રભા, તમઃપ્રભા, તમસ્તમઃપ્રભા, ઈષત્પ્રાગ્ભારા.

ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વી શું ચરમ છે , અચરમ છે, અનેક ચરમ છે, અનેક અચરમ છે, ચરમાંત પ્રદેશરૂપ છે, અચરમાંત પ્રદેશરૂપ છે?

ગૌતમ! તે (એક દ્રવ્ય અપેક્ષાથી))ચરમ, અચરમ, અનેક ચરમ, અનેક અચરમ, ચરમાંતપ્રદેશ કે અચરમાંતપ્રદેશ નથી. પણ વિભાગ અપેક્ષાથી નિયમા એક અચરમ, અનેક ચરમ, ચરમાંત પ્રદેશરૂપ, અચરમાંત પ્રદેશરૂપ છે. એ પ્રમાણે અધઃસપ્તમી પૃથ્વી સુધી જાણવું.

સૌધર્મથી અનુત્તર સુધી, તથા ઈષત્પ્રાગ્ભારામાં, તથા લોક અને અલોક સંબંધે એમ જ સમજવું.

સૂત્ર–૩૬૨, ૩૬૩

**૩૬૨.** ભગવન્ ! આ રત્નપ્રભાના અચરમ, ચરમ, ચરમાંત પ્રદેશો અને અચરમાંત પ્રદેશોમાં દ્રવ્યાર્થ, પ્રદેશાર્થ અને દ્રવ્યાર્થ–પ્રદેશાર્થરૂપે કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષ છે ?

ગૌતમ ! સૌથી થોડો આ રત્નપ્રભા પૃથ્વીનો દ્રવ્યાર્થપણે એક ચરમ છે, તેથી અનેક ચરમ અસંખ્યાતગણા છે. તેનાથી અચરમ અને અનેક ચરમ બંને વિશેષાધિક છે. પ્રદેશાર્થથી થોડાં આ રત્નપ્રભા પૃથ્વીના ચરમાંત પ્રદેશો છે. અચરમાંત પ્રદેશો અસંખ્યાતગણા છે, ચરમાંત અને અચરમાંત પ્રદેશો બંને વિશેષાધિક છે. દ્રવ્યાર્થ–પ્રદેશાર્થપણે સૌથી થોડાં આ રત્નપ્રભાપૃથ્વીનો દ્રવ્યાર્થપણે એક અચરમ છે, અનેક ચરમ અસંખ્યાતગણા છે, અચરમ અને અનેક ચરમ બંને વિશેષાધિક છે, ચરમાંતપ્રદેશો અસંખ્યાતગણા, અચરમાંતપ્રદેશો અસંખ્યાતગણા, ચરમાંત અને અચરમાંતપ્રદેશો બંને વિશેષાધિક છે. એ પ્રમાણે અધઃસપ્તમી સુધી, સૌધર્મ યાવત્ લોકમાં પણ એમજ છે.

ભગવન્ ! અલોકના અચરમ, ચરમ, ચરમાંતપ્રદેશ, અચરમાંત પ્રદેશોમાં દ્રવ્યાર્થરૂપે, પ્રદેશાર્થરૂપે, દ્રવ્યાર્થ –પ્રદેશાર્થરૂપે કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષ છે ?

ગૌતમ ! સૌથી થોડો અલોકનો દ્રવ્યાર્થપણે એક અચરમ છે, અનેક ચરમ અસંખ્યાતગણા છે, અચરમ અને અનેક ચરમ મળીને વિશેષાધિક છે. પ્રદેશાર્થપણે સૌથી થોડા અલોકના ચરમાંત પ્રદેશો છે, અચરમાંત પ્રદેશો અનંતગણા છે, ચરમાંત અને અચરમાંત પ્રદેશો મળીને વિશેષાધિક છે. દ્રવ્યાર્થ–પ્રદેશાર્થપણે સૌથી થોડો અલોકનો એક અચરમછે, અનેક ચરમ અસંખ્યાતગણા છે,અચરમાંત પ્રદેશો અનંતગણા છે,ચરમાંત અને અચરમાંત પ્રદેશો મળીને વિશેષાધિક છે.

લોક અને અલોકના અચરમ, અનેક ચરમ, ચરમાંતપ્રદેશો, અચરમાંત પ્રદેશો દ્રવ્યાર્થપણે, પ્રદેશાર્થપણે, દ્રવ્યાર્થ–પ્રદેશાર્થપણે કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષ છે ?

સૌથી થોડો લોક, અલોકનો દ્રવ્યાર્થરૂપે એક અચરમ, લોકનો અનેક ચરમ અસંખ્યાત ગણા, અલોકના અનેક ચરમ વિશેષાધિક છે. લોક અને અલોકનો અચરમ, અનેક ચરમ મળીને વિશેષાધિક છે.

પ્રદેશાર્થપણે સૌથી થોડા લોકના ચરમાંતપ્રદેશો છે, અલોકના ચરમાંત પ્રદેશો વિશેષાધિક છે, લોકના અચરમાંતપ્રદેશો અસંખ્યાતગણા છે, અલોકના અચરમાંતપ્રદેશો અનંતગાણ છે, લોક અને અલોકના ચરમાંત પ્રદેશો અને અચરમાંત પ્રદેશો મળીને વિશેષાધિક છે.

દ્રવ્યાર્થ–પ્રદેશાર્થરૂપે સૌથી થોડો લોક અને અલોકનો દ્રવ્યાર્થરૂપે એક એક અચરમ, લોકના અનેક ચરમ

અસંખ્યાતગણા, અલોકના અનેક ચરમ વિશેષાધિક, લોક અને અલોકના અચરમ અને અનેક ચરમ મળીને વિશેષાધિક, લોકના ચરમાંત પ્રદેશો અસંખ્યાતગણા, અલોકના અચરમાંત પ્રદેશો અનંતગણા છે, લોક અને અલોકના ચરમાંત અને અચરમાંત પ્રદેશો મળીને વિશેષાધિક છે, તેનાથી સર્વ દ્રવ્યો વિશેષાધિક, તેથી સર્વે પ્રદેશો અનંતગણા, તેથી સર્વે પર્યાયો અનંતગણા છે.

## સૂત્ર–૩૬૪ થી ૩૭૧

**૩૬૪.** ભગવન્ ! પરમાણુ પુદ્‌ગલ શું ચરમ છે, અચરમ છે, અવક્તવ્ય છે, અનેક ચરમ છે, અનેક અચરમ છે, અવક્તવ્યો છે? [અસંયોગી ૬ ભંગ]

૧. અથવા ચરમ અને અચરમ છે? અથવા ચરમ અને અનેક ચરમ છે? અથવા અનેક ચરમ અને અચરમ છે? અથવા અનેક ચરમ અને અનેક ચરમ છે? [દ્વિ સંયોગી પહેલી ચતુર્ભંગી.]

૨. અથવા ચરમ અને અવક્તવ્ય છે ? અથવા ચરમ અને અવક્તવ્યો છે? અથવા અનેક ચરમ અને અવક્તવ્ય છે ? અથવા અનેક ચરમ અને અવક્તવ્યો છે ? [દ્વિ સંયોગી બીજી ચતુર્ભંગી.]

૩. અથવા અચરમ અને અવક્તવ્ય છે, અથવા અચરમ અને અવક્તવ્યો છે અથવા અનેક ચરમ અને અવક્તવ્ય છે, અથવા અઅનેક ચરમ અને અવક્તવ્યો છે ? [દ્વિ સંયોગી ત્રીજી ચતુર્ભંગી છે. ]

૪. અથવા ચરમ, અચરમ, અવક્તવ્ય છે, અથવા ચરમ, અચરમ, અનેક અવક્તવ્ય છે અથવા ચરમ, અનેક ચરમ, અવક્તવ્ય છે, અથવા ચરમ, અનેક અચરમ, અનેક અવક્તવ્યો છે. [ત્રિ સંયોગી પહેલી ચતુર્ભંગી.]

૫. અથવા અનેક ચરમ, અચરમ, અવક્તવ્ય છે અથવા અનેક ચરમ, અચરમ, અનેક અવક્તવ્ય છે અથવા અનેક ચરમ, અનેક અચરમ, અવક્તવ્ય છે અથવા અનેક ચરમ, અનેક અચરમ, અનેક અવક્તવ્યો છે? [ત્રિ સંયોગી બીજી ચતુર્ભંગી.] **૨૬** ભંગો થયા. આ ૨૬ ભંગોમાં પરમાણુ પુદ્ગલ ક્યા ભંગમાં આવે?

ગૌતમ ! પરમાણુ પુદ્‌ગલ ચરમ નથી, અચરમ નથી, પણ અવક્તવ્ય જ છે. બાકીના ભાંગાનો નિષેધ કરવો.

**૩૬૫.** ભગવન્ ! દ્વિપ્રદેશી સ્કંધનો પ્રશ્ન – ગૌતમ ! તે કદાચ ચરમ હોય, અચરમ ન હોય, કદાચ અવક્તવ્ય હોય, બાકીના ભાંગાનો નિષેધ કરવો.

ભગવન્ ! ત્રિપ્રદેશી સ્કંધની પૃચ્છા – ગૌતમ ! કદાચ તે ચરમ હોય, અચરમ ન હોય, કદાચ અવક્તવ્ય હોય, અનેક ચરમ, અનેક અચરમ કે અવક્તવ્યો ન હોય. ચરમ અને અચરમ ન હોય, ચરમ અને અનેક ચરમ ન હોય, કદાચ અનેક ચરમ અને અચરમ હોય, અનેક ચરમ અને અનેક અચરમ ન હોય, કદાચ ચરમ અને અવક્તવ્ય હોય. બાકીના ભાંગાનો નિષેધ કરવો.

ભગવન્ ! ચતુઃપ્રદેશિક સ્કંધની પૃચ્છા. ૧.તે કદાચ ચરમ હોય, ૨.અચરમ ન હોય, ૩.કદાચ અવક્તવ્ય હોય, ૪.અનેક ચરમ ન હોય, ૫.અનેક અચરમ ન હોય, ૬.અનેકઅવક્તવ્ય ન હોય, ૭.ચરમ અને અચરમ ન હોય,

૮.ચરમ અને અનેક અચરમ ન હોય, ૯.કદાચ અનેક ચરમ અને અચરમ હોય, ૧૦.કદાચ અનેક ચરમ અને અનેક અચરમ ન હોય, ૧૧. કદાચ ચરમ અને અવક્તવ્ય હોય, ૧૨. કદાચ ચરમ અને અનેક અવક્તવ્ય હોય.

૧૩. અનેક ચરમ અને અવક્તવ્ય ન હોય, ૧૪. અનેક ચરમ અને અનેક અવક્તવ્ય ન હોય. ૧૫.અચરમ અને અવક્તવ્ય ન હોય, ૧૬. અચરમ અને અનેક અવક્તવ્ય ન હોય, ૧૭. અનેક અચરમ અને અવક્તવ્ય ન હોય,

૧૮. અનેક અચરમ અને અનેક અવક્તવ્ય ન હોય, ૧૯. ચરમ, અચરમ અને અવક્તવ્ય ન હોય, ૨૦. ચરમ, અચરમ અને અનેક અવક્તવ્ય ન હોય, ૨૧. ચરમ, અનેક અચરમ અને અવક્તવ્ય ન હોય, ૨૨.ચરમ, અનેક અચરમ અને અનેક અવક્તવ્ય ન હોય, ૨૩. કદાચ અનેક ચરમ, અચરમ અને અવક્તવ્ય હોય.

બાકીના ભાંગાનો નિષેધ કરવો.

ભગવન્! પંચપ્રદેશી સ્કંધની પૃચ્છા – ૧.કદાચ ચરમ હોય, ૨.અચરમ ન હોય, ૩.કદાચ અવક્તવ્ય હોય, ૪.અનેક ચરમ ન હોય, ૫. અનેક અચરમ ન હોય, ૬.અનેક અવક્તવ્ય ન હોય, ૭.કદાચ ચરમ અને અચરમ હોય, ૮.ચરમ અને અનેક અચરમ ન હોય, ૯.કદાચ અનેક ચરમ અને અચરમ હોય, ૧૦.કદાચ અનેક ચરમ અને અનેક અચરમ હોય, ૧૧.કદાચ ચરમ અને અવક્તવ્ય હોય, ૧૨.કદાચ ચરમ અને અને અવક્તવ્યો હોય, ૧૩.કદાચ અનેક ચરમ અને અવક્તવ્ય હોય, ૧૪.અનેક ચરમઅને અનેક અવક્તવ્ય ન હોય, ૧૫.અચરમ અને અવક્તવ્ય ન હોય, ૧૬.અચરમ અને અનેક અવક્તવ્ય ન હોય, ૧૭. અનેક અચરમ–અવક્તવ્ય ન હોય, ૧૮. અનેક અચરમ–અનેક અવક્તવ્યો ન હોય, ૧૯.ચરમ, અચરમ અને અવક્તવ્ય ન હોય, ૨૦.ચરમ, અચરમ અને અનેકઅવક્તવ્ય ન હોય, ૨૧. ચરમ, અનેક અચરમ અનેઅવક્તવ્ય ન હોય, ૨૨. ચરમ, અનેક અચરમ અને અનેક અવક્તવ્ય ન હોય, ૨૩.કદાચ અનેક ચરમ, અચરમ અનેઅવક્તવ્ય હોય, ૨૪.કદાચ અનેક ચરમ, અચરમ અને અનેક અવક્તવ્ય હોય, ૨૫.કદાચ અનેક ચરમ, અનેક અચરમ અને અવક્તવ્ય હોય, ૨૬.અનેક ચરમ, અનેક અચરમ અને અનેક અવક્તવ્ય ન હોય.

ભગવન્ ! છપ્રદેશિક સ્કંધની પૃચ્છા – ૧.તે કદાચ ચરમ હોય, ૨.અચરમ ન હોય, ૩.કદાચ અવક્તવ્ય હોય, ૪.અનેક ચરમ ન હોય, ૫.અનેક અચરમ ન હોય, ૬.અનેક અવક્તવ્ય ન હોય, ૭.કદાચ ચરમ – અચરમ હોય, ૮.કદાચ ચરમ–અનેક અચરમ હોય, ૯.કદાચ અનેક ચરમ–અચરમ હોય, ૧૦. કદાચ અનેક ચરમ–અનેક અચરમ હોય, ૧૧.કદાચ ચરમ–અવક્તવ્ય હોય, ૧૨.કદાચ એક ચરમ–અનેક અવક્તવ્ય હોય, ૧૩.કદાચ અનેક ચરમ–અવક્તવ્ય હોય ૧૪.કદાચ અનેક ચરમ–અનેક અવક્તવ્ય હોય, ૧૫.અચરમ–અવક્તવ્ય ન હોય, ૧૬. ચરમ–અનેક અવક્તવ્યો ન હોય, ૧૭.અનેક અચરમ–અવક્તવ્ય ન હોય, ૧૮. અનેક અચરમ–અનેક અવક્તવ્ય ન હોય, ૧૯.કદાચ ચરમ, અચરમ અને અવક્તવ્ય હોય. ૨૦. ચરમ–અચરમ–અનેક અવક્તવ્ય ન હોય, ૨૧.ચરમ–અનેક અચરમ–અને અવક્તવ્ય ન હોય, ૨૨.ચરમ, અનેક અચરમ, અનેક અવક્તવ્ય ન હોય, ૨૩.કદાચ અનેક ચરમ–અનેક અચરમ–અવક્તવ્ય હોય, ૨૪.કદાચ અનેક ચરમ– અચરમ–અનેક અવક્તવ્ય હોય. ૨૫. કદાચ અનેક ચરમ–અનેક અચરમ–અવક્તવ્ય હોય, ૨૬. કદાચ અનેક ચરમ–અનેક અચરમ–અનેક અવક્તવ્ય હોય.

ભગવન્ ! સાત પ્રદેશી સ્કંધનો પ્રશ્ન–તે કદાચ ચરમ હોય, અચરમ ન હોય, કદાચ અવક્તવ્ય હોય અનેક ચરમ ન હોય, અનેક અચરમ ન હોય, અવક્તવ્યો ન હોય, કદાચ ચરમ–અચરમ હોય, કદાચ ચરમ–અનેક અચરમ હોય, કદાચ અનેક ચરમ–અચરમ હોય, કદાચ અનેક ચરમ–અનેક અચરમ હોય, કદાચ ચરમ–અવક્તવ્ય હોય, કદાચ ચરમ–અવક્તવ્યો હોય, કદાચ અનેક ચરમ–અવક્તવ્ય હોય, કદાચ અનેક ચરમ–અવક્તવ્યો હોય, અચરમ–અવક્તવ્ય ન હોય, અચરમ–અવક્તવ્યો ન હોય, અનેક અચરમ–અવક્તવ્ય ન હોય, અનેક અચરમ–અવક્તવ્યો ન હોય, કદાચ ચરમ–અચરમ–અવક્તવ્ય હોય, કદાચ ચરમ–અચરમ–અવક્તવ્યો હોય, કદાચ ચરમ–અનેક અચરમ–અવક્તવ્ય હોય, ચરમ–અનેક અચરમ–અવક્તવ્યો ન હોય, કદાચ અનેક ચરમ, અચરમ, અવક્તવ્ય હોય, કદાચ અનેક ચરમ–અચરમ–અવક્તવ્યો હોય, કદાચ અનેક ચરમ, અનેક અચરમ, અવક્તવ્ય હોય, કદાચ અનેક ચરમ–અનેક અચરમ–અવક્તવ્યો હોય.

ભગવન્ ! આઠ પ્રદેશી સ્કંધ સંબંધે પૃચ્છા – ગૌતમ! આઠ પ્રદેશી સ્કંધ ૧.કદાચ ચરમ હોય, ૨.અચરમ ન હોય, ૩.કદાચ અવક્તવ્ય હોય, ૪.અનેક ચરમ ન હોય, ૫.અનેક અચરમ ન હોય, ૬.અવક્તવ્યો ન હોય, ૭.કદાચ ચરમ–અચરમ હોય, ૮.કદાચ ચરમ–અનેક અચરમ હોય, ૯.કદાચ અનેક ચરમ–અચરમ હોય,

૧૦.કદાચ ચરમ–અનેક અચરમ હોય, ૧૧.કદાચ ચરમ–અવક્તવ્ય હોય, ૧૨.કદાચ ચરમ–અવક્તવ્યો હોય, ૧૩.કદાચ અનેક ચરમ–અવક્તવ્ય હોય, ૧૪.કદાચ અનેક ચરમ–અવક્તવ્યો હોય, ૧૫.અચરમ–અવક્તવ્ય

ન હોય, ૧૬.અનેક અચરમ–અવક્તવ્યો ન હોય, ૧૭.અનેક અચરમ–અવક્તવ્ય ન હોય, ૧૮. અનેક અચરમ–અનેક અવક્તવ્ય ન હોય, ૧૯.કદાચ ચરમ–અચરમ–અવક્તવ્યો હોય,

૨૦.કદાચ ચરમ–અચરમ–અનેક અવક્તવ્ય હોય, ૨૧.કદાચ ચરમ–અનેક અચરમ–અવક્તવ્ય હોય, ૨૨.કદાચ ચરમ–અનેક અચરમ–અનેક અવક્તવ્ય હોય, ૨૩.કદાચ અનેક ચરમ–અચરમ–અવક્તવ્ય હોય, ૨૪.કદાચ અનેક ચરમ–અનેક અચરમ–અનેક અવક્તવ્ય હોય, ૨૫.કદાચ અનેક ચરમ–અનેક અચરમ અને અવક્તવ્ય હોય.૨૬. કદાચ અનેક ચરમ–અનેક અચરમ અને અનેક અવક્તવ્ય હોય.

આઠપ્રદેશી સ્કંધ સંબંધે કહ્યું તેમ સંખ્યાત પ્રદેશી, અસંખ્યાત પ્રદેશી, અનંત પ્રદેશી પ્રત્યેક સ્કંધ સંબંધે કહેવું.

**૩૬૬.** પરમાણુમાં ત્રીજો ભંગ હોય છે, દ્વિપ્રદેશી સ્કંધમાં પહેલો અને ત્રીજો એ બે ભંગ હોય છે, ત્રિપ્રદેશી સ્કંધમાં પહેલો, ત્રીજો, નવમો અને અગિયારમો એ ચાર ભંગ હોય છે.

**૩૬૭.** ચતુઃપ્રદેશી સ્કંધમાં પહેલો, ત્રીજો, નવમો, દશમો, અગિયારમો, બારમો અને ત્રેવીસમો.

**૩૬૮.** પંચ–પ્રદેશી સ્કંધમાં બીજો, ચોથો, પાંચમો, છઠ્ઠો, પંદરમો, સોળમો, સત્તરમો, અઢારમો, વીશમો, એકવીસમો અને બાવીસમો ભંગ છોડી દેવો.

**૩૭૦.** સાત પ્રદેશી સ્કંધમાં બીજો, ચોથો, પાંચમો, છઠ્ઠો, પંદરમો, સોળમો, સત્તરમો, અઢારમો અને બાવીસમાં ભંગ સિવાયના બાકીના ભંગો જાણવા.

**૩૭૧.** બાકીના સ્કંધો વિશે બીજા–ચોથા–પાંચમાં–છઠ્ઠા–પંદરમાં–સોળમાં –સત્તરમાં અને અઢારમાં ભાંગાને છોડીને બાકીના ભાંગાઓ જાણવા.

સૂત્ર–૩૭૨

ભગવન્ ! સંસ્થાનો કેટલા છે ? પાંચ – પરિમંડલ, વૃત્ત, ત્ર્યસ્ર, ચતુરસ્ર, આયત.

ભગવન્ ! પરિમંડલ સંસ્થાનો સંખ્યાતા, અસંખ્યાતા કે અનંતા છે ? સંખ્યાતા, અસંખ્યાતા નથી, અનંતા છે. એ પ્રમાણે આયત સંસ્થાનો સુધી જાણવું.

ભગવન્ ! પરિમંડલ સંસ્થાન સંખ્યાતપ્રદેશી છે, અસંખ્યાતપ્રદેશી છે કે અનંતપ્રદેશી ? કદાચ સંખ્યાત પ્રદેશી, કદાચ અસંખ્યાત પ્રદેશી, કદાચ અનંતપ્રદેશી. આ પ્રમાણે આયત સંસ્થાન સુધી જાણવું.

ભગવન્ ! સંખ્યાતપ્રદેશી પરિમંડલ સંસ્થાન શું સંખ્યાત પ્રદેશમાં, અસંખ્યાત–પ્રદેશમાં, અનંતપ્રદેશમાં અવગાઢ હોય ? સંખ્યાત પ્રદેશમાં અવગાઢ હોય, અસંખ્યાત કે અનંતપ્રદેશમાં નહીં.

ભગવન્! અસંખ્યાતપ્રદેશી પરિમંડલ સંસ્થાન સંખ્યાત પ્રદેશમાં અસંખ્યાત પ્રદેશમાં કે અનંતપ્રદેશમાં રહેલ હોય ? કદાચ સંખ્યાત કે કદાચ અસંખ્યાત પ્રદેશમાં હોય, પણ અનંત પ્રદેશમાં રહેલ ન હોય. એ પ્રમાણે આયત સંસ્થાન સુધી જાણવું.

ભગવન્ ! અનંતપ્રદેશી પરિમંડલ સંસ્થાન સંખ્યાત પ્રદેશમાં, અસંખ્યાત પ્રદેશમાં કે અનંતપ્રદેશમાં રહેલ હોય? કદાચ સંખ્યાત કે કદાચ અસંખ્યાતપ્રદેશમાં રહેલ હોય, પણ અનંતપ્રદેશમાં રહેલ ન હોય. એ પ્રમાણે આયત સંસ્થાન સુધી જાણવું.

ભગવન્ ! સંખ્યાતપ્રદેશમાં રહેલ અને સંખ્યાતપ્રદેશી પરિમંડલ સંસ્થાન શું ચરમ, અચરમ, અનેક ચરમ, અનેક અચરમ, ચરમાંત પ્રદેશરૂપ, અચરમાંત પ્રદેશરૂપ છે ? ગૌતમ ! તે ચરમ યાવત્ અચરમાંત પ્રદેશરૂપ એકે નથી. પણ અવશ્ય અચરમ, અનેક ચરમ, ચરમાંત અને અચરમાંત પ્રદેશરૂપ છે. એ પ્રમાણે આયત સંસ્થાન સુધી જાણવું.

ભગવન્ ! સંખ્યાતા પ્રદેશાવગાઢ, અસંખ્યાતપ્રદેશી પરિમંડલ સંસ્થાન શું ચરમ છે ? આદિ પૃચ્છા – તે

સંખ્યાત પ્રદેશી માફક જાણવું. એ પ્રમાણે આયત સંસ્થાન સુધી જાણવું.

ભગવન્ ! સંખ્યાતપ્રદેશમાં રહેલ અનંતપ્રદેશી પરિમંડલ સંસ્થાન શું ચરમ છે, ઇત્યાદિ પ્રશ્ન – ઉપર કહ્યા મુજબ છે, આયત સંસ્થાન સુધી આ જાણવું. અસંખ્યાતપ્રદેશમાં રહેલ અનંત પ્રદેશી પરિમંડલ સંસ્થાન, સંખ્યાતા પ્રદેશ સ્થિત પરિમંડલ સંસ્થાન માફક જાણવું, એ પ્રમાણે આયત સંસ્થાન સુધી જાણવું.

ભગવન્ ! સંખ્યાતપ્રદેશી, સંખ્યાતપ્રદેશાવગાઢ પરિમંડલ સંસ્થાનના અચરમ, અનેક ચરમ, ચરમાંતપ્રદેશો, અચરમાંત પ્રદેશો દ્રવ્યાર્થપણે, પ્રદેશાર્થપણે, દ્રવ્યાર્થ–પ્રદેશાર્થપણે કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષ છે ?

ગૌતમ ! સૌથી થોડો દ્રવ્યાર્થ પણે તેનો એક અચરમ છે, અનેક ચરમ સંખ્યાતગણા, અચરમ અને અનેક ચરમ બંને વિશેષાધિક છે. પ્રદેશાર્થપણે તેના ચરમાંત પ્રદેશો સૌથી થોડાં છે, અચરમાંતપ્રદેશો સંખ્યાતગણા, ચરમાંત અને અચરમાંત પ્રદેશો બંને વિશેષાધિક છે. દ્રવ્યાર્થ–પ્રદેશાર્થપણે તેનો સૌથી થોડો અચરમ છે, અનેક ચરમ સંખ્યાતગણા છે, અચરમ અને અનેક ચરમ મળીને વિશેષાધિક છે, પ્રદેશાર્થ પણે ચરમાંતપ્રદેશો સંખ્યાતગણા છે, અચરમાંતપ્રદેશો સંખ્યાતગણા છે, ચરમાંત અને અચરમાંત પ્રદેશો વિશેષાધિક છે. એ પ્રમાણે વૃત્તાદિ સંસ્થાન વિશે પણ યોજવું.

ભગવન્ ! અસંખ્યાતપ્રદેશી, સંખ્યાતપ્રદેશાવગાઢ પરિમંડલ સંસ્થાનના અચરમ, અનેક ચરમ, ચરમાંત પ્રદેશો, અચરમાંત પ્રદેશોમાં દ્રવ્ય, પ્રદેશ, દ્રવ્ય–પ્રદેશપણે કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષ છે ?

તેનો દ્રવ્યાર્થપણે સૌથી થોડો અચરમ છે, અનેક ચરમ સંખ્યાતગણા, અચરમ અને અનેક ચરમ મળીને વિશેષાધિક છે. પ્રદેશાર્થપણે તેના ચરમાંત પ્રદેશો સૌથી થોડા છે, અચરમાંત પ્રદેશો સંખ્યાતગણા, ચરમાંત અને અચરમાંત પ્રદેશો મળીને વિશેષાધિક છે. દ્રવ્ય–પ્રદેશપણે સૌથી થોડા તેનો દ્રવ્યાર્થપણે અચરમ, અનેક ચરમ સંખ્યાતગણા, અચરમ અને અનેક ચરમ મળીને વિશેષાધિક છે, પ્રદેશાર્થપણે ચરમાંત પ્રદેશો સંખ્યાતગણા, અચરમાંત પ્રદેશો સંખ્યાતગણા, ચરમાંત અને અચરમાંત પ્રદેશો મળીને વિશેષાધિક છે. આયત સંસ્થાન સુધી આમ જાણવું.

ભગવન્ ! અસંખ્યાત પ્રદેશી અસંખ્યાત પ્રદેશાવગાઢ પરિમંડલ સંસ્થાનના અચરમ, અનેક ચરમ, ચરમાંતપ્રદેશો, અચરમાંત પ્રદેશોમાં દ્રવ્યાર્થપણે, પ્રદેશાર્થપણે, દ્રવ્યાર્થ–પ્રદેશાર્થપણે કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષ છે ? રત્નપ્રભાના અલ્પબહુત્વ વત્ આયત **સંસ્થાન** સુધી કહેવું.

ભગવન્ ! અનંતપ્રદેશી, સંખ્યાત પ્રદેશાવગાઢ પરિમંડલ સંસ્થાનના અચરમ, અનેક ચરમ, ચરમાંતપ્રદેશો, અચરમાંત પ્રદેશોમાં દ્રવ્યાર્થપણાદિથી કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષ છે ?

સંખ્યાત પ્રદેશી સંખ્યાત પ્રદેશાવગાઢમાં કહ્યું તેમ કહેવું, પણ સંક્રમમાં અનંતગણા જાણવા. એ પ્રમાણે આયત સંસ્થાન સુધી જાણવું.

ભગવન્! અનંતપ્રદેશી, અસંખ્યાત પ્રદેશાવગાઢ પરિમંડલ સંસ્થાનના અચરમ આદિનું અલ્પબહુત્વ? રત્નપ્રભામાં કહ્યા મુજબ કહેવું. પણ સંક્રમમાં અનંતગણા કહેવા. એ પ્રમાણે આયત સંસ્થાન સુધી કહેવું.

## સૂત્ર–૩૭૩, ૩૭૪

**૩૭૩.** ભગવન્ ! જીવ, ગતિ ચરમ વડે ચરમ છે કે અચરમ ? ગૌતમ ! કદાચિત્ ચરમ, કદાચિત્ અચરમ હોય.

ભગવન્ ! નૈરયિક ગતિ ચરમ વડે ચરમ છે કે અચરમ ? કદાચ ચરમ, કદાચ અચરમ. એ રીતે નિરંતર યાવત્ વૈમાનિક સુધી જાણવું.

ભગવન્ ! નૈરયિકો વિશે પૃચ્છા – ચરમ પણ હોય, અચરમ પણ હોય. એ પ્રમાણે નિરંતર યાવત્ વૈમાનિકો સુધી જાણવું.

ભગવન્ ! નૈરયિક સ્થિતિ ચરમ વડે શું ચરમ છે કે અચરમ ? ગૌતમ ! કદાચ ચરમ, કદાચ અચરમ. એ રીતે વૈમાનિકો સુધી જાણવું.

ભગવન્! નૈરયિકોની સ્થિતિ ચરમની પૃચ્છા – ચરમ પણ હોય અને અચરમ પણ હોય. એમ વૈમાનિકો સુધી જાણવું.

ભગવન્ ! નૈરયિક ભવ ચરમ વડે ચરમ છે કે અચરમ ? ગૌતમ! કદાચ ચરમ પણ હોય, કદાચ અચરમ પણ હોય? એ પ્રમાણે વૈમાનિકો સુધી જાણવું.

ભગવન્! નૈરયિકો ભવ ચરમ વડે ચરમ છે કે અચરમ ? ગૌતમ ! ચરમ પણ હોય, અચરમ પણ હોય. એ રીતે વૈમાનિકો સુધી જાણવું.

ભગવન્ ! નૈરયિક ભાષા ચરમ વડે ચરમ છે કે અચરમ ? ગૌતમ ! કદાચ ચરમ, કદાચ અચરમ. એ પ્રમાણે વૈમાનિક સુધી જાણવું.

ભગવન્! નૈરયિકો ભાષા ચરમ વડે ચરમ છે કે અચરમ ? ગૌતમ ! ચરમ પણ અને અચરમ પણ છે. એ રીતે એકેન્દ્રિયો વર્જી વૈમાનિક સુધી કહેવું.

ભગવન્ ! નૈરયિકો શ્વાસોચ્છ્‌વાસ ચરમ વડે શું ચરમ છે કે અચરમ ? ગૌતમ ! કદાચ ચરમ, કદાચ અચરમ.

ભગવન્ ! નૈરયિકો શ્વાસોચ્છ્‌વાસ ચરમ વડે ચરમ છે કે અચરમ ? ચરમ પણ છે, અચરમ પણ છે એ પ્રમાણે બંને પ્રશ્નમાં. નિરંતર વૈમાનિક સુધી જાણવું.

ભગવન્ ! નૈરયિક, આહાર ચરમથી ચરમ છે કે અચરમ ? ગૌતમ ! કદાચ ચરમ, કદાચ અચરમ. એ રીતે વૈમાનિક સુધી છે.

ભગવન્ ! નૈરયિકો આહાર ચરમ વડે ચરમ છે કે અચરમ ? ચરમ પણ, અચરમ પણ છે. એ પ્રમાણે નિરંતર યાવત્ વૈમાનિક કહેવું.

ભગવન્ ! નૈરયિક ભાવ ચરમથી શું ચરમ કે અચરમ છે? ગૌતમ ! કદાચ ચરમ, કદાચ અચરમ. એ રીતે વૈમાનિક સુધી છે.

ભગવન્ ! નૈરયિકો, ભાવ ચરમ વડે કે અચરમ? ગૌતમ! ચરમ પણ છે, અચરમ પણ. એ રીતે નિરંતર વૈમાનિક સુધી જાણવું.

ભગવન્ ! નૈરયિક વર્ણ ચરમથી ચરમ કે અચરમ ? કદાચ ચરમ, કદાચ અચરમ.

નૈરયિકોની પૃચ્છા – ચરમ પણ છે અચરમ પણ છે. એ પ્રમાણે નિરંતર વૈમાનિક સુધી જાણવું. આ જ પ્રમાણે ગંધ, રસ, સ્પર્શ વિશે પણ પ્રશ્નોત્તર સૂત્રમાં છે, તે જાણવા.

**૩૭૪.** ગતિ, સ્થિતિ, ભવ, ભાષા, શ્વાસોચ્છ્‌વાસ, આહાર, ભાવ, વર્ણ, રસ, ગંધ, સ્પર્શથી ચરમાદિ જાણવા.

**પદ-૧૦ 'ચરમાચરમ'નો મુનિ દીપરત્નસાગરે કરેલ ભાવાનુવાદ પૂર્ણ**

# પદ-૧૧ 'ભાષા'

સૂત્ર–૩૭૫

ભગવન્ ! હું માનું છું કે ભાષા અવધારણી છે, ચિંતવું છું કે ભાષા અવધારણી છે, મનન અને ચિંતન કરું છું કે ભાષા અવધારણી છે તો શું હું તેમ માનું? હા, ગૌતમ ! તું એમ માન કે ભાષા અવધારણી છે, તું એમ ચિંતવ કે ભાષા અવધારણી છે, તું એમ મનન અને ચિંતન કર કે ભાષા અવધારણી છે.

ભગવન્ ! અવધારિણી ભાષા શું સત્ય છે, મૃષા છે, સત્યામૃષા છે કે અસત્યામૃષા છે? ગૌતમ ! કદાચ સત્ય, કદાચ મૃષા, કદાચ સત્યામૃષા, કદાચ અસત્યામૃષા છે.

ભગવન્! એમ કેમ કહ્યું ? ગૌતમ ! આરાધની સત્યા, વિરાધની મૃષા, આરાધની વિરાધની સત્યામૃષા, ન આરાધની–ન વિરાધની–ન આરાધનવિરાધની તે ચોથી અસત્યામૃષા ભાષા છે, તેથી ઉપર મુજબ કહ્યું.

સૂત્ર–૩૭૬

ભગવન્ ! "ગાય, મૃગ, પશુ, પક્ષી" એ ભાષા પ્રજ્ઞાપની છે ? આ ભાષા મૃષા નથી ?. હા, ગૌતમ ! એ ભાષા પ્રજ્ઞાપની છે, મૃષા નથી.

ભગવન્ ! જે સ્ત્રીલિંગવાચી, પુલ્લિંગવાચી, નપુંસકલિંગવાચી, એ ભાષા પ્રજ્ઞાપની છે ? મૃષા નથી ? હા, ગૌતમ! એ ભાષા પ્રજ્ઞાપની છે, મૃષા નથી.

ભગવન્ ! સ્ત્રી આજ્ઞાપની, પુરુષ આજ્ઞાપની, નપુંસક આજ્ઞાપની છે, તે ભાષા શું પ્રજ્ઞાપની ભાષા છે ? મૃષા નથી ? હા, ગૌતમ ! એ ભાષા પ્રજ્ઞાપની છે, મૃષા નથી.

ભગવન્ ! જે સ્ત્રીપ્રજ્ઞાપની, પુરુષપ્રજ્ઞાપની, નપુંસકપ્રજ્ઞાપની છે, તે ભાષા શું પ્રજ્ઞાપની છે? મૃષા નથી? હા, ગૌતમ! આ ભાષા પ્રજ્ઞાપની છે, મૃષા નથી.

ભગવન્! જે જાતિમાં–સ્ત્રીવાક્, પુરુષવાક્, નપુંસકવાક્ ભાષા છે, તે ભાષા શું પ્રજ્ઞાપની છે? મૃષા નથી? હા, ગૌતમ ! એ ભાષા પ્રજ્ઞાપની છે, મૃષા નથી.

ભગવન્! જે જાતિરૂપે – સ્ત્રી આજ્ઞાપની, પુરુષ આજ્ઞાપની, નપુંસક આજ્ઞાપની છે, એ ભાષા પ્રજ્ઞાપની છે? મૃષા નથી ? હા, ગૌતમ ! એ ભાષા પ્રજ્ઞાપની છે, મૃષા નથી.

ભગવન્! જાતિરૂપે – સ્ત્રી પ્રજ્ઞાપની. પુરુષ પ્રજ્ઞાપની, નપુંસક પ્રજ્ઞાપની છે, એ ભાષા પ્રજ્ઞાપની છે? મૃષા નથી? હા, ગૌતમ! તે ભાષા પ્રજ્ઞાપની છે, મૃષા નથી.

સૂત્ર–૩૭૭

ભગવન્ ! નવજાત બાળક કે બાલિકા બોલતી વખતે એમ જાણે કે "હું આ બોલું છું" ? ગૌતમ ! વિશિષ્ટ મનવાળા સિવાય એ અર્થ સમર્થ નથી.

ભગવન્ ! નવજાત બાળક કે બાલિકા આહાર કરતા જાણે કે – "હું આ આહાર કરું છું ?" ગૌતમ! સંજ્ઞી સિવાય બીજે આ અર્થ યથાર્થ નથી.

ભગવન્ ! નવજાત બાળક કે બાલિકા જાણે કે "આ મારા માતા–પિતા છે ?" સંજ્ઞી સિવાય બીજે એ અર્થ સમર્થ નથી. આવો જ પ્રશ્નોત્તર સ્વામી કે સ્વામીઓના ગૃહ અને સ્વામીનો પુત્ર કે પુત્રો માટે કરવો. બંનેમાં ઉત્તર એ જ – "સંજ્ઞી સિવાય બીજે આ અર્થ યથાર્થ નથી."

ભગવન્ ! ઊંટ, બળદ, ગધેડો, ઘોડો, બકરો, ઘેટો એવું જાણે કે – "હું બોલું છું?" ગૌતમ! સંજ્ઞી સિવાય માટે એ અર્થ સમર્થ નથી.

ભગવન્! ઊંટ યાવત્ ઘેટો એવું જાણે કે "આ મારા માતાપિતા છે?" સંજ્ઞી સિવાય બીજે એ અર્થ સમર્થ નથી. આ રીતે "સ્વામીનું ઘર" "સ્વામીના પુત્ર" અને આહાર સંબંધે આ રીતે જ ત્રણ પ્રશ્નોત્તર કહેવા.

સૂત્ર–૩૭૮

ભગવન્ ! મનુષ્ય, પાડો, અશ્વ, હાથી, સિંહ, વાઘ, વરુ, દીપડો, રીંછ, તરક્ષ, ગડો, શિયાળ, બિલાડો, કૂતરો, શિકારી કૂતરો, લોંકડી, સસલો, ચિત્તો, ચિલ્લલક, તે સિવાયના બીજા તેવા પ્રકારના તે બધાં એકવચન છે ? ગૌતમ ! તેઓ એકવચન છે.

ભગવન્ ! મનુષ્યો યાવત્ ચિલ્લલકો આદિ બધાં બહુવચન છે ? હા, ગૌતમ ! છે.

ભગવન્ ! માનુષી, ભેંસ, ઘોડી, હાથણી, સિંહણ, વાઘણ, નાહરી, દીપડી, રીંછણ, તરક્ષી, ગેંડી, ગધેડી, શિયાલણી, બિલાડી, કૂતરી, શિકારી કૂતરી, લોંકડી, સસલી, ચિત્તિ, ચિલ્લલિકા, તે સિવાયના બીજા તેવા પ્રકારના હોય તે બધા સ્ત્રીવાચી છે ? હા, ગૌતમ ! છે.

ભગવન્ ! મનુષ્ય યાવત્ ચિલ્લક આદિ બધાં પુરુષ વાચી છે ? ગૌતમ ! તે બધાં પુરુષવાચી છે.

ભગવન્! કંસ, કંસોચ, પરિમંડલ, શૈલ, સ્તૂપ, જાલ, સ્થાલ, તાર, રૂપ, અક્ષિપર્વ, કુંડ, પદ્મ, દૂધ, દહીં, નવનીત, અશન, શયન, ભવન, વિમાન, છત્ર, ચામર, ભૃંગાર, કળશ, આંગણ, નિરંગણ, આભરણ, રત્ન, તે સિવાયના તેવા પ્રકારના બીજા બધાં નપુંસકવાચી છે ? ગૌતમ ! તે બધા નપુંસકવાચી છે.

ભગવન્ ! પૃથ્વી સ્ત્રીવાચી, અપ્ પુરુષવાચી, ધાન્ય નપુંસકવાચી. એ ભાષા પ્રજ્ઞાપની છે ? મૃષા નથી ? ગૌતમ ! તેમજ છે.

ભગવન્! પૃથ્વી–સ્ત્રી આજ્ઞાપની, અપ્–પુરુષ આજ્ઞાપની, ધાન્ય–નપુંસક આજ્ઞાપની એ ભાષા પ્રજ્ઞાપની છે ? મૃષા નથી ? હા, ગૌતમ ! પૃથ્વીને ઉદ્દેશીને સ્ત્રી આજ્ઞાપની આદિ જે કહ્યું તે ભાષા પ્રજ્ઞાપની છે – મૃષા નથી.

ભગવન્ ! પૃથ્વીને વિશે સ્ત્રી પ્રજ્ઞાપની એ ભાષા આરાધની છે ? મૃષા નથી ? ગૌતમ ! અવશ્ય, તે ભાષા આરાધની છે, મૃષા નથી.

ભગવન્ ! એ પ્રમાણે સ્ત્રી–પુરુષ–નપુંસક વચન બોલતો સાધુ જે ભાષા બોલે તે પ્રજ્ઞાપની છે ? મૃષા નથી? હા, ગૌતમ ! તેમ જ છે.

સૂત્ર–૩૭૯ થી ૩૮૮

૩૭૯. ભગવન્ ! ભાષાની આદિ શું છે ? શાથી ઉત્પન્ન થાય છે? આકાર કેવો છે? અંત ક્યાં થાય છે ? ગૌતમ ! ભાષાની આદિ જીવ છે, શરીરથી ઉપજે છે, વજ્ર આકારે છે, લોકાંતે તેનો અંત થાય છે.

૩૮૦. ભાષા ક્યાંથી ઉપજે છે ? કેટલા સમયે ભાષા બોલે છે ? ભાષા કેટલા પ્રકારે છે ? કેટલી ભાષા બોલવા યોગ્ય છે ?

૩૮૧. શરીરથી ભાષા ઉપજે છે, બે સમયે ભાષા બોલે છે, ભાષા ચાર પ્રકારની છે, બે ભાષા બોલવા યોગ્ય છે.

૩૮૨. ભગવન્ ! ભાષા કેટલા ભેદે છે ? ગૌતમ ! બે ભેદે છે – પર્યાપ્તા અને અપર્યાપ્તા.

પર્યાપ્તા ભાષા કેટલા ભેદે છે ? ગૌતમ ! બે ભેદે છે – સત્ય અને મૃષા.

ભગવન્ ! પર્યાપ્તા સત્યભાષા કેટલા ભેદે છે ? ગૌતમ ! દશ ભેદે છે – જનપદ સત્ય, સંમત સત્ય, સ્થાપના સત્ય, નામ સત્ય, રૂપ સત્ય, પ્રતીત્ય સત્ય, વ્યવહાર સત્ય, ભાવ સત્ય, યોગ સત્ય, ઉપમા સત્ય.

૩૮૩. સંગ્રહગાથા છે – જનપદ યાવત્ ઉપમા સત્ય.

૩૮૪. ભગવન્ ! પર્યાપ્તા મૃષાભાષા કેટલા ભેદે છે ? ગૌતમ ! દશ ભેદે છે – ક્રોધ નિશ્રિત, માન નિશ્રિત, માયા નિશ્રિત, લોભ નિશ્રિત, પ્રેમ નિશ્રિત, દ્વેષ નિશ્રિત, હાસ્ય નિશ્રિત, ભય નિશ્રિત, આખ્યાયિકા નિશ્રિત અને

ઉપઘાત નિશ્રિત.

૩૮૫. સંગ્રહગાથા છે – ક્રોધ યાવત્ ઉપઘાત નિશ્રિતા.

૩૮૬. ભગવન્ ! અપર્યાપ્તા ભાષા કેટલા ભેદે છે ? ગૌતમ ! બે ભેદે છે – સત્યમૃષા અને અસત્યમૃષા.

ભગવન્ ! અપર્યાપ્તા સત્યમૃષા ભાષા કેટલા ભેદે છે ? ગૌતમ ! દશ ભેદે છે – ઉત્પન્ન મિશ્રિતા, વિગતા મિશ્રિતા, ઉત્પન્નવિગત મિશ્રિતા, જીવ મિશ્રિતા, અજીવ મિશ્રિતા, જીવાજીવ મિશ્રિતા, અનંત મિશ્રિતા, પ્રત્યેક મિશ્રિતા, અદ્ધા મિશ્રિતા, અદ્ધાદ્ધા મિશ્રિતા.

૩૮૭. ભગવન્ ! અપર્યાપ્તા અસત્યામૃષા કેટલા ભેદે છે ? ગૌતમ ! બાર ભેદે છે –

૩૮૮. આમંત્રણી, આજ્ઞાપની, યાચની, પૃચ્છની, પ્રજ્ઞાપની, પ્રત્યાખ્યાની, ઈચ્છાલોમા, અનભિગૃહીતા, અભિગૃહીતા, સંશયકરીણી, વ્યાકૃતા અને અવ્યાકૃતા ભાષા.

સૂત્ર–૩૮૯, ૩૯૦

૩૮૯. ભગવન્ ! જીવો ભાષક છે કે અભાષક ? ગૌતમ ! તે બંને છે.

ભગવન્! 'બંને' એમ કેમ કહ્યું ? ગૌતમ ! જીવો બે ભેદે છે – સંસારી, અસંસારી. તેમાં જે અસંસારી છે તે સિદ્ધો છે, તેઓ અભાષક છે. તેમાં જે સંસારી છે તે બે ભેદે છે – શૈલેશીને પ્રાપ્ત અને અશૈલેશીને પ્રાપ્ત. તેમાં જે શૈલેશી પ્રાપ્ત છે, તે અભાષક છે. તેમાં જે અશૈલેશી પ્રાપ્ત છે તે બે ભેદે છે – એકેન્દ્રિયો અને અનેકેન્દ્રિય. તેમાં જે એકેન્દ્રિયો છે તે અભાષક છે. તેમાં જે અનેકેન્દ્રિયો છે તે બે ભેદે છે – પર્યાપ્તા અને અપર્યાપ્તા. તેમાં અપર્યાપ્તા, તે અભાષક છે તેમાં જે પર્યાપ્તા છે તે ભાષકો છે. તેથી ઉપર પ્રમાણે કહ્યું.

ભગવન્ ! નૈરયિક શું ભાષક છે કે અભાષક ? ગૌતમ ! બંને છે.

ભગવન્! એમ કેમ કહ્યું ? ગૌતમ ! નૈરયિક બે ભેદે છે – પર્યાપ્તા અને અપર્યાપ્તા. તેમાં અપર્યાપ્તા તે અભાષક છે. પર્યાપ્તા છે તે ભાષક છે, તેથી 'બંને' એમ કહ્યા. એકેન્દ્રિય સિવાય બધા આ પ્રમાણે કહેવા.

૩૯૦. ભગવન્ ! ભાષાના કેટલા પ્રકારો છે ? ગૌતમ ! ચાર. એક સત્યભાષાનો, બીજો મૃષા, ત્રીજો સત્યમૃષા, ચોથો અસત્યામૃષા.

ભગવન્ ! જીવો સત્યભાષા, મૃષાભાષા, સત્યમૃષાભાષા, અને અસત્યામૃષા ભાષામાં કઈ ભાષા બોલે છે ? ગૌતમ! સત્યભાષા પણ બોલે, મૃષાભાષા પણ બોલે, સત્યમૃષાભાષા પણ બોલે, અસત્યામૃષાભાષા પણ બોલે.

ભગવન્ ! નૈરયિકો શું સત્ય ભાષા બોલે કે અસત્યામૃષા સુધીની ભાષા બોલે ? ગૌતમ ! નૈરયિકો સત્ય આદિ ચારે ભાષા બોલે. આ પ્રમાણે અસુરકુમારથી સ્તનિતકુમારો જાણવા. વિકલેન્દ્રિયો માત્ર અસત્યામૃષા ભાષા બોલે છે, બાકીની ત્રણ ભાષા નથી બોલતા.

ભગવન્ ! પંચેન્દ્રિય તિર્યંચો સત્ય યાવત્ અસત્યામૃષા ભાષા બોલે ? ગૌતમ ! એક માત્ર અસત્યામૃષા ભાષા બોલે છે, પણ શિક્ષાપૂર્વક કે ઉત્તરગુણની લબ્ધિ સિવાય બીજે જાણવું. શિક્ષાપૂર્વક કે ઉત્તરગુણની લબ્ધિને આશ્રીને સત્યભાષા આદિ ચારે ભાષા બોલે છે. મનુષ્યો યાવત્ વૈમાનિકો જેમ જીવો કહ્યા તેમ કહેવા.

સૂત્ર–૩૯૧ થી ૩૯૩

૩૯૧. ભગવન્ ! જીવ જે દ્રવ્ય ભાષાપણે ગ્રહણ કરે છે, તે શું સ્થિત દ્રવ્યો ગ્રહણ કરે કે અસ્થિત ? ગૌતમ ! સ્થિત ગ્રહણ કરે છે, અસ્થિત નહીં.

ભગવન્ ! જો સ્થિત ગ્રહણ કરે તો તે દ્રવ્યથી–ક્ષેત્રથી–કાળથી કે ભાવથી ગ્રહણ કરે છે ? ગૌતમ ! તે ચારેથી.

ભગવન્ ! દ્રવ્યથી ગ્રહણ કરે તે એક પ્રદેશવાળા, બે પ્રદેશવાળા કે યાવત્ અનંત પ્રદેશવાળા ગ્રહણ કરે છે ? ગૌતમ ! એક પ્રદેશથી યાવત્ અસંખ્યપ્રદેશી દ્રવ્યો ગ્રહણ ન કરે, પણ અનંત પ્રદેશી દ્રવ્યો ગ્રહણ કરે.

ભગવન્ ! ક્ષેત્રથી ગ્રહણ કરે તે એક પ્રદેશાવગાઢ, બે પ્રદેશાવગાઢ કે યાવત્ અસંખ્યાત પ્રદેશાવગાઢ ગ્રહણ કરે

ગૌતમ ! જીવ, એક પ્રદેશાવગાઢ દ્રવ્યોને યાવત્ સંખ્યાત પ્રદેશાવગાઢ ગ્રહણ ન કરે, પણ અસંખ્યાત પ્રદેશાવગાઢ દ્રવ્યો ગ્રહણ કરે.

ભગવન્ ! જીવ શું એક સમય સ્થિત દ્રવ્યોને ગ્રહણ કરે, બે સમય સ્થિત દ્રવ્યોને ગ્રહણ કરે યાવત અસંખ્યાત સમય સ્થિત દ્રવ્યોને ગ્રહણ કરે?

ગૌતમ! તે એક, બે કે અસંખ્યાત બધા સમય સ્થિતિક દ્રવ્યોને ગ્રહણ કરે.

ભગવન્ ! જીવ ભાવથી જે દ્રવ્યો ગ્રહણ કરે તે શું વર્ણ–ગંધ–રસ કે સ્પર્શવાળા ગ્રહણ કરે ? હા, ગૌતમ ! તે વર્ણ યાવત સ્પર્શવાળા બધા દ્રવ્યોને ગ્રહણ કરે.

ભગવન્ ! જીવ, ભાવથી જે વર્ણવાળા દ્રવ્ય ગ્રહણ કરે, તે શું એક વર્ણવાળા દ્રવ્ય ગ્રહણ કરે કે યાવત્ પાંચ વર્ણવાળા દ્રવ્ય ગ્રહણ કરે ? ગૌતમ ! ગ્રહણ યોગ્ય પ્રત્યેક દ્રવ્યોને આશ્રીને બધા વર્ણવાળા દ્રવ્ય ગ્રહણ કરે. સર્વ ગ્રહણ દ્રવ્યોને આશ્રીને અવશ્ય પાંચ વર્ણવાળા દ્રવ્યોને ગ્રહણ કરે. તે કાળા, નીલા, લાલ, પીળા અને ધોળા.

ભગવન્ ! જીવ, વર્ણથી જે કાળા વર્ણવાળા દ્રવ્યો ગ્રહણ કરે, તે શું એક ગુણ કાળા દ્રવ્યો ગ્રહણ કરે કે યાવત્ અનંતગુણ કાળા દ્રવ્યો ગ્રહણ કરે છે ? તે જીવ એક ગુણ કાળા દ્રવ્યો યાવત્ અનંતગુણ કાળા, બધા દ્રવ્યો ગ્રહણ કરે. આ પ્રમાણે શુક્લ દ્રવ્યો સુધી જાણવું.

ભગવન્ ! જીવ, ભાવથી જે ગંધવાળા દ્રવ્યો ગ્રહણ કરે, તે શું એક ગંધવાળા દ્રવ્યો ગ્રહણ કરે કે બે ગંધવાળા દ્રવ્યો ગ્રહણ કરે ? ગૌતમ ! ગ્રહણ યોગ્ય પ્રત્યેક દ્રવ્યોને આશ્રીને એક કે બે ગંધવાળા ગ્રહણ કરે છે અને ગ્રહણ યોગ્ય સર્વે દ્રવ્યોને આશ્રીને અવશ્ય બે ગંધવાળા દ્રવ્યો ગ્રહણ કરે છે.

ભગવન્ ! જેઓ ગંધથી સુરભિગંધવાળા દ્રવ્યો ગ્રહણ કરે છે, તે શું એકગુણવાળા દ્રવ્યો ગ્રહણ કરે કે યાવત્ અનંતગુણ સુરભિગંધી દ્રવ્યો ગ્રહણ કરે છે ? ગૌતમ ! તે બધા દ્રવ્યો ગ્રહણ કરે છે. એ પ્રમાણે દુરભિગંધી દ્રવ્યોના વિષયમાં પણ જાણવું.

ભગવન્ ! ભાવથી જે રસવાળા દ્રવ્યો ગ્રહણ કરે છે, તે શું એક રસવાળા દ્રવ્યો ગ્રહણ કરે કે યાવત્ પાંચ ગુણ રસવાળા દ્રવ્યો ગ્રહણ કરે છે ? ગૌતમ ! ગ્રહણ યોગ્ય પ્રત્યેક દ્રવ્યોને આશ્રીને બધા દ્રવ્યો ગ્રહણ કરે, ગ્રહણ યોગ્ય સર્વ દ્રવ્યોને આશ્રીને અવશ્ય પાંચ રસવાળા ગ્રહણ કરે છે.

ભગવન્ ! રસથી જે તિક્ત રસવાળા દ્રવ્યોને ગ્રહણ કરે છે, તે શું એકગુણ રસવાળા દ્રવ્યોને ગ્રહણ કરે છે કે યાવત્ અનંતગુણ તિક્ત રસવાળા દ્રવ્ય ગ્રહણ કરે છે ? ગૌતમ ! બધા રસવાળા દ્રવ્ય ગ્રહણ કરે છે, યાવત્ મધુરરસ સુધી આ પ્રમાણે જાણવું.

ભગવન્ ! ભાવથી જે સ્પર્શવાળા દ્રવ્યો ગ્રહણ કરે છે, તે શું એક સ્પર્શવાળા દ્રવ્યો ગ્રહણ કરે છે કે યાવત્ આઠ સ્પર્શવાળા ગ્રહણ કરે છે ? ગૌતમ ! ગ્રહણ યોગ્ય પ્રત્યેક દ્રવ્યને આશ્રીને એક સ્પર્શવાળા ગ્રહણ કરતો નથી, પણ બે યાવત્ ચાર સ્પર્શવાળા ગ્રહણ કરે છે, પાંચ યાવત્ આઠ સ્પર્શવાળા ગ્રહણ કરતો નથી. ગ્રહણ યોગ્ય સર્વ દ્રવ્યોને આશ્રીને અવશ્ય ચાર સ્પર્શવાળા ગ્રહણ કરે છે. તે આ પ્રમાણે – શીત, ઉષ્ણ, સ્નિગ્ધ, રૂક્ષ સ્પર્શવાળા.

ભગવન્ ! જે સ્પર્શથી શીત સ્પર્શવાળા દ્રવ્ય ગ્રહણ કરે છે તે શું એકગુણ સ્પર્શવાળા દ્રવ્ય ગ્રહણ કરે છે યાવત્ અનંતગુણ શીત સ્પર્શવાળા દ્રવ્યો ગ્રહણ કરે? ગૌતમ ! તે બધા જ દ્રવ્યો ગ્રહણ કરે. એ પ્રમાણે ઉષ્ણ, સ્નિગ્ધ, રૂક્ષ દ્રવ્યો સંબંધે જાણવું યાવત્ – અનંતગુણ રૂક્ષ સ્પર્શવાળા દ્રવ્યોને પણ ગ્રહણ કરે છે.

ભગવન્ ! જે યાવત્ અનંતગુણ રૂક્ષ દ્રવ્યોને ગ્રહણ કરે છે, તે સ્પૃષ્ટને દ્રવ્યોને ગ્રહણ કરે કે અસ્પૃષ્ટ દ્રવ્યોને? ગૌતમ ! સ્પૃષ્ટને દ્રવ્યોને ગ્રહણ કરે પણ અસ્પૃષ્ટ દ્રવ્યોને નહીં.

ભગવન્ ! જે સ્પૃષ્ટ દ્રવ્યોને ગ્રહણ કરે છે, તે શું અવગાઢ દ્રવ્યોને ગ્રહણ કરે છે કે અનવગાઢ દ્રવ્યોને? ગૌતમ! અવગાઢ દ્રવ્યોને ગ્રહણ કરે છે પણ અનવગાઢ દ્રવ્યોને નહીં.

ભગવન્ ! જે અવગાઢ દ્રવ્યો ગ્રહણ કરે છે, તે શું અનંતરાવગાઢ દ્રવ્યોને ગ્રહણ કરે કે પરંપરાવગાઢ દ્રવ્યોને ગ્રહણ કરે છે ? ગૌતમ ! અનંતરાવગાઢ દ્રવ્યો ગ્રહણ કરે છે, પણ પરંપરાવગાઢ દ્રવ્યો ગ્રહણ કરતો નથી.

ભગવન્ ! અનંતરાવગાઢ દ્રવ્યો ગ્રહણ કરે છે, તે અણુ પ્રદેશવાળા દ્રવ્યો ગ્રહણ કરે છે કે બાદર પ્રદેશવાળા દ્રવ્યો ગ્રહણ કરે છે ? ગૌતમ ! બંને ગ્રહણ કરે.

ભગવન્ ! જે અણુ કે બાદર દ્રવ્યો ગ્રહણ કરે છે, તે ઉર્ધ્વ દિશાથી આવેલા દ્રવ્યો ગ્રહણ કરે છે કે અધો દિશાથી આવેલા કે તિર્છા દિશાથી આવેલા ગ્રહણ કરે છે ? ગૌતમ ! ત્રણે દિશાથી આવેલા દ્રવ્યોને ગ્રહણ કરે છે.

ભગવન્ ! જે ઉર્ધ્વ–અધો–તિર્છા દિશાથી આવેલ દ્રવ્યો ગ્રહણ કરે છે, તે શું આદિમાં ગ્રહણ કરે છે, મધ્યમાં–ગ્રહણ કરે છે કે અંતમાં ગ્રહણ કરે છે ? ગૌતમ ! આદિ–મધ્ય–અંત ત્રણેમાં ગ્રહણ કરે છે.

ભગવન્ ! જે આદિ–મધ્ય–અંતને ગ્રહણ કરે છે તે સ્વ વિષય દ્રવ્યોને ગ્રહણ કરે છે કે અવિષયક દ્રવ્યોને ગ્રહણ કરે છે ? ગૌતમ ! સ્વવિષય દ્રવ્યોને ગ્રહણ કરે છે, પણ અવિષયને દ્રવ્યોને ગ્રહણ કરતો નથી.

ભગવન્ ! જે સ્વવિષય દ્રવ્યોને ગ્રહણ કરે છે, તે આનુપૂર્વીથી દ્રવ્યોને ગ્રહણ કરે છે કે અનાનુપૂર્વીથી દ્રવ્યોને ગ્રહણ કરે છે ? ગૌતમ ! આનુપૂર્વીથી દ્રવ્યોને ગ્રહણ કરે છે, અનાનુપૂર્વીથી નહીં.

ભગવન્ ! જે આનુપૂર્વીથી દ્રવ્યોને ગ્રહણ કરે છે, તે શું ત્રણ દિશાથી આવેલા દ્રવ્યોને ગ્રહણ કરે છે કે યાવત્ છ દિશાથી આવેલા દ્રવ્યોને ગ્રહણ કરે છે ? ગૌતમ ! તે અવશ્ય છ દિશાથી આવેલા દ્રવ્યોને ગ્રહણ કરે છે.

**૩૯૨.** સ્પૃષ્ટ, અવગાઢ, અનંતર, અણુ, બાદર, ઉર્ધ્વ, અધો, આદિ, સ્વવિષય, આનુપૂર્વી અને અવશ્ય છ દિશાને આશ્રીને કહ્યું.

**૩૯૩.** ભગવન્ ! જીવ જે દ્રવ્યો ભાષાપણે ગ્રહણ કરે છે તે શું સાંતર ગ્રહણ કરે છે કે નિરંતર ગ્રહણ કરે છે ? ગૌતમ ! બંને ગ્રહણ કરે છે.

ભગવન્ ! સાંતર ગ્રહણ કરતો જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટ અસંખ્યાતા સમયોનું અંતર કરી ગ્રહણ કરે છે અને નિરંતર ગ્રહણ કરતો જઘન્યથી બે સમય, ઉત્કૃષ્ટ અસંખ્યાતા સમયો સુધી પ્રતિસમય નિરંતર અવિરહિતપણે ગ્રહણ કરે છે.

ભગવન્ ! જીવ ભાષાપણે ગ્રહણ કરેલા જે દ્રવ્યો બહાર કાઢે છે, તે શું સાંતર કાઢે કે નિરંતર ? ગૌતમ ! સાંતર બહાર કાઢે છે, નિરંતર નહીં. સાંતર બહાર કાઢતો એક સમયે ગ્રહણ કરે અને બીજા સમયે બહાર કાઢે છે. એ રીતે ગ્રહણ–નિઃસરણ વડે જઘન્ય બે સમય અને ઉત્કૃષ્ટ અસંખ્યાત સમયના અંતર્મુહૂર્ત્ત સુધી ગ્રહણ–નિઃસરણ કરે.

ભગવન્ ! જીવ ભાષાપણે ગ્રહણ કરેલાં જે દ્રવ્યો બહાર કાઢે છે, તે ભિન્ન કાઢે છે કે અભિન્ન ? ગૌતમ ! તે બંને કાઢે છે. જે ભિન્ન દ્રવ્યોને કાઢે છે, તે અનંતગણા વૃદ્ધિથી વધતા લોકાંતને સ્પર્શે છે, જે અભિન્ન દ્રવ્યો કાઢે છે, તે અસંખ્યાતી અવગાહના–વર્ગણા પર્યન્ત જઈને ભેદાય, પછી સંખ્યાતા યોજન જઈને વિનાશ પામે.

## સૂત્ર–૩૯૪ થી ૩૯૭

**૩૯૪.** ભગવન્ ! તે દ્રવ્યોના કેટલા ભેદ છે ? ગૌતમ ! પાંચ પ્રકારે ભેદ કહેલ છે – ખંડભેદ, પ્રતરભેદ, ચૂર્ણિકાભેદ, અનુતટિકા ભેદ, ઉત્કરિકા ભેદ.

ભગવન્ ! ખંડભેદ કેવા પ્રકારે છે ? ગૌતમ ! જે લોઢા–જસત–ત્રાંબા–સીસા–રૂપા કે સુવર્ણ ખંડોના ખંડરૂપે ભેદ થાય તે.

ભગવન્ ! પ્રતરભેદ કેવા પ્રકારે છે ? જે વાંસ–નેતર–વરુ–કેળના સ્તંભનો કે અબરખના પડોનો પડરૂપે ભેદ

છે તે પ્રતરભેદ.

ભગવન્ ! ચૂર્ણિકા ભેદ કેવો છે ? ગૌતમ ! જે તલના–મગના–અડદના–પીપરના–મરીના કે સૂંઠના ચૂર્ણોનો ચૂર્ણરૂપ ભેદ છે તે.

ભગવન્ ! અનુતટિકા ભેદ કેવો છે ? જે કૂવા, તળાવ, દ્રહ, નદી, વાવ, પુષ્કરિણી, દીર્ઘિકા, ગુંજાલિકા, સરોવર, સરઃસરોવર, સરઃપંક્તિ કે સરઃસરપંક્તિનો અનુતટિકારૂપે ભેદ થાય છે. ઉત્કરિકા ભેદ કેવો છે? જે મસૂર, મંડૂસ, તલ–મગ–અડદની સીંગો કે એરંડાના બીજોનો ફૂટીને ઉત્કરિકા ભેદ થાય છે તે ઉત્કરિકા ભેદ.

ભગવન્ ! આ ખંડભેદ યાવત્ ઉત્કરિકા ભેદથી ભેદ પામતા એ દ્રવ્યોમાં કયા દ્રવ્યો કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષ છે ?

ગૌતમ ! ઉત્કરિકા ભેદથી ભેદ પામતા સૌથી થોડાં દ્રવ્યો છે, અનુતટિકા ભેદથી ભેદાતા દ્રવ્યો તેનાથી અનંતગણા, ચૂર્ણિકા ભેદથી ભેદાતા દ્રવ્યો તેનાથી અનંતગણા, પ્રતરભેદથી ભેદાતા દ્રવ્યો તેનાથી અનંતગણા, ખંડભેદથી ભેદાતા દ્રવ્યો તેનાથી અનંતગણા છે.

**૩૯૫.** ભગવન્ ! જે દ્રવ્યોને નૈરયિક ભાષાપણે ગ્રહણ કરે છે, તે શું સ્થિર દ્રવ્યોને ગ્રહણ કરે કે અસ્થિર દ્રવ્યોને ગ્રહણ કરે ? ગૌતમ ! જીવની વક્તવ્યતા માફક નૈરયિક પણ અલ્પબહુત્વ સુધી કહેવા. એ પ્રમાણે એકેન્દ્રિય સિવાયનો દંડક વૈમાનિક સુધી જાણવો.

ભગવન્ ! જીવો જે દ્રવ્યોને ભાષાપણે ગ્રહણ કરે છે તે શું સ્થિત દ્રવ્યોને ગ્રહણ કરે કે અસ્થિત દ્રવ્યોને? ગૌતમ ! બહુવચન વડે પણ એમ જ વૈમાનિકો સુધી જાણવું.

ભગવન્! જીવ જે દ્રવ્યોને સત્યભાષાપણે ગ્રહણ કરે તે શું સ્થિત દ્રવ્યોને ગ્રહણ કરે કે અસ્થિત દ્રવ્યોને ? સામાન્ય દંડક માફક આ પણ જાણવો. પરંતુ વિકલેન્દ્રિય સંબંધે ન પૂછવું. એ પ્રમાણે બીજી ત્રણે ભાષા સંબંધે જાણવું. પરંતુ અસત્યામૃષા ભાષા વડે આ આલાવા વડે વિકલેન્દ્રિયો પૂછવા –

ભગવન્! વિકલેન્દ્રિય જે દ્રવ્યોને અસત્યામૃષા ભાષાપણે ગ્રહણ કરે તે શું સ્થિત દ્રવ્યોને ગ્રહણ કરે કે અસ્થિત દ્રવ્યોને ગ્રહણ કરે ? સામાન્ય દંડકવત્ જાણવું.

એ પ્રમાણે એક અને બહુવચનથી આ દશ દંડક કહેવા.

**૩૯૬.** ભગવન્ ! જીવ જે દ્રવ્યો સત્યભાષાપણે ગ્રહણ કરે, તેને શું તે સત્ય ભાષાપણે મૂકે છે, મૃષા ભાષાપણે મૂકે છે, –સત્યામૃષા ભાષાપણે મૂકે છે કે અસત્યામૃષા ભાષાપણે મૂકે છે ? ગૌતમ ! સત્યભાષાપણે મૂકે, પરંતુ બાકી ત્રણ ભાષાપણે મૂકતો નથી. એ પ્રમાણે એકેન્દ્રિય અને વિકલેન્દ્રિય સિવાયનો દંડક વૈમાનિક સુધી કહેવો. આવું બહુવચન વડે પણ જાણવું.

ભગવન્ ! જીવ જે દ્રવ્યોને મૃષાભાષાપણે ગ્રહણ કરે તે શું સત્ય આદિ ચારે ભાષાપણે મૂકે ? ગૌતમ ! મૃષાભાષા પણે મૂકે પણ બાકી ત્રણ ભાષાપણે ન મૂકે. એ પ્રમાણે બાકીની બે ભાષાના પ્રશ્નોત્તર પણ સમજવા. પરંતુ અસત્યામૃષા ભાષાપણે વિકલેન્દ્રિયો સંબંધે તેમજ પૂછવું, જે ભાષાપણે ગ્રહણ કરે તે ભાષાપણે મૂકે. એ પ્રમાણે એકવચન–બહુવચન સંબંધી આઠ દંડકો કહેવા.

**૩૯૭.** ભગવન્ ! વચન કેટલા ભેદે છે ? ગૌતમ ! સોળ ભેદે – એકવચન, દ્વિવચન, બહુવચન, સ્ત્રીવચન, પુરુષવચન, નપુંસકવચન, અધ્યાત્મવચન, ઉપનીતવચન, અપનીતવચન, ઉપનીતાપનીતવચન–અપનીતો–પનીતવચન, અતીતવચન–પ્રત્યુત્પન્નવચન–અનાગત વચન, પ્રત્યક્ષવચન–પરોક્ષવચન.

ભગવન્ ! એ પ્રમાણે એકવચન યાવત્ પરોક્ષ વચન બોલે તે પ્રજ્ઞાપની ભાષા છે ? મૃષા ભાષા નથી ? ગૌતમ! અવશ્ય, એ પ્રમાણે તે પ્રજ્ઞાપની ભાષા છે, મૃષા ભાષા નથી.

સૂત્ર–૩૯૮, ૩૯૯

૩૯૮. ભગવન્ ! ભાષાના કેટલા ભેદ છે ? ગૌતમ! ચાર – સત્ય ભાષા, મૃષા ભાષા, સત્યામૃષા ભાષા, અસત્યામૃષાભાષા.

ભગવન્ ! આ ચાર ભાષાપ્રકારો બોલનાર આરાધક છે કે વિરાધક ? ગૌતમ! જો તે સાવધાનપણે બોલે તો આરાધક છે. પણ વિરાધક નથી. તે સિવાય બીજો અસંયત, અવિરત, અપ્રતિહત, અપ્રત્યાખ્યાત પાપકર્મી કોઈપણ ભાષા બોલતો આરાધક નથી, પણ વિરાધક છે.

૩૯૯. ભગવન્ ! આ સત્યભાષી આદિ ચારે જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષ છે ? ગૌતમ ! સૌથી થોડા જીવો સત્યભાષી છે, સત્યમૃષાભાષી તેનાથી અસંખ્યાતગણા છે, મૃષાભાષી તેનાથી અસંખ્યાતગણા છે, તેનાથી અસત્યામૃષાભાષી અસંખ્યાતગણા, અભાષી તેનાથી અનંતગણા છે.

પદ-૧૧ 'ભાષા'નો મુનિ દીપરત્નસાગરે કરેલ ભાવાનુવાદ પૂર્ણ

# પદ-૧૨ 'શરીર'

**સૂત્ર–૪૦૦**

ભગવન્ ! શરીરો કેટલાં છે ? પાંચ – ઔદારિક, વૈક્રિય, આહારક, તેજસ, કાર્મણ.

ભગવન્ ! નૈરયિકોને કેટલા શરીર છે ? ત્રણ – વૈક્રિય, તૈજસ, કાર્મણ. એ પ્રમાણે અસુરથી સ્તનિતકુમારોનું જાણવું.

ભગવન્ ! પૃથ્વીકાયિકોને કેટલા શરીર છે ? ત્રણ – ઔદારિક, તૈજસ, કાર્મણ. એ પ્રમાણે વાયુકાયિકને વર્જીને ચઉરિન્દ્રિય સુધી કહેવું.

ભગવન્ ! વાયુકાયિકને કેટલા શરીર છે ? ચાર શરીરો છે– ઔદારિક, વૈક્રિય, તૈજસ, કાર્મણ. એ રીતે પંચેન્દ્રિય તિર્યંચયોનિક પણ કહેવા.

ભગવન્ ! મનુષ્યને કેટલા શરીર છે ? પાંચ છે– ઔદારિક યાવત્ કાર્મણ. વ્યંતરાદિ ત્રણે દેવોને નારકોની માફક કહેવા.

**સૂત્ર–૪૦૧**

ભગવન્ ! ઔદારિક શરીરો કેટલા ભેદે છે ? ગૌતમ ! બે ભેદે છે – બદ્ધ અને મુક્ત. તેમાં બદ્ધ શરીર અસંખ્યાતા છે, કાળથી અસંખ્યાતી ઉત્સર્પિણી–અવસર્પિણીના સમયો વડે અપહરાય છે. ક્ષેત્રથી અસંખ્યાતા લોક પ્રમાણ છે. તેમાં મુક્ત શરીરો અનંતા છે, કાળથી અનંત ઉત્સર્પિણી–અવસર્પિણીના સમયો વડે અપહરાય છે. ક્ષેત્રથી અનંત લોક પ્રમાણ છે અને તે અભવ્યોથી અનંતગુણા અને સિદ્ધોને અનંતમાં ભાગે છે.

ભગવન્ ! વૈક્રિય શરીરો કેટલાં છે ? ગૌતમ ! બે પ્રકારના છે – બદ્ધ અને મુક્ત. તેમાં બદ્ધ શરીરો છે તે અસંખ્યાતા છે અને કાળથી અસંખ્યાતી ઉત્સર્પિણી–અવસર્પિણીના સમયો વડે અપહરાય છે. ક્ષેત્રથી પ્રતરના અસંખ્યાતમા ભાગમાં રહેલી અસંખ્યાતી શ્રેણીના પ્રદેશ પ્રમાણ છે. તેમાં મુક્ત શરીરો છે તે અનંતા છે, કાળથી અનંત ઉત્સર્પિણી અને અવસર્પિણીના સમયો વડે અપહરાય છે. ઇત્યાદિ ઔદારિકવત્.

ભગવન્ ! આહારક શરીરો કેટલા ભેદે છે ? ગૌતમ ! બે ભેદે – બદ્ધ અને મુક્ત. તેમાં બદ્ધ શરીરો છે તે કદાચ હોય કે કદાચ ન હોય. જો હોય તો જઘન્ય એક, બે કે ત્રણ હોય, ઉત્કૃષ્ટ સહસ્ર પૃથક્ત્વ હોય. તેમાં જે મુક્ત શરીરો છે તે અનંતા છે ઇત્યાદિ ઔદારિકવત્ કહેવું.

ભગવન્ ! તૈજસ શરીર કેટલા ભેદે છે ? ગૌતમ ! બે ભેદે – બદ્ધ અને મુક્ત. તેમાં બદ્ધ શરીરો છે તે અનંતા છે, કાળથી અનંત ઉત્સર્પિણી–અવસર્પિણી સમયો વડે અપહરાય છે. ક્ષેત્રથી અનંતલોક પ્રમાણ છે. દ્રવ્યથી સિદ્ધો કરતા અનંતગણા અને અનંતમા ભાગથી ન્યૂન સર્વ જીવોના જેટલા છે, તેમાં મુક્ત શરીરો અનંતા છે. કાળથી અનંત ઉત્સર્પિણી – અવસર્પિણીના સમયો વડે અપહરાય છે. ક્ષેત્રથી અનંતલોક પ્રમાણ છે. દ્રવ્યથી સર્વ જીવો કરતા અનંતગણા અને સર્વ જીવના વર્ગના અનંતમાં ભાગ પ્રમાણ છે, એ રીતે કાર્મણ શરીરો પણ કહેવા.

**સૂત્ર–૪૦૨**

ભગવન્ ! નૈરયિકોને કેટલાં ઔદારિક શરીર છે ? ગૌતમ ! ઔદારિક શરીર બે ભેદે – બદ્ધ અને મુક્ત. તેમાં નૈરયિકોને બદ્ધ શરીર ન હોય, મુક્ત ઔદારિક શરીરો અનંતા છે – ઇત્યાદિ મુક્ત ઔદારિક શરીરવત્ કહેવા.

ભગવન્ ! નૈરયિકોને વૈક્રિય શરીરો કેટલા છે ? ગૌતમ! વૈક્રિય શરીરો બે ભેદે – બદ્ધ અને મુક્ત. તેમાં બદ્ધ વૈક્રિય શરીરો છે, તે અસંખ્યાતા છે, કાળથી અસંખ્યાત ઉત્સર્પિણી–અવસર્પિણી વડે અપહરાય છે. ક્ષેત્રથી પ્રતરના અસંખ્યાતમા ભાગ પ્રમાણ અસંખ્યાતી શ્રેણી જેટલા છે, તે શ્રેણીની વિષ્કંભ સૂચિ અંગુલ પ્રમાણ આકાશ પ્રદેશોના

પ્રથમ વર્ગમૂળને બીજા વર્ગમૂળ વડે ગુણતા જેટલા આકાશ પ્રદેશો આવે તેટલા પ્રદેશ જાણવી. અથવા અંગુલપ્રમાણ આકાશ પ્રદેશોના બીજા વર્ગમૂળના ઘનપ્રમાણ શ્રેણી જાણવી. તેમાં જે મુક્ત શરીરો છે, તે ઔદારિક મુક્ત શરીરવત્ કહેવા.

ભગવન્ ! નારકોને કેટલા આહારક શરીરો છે? ગૌતમ! આહારક શરીર બે ભેદે છે – બદ્ધ અને મુક્ત. ઔદારિક બદ્ધ અને મુક્ત શરીરવત્ કહેવા. તૈજસ અને કાર્મણ, વૈક્રિય શરીરવત્ કહેવા.

**સૂત્ર–૪૦૩, ૪૦૪ ચાલુ.**

૪૦૩. ભગવન્ ! અસુરકુમારોને કેટલા ઔદારિક શરીર છે ? ગૌતમ ! નારકોના ઔદારિક શરીરવત્ જાણવા.

ભગવન્ ! અસુરકુમારોને કેટલા વૈક્રિય શરીરો છે ? ગૌતમ ! વૈક્રિય શરીરો બે ભેદે – બદ્ધ અને મુક્ત. તેમાં બદ્ધ વૈક્રિય શરીરો અસંખ્યાતા છે. કાળથી અસંખ્યાતી ઉત્સર્પિણી–અવસર્પિણી વડે અપહરાય છે. ક્ષેત્રથી પ્રતરના અસંખ્યાતમાં ભાગરૂપ અસંખ્યાતી શ્રેણીઓ છે, તે શ્રેણીઓની વિષ્કંભ સૂચિ અંગુલના પ્રથમ વર્ગમૂલના સંખ્યાતમાં ભાગ પ્રમાણ છે. તેમાં મુક્ત શરીરો ઔદારિકના મુક્ત શરીરો માફક કહેવા. આહારક શરીર તેમના ઔદારિક શરીરો માફક બે ભેદે કહેવા. બંને પ્રકારના પણ તૈજસ અને કાર્મણ શરીરો તેમના વૈક્રિય શરીરો માફક કહેવા. એમ સ્તનિતકુમાર સુધી કહેવું.

૪૦૪–ચાલુ. ભગવન્ ! પૃથ્વીકાયિકને કેટલાં ઔદારિક શરીર છે ? ગૌતમ ! ઔદારિક શરીર બે પ્રકારે – બદ્ધ અને મુક્ત. તેમાં બદ્ધ ઔદારિક શરીરો અસંખ્યાતા છે, કાળથી અસંખ્યાતી ઉત્સર્પિણી–અવસર્પિણી વડે અપહરાય છે. ક્ષેત્રથી અસંખ્યાત લોકપ્રમાણ છે, મુક્ત શરીરો છે તે અનંતા છે, કાલથી અનંત ઉત્સર્પિણી–અવસર્પિણી વડે અપહરાય છે. ક્ષેત્રથી અનંત લોક પ્રમાણ છે, ભવ્ય કરતા અનંતગુણ અને સિદ્ધોના અનંતમાં ભાગે છે.

ભગવન્ ! પૃથ્વીકાયિકને કેટલા વૈક્રિય શરીર છે ? ગૌતમ ! બે પ્રકારે – બદ્ધ અને મુક્ત. બદ્ધ શરીર છે, તે તેઓને નથી. જે મુક્ત શરીરો છે, તે તેમના ઔદારિક શરીરવત્ છે. એ રીતે આહારક શરીર પણ કહેવા. તૈજસ અને કાર્મણ શરીરો તેમના ઔદારિક–શરીરવત્ કહેવા. આ પ્રમાણે અપ્કાય, તેઉકાય પણ કહેવા.

ભગવન્ ! વાયુકાયિકોને કેટલાં ઔદારિક શરીરો છે ? ગૌતમ ! ઔદારિક શરીર બે પ્રકારના – બદ્ધ અને મુક્ત. તે બંને પૃથ્વીકાયિકના ઔદારિક શરીરવત્ કહેવા.

વૈક્રિય શરીરની પૃચ્છા – ગૌતમ ! બે પ્રકારે – બદ્ધ અને મુક્ત. બદ્ધ શરીરો અસંખ્યાતા છે, સમયે સમયે અપહાર કરાતા પલ્યોપમના અસંખ્યાતમા ભાગ માત્ર કાળ સુધી અપહરાય છે, તો પણ અપહરાતા નથી. મુક્ત શરીર પૃથ્વીકાયિકવત્ જાણવા. આહારક, તૈજસ, કાર્મણ શરીરો પૃથ્વીકાયિકવત્ કહેવા. વનસ્પતિકાયિકો પૃથ્વીકાયિકવત્ જાણવા. પણ તેના તૈજસ, કાર્મણ શરીરો સામાન્ય તૈજસ, કાર્મણ માફક જાણવા.

ભગવન્ ! બેઇન્દ્રિયોને કેટલા પ્રકારે ઔદારિક શરીર છે? ગૌતમ ! બે ભેદે – બદ્ધ અને મુક્ત. બદ્ધ શરીરો અસંખ્યાતા છે અને કાળથી અસંખ્યાતી ઉત્સર્પિણી–અવસર્પિણી વડે અપહરાય છે. ક્ષેત્રથી પ્રતરના અસંખ્યાત ભાગ પ્રમાણ અસંખ્યાત શ્રેણીઓ જાણવી. તે શ્રેણીની વિષ્કંભ સૂચિ અસંખ્યાતા કોડાકોડી યોજન પ્રમાણ અથવા અસંખ્યાતા શ્રેણીના વર્ગમૂળ પ્રમાણ જાણવી.

**સૂત્ર–૪૦૪ ચાલુ.**

બેઇન્દ્રિયોના બદ્ધ ઔદારિક શરીરોથી ક્ષેત્રને આશ્રીને અંગુલપ્રમાણ પ્રતરખંડ વડે અને કાળની આવલિકાના અસંખ્યાતમાં ભાગ પ્રમાણ ખંડ વડે અસંખ્યાતી ઉત્સર્પિણી–અવસર્પિણી કાળે સમગ્ર પ્રતર અપહરાય છે. તેમાં જે મુક્ત શરીરો છે, તે ઔઘિક ઔદારિક મુક્ત શરીરો માફક જાણવા. વૈક્રિય અને આહારક બદ્ધ શરીરો નથી, મુક્ત શરીરો સામાન્ય ઔદારિક મુક્ત શરીર માફક જાણવા. તૈજસ અને કાર્મણ તેમના જ ઔદારિક શરીરવત્ જાણવા. આ પ્રમાણે

ચઉરિન્દ્રિયો સુધી જાણવા.

પંચેન્દ્રિય તિર્યંચો એમ જ સમજવા. પણ વૈક્રિય શરીરોમાં આ વિશેષતા – ભગવન્! પંચેન્દ્રિય તિર્યંચોને કેટલા વૈક્રિય શરીરો છે ? ગૌતમ ! બે ભેદે – બદ્ધ અને મુક્ત. તેમાં બદ્ધ શરીરો છે, તેઓ અસંખ્યાતા છે ઇત્યાદિ અસુરકુમારવત્ જાણવું, પણ તે શ્રેણીની વિષ્કંભસૂચિ અંગુલના પ્રથમ વર્ગમૂળના અસંખ્યાતમા ભાગ પ્રમાણ જાણવી. મુક્ત શરીરો તેમજ જાણવા.

ભગવન્ ! મનુષ્યોને કેટલા પ્રકારના ઔદારિક શરીરો છે ? ગૌતમ ! બે ભેદે – બદ્ધ અને મુક્ત. બદ્ધ શરીરો કદાચ સંખ્યાતા હોય અને કદાચ અસંખ્યાતા હોય. જઘન્ય પદે સંખ્યાતા હોય છે કે સંખ્યાતા કોટાકોટી પ્રમાણ હોય છે અથવા ત્રણ યમલપદના ઉપર અને ચાર યમલપદની નીચે છે અથવા પાંચમાં વર્ગ વડે છઠ્ઠા વર્ગને ગુણતા જેટલી સંખ્યા આવે તેટલા છે અથવા છન્નુ વાર છેદ આપી શકાય એટલા રાશિ પ્રમાણ છે. ઉત્કૃષ્ટથી અસંખ્યાતા છે. તે કાળથી અસંખ્યાતી ઉત્સર્પિણી–અવસર્પિણીથી અપહરાય છે. ક્ષેત્રથી એક સંખ્યાનો પ્રક્ષેપ કરવાથી મનુષ્યો વડે સમગ્ર શ્રેણી અપહરાય છે. તે શ્રેણીના આકાશપ્રદેશોનો અપહરા વિચારતા તેઓ અસંખ્યાતા થાય છે. કાળથી અસંખ્યાત ઉત્સર્પિણી–અવસર્પિણી વડે અપહરાય છે. ક્ષેત્રથી અંગુલના પ્રથમ વર્ગમૂલને ત્રીજા વર્ગમૂળથી ગુણતા જે સંખ્યા આવે તેટલા જાણવું. જે મુક્ત શરીરો છે તે ઔદારિક સામાન્ય મુક્ત શરીર પેઠે જાણવા.

ભગવન્ ! વૈક્રિય શરીર સંબંધે પૃચ્છા – બે ભેદે, તે આ – બદ્ધ અને મુક્ત. બદ્ધ શરીર સંખ્યાતા છે. સમયે સમયે અપહાર કરતા સંખ્યાતા કાળે અપહરાય પણ અપહરાતા નથી. મુક્ત શરીરો છે તે સામાન્ય ઔદારિકની જેમ જાણવા. તૈજસ અને કાર્મણ તેમના ઔદારિક શરીરો માફક કહેવા. વ્યંતરો નૈરયિકની માફક ઔદારિક અને આહારક શરીરો કહેવા, વૈક્રિય શરીરો નૈરયિકવત્ કહેવા. પણ તે શ્રેણીઓની વિષ્કંભસૂચિ જાણવી. સંખ્યાતા સેંકડો યોજનના વર્ગ પ્રમાણ ખંડ પ્રતરને પૂરવા કે અપહરવામાં જાણવો. મુક્ત શરીર ઔદારિકની માફક જાણવા. આહારક શરીરો અસુરકુમારવત્ કહેવા. તૈજસ–કાર્મણ શરીરો તેમના વૈક્રિય શરીર વત્ કહેવા.

જ્યોતિષ્કો એમ જ જાણવા. પણ તે શ્રેણીની વિષ્કંભસૂચિ પણ જાણવી. ૨૫૬ અંગુલના વર્ગપ્રમાણ ખંડપ્રતરને પૂરવામાં કે અપહાર જાણવો. વૈમાનિક સંબંધે એમ જ જાણવું. પરંતુ તે શ્રેણીની વિષ્કંભસૂચિ અંગુલના બીજા વર્ગમૂળને ત્રીજા વર્ગમૂળ વડે ગુણતા જેટલા પ્રદેશો આવે તેટલા પ્રદેશ પ્રમાણ જાણવી. અથવા અંગુલના ત્રીજા વર્ગમૂલના ઘનપ્રમાણ જાણવી.

**પદ-૧૨ 'શરીર'નો મુનિ દીપરત્નસાગરે કરેલ ભાવાનુવાદ પૂર્ણ**

# પદ-૧૩ 'પરિણામ'

સૂત્ર–૪૦૫, ૪૦૬

૪૦૫. ભગવન્ ! પરિણામો કેટલા ભેદે છે ? ગૌતમ ! બે ભેદે કહ્યા છે– જીવ પરિણામ અને અજીવ પરિણામ.

૪૦૬. ભગવન્ ! જીવ પરિણામ કેટલા ભેદે છે ? ગૌતમ ! દશ ભેદે – ગતિ પરિણામ, ઈન્દ્રિય પરિણામ, કષાય પરિણામ, લેશ્યા પરિણામ, યોગ પરિણામ, ઉપયોગ પરિણામ, જ્ઞાન પરિણામ, દર્શન પરિણામ અને વેદ પરિણામ.

સૂત્ર–૪૦૭

ભગવન્ ! ગતિ પરિણામ કેટલા ભેદે છે ? ગૌતમ ! ચાર ભેદે છે – નરકગતિ પરિણામ, તિર્યંચગતિ પરિણામ–મનુષ્યગતિ પરિણામ–દેવ ગતિ પરિણામ.

ભગવન્ ! ઈન્દ્રિય પરિણામ કેટલા ભેદે છે ? ગૌતમ ! પાંચ ભેદે – શ્રોત્રેન્દ્રિય પરિણામ, ચક્ષુરિન્દ્રિય પરિણામ, ઘ્રાણેન્દ્રિય પરિણામ, જિહ્વેન્દ્રિય પરિણામ અને સ્પર્શનેન્દ્રિય પરિણામ.

ભગવન્ ! કષાય પરિણામ કેટલા ભેદે છે ? ગૌતમ ! ચાર ભેદે – ક્રોધકષાય પરિણામ, માનકષાય પરિણામ, માયાકષાય પરિણામ, લોભકષાય પરિણામ.

ભગવન્ ! લેશ્યા પરિણામ કેટલા ભેદે છે ? છ ભેદે છે – કૃષ્ણલેશ્યા પરિણામ, નીલલેશ્યા પરિણામ, કાપોત લેશ્યા પરિણામ, તેજોલેશ્યા પરિણામ, પદ્મલેશ્યા પરિણામ અને શુક્લલેશ્યા પરિણામ.

ભગવન્ ! યોગ પરિણામ કેટલા ભેદે છે ? ગૌતમ ! ત્રણ ભેદે છે. મનોયોગ પરિણામ, વચનયોગ પરિણામ, કાયયોગ પરિણામ.

ભગવન્ ! ઉપયોગ પરિણામ કેટલા ભેદે છે ? ગૌતમ ! બે ભેદે છે – સાકારોપયોગ પરિણામ, અનાકારોપયોગ પરિણામ.

ભગવન્ ! જ્ઞાન પરિણામ કેટલા ભેદે છે ? પાંચ ભેદે – આભિનિબોધિક જ્ઞાન પરિણામ, શ્રુતજ્ઞાન પરિણામ, અવધિજ્ઞાન પરિણામ, મનઃપર્યવજ્ઞાન પરિણામ, કેવળજ્ઞાન પરિણામ.

ભગવન્! અજ્ઞાન પરિણામ કેટલા ભેદે છે? ગૌતમ! ત્રણ ભેદે છે – મતિ અજ્ઞાન પરિણામ, શ્રુત અજ્ઞાન પરિણામ, વિભંગજ્ઞાન પરિણામ.

ભગવન્! દર્શન પરિણામ કેટલા ભેદે છે ? ત્રણ ભેદે છે – સમ્યગ્દર્શન પીરણામ, મિથ્યાદર્શન પરિણામ, સમ્યગ્મિથ્યા દર્શન પરિણામ.

ભગવન્ ! ચારિત્ર પરિણામ કેટલા ભેદે છે ? ગૌતમ ! પાંચ ભેદે – સામાયિકચારિત્ર પરિણામ છેદોપસ્થાપનીય પરિણામ, પરિહાર વિશુદ્ધિ ચારિત્ર પરિણામ, સૂક્ષ્મ સંપરાય ચારિત્ર પરિણામ અને યથાખ્યાતચારિત્ર પરિણામ.

ભગવન્ ! વેદ પરિણામ કેટલા ભેદે છે ? ગૌતમ ! ત્રણ ભેદે – સ્ત્રીવેદ પરિણામ, પુરુષવેદ પરિણામ, નપુંસકવેદ પરિણામ.

નૈરયિકો ગતિ પરિણામથી નરકગતિક, ઈન્દ્રિય પરિણામ થકી પંચેન્દ્રિય, કષાય પરિણામથી ક્રોધ યાવત્ લોભ–કષાયી, લેશ્યા પરિણામથી કૃષ્ણ–નીલ–કાપોતલેશ્યી, યોગ પરિણામથી ત્રણે યોગી, ઉપયોગ પરિણામથી સાકાર–અનાકાર ઉપયોગવાળા, જ્ઞાનપરિણામથી આભિનિબોધિક–શ્રુત–અવધિજ્ઞાની, અજ્ઞાન પરિણામથી મતિ–શ્રુત અજ્ઞાની, વિભંગજ્ઞાની. દર્શન પરિણામથી સમ્યક્દૃષ્ટિ, મિથ્યાદષ્ટિ, સમ્યગ્–મિથ્યાદષ્ટિ. ચારિત્ર પરિણામથી સર્વવિરતિ અને દેશવિરતિ ચારિત્ર વાળા નથી, પણ અચારિત્રી છે. વેદપરિણામથી નપુંસકવેદી છે.

અસુરકુમારો પણ એમ જ છે. પણ તેઓ દેવગતિવાળા, કૃષ્ણ યાવત્ તેજોલેશ્યી, વેદ પરિણામથી સ્ત્રી કે

પુરુષ વેદવાળા હોય છે. બાકી બધું તેમજ છે. એ પ્રમાણે સ્તનિતકુમાર સુધી જાણવું.

પૃથ્વીકાયિકો ગતિ પરિણામથી તિર્યંચગતિક, ઇન્દ્રિય પરિણામથી એકેન્દ્રિય છે બાકી બધું નૈરયિકવત્ કહેવું. પણ લેશ્યા પરિણામથી તેજોલેશ્યી પણ હોય, યોગ પરિણામથી કાયયોગી, જ્ઞાન પરિણામથી રહિત, અજ્ઞાન પરિણામથી મતિ–શ્રુતઅજ્ઞાની, દર્શન પરિણામ વડે મિથ્યાદષ્ટિ છે, બાકી બધું તેમજ જાણવું. અપ્કાયિક અને વનસ્પતિકાયિકો એમજ જાણવા. તેઉકાયિકો અને વાયુકાયિકો પણ એમ જ જાણવા, પણ તેઓ લેશ્યા પરિણામથી નૈરયિકવત્ જાણવા.

બેઇન્દ્રિયો ગતિ પરિણામથી તિર્યંચગતિક, ઇન્દ્રિયપરિણામથી બેઇન્દ્રિય હોય, બાકી બધું નૈરયિકવત્ છે. વિશેષ એ કે – યોગ પરિણામથી વચન અને કાયયોગી, જ્ઞાન પરિણામથી આભિનિબોધિક અને શ્રુતજ્ઞાની પણ હોય, અજ્ઞાન પરિણામથી મતિ–શ્રુત અજ્ઞાની પણ હોય. દર્શન પરિણામથી સમ્યગ્ અને મિથ્યાદષ્ટિ પણ હોય, મિશ્રદષ્ટિ ન હોય. બાકી બધું ચઉરિન્દ્રિય સુધી તેમજ કહેવું. માત્ર ઇન્દ્રિયો અધિક કહેવી.

પંચેન્દ્રિય તિર્યંચો ગતિ પરિણામથી તિર્યંચગતિક હોય. બાકી બધું નૈરયિકવત્ કહેવું. લેશ્યા પરિણામથી શુક્લ–લેશ્યી સુધી પણ હોય, ચારિત્ર પરિણામથી અચારિત્રી કે ચારિત્રાચારિત્રી હોય છે. વેદ પરિણામથી સ્ત્રી–પુરુષ કે નપુંસક વેદી હોય છે.

મનુષ્યો ગતિ પરિણામથી મનુષ્યગતિક, ઇન્દ્રિય પરિણામ વડે પંચેન્દ્રિય અને અનિન્દ્રિય પણ હોય, કષાય પરિણામથી ક્રોધકષાયી યાવત્ અકષાયી હોય, લેશ્યા પરિણામથી કૃષ્ણલેશ્યી યાવત્ અલેશ્યી હોય. યોગ પરિણામથી મનોયોગી યાવત્ અયોગી હોય, ઉપયોગ પરિણામથી નૈરયિકોની જેમ જાણવા. જ્ઞાન પરિણામથી આભિનિબોધિક જ્ઞાની યાવત્ કેવલજ્ઞાની પણ હોય, અજ્ઞાન પરિણામથી ત્રણે અજ્ઞાનો, દર્શન પરિણામથી ત્રણે દર્શનો, ચારિત્રપરિણામથી સર્વ–વિરતિ, અવિરતિ, દેશ વિરતિ પણ હોય, વેદ પરિણામથી સ્ત્રીવેદી, પુરુષવેદી, નપુંસકવેદી અથવા અવેદી પણ હોય છે.

વ્યંતરો ગતિ પરિણામથી દેવગતિ વાળા છે, ઇત્યાદિ અસુરકુમારવત્ કહેવું. જ્યોતિષ્કો પણ એમ જ જાણવા. પણ તેઓ માત્ર તેજોલેશ્યી હોય છે. વૈમાનિકો પણ એમ જ જાણવા, પણ લેશ્યા પરિણામ વડે તેજો–પદ્મ–શુક્લ લેશ્યાવાળા હોય છે. એમ જીવ પરિણામ કહ્યા.

### સૂત્ર–૪૦૮ થી ૪૧૨

૪૦૮. ભગવન્! અજીવ પરિણામ કેટલા ભેદે છે ? ગૌતમ ! દશ ભેદે છે – બંધન પરિણામ, ગતિ પરિણામ, સંસ્થાન પરિણામ, ભેદ પરિણામ, વર્ણ પરિણામ, ગંધ પરિણામ, રસ પરિણામ, સ્પર્શ પરિણામ, અગુરુ લઘુ પરિણામ અને શબ્દ પરિણામ.

૪૦૯. ભગવન્ ! બંધન પરિણામ કેટલા ભેદે છે ? ગૌતમ ! બે ભેદે છે – સ્નિગ્ધ બંધન પરિણામ, રૂક્ષ બંધન પરિણામ.

૪૧૦. સ્કંધોનો સમાન સ્નિગ્ધપણામાં કે સમાન રૂક્ષપણામાં પરસ્પર બંધ થતો નથી, પણ વિષમ સ્નિગ્ધ–રૂક્ષત્વમાં થાય.

૪૧૧. સ્નિગ્ધનો દ્વિગુણાદિ અધિક સ્નિગ્ધ સાથે અને રૂક્ષનો દ્વિગુણાદિ અધિક રૂક્ષની સાથે બંધ થાય છે, તથા સ્નિગ્ધ અને રૂક્ષનો જઘન્યગુણ વર્જીને વિષમ કે સમ હોય તો બંધ થાય છે.

૪૧૨. ભગવન્ ! ગતિ પરિણામ કેટલા ભેદે છે ? ગૌતમ ! બે ભેદે – સ્પૃશદ્ગતિ પરિણામ, અસ્પૃશદ્ગતિ પરિણામ. અથવા દીર્ઘગતિ પરિણામ અને હ્રસ્વગતિ પરિણામ.

ભગવન્ ! સંસ્થાન પરિણામ કેટલા ભેદે છે ? ગૌતમ! પાંચ ભેદે – પરિમંડલ સંસ્થાન યાવત્ આયત સંસ્થાન

પરિણામ.

ભગવન્ ! ભેદપરિણામ કેટલા ભેદે છે ? ગૌતમ ! પાંચ ભેદે – ખંડભેદ પરિણામ યાવત્ ઉત્કરિકાભેદ પરિણામ.

ભગવન્ ! વર્ણ પરિણામ કેટલા ભેદે છે ? ગૌતમ ! પાંચ ભેદે – કાળાવર્ણ પરિણામ યાવત્ શુક્લવર્ણ, પરિણામ.

ભગવન્ ! ગંધ પરિણામ કેટલા ભેદે છે ? ગૌતમ ! બે ભેદે – સુગંધ અને દુર્ગંધ પરિણામ.

ભગવન્ ! રસ પરિણામ કેટલા ભેદે છે ? પાંચ ભેદે – તિક્ત યાવત્ મધુર રસ પરિણામ.

ભગવન્ ! સ્પર્શ પરિણામ કેટલા ભેદે છે? આઠ ભેદે – કર્કશ સ્પર્શ પરિણામ યાવત્ રૂક્ષ સ્પર્શ પરિણામ.

ભગવન્ ! અગુરુલઘુ પરિણામ કેટલા ભેદે છે ? ગૌતમ ! એક પ્રકારે.

ભગવન્ ! શબ્દ પરિણામ કેટલા ભેદે છે ? બે ભેદે – મનોજ્ઞ શબ્દ પરિણામ, અમનોજ્ઞ શબ્દ પરિણામ. તે અજીવ પરિણામ કહ્યા.

**પદ-૧૩ ‘પરિણામ’ મુનિ દીપરત્નસાગરે કરેલ ભાવાનુવાદ પૂર્ણ**

## પદ-૧૪ 'કષાય'

### સૂત્ર–૪૧૩ થી ૪૧૫

૪૧૩. ભગવન્ ! કષાયો કેટલા છે ? ગૌતમ ! ચાર છે – ક્રોધ–માન–માયા–લોભ કષાય.

ભગવન્ ! નૈરયિકોને કેટલા કષાયો છે ? ગૌતમ ! ચાર – ક્રોધ–માન–માયા–લોભ કષાય એમ વૈમાનિકો સુધી જાણવું.

૪૧૪. ભગવન્ ! ક્રોધ કેટલા સ્થાને રહેલો છે ? ગૌતમ ! ચાર સ્થાનો વિશે – આત્મપ્રતિષ્ઠિત, પરપ્રતિષ્ઠિત, તદુભયપ્રતિષ્ઠિત, અપ્રતિષ્ઠિત. એ પ્રમાણે નૈરયિક યાવત્ વૈમાનિક સુધી આ દંડક કહેવો. એ પ્રમાણે માન–માયા–લોભને આશ્રીને દંડક કહેવા.

ભગવન્ ! કેટલા સ્થાને ક્રોધોત્પત્તિ કહી છે ? ગૌતમ! ચાર સ્થાને – ક્ષેત્ર, વસ્તુ, શરીર અને ઉપધિને આશ્રીને એમ નૈરયિકથી વૈમાનિક સુધી કહેવું. એમ માન–માયા–લોભના પણ ચાર દંડક કહેવા.

૪૧૫. ભગવન્ ! ક્રોધ કેટલા ભેદે છે ? ગૌતમ ! ચાર ભેદે છે – અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાન, પ્રત્યાખ્યા–નાવરણ, સંજ્વલન ક્રોધ. એમ નૈરયિકથી વૈમાનિક સુધી કહેવું. એમ માન, માયા, લોભમાં કહેવું.

### સૂત્ર–૪૧૬ થી ૪૧૮

૪૧૬. ભગવન્ ! ક્રોધ કેટલા ભેદે છે ? ચાર ભેદે – આભોગ નિર્વર્તિત, અનાભોગ નિર્વર્તિત, ઉપશાંત, અનુપશાંત. એ પ્રમાણે નૈરયિકોથી આરંભી વૈમાનિક સુધી જાણવું. એ પ્રમાણે માનના, માયાના, લોભના પણ ચાર દંડકો જાણવા.

૪૧૭. ભગવન્ ! જીવોએ કેટલાં સ્થાને આઠ કર્મપ્રકૃતિનો ચય કર્યો હતો ? ગૌતમ ! ચાર સ્થાને આઠ કર્મપ્રકૃતિનો ચય કર્યો હતો, તે આ પ્રમાણે – ક્રોધ વડે, માન વડે, માયા વડે, લોભ વડે. એમ નૈરયિકથી વૈમાનિક સુધી જાણવું.

ભગવન્ ! જીવો કેટલા કારણે આઠ કર્મની પ્રકૃતિનો ચય કરે છે ? અને ભગવન્ ! જીવો કેટલા કારણે આઠ કર્મની પ્રકૃતિનો ચય કરશે? બંને પ્રશ્નોના ઉત્તર ભૂતકાળ સંબંધી પ્રશ્નોત્તર વત્ જાણવું. એમ વૈમાનિક સુધી જાણવું.

ભગવન્ ! જીવોએ કેટલાં કારણે આઠ કર્મ પ્રકૃતિઓનો ઉપચય કર્યો હતો ? ગૌતમ ! ચાર કારણે – ક્રોધ, માન, માયા, લોભ વડે. એ પ્રમાણે નૈરયિકોથી વૈમાનિક સુધી જાણવું. આ પ્રમાણે કરે છે અને કરશે બંને કાળના પ્રશ્નોત્તર કહેવા.

ભગવન્ ! જીવોએ કેટલા કારણે આઠ કર્મપ્રકૃતિઓનો બંધ કર્યો હતો ? ચાર કારણે. ક્રોધ, માન, માયા, લોભ વડે. એ પ્રમાણે નૈરયિકથી વૈમાનિક સુધી જાણવું. આ રીતે ત્રણે કાળમાં બંધ, ઉદીરણા, વેદન અને નિર્જરા કહેવી. એ રીતે જીવથી લઈને વૈમાનિક સુધી અઢાર દંડક જાણવા યાવત્ વૈમાનિક નિર્જરા કરશે.

૪૧૮. આત્મપ્રતિષ્ઠિત, ક્ષેત્ર આશ્રિત, અનંતાનુબંધી, આભોગ, ચય, ઉપચય, બંધ, ઉદીરણા, વેદના, નિર્જરા પદ કહ્યા.

**પદ-૧૪ 'કષાય' મુનિ દીપરત્નસાગરે કરેલ ભાવાનુવાદ પૂર્ણ**

# પદ-૧૫ 'ઈન્દ્રિય'

**સૂત્ર–૪૧૯, ૪૨૦**

૪૧૯. સંસ્થાન, બાહલ્ય, પૃથુત્વ, કતિપ્રદેશ, અવગાઢ, અલ્પબહુતા, સ્પૃષ્ટ, પ્રવિષ્ટ, વિષય, અણગાર, આહાર,

૪૨૦. આદર્શ, અસિ, મણિ, દૂધ, પાનક, તેલ, ફાણિત, વસા, કાંબલ, સ્થૂણા, થિગ્ગલ, દ્વીપોદધિ, લોક, અને અલોક.આ ૨૪ દ્વારોના માધ્યમે ઈન્દ્રિય સંબંધી પ્રરુપણા છે.

## પદ-૧૫, ઉદ્દેશો-૧

**સૂત્ર–૪૨૧**

ભગવન્ ! ઈન્દ્રિયો કેટલી છે ? ગૌતમ ! પાંચ– શ્રોત્રેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, જિહ્વેન્દ્રિય, સ્પર્શનેન્દ્રિય.

ભગવન્ ! શ્રોત્રેન્દ્રિયનો કેવો આકાર છે ? ગૌતમ ! શ્રોત્રેન્દ્રિયનો આકાર કદંબના પુષ્પના આકાર જેવો છે.

ભગવન્ ! ચક્ષુરિન્દ્રિયનો આકાર કેવો છે ? ચક્ષુરિન્દ્રિય આકાર મસૂર ચંદ્રના જેવો છે,

ભગવન્ ! ઘ્રાણેન્દ્રિયનો આકાર કેવો છે ? ઘ્રાણેન્દ્રિયનો આકારઅતિમુક્ત પુષ્પ જેવો છે,

ભગવન્ ! જિહ્વેન્દ્રિયનો આકાર કેવો છે? અસ્ત્રાના જેવો આકાર.

સ્પર્શનેન્દ્રિયનો આકાર કેવો છે ? જિહ્વેન્દ્રિયનો આકાર અનેક પ્રકારનો છે.

ભગવન્ ! શ્રોત્રેન્દ્રિયની જાડાઈ કેટલી છે? ગૌતમ ! શ્રોત્રેન્દ્રિયની જાડાઈ અંગુલનો અસંખ્યાત ભાગ છે. એ પ્રમાણે સ્પર્શનેન્દ્રિય સુધી જાણવું.

ભગવન્ ! શ્રોત્રેન્દ્રિયનો વિસ્તાર કેટલો છે ? શ્રોત્રેન્દ્રિયનો વિસ્તાર અંગુલનો અસંખ્યાતભાગ, એ પ્રમાણે ચક્ષુ અને ઘ્રાણેન્દ્રિયમાં સમજવું.

ભગવન્ ! જિહ્વેન્દ્રિયની પૃચ્છા–ગૌતમ જિહ્વેન્દ્રિય નો વિસ્તાર અંગુલ પૃથક્ત્વ,

ભગવન્ ! સ્પર્શનેન્દ્રિયની પૃચ્છા–ગૌતમ ! શરીર પ્રમાણ વિસ્તાર છે.

ભગવન્ ! શ્રોત્રેન્દ્રિય કેટલા પ્રદેશવાળી છે ? ગૌતમ ! શ્રોત્રેન્દ્રિય અનંત પ્રદેશી કહી છે. આ પ્રમાણે સ્પર્શનેન્દ્રિય સુધી કહેવું.

**સૂત્ર–૪૨૨**

ભગવન્ ! શ્રોત્રેન્દ્રિય કેટલા પ્રદેશમાં અવગાઢ છે ? તે અસંખ્યાતા પ્રદેશાવગાઢ છે. એ પ્રમાણે સ્પર્શનેન્દ્રિય સુધી જાણવું.

ભગવન્ ! આ શ્રોત્ર–ચક્ષુ–ઘ્રાણ–જિહ્વા અને સ્પર્શન ઈન્દ્રિયોમાં અવગાહનાર્થરૂપે, પ્રદેશાર્થરૂપે અને અવગાહના–પ્રદેશાર્થરૂપે કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? ગૌતમ! સૌથી થોડી ચક્ષુરિન્દ્રિય અવગાહનાર્થરૂપે છે, શ્રોત્રેન્દ્રિય અવગાહનારૂપે સંખ્યાતગણી, ઘ્રાણેન્દ્રિય અવગાહનાર્થરૂપે સંખ્યાતગણી, જિહ્વેન્દ્રિય અવગાહનાર્થરૂપે અસંખ્યાતગણી, સ્પર્શનેન્દ્રિય અવગાહનાર્થરૂપે સંખ્યાતગણી છે.

પ્રદેશાર્થરૂપે સૌથી થોડી ચક્ષુરિન્દ્રિય છે. શ્રોત્રેન્દ્રિય પ્રદેશાર્થરૂપે સંખ્યાતગણી, ઘ્રાણેન્દ્રિય પ્રદેશાર્થતાથી સંખ્યાત ગણી, જિહ્વેન્દ્રિય પ્રદેશાર્થરૂપે સંખ્યાતગણી છે, સ્પર્શનેન્દ્રિય અવગાહનારૂપે સંખ્યાતગણી.

અવગાહના અને પ્રદેશરૂપે – સૌથી થોડી ચક્ષુઈન્દ્રિય અવગાહના રૂપે છે, શ્રોત્રેન્દ્રિય અવગાહનારૂપે સંખ્યાત ગણી, ઘ્રાણેન્દ્રિય અવગાહના રૂપે સંખ્યાતગણી, જિહ્વેન્દ્રિય અવગાહના રૂપે અસંખ્યાતગણી, સ્પર્શન ઈન્દ્રિય અવગાહના રૂપે સંખ્યાતગણી, સ્પર્શનેન્દ્રિય અવગાહનાથી ચક્ષુઈન્દ્રિય પ્રદેશરૂપે અનંતગણી છે, શ્રોત્રેન્દ્રિય પ્રદેશરૂપે સંખ્યાતગણી છે, ઘ્રાણેન્દ્રિય પ્રદેશરૂપે સંખ્યાતગણી, જિહ્વેન્દ્રિય પ્રદેશરૂપે અસંખ્યાત–ગણી, તેનાથી સ્પર્શનેન્દ્રિય

પ્રદેશરૂપે સંખ્યાતગણી છે.

ભગવન્ ! શ્રોત્રેન્દ્રિયના કર્કશ અને ગુરુ ગુણ કેટલા છે ? ગૌતમ ! અનંતા. એમ સ્પર્શનેન્દ્રિય સુધી જાણવું.

ભગવન્ ! શ્રોત્રેન્દ્રિયના મૃદુ અને લઘુ ગુણો કેટલા છે ? અનંતા, એમ સ્પર્શનેન્દ્રિય સુધી જાણવું..

ભગવન્ ! શ્રોત્ર–ચક્ષુ–ઘ્રાણ–જિહ્વા–સ્પર્શન એ પાંચે ઇન્દ્રિયોના કર્કશાદિ ગુણો કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી થોડા ચક્ષુરિન્દ્રિયના કર્કશ–ગુરુ ગુણો છે, શ્રોત્રેન્દ્રિયના કર્કશ–ગુરુ ગુણો અનંતગણા છે, ઘ્રાણેન્દ્રિયના કર્કશ–ગુરુ ગુણો અનંતગણા છે, જિહ્વેન્દ્રિયના કર્કશ ગુરુ ગુણો અનંતગણા છે. સ્પર્શનેન્દ્રિયના કર્કશ ગુરુગુણો અનંતગુણા છે.

મૃદુ લઘુ ગુણોનું અલ્પબહુત્વ – સૌથી થોડાં સ્પર્શન–ઇન્દ્રિયના મૃદુ લઘુ ગુણો છે, તેનાથી જિહ્વેન્દ્રિયના મૃદુ લઘુ ગુણો અનંતગણા, ઘ્રાણેન્દ્રિયના મૃદુ લઘુ ગુણો અનંતગુણા, શ્રોત્રેન્દ્રિયના મૃદુ લઘુ ગુણો અનંતગણા, ચક્ષુઇન્દ્રિયના મૃદુ લઘુ ગુણો અનંતગુણા.

કર્કશગુરુ ગુણો અને મૃદુ લઘુ ગુણોનું અલ્પબહુત્વ – સૌથી થોડાં ચક્ષુઇન્દ્રિયના કર્કશ–ગુરુ ગુણો, શ્રોત્રેન્દ્રિયના કર્કશ ગુરુ ગુણો અનંત ગણા, ઘ્રાણેન્દ્રિયના કર્કશ ગુરુ ગુણો અનંતગણા, જિહ્વેન્દ્રિયના કર્કશ ગુરુ ગુણો અનંતગણા, સ્પર્શનેન્દ્રિયના કર્કશ ગુરુ ગુણો અનંતગણા છે. તેના જ મૃદુ–લઘુ ગુણો અનંતગણા, જિહ્વેન્દ્રિયના મૃદુ–લઘુ ગુણો અનંતગુણ, ઘ્રાણેન્દ્રિયના મૃદુ–લઘુ ગુણો અનંતગુણ, શ્રોત્રેન્દ્રિયના મૃદુ લઘુ ગુણો અનંતગુણ, ચક્ષુઇન્દ્રિયના મૃદુ–લઘુ ગુણો અનંતગણા છે.

સૂત્ર–૪૨૩

ભગવન્ ! નૈરયિકોની કેટલી ઇન્દ્રિયો છે ? ગૌતમ ! પાંચ – શ્રોત્ર યાવત્ સ્પર્શન.

ભગવન્ ! શ્રોત્રેન્દ્રિય કેવા આકારે છે ? કદંબ પુષ્પના આકારે છે. એ પ્રમાણે સામાન્ય ઇન્દ્રિયોની વક્તવ્યતા માફક નૈરયિકોની વક્તવ્યતા અલ્પબહુત્વ સુધી કહેવી. પણ વિશેષ એ કે – નૈરયિકોની સ્પર્શનેન્દ્રિય કેવા આકારે છે? ગૌતમ ! સ્પર્શનેન્દ્રિય બે ભેદે – ભવધારણીય, ઉત્તરવૈક્રિય. ભવધારણીય સ્પર્શનેન્દ્રિય હુંડકાકાર છે, ઉત્તર વૈક્રિય પણ સ્પર્શનેન્દ્રિય હુંડકાકાર છે. બાકી પૂર્વવત જાણવું.

ભગવન્ ! અસુરકુમારને કેટલી ઇન્દ્રિયો છે ? પાંચ. એ પ્રમાણે સામાન્ય ઇન્દ્રિયો માફક બંને પ્રકારે અલ્પબહુત્વ કહેવું. પણ તેઓને સ્પર્શનેન્દ્રિય બે પ્રકારે – ભવધારણીય, ઉત્તરવૈક્રિય. તેમાં ભવધારણીય સમચતુરસ્ર આકારે છે, ઉત્તર વૈક્રિય વિવિધાકારે છે. બાકી બધું પૂર્વવત્ જાણવું, આ પ્રમાણે સ્તનિતકુમાર સુધી સમજવું.

ભગવન્ ! પૃથ્વીકાયિકને કેટલી ઇન્દ્રિયો છે ? સ્પર્શનેન્દ્રિય એક.

ભગવન્ ! તે કયા આકારે રહેલી છે ? મયુરચંદ્ર સંસ્થાને છે.

ભગવન્! તેનું બાહલ્ય કેટલું છે ? ગૌતમ ! અંગુલના અસંખ્યાત ભાગ પ્રમાણ છે.

ભગવન્ ! તેનો વિસ્તાર કેટલો છે ? શરીરપ્રમાણ માત્ર.

ભગવન્ ! તે કેટલા પ્રદેશવાળી છે ? ગૌતમ ! અનંત પ્રદેશી છે.

ભગવન્ ! તે કેટલા પ્રદેશોની અવગાહનાવાળી છે ? ગૌતમ ! અસંખ્યાત પ્રદેશોની.

ભગવન્ ! તે પૃથ્વીકાયિકોની સ્પર્શનેન્દ્રિય અવગાહના, પ્રદેશ અને અવગાહના–પ્રદેશરૂપે કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષ છે ? ગૌતમ ! સૌથી થોડી પૃથ્વીકાયિકની સ્પર્શનેન્દ્રિય અવગાહના રૂપે છે, તે જ પ્રદેશાર્થરૂપે અનંતગુણ, અવગાહના–પ્રદેશ સૂત્રમાં નોંધ્યા નથી.

ભગવન્! પૃથ્વીકાયિકની સ્પર્શનેન્દ્રિયના કેટલા કર્કશ–ગુરુ ગુણો છે ? ગૌતમ! અનંતા. એ રીતે મૃદુ–લઘુ ગુણો પણ જાણવા.

ભગવન્! એ પૃથ્વીકાયિકની સ્પર્શનેન્દ્રિયના કર્કશ–ગુરુ ગુણો, મૃદુ–લઘુ ગુણોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષ છે ? તેમાં સૌથી થોડાં કર્કશ–ગુરુ ગુણો છે, મૃદુ–લઘુ ગુણો અનંતા છે.

એ પ્રમાણે અપ્કાયિક યાવત્ વનસ્પતિકાયિકો જાણવા. પણ સંસ્થાનમાં આટલું વિશેષ – અપ્કાયિકની સ્તિબુક આકૃતિ છે, તેઉકાયિકની સોયના જથ્થા જેવી, વાયુકાયિકોની ધ્વજા જેવી, વનસ્પતિકાયિકોની અનેક પ્રકારના આકારવાળી સ્પર્શનેન્દ્રિય જાણવી.

ભગવન્ ! બેઇન્દ્રિય જીવોને કેટલી ઈન્દ્રિયો હોય છે ? ગૌતમ ! બે ઈન્દ્રિયો – જિહ્વેન્દ્રિય, સ્પર્શનેન્દ્રિય. બંનેનું સંસ્થાન, જાડાઈ, વિસ્તાર, પ્રદેશો અને અવગાહના, સામાન્ય ઈન્દ્રિયો માફક કહેવી. પણ સ્પર્શનેન્દ્રિય હુંડક સંસ્થાનની આકૃતિ જેવી છે.

ભગવન્ ! બેઈન્દ્રિયોની જિહ્વેન્દ્રિય અને સ્પર્શનેન્દ્રિયમાં અવગાહનારૂપે, પ્રદેશરૂપે, અવગાહના–પ્રદેશરૂપે કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષ છે છે ? ગૌતમ ! બેઈન્દ્રિયોની જિહ્વેન્દ્રિય અવગાહનારૂપે સૌથી અલ્પ છે, સ્પર્શનેન્દ્રિય અવગાહનારૂપે સંખ્યાતગુણ છે, પ્રદેશાર્થરૂપે–બેઈન્દ્રિયોની જિહ્વેન્દ્રિય પ્રદેશરૂપે સૌથી અલ્પ છે, સ્પર્શનેન્દ્રિય પ્રદેશરૂપે સંખ્યાતગુણ છે, અવગાહના–પ્રદેશાર્થરૂપે બેઈન્દ્રિયોની જિહ્વા અવગાહના રૂપે અલ્પ, સ્પર્શનેન્દ્રિય અવગાહનાથી સંખ્યાતગુણ છે. તેનાથી જિહ્વેન્દ્રિય પ્રદેશરૂપે અનંતગુણ છે, તેથી સ્પર્શનેન્દ્રિય પ્રદેશાર્થરૂપે સંખ્યાતગુણ છે.

ભગવન્ ! બેઈન્દ્રિયોની જિહ્વેન્દ્રિયના કેટલા કર્કશ–ગુરુ ગુણો છે ? ગૌતમ ! અનંતા. એ પ્રમાણે સ્પર્શનેન્દ્રિયના પણ જાણવા. એ પ્રમાણે મૃદુ–લઘુ ગુણો સંબંધે જાણવું.

ભગવન્! બેઈન્દ્રિયોની જિહ્વેન્દ્રિય અને સ્પર્શનેન્દ્રિયના કર્કશ–ગુરુ ગુણો, મૃદુ–લઘુ ગુણો તથા કર્કશ–ગુરુ મૃદુ–લઘુ ગુણોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષ છે આદિ છે?

ગૌતમ ! બેઈન્દ્રિયોની જિહ્વેન્દ્રિયના કર્કશ–ગુરુ ગુણો સૌથી થોડાં છે, સ્પર્શનેન્દ્રિયના કર્કશ–ગુરુ ગુણો અનંતગુણા છે, સ્પર્શન ઈન્દ્રિયના મૃદુ–લઘુ ગુણો તેનાથી અનંતગુણા છે. તેનાથી જિહ્વેન્દ્રિયના મૃદુ–લઘુ ગુણો અનંતગણા છે. એ પ્રમાણે ચઉરિન્દ્રિયો સુધી જાણવું. પરંતુ ઈન્દ્રિયની સંખ્યામાં વૃદ્ધિ કરવી. તેઈન્દ્રિયોને ઘ્રાણેન્દ્રિય સૌથી અલ્પ છે, ચઉરિન્દ્રિયોને ચક્ષુઈન્દ્રિય અલ્પ છે, બાકી બધું પૂર્વવત્. પંચેન્દ્રિય તિર્યંચો અને મનુષ્યોને નૈરયિકોની જેમ કહેવું. પણ સ્પર્શન ઈન્દ્રિય છ પ્રકારના સંસ્થાનાકારે છે. તે આ રીતે – સમચતુરસ્ર, ન્યગ્રોધ પરિમંડલ, સાદિ, કુબ્જ, વામન અને હુંડ.

વ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિકોને અસુરકુમારવત્ કહેવા.

સૂત્ર–૪૨૪

ભગવન્ ! શ્રોત્રેન્દ્રિય સ્પૃષ્ટ શબ્દોને સાંભળે કે અસ્પૃષ્ટ શબ્દોને સાંભળે ? ગૌતમ ! સ્પૃષ્ટ શબ્દોને સાંભળે, અસ્પૃષ્ટ શબ્દોને નહીં.

ભગવન્ ! ચક્ષુરિન્દ્રિય સ્પૃષ્ટ રૂપોને જુએ કે અસ્પૃષ્ટ રૂપોને જુએ ? ગૌતમ ! સ્પૃષ્ટ રૂપોને ન જુએ. અસ્પૃષ્ટને જુએ. એ પ્રમાણે ગંધ, રસ અને સ્પર્શને પણ જાણવા. માત્ર રસ આસ્વાદે છે, સ્પર્શ સંવેદે છે એવો આલાવો કહેવો.

ભગવન્ ! શ્રોત્રેન્દ્રિય પ્રવિષ્ટ શબ્દોને સાંભળે છે કે અપ્રવિષ્ટ શબ્દોને ? ગૌતમ ! પ્રવિષ્ટને જ સાંભળે. એ પ્રમાણે સ્પૃષ્ટની માફક પ્રવિષ્ટના બધા આલાવા કહેવા.

સૂત્ર–૪૨૫

ભગવન્ ! શ્રોત્રેન્દ્રિયનો કેટલો વિષય છે ? ગૌતમ ! જઘન્ય અંગુલનો અસંખ્યાત ભાગ, ઉત્કૃષ્ટથી **૧૨**–યોજનથી આવેલ અછિન્ન, પુદ્ગલરૂપ પ્રવિષ્ટ શબ્દોને સાંભળે છે.

ભગવન્ ! ચક્ષુ ઈન્દ્રિયનો કેટલો વિષય છે ? ગૌતમ ! જઘન્ય અંગુલનો અસંખ્યાત ભાગ, ઉત્કૃષ્ટ સાધિક લાખ યોજન અચ્છિન્ન પુદ્‌ગલરૂપ અસ્પૃષ્ટ, અપ્રવિષ્ટ રૂપને જુએ છે.

ભગવન્ ! ઘ્રાણેન્દ્રિયનો કેટલો વિષય છે ? ગૌતમ ! જઘન્યથી અંગુલનો અસંખ્યાતમો ભાગ, ઉત્કૃષ્ટથી નવ યોજનથી આવેલ અછિન્ન પુદ્‌ગલરૂપ સ્પૃષ્ટ અને પ્રવિષ્ટ ગંધને સૂંઘે છે, એ પ્રમાણે બાકી બે ઈન્દ્રિયો જાણવી.

સૂત્ર–૪૨૬

ભગવન્ ! મારણાંતિક સમુદ્‌ઘાતને પ્રાપ્ત ભાવિત આત્મા અણગારના જે ચરમ નિર્જરા પુદ્‌ગલો છે તે હે આયુષ્યમાન્ ! સૂક્ષ્મ કહ્યા છે ? સર્વલોકમાં અવગાહીને રહે છે ? ગૌતમ ! એ તેમ જ છે.

ભગવન્ ! છદ્મસ્થ મનુષ્ય તે નિર્જરા પુદ્‌ગલોનું અન્યત્વ, નાનાત્વ, હીનત્વ, તુચ્છત્વ, ગુરુત્વ, લઘુત્વ જાણે છે, જુએ છે ? ગૌતમ ! તે અર્થ યુક્ત નથી.

ભગવન્ ! એમ કેમ કહો છો ? ગૌતમ ! કોઈ દેવ તે નિર્જરા પુદ્‌ગલોનું અન્યત્વ, ભિન્નત્વ, હીનત્વ, તુચ્છત્વ, ગુરુત્વ, લઘુત્વ જાણતો કે દેખતો નથી. તે માટે કહેવાય છે કે છદ્મસ્થ મનુષ્ય તે નિર્જરા પુદ્‌ગલોનું કંઈપણ અન્યત્વાદિ જાણતો નથી. એ પ્રમાણે હે આયુષ્યમાન્! તે પુદ્‌ગલો સૂક્ષ્મ કહ્યા છે અને સર્વલોકને અવગાહીને રહે છે.

ભગવન્ ! નૈરયિકો તે નિર્જરા પુદ્‌ગલોને જાણે છે, જુએ છે ? અને તેનો આહાર કરે છે ? અથવા જાણતો – જોતો નથી અને આહાર કરે છે ? ગૌતમ ! નૈરયિકો નિર્જરા પુદ્‌ગલોને જાણતા નથી, જોતા નથી અને તેનો આહાર કરે છે. એ પ્રમાણે યાવત્ પંચેન્દ્રિય તિર્યંચો સુધી જાણવું.

ભગવન્ ! મનુષ્યો તે નિર્જરાપુદ્‌ગલોને શું જાણે છે, જુએ છે, તેનો આહાર કરે છે ? અથવા જાણતા નથી, જોતા નથી, આહાર કરે છે ? ગૌતમ ! કેટલાક જાણે છે, જુએ છે, આહાર કરે છે, કેટલાક જાણતા નથી, જોતા નથી, અને આહાર કરે છે.

ભગવન્ ! આવું કેમ કહો છો ? ગૌતમ ! મનુષ્યો બે પ્રકારે – સંજ્ઞીભૂત અને અસંજ્ઞીભૂત. તેમાં જે અસંજ્ઞીભૂત છે તે જાણતા નથી, જોતા નથી, આહાર કરે છે. જે સંજ્ઞીભૂત છે, તે બે પ્રકારના – ઉપયુક્ત અને અનુપયુક્ત. તેમાં જે અનુપયુક્ત છે તે જાણતા નથી, જોતા નથી, આહાર કરે છે. જે ઉપયુક્ત છે તે જાણે છે, જુએ છે, આહાર કરે છે. તેથી કહ્યું કે કેટલાંક ન જાણે, ન જુએ, આહાર કરે અને કેટલાંક જુએ, જાણે, આહાર કરે છે.

વ્યંતર અને જ્યોતિષ્કો નૈરયિકોની માફક જાણવા.

ભગવન્ ! વૈમાનિકો, તે નિર્જરાપુદ્‌ગલોને જાણે છે, જુએ છે, આહાર કરે છે ?

ગૌતમ ! મનુષ્યો માફક જાણવા. પરંતુ વૈમાનિકો બે ભેદે છે – માયીમિથ્યાદૃષ્ટિ ઉપપન્નક, અમાયી સમ્યગ્‌દૃષ્ટિ ઉપપન્નક. તેમાં જે માયીમિથ્યાદૃષ્ટિ ઉપપન્નક છે, તે જાણતા નથી, જોતા નથી, પણ આહાર કરે છે. જે અમાયી સમ્યગ્‌દૃષ્ટિ ઉપપન્નક છે તે બે પ્રકારના છે – અનંતરોપપન્ન અને પરંપરોપપન્ન. અનંતરોપપન્ન છે તે જાણતા–જોતા નથી અને આહાર કરે છે. જે પરંપરોપપન્ન છે તે બે પ્રકારે છે – પર્યાપ્તા અને અપર્યાપ્તા. તેમાં અપર્યાપ્તા છે તે જાણતા નથી, જોતા નથી અને આહાર કરે છે. જે પર્યાપ્તા છે તે બે પ્રકારે છે – ઉપયુક્ત અને અનુપયુક્ત. તેમાં જે અનુપયુક્ત છે, તે જાણતા નથી, જોતા નથી અને આહાર કરે છે, જે ઉપયુક્ત છે તે જાણે છે, જુએ છે, આહાર કરે છે. તેથી કહ્યું કે કેટલાંક જાણે છે – જુએ છે – આહાર કરે છે. કેટલાંક જાણતા–જોતા નથી, આહાર કરે છે.

સૂત્ર–૪૨૭

આદર્શને જોનાર મનુષ્ય આદર્શને જુએ છે, પોતાને જુએ છે કે પ્રતિબિંબને જુએ છે ? ગૌતમ ! આદર્શને જુએ છે, પોતાને જોતો નથી, પણ પ્રતિબિંબને જુએ છે.

એ પ્રમાણે આ આલાવાથી અસિ, મણિ, દૂધ, પાનક, તેલ, ફાણિત અને વસા સંબંધે સૂત્ર છે.

## સૂત્ર-૪૨૮ થી ૪૩૨

૪૨૮. ભગવન્ ! કંબલશાટક આવેષ્ટિત–પરિવેષ્ટિત(ઘડી કરેલ) હોય અને તે જેટલા અવકાશાંતરને સ્પર્શીને રહે છે, તે જો વિસ્તારીએ તો તેટલા જ અવકાશાંતરને સ્પર્શીને રહે ? ગૌતમ ! અવશ્ય, કંબલશાટક તેમ જ રહે. ભગવન્ ! સ્તંભ ઊંચો ઊભો કરેલો હોય તો જેટલા ક્ષેત્રને અવગાહીને રહે, તેટલા ક્ષેત્રને તીર્છો લાંબો કરીને હોય તો પણ સ્પર્શીને રહે ? ગૌતમ ! હા, તે પ્રમાણે જ રહે.

ભગવન્ ! આકાશથિગ્ગલ–લોક કોનાથી સ્પર્શ કરાયેલો છે ? કેટલા કાય વડે સ્પર્શ કરાયેલો છે ? તે શું ધર્માસ્તિકાય કે ધર્માસ્તિકાય દેશ કે ધર્માસ્તિકાય પ્રદેશ વડે સ્પર્શ કરાયેલ છે ? એ પ્રમાણે અધર્માસ્તિકાયના ત્રણ ભેદથી સ્પૃષ્ટ હોય ? આકાશાસ્તિકાયના ત્રણ ભેદથી સ્પૃષ્ટ હોય ? એમ એ પ્રકારે યાવત્ પૃથ્વીકાય વડે યાવત્ ત્રસકાય વડે કે અદ્ધાસમય વડે સ્પર્શ કરાયેલ છે ?

ગૌતમ ! ધર્માસ્તિકાય અને ધર્માસ્તિકાયના પ્રદેશ વડે સ્પર્શ કરાયેલ છે, પણ ધર્માસ્તિકાયના દેશ વડે સ્પર્શ કરાયેલ નથી. એ પ્રમાણે અધર્માસ્તિકાય પણ જાણવું. આકાશાસ્તિકાય વડે સ્પર્શ કરાયેલ નથી. પણ આકાશાસ્તિકાયના દેશ અને પ્રદેશ વડે સ્પર્શ કરાયેલ છે, યાવત્ વનસ્પતિકાય વડે સ્પર્શ કરાયેલ છે. અદ્ધાસમય વડે દેશથી સ્પર્શ કરાયેલ છે અને દેશથી સ્પર્શ કરાયેલ નથી.

ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપ કોનાથી સ્પર્શીત છે ? કેટલા કાય વડે સ્પર્શીત છે ? ધર્માસ્તિકાય યાવત્ આકાશા–સ્તિકાય થી સ્પર્શ કરાયેલ છે ? ગૌતમ ! ધર્માસ્તિકાય વડે સ્પર્શીત નથી, પણ તેના દેશ અને પ્રદેશ વડે સ્પર્શીત છે. એ પ્રમાણે અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય પણ જાણવા. પૃથ્વીકાય યાવત્ વનસ્પતિકાય વડે સ્પર્શ કરાયેલ છે, ત્રસકાય વડે ક્યાંક સ્પર્શીત છે, ક્યાંક નથી. અદ્ધા સમય વડે સ્પર્શીત છે. એ પ્રમાણે લવણસમુદ્ર, ધાતકીખંડ, કાલોદ સમુદ્ર, અભ્યંતર–બાહ્ય પુષ્કરાર્દ્ધ પણ જાણવા. વિશેષ એ કે અદ્ધાસમય વડે બાહ્યપુષ્કરાર્દ્ધ સ્પૃષ્ટ નથી. એ પ્રમાણે યાવત્ સ્વયંભૂરમણ સમુદ્ર જાણવું. આ પરિપાટી આ ગાથાઓથી જાણવી –

૪૨૯. જંબૂદ્વીપ, લવણ, ધાતકી, કાલોદ, પુષ્કર, વરુણ, ક્ષીર, ઘૃત, ક્ષોદ, નંદી, અરુણવર, કુંડલ, રુચક.

૪૩૦. આભરણ,વસ્ત્ર,ગંધ, ઉત્પલ,તિલક,પદ્મ,નિધિ,રત્ન, વર્ષધર, દ્રહ, નદી, વિજય, વક્ષસ્કાર, કલ્પ, ઈન્દ્રો.

૪૩૧. કુરુ, મંદર, આવાસ, કૂટ, નક્ષત્ર, ચંદ્ર, સૂર્ય, દેવ, નાગ, યક્ષ, ભૂત, સ્વયંભૂરમણ.

૪૩૨. એ પ્રમાણે જેમ બાહ્ય પુષ્કરાર્દ્ધ કહ્યો તેમ સ્વયંભૂરમણ સમુદ્ર સુધી જાણવું. યાવત્ તેઓ અદ્ધા સમય વડે સ્પર્શ કરાયેલા નથી.

ભગવન્ ! લોક કોનાથી સ્પર્શીત છે, કેટલા કાય વડે સ્પર્શીત છે ? ઇત્યાદિ આકાશ થિગ્ગલ માફક જાણવું.

ભગવન્ ! અલોક કોનાથી સ્પર્શીત છે ? કેટલા કાયથી સ્પર્શીત છે ? એ પ્રશ્ન – ગૌતમ ! ધર્માસ્તિકાય યાવત્ આકાશાસ્તિકાયથી સ્પર્શીત નથી. આકાશાસ્તિકાયના દેશથી સ્પર્શીત છે પ્રદેશથી સ્પર્શીત છે. પૃથ્વીકાય યાવત્ અદ્ધાસમયથી સ્પર્શીત નથી. તે એક અજીવનો દેશ છે, અનંત અગુરુલઘુ ગુણો વડે યુક્ત છે, સર્વાકાશથી અનંત ભાગ ન્યૂન છે.

## પદ-૧૫, ઉદ્દેશો-૨

## સૂત્ર-૪૩૩ થી ૪૩૫

૪૩૩. ઈન્દ્રિયોપચય, નિર્વર્તના, તેના અસંખ્યાત સમયો, લબ્ધિ, ઉપયોગ કાળ, અલ્પબહુત્વમાં વિશેષાધિક.

૪૩૪. અવગાહના, અપાય, ઈહા, વ્યંજનાવગ્રહ, અર્થાવગ્રહ, અતીત–બદ્ધ–પુરસ્કૃત્ દ્રવ્યેન્દ્રિય અને ભાવેન્દ્રિય. એ બાર અધિકારો બીજા ઉદ્દેશામાં છે..

૪૩૫. ભગવન્ ! કેટલા પ્રકારે ઈન્દ્રિયોપચય છે? ગૌતમ! પાંચ પ્રકારે – શ્રોત્રેન્દ્રિયોપચય, ચક્ષુરિન્દ્રિયોપચય,

ઘ્રાણેન્દ્રિયોપચય, જિહ્વેન્દ્રિયોપચય, સ્પર્શનેન્દ્રિયોપચય.

ભગવન્ ! નૈરયિકોને કેટલા ઇન્દ્રિયોપચય છે ? ગૌતમ ! પાંચ ભેદે – શ્રોત્ર યાવત્ સ્પર્શન ઇન્દ્રિયોપચય. એ પ્રમાણે વૈમાનિક સુધી જાણવું. જેને જેટલી ઇન્દ્રિયો હોય, તેને તેટલા ભેદે ઇન્દ્રિયોપચય કહેવો.

ભગવન્ ! ઇન્દ્રય નિર્વર્તના કેટલા ભેદે છે ? ગૌતમ ! પાંચ ભેદે – શ્રોત્રેન્દ્રિય નિર્વર્તના યાવત્ સ્પર્શનેન્દ્રિય નિર્વર્તના. એ રીતે નૈરયિકથી વૈમાનિક સુધી, જેને જેટલી ઇન્દ્રિયો હોય તે કહેવી.

ભગવન્ ! શ્રોત્રેન્દ્રિય નિર્વર્તના કેટલા સમયની છે ? ગૌતમ ! અસંખ્યાતા સમયના અંતર્મુહૂર્ત્તની છે. એ પ્રમાણે સ્પર્શન ઇન્દ્રિય નિર્વર્તના સુધી જાણવું. નૈરયિકોથી વૈમાનિક સુધી જાણવું.

ભગવન્ ! કેટલા પ્રકારે ઇન્દ્રિયલબ્ધિ છે? ગૌતમ ! પાંચ ભેદે– શ્રોત્રેન્દ્રિય લબ્ધિ યાવત્ સ્પર્શનેન્દ્રિય લબ્ધિ. એ રીતે નૈરયિક યાવત્ વૈમાનિકોને જાણવા. પણ જેને જેટલી ઇન્દ્રિયો હોય તેને તેટલા ભેદે ઇન્દ્રિયલબ્ધિ કહેવી.

ભગવન્ ! ઇન્દ્રિય ઉપયોગકાળ કેટલા ભેદે છે ? ગૌતમ ! પાંચ ભેદે – શ્રોત્રેન્દ્રિય યાવત્ સ્પર્શનેન્દ્રિય ઉપયોગાદ્ધા. એ પ્રમાણે નૈરયિકથી વૈમાનિક સુધી જાણવા. પણ જેને જેટલી ઇન્દ્રિયો હોય તેને તેટલા પ્રકારે ઇન્દ્રિય ઉપયોગકાળ કહેવો.

ભગવન્ ! આ શ્રોત્રઇન્દ્રિય–ચક્ષુઇન્દ્રિય–ઘ્રાણઇન્દ્રિય–જિહ્વાઇન્દ્રિય–સ્પર્શનઇન્દ્રિયોના જઘન્ય ઉપયોગકાળ, ઉત્કૃષ્ટ ઉપયોગકાળ, જઘન્ય–ઉત્કૃષ્ટ ઉપયોગકાળમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય, વિશેષ છે ? ગૌતમ ! સૌથી થોડો ચક્ષુરિન્દ્રિયનો જઘન્ય ઉપયોગકાળ છે, શ્રોત્રેન્દ્રિય જઘન્ય ઉપયોગ કાળ વિશેષાધિક છે, ઘ્રાણેન્દ્રિયનો જઘન્ય ઉપયોગ કાળ વિશેષાધિક છે, જિહ્વેન્દ્રિય જઘન્ય ઉપયોગ કાળ વિશેષ અધિક છે. ઉત્કૃષ્ટ ઉપયોગકાળમાં સૌથી થોડો ચક્ષુરિન્દ્રિયનો ઉપયોગકાળ છે. તેનાથી શ્રોત્રઇન્દ્રિય –ઘ્રાણઇન્દ્રિય–જિહ્વાઇન્દ્રિય–સ્પર્શન ઇન્દ્રિયનો કાળ ઉત્તરોત્તર વિશેષાધિક છે.

સ્પર્શનેન્દ્રિયના જઘન્ય ઉપયોગકાળથી ચક્ષુઇન્દ્રિય ઉત્કૃષ્ટ ઉપયોગકાળ વિશેષાધિક છે, તેનાથી શ્રોત્ર ઇન્દ્રિય ઘ્રાણઇન્દ્રિય જિહ્વાઇન્દ્રિય સ્પર્શન ઇન્દ્રિયનો ઉત્કૃષ્ટ ઉપયોગકાળ ક્રમશઃ વિશેષાધિક છે.

ભગવન્ ! કેટલા પ્રકારે ઇન્દ્રિયાવગ્રહણા થાય છે ? ગૌતમ ! પાંચ પ્રકારે – શ્રોત્રેન્દ્રિય યાવત્ સ્પર્શનેન્દ્રિ–યાવગ્રહ. એમ નૈરયિકોથી વૈમાનિકને સ્વ–ઇન્દ્રિયાનુસાર કહેવા.

સૂત્ર–૪૩૬

ભગવન્ ! કેટલા ભેદે ઇન્દ્રિય અપાય છે ? ગૌતમ ! પાંચ ભેદે – શ્રોત્રેન્દ્રિય અપાય યાવત્ સ્પર્શનેન્દ્રિય અપાય. એ પ્રમાણે નૈરયિકો યાવત્ વૈમાનિક સ્વ–સ્વ ઇન્દ્રિયાનુસાર જાણવા.

ભગવન્ ! ઇહા કેટલા ભેદે છે ? ગૌતમ ! પાંચ ભેદે – શ્રોત્રેન્દ્રિય ઇહા યાવત્ સ્પર્શનેન્દ્રિય ઇહા. શેષ કથન અપાયવત્ જાણવું.

ભગવન્ ! અવગ્રહ કેટલા ભેદે છે ? ગૌતમ ! બે ભેદે – અર્થાવગ્રહ અને વ્યંજનાવગ્રહ.

ભગવન્ ! વ્યંજનાવગ્રહ કેટલા ભેદે છે ? ગૌતમ ! ચાર ભેદે – શ્રોત્રેન્દ્રિય વ્યંજનાવગ્રહ, ઘ્રાણેન્દ્રિય વ્યંજનાવગ્રહ, જિહ્વેન્દ્રિય વ્યંજનાવગ્રહ, સ્પર્શનેન્દ્રિય વ્યંજનાવગ્રહ.

ભગવન્ ! અર્થાવગ્રહ કેટલા ભેદે છે ? ગૌતમ ! છ ભેદે – શ્રોત્ર અર્થાવગ્રહ યાવત્ સ્પર્શનેન્દ્રિય અર્થાવગ્રહ, નોઇન્દ્રિય અર્થાવગ્રહ,

ભગવન્ ! નૈરયિકોને કેટલા ભેદે અવગ્રહ છે ? ગૌતમ ! બે ભેદે. અર્થાવગ્રહ અને વ્યંજનાવગ્રહ. એમ અસુર–કુમાર આદિ દશે કહેવા.

ભગવન્ ! પૃથ્વીકાયિકને કેટલા ભેદે અવગ્રહ છે ? ગૌતમ ! બે ભેદે – અર્થાવગ્રહ, વ્યંજનાવગ્રહ.

ભગવન્! પૃથ્વીકાયિક વ્યંજનાવગ્રહ કેટલા ભેદે છે ? ગૌતમ ! એક–સ્પર્શન વ્યંજનાવગ્રહ.

ભગવન્! પૃથ્વીકાયિકને કેટલા ભેદે અર્થાવગ્રહ છે ? ગૌતમ ! એક. સ્પર્શનેન્દ્રિય અર્થાવગ્રહ. એ પ્રમાણે વનસ્પતિકાયિક સુધી કહેવું.

એ પ્રમાણે બેઇન્દ્રિયોને વ્યંજનાવગ્રહ બે ભેદે છે, અર્થાવગ્રહ બે ભેદે છે. એ પ્રમાણે તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિય પણ જાણવા. પરંતુ ઇન્દ્રિયની વૃદ્ધિ કરવી. ચઉરિન્દ્રિયોને વ્યંજનાવગ્રહ ત્રણ ભેદે, અર્થાવગ્રહ ચાર ભેદે છે. બાકીના વૈમાનિક સુધીનાને નૈરયિકોની માફક જાણવા.

સૂત્ર–૪૩૭

ભગવન્ ! ઇન્દ્રિયો કેટલા ભેદે છે ? ગૌતમ ! બે ભેદે – દ્રવ્યેન્દ્રિય અને ભાવેન્દ્રિય.

ભગવન્ ! દ્રવ્યેન્દ્રિયો કેટલા ભેદે છે ? આઠ ભેદે – બે શ્રોત્ર, બે નેત્ર, બે ઘ્રાણ, જીભ અને સ્પર્શન.

ભગવન્ ! નૈરયિકોને કેટલી દ્રવ્યેન્દ્રિયો છે ? ઉક્ત આઠ જ. એ પ્રમાણે અસુર યાવત્ સ્તનિતકુમાર જાણવા.

ભગવન્ ! પૃથ્વીકાયિકને દ્રવ્યેન્દ્રિય કેટલી હોય ? ગૌતમ ! એક, સ્પર્શનેન્દ્રિય. એમ વનસ્પતિકાય સુધી છે.

ભગવન્ ! બેઇન્દ્રિયોને કેટલી દ્રવ્યેન્દ્રિયો હોય ? ગૌતમ ! બે – સ્પર્શન અને જિહ્વા.

તેઇન્દ્રિયોને કેટલી દ્રવ્યેન્દ્રિયો હોય ? ચાર – બે ઘ્રાણ, નાસિકા, જિહ્વા.

ચઉરિન્દ્રિય વિશે પ્રશ્ન – છ દ્રવ્યેન્દ્રિયો હોય – બે નેત્ર, બે નાસિકા, જીભ અને સ્પર્શન. બાકી બધા જીવોને નૈરયિકોની જેમ વૈમાનિક સુધી જાણવા.

ભગવન્ ! એકૈક નૈરયિકને કેટલી દ્રવ્યેન્દ્રિયો અતીતમાં થયેલી છે ? ગૌતમ ! અનંત. કેટલી દ્રવ્યેન્દ્રિયો બદ્ધ–વિદ્યમાન હોય ? ગૌતમ! આઠ. કેટલી ભાવિકાળે થશે ? ગૌતમ ! આઠ, નવ, સત્તર, સંખ્યાત, અસંખ્યાત કે અનંત. એ પ્રમાણે સ્તનિતકુમાર સુધી કહેવું. એમ પૃથ્વીકાયિકો, અપ્કાયિકો, વનસ્પતિકાયિકો પણ જાણવા. પરંતુ “કેટલી બદ્ધ–વર્તમાન ઇન્દ્રિયો હોય”, તે પ્રશ્નના ઉત્તરમાં એક સ્પર્શનેન્દ્રિય–દ્રવ્યેન્દ્રિય કહેવી. એમ તેઉકાયિક અને વાયુકાયિકમાં પણ કહેવું. પણ ભાવિમાં થનારી જઘન્યથી નવ કે દશ દ્રવ્યેન્દ્રિય હોય.

એ પ્રમાણે બેઇન્દ્રિયોને પણ કહેવી. પણ બદ્ધ દ્રવ્યેન્દ્રિય પ્રશ્નમાં બે દ્રવ્યેન્દ્રિયો કહેવી. એમ તેઇન્દ્રિયો પણ જાણવા, પણ તેઓને ચાર બદ્ધ દ્રવ્યેન્દ્રિયો હોય. એમ ચઉરિન્દ્રિય પણ જાણવા, પણ તેઓને છ બદ્ધ દ્રવ્યેન્દ્રિયો હોય. પંચેન્દ્રિય તિર્યંચયોનિક, મનુષ્યો, વ્યંતરો, જ્યોતિષ્ક, સૌધર્મ–ઈશાનના દેવો અસુરકુમારવત્ કહેવા. વિશેષ એ – મનુષ્યને દ્રવ્યેન્દ્રિયો ભાવિમાં કોઈને હોય – કોઈને ન હોય. જેને હોય તેને આઠ, નવ, સંખ્યાતી, અસંખ્યાતી કે અનંત દ્રવ્યેન્દ્રિયો હોય. સનત્કુમાર, માહેન્દ્ર, બ્રહ્મલોકથી અચ્યુત સુધી અને ગ્રૈવેયક દેવોને નૈરયિકની માફક જાણવા.

ભગવન્ ! એકૈક વિજય, વૈજયંત, જયંત, અપરાજિત દેવને કેટલી દ્રવ્યેન્દ્રિયો પૂર્વે થઈ ? ગૌતમ ! અનંત દ્રવ્યેન્દ્રિયો થઈ હોય. કેટલી બદ્ધ હોય ? આઠ. કેટલી ભાવિમાં થનારી હોય ? આઠ, સોળ, ચોવીશ કે સંખ્યાતી હોય.

સર્વાર્થસિદ્ધ દેવને ભૂતકાળે અનંત દ્રવ્યેન્દ્રિયો થઈ હોય, બદ્ધ–આઠ હોય, ભાવિમાં થનારી આઠ હોય.

ભગવન્ ! નૈરયિકોને કેટલી દ્રવ્યેન્દ્રિયો પૂર્વે થઈ હોય ? ગૌતમ! અનંતી. કેટલી બદ્ધ હોય ? અસંખ્યાતી. ભાવિમાં થનારી કેટલી હોય ? અનંત. એ પ્રમાણે ગ્રૈવેયક દેવો સુધી જાણવું. પણ મનુષ્યોને બદ્ધ દ્રવ્યેન્દ્રિયો કદાચ સંખ્યાતી, કદાચ અસંખ્યાતી હોય.

વિજય, વૈજયંત, જયંત, અપરાજિત દેવોને અતીત કાળે અનંત, બદ્ધ–અસંખ્યાતી, ભાવિમાં થનારી અસંખ્યાતી દ્રવ્યેન્દ્રિયો હોય. સર્વાર્થસિદ્ધ દેવોનો પ્રશ્ન – અતીતકાળે અનંત, બદ્ધ–સંખ્યાતી, ભાવિ–સંખ્યાતી.

ભગવન્ ! એકૈક નૈરયિકને નૈરયિકપણામાં કેટલી દ્રવ્યેન્દ્રિયો ભૂતકાળે થયેલી હોય? ગૌતમ ! અનંત.

વર્તમાનમાં ? આઠ. ભાવિમાં થનારી ? કોઈને હોય, કોઈને ન હોય. જેને થનારી હોય, તેને આઠ, સોળ, ચોવીશ, સંખ્યાતી, અસંખ્યાતી કે અનંત હોય. હોય, તેને આઠ, સોળ, ચોવીશ, સંખ્યાતી, અસંખ્યાતી કે અનંત હોય.

ભગવન્ ! એકૈક નૈરયિકને અસુરકુમારપણામાં કેટલી દ્રવ્યેન્દ્રિયો અતીત કાળે થઈ હોય ? ગૌતમ ! અનંત. કેટલી બદ્ધ હોય ? ન હોય. કેટલી ભાવિમાં થાય ? ગૌતમ ! કોઈને થાય, કોઈને ન થાય. જેને થનારી હોય તેને આઠ, સોળ, ચોવીશ, સંખ્યાતી, અસંખ્યાતી કે અનંત થનારી હોય. એમ સ્તનિતકુમાર સુધી જાણવું.

ભગવન્ ! એકૈક નૈરયિકને પૃથ્વીકાયિકપણામાં કેટલી દ્રવ્યેન્દ્રિયો પૂર્વે થયેલી હોય ? ગૌતમ ! અનંત. કેટલી બદ્ધ હોય ? ન હોય. કેટલી ભાવિમાં થનારી હોય ? કોઈને હોય, કોઈને ન હોય. જેને થનારી હોય તેને એક, બે, ત્રણ, સંખ્યાતી, અસંખ્યાતી કે અનંત હોય. એ પ્રમાણે યાવત્ વનસ્પતિકાયિકપણામાં જાણવું.

ભગવન્ ! એકૈક નૈરયિકને બેઇન્દ્રિયપણામાં કેટલી દ્રવ્યેન્દ્રિયો પૂર્વ કાળે થઈ હોય ? ગૌતમ! અનંત. કેટલી બદ્ધ હોય ? ન હોય. કેટલી ભાવિમાં થનારી હોય ? કોઈને હોય, કોઈને ન હોય. જેને થનારી હોય તેને બે, ચાર, સંખ્યાતી, અસંખ્યાતી કે અનંત થાય. એમ તેઇન્દ્રિયપણામાં જાણવું, પણ ભાવિમાં થનારી ચાર, આઠ, બાર, સંખ્યાતી, અસંખ્યાતી કે અનંત દ્રવ્યેન્દ્રિયો હોય. એમ ચઉરિન્દ્રિયપણામાં પણ જાણવું, પણ ભાવિમાં થનારી છ, બાર, અઢાર, સંખ્યાતી, અસંખ્યાતી કે અનંતી હોય.

જેમ અસુરકુમારપણામાં કહ્યું, તેમ પંચેન્દ્રિય તિર્યંચપણામાં પણ જાણવું, મનુષ્યપણામાં પણ એમ જ જાણવું, પરંતુ ભાવિમાં આઠ, સોળ, ચોવીશ, સંખ્યાતી કે અનંત દ્રવ્યેન્દ્રિયો થાય. મનુષ્ય સિવાય બધાને મનુષ્ય–પણામાં દ્રવ્યેન્દ્રિય ભાવિમાં થનારી "કોઈને હોય, કોઈને ન હોય", એવું ન કહેવું. વ્યંતર, જ્યોતિષ્ક, સૌધર્મ યાવત્ ગ્રૈવેયક પણામાં દ્રવ્યેન્દ્રિય પૂર્વકાળે અનંત થયેલ હોય, બદ્ધ દ્રવ્યેન્દ્રિયો નથી, ભાવિમાં થનારી કોઈને હોય, કોઈને ન હોય. જેને હોય તેને આઠ, સોળ, ચોવીશ, સંખ્યાતી, અસંખ્યાતી કે અનંત દ્રવ્યેન્દ્રિયો થવાની હોય.

ભગવન્ ! એકૈક નૈરયિકને વિજય, વૈજયંત, જયંત, અપરાજિતપણામાં કેટલી દ્રવ્યેન્દ્રિયો ભૂતકાળે થયેલ હોય ? ન હોય. બદ્ધ પણ ન હોય. કેટલી ભાવિમાં થનાર હોય ? કોઈને હોય – કોઈને ન હોય. જેને થનાર હોય તેને આઠ કે સોળ થનાર હોય. સર્વાર્થસિદ્ધ દેવપણામાં અતીત અને બદ્ધ દ્રવ્યેન્દ્રિયો નથી, ભાવિમાં થનારી કોઈને હોય – કોઈને ન હોય. જેને ભાવિમાં થવાની છે, તેને આઠ દ્રવ્યેન્દ્રિયો થનાર હોય.

એ પ્રમાણે નૈરયિક દંડક માફક અસુરકુમાર દંડક કહેવો. યાવત્ પંચેન્દ્રિય તિર્યંચદંડક કહેવો. પણ જેને સ્વસ્થાનમાં જેટલી બદ્ધ વર્તમાન દ્રવ્યેન્દ્રિયો હોય તેને તેટલી કહેવી.

ભગવન્ ! એકૈક મનુષ્યને નારકપણામાં દ્રવ્યેન્દ્રિયો પૂર્વકાળે કેટલી થઈ હોય? ગૌતમ ! અનંત. કેટલી બદ્ધ હોય ? ન હોય. કેટલી ભાવિમાં થાય ? કોઈને થાય – કોઈને ન થાય. જેને થનારી હોય તેને આઠ, સોળ, ચોવીશ, સંખ્યાતી, અસંખ્યાતી કે અનંત દ્રવ્યેન્દ્રિયો હોય. એ પ્રમાણે પંચેન્દ્રિય તિર્યંચયોનિપણા સુધી જાણવું. પણ એકેન્દ્રિય અને વિકલેન્દ્રિય માં જેને જેટલી થનાર હોય, તેને તેટલી કહેવી. ભગવન્! એકૈક મનુષ્યને મનુષ્યપણામાં કેટલી દ્રવ્યેન્દ્રિયો પૂર્વે થયેલ હોય ? ગૌતમ ! કોઈને હોય – કોઈને ન હોય. જેને થનાર હોય તેને આઠ, સોળ, ચોવીશ, સંખ્યાતી, અસંખ્યાતી કે અનંત હોય. વ્યંતર, જ્યોતિષ્ક યાવત્ ગ્રૈવેયકપણામાં જેમ નારકપણામાં કહ્યું તેમ કહેવું.

ભગવન્ ! એકૈક મનુષ્યને વિજય, વૈજયંત, જયંત, અપરાજિત દેવપણામાં કેટલી દ્રવ્યેન્દ્રિયો પૂર્વકાળે થઈ હોય ? કોઈને હોય – કોઈને ન હોય. જેને હોય તેને આઠ કે સોળ હોય. કેટલી બદ્ધ હોય? કેટલી ભાવિમાં થનાર હોય? કોઈને હોય – કોઈને ન હોય. જેને હોય તેને આઠ કે સોળ હોય. ભગવન્! એકૈક મનુષ્યને સર્વાર્થસિદ્ધ દેવત્વમાં કેટલી દ્રવ્યેન્દ્રિયો અતીત કાળે થઈ હોય? કોઈને હોય – કોઈને ન હોય. જેને હોય તેને આઠ હોય. બદ્ધ કેટલી હોય? ન હોય. ભાવિ કેટલી હોય ? કોઈને હોય – કોઈને ન હોય. જેને થનાર હોય, તેને આઠ હોય.

વ્યંતર અને જ્યોતિષ્ક નૈરયિકવત્ જાણવા, સૌધર્મ દેવ નૈરયિકવત્ કહેવો. પણ સૌધર્મ દેવને વિજય, વૈજયંત, જયંત, અપરાજિત દેવત્વમાં કેટલી દ્રવ્યેન્દ્રિયો પૂર્વકાળે હોય? કોઈને હોય – કોઈને ન હોય. જેને હોય તેને આઠ હોય. બદ્ધ કેટલી હોય ? ન હોય. ભાવિમાં થનાર કેટલી હોય ? ગૌતમ ! કોઈને હોય – કોઈને ન હોય, જેને હોય તેને આઠ કે સોળ થનારી હોય. સર્વાર્થસિદ્ધ દેવપણામાં નૈરયિકવત્ કહેવું. એ પ્રમાણે યાવત્ ગ્રૈવેયક દેવને યાવત્ સર્વાર્થસિદ્ધ દેવપણામાં એમ જ કહેવું.

ભગવન્ ! એકૈક વિજય, વૈજયંત, જયંત, અપરાજિત દેવને નૈરયિકપણામાં કેટલી દ્રવ્યેન્દ્રિયો અતીતકાળે થઈ હોય ? અનંત હોય. બદ્ધ કેટલી હોય ? ન હોય. ભાવિમાં થનાર ? ન હોય. એ પ્રમાણે પંચેન્દ્રિય તિર્યંચ સુધી કહેવું.

મનુષ્યપણામાં દ્રવ્યેન્દ્રિયો અતીતકાળે અનંત હોય, બદ્ધ ન હોય, ભાવિમાં થનારી આઠ, સોળ, ચોવીશ કે સંખ્યાતી હોય. વ્યંતર અને જ્યોતિષ્ક નૈરયિકવત્ કહેવા.

સૌધર્મ દેવત્વમાં અતીતકાળે અનંત થઈ હોય, વર્તમાનકાળે નથી, ભાવિમાં થનારી કોઈને હોય – કોઈને ન હોય. જેને હોય તેને આઠ, સોળ, ચોવીશ કે સંખ્યાતી હોય. એ પ્રમાણે ગ્રૈવેયકપણા સુધી જાણવું.

વિજયાદિ ચારમાં પૂર્વકાળે કોઈને હોય – કોઈને ન હોય, જેને હોય તેને આઠ હોય. બદ્ધ કેટલી હોય? આઠ ભાવિમાં થનારી કેટલી હોય? કોઈને હોય – કોઈને ન હોય, જેને હોય તેને આઠ હોય.

ભગવન્! એકૈક વિજયાદિ ચાર દેવને સર્વાર્થસિદ્ધ દેવપણામાં કેટલી દ્રવ્યેન્દ્રિયો ભૂતકાળે હોય ? ન હોય. કેટલી બદ્ધ હોય? ન હોય. કેટલી ભાવિમાં થવાની હોય? કોઈને હોય– કોઈને ન હોય, જેને હોય તેને આઠ થનાર હોય.

ભગવન્ ! એકૈક સર્વાર્થસિદ્ધ દેવને નૈરયિકપણામાં કેટલી દ્રવ્યેન્દ્રિયો અતીતકાળે હોય? ગૌતમ! અનંત. વર્તમાન કેટલી હોય? ન હોય. ભાવિમાં થનાર કેટલી હોય ? ન હોય. એમ મનુષ્ય સિવાય ગ્રૈવેયકપણા સુધી જાણવું. પણ મનુષ્ય પણામાં દ્રવ્યેન્દ્રિયો પૂર્વકાળે અનંત હોય, વર્તમાનમાં ન હોય, ભાવિમાં થનારી આઠ હોય. વિજયાદિ ચાર દેવપણામાં દ્રવ્યેન્દ્રિયો અતીત કાળે કોઈને હોય – કોઈને ન હોય, જેને હોય તેને આઠ હોય. કેટલી બદ્ધ હોય ? ન હોય. કેટલી ભાવિમાં થનાર હોય ? ન હોય. ભગવન્ ! એકૈક સર્વાર્થસિદ્ધ દેવને સર્વાર્થસિદ્ધપણામાં કેટલી દ્રવ્યેન્દ્રિયો અતીતકાળે હોય ? ગૌતમ ! ન હોય. વર્તમાનમાં ? આઠ હોય. ભાવિમાં થનારી ? ન હોય.

ભગવન્ ! નૈરયિકોને નૈરયિકપણામાં દ્રવ્યેન્દ્રિય અતીતકાળે કેટલી હોય ? ગૌતમ ! અનંત હોય. વર્તમાન કાળે કેટલી હોય ? અસંખ્યાતી. ભાવિમાં થનારી કેટલી હોય ? અનંત.

ભગવન્ ! નૈરયિકોને અસુરકુમારપણામાં કેટલી દ્રવ્યેન્દ્રિયો પૂર્વ કાળે હોય? ગૌતમ! અનંત હોય. વર્તમાનકાળે કેટલી હોય ? ન હોય. ભાવિમાં થનારી કેટલી હોય? અનંત હોય. એ પ્રમાણે ગ્રૈવેયકદેપણા સુધી જાણવું.

ભગવન્ ! નૈરયિકોને વિજય, વૈજયંત, જયંત, અપરાજિત દેવપણામાં કેટલી દ્રવ્યેન્દ્રિયો અતીતકાળે હોય ? ન હોય. વર્તમાનકાળે કેટલી હોય ? ન હોય. ભાવિમાં થનારી કેટલી હોય ? અસંખ્યાતી હોય. એ પ્રમાણે સર્વાર્થસિદ્ધ દેવપણામાં પણ જાણવું. એમ પંચેન્દ્રિય તિર્યંચ સર્વાર્થસિદ્ધ દેવપણામાં કહેવા. પરંતુ વનસ્પતિકાયિકોને વિજય, વૈજયંત, જયંત, અપરાજિત, સર્વાર્થસિદ્ધ દેવપણામાં ભાવિમાં થનાર દ્રવ્યેન્દ્રિયો અનંત હોય.

મનુષ્ય અને સર્વાર્થસિદ્ધ સિવાય બધાને સ્વસ્થાન આશ્રીને બદ્ધ દ્રવ્યેન્દ્રિયો અસંખ્યાતી હોય, પરસ્થાનને આશ્રીને બદ્ધ દ્રવ્યેન્દ્રિયો ન હોય. વનસ્પતિકાયિકોને બદ્ધ દ્રવ્યેન્દ્રિયો અનંત છે. મનુષ્યોને નૈરયિકપણામાં દ્રવ્યેન્દ્રિયો અતીતકાળે અનંત હોય. વર્તમાનકાળે નથી, ભાવિમાં થનારી અનંત હોય, એ પ્રમાણે ગ્રૈવેયક દેવપણા સુધી જાણવું. પણ સ્વસ્થાનમાં દ્રવ્યેન્દ્રિયો અતીતકાળે અનંત હોય, વર્તમાનકાળે કદાચ સંખ્યાતી હોય, કદાચ અસંખ્યાતી હોય, ભાવિમાં થનારી અનંત હોય.

ભગવન્ ! મનુષ્યોને વિજય, વૈજયંત, જયંત, અપરાજિત દેવપણામાં કેટલી દ્રવ્યેન્દ્રિયો પૂર્વકાળે હોય ?

સંખ્યાતી હોય. વર્તમાનકાળે કેટલી હોય ? નથી. ભાવિમાં થનાર કેટલી હોય ? કદાચિત્ સંખ્યાતી હોય, કદાચિત્ અસંખ્યાતી હોય. એ પ્રમાણે સર્વાર્થસિદ્ધ દેવપણામાં દ્રવ્યેન્દ્રિયો પૂર્વકાળે નથી, વર્તમાનકાળે નથી, ભાવિમાં થનારી અસંખ્યાતી હોય. આમ ગ્રૈવેયક દેવો સુધી જાણવું.

ભગવન્ ! વિજયાદિ ચારને નારકપણામાં દ્રવ્યેન્દ્રિયો અતીતકાળે કેટલી હોય ? ગૌતમ ! અનંત હોય. વર્તમાનકાળે કેટલી હોય ? ન હોય. ભાવિમાં થનારી કેટલી હોય ? ન હોય. એ પ્રમાણે જ્યોતિષ્ક દેવત્વ સુધી પણ જાણવું. પરંતુ મનુષ્યપણામાં દ્રવ્યેન્દ્રિયો અતીતકાળે અનંત હોય, વર્તમાનકાળે ન હોય અને ભાવિમાં થનાર અસંખ્યાત હોય. એ પ્રમાણે યાવત્ ગ્રૈવેયક દેવપણામાં સ્વસ્થાન અપેક્ષાએ અતીતકાળે અસંખ્યાતી હોય, વર્તમાનકાળે અસંખ્યાતી હોય, ભાવિમાં થનાર અસંખ્યાતી હોય. સર્વાર્થસિદ્ધ દેવપણામાં દ્રવ્યેન્દ્રિયો અતીતકાળે ન હોય, વર્તમાનકાળે ન હોય, ભાવિમાં થનારી અસંખ્યાતી હોય.

ભગવન્ ! સર્વાર્થસિદ્ધદેવોને નારકપણામાં કેટલી દ્રવ્યેન્દ્રિયો પૂર્વકાળે હોય ? ગૌતમ ! અનંત હોય. વર્તમાનકાળે કેટલી હોય ? ન હોય. ભાવિમાં થનારી કેટલી હોય ? ન હોય. એ પ્રમાણે મનુષ્ય સિવાય યાવત્ ગ્રૈવેયક દેવપણામાં જાણવું.

મનુષ્યપણામાં દ્રવ્યેન્દ્રિયો અતીતકાળે અનંત હોય, વર્તમાનકાળે ન હોય, ભાવિમાં થનારી અસંખ્યાતી હોય. વિજયાદિ ચાર અનુત્તરમાં દ્રવ્યેન્દ્રિયો અતીતકાળે કેટલી હોય ? સંખ્યાતી. વર્તમાનકાળે ? ન હોય. ભાવિમાં થનારી ? ન હોય.

સર્વાર્થસિદ્ધ દેવોને સર્વાર્થસિદ્ધપણામાં કેટલી દ્રવ્યેન્દ્રિયો પૂર્વકાળે હોય? ન હોય. વર્તમાનકાળે કેટલી હોય? સંખ્યાતી હોય, ભાવિમાં થનારી કેટલી હોય? ન હોય.

ભગવન્ ! ભાવેન્દ્રિયો કેટલી હોય ? પાંચ – શ્રોત્રેન્દ્રિય યાવત્ સ્પર્શનેન્દ્રિય. ભગવન્! નૈરયિકોને કેટલી ભાવેન્દ્રિય હોય ? પાંચ – શ્રોત્રેન્દ્રિય યાવત્ સ્પર્શનેન્દ્રિય. એ પ્રમાણે જેને જેટલી ઇન્દ્રિયો હોય, તેને તેટલી વૈમાનિક સુધી કહેવી.

ભગવન્ ! એક–એક નૈરયિકને ભૂતકાળમાં કેટલી ભાવેન્દ્રિયો હોય ? ગૌતમ ! અનંત હોય. વર્તમાનકાળે ? પાંચ હોય. ભાવિમાં થનારી ? પાંચ, દશ, અગિયાર, સંખ્યાતી, અસંખ્યાતી કે અનંત હોય. એ પ્રમાણે અસુરકુમારો પણ જાણવા, પણ તેને ભાવિમાં થનારી પાંચ, છ, સંખ્યાતી, અસંખ્યાતી કે અનંત ભાવેન્દ્રિયો હોય. એ પ્રમાણે સ્તનિતકુમાર સુધી જાણવું.

આ પ્રમાણે પૃથ્વીકાયિક, અપ્કાયિક, વનસ્પતિકાયિકને પણ જાણવું. બે–ત્રણ–ચાર ઇન્દ્રિયવાળાને પણ જાણવા, તેઉકાયિક અને વાયુકાયિકને પણ એમ જ કહેવા. પણ ભાવિમાં થનારી છ, સાત, સંખ્યાતી, અસંખ્યાતી કે અનંત ભાવેન્દ્રિયો હોય. પંચેન્દ્રિય તિર્યંચને યાવત્ ઈશાનદેવને અસુરકુમારવત્ જાણવા. પરંતુ મનુષ્યને ભાવિમાં થનારી ભાવેન્દ્રિયો કોઈને હોય – કોઈને ન હોય, એમ કહેવું. સનત્કુમાર યાવત્ ગ્રૈવેયકને નૈરયિકની જેમ જાણવા. વિજયાદિ ચાર અનુત્તર દેવને દ્રવ્યેન્દ્રિયો અતીત કાળે અનંત હોય, વર્તમાનકાળે પાંચ હોય, ભાવિમાં થનારી પાંચ, દશ, પંદર કે સંખ્યાતી હોય. સર્વાર્થસિદ્ધ દેવને અતીત કાળે અનંત હોય, વર્તમાનકાળે પાંચ હોય, ભાવિમાં થનારી પાંચ હોય.

ભગવન્ ! નૈરયિકોને કેટલી ભાવેન્દ્રિયો અતીત કાળે હોય ? ગૌતમ ! અનંત. વર્તમાનકાળે ? અસંખ્યાતી. ભાવિમાં થનારી ? અનંત હોય. એ પ્રમાણે જેમ દ્રવ્યેન્દ્રિયોમાં બહુવચન વડે દંડક કહ્યો, તેમ ભાવેન્દ્રિયમાં પણ કહેવો. પરંતુ વનસ્પતિકાયિકોને વર્તમાનકાળે ભાવેન્દ્રિયો અનંત હોય.

ભગવન્ ! પ્રત્યેક નૈરયિકને નૈરયિકપણામાં કેટલી ભાવેન્દ્રિયો અતીતકાળે હોય ? ગૌતમ ! અનંત.

વર્તમાનકાળે કેટલી હોય ? પાંચ. ભાવિમાં થનારી ? કોઈને હોય – કોઈને ન હોય. જેને હોય તેને પાંચ, દશ, પંદર, સંખ્યાતી, અસંખ્યાતી કે અનંત હોય. એ પ્રમાણે અસુરકુમારથી સ્તનિતકુમાર સુધી જાણવા, પણ વર્તમાનકાળે ન હોય. પૃથ્વીકાયિકથી યાવત્ બેઇન્દ્રિયપણામાં જેમ દ્રવ્યેન્દ્રિયો કહી, તેમ ભાવેન્દ્રિયો કહેવી.

તેઇન્દ્રિયપણામાં પણ તેમજ કહેવું, પરંતુ ભાવિમાં થનારી ત્રણ, છ, નવ, સંખ્યાતી, અસંખ્યાતી કે અનંત ભાવેન્દ્રિયો કહેવી. ચઉરિન્દ્રિયપણામાં પણ એમ જ જાણવું, પરંતુ ભાવિમાં થનારી ભાવેન્દ્રિયો ચાર, આઠ, સંખ્યાતી, અસંખ્યાતી કે અનંત હોય. એ પ્રમાણે દ્રવ્યેન્દ્રિયોના ચારે પાઠ મુજબ અહીં ચારે પાઠ કહેવા. પરંતુ ત્રીજા પાઠમાં જેને જેટલી ઇન્દ્રિયો હોય, તેને તેટલી ઇન્દ્રિયો ભાવિમાં જાણવી. ચોથા પાઠમાં દ્રવ્યેન્દ્રિયવત્ કહેવી. યાવત્ સર્વાર્થસિદ્ધ દેવપણામાં અતીતકાળે ભાવેન્દ્રિયો ન હોય, વર્તમાનકાળે સંખ્યાતી હોય, ભાવિમાં થનારી ન હોય.

## પદ-૧૫ 'ઇન્દ્રિય'નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

## પદ-૧૫ ‘ઇન્દ્રિય’ મુનિ દીપરત્નસાગરે કરેલ ભાવાનુવાદ પૂર્ણ

## પદ-૧૬ 'પ્રયોગ'

સૂત્ર–૪૩૮

ભગવન્ ! પ્રયોગ કેટલા ભેદે છે ? ગૌતમ ! પંદર ભેદે. તે આ – સત્યમનઃપ્રયોગ, અસત્યમનઃપ્રયોગ, સત્યામૃષા મનઃપ્રયોગ, અસત્યામૃષા મનઃપ્રયોગ, એ રીતે ચાર વચન પ્રયોગ, ઔદારિકશરીરકાય પ્રયોગ, ઔદારિક–મિશ્રશરીરકાય પ્રયોગ, વૈક્રિયશરીરકાય પ્રયોગ, વૈક્રિયમિશ્રશરીરકાય પ્રયોગ, આહારકશરીરકાય પ્રયોગ, આહારક–મિશ્રશરીર કાય પ્રયોગ અને તૈજસકાર્મણશરીર કાયપ્રયોગ.

સૂત્ર–૪૩૯

ભગવન્ ! જીવોને કેટલા ભેદે પ્રયોગ હોય ? ગૌતમ ! પંદર ભેદે – સત્યમનઃ પ્રયોગ યાવત્ કાર્મણશરીર કાય પ્રયોગ.

ભગવન્ ! નૈરયિકોને કેટલા પ્રકારે પ્રયોગ હોય ? અગિયાર ભેદે – સત્યમનઃ પ્રયોગ યાવત્ અસત્યામૃષા વચન પ્રયોગ, વૈક્રિયશરીરકાય પ્રયોગ, વૈક્રિયમિશ્રશરીરકાય પ્રયોગ, કાર્મણશરીરકાય પ્રયોગ. આ પ્રમાણે યાવત્ સ્તનિતકુમાર જાણવું.

પૃથ્વીકાયિકો સંબંધે પૃચ્છા – ગૌતમ ! તેમને ત્રણ ભેદે પ્રયોગ હોય – ઔદારિકશરીર કાયપ્રયોગ, ઔદારિક મિશ્ર શરીર કાયપ્રયોગ કાર્મણ શરીર કાયપ્રયોગ. એ પ્રમાણે વનસ્પતિકાયિક સુધી જાણવું. પણ વાયુકાયિકોને પાંચ પ્રકારે પ્રયોગ હોય – ઔદારિક શરીર કાયપ્રયોગ, ઔદારિકમિશ્ર શરીર કાયપ્રયોગ, વૈક્રિય શરીર કાયપ્રયોગ, વૈક્રિયમિશ્ર, કાર્મણ શરીર કાયપ્રયોગ.

બેઇન્દ્રિય સંબંધે પૃચ્છા – તેમને ચાર ભેદે પ્રયોગ હોય – અસત્યામૃષા વચનપ્રયોગ, ઔદારિક શરીર કાયપ્રયોગ, ઔદારિકમિશ્ર શરીર કાયપ્રયોગ, કાર્મણશરીર કાયપ્રયોગ, આ પ્રમાણે ચઉરિન્દ્રિયો સુધી જાણવું.

પંચેન્દ્રિયતિર્યંચને તેર પ્રકારે પ્રયોગ કહ્યો છે – સત્યમનઃપ્રયોગ, મૃષામનપ્રયોગ, સત્યામૃષામનપ્રયોગ, અસત્યામૃષામનપ્રયોગ, એ પ્રમાણે ચાર વચન પ્રયોગ, ઔદારિક શરીર કાયપ્રયોગ, ઔદારિક મિશ્ર શરીર કાયપ્રયોગ, વૈક્રિય શરીર કાયપ્રયોગ, વૈક્રિયમિશ્ર શરીર કાયપ્રયોગ, કાર્મણ–શરીર કાયપ્રયોગ.

મનુષ્ય સંબંધે પ્રશ્ન – તેમને પંદર ભેદે પ્રયોગ હોય છે, વ્યંતર–જ્યોતિષ્ક–વૈમાનિકોને નૈરયિકવત્ જાણવા.

સૂત્ર–૪૪૦

ભગવન્ ! જીવો શું સત્યમનઃપ્રયોગી યાવત્ કાર્મણશરીર પ્રયોગી છે? સર્વે જીવો સત્યમનઃ પ્રયોગી યાવત્ વૈક્રિય મિશ્ર શરીરકાય પ્રયોગી અને કાર્મણ શરીર કાયપ્રયોગી ૧૩. હોય. અથવા ૧. એક આહારક શરીર કાય પ્રયોગી હોય. અથવા ૨. કેટલાક આહારક શરીર કાય પ્રયોગી હોય. અથવા ૩. એક આહારક મિશ્ર શરીર કાય પ્રયોગી હોય. અથવા ૪. કેટલાક આહારક મિશ્ર શરીરકાય પ્રયોગી હોય એ ચતુર્ભંગ.

અથવા ૧. એક આહારકશરીર કાયપ્રયોગી અને એક આહારક મિશ્રશરીર કાયપ્રયોગી અથવા ૨. એક આહારકશરીર કાય પ્રયોગી અને કેટલાક આહારકમિશ્રશરીર કાય પ્રયોગી અથવા ૩. કેટલાક આહારકશરીર કાય પ્રયોગી અને એક આહારકમિશ્ર–શરીર કાય પ્રયોગી અથવા ૪. કેટલાક આહારકશરીર કાયપ્રયોગી અને કેટલાક આહારકમિશ્રશરીર કાયપ્રયોગી હોય, એ પ્રમાણે જીવોને આઠ ભંગ જાણવા.

ભગવન્ ! નૈરયિકો શું સત્યમનઃ પ્રયોગી યાવત્ કાર્મણ શરીર કાયપ્રયોગી હોય ? ગૌતમ ! ૧. બધા નૈરયિકો સત્ય મનઃપ્રયોગી યાવત્ વૈક્રિયમિશ્રશરીર કાયપ્રયોગી હોય અથવા એક નૈરયિક કાર્મણશરીર કાયપ્રયોગી હોય. અથવા ૨. કેટલાક કાર્મણશરીર કાયપ્રયોગી હોય, એમ અસુરકુમારથી સ્તનિતકુમાર સુધી જાણવું.

ભગવન્ ! પૃથ્વીકાયિકો શું ઔદારિક શરીર કાય પ્રયોગી ઔદારિકમિશ્ર શરીર કાય પ્રયોગી કે કાર્મણશરીર કાયપ્રયોગી હોય ? તેઓ ઔદારિક શરીર કાય પ્રયોગી, ઔદારિક મિશ્ર શરીર કાય પ્રયોગી કે કાર્મણશરીર કાયપ્રયોગી પણ હોય. એ પ્રમાણે વનસ્પતિકાયિકો સુધી જાણવું. પણ વાયુકાયિકો વૈક્રિયશરીર કાયપ્રયોગી કે વૈક્રિયમિશ્ર શરીર કાય પ્રયોગી પણ હોય.

ભગવન્ ! બેઇન્દ્રિયો શું ઔદારિક શરીર કાય પ્રયોગી યાવત્ કાર્મણશરીર કાયપ્રયોગી હોય ? ગૌતમ ! ૧. બધા બેઇન્દ્રિયો અસત્યામૃષા વચન પ્રયોગી, ઔદારિક શરીર કાયપ્રયોગી, ઔદારિક મિશ્ર શરીર કાય પ્રયોગી પણ હોય. ૨. અથવા કાર્મણશરીર કાયપ્રયોગી, ઔદારિક મિશ્ર શરીર કાય પ્રયોગી પણ હોય. ૩. અથવા કાર્મણશરીર કાયપ્રયોગવાળા અથવા એક કાર્મણ શરીર કાય પ્રયોગવાળો હોય. એમ ચઉરિન્દ્રિય સુધી જાણવું. પંચેન્દ્રિય તિર્યંચયોનિકો, નૈરયિકવત્ જાણવા. પણ તેઓ ઔદારિક શરીર કાય પ્રયોગી અને ઔદારિકમિશ્ર શરીર કાય પ્રયોગી જાણવા. અથવા કેટલાક કાર્મણશરીર કાય પ્રયોગી અથવા એક કાર્મણશરીર કાય પ્રયોગી જાણવો.

ભગવન્! મનુષ્યો શું સત્યમનઃપ્રયોગી યાવત્ કાર્મણશરીરકાયપ્રયોગી હોય? ગૌતમ! બધા મનુષ્યો સત્યમનઃ પ્રયોગી યાવત્ ઔદારિકશરીર કાયપ્રયોગી, વૈક્રિય શરીર કાય પ્રયોગી અને વૈક્રિય મિશ્રશરીર કાય પ્રયોગી હોય.

અથવા ૧. એક ઔદારિક મિશ્ર શરીર કાય પ્રયોગી હોય અથવા ૨. કેટલાક ઔદારિકમિશ્ર શરીર કાય પ્રયોગી હોય, અથવા ૩. એક આહારક શરીર કાય પ્રયોગી હોય, ૪. અથવા કેટલાક આહારક શરીર કાય પ્રયોગી હોય અથવા ૫. એક આહારક મિશ્ર શરીર કાયપ્રયોગી હોય, અથવા ૬. કેટલાક આહારક મિશ્ર શરીર કાય પ્રયોગી હોય, અથવા ૭. એક કાર્મણ શરીર કાય પ્રયોગી હોય, અથવા ૮. કેટલાક કાર્મણશરીર કાય પ્રયોગી હોય. એ પ્રમાણે એકસંયોગી આઠ ભંગો કહ્યા.

૧. અથવા એક ઔદારિક મિશ્ર શરીર કાયપ્રયોગી અને એક આહારક શરીર કાયપ્રયોગી અથવા ૨. એક ઔદારિકમિશ્રશરીર કાય પ્રયોગી અને કેટલાક આહારક શરીર કાયપ્રયોગી. અથવા ૩. કેટલાક ઔદારિક મિશ્રશરીર કાયપ્રયોગી અને એક આહારક મિશ્ર શરીર કાય પ્રયોગી હોય અથવા ૪. કેટલાક ઔદારિક મિશ્ર શરીર કાય પ્રયોગી અને કેટલાક આહારક શરીર કાય પ્રયોગી એ ચાર ભંગ થાય.

અથવા ૧. ઔદારિક મિશ્ર શરીર કાયપ્રયોગી અને એક આહારક મિશ્ર શરીરકાય પ્રયોગી અથવા ૨. એક ઔદારિક મિશ્ર શરીર કાય પ્રયોગી અને કેટલાક આહારકમિશ્ર કાય પ્રયોગી અથવા ૩. કેટલાક ઔદારિક મિશ્રશરીર કાય પ્રયોગી અને એક આહારકમિશ્ર શરીર કાયપ્રયોગી અથવા ૪. કેટલાક ઔદારિકમિશ્ર શરીર કાયપ્રયોગી અને કેટલાક આહારક મિશ્ર કાય પ્રયોગી એ ચાર ભાંગા થાય.

અથવા ૧. એક ઔદારિક મિશ્ર શરીર કાયપ્રયોગી અને એક કાર્મણશરીર કાય પ્રયોગી અથવા ૨. એક ઔદારિક મિશ્ર શરીર કાય પ્રયોગી અને કેટલાક કાર્મણ શરીર કાય પ્રયોગી અથવા ૩. કેટલાક ઔદારિક મિશ્ર શરીર કાય પ્રયોગી અને એક કાર્મણ શરીર કાય પ્રયોગી અથવા ૪. કેટલાક ઔદારિક મિશ્રશરીર કાયપ્રયોગી અને કેટલાક કાર્મણશરીર કાયપ્રયોગી, એમ ચાર ભાંગા થાય છે.

અથવા ૧. આહારક શરીર કાય પ્રયોગી અને એક આહારક મિશ્રશરીર કાય પ્રયોગી અથવા ૨. એક આહારક શરીર કાય પ્રયોગી અને કેટલાક આહારક મિશ્રશરીર કાય પ્રયોગી અથવા ૩. કેટલાક આહારક શરીર કાય પ્રયોગી અને એક આહારક મિશ્ર શરીર કાય પ્રયોગી અથવા ૪. કેટલાક આહારક શરીર કાય પ્રયોગી અને કેટલાક આહારક મિશ્ર શરીર કાય પ્રયોગી એ ચાર ભંગ.

અથવા ૧. એક આહારક શરીર કાય પ્રયોગી અને એક કાર્મણ શરીર કાય પ્રયોગી અથવા ૨. એક આહારક મિશ્ર શરીર કાય પ્રયોગી અને કેટલાક કાર્મણ શરીર કાય પ્રયોગી અથવા ૩. કેટલાક આહારક મિશ્ર શરીર કાય પ્રયોગી

અને એક કાર્મણ શરીર કાય પ્રયોગી અથવા ૪. કેટલાક આહારક મિશ્ર શરીર કાય પ્રયોગી અને કેટલાક કાર્મણ શરીર કાય પ્રયોગી એમ ચાર ભંગ. કુલ ૨૪ ભંગ થયા.

અથવા ૧. એક ઔદારિક મિશ્ર શરીર કાયપ્રયોગી. એક આહારક શરીર કાયપ્રયોગી, એક આહારક મિશ્ર શરીર કાયપ્રયોગી અથવા ૨. એક ઔદારિક મિશ્ર શરીર કાય પ્રયોગી એક આહારક શરીરકાય પ્રયોગી એક આહારક મિશ્ર શરીર કાયપ્રયોગી. અથવા ૩. એક ઔદારિક મિશ્ર શરીર કાય પ્રયોગી એક આહારક શરીર કાય પ્રયોગી કેટલાક આહારક મિશ્રશરીર કાયપ્રયોગી અથવા ૩. એક ઔદારિક મિશ્ર શરીરકાય પ્રયોગી કેટલાક આહારક શરીર કાય પ્રયોગી એક આહારક મિશ્રશરીર કાયપ્રયોગી, અથવા ૪. એક ઔદારિક મિશ્ર શરીર કાય પ્રયોગી કેટલાક આહારકશરીર કાય પ્રયોગી કેટલાક આહારક મિશ્ર શરીર કાયપ્રયોગી અથવા ૫. કેટલાક ઔદારિક મિશ્રશરીર કાયપ્રયોગી એક આહારક શરીર કાય પ્રયોગી એક આહારક મિશ્ર શરીર કાયપ્રયોગી અથવા ૬. કેટલાક ઔદારિકમિશ્ર શરીર કાયપ્રયોગી એક આહારક શરીર કાયપ્રયોગી કેટલાક આહારક મિશ્ર શરીર કાયપ્રયોગી અથવા ૭. કેટલાક ઔદારિક મિશ્ર શરીર કાયપ્રયોગી, કેટલાક આહારક શરીર કાયપ્રયોગી એક આહારક મિશ્ર શરીર કાયપ્રયોગી અથવા ૮. કેટલાક ઔદારિક મિશ્ર શરીર કાયપ્રયોગી કેટલાક આહારક શરીર કાયપ્રયોગી કેટલાક આહારક મિશ્રશરીર કાયપ્રયોગી હોય. – આ આઠ ભંગો થયા.

અથવા ૧. એક ઔદારિક મિશ્ર શરીર કાયપ્રયોગી એક આહારક શરીર કાયપ્રયોગી એક કાર્મણ શરીર કાયપ્રયોગી અથવા ૨. એક ઔદારિક મિશ્ર શરીર કાયપ્રયોગી, એક આહારક શરીર કાયપ્રયોગી કેટલાક કાર્મણ શરીર કાયપ્રયોગી અથવા ૩. એક ઔદારિક મિશ્ર શરીર કાયપ્રયોગી કેટલાક આહારક શરીર કાયપ્રયોગી એક કાર્મણ શરીર કાયપ્રયોગી અથવા ૪. એક ઔદારિક મિશ્ર શરીર કાયપ્રયોગી કેટલાક આહારક શરીર કાયપ્રયોગી, કેટલાક કાર્મણ શરીર કાયપ્રયોગી અથવા ૫. કેટલાક ઔદારિકમિશ્ર શરીર કાયપ્રયોગી એક આહારક શરીર કાયપ્રયોગી એક કાર્મણ શરીર કાયપ્રયોગી અથવા ૬. કેટલાક ઔદારિક મિશ્ર શરીર કાયપ્રયોગી એક આહારક શરીર કાયપ્રયોગી કેટલાક કાર્મણ શરીર કાયપ્રયોગી અથવા ૭. કેટલાક ઔદારિકમિશ્ર શરીર કાયપ્રયોગી કેટલાક આહારક શરીર કાયપ્રયોગી એક કાર્મણ શરીર કાયપ્રયોગી અથવા ૮. કેટલાક ઔદારિક મિશ્ર શરીર કાયપ્રયોગી કેટલાક આહારક શરીર કાયપ્રયોગી કેટલાક કાર્મણ શરીર કાયપ્રયોગી હોય. એ આઠ ભંગો થયા.

અથવા ૧. એક ઔદારિક મિશ્ર શરીર કાયપ્રયોગી એક આહારક મિશ્ર શરીર કાયપ્રયોગી એક કાર્મણ શરીર કાયપ્રયોગી અથવા ૨. એક ઔદારિક મિશ્ર શરીર કાયપ્રયોગી એક આહારક મિશ્ર શરીર કાયપ્રયોગી કેટલાક કાર્મણ શરીર કાયપ્રયોગી અથવા ૩. એક ઔદારિક મિશ્ર શરીર કાયપ્રયોગી કેટલાક આહારક મિશ્ર શરીર કાયપ્રયોગી, એક કાર્મણ શરીર કાયપ્રયોગી અથવા ૪. એક ઔદારિક મિશ્ર શરીર કાયપ્રયોગી કેટલાક આહારક મિશ્ર શરીર કાયપ્રયોગી કેટલાક કાર્મણ શરીર કાયપ્રયોગી અથવા ૫. કેટલાક ઔદારિક મિશ્ર શરીર કાયપ્રયોગી એક આહારક મિશ્ર એક કાર્મણ શરીર કાયપ્રયોગી અથવા ૬. કેટલાક ઔદારિક મિશ્ર શરીર કાયપ્રયોગી, એક આહારક મિશ્ર શરીર કાયપ્રયોગી કેટલાક કાર્મણ શરીર કાયપ્રયોગી અથવા ૭. કેટલાક ઔદારિક મિશ્ર શરીર કાયપ્રયોગી કેટલાક આહારક મિશ્ર શરીર કાયપ્રયોગી એક કાર્મણ શરીર કાયપ્રયોગી અથવા ૮. કેટલાક ઔદારિક મિશ્ર, કેટલાક આહારક મિશ્ર શરીર કાયપ્રયોગી કેટલાક કાર્મણ શરીર કાયપ્રયોગી હોય. એ આઠ ભંગ.

અથવા ૧. એક આહારક શરીર કાયપ્રયોગી એક આહારક મિશ્ર શરીર કાયપ્રયોગી એક કાર્મણ શરીર કાયપ્રયોગી અથવા ૨. એક આહારક શરીર કાયપ્રયોગી એક આહારક મિશ્ર શરીર કાયપ્રયોગી અનેક કાર્મણ શરીર કાયપ્રયોગી. અથવા ૩. એક આહારક શરીર કાયપ્રયોગી કેટલાક આહારક મિશ્ર શરીર કાયપ્રયોગી એક કાર્મણ શરીર કાયપ્રયોગી અથવા ૪. એક આહારક શરીર કાયપ્રયોગી કેટલાક આહારક મિશ્ર શરીર કાયપ્રયોગી કેટલાક કાર્મણ

શરીર કાયપ્રયોગી અથવા ૫. કેટલાક આહારક શરીર કાયપ્રયોગી એક આહારકમિશ્ર શરીર કાયપ્રયોગી એક કાર્મણ શરીર કાયપ્રયોગી અથવા ૬. કેટલાક આહારક શરીર કાયપ્રયોગી એક આહારકમિશ્ર શરીર કાયપ્રયોગી કેટલાક કાર્મણ શરીર કાયપ્રયોગી અથવા ૭. કેટલાક આહારક શરીર કાયપ્રયોગી કેટલાક આહારક મિશ્ર શરીર કાયપ્રયોગી એક કાર્મણ. અથવા ૮. કેટલાક આહારક શરીર કાયપ્રયોગી કેટલાક આહારક મિશ્ર શરીર કાયપ્રયોગી કેટલાક કાર્મણ શરીર કાયપ્રયોગી હોય.

એ પ્રમાણે ત્રિકસંયોગી આઠ ભંગો ચાર પ્રકારે થયા.

અથવા ૧. એક ઔદારિક મિશ્ર શરીર કાયપ્રયોગી એક આહારક શરીર કાયપ્રયોગી એક આહારક મિશ્ર શરીર કાયપ્રયોગી એક કાર્મણ શરીર કાયપ્રયોગી અથવા ૨. એક ઔદારિક મિશ્ર શરીર કાયપ્રયોગી એક આહારક શરીર કાયપ્રયોગી એક આહારક મિશ્ર શરીર કાયપ્રયોગી કેટલાક કાર્મણ શરીર કાયપ્રયોગી અથવા ૩. એક ઔદારિક મિશ્ર શરીર કાયપ્રયોગી એક આહારક શરીર કાયપ્રયોગી કેટલાક આહારક મિશ્ર શરીર કાયપ્રયોગી એક કાર્મણ શરીર કાયપ્રયોગી અથવા ૪. એક ઔદારિક મિશ્ર શરીર કાયપ્રયોગી એક આહારક શરીર કાયપ્રયોગી કેટલાક આહારક મિશ્ર શરીર કાયપ્રયોગી કેટલાક કાર્મણ શરીર કાયપ્રયોગી અથવા ૫. એક ઔદારિક મિશ્ર શરીર કાયપ્રયોગી કેટલાક આહારક શરીર કાયપ્રયોગી એક આહારક મિશ્ર શરીર કાયપ્રયોગી એક કાર્મણ શરીર કાયપ્રયોગી અથવા ૬. એક ઔદારિક મિશ્ર શરીર કાયપ્રયોગી કેટલાક આહારક શરીર કાયપ્રયોગી એક આહારક મિશ્ર શરીર કાયપ્રયોગી કેટલાક કાર્મણ શરીર કાયપ્રયોગી અથવા ૭. એક ઔદારિક મિશ્ર શરીર કાયપ્રયોગી કેટલાક આહારક શરીર કાયપ્રયોગી કેટલાક આહારક મિશ્ર શરીર કાયપ્રયોગી એક કાર્મણ શરીર કાયપ્રયોગી

અથવા ૮. એક ઔદારિક મિશ્ર શરીર કાયપ્રયોગી કેટલાક આહારક શરીર કાયપ્રયોગી કેટલાક આહારકમિશ્ર શરીર કાયપ્રયોગી કેટલાક કાર્મણ શરીર કાયપ્રયોગી અથવા ૯. કેટલાક ઔદારિકમિશ્ર શરીર કાયપ્રયોગી એક આહારક શરીર કાયપ્રયોગી એક આહારક મિશ્ર શરીર કાયપ્રયોગી એક કાર્મણ શરીર કાયપ્રયોગી અથવા ૧૦. કેટલાક ઔદારિકમિશ્ર શરીર કાયપ્રયોગી એક આહારક શરીર કાયપ્રયોગી એક આહારક મિશ્ર શરીર કાયપ્રયોગી કેટલાક કાર્મણ શરીર કાયપ્રયોગી અથવા ૧૧. કેટલાક ઔદારિક મિશ્ર શરીર કાયપ્રયોગી એક આહારક શરીર કાયપ્રયોગી કેટલાક આહારક મિશ્ર શરીર કાયપ્રયોગી એક કાર્મણ શરીર કાયપ્રયોગી અથવા ૧૨. કેટલાક ઔદારિકમિશ્ર શરીર કાયપ્રયોગી એક આહારક શરીર કાયપ્રયોગી કેટલાક આહારકમિશ્ર શરીર કાયપ્રયોગી કેટલાક કાર્મણ શરીર કાયપ્રયોગી અથવા ૧૪. કેટલાક ઔદારિક મિશ્ર શરીર કાયપ્રયોગી કેટલાક આહારક શરીર કાયપ્રયોગી એક આહારક મિશ્ર૦ કેટલાક કાર્મણ શરીર કાયપ્રયોગી અથવા ૧૫. કેટલાક ઔદારિકમિશ્ર શરીર કાયપ્રયોગી કેટલાક આહારક શરીર કાયપ્રયોગી કેટલાક આહારક મિશ્ર શરીર કાયપ્રયોગી એક કાર્મણ શરીર કાયપ્રયોગી અથવા ૧૬. કેટલાક ઔદારિક મિશ્ર શરીર કાયપ્રયોગી કેટલાક આહારક શરીર કાયપ્રયોગી કેટલાક આહારકમિશ્ર શરીર કાયપ્રયોગી કેટલાક કાર્મણશરીર પ્રયોગી હોય. એ પ્રમાણે ચતુઃસંયોગી સોળ ભંગ થાય. બધા મળીને મનુષ્યો વિશે ૮૦ ભંગો થાય.

વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિક અસુરકુમારવત્ જાણવા.

સૂત્ર-૪૪૧

ગતિપ્રપાત કેટલા ભેદે છે ? ગૌતમ ! પાંચ ભેદે – પ્રયોગગતિ, તતગતિ, બંધનછેદગતિ, ઉપપાતગતિ, વિહાયો.

પ્રયોગગતિ કેટલા ભેદે છે ? પંદર ભેદે – સત્યમન પ્રયોગગતિ૦ આદિ પ્રયોગ માફક પ્રયોગગતિ પણ કહેવી, તે કાર્મણ શરીર કાયપ્રયોગગતિ સુધી કહેવું.

ભગવન્ ! જીવોને કેટલા ભેદે પ્રયોગગતિ કહી છે ? ગૌતમ ! પંદર ભેદે – સત્ય મનપ્રયોગગતિ યાવત્ કાર્મણ શરીરપ્રયોગગતિ.

ભગવન્! નૈરયિકોને કેટલા ભેદે પ્રયોગગતિ છે ? **૧૧**–ભેદે. સત્યમન પ્રયોગગતિ આદિ. એ પ્રમાણે ઉપયોગપૂર્વક વૈમાનિક સુધી સ્વ–સ્વ પ્રયોગગતિ છે.

ભગવન્ ! જીવો સત્યમનપ્રયોગગતિ યાવત્ કાર્મણ શરીર કાયપ્રયોગ ગતિવાળા હોય ? ગૌતમ ! બધા જીવોની અપેક્ષાએ સત્યમનપ્રયોગગતિ પણ હોય, ઇત્યાદિ પૂર્વવત્. ભાંગા પણ તેમજ કહેવા. એમ વૈમાનિક પર્યન્ત જાણવું. આ પ્રયોગગતિ.

ભગવન્ ! તત ગતિ શું છે ? જેણે ગામ યાવત્ સંનિવેશ પ્રતિ પ્રયાણ કર્યું હોય, પણ ત્યાં પહોંચ્યા સિવાય માર્ગમાં વર્તતો હોય તે તતગતિ. એમ તતગતિ કહી.

ભગવન્ ! બંધનછેદગતિ શું છે ? જીવ શરીરથી કે શરીર જીવથી જુદું પડતા બંધનછેદ ગતિ થાય. આ બંધનછેદ ગતિ.

ભગવન્ ! ઉપપાતગતિ કેટલા ભેદે છે ? ત્રણ ભેદે – ક્ષેત્રોપપાત, ભવોપપાત, નોભવોપપાત.

ભગવન્ ! ક્ષેત્રોપપાતગતિ કેટલા ભેદે છે ? પાંચ ભેદે–નૈરયિક ક્ષેત્રોપપાતગતિ યાવત્ દેવ ક્ષેત્રોપપાતગતિ, સિદ્ધ ક્ષેત્રોપપાતગતિ.

ભગવન્ ! નૈરયિક ક્ષેત્રોપપાતગતિ કેટલા ભેદે છે ? સાત ભેદે–રત્નપ્રભા પૃથ્વી નૈરયિક ક્ષેત્રોપપાત ગતિ યાવત્ અધઃસપ્તમી પૃથ્વી નૈરયિક ક્ષેત્રોપપાત ગતિ.

ભગવન્ ! તિર્યંચયોનિક ક્ષેત્રોપપાતગતિ કેટલા ભેદે છે? પાંચ ભેદે–એકેન્દ્રિય તિર્યંચયોનિક ક્ષેત્રોપપાતગતિ યાવત્ પંચેન્દ્રિય તિર્યંચયોનિક ક્ષેત્રોપપાતગતિ.

ભગવન્ ! મનુષ્ય ક્ષેત્રોપપાતગતિ કેટલા ભેદે છે ? બે ભેદે–સંમૂર્ચ્છિમ મનુષ્ય ક્ષેત્રોપપાતગતિ અને ગર્ભજ મનુષ્ય ક્ષેત્રોપપાતગતિ.

ભગવન્ દેવ ક્ષેત્રોપપાતગતિ કેટલા ભેદે છે ? ચાર ભેદે–ભવનપતિ દેવ ક્ષેત્રોપપાતગતિ યાવત્ વૈમાનિક દેવ ક્ષેત્રોપપાતગતિ

ભગવન્ ! સિદ્ધક્ષેત્રોપપાતગતિ કેટલા ભેદે છે ? અનેક ભેદે – જંબૂદ્વીપ દ્વીપમાં ભરત અને ઐરવત ક્ષેત્ર ઉપર ચારે દિશા–વિદિશામાં સિદ્ધ ક્ષેત્રોપપાતગતિ છે. જંબૂદ્વીપ દ્વીપમાં ચુલ્લહિમવંત અને શિખર પર્વતની ઉપર, હૈમવત–હૈરણ્યવત ક્ષેત્ર ઉપર, શબ્દાપાતી–વિકટાપાતી વૃત્તવૈતાઢ્ય ઉપર, મહાહિમવંત–રુક્મિ વર્ષધર પર્વતની ઉપર, હરિવર્ષ–રમ્યક્ વર્ષની ઉપર, ગંધાપાતી–માલ્યવંત વૃત્તવૈતાઢ્યની ઉપર, નિષધ–નીલવંત વર્ષધર પર્વત ઉપર, પૂર્વ–પશ્ચિમ વિદેહની ઉપર, દેવકુરુ–ઉત્તરકુરુ ની ઉપર, મંદર પર્વતની ઉપર આ બધા સ્થાને. ચારે દિશા–વિદિશામાં સિદ્ધ ક્ષેત્રોપપાત ગતિ છે.

ભગવન્ ! લવણસમુદ્રની ઉપર ચારે દિશા–વિદિશામાં, ધાતકીખંડ દ્વીપના પૂર્વાર્દ્ધ–પશ્ચિમાર્દ્ધના મેરુની ઉપર, કાલોદ સમુદ્રની ઉપર, પુષ્કરવર દ્વીપાર્દ્ધના પૂર્વાર્દ્ધના ભરત, ઐરવત ક્ષેત્રની ઉપર, એ પ્રમાણે યાવત્ પુષ્કરવર દ્વીપાર્દ્ધના પશ્ચિમાર્દ્ધમાં મેરુની ઉપર ચારે દિશા–વિદિશામાં સિદ્ધક્ષેત્રોપપાત ગતિ કહી છે.

આ પ્રમાણે સિદ્ધક્ષેત્રોપપાત ગતિ કહી.

ભગવન્ ! ભવોપપાત ગતિ કેટલા ભેદે છે ? ચાર ભેદે – નૈરયિક ભવોપપાત ગતિ યાવત્ દેવભવોપપાત ગતિ. નૈરયિકભવોપપાત ગતિ સાત ભેદે છે, ઇત્યાદિ ક્ષેત્રોપપાતગતિના સિદ્ધ સિવાયનો ભેદ અહીં કહેવા. એ પ્રમાણે ભવોપપાત ગતિ કહી.

ભગવન્ ! નોભવોપપાતગતિ કેટલા ભેદે છે ? બે ભેદે– પુદ્‌ગલનોભવોપપાત ગતિ, સિદ્ધનોભવોપપાત ગતિ

ભગવન્ ! પુદ્‌ગલ નોભવોપપાત ગતિ કેવી છે ? પરમાણુ પુદ્‌ગલ જે લોકના પૂર્વ ચરમાંતથી પશ્ચિમ ચરમાંત

સુધી એક સમયમાં જાય અને પશ્ચિમથી પૂર્વ ચરમાંત સુધી એક સમયમાં જાય, એ રીતે દક્ષિણથી ઉત્તર અને ઉત્તરથી દક્ષિણ ચરમાંત સુધી જાય, ઉપરથી નીચે અને નીચેથી ઉપરના ચરમાંત સુધી જાય, તેને પુદ્‌ગલ ભવોપપાત ગતિ કહેવાય છે.

ભગવન્‌ ! સિદ્ધ–નોભવોપપાત ગતિ કેટલા ભેદે છે ? બે ભેદે – અનંતર સિદ્ધ–નોભવોપપાત ગતિ અને પરંપર સિદ્ધ–નોભવોપપાત ગતિ.

ભગવન્‌ ! અનંતર સિદ્ધ–નોભવોપપાત ગતિ કેટલા ભેદે છે? પંદર ભેદે – તીર્થસિદ્ધ નોભવોપપાત ગતિ યાવત્‌ અનેક સિદ્ધ અનંતર નોભવોપપાત ગતિ

પરંપર સિદ્ધ–નોભવોપપાત ગતિ કેટલા ભેદે છે ? અનેક ભેદે – અપ્રથમ સમય પરંપર સિદ્ધ–નોભવોપપાત ગતિ એ પ્રમાણે દ્વિસમયસિદ્ધ પરંપર સિદ્ધ–નોભવોપપાત ગતિ યાવત્‌ અનંતસમય સિદ્ધ–નોભવોપપાત ગતિ. એ પ્રમાણે ઉપપાતગતિ કહી.

વિહાયોગતિ કેટલા ભેદે છે ? ૧૭ ભેદે – સ્પૃશદ્‌, અસ્પૃશદ્‌, ઉપસંપદ્યમાન, અનુપસંપદ્યમાન, પુદ્‌ગલ, મંડુક, નૌકા, નય, છાયા, છાયાનુપાત, લેશ્યા, લેશ્યાનુપાત, ઉદ્દિશ્ય પ્રવિભક્ત, ચતુઃપુરુષ પ્રવિભક્ત, વક્ર, પંક, બંધનમોચનગતિ.

૧. સ્પૃશદ્‌ગતિ કેવી છે ? પરમાણુ પુદ્‌ગલ, દ્વિપ્રદેશી યાવત્‌ અનંતપ્રદેશી સ્કંધોની પરસ્પર સ્પર્શ કરીને જે ગતિ પ્રવર્તે તે સ્પૃશદ્‌ગતિ.

૨. અસ્પૃશદ્‌ગતિ – પરસ્પર સ્પર્શ કર્યા વિના એ પરમાણુની ગતિ.

૩. ઉપસંપદ્યમાન ગતિ – રાજા, યુવરાજ, ઇશ્વર, તલવર, માડંબિક, કૌટુંબિક, ઇભ્ય, શ્રેષ્ઠી, સેનાપતિ, સાર્થવાહને અનુસરીને ગમન કરે તે ગતિ.

૪. અનુપસંપદ્યમાન ગતિ – તેઓ એકબીજાને અનુસર્યા સિવાય જે ગતિ કરે તે.

૫. પુદ્‌ગલ ગતિ – પરમાણુ પુદ્‌ગલ યાવત્‌ અનંતપ્રદેશી સ્કંધની જે ગતિ પ્રવર્તે છે તે.

૬. મંડુક ગતિ – દેડકો કૂદી કૂદીને જે ગમન કરે તે.

૭. નૌકા ગતિ – જે પૂર્વે વેતાલીથી દક્ષિણ વેતાલી જળ માર્ગે જાય તે.

૮. નય ગતિ – જે નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુ સૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત નયોની ગતિ. અથવા સર્વ નયો જે ઇચ્છે તે.

૯. છાયા ગતિ – ઘોડા કે હાથી કે મનુષ્ય કે કિન્નર કે મહોરગ કે ગંધર્વ કે વૃષભ કે રથ કે છત્રની છાયાને અનુસરીને ગમન કરે તે.

૧૦. છાયાનુપાત ગતિ – જે કારણે પુરુષને છાયા અનુસરે પણ પુરુષ છાયાને ન અનુસરે તે ગતિ.

૧૧. લેશ્યા ગતિ – જે કૃષ્ણલેશ્યા નીલ લેશ્યાને પામીને તે રૂપપણે – વર્ણ–ગંધ–રસ–સ્પર્શપણે વારંવાર પરિણમે, એ પ્રમાણે નીલ લેશ્યા, કાપોતલેશ્યાને પામીને, કાપોતલેશ્યા તેજોલેશ્યાને પામીને, તેજોલેશ્યા પદ્મલેશ્યાને પામીને, પદ્મલેશ્યા શુક્લલેશ્યાને પામીને જે તદ્‌રૂપપણે યાવત્‌ પરિણમે તે લેશ્યા ગતિ.

૧૨. લેશ્યાનુપાત ગતિ – જે લેશ્યાવાળા દ્રવ્યો ગ્રહણ કરી મરણ પામે, તે લેશ્યાવાળામાં ઉત્પન્ન થાય. જેમ કે કૃષ્ણલેશ્યા વાળામાં યાવત્‌ શુક્લ લેશ્યા વાળામાં.

૧૩. ઉદ્દિશ્ય પ્રવિભક્ત ગતિ – જે આચાર્ય, ઉપાધ્યાય, સ્થવિર, પ્રવર્તક, ગણિ, ગણધર, ગણાવચ્છેદકને ઉદ્દેશી ઉદ્દેશીને ગમન કરે તે.

૧૪. ચતુઃપુરુષ પ્રવિભક્ત ગતિ – જેમ કે, ૧. ચાર પુરુષો એક સાથે તૈયાર થઈ એક સાથે ગતિ કરે ૨. એક

સાથે તૈયાર થઈ જુદા સમયે ગતિ કરે ૩. જુદા સમયે તૈયાર થઈ, સાથે ગતિ કરે, ૪. જુદા જુદા સમયે તૈયાર થઈ જુદા જુદા ગતિ કરે તે ચતુઃપુરુષ પ્રવિભક્ત ગતિ.

**૧૫.** વક્રગતિ – ચાર ભેદે, ઘટ્ટનતા, સ્તંભનતા, શ્લેષણતા, પતનતા.

**૧૬.** પંકગતિ – જેમ કોઈ પુરુષ કાદવ કે પાણીમાં પોતાના શરીરને ટેકો આપીને ગતિ કરે.

**૧૭.** બંધન વિમોચન ગતિ કેવી છે? પક્વ થયેલા અને બંધનથી જુદા થયેલા આમ્ર, અંબાડક, બીજોર, બીલા, કોઠા, ભચ્ચ, ફણસ, દાડમ, પારાવત્, અખોડ, ચાર, બોર અને તિંદુકની નિર્વ્યાઘાત, નીચે સ્વાભાવિક ગતિ થાય તે બંધન વિમોચન ગતિ. તે વિહાયોગતિ કહી.

પદ-૧૬ 'પ્રયોગ' મુનિ દીપરત્નસાગરે કરેલ ભાવાનુવાદ પૂર્ણ

# પદ–૧૭ ' લેશ્યા'

## પદ–૧૭, ઉદ્દેશો–૧

### સૂત્ર–૪૪૨ થી ૪૪૪

૪૪૨. સમ આહાર, સમ શરીર, સમ ઉચ્છ્વાસ, કર્મ, વર્ણ, લેશ્યા, સમ વેદના, સમ ક્રિયા અને સમ આયુ એ સાત અધિકારો આ ઉદ્દેશામાં નિરૂપાયેલ છે.

૪૪૩. ભગવન્ ! નૈરયિકો બધા સમાનાહારી, બધા સમાન શરીરી, બધા સમાન ઉચ્છ્વાસનિઃશ્વાસવાળા છે ? હે ગૌતમ ! આ અર્થ યુક્ત નથી.

ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ! નૈરયિકો બે પ્રકારે – મહાશરીરી અને અલ્પશરીરી. તેમાં જેઓ મહાશરીરી છે, તેઓ ઘણા પુદ્ગલો આહારે છે, ઘણા પુદ્ગલો પરિણમાવે છે, ઘણા પુદ્ગલો ઉચ્છ્વાસરૂપે ગ્રહણ કરે છે અને નિઃશ્વાસરૂપે મૂકે છે. વારંવાર – આહાર કરે છે, પરિણમાવે છે, ઉચ્છ્વાસ રૂપે લે છે, નિઃશ્વાસ રૂપે છોડે છે. તેમાં જે અલ્પશરીરી છે, તે અલ્પ પુદ્ગલોનો આહાર કરે છે – પરિણમાવે છે – ઉચ્છ્વાસ રૂપે લે છે અને નિઃશ્વાસ રૂપે મૂકે છે. કદાચિત્ – આહાર લે છે, પરિણમાવે છે, ઉચ્છ્વાસ લે છે અને નિઃશ્વાસ મૂકે છે, તે હેતુથી કહ્યું કે નૈરયિકો બધા સમાન આહારવાળા યાવત્ સમાન ઉચ્છ્વાસ–નિઃશ્વાસવાળા નથી.

૪૪૪. ભગવન્ ! નૈરયિકો બધા સમાન કર્મવાળા છે ? ગૌતમ ! આ અર્થ અયુક્ત છે.

ભગવન્! એમ કેમ કહો છો ? ગૌતમ! નૈરયિકો બે ભેદે – પૂર્વોત્પન્ન, પશ્ચાતોત્પન્ન. તેમાં જે પૂર્વે ઉત્પન્ન છે, તે અલ્પકર્મી છે, પછીથી ઉત્પન્ન છે, તે મહાકર્મી છે. તે હેતુથી હું એમ કહું છું કે બધા નૈરયિક સમાન કર્મવાળા નથી.

ભગવન્ ! નૈરયિકો બધા સમાનવર્ણી છે ? ગૌતમ ! એ અર્થ યુક્ત નથી.

ભગવન્ ! એમ કેમ કહો છો ? ગૌતમ ! નૈરયિક બે ભેદે – પૂર્વોત્પન્ન, પશ્ચાતોત્પન્ન. તેમાં જે પૂર્વે ઉત્પન્ન છે, તે વિશુદ્ધતર વર્ણવાળા છે, પછી ઉત્પન્ન છે, તે અવિશુદ્ધ વર્ણવાળા છે. એ હેતુથી કહ્યું કે – બધા નૈરયિકો સમાન વર્ણવાળા નથી.

એ પ્રમાણે જેમ વર્ણમાં કહ્યું, તેમ લેશ્યામાં વિશુદ્ધ લેશ્યાવાળા અને અવિશુદ્ધ લેશ્યાવાળા કહેવા.

ભગવન્ ! નૈરયિકો બધા સમાન વેદનાવાળા છે ? ગૌતમ ! આ અર્થ યુક્ત નથી.

ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! નૈરયિકો બે ભેદે – સંજ્ઞીભૂત અને અસંજ્ઞીભૂત. તેમાં જે સંજ્ઞીભૂત છે, તે મહાવેદનાવાળા છે, જે અસંજ્ઞીભૂત છે, તે અલ્પ વેદનાવાળા છે. તે હેતુથી – નૈરયિકો બધા સમાન વેદનાવાળા નથી.

### સૂત્ર–૪૪૫

ભગવન્ ! નૈરયિકો બધા સમાન ક્રિયાવાળા છે ? ગૌતમ ! એ અર્થ યુક્ત નથી.

ભગવન્ ! એમ કેમ કહ્યું નૈરયિકો બધા સમાન ક્રિયાવાળા નથી ? ગૌતમ ! નૈરયિકો ત્રણ પ્રકારે – સમ્યગ્દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ, મિશ્રદૃષ્ટિ.

જે સમ્યગ્દૃષ્ટિ છે, તેમને ચાર ક્રિયા છે – આરંભિકી, પારિગ્રહિકી, માયા પ્રત્યયિકી, અપ્રત્યાખ્યાન ક્રિયા. મિથ્યા અને મિશ્રદૃષ્ટિને અવશ્ય પાંચ ક્રિયા છે – આરંભિકી, પારિગ્રહિકી, માયા પ્રત્યયિકી, અપ્રત્યાખ્યાન ક્રિયા, મિથ્યાદર્શન પ્રત્યયિકી. તેથી ગૌતમ ! એમ કહ્યું કે – નૈરયિકો બધા સમાન ક્રિયાવાળા નથી.

ભગવન્ ! નૈરયિકો બધા સમાયુ અને સમોત્પન્નક છે ? ગૌતમ ! તે અર્થ યુક્ત નથી.

ભગવન્ ! એમ કેમ કહ્યું નૈરયિકો બધા સમાયુ અને સમોત્પન્નક નથી ? નૈરયિકો ચાર ભેદે કહ્યા છે – કેટલાંક સમાયુષ્ક–સમોત્પન્ન, કેટલાક સમાયુષ્ક–વિષમોત્પન્ન, કેટલાંક વિષમાયુષ્ક–સમોત્પન્ન, કેટલાંક વિષમાયુષ્ક–

વિષમોત્પન્ન. તેથી ગૌતમ ! એમ કહ્યું કે બધા નારકો સમાનાયુવાળા અને સાથે ઉત્પન્ન થયેલ ન હોય.

સૂત્ર–૪૪૬

ભગવન્ ! અસુરકુમારો બધા સમાન આહારવાળા છે, બધા સમાન શરીરી, બધા સમાન ઉચ્છ્વાસ નિઃશ્વાસવાળા છે ? ગૌતમ ! આ અર્થ યુક્ત નથી. એમ કેમ કહો છો ? નૈરયિકવત્ કહેવું.

ભગવન્ ! અસુરકુમારો બધા સમાનકર્મી છે ? આ અર્થ યુક્ત નથી.

ભગવન્ ! એમ કેમ કહો છો ? ગૌતમ ! અસુરકુમારો બે ભેદે છે – પૂર્વોત્પન્ન, પશ્ચાતોત્પન્ન. પૂર્વોત્પન્ન મહાકર્મી છે અને પશ્ચાતોત્પન્ન અલ્પકર્મી છે, તેથી કહ્યું કે બધા સમકર્મી નથી.

એ પ્રમાણે વર્ણ અને લેશ્યામાં પૂછવું. તેમાં જે પૂર્વોત્પન્ન છે, તે અવિશુદ્ધ વર્ણવાળા છે, જે પશ્ચાતોત્પન્ન છે તે વિશુદ્ધ વર્ણવાળા છે. તેથી કહું છું કે બધા અસુરકુમારો સમવર્ણી નથી. એ પ્રમાણે લેશ્યામાં જાણવું. વેદના આદિ સંબંધે નૈરયિકવત્ સમજવું. એ પ્રમાણે સ્તનિતકુમાર સુધી જાણવું.

સૂત્ર–૪૪૭

પૃથ્વીકાયિકો આહાર, કર્મ, વર્ણ, લેશ્યાથી નૈરયિકો માફક જાણવા.

પૃથ્વીકાયિકો બધા સમાન વેદનાવાળા છે ? હા, ગૌતમ ! છે. ભગવન્! એમ કેમ કહો છો ? પૃથ્વીકાયિકો બધા અસંજ્ઞી છે, અસંજ્ઞીભૂત અનિયત વેદના વેદે છે. તેથી કહ્યું કે – પૃથ્વીકાયિકો બધા સમાન વેદનાવાળા છે.

ભગવન્ ! પૃથ્વીકાયિકો બધા સમાન ક્રિયાવાળા છે ? હા, ગૌતમ ! છે. ભગવન્ ! એમ કેમ કહ્યું? પૃથ્વીકાયિકો બધા માયી મિથ્યાદષ્ટિ છે, તેમને પાંચ ક્રિયાઓ અવશ્ય હોય. તે આ – આરંભિકી, પારિગ્રહિકી, માયાપ્રત્યયિકી, અપ્રત્યાખ્યાન ક્રિયા અને મિથ્યાદર્શનપ્રત્યયિકી. તે હેતુથી આમ કહ્યું. એ પ્રમાણે ચઉરિન્દ્રિયો સુધી જાણવું.

પંચેન્દ્રિય તિર્યંચો નૈરયિક વત્ જાણવા. પરંતુ ક્રિયા વડે સમ્યગ્દષ્ટિ, મિથ્યાદષ્ટિ, મિશ્રદષ્ટિ હોય છે.જે સમ્યગ્દષ્ટિ છે તે બે ભેદે છે – અસંયત અને સંયતાસંયત. તેમાં સંયતાસંયતને ત્રણ ક્રિયાઓ છે – આરંભિકી, પારિગ્રહિકી, માયાપ્રત્યયિકી. જે અસંયત છે, તેમને ચાર ક્રિયાઓ છે – આરંભિકી, પારિગ્રહિકી, માયા પ્રત્યયિકી, અપ્રત્યાખ્યાન ક્રિયા. જે મિથ્યાદષ્ટિ અને મિશ્રદષ્ટિ છે, તેમને અવશ્ય પાંચ ક્રિયા છે – ઉક્ત ચાર ક્રિયા અને મિથ્યાદર્શન પ્રત્યયિકી. બાકી પૂર્વવત્.

સૂત્ર–૪૪૮

ભગવન્ ! મનુષ્યો બધા સમાન આહારવાળા છે ? એ અર્થ સમર્થ નથી.

ભગવન્ ! એમ કેમ કહો છો ? ગૌતમ ! મનુષ્યો બે ભેદે – મહાશરીરી અને અલ્પશરીરી. મહાશરીરી ઘણાં પુદ્‌ગલોનો આહાર કરે છે યાવત્ ઘણા પુદ્‌ગલો નિઃશ્વાસરૂપે મૂકે છે. કદાચિત્ આહાર ગ્રહણ કરે, કદાચિત્ નિઃશ્વાસ મૂકે. અલ્પશરીરી થોડાં પુદ્‌ગલ આહારે યાવત્ અલ્પ પુદ્‌ગલો નિઃશ્વાસ રૂપે મૂકે. વારંવાર આહારે યાવત્ વારંવાર નિઃશ્વાસ મૂકે. તે કારણે એમ કહ્યું કે – મનુષ્યો બધા સમાનાહારી નથી. શેષ નૈરયિકવત્ જાણવું.

પરંતુ – ક્રિયામાં મનુષ્યો ત્રણ ભેદે – સમ્યગ્દષ્ટિ, મિથ્યાદષ્ટિ, મિશ્રદષ્ટિ.

સમ્યગ્દષ્ટિ ત્રણ ભેદે – સંયત, અસંયત, સંયતાસંયત. સંયત બે ભેદે – સરાગ સંયત, વીતરાગ સંયત. વીતરાગ સંયત ક્રિયારહિત છે. સરાગ સંયત બે ભેદે – પ્રમત્ત સંયત, અપ્રમત્ત સંયત. અપ્રમત્ત સંયતને એક માયાપ્રત્યયિકી ક્રિયા હોય. પ્રમત્તસંયતને બે ક્રિયા – આરંભિકી, માયાપ્રત્યયિકી. સંયતાસંયતને ત્રણ ક્રિયા – આરંભિકી, માયાપ્રત્યયિકી, પારિગ્રહિકી. અસંયતને ચાર ક્રિયા – ઉક્ત ત્રણ અને અપ્રત્યાખ્યાન ક્રિયા.

મિથ્યા અને મિશ્રદષ્ટિને પાંચે ક્રિયા હોય. ઉક્ત ચાર અને મિથ્યાદર્શન પ્રત્યયિકી. બાકી બધું નૈરયિકવત્.

સૂત્ર–૪૪૯

વ્યંતરો, અસુરકુમારવત્ જાણવા. એ પ્રમાણે જ્યોતિષ્ક અને વૈમાનિક પણ જાણવા. પણ વેદનામાં તેઓ બે પ્રકારે છે – માયી મિથ્યાદૃષ્ટિ ઉપપન્નક અને અમાયી સમ્યગ્દૃષ્ટિ ઉપપન્નક. માયી મિથ્યાદૃષ્ટિ ઉપપન્નક અલ્પ વેદનાવાળા છે, અમાયી સમ્યગ્દૃષ્ટિ ઉપપન્નક મહાવેદનાવાળા છે. માટે ગૌતમ ! એમ કહું છું. બાકી પૂર્વવત્.

સૂત્ર–૪૫૦

ભગવન્ ! સલેશ્ય નૈરયિકો બધા સમાહારી, સમ શરીરી, સમ ઉચ્છ્વાસ–નિઃશ્વાસવાળા છે ? એમ બધાની પૃચ્છા કરવી. ગૌતમ ! ઔધિક આલાવા માફક સલેશ્યા આલાવો પણ સંપૂર્ણ વૈમાનિક સુધી કહેવો.

ભગવન્ ! કૃષ્ણલેશ્યી નૈરયિકો બધા સમાહારી છે ઇત્યાદિ પૃચ્છા. ગૌતમ ! ઔધિકવત્ કહેવું. પણ વેદનામાં માયી મિથ્યાદૃષ્ટિ ઉપપન્નક, અમાયી સમ્યગ્દૃષ્ટિ ઉપપન્નક કહેવા. બાકી બધું ઔધિકવત્. અસુરકુમારથી વ્યંતર સુધી બધું ઔધિકવત્. વિશેષ એ – મનુષ્યોની ક્રિયામાં ભેદ છે. યાવત્ તેમાં જે સમ્યગ્દૃષ્ટિ છે, તેઓ ત્રણ પ્રકારે છે – સંયત, અસંયત, સંયતાસંયત–ઇત્યાદિ ઔધિકવત્ કહેવા. જ્યોતિષ્ક અને વૈમાનિકમાં આદિ ત્રણ લેશ્યા ન પૂછવી. કૃષ્ણલેશ્યી નૈરયિકોવત્ નીલલેશ્યી પણ વિચારવા.

કાપોતલેશ્યી નૈરયિકોથી આરંભી વ્યંતર સુધી કહેવા. પણ કાપોતલેશ્યી નૈરયિકોમાં વેદનામાં ઔધિકનૈરયિકવત્.

ભગવન્! તેજોલેશ્યી અસુરકુમાર૦ પૂર્વવત્ પૃચ્છા. ગૌતમ! ઔધિકની માફક કહેવા. વિશેષ આ – વેદના, જ્યોતિષ્કવત્ કહેવી. પૃથ્વી૦, અપ્૦, વનસ્પતિકાય, પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યો ઔધિકવત્ કહેવા. પરંતુ મનુષ્યોમાં ક્રિયાઓમાં સંયત છે તે બે પ્રકારે – પ્રમત્ત અને અપ્રમત્ત. પણ સરાગ, વીતરાગ ભેદ ન થાય.

વ્યંતરો, તેજોલેશ્યામાં અસુરકુમારવત્ કહેવા. એમ જ્યોતિષ્ક, વૈમાનિક પણ જાણવા. બાકી પૂર્વવત્. એ પ્રમાણે પદ્મલેશ્યી પણ કહેવા. પછી જેને હોય તેને કહેવી. એમ જ શુક્લલેશ્યી જાણવા. બાકી બધું ઔધિકવત્ કહેવું. પરંતુ પદ્મ અને શુક્લલેશ્યા પંચેન્દ્રિય તિર્યંચ, મનુષ્ય અને વૈમાનિકને જ જાણવી, બીજાને નહીં.

## પદ–૧૭, ઉદ્દેશો–૨

સૂત્ર–૪૫૧ થી ૪૫૩

**૪૫૧.** ભગવન્ ! લેશ્યા કેટલી છે ? ગૌતમ ! છ, આ પ્રમાણે – કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા, કાપોતલેશ્યા, તેજોલેશ્યા, પદ્મલેશ્યા, શુક્લલેશ્યા.

**૪૫૨.** ભગવન્ ! નૈરયિકોને કેટલી લેશ્યા છે ? ગૌતમ ! ત્રણ – કૃષ્ણ, નીલ, કાપોત.

ભગવન્ ! તિર્યંચોને કેટલી લેશ્યા છે ? ગૌતમ ! છ – કૃષ્ણ યાવત્ શુક્લલેશ્યા.

ભગવન્! એકેન્દ્રિયોને કેટલી લેશ્યા છે ? ગૌતમ ! ચાર – કૃષ્ણ યાવત્ તેજોલેશ્યા.

ભગવન્ ! પૃથ્વીકાયિકોને કેટલી લેશ્યા છે ? ગૌતમ ! એકેન્દ્રિય પ્રમાણે જાણવું. અપ્કાયિક અને વનસ્પતિ–કાયિકોને પણ એમ જ જાણવું. તેઉકાયિકો વાયુકાયિકો વિકલેન્દ્રિયોને નૈરયિકોની માફક જાણવા.

પંચેન્દ્રિય તિર્યંચની પૃચ્છા. ગૌતમ ! તેમને છ લેશ્યા હોય – કૃષ્ણલેશ્યા યાવત્ શુક્લલેશ્યા.

સંમૂર્ચ્છિમ તિર્યંચ પંચેન્દ્રિયની પૃચ્છા – ગૌતમ! નૈરયિકોવત્ જાણવું. ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચોની પૃચ્છા – ગૌતમ ! છ લેશ્યા હોય – કૃષ્ણ યાવત્ શુક્લ૦

તિર્યંચયોનિક સ્ત્રી સંબંધી પૃચ્છા – ગૌતમ ! એ જ છ લેશ્યાઓ હોય છે.

મનુષ્યોની પૃચ્છા – ગૌતમ ! એ જ છ લેશ્યા હોય છે. સંમૂર્ચ્છિમ મનુષ્યોની પૃચ્છા – ગૌતમ ! નૈરયિકોવત્ જાણવું. ગર્ભજ મનુષ્યોની પૃચ્છા – છ લેશ્યા છે, કૃષ્ણ યાવત્ લેશ્યા

મનુષ્ય સ્ત્રી વિશે પૃચ્છા – ગૌતમ ! એમ જ જાણવું.

દેવ વિશે પૃચ્છા – એ જ છ લેશ્યાઓ હોય. દેવી વિશે પૃચ્છા – ચાર લેશ્યા હોય, કૃષ્ણ યાવત્ તેજોલેશ્યા.

ભવનવાસી દેવો વિશે પૃચ્છા – ગૌતમ ! એમ જ છે. ભવનવાસી દેવી પણ તેમજ જાણવા. વ્યંતર દેવ અને દેવી પણ તેમજ જાણવા. જ્યોતિષ્ક વિશે પૃચ્છા – ગૌતમ! એક તેજોલેશ્યા હોય. એ પ્રમાણે જ્યોતિષ્ક દેવી પણ જાણવી. વૈમાનિક વિશે પૃચ્છા – ગૌતમ! ત્રણ – તેજો, પદ્મ, શુક્લ લેશ્યા. વૈમાનિકીને એક તેજોલેશ્યા.

૪૫૩. ભગવન્ ! આ સલેશ્યી, કૃષ્ણલેશ્યી યાવત્ શુક્લલેશ્યી અને અલેશ્યી જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી થોડાં જીવો શુક્લલેશ્યી છે, પદ્મલેશ્યી તેથી સંખ્યાતગણા, તેજોલેશ્યી તેથી સંખ્યાતગણા, અલેશ્યી તેથી અનંતગણા, કાપોતલેશ્યી તેથી અનંતગણા, નીલલેશ્યી વિશેષાધિક, કૃષ્ણલેશ્યી વિશેષાધિક અને તેનાથી સલેશ્યી જીવો વિશેષાધિક છે.

સૂત્ર–૪૫૪, ૪૫૫

૪૫૪. ભગવન્ ! આ કૃષ્ણલેશ્યી, નીલલેશ્યી, કાપોતલેશ્યી નૈરયિકોમાં કોણ કોનાથી અલ્પ બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી થોડાં નૈરયિકો કૃષ્ણલેશ્યી છે, નીલલેશ્યી તેનાથી અસંખ્યાતગણા, કાપોતલેશ્યી તેનાથી અસંખ્યાતગણા.

૪૫૫. ભગવન્ ! આ કૃષ્ણલેશ્યી યાવત્ શુક્લલેશ્યી તિર્યંચોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? ગૌતમ ! શુક્લલેશ્યી તિર્યંચો સૌથી થોડાં છે, ઔઘિકવત્ બધું કહેવું, પણ અલેશ્યીને વર્જવા.

ભગવન્ ! કૃષ્ણલેશ્યી યાવત્ તેજોલેશ્યી એકેન્દ્રિયોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી થોડાં એકેન્દ્રિયો તેજોલેશ્યી છે, કાપોતલેશ્યી તેનાથી અનંતગણા, નીલલેશ્યી વિશેષાધિક, કૃષ્ણલેશ્યી વિશેષાધિક છે.

ભગવન્ ! કૃષ્ણલેશ્યી યાવત્ તેજોલેશ્યી પૃથ્વીકાયિકોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? ઔઘિક એકેન્દ્રિયોવત્ કહેવા. પણ કાપોતલેશ્યી અસંખ્યાતગણા છે. એ પ્રમાણે અપ્કાયિકો કહેવા.

ભગવન્ ! કૃષ્ણલેશ્યી–નીલલેશ્યી–કાપોતલેશ્યી તેઉકાયિકોમાં કોણ કોનાથી અલ્પાદિ છે ? સૌથી થોડા કાપોતલેશ્યી તેઉકાયિક છે, નીલલેશ્યી વિશેષાધિક છે. કૃષ્ણલેશ્યી વિશેષાધિક એ પ્રમાણે વાયુકાયિકોને કહેવા.

ભગવન્ ! કૃષ્ણલેશ્યી યાવત્ તેજોલેશ્યી વનસ્પતિકાયિકોમાં અલ્પબહુત્વ– ઔઘિકવત્ જાણવું. બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિયને તેઉકાયિકવત્ કહેવા.

ભગવન્ ! કૃષ્ણલેશ્યી યાવત્ શુક્લલેશ્યી પંચેન્દ્રિય તિર્યંચોમાં અલ્પબહુત્વ – સામાન્ય તિર્યંચવત્ કહેવું. પરંતુ કાપોતલેશ્યી અસંખ્યાતગણા છે. સંમૂર્ચ્છિમ પંચે પંચેન્દ્રિય તિર્યંચ તેઉકાયિકવત્ જાણવા. ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચ ઔઘિકવત્ કહેવા. પરંતુ કાપોતલેશ્યી સંખ્યાતગણા કહેવા. એમ તિર્યંચિણી પણ કહેવી.

ભગવન્ ! કૃષ્ણલેશ્યી યાવત્ શુક્લલેશ્યી સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચ અને ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચમાં અલ્પબહુત્વ – ગૌતમ ! સૌથી થોડા ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચ શુક્લલેશ્યી, પદ્મલેશ્યી સંખ્યાતગણા, કાપોતલેશ્યી સંખ્યાતગણા, નીલલેશ્યી વિશેષાધિક, કૃષ્ણલેશ્યી વિશેષાધિક, કાપોતલેશ્યી સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચ અસંખ્યાતગણા, નીલલેશ્યી વિશેષાધિક કૃષ્ણલેશ્યી વિશેષાધિક છે.

ભગવન્ ! કૃષ્ણલેશ્યી યાવત્ શુક્લલેશ્યી સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચ અને તિર્યંચ સ્ત્રીઓમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? જેમ પાંચમું કહ્યું તેમ આ છઠ્ઠું અલ્પબહુત્વ કહેવું.

ભગવન્ ! કૃષ્ણલેશ્યી યાવત્ શુક્લલેશ્યી ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચ અને તિર્યંચ સ્ત્રીઓમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? સૌથી થોડાં શુક્લલેશ્યી ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચો, શુક્લલેશ્યી તિર્યંચ સ્ત્રી સંખ્યાતગણી, પદ્મલેશ્યી ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચો સંખ્યાતગણા, પદ્મલેશ્યી તિર્યંચ સ્ત્રી સંખ્યાતગણી, તેજોલેશ્યી

તિર્યંચો સંખ્યાતગણા, તેજોલેશ્યી તિર્યંચ સ્ત્રી સંખ્યાતગણી, કાપોતલેશ્યી તિર્યંચો સંખ્યાતગણા, નીલલેશ્યી વિશેષાધિક, કૃષ્ણલેશ્યી વિશેષાધિક, કાપોતલેશ્યી તિર્યંચ સ્ત્રી સંખ્યાતગણી, નીલલેશ્યી સ્ત્રી વિશેષાધિક, કૃષ્ણલેશ્યી સ્ત્રી વિશેષાધિક છે.

ભગવન્ ! કૃષ્ણ યાવત્ શુક્લલેશ્યી સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચો, ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચો, તિર્યંચસ્ત્રીમાં અલ્પબહુત્વ – સૌથી થોડાં શુક્લલેશ્યી ગર્ભજ તિર્યંચો, શુક્લલેશ્યી તિર્યંચ સ્ત્રી સંખ્યાતગણી, પદ્મલેશ્યી ગર્ભજ તિર્યંચો સંખ્યાતગણા, પદ્મલેશ્યી તિર્યંચ સ્ત્રી સંખ્યાતગણી, તેજોલેશ્યી ગર્ભજ તિર્યંચો સંખ્યાતગણા, તેજોલેશ્યી તિર્યંચ સ્ત્રી સંખ્યાતગણી, કાપોતલેશ્યી ગર્ભજ તિર્યંચો સંખ્યાતગણા, નીલલેશ્યી વિશેષાધિક, કૃષ્ણલેશ્યી વિશેષા–ધિક કાપોતલેશ્યી તિર્યંચ સ્ત્રી સંખ્યાતગણા, નીલલેશ્યી વિશેષાધિક, કૃષ્ણલેશ્યી વિશેષાધિક, કાપોતલેશ્યી સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચો અસંખ્યાતગણા નીલલેશ્યી વિશેષાધિક, કૃષ્ણલેશ્યી વિશેષાધિક છે.

ભગવન્ ! કૃષ્ણ લેશ્યી યાવત્ શુક્લ લેશ્યી પંચેન્દ્રિય તિર્યંચો, તિર્યંચસ્ત્રીનું અલ્પબહુત્વ – સૌથી થોડાં શુક્લ લેશ્યી પંચેન્દ્રિય તિર્યંચો, શુક્લલેશ્યી તિર્યંચસ્ત્રી સંખ્યાતગણી, પદ્મલેશ્યી પંચેન્દ્રિય તિર્યંચો સંખ્યાતગણા, પદ્મ લેશ્યી તિર્યંચસ્ત્રી સંખ્યા સંખ્યાતગણી, તેજોલેશ્યી પંચેન્દ્રિય તિર્યંચો સંખ્યાતગણા, કાપોતલેશ્યી તિર્યંચસ્ત્રી સંખ્યા સંખ્યાતગણી, નીલલેશ્યી સ્ત્રી વિશેષાધિક, કૃષ્ણલેશ્યી વિશેષાધિક કાપોતલેશ્યી પંચેન્દ્રિય તિર્યંચો સંખ્યાતગણા, નીલલેશ્યી વિશેષાધિક, કૃષ્ણલેશ્યી વિશેષાધિક છે.

ભગવન્ ! કૃષ્ણલેશ્યી યાવત્ શુક્લલેશ્યી તિર્યંચ, તિર્યંચ સ્ત્રીઓમાં અલ્પબહુત્વ – નવમાની જેમ આ અલ્પબહુત્વ કહેવું. પણ કાપોતલેશ્યી તિર્યંચો અનંતગણા કહેવા. તિર્યંચોના દશ અલ્પબહુત્વ કહ્યા.

## સૂત્ર–૪૫૬ થી ૪૫૮

**૪૫૬.** એ પ્રમાણે મનુષ્યોનું પણ અલ્પબહુત્વ કહેવું. પણ તેઓને છેલ્લું અલ્પબહુત્વ નથી.

**૪૫૭.** ભગવન્ ! કૃષ્ણલેશ્યી યાવત્ શુક્લલેશ્યી દેવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? ગૌતમ ! સૌથી થોડાં દેવો શુક્લલેશ્યી છે. પદ્મલેશ્યી અસંખ્યાતગણા, કાપોતલેશ્યી૦ અસંખ્યાતગણા, નીલલેશ્યી વિશેષાધિક, કૃષ્ણલેશ્યી વિશેષાધિક, તેજોલેશ્યી સંખ્યાતગણા છે.

ભગવન્ ! કૃષ્ણલેશ્યી યાવત્ તેજોલેશ્યી દેવીમાં અલ્પબહુત્વ – સૌથી થોડી કાપોતલેશ્યી દેવી, નીલલેશ્યી વિશેષાધિક, તેજોલેશ્યી સંખ્યાતગણા.

ભગવન્ ! કૃષ્ણલેશ્યી યાવત્ શુક્લલેશ્યી દેવો અને દેવીમાં અલ્પબહુત્વ ? સૌથી થોડાં શુક્લલેશ્યી દેવો, પદ્મલેશ્યી અસંખ્યાતગણા, કાપોતલેશ્યી અસંખ્યાતગણા, નીલલેશ્યી અને કૃષ્ણલેશ્યી અનુક્રમે વિશેષાધિક, કાપોતલેશ્યી દેવી સંખ્યાતગણા, નીલલેશ્યી દેવી વિશેષાધિક, કૃષ્ણલેશ્યી દેવી વિશેષાધિક, તેજોલેશ્યી દેવો સંખ્યાતગણા, તેજોલેશ્યી દેવી સંખ્યાતગણા.

ભગવન્ ! કૃષ્ણલેશ્યી યાવત્ તેજોલેશ્યી ભવનવાસી દેવોમાં અલ્પબહુત્વ – સૌથી થોડાં તેજોલેશ્યી ભવનવાસી દેવો છે, કાપોતલેશ્યી અસંખ્યાતગણા, નીલલેશ્યી વિશેષાધિક, કૃષ્ણલેશ્યી વિશેષાધિક છે.

ભગવન્ ! કૃષ્ણલેશ્યી યાવત્ તેજોલેશ્યી ભવનવાસી દેવીમાં અલ્પબહુત્વ – દેવવત્ જાણવું.

ભગવન્ ! કૃષ્ણલેશ્યી યાવત્ તેજોલેશ્યી ભવનવાસી દેવ–દેવીમાં અલ્પબહુત્વ – સૌથી થોડાં તેજોલેશ્યી ભવનવાસી દેવો છે, તેજોલેશ્યી ભવનવાસી દેવી સંખ્યાતગણા, કાપોતલેશ્યી ભવનવાસી દેવો અસંખ્યાતગણા નીલલેશ્યી વિશેષાધિક કૃષ્ણલેશ્યી વિશેષાધિક કાપોતલેશ્યી ભવનવાસી દેવી સંખ્યાતગણા, નીલલેશ્યી દેવી વિશેષાધિક, કૃષ્ણલેશ્યી દેવી વિશેષાધિક છે. એ પ્રમાણે ભવનવાસીવત્ વ્યંતરના ત્રણ અલ્પબહુત્વ કહેવા.

ભગવન્ ! તેજોલેશ્યી જ્યોતિષ્ક દેવ–દેવીમાં અલ્પબહુત્વ – સૌથી થોડાં તેજોલેશ્યી જ્યોતિષ્ક દેવો છે,

તેજોલેશ્યી જ્યોતિષ્ક દેવી સંખ્યાતગણી.

ભગવન્ ! તેજોલેશ્યી પદ્મલેશ્યી શુક્લલેશ્યી વૈમાનિક દેવોમાં અલ્પબહુત્વ – સૌથી થોડાં શુક્લલેશ્યી વૈમાનિક દેવો, પદ્મલેશ્યી અસંખ્યાતગણા તેજોલેશ્યી અસંખ્યાતગણા છે.

ભગવન્ ! તેજોલેશ્યી પદ્મલેશ્યી શુક્લલેશ્યી વૈમાનિક દેવ–દેવીમાં અલ્પબહુત્વ – સૌથી થોડાં શુક્લલેશ્યી વૈમાનિક દેવો છે, પદ્મલેશ્યી અસંખ્યાતગણા, તેજોલેશ્યી અસંખ્યાતગણા, તેજોલેશ્યી વૈમાનિક દેવી સંખ્યાતગણી.

ભગવન્ ! કૃષ્ણલેશ્યી યાવત્ શુક્લલેશ્યી ભવનવાસી, વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિક દેવોમાં કોણ કોનાથી અલ્પાદિ છે ? ગૌતમ ! સૌથી થોડાં શુક્લલેશ્યી વૈમાનિક દેવો છે, પદ્મલેશ્યી અસંખ્યાતગણા, તેજોલેશ્યી અસંતગણા, તેજોલેશ્યી ભવનવાસી દેવો અસંખ્યાતગણા, કાપોતલેશ્યી અસંખ્યાતગણા, નીલલેશ્યી વિશેષાધિક, કૃષ્ણલેશ્યી વિશેષાધિક, તેજોલેશ્યી વ્યંતર દેવો અસંખ્યાતગણા કાપોતલેશ્યી અસંખ્યાતગણા, નીલલેશ્યી વિશેષાધિક, કૃષ્ણલેશ્યી વિશેષાધિક છે. તેજોલેશ્યી જ્યોતિષ્ક દેવો સંખ્યાતગણા છે.

ભગવન્ ! કૃષ્ણલેશ્યી યાવત્ તેજોલેશ્યી ભવનવાસીની, વ્યંતરી, જ્યોતિષ્કી, વૈમાનિકી દેવીઓમાં અલ્પબહુત્વ – ગૌતમ ! સૌથી થોડાં તેજોલેશ્યી વૈમાનિક દેવી છે, તેજોલેશ્યી ભવનવાસી દેવી અસંખ્યાતગણા કાપોતલેશ્યી અસંખ્યાતગણા, નીલલેશ્યી વિશેષાધિક, કૃષ્ણલેશ્યી વિશેષાધિક, તેજોલેશ્યી વ્યંતરીદેવી અસંખ્યાત–ગણા કાપોતલેશ્યી અસંખ્યાતગણા, નીલલેશ્યી વિશેષાધિક, કૃષ્ણલેશ્યી વિશેષાધિક તેજોલેશ્યી જ્યોતિષ્કી દેવી સંખ્યાત ગણી છે.

ભગવન્ ! કૃષ્ણલેશ્યી યાવત્ શુક્લલેશ્યી ભવનવાસી યાવત્ વૈમાનિક દેવો અને દેવીઓમાં કોણ કોનાથી અલ્પાદિ છે ? ગૌતમ ! સૌથી થોડાં શુક્લલેશ્યી વૈમાનિક દેવો, પદ્મલેશ્યી અસંખ્યાતગણા, તેજોલેશ્યી અસંખ્યાત–ગણા, તેજોલેશ્યી વૈમાનિક દેવી સંખ્યાતગણા, તેજોલેશ્યી ભવનવાસી દેવી અસંખ્યાતગણા, તેજોલેશ્યી ભવનવાસી દેવી સંખ્યાતગણા, કાપોતલેશ્યી ભવનવાસી૦ દેવી અસંખ્યાતગણા, નીલલેશ્યી વિશેષાધિક, કૃષ્ણલેશ્યી વિશેષાધિક તેજોલેશ્યી વ્યંતર દેવો સંખ્યાતગણા, તેજોલેશ્યી વ્યંતરી સંખ્યાતગણા, કાપોતલેશ્યી વ્યંતરો અસંખ્યાતગણા, નીલલેશ્યી વિશેષાધિક, કૃષ્ણલેશ્યી વિશેષાધિક, કાપોતલેશ્યી વ્યંતરી સંખ્યાતગણા, નીલલેશ્યી વિશેષાધિક, કૃષ્ણલેશ્યી વિશેષાધિક, તેજોલેશ્યી જ્યોતિષ્કો સંખ્યાતગણા, તેજોલેશ્યી જ્યોતિષ્ક દેવી સંખ્યાતગણી.

૪૫૮. ભગવન્ ! આ કૃષ્ણલેશ્યી યાવત્ શુક્લલેશ્યીમાં કોણ કોનાથી અલ્પઋદ્ધિક કે મહાઋદ્ધિક છે ? ગૌતમ ! કૃષ્ણલેશ્યી કરતા નીલલેશ્યી મહર્દ્ધિક છે, નીલલેશ્યીથી કાપોતલેશ્યી મહર્દ્ધિક છે, એમ કાપોતલેશ્યીથી તેજોલેશ્યી, તેજોલેશ્યીથી પદ્મલેશ્યી, પદ્મલેશ્યીથી શુક્લલેશ્યી મહર્દ્ધિક છે. સૌથી અલ્પઋદ્ધિક કૃષ્ણલેશ્યી છે, સૌથી મહર્દ્ધિક શુક્લલેશ્યી છે.

ભગવન્ ! કૃષ્ણલેશ્યી નીલલેશ્યી કાપોતલેશ્યી નૈરયિકોમાં કોણ કોનાથી અલ્પર્દ્ધિક કે મહર્દ્ધિક છે? કૃષ્ણલેશ્યીથી નીલલેશ્યી, નીલલેશ્યીથી કાપોતલેશ્યી મહર્દ્ધિક છે. સૌથી અલ્પર્દ્ધિક કૃષ્ણલેશ્યી નૈરયિક, સૌથી મહર્દ્ધિક કાપોતલેશ્યી છે.

ભગવન્ ! કૃષ્ણલેશ્યી યાવત્ શુક્લલેશ્યી તિર્યંચોમાં કોણ કોનાથી અલ્પર્દ્ધિક કે મહર્દ્ધિક છે ? ગૌતમ ! જીવોનું અલ્પબહુત્વ કહ્યું તેમ અહી કહેવું.

ભગવન્ ! કૃષ્ણલેશ્યી યાવત્ તેજોલેશ્યી એકેન્દ્રિયોમાં કોણ કોનાથી અલ્પ કે મહા ઋદ્ધિક છે ? કૃષ્ણલેશ્યી એકેન્દ્રિય નીલલેશ્યી એકેન્દ્રિય થી મહર્દ્ધિક છે, નીલલેશ્યી એકેન્દ્રિય થી કાપોતલેશ્યી એકેન્દ્રિય મહર્દ્ધિક છે. કાપોતલેશ્યીથી તેજોલેશ્યી મહર્દ્ધિક છે – સૌથી અલ્પઋદ્ધિક કૃષ્ણલેશ્યી એકેન્દ્રિય તિર્યંચો છે, સૌથી મહર્દ્ધિક તેજોલેશ્યી છે. એ પ્રમાણે પૃથ્વીકાયિકોને પણ જાણવા. એમ આ પાઠ વડે લેશ્યાની માફક ચઉરિન્દ્રિયો સુધી

જાણવું. સંમૂર્ચ્છિમ અને ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચો, તિર્યંચ સ્ત્રી, એ બધાં એ પ્રમાણે કહેવા યાવત્ અલ્પર્દ્ધિક તેજોલેશ્યી વૈમાનિક દેવો છે. સૌથી મહર્દ્ધિક શુક્લલેશ્યી વૈમાનિક દેવો છે.

કોઈ કહે છે ઋદ્ધિ ચોવીશે દંડકની કહેવી જોઈએ.

## પદ-૧૭, ઉદ્દેશો-૩

સૂત્ર-૪૫૯

ભગવન્ ! નૈરયિક નૈરયિકમાં ઉત્પન્ન થાય કે અનૈરયિક નૈરયિકમાં ઉત્પન્ન થાય ? ગૌતમ ! નૈરયિક જ નૈરયિકમાં ઉપજે, અનૈરયિક નૈરયિકમાં ન ઉપજે. એ પ્રમાણે વૈમાનિક સુધી જાણવું.

ભગવન્ ! નૈરયિક, નૈરયિકથી ઉદ્વર્તે કે અનૈરયિક નૈરયિકથી ઉદ્વર્તે ? ગૌતમ ! અનૈરયિક નૈરયિકથી ઉદ્વર્તે, નૈરયિક નૈરયિકથી ન ઉદ્વર્તે. એમ વૈમાનિક સુધી જાણવું. વિશેષ એ કે – જ્યોતિષ, વૈમાનિકમાં ઉદ્વર્તે ને બદલે 'ચ્યવે' એમ બોલવું.

ભગવન્ ! ખરેખર, કૃષ્ણલેશ્યી નૈરયિક, કૃષ્ણલેશ્યી નૈરયિકોમાં ઉત્પન્ન થાય અને કૃષ્ણલેશ્યી થઈને મરે ? જે લેશ્યાથી ઉત્પન્ન થાય, તે લેશ્યાથી મરણ પામે ? હા, ગૌતમ ! એમ જ છે.

એ પ્રમાણે નીલ અને કાપોતલેશ્યામાં પણ કહેવું.

એમ અસુરકુમારોથી સ્તનિતકુમાર સુધી જાણવું. પણ અહીં લેશ્યા અધિક કહેવી.

ભગવન્ ! કૃષ્ણલેશ્યી પૃથ્વીકાયિક કૃષ્ણલેશ્યી પૃથ્વીકાયિકોમાં ઉત્પન્ન થાય ? અને કૃષ્ણલેશ્યી થઈ મરણ પામે ? જે લેશ્યામાં ઉત્પન્ન થાય તે લેશ્યામાં મરણ પામે ? ગૌતમ ! અવશ્ય કૃષ્ણલેશ્યી પૃથ્વીકાયિક, કૃષ્ણલેશ્યી પૃથ્વીકાયિકમાં ઉત્પન્ન થાય. કદાચિત્ કૃષ્ણલેશ્યી થઈ મરણ પામે, કદાચિત્ નીલલેશ્યી થઈ મરણ પામે. કદાચિત્ કાપોતલેશ્યી થઈ મરણ પામે. કદાચિત્ જે લેશ્યામાં ઉપજે તે લેશ્યામાં મરણ પામે. એમ નીલલેશ્યા અને કાપોત લેશ્યામાં પણ જાણવું.

ભગવન્ ! ખરેખર, તેજોલેશ્યી પૃથ્વીકાયિક, તેજોલેશ્યી પૃથ્વીકાયિકમાં ઉપજે ? ઇત્યાદિ પ્રશ્ન – ગૌતમ ! તેજોલેશ્યી પૃથ્વીકાયિક, તેજોલેશ્યી પૃથ્વીકાયિકમાં ઉત્પન્ન થાય. ઉદ્વર્તન સમયે કદાચિત્ કૃષ્ણલેશ્યી ઉદ્વર્તે કે નીલલેશ્યી ઉદ્વર્તે કે કાપોતલેશ્યી ઉદ્વર્તે. પણ તેજોલેશ્યી ન ઉદ્વર્તે(તેજોલેશ્યામાં મરણ ન પામે).

એ રીતે અપ્કાયિક અને વનસ્પતિકાયિક પણ જાણવા. તેઉકાયિક, વાયુકાયિક એમ જ સમજવા, પણ તેમને તેજોલેશ્યા નથી. બે–ત્રણ–ચાર ઇન્દ્રિયો ત્રણ લેશ્યામાં એમ જ જાણવા.

પંચેન્દ્રિય તિર્યંચો, મનુષ્યો જેમ પૃથ્વીકાયિકને પહેલી ત્રણ લેશ્યામાં કહ્યા, તેમ એ છ લેશ્યામાં કહેવા. પરંતુ છ એ લેશ્યાને વિચારવી. વ્યંતરોને અસુરકુમારવત્ જાણવા.

ભગવન્ ! શું તેજોલેશ્યી જ્યોતિષ્ક, તેજોલેશ્યી જ્યોતિષ્કમાં ઉત્પન્ન થાય? અસુરકુમારવત્ જાણવા. વૈમાનિકો પણ એમ જ સમજવા. પણ બંનેમાં 'ચ્યવે છે' એ પાઠ કહેવો.

ભગવન્ ! કૃષ્ણલેશ્યી, નીલલેશ્યી, કાપોતલેશ્યી નૈરયિક શું અનુક્રમે કૃષ્ણલેશ્યી, નીલલેશ્યી, કાપોતલેશ્યી નૈરયિકમાં જ ઉત્પન્ન થાય ? કૃષ્ણલેશ્યી, નીલલેશ્યી, કાપોતલેશ્યીમાં ઉદ્વર્તે ? જે લેશ્યામાં ઉપજે તેમાં જ ઉદ્વર્તે? ગૌતમ ! અવશ્ય કૃષ્ણ–નીલ–કાપોતલેશ્યી ઉત્પન્ન થાય, યાવત જે લેશ્યામાં ઉત્પન્ન થાય તે જ લેશ્યામાં મરે.

ભગવન્ ! શું કૃષ્ણલેશ્યી યાવત્ તેજોલેશ્યી અસુરકુમાર કૃષ્ણલેશ્યી યાવત્ તેજોલેશ્યી અસુરકુમારમાં ઉપજે – ઇત્યાદિ નૈરયિક સંબંધે કહ્યું, તેમ અસુરકુમારથી સ્તનિતકુમારમાં કહેવું.

ભગવન્ ! ખરેખર, કૃષ્ણલેશ્યી યાવત્ તેજોલેશ્યી પૃથ્વીકાયિક શું કૃષ્ણલેશ્યી યાવત્ તેજોલેશ્યી પૃથ્વી–કાયિકોમાં ઉપજે– ઇત્યાદિ અસુરકુમારની જેમ પ્રશ્ન કરવો. ગૌતમ ! અવશ્ય કૃષ્ણલેશ્યી પૃથ્વીકાયિક કૃષ્ણલેશ્યી

યાવત્ તેજોલેશ્યી પૃથ્વીકાયિકોમાં ઉપજે. કદાચ કૃષ્ણલેશ્યી કદાચ નીલલેશ્યી કદાચ કાપોતલેશ્યીમાં ઉદ્ધર્તે(મરે). કદાચ જે લેશ્યાવાળો ઉપજે તે લેશ્યાવાળો ઉદ્ધર્તે. પણ જો તેજોલેશ્યીમાં ઉપજે તો પણ તે ઉદ્ધર્તે–મરે નહીં.

એ પ્રમાણે અપ્કાયિક અને વનસ્પતિ**કાયિક** પણ કહેવા.

ભગવન્ ! અવશ્ય કૃષ્ણલેશ્યી, નીલલેશ્યી, કાપોતલેશ્યી તેઉકાયિક, કૃષ્ણલેશ્યી, નીલલેશ્યી કાપોતલેશ્યી તેઉકાયિકોમાં ઉત્પન્ન થાય ? કૃષ્ણલેશ્યી નીલલેશ્યી કાપોતલેશ્યી ઉદ્ધર્તે. જે લેશ્યામાં ઉત્પન્ન થાય તે લેશ્યામાં જ ઉદ્ધર્તે(મરે)? ગૌતમ ! અવશ્ય કૃષ્ણલેશ્યી, નીલલેશ્યી, કાપોતલેશ્યી તેઉકાય કૃષ્ણલેશ્યી, નીલલેશ્યી, કાપોતલેશ્યી તેઉકાયિકમાં ઉત્પન્ન થાય. કદાચિત કૃષ્ણ કે નીલ કે કાપોત લેશ્યાવાળો ઉદ્ધર્તે. કદાચિત્ જે લેશ્યા વાળો ઉત્પન્ન થાય તે લેશ્યાવાળો ઉદ્ધર્તે. એ પ્રમાણે વાયુકાયિક અને વિકલેન્દ્રિય કહેવા.

ભગવન્ ! ખરેખર કૃષ્ણલેશ્યી યાવત્ શુક્લલેશ્યી પંચેન્દ્રિય તિર્યંચ શું કૃષ્ણલેશ્યી યાવત્ શુક્લલેશ્યી પંચેન્દ્રિય તિર્યંચમાં ઉપજે–ઇત્યાદિ પ્રશ્ન – ગૌતમ ! અવશ્ય તેમ ઉપજે. કદાચિત્ કૃષ્ણલેશ્યી યાવત્ શુક્લલેશ્યી થઈ ઉદ્ધર્તે. કદાચ જે લેશ્યાવાળો ઉપજે, તે લેશ્યાવાળો ઉદ્ધર્તે. આ પ્રમાણે મનુષ્યમાં પણ જાણવું.

વ્યંતરો, અસુરકુમારવત્ જાણવા.

જ્યોતિષ્કો અને વૈમાનિકો પણ એમ જ જાણવા, પણ જેને જેટલી લેશ્યા હોય તે કહેવી, આ બંનેમાં 'ચ્યવે છે' એમ પાઠ કહેવો.

સૂત્ર–૪૬૦

ભગવન્ ! કૃષ્ણલેશ્યી નૈરયિક કૃષ્ણલેશ્યી નૈરયિકની અપેક્ષાથી અવધિજ્ઞાન વડે ચારે દિશામાં અને વિદિશામાં જોતો કેટલું ક્ષેત્ર જાણે અને જુએ ? ગૌતમ ! તે બહુ ક્ષેત્ર જાણતો નથી, બહુ ક્ષેત્ર જોતો નથી. દૂર રહેલ ક્ષેત્ર જાણતો કે જોતો નથી, થોડું ક્ષેત્ર જાણે છે અને જુએ છે.

ભગવન્! એમ કેમ કહો છો ? ગૌતમ ! જેમ કોઈ પુરુષ બહુસમ રમણીય ભૂમિભાગે ઊભો રહીને ચોતરફ જુએ તેથી તે પુરુષ પૃથ્વીતળમાં રહેલા પુરુષની અપેક્ષાએ ચોતરફ જોતો બહુ ક્ષેત્રને યાવત્ જોતો નથી, યાવત્ થોડાં ક્ષેત્રને જુએ છે તે હેતુથી, ગૌતમ ! એમ કહું છું કે કૃષ્ણનૈરયિક યાવત્ બહુ ક્ષેત્ર જાણતો નથી, બહુ ક્ષેત્ર જોતો નથી.

ભગવન્ ! નીલલેશ્યી નૈરયિક, કૃષ્ણલેશ્યી અપેક્ષાએ અવધિ વડે ચોતરફ જોતો કેટલા ક્ષેત્રને જાણે અને જુએ ? ગૌતમ! અતિ ઘણા ક્ષેત્રને જાણે અને જુએ. અતિ દૂર ક્ષેત્રને જાણે અને જુએ. અત્યંત સ્પષ્ટ ક્ષેત્રને જાણે અને જુએ. અતિ વિશુદ્ધ ક્ષેત્રને જાણે અને જુએ.

ભગવન્ ! એમ કેમ કહો છો? ગૌતમ! જેમ કોઈ એક પુરુષ બહુસમ રમણીય ભૂમિભાગથી પર્વત ઉપર ચઢીને ચોતરફ જોતો ઘણા ક્ષેત્રને જુએ યાવત્ વિશુદ્ધતર ક્ષેત્રને જુએ, તે હેતુથી, ગૌતમ ! એમ કહું છું કે નીલલેશ્યી નૈરયિક, અતિ ઘણા ક્ષેત્રને જાણે અને જુએ. અતિ દૂર ક્ષેત્રને જાણે અને જુએ ઇત્યાદિ.

ભગવન્ ! કાપોતલેશ્યી નૈરયિક, નીલલેશ્યી નૈરયિકની અપેક્ષાએ અવધિજ્ઞાન વડે ચોતરફ જોતો કેટલા ક્ષેત્રને જાણે અને જુએ ? ગૌતમ ! ઘણા ક્ષેત્રને જાણે અને જુએ યાવત્ વિશુદ્ધતર ક્ષેત્રને જુએ.

ભગવન્ ! એમ કેમ કહો છો ? ગૌતમ ! જેમ કોઈ પુરુષ બહુસમ રમણીય ભૂમિભાગેથી પર્વત ઉપર ચઢે અને ઉપર ચઢીને બંને પગ ઊંચા કરી ચોતરફ જુએ, તેથી તે પર્વત ઉપર રહેલા અને પૃથ્વી ઉપર રહેલા પુરુષની અપેક્ષાએ ચોતરફ જોતો ઘણા ક્ષેત્રને જાણે અને જુએ યાવત્ સ્પષ્ટ ક્ષેત્રને જુએ. તે હેતુથી ગૌતમ ! એમ કહું છું કે કાપોતલેશ્યી નૈરયિક નીલલેશ્યી નૈરયિકની અપેક્ષાએ યાવત્ ઘણા ક્ષેત્રને જાણે અને જુએ યાવત્ વિશુદ્ધતર ક્ષેત્રને જુએ.

સૂત્ર–૪૬૧

ભગવન્ ! કૃષ્ણલેશ્યી જીવ કેટલાં જ્ઞાનોમાં હોય ? ગૌતમ ! બે, ત્રણ કે ચાર જ્ઞાનોમાં વર્તતો હોય. જો બે

જ્ઞાનમાં હોય તો આભિનિબોધિકજ્ઞાન અને શ્રુતજ્ઞાનમાં હોય, જો ત્રણ જ્ઞાનમાં હોય તો આભિનિબોધિક જ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાનમાં હોય અથવા આભિનિબોધિકજ્ઞાન, શ્રુતજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાનમાં હોય. જો ચાર જ્ઞાનમાં હોય તો આભિનિબોધિક જ્ઞાન, શ્રુતજ્ઞાન, અને અવધિ**જ્ઞાન અને** મનઃપર્યવજ્ઞાનમાં હોય. એ પ્રમાણે પદ્મલેશ્યી સુધી જાણવું.

ભગવન્ ! શુક્લલેશ્યી જીવ કેટલા જ્ઞાનોમાં હોય ? ગૌતમ ! બે, ત્રણ કે ચાર જ્ઞાનમાં હોય. જો બે જ્ઞાનમાં હોય તો મતિજ્ઞાન અને શ્રુત્ગ્યાનમાં હોય ઇત્યાદિ કૃષ્ણલેશ્યીવત્ જાણવા યાવત્ ચાર જ્ઞાનમાં કહેવું. જો એક જ્ઞાનમાં હોય તો કેવળજ્ઞાનમાં હોય.

## પદ-૧૭, ઉદ્દેશો-૪

**સૂત્ર–૪૬૨**

પરિણામ, વર્ણ, રસ, ગંધ, શુદ્ધ, અપ્રશસ્ત, સંક્લિષ્ટ ઉષ્ણ, ગતિ, પરિણામ, પ્રદેશ, અવગાઢ, વર્ગણા, સ્થાન અને અલ્પબહુત્વ આ ૧૫ અધિકારોનું વર્ણન આ ચોથા ઉદ્દેશામાં છે.

### પદ-૧૭, ઉદ્દેશો-૪, અધિકાર-૧

**સૂત્ર–૪૬૩**

ભગવન્ ! લેશ્યા કેટલી છે ? ગૌતમ ! છ – કૃષ્ણ યાવત્ શુક્લ.

ભગવન્ ! કૃષ્ણલેશ્યા, નીલલેશ્યાને પામીને તેના રૂપ–વર્ણ–ગંધ–રસ–સ્પર્શપણે વારંવાર પરિણમે ? હા, ગૌતમ ! તે પ્રમાણે પરિણમે.

ભગવન્! એમ કેમ કહ્યું ? ગૌતમ ! જેમ દૂધ છાશને પામીને અથવા શુદ્ધ વસ્ત્ર રંગને પામીને તે રૂપ યાવત્ સ્પર્શપણે વારંવાર પરિણમે છે, તેથી કહું છું કે કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા પામીને યાવત્ પરિણમે.

એ પ્રમાણે આ પાઠ વડે નીલલેશ્યા કાપોતલેશ્યાને પામીને, કાપોતલેશ્યા તેજોલેશ્યાને પામીને, તેજોલેશ્યા પદ્મલેશ્યાને પામીને અને પદ્મલેશ્યા શુક્લલેશ્યાને પામીને યાવત્ વારંવાર પરિણમે.

ભગવન્ ! ખરેખર કૃષ્ણલેશ્યા શું નીલલેશ્યા, કાપોતલેશ્યા, તેજોલેશ્યા, પદ્મલેશ્યા અને શુક્લલેશ્યાને પામી તેવા રૂપ–વર્ણ–ગંધ–રસ–સ્પર્શપણે વારંવાર પરિણમે ? હા, ગૌતમ ! તે પ્રમાણે પરિણમે.

ભગવન્ ! એમ કયા હેતુથી કહો છો ? ગૌતમ ! જેમ કોઈ વૈડૂર્ય મણિ હોય, તે કાળા–લીલા–રાતા–ધોળા–પીળા સૂત્ર દોરામાં પરોવેલ હોય, તો તે રૂપે યાવત્ વારંવાર પરિણમે છે, તે કારણે કહું છું કે – કૃષ્ણલેશ્યા પણ નીલલેશ્યા યાવત્ શુક્લલેશ્યા પામીને **વારંવાર** પરિણમે.

ભગવન્ ! ખરેખર નીલલેશ્યા, કૃષ્ણલેશ્યા યાવત્ શુક્લલેશ્યાને પામીને તદ્દ્રૂપપણે યાવત્ વારંવાર પરિણમે ? હા, ગૌતમ ! તે પ્રમાણે પરિણમે.

ભગવન્ ! કાપોતલેશ્યા, કૃષ્ણલેશ્યા–નીલલેશ્યા–તેજોલેશ્યા–પદ્મલેશ્યા–શુક્લલેશ્યાને પામીને, એ પ્રમાણે તેજોલેશ્યા, કૃષ્ણલેશ્યા–નીલલેશ્યા–કાપોતલેશ્યા–પદ્મલેશ્યા–શુક્લલેશ્યાને પામીને, એ પ્રમાણે પદ્મલેશ્યા, કૃષ્ણલેશ્યા–નીલલેશ્યા–કાપોતલેશ્યા–તેજોલેશ્યા–શુક્લલેશ્યાને પામીને યાવત્ વારંવાર પરિણમે ? હા, પરિણમે.

ભગવન્ ! શુક્લલેશ્યા શું કૃષ્ણલેશ્યા–નીલલેશ્યા–કાપોતલેશ્યા–તેજોલેશ્યા–પદ્મલેશ્યાને પામીને યાવત્ વારંવાર પરિણમે ? હા, ગૌતમ! તે પ્રમાણે પરિણમે.

### પદ–૧૭, ઉદ્દેશો–૪, અધિકાર–૨

**સૂત્ર–૪૬૪**

ભગવન્ ! કૃષ્ણલેશ્યા વર્ણથી કેવી છે ? ગૌતમ ! જેમ કોઈ મેઘ, અંજન, ખંજન, કાજળ, ગવલ, ગવલવલય, જાંબુ, લીલા અરીઠાનું ફૂલ, કોયલ, ભ્રમર, ભ્રમર પંક્તિ, હાથીનું બચ્ચુ, કાળુ કેસર, આકાશથિગ્ગલ, કાળું અશોક, કાળી કણેર, કાળો બંધુજીવક છે, શું એવા પ્રકારની કૃષ્ણલેશ્યા હોય ? ગૌતમ ! એ અર્થ યુક્ત નથી. કૃષ્ણલેશ્યા એથી વધુ અનિષ્ટ, અતિ અકાંત, અતિ અપ્રિય, અતિ અમનોજ્ઞ અને અતિ અમણામ તેવી વર્ણ વડે કહી છે.

ભગવન્ ! નીલલેશ્યા વર્ણથી કેવી છે ? ગૌતમ ! જેમ કોઈ ભૃંગ, ભૃંગની પાંખ, ચાસ, ચાસપિચ્છ, શુક, શુકપિચ્છ, વનરાજિ, ઉચ્ચંતક, પારેવાની ડોક, મોરની ડોક, બલદેવનું વસ્ત્ર, અળસી પુષ્પ, વનકુસુમ, અંજનકેશિકા કુસુમ, નીલોત્પલ, નીલાશોક, લીલું કણવીર, લીલું બંધુજીવક છે, એવી નીલલેશ્યા છે ? ગૌતમ ! એ અર્થ સમર્થ નથી. એનાથી વધુ અનિષ્ટ, અતિ અકાંત, અતિ અપ્રિય, અતિ અમનોજ્ઞ અને અતિ અમણામ તેવી વર્ણ વડે કહી છે.

ભગવન્ ! કાપોતલેશ્યા વર્ણથી કેવી છે ? જેમ કોઈ ખેરસાર, કરીરસાર, ધમાસાસાર, તામ્ર, તામ્રકરોટક, તામ્ર કટોરી, વેંગણીના પુષ્પ, કોકિલચ્છદ પુષ્પ, જપાકુસુમ છે, તેવી કાપોતલેશ્યા હોય? ગૌતમ! એ અર્થ સમર્થ નથી. કાપોત–લેશ્યા વધુ અનિષ્ટ, અતિ અકાંત, અતિ અપ્રિય, અતિ અમનોજ્ઞ અને અતિ અમણામ તેવી વર્ણ વડે કહી છે.

ભગવન્ ! તેજોલેશ્યા વર્ણથી કેવી છે ? જેમ કોઈ સસલા, ઘેટા, ડુક્કર, સાબર કે મનુષ્ય લોહી હોય, ઇન્દ્રગોપ, નવો ઇન્દ્રગોપ, બાળસૂર્ય, સંધ્યાનો રંગ, અર્ધચણોઠીનો રંગ, જાતિ હીંગલોક, પ્રવાલાંકુર, લાક્ષારસ, લોહિતાક્ષ મણિ, કીરમજી રંગી કામળ, હાથીનું તાળવું, ચીનપિષ્ટરાશિ, પારિજાત કુસુમ, જપાકુસુમ, કેસૂડાના ફૂલનો રાશિ, રક્તોત્પલ, રક્તાશોક, રક્તકણેર, રક્તબંધુજીવક છે, તેવી તેજોલેશ્યા હોય ? ગૌતમ ! એ અર્થ સમર્થ નથી. તેજોલેશ્યા તેથી પણ વધુ ઇષ્ટ, કાન્ત, પ્રિય, મનોજ્ઞ અને મનને ગમે તેવી વર્ણવાળી હોય છે.

ભગવન્ ! પદ્મલેશ્યા વર્ણથી કેવી છે ? જેમ કોઈ ચંપો, ચંપાની છાલ, ચંપાનો ખંડ, હળદર, હળદર ગોળી, હળદરનો ખંડ, હરતાલ, તેની ગુટિકા કે ખંડ, ચિકુર, ચિકુરરાગ, સુવર્ણછીપ, શ્રેષ્ઠ સુવર્ણનો કસ, વાસુદેવનું વસ્ત્ર, જલ્લકી પુષ્પ, ચંપકપુષ્પ, કણેરપુષ્પ, કુષ્માંડ કુસુમ, સુવર્ણજૂઈ, સુહિરણ્યિકા પુષ્પ, કોરંટકની માળા, પીળો અશોક, પીળું કણેર, પીળું બંધુજીવક છે એવી પદ્મલેશ્યા હોય? ગૌતમ! એ અર્થ સમર્થ નથી. પદ્મલેશ્યા એથી અતિ ઇષ્ટ, કાન્ત, પ્રિય, મનોજ્ઞ અને મનને ગમે તેવી વર્ણવાળી હોય છે.

ભગવન્ ! શુક્લલેશ્યા વર્ણથી કેવી છે ? જેમ કોઈ અંકરત્ન, શંખ, ચંદ્ર, કુંદ, પાણી, પાણીના કણ, દહીં, દહીંનો પિંડ, દૂધ, દૂધનો સમૂહ, શુષ્ક છીવાડી, મયુરપિચ્છનો મધ્યભાગ, તપાવેલ સ્વચ્છ રજતપટ્ટ, શરત્કાલનો મેઘ, કુમુદપત્ર, પુંડરીક પત્ર, શાલિપિષ્ટ રાશિ, કટુજ પુષ્પરાશિ, સિંદુરવાર પુષ્પની માળા, શ્વેત અશોક, શ્વેત કણવીર, શ્વેત બંધુજીવક છે, એવી શુક્લ લેશ્યા હોય? એ અર્થ સમર્થ નથી. શુક્લલેશ્યા એથી વધારે ઇષ્ટ, કાન્ત, પ્રિય, મનોજ્ઞ અને મનને ગમે તેવી વર્ણવાળી હોય છે.

## પદ–૧૭, ઉદ્દેશો–૪, અધિકાર–૩

### સૂત્ર–૪૬૫

ભગવન્ ! કૃષ્ણલેશ્યા આસ્વાદ(રસ) વડે કેવી છે ? ગૌતમ ! જેમ કોઈ નિંબ, નિંબસાર, નિંબછાલ, નિંબકવાથ, કુટજ, કુટજફળ, કુટજછાલ, કુટજકવાથ, કડવી તુંબડી, કડવી તુંબડીનું ફળ, કડવી ચીભડી, કડવી ચીભડીનું ફળ, ફુકડવેલ, દેવદાલી પુષ્પ, મૃગવાલુંકી, મૃગવાલુંકી ફળ, ઇન્દ્રવરણું, ઘોષાતકી, ઘોષાતકી ફળ, કૃષ્ણકંદ, વજ્રકંદ છે. એવા પ્રકારની કૃષ્ણલેશ્યા હોય ? ગૌતમ ! એ અર્થ યુક્ત નથી. કૃષ્ણલેશ્યા એથી વધુ અનિષ્ટ, અતિ અકાંત, અતિ અપ્રિય, અતિ અમનોજ્ઞ અને અતિ અમણામ કહેલી છે.

નીલલેશ્યા સંબંધી પૃચ્છા – ભગવન્ ! જેમ કોઈ ભાંગ, ભંગીરજ, પાઠા, ચવ્યક, ચિત્રમૂળ, પીપર, પીપરીમૂળ,

પીપરચૂર્ણ, મરી, મરીચૂર્ણ, શૃંગબેર, સૂંઠનું ચૂર્ણ છે. એવી નીલલેશ્યા હોય ? ગૌતમ! ના, નીલલેશ્યા તેથી ય અનિષ્ટ, અતિ અકાંત, અતિ અપ્રિય, અતિ અમનોજ્ઞ અને અતિ અમણામ કહેલી છે

કાપોતલેશ્યા સંબંધે પૃચ્છા. ગૌતમ ! જેમ કોઈ આમ્ર, આમ્રાતક, બીજોરા, બીલા, કોઠા, ભજ્જા, ફણસ, દાડમ, પારાપત, અખોડ, ચોર, બોર, તિંદુક–તે બધા અપક્વ હોય, વિશિષ્ટ વર્ણ–ગંધ–સ્પર્શથી રહિત હોય. એવી કાપોતલેશ્યા છે ? ગૌતમ ! તેમ નથી, તેનાથી પણ અનિષ્ટ, અતિ અકાંત, અતિ અપ્રિય, અતિ અમનોજ્ઞ અને અતિ અમણામ કહેલી છે.

તેજોલેશ્યા સંબંધે પૃચ્છા – ગૌતમ ! જેમ કોઈ આમ્ર આદિ યાવત્ પક્વ, સારી રીતે પાકેલા, પ્રશસ્ત વર્ણ યાવત્ સ્પર્શ વડે યુક્ત હોય છે, એથી અતિ ઈષ્ટ, કાન્ત, પ્રિય, મનોજ્ઞ અને મનને ગમે તેવી રસવાળી કહેલી છે.

પદ્મલેશ્યા સંબંધે પૃચ્છા – ગૌતમ ! જેમ કોઈ ચંદ્રપ્રભા, મણિશિલા, શ્રેષ્ઠ શીધુ, શ્રેષ્ઠ વારુણી, પત્રાસવ, પુષ્પાસવ, ફલાસવ, ચોયાસવ, આસવ, મધુ, મૈરેય, કાપિશાયન, ખર્જુરસાર, મૃદ્વિકાસાર, સુપક્વ ઇક્ષુરસ, અષ્ટપિષ્ટથી બનેલ, જાંબુફલ ફાલિકા, શ્રેષ્ઠ પ્રસન્ના, આસલ, માંસલ, પેશલ, કંઈક ઓષ્ઠાવલંબિની, પીવાથી બંધ પડતા કંઈક તીખી, કંઈક લાલ આંખ કરનારી, ઉત્કૃષ્ટ મદ કરવાના સ્વભાવને પ્રાપ્ત વર્ણ, યાવત્ સ્પર્શથી યુક્ત, આસ્વાદનીય, વિસ્વાદનીય, પીવા લાયક, પુષ્ટિ યોગ્ય, દીપનીય, દર્પણીય, મદનીય, સર્વ ઇન્દ્રિય અને ગાત્રને આનંદ આપનારી હોય છે. એવી પદ્મલેશ્યા છે ? ગૌતમ! એ અર્થ યુક્ત નથી. પદ્મલેશ્યા તેથી વધુ ઈષ્ટ, કાન્ત, પ્રિય, મનોજ્ઞ અને મનને ગમે તેવી રસવાળી કહેલી છે.

શુક્લલેશ્યા આસ્વાદ વડે કેવી છે ? ગૌતમ ! જેમ કોઈ ગોળ, ખાંડ, સાકર, મત્સ્યંડિકા, પર્પટમોદક, બીસ કંદ, પુષ્પોત્તર, પદ્મોત્તર, આદર્શિકા, સિદ્ધાર્થિકા, આકાશસ્ફટિકોપમા, ઉપમા અને અનુપમા હોય, એવી શુક્લલેશ્યા હોય? ગૌતમ ! એ અર્થ યુક્ત નથી. શુક્લલેશ્યા તેથી વધુ ઈષ્ટ, કાન્ત, પ્રિય, મનોજ્ઞ, મનને ગમે તેવી રસવાળી કહી છે.

## પદ–૧૭, ઉદ્દેશો–૪, અધિકાર–૪ થી ૯

### સૂત્ર–૪૬૬

ભગવન્ ! કેટલી લેશ્યા દુરભિગંધવાળી છે ? ગૌતમ ! ત્રણ લેશ્યા – કૃષ્ણ, નીલ અને કાપોતલેશ્યા.

ભગવન્ ! કેટલી લેશ્યા સુરભિગંધવાળી છે ? ગૌતમ ! ત્રણ લેશ્યા – તેજો, પદ્મ અને શુક્લ લેશ્યા.

એ પ્રમાણે ૨. ત્રણ અવિશુદ્ધ લેશ્યાઓ છે અને ત્રણ વિશુદ્ધ લેશ્યાઓ છે. ૩. ત્રણ અપ્રશસ્ત લેશ્યા છે અને ત્રણ પ્રશસ્ત લેશ્યા છે. ૪. ત્રણ સંક્લિષ્ટ લેશ્યા છે અને ત્રણ અસંક્લિષ્ટ લેશ્યાઓ છે. ૫. ત્રણ શીત–રૂક્ષ લેશ્યા છે અને ત્રણ સ્નિગ્ધ–ઉષ્ણ લેશ્યા છે. ૬. ત્રણ દુર્ગતિગામી છે, ત્રણ સુગતિગામી છે.

## પદ–૧૭, ઉદ્દેશો–૪, અધિકાર–૧૦ થી ૧૩

### સૂત્ર–૪૬૭

ભગવન્ ! કૃષ્ણલેશ્યા કેટલા પરિણામે પરિણમે છે ? ગૌતમ ! કૃષ્ણલેશ્યા ત્રણ, નવ, સત્તાવીશ, એક્યાશી, ૨૪૩ પ્રકારે બહુ, બહુવિધ પરિણામ વડે પરિણમે છે. એ પ્રમાણે શુક્લલેશ્યા સુધી જાણવું.

ભગવન્ ! કૃષ્ણલેશ્યા, કેટલા પ્રદેશવાળી છે ? ગૌતમ ! અનંત પ્રદેશવાળી છે. એ પ્રમાણે શુક્લલેશ્યા સુધી જાણવું.

ભગવન્ ! કૃષ્ણલેશ્યા કેટલા પ્રદેશાવગાઢ છે ? ગૌતમ ! કૃષ્ણલેશ્યા અસંખ્યાતા પ્રદેશાવગાઢ છે. એમ શુક્લલેશ્યા સુધી જાણવું.

ભગવન્ ! કૃષ્ણલેશ્યાની કેટલી વર્ગણાઓ છે ? ગૌતમ ! અનંત વર્ગણા છે. એમ શુક્લલેશ્યા સુધી જાણવું.

## પદ–૧૭, ઉદ્દેશો–૪, અધિકાર–૧૪+૧૫

સૂત્ર-૪૬૮

ભગવન્ ! કૃષ્ણલેશ્યાના કેટલા સ્થાનો છે ? ગૌતમ ! અસંખ્યાતા સ્થાનો છે. એમ શુક્લલેશ્યા સુધી જાણવું.

ભગવન્ ! જઘન્ય એવા કૃષ્ણલેશ્યા યાવત્ શુક્લલેશ્યાના સ્થાનોમાં દ્રવ્યાર્થરૂપે, પ્રદેશાર્થરૂપે, દ્રવ્યાર્થ–પ્રદેશાર્થરૂપે કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

ગૌતમ ! ૧.સૌથી થોડાં જઘન્ય કાપોતલેશ્યી સ્થાનો દ્રવ્યાર્થરૂપે છે. ૨.જઘન્ય નીલલેશ્યી સ્થાનો દ્રવ્યાર્થરૂપે અસંખ્યાતગણા છે. ૩.જઘન્ય કૃષ્ણલેશ્યી સ્થાનો દ્રવ્યાર્થરૂપે અસંખ્યાતગણા છે. ૪.જઘન્ય તેજોલેશ્યી સ્થાનો દ્રવ્યાર્થરૂપે અસંખ્યાતગણા છે. ૫.જઘન્ય પદ્મલેશ્યી સ્થાનો દ્રવ્યાર્થરૂપે અસંખ્યાતગણા છે, ૬.જઘન્ય શુક્લલેશ્યીસ્થાનો દ્રવ્યાર્થરૂપે અસંખ્યાતગણા છે.

પ્રદેશાર્થરૂપે–૧.સૌથી થોડાં જઘન્ય કાપોતલેશ્યા સ્થાનો પ્રદેશાર્થરૂપે, ૨.જઘન્ય નીલલેશ્યી સ્થાનો પ્રદેશાર્થ **રૂપે** અસંખ્યાતા છે, ૩.જઘન્ય કૃષ્ણલેશ્યી સ્થાનો પ્રદેશાર્થ**રૂપે** અસંખ્યાતા છે. ૪.જઘન્ય તેજોલેશ્યી સ્થાનો પ્રદેશાર્થ**રૂપે** અસંખ્યાતા, જઘન્ય પદ્મલેશ્યી સ્થાનો પ્રદેશાર્થ**રૂપે** અસંખ્યાતા છે, જઘન્ય શુક્લ લેશ્યાના સ્થાનો પ્રદેશાર્થરૂપે અસંખ્યાતગણા છે.

દ્રવ્યાર્થ–પ્રદેશાર્થરૂપે સૌથી થોડાં જઘન્ય કાપોત લેશ્યાના સ્થાનો દ્રવ્યાર્થરૂપે છે. તેનાથી જઘન્ય નીલલેશ્યી કૃષ્ણલેશ્યી**,** તેજોલેશ્યી**,** પદ્મલેશ્યી**,** શુક્લલેશ્યી સ્થાનો ઉત્તરોત્તર અસંખ્યાતગણા છે.

દ્રવ્યાર્થરૂપ શુક્લલેશ્યાના સ્થાનોથી જઘન્ય કાપોતલેશ્યાના સ્થાનો પ્રદેશાર્થરૂપે અસંખ્યાતગણા છે. તેનાથી જઘન્ય નીલલેશ્યાના સ્થાનો યાવત્ શુક્લ લેશ્યાના સ્થાનો પ્રદેશાર્થરૂપે અસંખ્યાતગણા ઉત્તરોત્તર કહેવા.

ભગવન્ ! ઉત્કૃષ્ટ કૃષ્ણલેશ્યાના યાવત્ શુક્લલેશ્યાના સ્થાનોમાં દ્રવ્યાર્થરૂપે, પ્રદેશાર્થરૂપે, દ્રવ્યાર્થ–પ્રદેશાર્થરૂપે કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી થોડાં ઉત્કૃષ્ટ કાપોતલેશ્યી સ્થાનો દ્રવ્યાર્થરૂપે છે એ પ્રમાણે જેમ જઘન્ય સ્થાનો કહ્યાં, તેમ ઉત્કૃષ્ટ સ્થાનો કહેવા. માત્ર 'ઉત્કૃષ્ટ' પાઠ કહેવો.

ભગવન્ ! જઘન્ય અને ઉત્કૃષ્ટ કૃષ્ણલેશ્યાના યાવત્ શુક્લલેશ્યાના સ્થાનોમાં દ્રવ્યાર્થ, પ્રદેશાર્થ, દ્રવ્યાર્થ–પ્રદેશાર્થપણે કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી થોડાં જઘન્ય કાપોતલેશ્યાના સ્થાનો દ્રવ્યાર્થરૂપ છે**,** એમ નીલલેશ્યા યાવત્ શુક્લલેશ્યાના સ્થાનો ઉત્તરોત્તર અસંખ્યાતગણા જાણવા.

દ્રવ્યાર્થરૂપે જઘન્ય શુક્લલેશ્યાના સ્થાનોથી ઉત્કૃષ્ટ કાપોતલેશ્યાના સ્થાનો દ્રવ્યાર્થપણે અસંખ્યાતગણા છે, એ પ્રમાણે નીલલેશ્યાના, કૃષ્ણલેશ્યાના, તેજોલેશ્યાના, પદ્મલેશ્યાના અને શુક્લલેશ્યાના સ્થાનો દ્રવ્યાર્થપણે ઉત્તરોત્તર અસંખ્યાતગણા છે.

પ્રદેશાર્થપણે – સૌથી થોડાં જઘન્ય કાપોતલેશ્યાના સ્થાનો પ્રદેશાર્થરૂપે છે. એ પ્રમાણે દ્રવ્યાર્થ માફક પ્રદેશાર્થ**પણે** પણ કહેવા. વિશેષ એ કે – 'પ્રદેશાર્થરૂપે' પાઠ વિશેષ કહેવો.

દ્રવ્યાર્થ–પ્રદેશાર્થરૂપે – સૌથી જઘન્ય કાપોતલેશ્યી સ્થાનો દ્રવ્યાર્થરૂપે છે. એ પ્રમાણે જઘન્ય નીલલેશ્યી, કૃષ્ણલેશ્યી, તેજોલેશ્યી, પદ્મલેશ્યી, શુક્લલેશ્યાના સ્થાનો ઉત્તરોત્તર અસંખ્યાતગણા કહેવા.

દ્રવ્યાર્થ રૂપે જઘન્ય શુક્લલેશ્યી સ્થાનોથી ઉત્કૃષ્ટ કાપોતલેશ્યી સ્થાનો દ્રવ્યાર્થ રૂપે અસંખ્યાતગણા છે. તેનાથી નીલલેશ્યી–કૃષ્ણલેશ્યી–તેજોલેશ્યી–પદ્મલેશ્યી–શુક્લલેશ્યી સ્થાનો દ્રવ્યાર્થ રૂપે અસંખ્યાતગણા છે.

દ્રવ્યાર્થપણે ૧. ઉત્કૃષ્ટ શુક્લલેશ્યી સ્થાનોથી જઘન્ય કાપોતલેશ્યી સ્થાનો પ્રદેશાર્થરૂપે અનંતગણા છે.

તેનાથી ૨.જઘન્ય નીલલેશ્યી, કૃષ્ણલેશ્યી, તેજોલેશ્યી, પદ્મલેશ્યી, શુક્લલેશ્યી સ્થાનો પ્રદેશાર્થરૂપે અનુક્રમે અસંખ્યાત ગણા છે.

પ્રદેશાર્થરૂપે ૩.જઘન્ય શુક્લલેશ્યી સ્થાનો કરતા ઉત્કૃષ્ટ કાપોતલેશ્યી સ્થાનો પ્રદેશાર્થરૂપે અસંખ્યાતગણા છે, તેનાથી ૪.ઉત્કૃષ્ટ, નીલલેશ્યી, કૃષ્ણલેશ્યી, તેજોલેશ્યી, પદ્મલેશ્યી, શુક્લલેશ્યી સ્થાનો પ્રદેશાર્થરૂપે ઉત્તરોત્તર અસંખ્યાતગણા છે

## પદ–૧૭, ઉદ્દેશો–૫

સૂત્ર–૪૬૯

ભગવન્ ! લેશ્યાઓ કેટલી છે ? ગૌતમ ! છ લેશ્યાઓ છે – કૃષ્ણલેશ્યા યાવત્ શુક્લલેશ્યા.

ભગવન્ ! નિશ્ચે કૃષ્ણલેશ્યા, નીલલેશ્યાને પામીને તેના સ્વરૂપે – તેના વર્ણ–ગંધ–રસ–સ્પર્શપણે વારંવાર પરિણમે ? ગૌતમ ! અહીંથી આરંભી જેમ ચોથો ઉદ્દેશો કહ્યો, તેમ વૈડૂર્યમણિના દૃષ્ટાંત સુધી કહેવું.

ભગવન્ ! નિશ્ચે કૃષ્ણલેશ્યા, નીલલેશ્યાને પામીને તેના સ્વરૂપપણે યાવત્ સ્પર્શપણે વારંવાર પરિણમતી નથી? ગૌતમ! નિશ્ચે કૃષ્ણલેશ્યા, નીલલેશ્યાને પામી, તેના વર્ણ–ગંધ–રસ અને સ્પર્શપણે વારંવાર પરિણમતી નથી.

ભગવન્ ! એમ કેમ કહો છો ? ગૌતમ ! તે તેના આકારમાત્ર વડે છે, તેના પ્રતિબિંબ માત્ર વડે તે નીલલેશ્યા છે, પણ તે કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા રૂપે નથી, કૃષ્ણલેશ્યા ત્યાં સ્વ રૂપમાં રહેલી નીલલેશ્યાને પ્રાપ્ત થાય છે. માટે ગૌતમ ! એમ કહું છું કે કૃષ્ણલેશ્યા નીલલેશ્યાને પામીને તદ્‌રૂપપણે યાવત્ વારંવાર પરિણમતી નથી.

ભગવન્ ! નિશ્ચે નીલલેશ્યા, કાપોતલેશ્યાને પામીને તદ્‌રૂપપણે યાવત્ વારંવાર પરિણમતી નથી ? ગૌતમ ! નિશ્ચે તે પરિણમતી નથી.

ભગવન્ ! એમ કેમ કહો છો ? ગૌતમ ! નીલલેશ્યા તે કાપોતલેશ્યાના આકારમાત્ર વડે હોય અથવા પ્રતિબિંબભાવ માત્ર વડે હોય છે. તે નીલલેશ્યા છે, પણ કાપોતલેશ્યા નથી. તે સ્વ–રૂપમાં રહેલી નીલલેશ્યા પ્રાપ્ત થાય છે, તેથી કહું છું કે નીલલેશ્યા કાપોતલેશ્યાને પામીને તદ્‌રૂપપણે યાવત્ વારંવાર પરિણમતી નથી.

એ પ્રમાણે કાપોતલેશ્યા, તેજોલેશ્યાને પામીને, તેજોલેશ્યા, પદ્મલેશ્યાને પામીને, પદ્મલેશ્યા શુક્લલેશ્યાને પામીને વારંવાર પરિણમે નહીં.

ભગવન્ ! નિશ્ચે શુક્લલેશ્યા, પદ્મલેશ્યાને પામીને તદ્‌રૂપે યાવત્ વારંવાર પરિણમતી નથી? હા, ગૌતમ ! ન પરિણમે. ભગવન્ ! એમ કેમ કહો છો ? ગૌતમ! તે આકારમાત્ર વડે હોય અથવા પ્રતિબિંબભાવ માત્ર વડે પદ્મલેશ્યા જેવી પ્રતીત થાય છે. વાસ્તવમાં તે શુક્લ લેશ્યા જ રહે છે. ઈત્યાદિ કારણે હું એમ કહું છું – 'યાવત્ પરિણમતી નથી.'

## પદ–૧૭, ઉદ્દેશો–૬

સૂત્ર–૪૭૦

ભગવન્ ! લેશ્યા કેટલી છે ? ગૌતમ! છ લેશ્યા છે – કૃષ્ણલેશ્યા યાવત્ શુક્લલેશ્યા.

ભગવન્ ! મનુષ્યોને કેટલી લેશ્યા છે ? ગૌતમ ! છ લેશ્યા છે – કૃષ્ણલેશ્યા યાવત્ શુક્લલેશ્યા.

ભગવન્! માનુષી સ્ત્રીને કેટલી લેશ્યા છે ? છ લેશ્યા છે – કૃષ્ણલેશ્યા યાવત્ શુક્લલેશ્યા. એ પ્રમાણે કર્મભૂમિની મનુષ્ય સ્ત્રીને પણ જાણવું.

ભરત–ઐરવતના મનુષ્યોને કેટલી લેશ્યા છે ? છ – કૃષ્ણલેશ્યા યાવત્ શુક્લલેશ્યા. એ પ્રમાણે મનુષ્ય સ્ત્રી પણ કહેવી.

પૂર્વ–પશ્ચિમ મહાવિદેહની કર્મભૂમિના મનુષ્યોને કેટલી લેશ્યા છે ? છ લેશ્યા– કૃષ્ણલેશ્યા યાવત્ શુક્લલેશ્યા. એ પ્રમાણે મનુષ્ય સ્ત્રીને પણ કહેવું.

અકર્મભૂમિના મનુષ્ય વિશે પૃચ્છા – ચાર લેશ્યા હોય છે, કૃષ્ણ યાવત્ તેજો. એ પ્રમાણે અકર્મભૂમિની મનુષ્ય સ્ત્રી પણ કહેવી. એમ અંતર્દ્વીપના મનુષ્ય અને મનુષ્યસ્ત્રી પણ કહેવા.

હૈમવત – હૈરણ્યવત અકર્મભૂમિના મનુષ્યો તથા મનુષ્ય સ્ત્રીને કેટલી લેશ્યા હોય ? ચાર લેશ્યા – કૃષ્ણ યાવત્ તેજો. હરિવર્ષ અને રમ્યક્ અકર્મભૂમિના મનુષ્યો અને માનુષી સંબંધે પૃચ્છા – ચાર લેશ્યા હોય – કૃષ્ણ યાવત્ તેજો૦ દેવકુરુ–ઉત્તરકુરુના અકર્મભૂમિના મનુષ્યોને અને માનુષીઓને એમ જ જાણવા. એ પ્રમાણે ધાતકીખંડ અને પુષ્કરવર દ્વીપાર્ધના પૂર્વાર્દ્ધ અને પશ્ચિમાર્દ્ધમાં પણ જાણવું.

ભગવન્ ! કૃષ્ણલેશ્યી મનુષ્ય શું કૃષ્ણલેશ્યી ગર્ભને ઉત્પન્ન કરે ? હા, ગૌતમ ! કરે.

ભગવન્ ! કૃષ્ણલેશ્યી મનુષ્ય નીલલેશ્યી ગર્ભને ઉત્પન્ન કરે ? હા, કરે. યાવત્ શુક્લલેશ્યી ગર્ભને ઉત્પન્ન કરે. નીલલેશ્યી મનુષ્ય કૃષ્ણલેશ્યી ગર્ભને ઉત્પન્ન કરે? હા, ગૌતમ ! કરે. એ પ્રમાણે યાવત્ શુક્લ લેશ્યી ગર્ભને ઉત્પન્ન કરે.

એમ કાપોતલેશ્યી સાથે છ એ આલાવા કહેવા. એમ તેજોલેશ્યી, પદ્મલેશ્યી, શુક્લલેશ્યી પણ કહેવા. એમ છત્રીશ આલાવા કહેવા.

કૃષ્ણલેશ્યી સ્ત્રી, કૃષ્ણલેશ્યી ગર્ભને ઉત્પન્ન કરે ? હા, કરે. એ પ્રમાણે ઉપર મુજબ **૩૬**–આલાવા કહેવા.

ભગવન્ ! કૃષ્ણલેશ્યી મનુષ્ય, કૃષ્ણલેશ્યી સ્ત્રીમાં કૃષ્ણલેશ્યાવાળા ગર્ભને ઉત્પન્ન કરે ? હા, કરે. **૩૬**–આલાવા કહેવા.

ભગવન્ ! કર્મભૂમિજ કૃષ્ણલેશ્યી મનુષ્ય કૃષ્ણલેશ્યી સ્ત્રીમાં કૃષ્ણલેશ્યી ગર્ભને ઉત્પન્ન કરે ? હા, કરે. અકર્મભૂમિજ કૃષ્ણલેશ્યી મનુષ્ય, કૃષ્ણલેશ્યી સ્ત્રીમાં કૃષ્ણલેશ્યી ગર્ભને ઉત્પન્ન કરે ? હા, કરે. પણ અહીં ચાર લેશ્યાના સોળ આલાવા કહેવા. એ પ્રમાણે અંતર્દ્વીપના મનુષ્યો જાણવા.

## પદ-૧૭ 'લેશ્યા' મુનિ દીપરત્નસાગરે કરેલ ભાવાનુવાદ પૂર્ણ

# પદ-૧૮ 'કાયસ્થિતિ'

**સૂત્ર–૪૭૧, ૪૭૨**

**૪૭૧.** ૧.જીવ, ૨.ગતિ, ૩.ઈન્દ્રિય, ૪.કાય, ૫.યોગ, ૬.વેદ, ૭.કષાય, ૮.લેશ્યા, ૯.સમ્યક્ત્વ, ૧૦.જ્ઞાન, ૧૧.દર્શન, ૧૨.સંયત, ૧૩.ઉપયોગ, ૧૪.આહાર,

**૪૭૨.** ૧૫.ભાષક, ૧૬.પરિત્ત, ૧૭.પર્યાપ્ત, ૧૮.સૂક્ષ્મ, ૧૯.સંજ્ઞી, ૨૦.ભવસિદ્ધિક, ૨૧.અસ્તિકાય, ૨૨.ચરમ. એ બાવીશ પદોની કાયસ્થિતિ જાણવા યોગ્ય છે.

## પદ–૧૮, દ્વાર–૧ 'જીવ'

**સૂત્ર–૪૭૩ ચાલુ.**

ભગવન્ ! જીવ, જીવસ્વરૂપે કાળથી કેટલો કાળ રહે ? ગૌતમ! સર્વકાળ હોય.

## પદ–૧૮, દ્વાર–૨ 'ગતિ'

**સૂત્ર–૪૭૩ અધૂરેથી.**

ભગવન્ ! નૈરયિક, નૈરયિકપણે કાળથી કેટલો કાળ હોય ? ગૌતમ ! જઘન્ય દશ હજાર વર્ષ, ઉત્કૃષ્ટ ૩૩–સાગરોપમ.

ભગવન્ ! તિર્યંચયોનિક, તિર્યંચયોનિક રૂપે કાળથી કેટલો કાળ હોય ? ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અનંત કાળ–કાળથી અનંત ઉત્સર્પિણી–અવસર્પિણી, ક્ષેત્રથી અનંત લોક–આવલિકાના અસંખ્યાતમાં ભાગ પ્રમાણ અસંખ્યાતા પુદ્‌ગલ પરાવર્ત્ત.

ભગવન્! તિર્યંચયોનિક સ્ત્રી, તિર્યંચ સ્ત્રી રૂપે કાળથી કેટલો કાળ હોય ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી પૂર્વકોટિ પૃથક્ત્વ અધિક ત્રણ પલ્યોપમ સુધી.

એ પ્રમાણે મનુષ્ય અને મનુષ્યસ્ત્રી પણ જાણવા.

ભગવન્ ! દેવ, દેવરૂપે કાળથી કેટલો કાળ રહે ? નૈરયિકવત્ જાણવું.

ભગવન્ ! દેવી, દેવીરૂપે કાળથી કેટલો કાળ રહે ? ગૌતમ ! જઘન્ય દશ હજાર વર્ષ, ઉત્કૃષ્ટ ૫૫–પલ્યોપમ.

ભગવન્ ! સિદ્ધ, સિદ્ધરૂપે કેટલો કાળ રહે ? ગૌતમ ! સાદિ–અનંતકાળ.

ભગવન્ ! અપર્યાપ્ત નૈરયિક, અપર્યાપ્ત નૈરયિકપણે કાળથી ક્યાં સુધી રહે ? ગૌતમ ! જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તકાળ. એ પ્રમાણે અપર્યાપ્તા દેવી સુધી જાણવું.

ભગવન્ ! પર્યાપ્ત નૈરયિક, પર્યાપ્ત નૈરયિક રૂપે કેટલો કાળ રહે ? જઘન્યથી અંતર્મુહૂર્ત ન્યૂન ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત ન્યૂન ૩૩–સાગરોપમ.

ભગવન્ ! પર્યાપ્તા તિર્યંચયોનિક પર્યાપ્તા તિર્યંચયોનિક રૂપે ક્યાં સુધી રહે ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત ન્યૂન ત્રણ પલ્યોપમ. એ પ્રમાણે તિર્યંચ સ્ત્રી જાણવી. મનુષ્ય અને માનુષી પણ એમ જ જાણવા. પર્યાપ્તા નૈરયિક માફક પર્યાપ્તા દેવને જાણવા.

ભગવન્! પર્યાપ્તા દેવી પર્યાપ્તા દેવીરૂપે કેટલો કાળ રહે? ગૌતમ! જઘન્ય અંતર્મુહૂર્ત ન્યૂન દશ હજાર વર્ષ, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન ૫૫–પલ્યોપમ.

## પદ-૧૮, દ્વાર-૩ 'ઈન્દ્રિય'

**સૂત્ર–૪૭૪**

ભગવન્ ! સેન્દ્રિય જીવ, સેન્દ્રિયરૂપે કાળથી ક્યાં સુધી હોય ? ગૌતમ ! સેન્દ્રિય બે પ્રકારે છે – અનાદિ અનંત

અને અનાદિ સાંત.

ભગવન્! એકેન્દ્રિય, એકેન્દ્રિયરૂપે કાળથી કેટલો કાળ રહે ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટથી અનંતકાળ—વનસ્પતિકાળ સુધી હોય.

ભગવન્ ! બેઇન્દ્રિય, બેઇન્દ્રિયરૂપે કાળથી કેટલો કાળ હોય ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટથી સંખ્યાતો કાળ હોય. એ પ્રમાણે તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિય સંબંધે જાણવું.

ભગવન્ ! પંચેન્દ્રિય 'પંચેન્દ્રિય' રૂપે કાળથી ક્યાં સુધી હોય ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટથી કંઈક અધિક હજાર સાગરોપમ હોય.

અનિન્દ્રિય વિશે પૃચ્છા. ગૌતમ ! સાદિ અનંતકાળ હોય.

ભગવન્ ! સેન્દ્રિય અપર્યાપ્તા સેન્દ્રિય અપર્યાપ્તારૂપે કાળથી કેટલો કાળ રહે ? ગૌતમ ! જઘન્ય અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત્ત સુધી હોય. એ પ્રમાણે પંચેન્દ્રિય અપર્યાપ્તા સુધી જાણવું.

ભગવન્! સેન્દ્રિય પર્યાપ્ત સેન્દ્રિય પર્યાપ્ત રૂપે કાળથી કેટલો કાળ રહે ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી સાધિક શત પૃથક્ત્વ સાગરોપમ.

ભગવન્ ! પર્યાપ્તા એકેન્દ્રિયનો પ્રશ્ન – જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ સંખ્યાતા હજાર વર્ષ.

બેઇન્દ્રિય પર્યાપ્તાની પૃચ્છા – જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ સંખ્યાતા વર્ષ

તેઇન્દ્રિય પર્યાપ્તાની પૃચ્છા – જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ સંખ્યાતા દિવસ,

ચઉરિન્દ્રિય પર્યાપ્તાની પૃચ્છા – જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી સંખ્યાતા માસ.

પંચેન્દ્રિય પર્યાપ્તાની પૃચ્છા – જઘન્ય અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ શતપૃથક્ત્વ સાગરોપમ હોય.

## પદ-૧૮, દ્વાર-૪ 'કાય'

### સૂત્ર-૪૭૫

ભગવન્ ! સકાયિક જીવ, સકાયિક રૂપે કાળથી કેટલો કાળ રહે ? ગૌતમ ! સકાયિક બે ભેદે – અનાદિ અનંત, અનાદિ સાંત. તેમાં અનાદિ સાંતની જઘન્યથી અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા વર્ષાધિક બે હજાર સાગરોપમ કાયસ્થિતિ કહી છે..

ભગવન્ ! અકાયિક સંબંધે પૃચ્છા – ગૌતમ ! અકાયિક સાદિ અનંત છે.

સકાયિક અપર્યાપ્તાની પૃચ્છા– તે જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત્ત છે. એમ ત્રસકાયિક અપર્યાપ્તા સુધી જાણવું

સકાયિક પર્યાપ્તાની પૃચ્છા – જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી સાધિક શતપૃથક્ત્વ સાગરોપમ.

પૃથ્વીકાયિકની પૃચ્છા – ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત્ત. ઉત્કૃષ્ટથી અસંખ્યાતકાળ. કાળથી અસંખ્યાતી ઉત્સર્પિણી–અવસર્પિણી ક્ષેત્રથી અસંખ્યાતલોક.

એ પ્રમાણે અપ્કાયિક, તેઉકાયિક, વાયુકાયિક પણ જાણવા.

વનસ્પતિકાયની પૃચ્છા – જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી અનંતકાળ–કાળથી અનંતી ઉત્સર્પિણી–અવસર્પિણી, ક્ષેત્રથી અનંતલોક, અસંખ્યાતક પુદ્‌ગલ પરાવર્ત અને તે આવલિકાનો અસંખ્યાત ભાગ જાણવો.

પૃથ્વીકાયિક પર્યાપ્તાની પૃચ્છા – જઘન્યથી અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા હજાર વર્ષો. એ પ્રમાણે અપ્કાયિક પણ જાણવા.

તેઉકાયિક વિશે પૃચ્છા – જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી સંખ્યાતા દિવસો.

વાયુકાયિક પર્યાપ્તાની પૃચ્છા – જઘન્યથી અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા હજાર વર્ષ.

ત્રસકાયિકની પૃચ્છા – જઘન્યથી અંતર્મુહૂર્ત્ત ઉત્કૃષ્ટથી સાધિક સાગરોપમ શતપૃથક્ત્વ.

સૂત્ર–૪૭૬

ભગવન્ ! સૂક્ષ્મકાયિક સૂક્ષ્મરૂપે કાળથી કેટલો કાળ રહે ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી સંખ્યાતકાળ કાળથી અસંખ્યાતી ઉત્સર્પિણી–અવસર્પિણી, ક્ષેત્રથી અસંખ્યાત લોક હોય.

સૂક્ષ્મ પૃથ્વીકાયિકથી સૂક્ષ્મ વનસ્પતિકાયિક સુધીના અને સૂક્ષ્મનિગોદ પણ જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી અસંખ્યાતકાળ હોય છે. તે કાળથી અસંખ્યાતી ઉત્સર્પિણી–અવસર્પિણી, ક્ષેત્રથી અસંખ્યાત લોક પ્રમાણ હોય.

ભગવન્ ! સૂક્ષ્મ અપર્યાપ્તા, સૂક્ષ્મ અપર્યાપ્તા રૂપે કાળથી કેટલો કાળ રહે ? ગૌતમ ! જઘન્યથી અને ઉત્કર્ષથી અંતર્મુહૂર્ત. એ રીતે અપર્યાપ્તા સૂક્ષ્મ પૃથ્વીકાય યાવત્ વનસ્પતિકાય પણ જાણવા. પર્યાપ્તા સૂક્ષ્મ પૃથ્વીકાયિકાદિને પણ એમ જ કહેવું.

ભગવન્ ! બાદર જીવ બાદર રૂપે કાળથી કેટલો કાળ હોય ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અસંખ્યાત કાળ – કાળથી અસંખ્યાતી ઉત્સર્પિણી–અવસર્પિણી, ક્ષેત્રથી અંગુલનો અસંખ્યાતમો ભાગ હોય.

ભગવન્ ! બાદર પૃથ્વીકાયિક, બાદર પૃથ્વીકાયિક રૂપે કાળથી કેટલો કાળ હોય ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ ૭૦ કોડાકોડી સાગરોપમ પર્યન્ત હોય. એ પ્રમાણે બાદર અપ્કાય, તેઉકાય, વાયુકાય પણ જાણવા. બાદર વનસ્પતિકાયિક બાદર વનસ્પતિકાયિક રૂપે ઇત્યાદિ પૃચ્છા. ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અસંખ્યાતો કાળ, યાવત્ ક્ષેત્રથી અંગુલનો અસંખ્યાતમો ભાગ પ્રમાણ કાળ જાણવો.

ભગવન્ ! પ્રત્યેક શરીર બાદર વનસ્પતિકાયિક સંબંધે પૃચ્છા. ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ૭૦ કોડાકોડી સાગરોપમ.

ભગવન્ ! નિગોદ નિગોદરૂપે કેટલો કાળ હોય ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી કાળથી અનંત–કાળ અર્થાત અનંત ઉત્સર્પિણી અવસર્પિણી, ક્ષેત્રથી અઢી પુદ્‌ગલ પરાવર્ત હોય.

ભગવન્ ! બાદર નિગોદ, બાદર નિગોદ રૂપે આદિ પૃચ્છા – ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ૭૦ કોડાકોડી સાગરોપમ હોય.

ભગવન્ ! બાદર ત્રસકાયિક બાદર ત્રસકાયિક રૂપે કાળથી કેટલો કાળ હોય ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટથી સંખ્યાતા વર્ષ અધિક બે હજાર સાગરોપમ હોય. તેમના અપર્યાપ્તા બધા જઘન્ય અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત.

ભગવન્ ! બાદર પર્યાપ્ત બાદર પર્યાપ્તરૂપે કેટલો કાળ હોય ? ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ સાધિક શત પૃથક્ત્વ સાગરોપમ. બાદર પૃથ્વીકાયિક પર્યાપ્તાની પૃચ્છા – જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ સંખ્યાતા હજાર વર્ષ. એમ અપ્કાયિક પણ જાણવા.

ભગવન્ ! તેઉકાયિક પર્યાપ્તા, તેઉકાયિક પર્યાપ્તા રૂપે કેટલો કાળ હોય ? જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ સંખ્યાતા રાત્રિ–દિન. વાયુકાયિક, વનસ્પતિકાયિક, પ્રત્યેક શરીર બાદર વનસ્પતિકાયિકની પૃચ્છા– જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ સંખ્યાતા હજાર વર્ષ.

નિગોદ પર્યાપ્તા અને બાદર નિગોદ પર્યાપ્તાની પૃચ્છા – બંનેને જઘન્ય અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત.

ભગવન્ ! પર્યાપ્તા બાદર ત્રસકાયિક, પર્યાપ્તા બાદર ત્રસકાયિકરૂપે કેટલો કાળ રહે ? જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ સાધિક શત પૃથક્ત્વ સાગરોપમ હોય.

## પદ-૧૮, દ્વાર-૫ 'યોગ'

સૂત્ર–૪૭૭

ભગવન્ ! સયોગી, સયોગીરૂપે કાળથી કેટલો કાળ હોય ? ગૌતમ ! સયોગી બે ભેદે છે, તે આ પ્રમાણે – અનાદિ અનંત, અનાદિ સાંત.

ભગવન્ ! મનોયોગી, મનોયોગી રૂપે કાળથી કેટલો કાળ હોય ? ગૌતમ ! જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત એમ વચનયોગી પણ જાણવો.

ભગવન્! કાયયોગી, કાયયોગીરૂપે કેટલો કાળ હોય ? ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી વનસ્પતિકાળ.

ભગવન્ ! અયોગી, અયોગીરૂપે કેટલો કાળ હોય ? ગૌતમ ! સાદિ અનંતકાળ.

## પદ–૧૮, દ્વાર–૬ ' વેદ'

સૂત્ર–૪૭૮

ભગવન્ ! સવેદી સવેદીરૂપે કેટલો કાળ હોય ? ગૌતમ ! સવેદી ત્રણ ભેદે – અનાદિ અનંત, અનાદિ સાંત, સાદિ સાંત. તેમાં જે સાદિ સાંત છે, તે જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી અનંતકાળ–કાળથી અનંત ઉત્સર્પિણી–અવસર્પિણી હોય, ક્ષેત્રથી કંઈક ન્યૂન અર્દ્ધ પુદ્‌ગલ પરાવર્ત હોય.

ભગવન્ ! સ્ત્રીવેદી સ્ત્રીવેદી રૂપે કેટલો કાળ હોય ? ગૌતમ ! એક આદેશથી જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ પૂર્વકોટી પૃથક્ત્વ અધિક દશ પલ્યોપમ. બીજા આદેશથી જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ પૂર્વકોટી પૃથક્ત્વ વર્ષ અધિક ૧૮ પલ્યોપમ. ત્રીજા આદેશથી જઘન્ય એક સમય ઉત્કૃષ્ટથી પૂર્વકોટી પૃથક્ત્વ અધિક ચૌદ પલ્યોપમ, ચોથા આદેશથી જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ પૂર્વકોટી પૃથક્ત્વ અધિક પલ્યોપમ પૃથક્ત્વ હોય.

ભગવન્ ! પુરુષવેદી પુરુષવેદી રૂપે કેટલો કાળ હોય ? ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી કંઈક અધિક શત–પૃથક્ત્વ સાગરોપમ હોય.

ભગવન્ ! નપુંસકવેદી, નપુંસકવેદી રૂપે કેટલો કાળ હોય? ગૌતમ! જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ.

ભગવન્ ! અવેદક અવેદકરૂપે ક્યાં સુધી હોય ? ગૌતમ ! અવેદક બે પ્રકારે – સાદિ અનંત, સાદિ સાંત. જે સાદિ સાંત છે, તે જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત હોય.

## પદ–૧૮, દ્વાર–૭ ' કષાય'

સૂત્ર–૪૭૯

ભગવન્ ! સકષાયી, સકષાયી રૂપે કેટલો કાળ હોય ? ગૌતમ ! સકષાયી ત્રણ પ્રકારે – અનાદિ અનંત, અનાદિ સાંત, સાદિ સાંત. તે યાવત્ કંઈક ન્યૂન અર્ધ પુદ્‌ગલ પરાવર્ત સુધી હોય.

ભગવન્ ! ક્રોધકષાયી, ક્રોધકષાયી રૂપે કેટલો કાળ હોય ? – ગૌતમ ! જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત. એ પ્રમાણે માન અને માયાકષાયી જાણવા.

ભગવન્ ! લોભકષાયી લોભકષાયી રૂપે કેટલો કાળ હોય ? ગૌતમ ! જઘન્ય એક સમયે, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત.

ભગવન્ ! અકષાયી, અકષાયીરૂપે કેટલો કાળ હોય ? અકષાયી બે ભેદે – સાદિ અનંત, સાદિ સાંત, જે સાદિ સાંત છે, તે જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત હોય.

## પદ-૧૮, દ્વાર-૮ 'લેશ્યા'

સૂત્ર–૪૮૦

ભગવન્ ! સલેશ્યી, સલેશ્યી રૂપે કેટલો કાળ હોય ? સલેશ્યી બે ભેદે – અનાદિ અનંત, અનાદિ સાંત.

ભગવન્ ! કૃષ્ણલેશ્યી, કૃષ્ણલેશ્યી રૂપે કેટલો કાળ રહે ? જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત અધિક ૩૩–સાગરોપમ.

ભગવન્ ! નીલલેશ્યી, નીલલેશ્યી રૂપે કેટલો કાળ હોય ? જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ દસ સાગરોપમ અધિક પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ.

કાપોતલેશ્યાની પૃચ્છા–જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ અધિક ત્રણ સાગરોપમ.

તેજોલેશ્યા વિશે પૃચ્છા – જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ પલ્યોપમનો અસંખ્યાતભાગ અધિક બે સાગરોપમ.

પદ્મલેશ્યા વિશે પૃચ્છા – જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત અધિક દશ સાગરોપમ.

શુક્લલેશ્યા વિશે પૃચ્છા – જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત અધિક ૩૩–સાગરોપમ.

અલેશ્યી સંબંધે પ્રશ્ન – ગૌતમ! સાદિ–અનંતકાળ.

## પદ-૧૮, દ્વાર-૯ 'સમ્યક્ત્વ'

સૂત્ર–૪૮૧

ભગવન્! સમ્યગ્‌દૃષ્ટિ, સમ્યગ્‌દૃષ્ટિ રૂપે કેટલો કાળ હોય? ગૌતમ! સમ્યગ્‌દૃષ્ટિ બે ભેદે – સાદિ અનંત અને સાદિ સાંત. જે સાદિ સાંત છે, તે જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ સાધિક ૬૬–સાગરોપમ હોય છે. ભગવન્! મિથ્યાદૃષ્ટિની પૃચ્છા – મિથ્યાદૃષ્ટિ ત્રણ ભેદે – અનાદિ અનંત, અનાદિ સાંત, સાદિ સાંત. તેમાં સાદિ સાંત છે તે જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અનંતકાળ – અનંત ઉત્સર્પિણી–અવસર્પિણી. ક્ષેત્રથી કંઈક ન્યૂન અર્ધ પુદ્‌ગલ પરાવર્ત હોય. સમ્યગ્–મિથ્યાદૃષ્ટિની પૃચ્છા – જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી પણ અંતર્મુહૂર્ત.

## પદ–૧૮, દ્વાર–૧૦ ' જ્ઞાન'

સૂત્ર–૪૮૨

ભગવન્! જ્ઞાની, જ્ઞાનીરૂપે કેટલો કાળ હોય? ગૌતમ! જ્ઞાની બે પ્રકારે – સાદિ અનંત, સાદિ સાંત. સાદિ સાંત જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી સાધિક ૬૬–સાગરોપમ હોય.

આભિનિબોધિક જ્ઞાનીની પૃચ્છા – ગૌતમ! એમ જ છે. એ પ્રમાણે શ્રુતજ્ઞાની જાણવા. અવધિજ્ઞાનમાં પણ એમ જ જાણવું. પણ તે જઘન્યથી એક સમય છે. ભગવન્! મનઃપર્યવજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની રૂપે કેટલો કાળ હોય? જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ કંઈક ન્યૂન ક્રોડપૂર્વ વર્ષ. કેવલજ્ઞાની વિશે પૃચ્છા – સાદિ અનંતકાળ. અજ્ઞાની, મતિઅજ્ઞાની, શ્રુતઅજ્ઞાનીની પૃચ્છા – આ ત્રણે ત્રણ પ્રકારે છે – અનાદિ અનંત, અનાદિ સાંત, સાદિ સાંત. આ સાદિ સાંત જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી અનંતકાળ–અનંત ઉત્સર્પિણી–અવસર્પિણી કાળથી, ક્ષેત્રથી કંઈક ન્યૂન અર્ધ પુદ્‌ગલ પરાવર્ત હોય. વિભંગજ્ઞાનીની પૃચ્છા – જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ કંઈક ન્યૂન પૂર્વકોટિ અધિક ૩૩–સાગરોપમ.

## પદ–૧૮, દ્વાર–૧૧ ' દર્શન'

સૂત્ર–૪૮૩

ભગવન્! ચક્ષુદર્શની, ચક્ષુદર્શનીરૂપે કેટલો કાળ હોય ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી સાધિક હજાર સાગરોપમ હોય.

ભગવન્! અચક્ષુદર્શની, અચક્ષુદર્શનીરૂપે કેટલો કાળ હોય? અચક્ષુદર્શની બે ભેદે–અનાદિ અનંત, અનાદિસાંત

ભગવન્ ! અવધિદર્શની કેટલો કાળ હોય ? ગૌતમ ! જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ સાધિક ૧૩૨–સાગરોપમ.

ભગવન્ ! કેવલ દર્શની વિશે પૃચ્છા – ગૌતમ ! સાદિ અનંત હોય.

## પદ-૧૮, દ્વાર-૧૨ / ૧૩ 'સંયત' - 'ઉપયોગ'

સૂત્ર–૪૮૪, ૪૮૫

૪૮૪. ભગવન્ ! સંયત, સંયતરૂપે કેટલો કાળ હોય ? ગૌતમ ! જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ દેશોન પૂર્વકોટી.

ભગવન્ ! અસંયતની પૃચ્છા – ગૌતમ ! અસંયત ત્રણ પ્રકારે છે – અનાદિ અનંત, અનાદિ સાંત, સાદિ સાંત.

સાદિ સાંત જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ અનંતકાળ – અનંત ઉત્સર્પિણી–અવસર્પિણી. ક્ષેત્રથી દેશોન અર્ધ પુદ્ગલ પરાવર્ત કાળ હોય.

ભગવન્ ! સંયતાસંયતની પૃચ્છા. ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ દેશોન ક્રોડ પૂર્વ વર્ષ હોય.

નોસંયત–નોઅસંયત–નોસંયતાસંયત વિશે પૃચ્છા–ગૌતમ! તે સાદિ અનંતકાળ હોય.

૪૮૫. ભગવન્ ! સાકાર ઉપયોગવાળાની પૃચ્છા–ગૌતમ ! જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત્ત. અનાકારોપયોગી એમ જ છે.

## પદ–૧૮, દ્વાર–૧૪ 'આહાર'

સૂત્ર–૪૮૬

ભગવન્ ! આહારક, આહારક રૂપે ક્યાં સુધી હોય ? આહારક બે ભેદે – છદ્મસ્થ આહારક, કેવલી આહારક.

ભગવન્ ! છદ્મસ્થ આહારકની પૃચ્છા – ગૌતમ ! જઘન્યથી બે સમય ન્યૂન ક્ષુલ્લક ભવ અને ઉત્કૃષ્ટ અસંખ્યાતો કાળ – કાળથી અસંખ્યાત ઉત્સર્પિણી–અવસર્પિણી અને ક્ષેત્રથી અંગુલનો અસંખ્યાત ભાગ પ્રમાણ કાળ સુધી હોય છે.

ભગવન્ ! કેવલી આહારક વિશે પૃચ્છા – ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ દેશોન પૂર્વકોટી વર્ષ.

ભગવન્ ! અનાહારક વિશે પૃચ્છા – અનાહારક બે પ્રકારે છે – છદ્મસ્થ અનાહારક, કેવલી અનાહારક.

ભગવન્ ! છદ્મસ્થ અનાહારક વિશે પૃચ્છા – જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ બે સમય.

ભગવન્ ! કેવલી અનાહારક વિશે પૃચ્છા – ગૌતમ! કેવલી અનાહારક બે ભેદે – સિદ્ધ કેવલી અનાહારક અને ભવસ્થ કેવલી અનાહારક. સિદ્ધ કેવલી અનાહારક વિશે પૃચ્છા – ગૌતમ! તે સાદિ અનંતકાળ હોય.

ભગવન્ ! ભવસ્થ કેવલી અનાહારક વિશે પૃચ્છા – ગૌતમ ! ભવસ્થ કેવલી અનાહારક બે ભેદે – સયોગી ભવસ્થ કેવલી, અયોગી ભવસ્થ કેવલી

ભગવન્ ! સયોગી ભવસ્થ કેવલી અનાહારકની પૃચ્છા – જઘન્ય, ઉત્કૃષ્ટ રહિત ત્રણ સમય,

અયોગી ભવસ્થ કેવલી અનાહારક વિશે પૃચ્છા – જઘન્ય, ઉત્કૃષ્ટ રહિત અંતર્મુહૂર્ત્ત.

## પદ–૧૮, દ્વાર–૧૫ થી ૨૨

સૂત્ર–૪૮૭ થી ૪૯૪

૪૮૭. ભાષક વિશે પૃચ્છા – ગૌતમ ! જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત્ત.

અભાષક વિશે પૃચ્છા – ગૌતમ ! અભાષક ત્રણ પ્રકારે – અનાદિ અનંત, અનાદિ સાંત, સાદિ સાંત. જે સાદિ સાંત છે તે જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ હોય.

૪૮૮. પરિત્ત વિશે પૃચ્છા – પરિત્ત બે ભેદે છે – કાય પરિત્ત, સંસાર પરિત્ત.

કાય પરિત્ત વિશે પૃચ્છા – જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ અસંખ્યાતી ઉત્સર્પિણી–અવસર્પિણીરૂપ અસંખ્યાત પૃથ્વીકાળ.

સંસાર પરિત્ત વિશે પૃચ્છા – જઘન્ય અંતર્મુહૂર્ત્ત. ઉત્કૃષ્ટ અનંતકાળ યાવત્ કંઈક ન્યૂન અર્ધ પુદ્ગલ પરાવર્ત.

અપરિત્ત વિશે પૃચ્છા – અપરિત્ત બે ભેદે છે – કાયઅપરિત્ત, સંસાર અપરિત્ત.

કાય અપરિત્ત વિશે પૃચ્છા – જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ.

સંસાર અપરિત્ત વિશે પૃચ્છા – સંસાર અપરિત્ત બે ભેદે છે – અનાદિ સાંત અને અનાદિ અનંત.

નોપરિત્ત–નોઅપરિત્ત વિશે પૃચ્છા–સાદિ અનંત.

૪૮૯. પર્યાપ્તા વિશે પૃચ્છા – જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ કંઈક ન્યૂન શતપૃથક્ત્વ સાગરોપમ હોય.

અપર્યાપ્તા વિશે પૃચ્છા—જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત.

નોપર્યાપ્તા—નોઅપર્યાપ્તા વિશે પૃચ્છા—સાદિ અનંત.

૪૯૦. સૂક્ષ્મ વિશે પૃચ્છા – જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ પૃથ્વીકાળ. બાદર વિશે પૃચ્છા – જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અસંખ્યાતો કાળ યાવત્ ક્ષેત્રથી અંગુલનો અસંખ્યાતમો ભાગ. નોસૂક્ષ્મ—નોબાદર વિશે પૃચ્છા – સાદિ અનંતકાળ.

૪૯૧. ભગવન્! સંજ્ઞી વિશે પૃચ્છા – જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી સાધિક શતપૃથક્ત્વ સાગરોપમ.

અસંજ્ઞી વિશે પૃચ્છા – જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ. નોસંજ્ઞી—નોઅસંજ્ઞી વિશે પૃચ્છા – ગૌતમ! સાદિ અનંતકાળ હોય.

૪૯૨. ભવસિદ્ધિક વિશે પૃચ્છા – ગૌતમ ! અનાદિ સાંત.

અભવસિદ્ધિક વિશે પૃચ્છા – ગૌતમ! અનાદિ અનંત.

નોભવસિદ્ધિક – નોઅભવસિદ્ધિકની પૃચ્છા – સાદિ અનંતકાળ.

૪૯૩. ધર્માસ્તિકાય વિશે પૃચ્છા – ગૌતમ ! સર્વ કાળ હોય. એ પ્રમાણે અદ્ધાસમય સુધી જાણવું.

૪૯૪. ભગવન્ ! ચરમ, ચરમરૂપે કેટલો કાળ હોય ? ગૌતમ ! અનાદિ સાંત.

અચરમ વિશે પૃચ્છા – ગૌતમ! અચરમ બે પ્રકારે છે – અનાદિ અનંત, સાદિ અનંત.

**પદ-૧૮ ‘કાયસ્થિતિ’ મુનિ દીપરત્નસાગરે કરેલ ભાવાનુવાદ પૂર્ણ**

# પદ-૧૯ 'સમ્યક્ત્વ'

સૂત્ર–૪૯૫

ભગવન્ ! જીવો શું સમ્યગ્દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ કે મિશ્રદૃષ્ટિ છે ? ગૌતમ ! જીવો સમ્યગ્દૃષ્ટિ પણ છે, મિથ્યાદૃષ્ટિ પણ છે, મિશ્રદૃષ્ટિ પણ છે.

એ પ્રમાણે નૈરયિકો પણ જાણવા. અસુરકુમાર યાવત્ સ્તનિતકુમારો એમ જ જાણવા.

પૃથ્વીકાયિકો સંબંધે પ્રશ્ન – ગૌતમ ! પૃથ્વીકાયિકો સમ્યગ્દૃષ્ટિ નથી, મિથ્યાદૃષ્ટિ છે, મિશ્રદૃષ્ટિ નથી.

એ પ્રમાણે વનસ્પતિકાયિકો સુધી જાણવા.

બેઇન્દ્રિય સંબંધે પ્રશ્ન – ગૌતમ ! બેઇન્દ્રિયો સમ્યગ્દૃષ્ટિ હોય, મિથ્યાદૃષ્ટિ હોય, પણ મિશ્રદૃષ્ટિ ન હોય.

એ પ્રમાણે ચઉરિન્દ્રિયો સુધી જાણવું.

પંચેન્દ્રિય તિર્યંચયોનિક, મનુષ્યો, વ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિકો સમ્યગ્દૃષ્ટિ પણ હોય, મિથ્યાદૃષ્ટિ પણ હોય અને સમ્યગ્મિથ્યા (મિશ્ર) દૃષ્ટિ પણ હોય.

સિદ્ધો સંબંધે પ્રશ્ન – ગૌતમ ! સિદ્ધો સમ્યગ્દૃષ્ટિ છે, મિથ્યાદૃષ્ટિ નથી, મિશ્રદૃષ્ટિ નથી.

પદ-૧૯ 'સમ્યક્ત્વ' મુનિ દીપરત્નસાગરે કરેલ ભાવાનુવાદ પૂર્ણ

# પદ-૨૦ 'અંતક્રિયા'

સૂત્ર–૪૯૬

૧.નૈરયિક અંતક્રિયા, ૨.અનંતર અંતક્રિયા, ૩.એક સમય અંતક્રિયા, ૪.ઉદ્ધર્તન(જીવોની ઉત્પત્તિ), ૫.તીર્થંકર, ૬.ચક્રી, ૭.બલદેવ, ૮.વાસુદેવ, ૯.માંડલિક અને રત્ન ક્યાંથી નીકળીને થાય ?. એ દશ વિષય સંબંધી દ્ધાર ગાથા અહી જણાવેલ છે.

## પદ-૨૦, દ્ધાર-૧ / ૨

સૂત્ર–૪૯૭, ૪૯૮

૪૯૭. ભગવન્ ! જીવ અંતક્રિયા કરે ? ગૌતમ! કોઈ કરે, કોઈક ન કરે. એમ નૈરયિકથી વૈમાનિક સુધી જાણવું.

ભગવન્ ! નૈરયિક નૈરયિકમાં અંતક્રિયા કરે ? ગૌતમ ! એ અર્થ યોગ્ય નથી.

ભગવન્ ! નૈરયિક અસુરકુમારમાં અંતક્રિયા કરે ? ગૌતમ ! એ અર્થ યોગ્ય નથી. એમ અસુરકુમારથી વૈમાનિક સુધી જાણવું. પરંતુ તેમાં એક મનુષ્યો આવી અંતક્રિયા કરે ? ગૌતમ ! કોઈ કરે, કોઈ ન કરે. એ પ્રમાણે **૨૪** દંડક થાય

૪૯૮. ભગવન્ ! અનંતર આવેલ નૈરયિક અંતક્રિયા કરે કે પરંપર આવેલ અંતક્રિયા કરે ? ગૌતમ ! અનંતર આવેલ પણ અંતક્રિયા કરે, પરંપર આવેલ પણ અંતક્રિયા કરે. એ પ્રમાણે રત્નપ્રભાથી પંકપ્રભા નૈરયિક જાણવા.

ધૂમપ્રભા નૈરયિકોની પૃચ્છા – ગૌતમ ! અનંતર આવેલા અંતક્રિયા ન કરે, પરંપર આવેલા અંતક્રિયા કરે, આ પ્રમાણે સાતમી નરક નૈરયિક સુધી જાણવું.

અસુરકુમાર યાવત્ સ્તનિતકુમાર, પૃથ્વીકાયિક, અપ્કાયિક, વનસ્પતિકાયિકો અનંતર આવેલ પણ અંતક્રિયા કરે, પરંપર આવેલા પણ અંતક્રિયા કરે. તેઉકાયિક વાયુકાયિક બેઇન્દ્રિય, ત્રણઇન્દ્રિય, ચારઇન્દ્રિયવાળા અનંતર આવેલ અંતક્રિયા ન કરે, પણ પરંપર આવેલા અંતક્રિયા કરે.

બાકીના જીવો બંને પ્રકારે અંતક્રિયા કરે.

## પદ-૨૦, દ્ધાર-૩

સૂત્ર–૪૯૯

અનંતર આવેલા નૈરયિકો એક સમયમાં કેટલા અંતક્રિયા કરે ? ગૌતમ ! જઘન્ય એક, બે, ત્રણ અને ઉત્કૃષ્ટ દશ અંતક્રિયા કરે. એ પ્રમાણે રત્નપ્રભા યાવત્ વાલુકાપ્રભાના નૈરયિકો જાણવા.

ભગવન્ ! પંકપ્રભા પૃથ્વીના નૈરયિકો અનંતર આવીને એક સમયે કેટલા અંતક્રિયા કરે ? ગૌતમ ! જઘન્યથી એક, બે, ત્રણ, ઉત્કૃષ્ટથી ચાર અંતક્રિયા કરે.

ભગવન્ ! અસુરકુમારો અનંતર ભવથી આવીને એક સમયે કેટલા અંતક્રિયા કરે ? ગૌતમ ! જઘન્યથી એક થી ત્રણ, ઉત્કૃષ્ટ દશ અંતક્રિયા કરે.

ભગવન્ ! અસુરકુમારીઓ અનંતર ભવમાં આવીને એક સમયે કેટલી અંતક્રિયા કરે ? જઘન્ય એક, બે, ત્રણ અને ઉત્કૃષ્ટ પાંચ કરે. એ પ્રમાણે દેવી સહિત અસુરકુમારો કહ્યા તેમ સ્તનિતકુમારો સુધી જાણવા.

ભગવન્ ! પૃથ્વીકાયિકો અનંતરભવમાં આવી એક સમયે કેટલી અંતક્રિયા કરે ? ગૌતમ ! જઘન્ય એક, બે, ત્રણ અને ઉત્કૃષ્ટ ચાર કરે. એ પ્રમાણે અપ્કાયિકો ચાર, વનસ્પતિકાયિકો છ, પંચેન્દ્રિય તિર્યંચયોનિકો દશ, તિર્યંચસ્ત્રીઓ દશ, મનુષ્યો દશ, મનુષ્યસ્ત્રી વીશ, વ્યંતરો દશ, વ્યંતરી પાંચ, જ્યોતિષ્કો દશ, તેની સ્ત્રીઓ વીશ, વૈમાનિકો ૧૦૮, તેની સ્ત્રીઓ વીશ,, મનુષ્યમાં આવીને અનંતર આગત અંતક્રિયા કરે.

## પદ-૨૦, દ્વાર-૪

**સૂત્ર–૫૦૦**

ભગવન્ ! નૈરયિક, નૈરયિકથી નીકળી અનંતર ભવમાં નૈરયિકમાં ઉપજે ? ગૌતમ ! એ અર્થ યોગ્ય નથી. ભગવન્ ! નૈરયિક નૈરયિકોમાંથી નીકળી અનંતર ભવમાં અસુરકુમારોમાં ઉપજે ? ના, એ અર્થ યોગ્ય નથી. એ પ્રમાણે નિરંતર યાવત્ ચઉરિન્દ્રિયોમાં ઉપજે ? ગૌતમ ! એ અર્થ સમર્થ નથી.

ભગવન્ ! નૈરયિક નૈરયિકોમાંથી નીકળી અનંતર ભવમાં પંચેન્દ્રિય તિર્યંચોમાં ઉત્પન્ન થાય ? કોઈ થાય, કોઈ ન થાય.

ભગવન્ ! નૈરયિકોથી નીકળી અનંતર ભવમાં પંચેન્દ્રિય તિર્યંચોમાં ઉત્પન્ન થાય, તે કેવળી પ્રજ્ઞપ્ત ધર્મને સાંભળે ? કોઈ સાંભળે, કોઈ ન સાંભળે.

ભગવન્ ! જે કેવલી પ્રજ્ઞપ્ત ધર્મને શ્રવણ રૂપે પામે તે કેવલી કથિત બોધિને જાણે ? ગૌતમ ! કોઈ જાણે, કોઈ ન જાણે.

ભગવન્ ! જે કેવલી કથિત ધર્મને જાણે તે તેની શ્રદ્ધ કરે ? પ્રતીતિ કરે ? રૂચિ કરે ? ગૌતમ ! તે શ્રદ્ધા કરે, પ્રતીતિ કરે અને રૂચિ કરે.

ભગવન્ ! જે શ્રદ્ધા કરે, પ્રતીતિ કરે, રૂચિ કરે તે આભિનિબોધિક અને શ્રુતજ્ઞાન ઉત્પન્ન કરે ? ગૌતમ ! હા, કરે.

ભગવન્! જે આભિનિબોધિક જ્ઞાન અને શ્રુતજ્ઞાન ઉત્પન્ન કરે તે શીલ–વ્રત–ગુણ–વિરમણ–પ્રત્યાખ્યાન અને પૌષધોપવાસ અંગીકાર કરવાને સમર્થ થાય ? ગૌતમ ! કોઈ થાય, કોઈ ન થાય.

ભગવન્ ! જે શીલ યાવત્ પૌષધોપવાસ અંગીકાર કરવા સમર્થ થાય, તે અવધિજ્ઞાન ઉત્પન્ન કરે ? ગૌતમ ! કોઈ કરે, કોઈ ન કરે.

ભગવન્ ! જે અવધિજ્ઞાન ઉત્પન્ન કરે તે મુંડ થઈ અગારથી અનગારપણું અંગીકાર કરવા સમર્થ થાય ? ગૌતમ ! એ અર્થ સમર્થ નથી.

ભગવન્ ! નૈરયિક નૈરયિકથી નીકળી પછીના ભવમાં મનુષ્યોમાં ઉત્પન્ન થાય ? કોઈ થાય, કોઈ ન થાય.

ભગવન્ ! જે ઉત્પન્ન થાય, તે કેવલી પ્રજ્ઞપ્ત ધર્મ સાંભળે ? ગૌતમ ! જેમ પંચેન્દ્રિય તિર્યંચમાં કહ્યું, તેમ કહેવું યાવત્ 'જે અવધિજ્ઞાન ઉત્પન્ન કરે' તે મુંડ થઈ સાધુપણું સ્વીકારવાને સમર્થ થાય ? ગૌતમ ! કોઈ થાય, કોઈ ન થાય.

ભગવન્ ! જે મુંડ થઈને સાધુપણું સ્વીકારવાને સમર્થ થાય, તે મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન કરે ? ગૌતમ ! કોઈ કરે, કોઈ ન કરે.

ભગવન્ ! જે મનઃ પર્યવજ્ઞાન ઉત્પન્ન કરે તે કેવળજ્ઞાન ઉત્પન્ન કરે ? ગૌતમ ! કોઈ કરે, કોઈ ન કરે.

ભગવન્ ! જે કેવળજ્ઞાન ઉત્પન્ન કરે તે સિદ્ધ થાય, બુદ્ધ થાય, મુક્ત થાય અને સર્વ દુઃખનો અંત કરે ? ગૌતમ! તે સિદ્ધ થઈ યાવત્ સર્વ દુઃખનો અંત અવશ્ય કરે.

ભગવન્ ! નૈરયિક, નૈરયિકોમાંથી નીકળી અનંતર ભવમાં વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિકોમાં ઉત્પન્ન થાય ? ગૌતમ ! ન થાય.

**સૂત્ર–૫૦૧**

ભગવન્ ! અસુરકુમાર અસુરકુમારોથી નીકળી અનંતર ભવમાં નૈરયિકોમાં ઉત્પન્ન થાય ? ગૌતમ! એ અર્થ યોગ્ય નથી.

ભગવન્! અસુરકુમાર અસુરકુમારોથી નીકળી અનંતર ભવે અસુરકુમારોમાં ઉત્પન્ન થાય ? ગૌતમ ! એ અર્થ સમર્થ નથી. એ પ્રમાણે સ્તનિતકુમારો સુધી કહેવું.

ભગવન્ ! અસુરકુમાર અસુરકુમારોથી નીકળી અનંતર ભવમાં પૃથ્વીકાયિકોમાં ઉત્પન્ન થાય ? ગૌતમ ! કોઈ ઉત્પન્ન થાય, કોઈ ન થાય.

ભગવન્ ! જે ઉત્પન્ન થાય, તે કેવલી પ્રજ્ઞપ્ત ધર્મ સાંભળે ? ગૌતમ ! એ અર્થ સમર્થ નથી. એ પ્રમાણે અપ્કાય અને વનસ્પતિકાયિક સંબંધે જાણવું.

ભગવન્ ! અસુરકુમાર અસુરકુમારોથી નીકળી અનંતર ભવમાં તેઉકાય, વાયુકાય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિયોમાં ઉત્પન્ન થાય ? ગૌતમ! એ અર્થ સમર્થ નથી. બાકીના પંચેન્દ્રિય તિર્યંચાદિ પાંચ દંડકમાં જેમ નૈરયિક કહ્યો, તેમ અસુરકુમાર કહેવો. એ પ્રમાણે સ્તનિતકુમાર સુધી કહેવું.

સૂત્ર–૫૦૨

ભગવન્ ! પૃથ્વીકાયિક પૃથ્વીકાયિકોથી નીકળી અનંતર ભવમાં નૈરયિકોમાં ઉત્પન્ન થાય ? ગૌતમ ! એ અર્થ યોગ્ય નથી. એ પ્રમાણે અસુરકુમાર યાવત્ સ્તનિતકુમાર પણ જાણવા.

ભગવન્ ! પૃથ્વીકાયિક પૃથ્વીકાયિકોથી નીકળી અનંતર ભવે પૃથ્વીકાયિકમાં ઉત્પન્ન થાય ? કોઈ થાય, કોઈ ન થાય. જે ઉત્પન્ન થાય તે કેવલી પ્રજ્ઞપ્ત ધર્મને સાંભળે ? એ અર્થ સમર્થ નથી. એ પ્રમાણે અપ્કાયથી ચઉરિન્દ્રિય સુધી કહેવું.

પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યમાં નૈરયિકવત્ કહેવું. વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિકમાં નિષેધ કરવો. એ રીતે પૃથ્વીકાય માફક અપ્કાયિક અને વનસ્પતિકાયિક પણ કહેવા.

ભગવન્ ! તેઉકાયિક, તેઉકાયિકથી નીકળી સીધા જ નૈરયિકોમાં ઉત્પન્ન થાય ? ગૌતમ ! એ અર્થ સમર્થ નથી. એ પ્રમાણે અસુરકુમારથી સ્તનિતકુમાર સુધી જાણવું.

પૃથ્વીકાયિક,અપ્કાયિક,તેઉકાયિક,વાયુકાયિક,વનસ્પતિકાયિક, બેઇન્દ્રિય–ત્રણઇન્દ્રિય–ચારઇન્દ્રિય માં કોઈ ઉત્પન્ન થાય, કોઈ ન થાય.

ભગવન્ ! જે ઉત્પન્ન થાય. તે કેવલી પ્રજ્ઞપ્ત ધર્મને સાંભળે ? ગૌતમ ! એ અર્થ સમર્થ નથી.

ભગવન્ ! તેઉકાયિક, તેઉકાયિકથી નીકળી અનંતર ભવે પંચેન્દ્રિય તિર્યંચોમાં ઉત્પન્ન થાય ? ગૌતમ ! કોઈ થાય, કોઈ ન થાય. જે ઉત્પન્ન થાય તે કેવલી પ્રજ્ઞપ્ત ધર્મનું શ્રવણ કરે ? ગૌતમ ! કોઈ કરે, કોઈ ન કરે.

ભગવન્ ! જે કેવલી પ્રજ્ઞપ્ત ધર્મ સાંભળે, તે કેવલજ્ઞાનીએ કહેલા ધર્મને જાણે ? ગૌતમ ! એ અર્થ સમર્થ નથી. મનુષ્ય, વ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિકમાં ઉત્પત્તિ સંબંધે પૃચ્છા – ગૌતમ ! એ અર્થ સમર્થ નથી.

એ પ્રમાણે તેઉકાયિક માફક વાયુકાયિક પણ કહેવો.

સૂત્ર–૫૦૩, ૫૦૪

૫૦૩. ભગવન્ ! બેઇન્દ્રિય, બેઇન્દ્રિયોથી નીકળી અનંતર ભવમાં નૈરયિકોમાં ઉત્પન્ન થાય ? ગૌતમ ! પૃથ્વીકાયિકવત્ કહેવું, પરંતુ મનુષ્યોમાં ઉત્પન્ન થાય યાવત્ મનઃપર્યવજ્ઞાન ઉપાર્જે. એ પ્રમાણે તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિયો પણ કહેવા. જે મનઃપર્યવજ્ઞાન ઉપાર્જે તે કેવલજ્ઞાન ઉપાર્જે ? એ અર્થ યોગ્ય નથી.

૫૦૪. ભગવન્ ! પંચેન્દ્રિય તિર્યંચયોનિક, પંચેન્દ્રિય તિર્યંચોથી નીકળી અનંતર ભવમાં નૈરયિકોમાં ઉત્પન્ન થાય ? કોઈ ઉત્પન્ન થાય, કોઈ ન થાય.

જે ઉત્પન્ન થાય તે કેવલી પ્રજ્ઞપ્ત ધર્મ સાંભળે ? ગૌતમ ! કોઈ સાંભળે કોઈ ન સાંભળે. જે કેવલી પ્રજ્ઞપ્ત ધર્મ સાંભળે, તે કેવળ પ્રજ્ઞપ્ત ધર્મને જાણે ? ગૌતમ ! કોઈ જાણે, કોઈ ન જાણે.

ભગવન્ ! જે કેવળી પ્રરૂપિત ધર્મને જાણે, તે તેની શ્રદ્ધા–પ્રતીતિ–રૂચિ કરે ? હા, ગૌતમ ! કરે.

ભગવન્ ! જે શ્રદ્ધા–પ્રતીતિ–રૂચિ કરે તે આભિનિબોધિકજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન ઉપાર્જે. હા, ગૌતમ!

યાવત્ ઉપાર્જે.

ભગવન્ ! જે આભિનિબોધિકજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન ઉપાર્જે તે શીલ વ્રત યાવત્ પૌષધોપવાસ સ્વીકારવાને વિચરવા સમર્થ થાય ? ગૌતમ ! ન થાય.

એ પ્રમાણે અસુરકુમારમાં યાવત્ સ્તનિતકુમારમાં કહેવું. એકેન્દ્રિય અને વિકલેન્દ્રિયમાં પૃથ્વીકાયિકવત્ કહેવું. પંચેન્દ્રિય તિર્યંચો અને મનુષ્યોમાં નૈરયિકવત્ કહેવું. વ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિકોમાં નૈરયિકમાં પ્રશ્ન કર્યો તેમ કહેવું. એ પ્રમાણે તિર્યંચ પંચેન્દ્રિય માફક મનુષ્યોમાં પણ કહેવું.

વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિક અસુરકુમારવત્ કહેવા.

## પદ-૨૦, દ્વાર-૫

### સૂત્ર-૫૦૫

ભગવન્ ! રત્નપ્રભાપૃથ્વીનૈરયિક, રત્નપ્રભાપૃથ્વીનૈરયિકથી નીકળી અનંતર ભવે તીર્થંકરત્વ પામે ? ગૌતમ ! કોઈ પામે, કોઈ ન પામે.

ભગવન્! એમ કેમ કહો છો ? જે રત્નપ્રભા પૃથ્વી નૈરયિકે તીર્થંકર નામ ગોત્ર કર્મ બાંધ્યું છે, સ્પૃષ્ટ કર્યું છે, નિધત્ત કર્યું છે, કૃત્ છે, પ્રસ્થાપિત કર્યું છે, નિવિષ્ટ–અભિનિવિષ્ટ–અભિસમન્વાગત–ઉદીર્ણ કર્યું છે, પણ ઉપશાંત કર્યું નથી. તે રત્નપ્રભા પૃથ્વી નૈરયિક, રત્નપ્રભા પૃથ્વીથી નીકળી અનંતર ભવમાં તીર્થંકરત્વ પામે છે.

જે રત્નપ્રભાપૃથ્વીનૈરયિકે તીર્થંકર નામગોત્રકર્મ બાંધ્યું નથી યાવત્ ઉદયમાં આણેલ નથી, ઉપશાંત થયેલ છે. તે રત્નપ્રભાપૃથ્વી નૈરયિક, રત્નપ્રભાપૃથ્વીથી નીકળી અનંતર ભવમાં તીર્થંકરપણું પામતો નથી. માટે ગૌતમ ! કહ્યું કે કોઈ તીર્થંકરત્વ પામે, કોઈ ન પામે. એ પ્રમાણે શર્કરાપ્રભાથી વાલુકાપ્રભામાં કહેવું.

પંકપ્રભા પૃથ્વી નૈરયિકની પૃચ્છા – તીર્થંકરત્વ ન પામે, પણ અંતક્રિયા કરે,

ધૂમપ્રભાપૃથ્વી નૈરયિકની પૃચ્છા – તીર્થંકરત્વ ન પામે, પણ સર્વ વિરતિ પામે.

તમઃપ્રભા પૃથ્વી નૈરયિકની પૃચ્છા – એ અર્થ સમર્થ નથી, પણ દેશવિરતિ પામે.

સપ્તમ પૃથ્વી વિશે પૃચ્છા – ગૌતમ ! એ અર્થ સમર્થ નથી, પણ ત્યાંથી નીકળેલો સમ્યક્ત્વ પામે.

અસુરકુમાર વિશે પૃચ્છા – તે અર્થ સમર્થ નથી, પણ અંતક્રિયા કરે. એ પ્રમાણે યાવત્ અપ્કાયિક કહેવું.

ભગવન્ ! તેઉકાયિક, તેઉકાયિકથી નીકળી અનંતર ભવે તીર્થંકરત્વ પામે ? ગૌતમ ! એ અર્થ સમર્થ નથી. પણ કેવલી પ્રજ્ઞપ્ત ધર્મને સાંભળે, એ પ્રમાણે વાયુકાયિક પણ જાણવા.

વનસ્પતિકાયિક, વનસ્પતિકાયિકથી નીકળી અનંતર ભવે તીર્થંકરત્વ પામે ? ગૌતમ ! એ અર્થ સમર્થ નથી, પણ અંતક્રિયા કરે. બે–ત્રણ–ચાર ઇન્દ્રિયવાળાની પૃચ્છા – એ અર્થ સમર્થ નથી, પણ મનઃપર્યવજ્ઞાન ઉપાર્જે. પંચેન્દ્રિય તિર્યંચ, મનુષ્ય, વ્યંતર, જ્યોતિષ્ક વિશે પૃચ્છા – એ અર્થ સમર્થ નથી, પણ અંતક્રિયા કરે.

ભગવન્ ! સૌધર્મદેવ ચ્યવીને અનંતર ભવમાં તીર્થંકરપણું પામે ? કોઈ પામે, કોઈ ન પામે. એ પ્રમાણે જેમ રત્નપ્રભા નૈરયિક સંબંધે કહ્યું, તેમ સર્વાર્થદેવ સુધી કહેવું.

### સૂત્ર-૫૦૬

ભગવન્ ! રત્નપ્રભા પૃથ્વી નૈરયિક, રત્નપ્રભાથી નીકળી અનંતર ભવે ચક્રવર્તીપણું પામે ? ગૌતમ ! કોઈ પામે કોઈ ન પામે.

ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! રત્નપ્રભાના નૈરયિકના તીર્થંકરપણામાં કહ્યા મુજબ ચક્રવર્તીમાં કહેવું.

ભગવન્ ! શર્કરાપ્રભાનો નૈરયિક અનંતર ભવે ચક્રવર્તીપણું પામે ? ગૌતમ ! એ અર્થ સમર્થ નથી. એ પ્રમાણે સાતમી પૃથ્વીના નૈરયિક સુધી કહેવું.

તિર્યંચ, મનુષ્ય અનંતર ભવે ચક્રવર્તીપણું પામે ? – ગૌતમ ! તેઓ ચક્રવર્તીપણું ન પામે.

ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિકની પૃચ્છા – કોઈ ચક્રવર્તીપણુ પામે, કોઈ ન પામે. એ પ્રમાણે બલદેવપણુ પણ જાણવું. વિશેષ એ કે – શર્કરાપ્રભા નૈરયિક પણ પામે.

એ પ્રમાણે વાસુદેવપણું બે પૃથ્વીથી(પહેઈ બે નરકથી) અને અનુત્તર સિવાયના વૈમાનિકથી નીકળી પામે, બાકીના સ્થાનેથી ન પામે.

માંડલિકપણું સાતમી પૃથ્વી, તેઉકાય, વાયુકાય સિવાયના બાકીના સર્વે સ્થાનોથી આવીને પામે. સેનાપતિ રત્ન, ગાથાપતિ રત્ન, વર્દ્ધકી રત્ન, પુરોહિત રત્ન, સ્ત્રીરત્નત્વ એમ જ જાણવા. માત્ર અનુત્તરોપપાતિક વર્જવા.

અશ્વ કે હસ્તિ રત્નત્વ રત્નપ્રભાથી સહસ્રાર સુધીથી આવીને થાય. ચક્ર, છત્ર, ચર્મ, દંડ, અસિ, મણિ, કાકણી રત્નત્વ અસુરકુમારથી ઈશાનકલ્પ સુધીના આવીને પામે. 'બાકીનાને તે અર્થ સમર્થ નથી' કહેવું.

સૂત્ર–૫૦૭

ભગવન્ ! દેવલોકમાં ઉત્પન્ન થતા અસંયત ભવ્ય દ્રવ્ય દેવ, અવિરાધિત સંયમી, વિરાધિત સંયમી, અવિરાધિત સંયમાસંયમી, વિરાધિત સંયમાસંયમી, અસંજ્ઞી, તાપસ, કાંદર્પિક, ચરકપરિવ્રાજક, કિલ્બિષિક, તિર્યંચો, આજીવકો, આભિયોગિકો, દર્શનભ્રષ્ટ થયેલા સ્વલિંગિઓમાં કોનો ક્યાં ઉપપાત કહ્યો છે ? ગૌતમ ! અસંયત ભવ્ય દ્રવ્યદેવો જઘન્ય ભવનવાસીમાં, ઉત્કૃષ્ટ ઉપરના ગ્રૈવેયકોમાં ઉપજે.

અવિરાધિત સંયમી જઘન્યથી સૌધર્મકલ્પમાં ઉત્કૃષ્ટથી સર્વાર્થસિદ્ધ વિમાનમાં, વિરાધિત સંયમી જઘન્ય ભવનવાસીમાં, ઉત્કૃષ્ટ સૌધર્મકલ્પમાં અવિરાધિત દેશવિરતિધર જઘન્ય સૌધર્મકલ્પમાં, ઉત્કૃષ્ટ અચ્યુત કલ્પમાં, વિરાધિત દેશવિરતિધર જઘન્ય ભવનવાસી, ઉત્કૃષ્ટ જ્યોતિષ્કમાં જાય.

અસંજ્ઞીઓ જઘન્ય વ્યંતરોમાં, ઉત્કૃષ્ટ ભવનવાસીમાં, તાપસો જઘન્ય ભવનવાસી, ઉત્કૃષ્ટ જ્યોતિષ્કોમાં કાંદર્પિકો જઘન્ય ભવનવાસીમાં, ઉત્કૃષ્ટ સૌધર્મકલ્પમાં, ચરક–પરિવ્રાજકો જઘન્ય ભવનવાસીમાં, ઉત્કૃષ્ટ બ્રહ્મલોકમાં કિલ્બિષિકો જઘન્ય સૌધર્મકલ્પમાં, ઉત્કૃષ્ટ લાંતકમાં, તિર્યંચો જઘન્ય ભવનવાસીમાં, ઉત્કૃષ્ટ સહસ્રાર કલ્પમાં, આજીવકો જઘન્ય ભવનવાસીમાં, ઉત્કૃષ્ટ અચ્યુતકલ્પમાં, એ પ્રમાણે આભિયોગિકોનો ઉપપાત પણ જાણવો. દર્શનભ્રષ્ટ સ્વલિંગિઓ જઘન્યથી ભવનવાસી, ઉત્કૃષ્ટથી ઉપરના ગ્રૈવેયકમાં કહ્યા.

સૂત્ર–૫૦૮

ભગવન્ ! અસંજ્ઞીનું આયુ કેટલા પ્રકારનું કહ્યું છે ? ગૌતમ ! ચાર પ્રકારે અસંજ્ઞીનું આયુ કહ્યું છે. તે આ પ્રમાણે – નૈરયિક અસંજ્ઞી આયુ યાવત્ દેવ અસંજ્ઞી આયુ.

ભગવન્ ! અસંજ્ઞી જીવ શું નૈરયિકાયુ બાંધે યાવત્ દેવાયુ બાંધે ? ગૌતમ ! નૈરયિકનું પણ આયુ બાંધે યાવત્ દેવનું આયુ પણ બાંધે. નૈરયિકનું આયુ બાંધતો જઘન્યથી દશ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટથી પલ્યોપમનો અસંખ્યાત ભાગ આયુ બાંધે. તિર્યંચનું આયુ બાંધે તો જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ પલ્યોપમના અસંખ્યાતા ભાગનું આયુ બાંધે, એ પ્રમાણે મનુષ્ય આયુ પણ જાણવું, દેવાયુ, નૈરયિકાયુ માફક જાણવું.

ભગવન્ ! એ નૈરયિક અસંજ્ઞી આયુ યાવત્ દેવ અસંજ્ઞી આયુમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષ અધિક છે ? ગૌતમ ! સૌથી થોડું દેવ અસંજ્ઞી આયુ છે, તેનાથી મનુષ્ય અસંજ્ઞી આયુ અસંખ્યાતગણું છે, તેનાથી તિર્યંચ અસંજ્ઞી આયુ અસંખ્યાતગણું છે, તેનાથી નૈરયિક અસંજ્ઞી આયુ અસંખ્યાતગણું છે.

પદ-૨૦ 'અંતક્રિયા' મુનિ દીપરત્નસાગરે કરેલ ભાવાનુવાદ પૂર્ણ

## પદ-૨૧ 'શરીર' અવગાહના સંસ્થાન.

સૂત્ર–૫૦૯, ૫૧૦

**૫૦૯.** વિધિ, સંસ્થાન, પ્રમાણ, પુદ્‌ગલોનો ચય, શરીર સંયોગ, દ્રવ્યપ્રદેશ અલ્પબહુત્વ, શરીર અવગાહના અલ્પબહુત્વ.

**૫૧૦.** ભગવન્ ! કેટલા શરીરો છે ? ગૌતમ ! પાંચ – ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ, કાર્મણ.

ભગવન્ ! ઔદારિક શરીર કેટલા ભેદે છે ? ગૌતમ ! પાંચ ભેદે છે– એકેન્દ્રિય ઔદારિક શરીર યાવત્ પંચેન્દ્રિય ઔદારિક શરીર.

ભગવન્! એકેન્દ્રિય શરીર કેટલા ભેદે છે ? પાંચ – પૃથ્વીકાય એકેન્દ્રિય ઔદારિક શરીર યાવત્ વનસ્પતિકાય એકેન્દ્રિય ઔદારિક શરીર.

પૃથ્વીકાય એકેન્દ્રિય ઔદારિક શરીર કેટલા ભેદે છે ? ગૌતમ ! બે ભેદે – સૂક્ષ્મ પૃથ્વીકાય એકેન્દ્રિય ઔદારિક શરીર અને બાદર પૃથ્વીકાય એકેન્દ્રિય ઔદારિક શરીર.

સૂક્ષ્મ પૃથ્વીકાય એકેન્દ્રિય ઔદારિક શરીર કેટલા ભેદે છે ? ગૌતમ ! બે ભેદે – પર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાય એકેન્દ્રિય ઔદારિક શરીર અને અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાય એકેન્દ્રિય ઔદારિક શરીર.

બાદર પૃથ્વીકાયિક એકેન્દ્રિય ઔદારિક શરીર એમ જ છે. એ પ્રમાણે વનસ્પતિકાયિક એકેન્દ્રિય ઔદારિક શરીર સુધી સમજવું.

ભગવન્ ! બેઇન્દ્રિય ઔદારિક શરીર કેટલા ભેદે છે ? ગૌતમ ! બે ભેદે – પર્યાપ્ત બેઇન્દ્રિય ઔદારિક શરીર અને અપર્યાપ્ત બેઇન્દ્રિય ઔદારિક શરીર. એ પ્રમાણે તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિય ઔદારિક શરીર પણ જાણવું.

ભગવન્ ! પંચેન્દ્રિય ઔદારિક શરીર કેટલા ભેદે છે ? બે ભેદે – તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર અને મનુષ્ય પંચેન્દ્રિય ઔદારિક શરીર.

તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર કેટલા ભેદે છે ? ગૌતમ ! ત્રણ પ્રકારે – જળચર તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર, સ્થળચર તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર, ખેચર તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર.

જલચર તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર કેટલા ભેદે છે ? ગૌતમ ! બે ભેદે – સંમૂર્ચ્છિમ જલચર તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર અને ગર્ભજ જલચર તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર –

સંમૂર્ચ્છિમ જલચર તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર કેટલા ભેદે છે – પર્યાપ્ત સંમૂર્ચ્છિમ જલચર તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર અને અપર્યાપ્તા સંમૂર્ચ્છિમ જલચર તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર એ પ્રમાણે ગર્ભજ જલચર વિશે પણ કહેવું.

સ્થલચર તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર કેટલા ભેદે છે? બે ભેદે – ચતુષ્પદ સ્થલચર તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર અને પરિસર્પ સ્થલચર તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર.

ચતુષ્પદ સ્થલચર તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર કેટલા ભેદે છે ? બે ભેદે – સંમૂર્ચ્છિમ ચતુષ્પદ સ્થલચર તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર અને ગર્ભજ ચતુષ્પદ સ્થલચર તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર.

સંમૂર્ચ્છિમ ચતુષ્પદ સ્થલચર તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર કેટલા ભેદે છે ? બે ભેદે – પર્યાપ્ત સંમૂર્ચ્છિમ ચતુષ્પદ સ્થલચર તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર અને અપર્યાપ્ત સંમૂર્ચ્છિમ ચતુષ્પદ સ્થલચર તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર. ગર્ભજ પણ એમ જ જાણવું.

પરિસર્પ સ્થલચર તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર કેટલા ભેદે છે ? બે ભેદે – ઉરપરિસર્પ સ્થલચર તિર્યંચ

પંચેન્દ્રિય ઔદારિક શરીર. ભુજ પરિસર્પ સ્થલચર તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર.

ઉરપરિસર્પ સ્થલચર તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર કેટલા ભેદે છે ? બે ભેદે – સંમૂર્ચ્છિમ ઉરપરિસર્પ સ્થલચર તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર અને ગર્ભજ ઉરપરિસર્પ સ્થલચર તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર

સંમૂર્ચ્છિમ ઉરપરિસર્પ સ્થલચર તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર બે ભેદે – અપર્યાપ્ત સંમૂર્ચ્છિમ ઉરપરિસર્પ સ્થલચર તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર અને પર્યાપ્ત સંમૂર્ચ્છિમ ઉરપરિસર્પ સ્થલચર તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર એ પ્રમાણે ગર્ભજ ઉરપરિસર્પના પણ ચાર ભેદ જાણવા. એમ ભૂજપરિસર્પના પણ સંમૂર્ચ્છિમ, ગર્ભજ, પર્યાપ્તા અને અપર્યાપ્તા એવા ચાર ભેદો જાણવા.

ખેચર તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર બે ભેદે છે– સંમૂર્ચ્છિમ ખેચર તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર અને ગર્ભજ ખેચર તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર

સંમૂર્ચ્છિમ ખેચર તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર બે ભેદે – પર્યાપ્તા સંમૂર્ચ્છિમ ખેચર તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર અને અપર્યાપ્તા સંમૂર્ચ્છિમ ખેચર તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર. ગર્ભજ પણ એ જ બે ભેદે છે.

ભગવન્ ! મનુષ્ય પંચેન્દ્રિય ઔદારિક શરીર. કેટલા ભેદે છે ? બે ભેદે – સંમૂર્ચ્છિમ મનુષ્ય પંચેન્દ્રિય ઔદારિક શરીર. અને ગર્ભજ મનુષ્ય પંચેન્દ્રિય ઔદારિક શરીર.

ગર્ભજ મનુષ્ય પંચેન્દ્રિય ઔદારિક શરીરના કેટલા ભેદ ? બે ભેદ છે – પર્યાપ્તગર્ભજ મનુષ્ય પંચેન્દ્રિય ઔદારિક શરીર અને અપર્યાપ્તગર્ભજ મનુષ્ય પંચેન્દ્રિય ઔદારિક શરીર

સૂત્ર–૫૧૧

ભગવન્ ! ઔદારિક શરીર કેવા આકારે છે ? ગૌતમ ! વિવિધ સંસ્થાનવાળું છે. એકેન્દ્રિય ઔદારિક શરીર કયા આકારે છે ? વિવિધ આકારવાળુ છે. પૃથ્વીકાયિક એકેન્દ્રિય ઔદારિક શરીર મસૂર ચંદ્રાકારના અર્ધભાગના જેવા સંસ્થાને છે. એ પ્રમાણે સૂક્ષ્મ અને બાદર પૃથ્વીકાયિકનું સંસ્થાન જાણવું. એમ પર્યાપ્ત–અપર્યાપ્તા પણ સમજવા.

ભગવન્ ! અપ્કાયિક એકેન્દ્રિય ઔદારિક શરીર કેવા આકારે છે ? પરપોટાના જેવા આકારવાળું છે. એમ સૂક્ષ્મ, બાદર, પર્યાપ્તા, અપર્યાપ્તાને જાણવા.

ભગવન્ ! તેઉકાયિક એકેન્દ્રિય ઔદારિક શરીર કેવા આકારે છે ? સોયના સમૂહના આકારે છે. એ પ્રમાણે સૂક્ષ્માદિ ચાર જાણવા.

વાયુકાયિકોનું શરીર પતાકા સંસ્થાનવાળું છે. એ પ્રમાણે સૂક્ષ્માદિ ભેદે ચારે શરીર જાણવા.

વનસ્પતિકાયિકોના શરીર અનેક પ્રકારના સંસ્થાનવાળા છે, એમ સૂક્ષ્મ, બાદર, પર્યાપ્તા અને અપર્યાપ્તાનું શરીર જાણવું.

બેઈન્દ્રિય ઔદારિક શરીર કેવા આકારે છે? તે હુંડ સંસ્થાનવાળું છે. એ રીતે પર્યાપ્તા–અપર્યાપ્તાનું પણ જાણવું. એ પ્રમાણે તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિયના શરીર પણ જાણવા.

ભગવન્ ! પંચેન્દ્રિય તિર્યંચ ઔદારિક શરીર કયા સંસ્થાને છે ? ગૌતમ ! છ પ્રકારે છે, તે આ – સમચતુરસ્ર, ન્યગ્રોધ પરિમંડળ, સાદિ સંસ્થાન, કુબ્જ સંસ્થાન, વામન સંસ્થાન, હુંડ સંસ્થાન. એ પ્રમાણે પર્યાપ્તા–અપર્યાપ્તા પંચેન્દ્રિય તિર્યંચ પણ જાણવા.

ભગવન્ ! સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચ ઔદારિક શરીરનું કેવું સંસ્થાન છે? હુંડ સંસ્થાન. એ પ્રમાણે પર્યાપ્તા–અપર્યાપ્તાનું સંસ્થાન પણ જાણવું.

ભગવન્! ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચ ઔદારિક શરીરનું સંસ્થાન કેવું છે? તે છ પ્રકારના સંસ્થાનવાળું છે – સમચતુરસ્ર યાવત્ હુંડ. એમ પર્યાપ્તા–અપર્યાપ્તાના શરીર જાણવા. એ પ્રમાણે ઔઘિક તિર્યંચના નવ આલાવા કહ્યા.

જલચર પંચેન્દ્રિય તિર્યંચ ઔદારિક કયા સંસ્થાને છે ? છ સંસ્થાન, સમચતુરસ્ર યાવત્ હુંડ. એ પ્રમાણે પર્યાપ્તા–અપર્યાપ્તા પણ છે. સંમૂર્ચ્છિમ જલચર હુંડ સંસ્થાને છે, તેના પણ પર્યાપ્તા–અપર્યાપ્તા એમ જ છે. ગર્ભજ જલચર છ એ સંસ્થાને છે. એમ પર્યાપ્તા–અપર્યાપ્તા પણ છે. એમ સ્થલચરના પણ નવ સૂત્રો જાણવા. ચતુષ્પદ અને ઉરપરિસર્પ, ભૂજ–પરિસર્પ સ્થલચરના પણ નવ–નવ સૂત્રો. એમ ખેચરના પણ નવ સૂત્રો છે, વિશેષ એ કે – બધે જ સંમૂર્ચ્છિમ હુંડ સંસ્થાને રહેલ છે. ગર્ભજ પણ છએમાં હોય છે.

મનુષ્ય પંચે**ન્દ્રિય** ઔદા**રિક** શરીર કેવા સંસ્થાનવાળું છે ? છ પ્રકારના સંસ્થાનવાળું – સમચતુરસ્ર યાવત્ હુંડ સંસ્થાન વાળું પર્યાપ્તા અને અપર્યાપ્તાના શરીર એમ જ જાણવા. ગર્ભજ તથા ગર્ભજ પર્યાપ્તા અને અપર્યાપ્તાના એમ જ જાણવા. સંમૂર્ચ્છિમ વિશે પૃચ્છા – ગૌતમ! તેઓ હુંડ સંસ્થાનવાળા છે.

## સૂત્ર–૫૧૨ થી ૫૧૫

**૫૧૨.** ભગવન્ ! ઔદારિક શરીરની કેટલી મોટી શરીરની અવગાહના છે ? ગૌતમ ! જઘન્યથી અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ સાધિક **૧૦૦૦** યોજન કહી છે. એકેન્દ્રિય ઔદારિક શરીરની અવગાહના ઔઘિક શરીરવત્ કહેવી. ભગવન્ ! પૃથ્વીકાયિક એકેન્દ્રિય ઔદા**રિક** શરીરની કેટલી મોટી શરીરાવગાહના છે ? ગૌતમ ! જઘન્ય અને ઉત્કૃષ્ટ અંગુલનો અસંખ્યાતમો ભાગ. એમ પર્યાપ્તા–અપર્યાપ્તાની જાણવી. એમ સૂક્ષ્મ અને બાદર પર્યાપ્તા–અપર્યાપ્તાની પણ જાણવી. એ પ્રમાણે એ નવ ભેદ પૃથ્વીકાયિકના કહ્યા, તે પ્રમાણે અપ્કાયિક તેઉકાયિક વાયુકાયિક ના કહેવા.

વનસ્પતિકાયિક ઔદારિક શરીરની અવગાહના કેટલી છે ? જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ, ઉત્કૃષ્ટથી કંઈક અધિક હજાર યોજન પ્રમાણ છે. અપર્યાપ્તાની જઘન્ય અને ઉત્કૃષ્ટ અંગુલનો અસંખ્યાતમો ભાગ, પર્યાપ્તાની જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ કંઈક અધિક હજાર યોજન, બાદર અને પર્યાપ્તાની તે પ્રમાણે જ છે. અપર્યાપ્તાની જઘન્ય, ઉત્કૃષ્ટ અંગુલનો અસંખ્યાતમો ભાગ. સૂક્ષ્મ, પર્યાપ્તા, અપર્યાપ્તા ત્રણેની એ પ્રમાણે જ છે.

ભગવન્ ! બેઇન્દ્રિય ઔદારિક શરીરની અવગાહના કેટલી છે ? ગૌતમ ! જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ, ઉત્કૃષ્ટ બાર યોજન. એમ બધે સ્થાને અપર્યાપ્તાની જઘન્ય અને ઉત્કૃષ્ટ અંગુલના અસંખ્યાતમાં ભાગ પ્રમાણ છે. પર્યાપ્તાની અવગાહના સામાન્ય બેઇન્દ્રિય ઔદારીક માફક જાણવી.

એ પ્રમાણે તેઇન્દ્રિય ત્રણ ગાઉ, ચઉરિન્દ્રિયની ચાર ગાઉ છે. પંચેન્દ્રિય તિર્યંચની ઉત્કૃષ્ટ **૧૦૦૦** યોજન પ્રમાણ છે. એમ સંમૂર્ચ્છિમ, ગર્ભજ પણ છે. એમ નવ ભેદ કહેવા. એમ જળચરની પણ હજાર યોજન જાણવી. તેના નવ ભેદ કહેવા. સ્થળચરની છ ગાઉ ઉત્કૃષ્ટાવગાહના છે. પર્યાપ્તાની પણ છ ગાઉ. સંમૂર્ચ્છિમ પર્યાપ્તાની ઉત્કૃષ્ટ ગાઉ પૃથક્ત્વ, ગર્ભજ પર્યાપ્તાની ઉત્કૃષ્ટ છ ગાઉ. સામાન્ય ચતુષ્પદ, પર્યાપ્તા અને ગર્ભજ પર્યાપ્તાની પણ ઉત્કૃષ્ટ છ ગાઉ, સંમૂર્ચ્છિમ પર્યાપ્તાની ઉત્કૃષ્ટ ગાઉ પૃથક્ત્વ. એમ ઉરપરિસર્પની પણ ઔઘિક, ગર્ભજ, પર્યાપ્તાની હજાર યોજન સંમૂર્ચ્છિમની યોજન પૃથક્ત્વ, ભૂજપરિસર્પ ઔઘિક, ગર્ભજની પણ ઉત્કૃષ્ટ ગાઉ પૃથક્ત્વ, સંમૂર્ચ્છિમની ધનુષ પૃથક્ત્વ, ખેચરની ત્રણેની ધનુષ પૃથક્ત્વ જાણવી. એ સંબંધે ગાથા –

**૫૧૩.** હજાર યોજન, છ ગાઉ, હજાર યોજન ભૂજગની ગાઉ પૃથક્ત્વ, ધનુષ પૃથક્ત્વ–પક્ષીની અને

**૫૧૪.** ઊંચાઈમાં હજાર યોજન, ગાઉ પૃથક્ત્વ, યોજન પૃથક્ત્વ હોય છે. સંમૂર્ચ્છિમ બંનેનું ધનુષ પૃથક્ત્વ પ્રમાણ છે. અર્થ વૃત્તિથી સમજવો..

**૫૧૫.** ભગવન્ ! મનુષ્ય ઔદારિક શરીરની કેટલી અવગાહના છે ? જઘન્ય અંગુલનો અસંખ્યાત ભાગ, ઉત્કૃષ્ટ ૩-ગાઉ. અપર્યાપ્તા અને સંમૂર્ચ્છિમોની જઘન્ય અને ઉત્કૃષ્ટ અંગુલનો અસંખ્યાતભાગ

પ્રમાણ છે. ગર્ભજની ઔધિકવત્ જાણવી.

સૂત્ર–૫૧૬

ભગવન્ ! વૈક્રિયશરીર કેટલા ભેદે છે ? બે – એકેન્દ્રિય અને પંચેન્દ્રિય વૈક્રિય શરીર.

ભગવન્ ! જો એકેન્દ્રિય વૈક્રિયશરીર છે તો શું વાયુકાયિક એકેન્દ્રિય વૈક્રિય શરીર છે કે અવાયુકાયિક એકેન્દ્રિય વૈક્રિય શરીર છે ? વાયુકાયિક એકેન્દ્રિય વૈક્રિયશરીર છે, અવાયુકાયિક એકેન્દ્રિય વૈક્રિય શરીર નથી.

ભગવન્ ! જો વાયુકાયિક એકેન્દ્રિય વૈક્રિયશરીર છે તો તે સૂક્ષ્મ વાયુકાયિક એકેન્દ્રિય વૈક્રિયશરીર છે કે બાદર વાયુકાયિક એકેન્દ્રિય વૈક્રિયશરીર છે ? સૂક્ષ્મ વાયુકાયિક એકેન્દ્રિય વૈક્રિયશરીર નથી પણ બાદર વાયુકાયિક એકેન્દ્રિય વૈક્રિયશરીર છે.

ભગવન્ ! જો બાદર વાયુકાયિક એકેન્દ્રિય વૈક્રિયશરીર છે.તો શું પર્યાપ્ત બાદર વાયુકાયિક એકેન્દ્રિય વૈક્રિયશરીર છે કે અપર્યાપ્ત બાદર વાયુકાયિક એકેન્દ્રિય વૈક્રિયશરીર છે? પર્યાપ્ત બાદર વાયુકાયિક એકેન્દ્રિય વૈક્રિયશરીર છે, અપર્યાપ્ત બાદર વાયુકાયિક એકેન્દ્રિય વૈક્રિયશરીર નથી.

ભગવન્ ! જો પંચેન્દ્રિય વૈક્રિય શરીર છે તો શું નૈરયિક પંચેન્દ્રિય વૈક્રિય શરીર છે કે યાવત્ દેવ પંચેન્દ્રિય વૈક્રિય શરીર છે? તે નૈરયિકાદિ ચારેને વૈક્રિય શરીર છે.

ભગવન્ ! જો નૈરયિક પંચેન્દ્રિય વૈક્રિય શરીર છે તો શું રત્નપ્રભાપૃથ્વી નૈરયિક પંચેન્દ્રિય વૈક્રિય શરીર છે કે યાવત્ અધઃસપ્તમીપૃથ્વી નૈરયિક પંચેન્દ્રિય વૈક્રિય શરીર છે ? સાતેમાં પણ વૈક્રિય શરીર છે.

ભગવન્ ! જો રત્નપ્રભા પૃથ્વી નૈરયિક પંચેન્દ્રિય વૈક્રિય શરીર છે તો શું પર્યાપ્તા રત્નપ્રભા પૃથ્વી નૈરયિક પંચેન્દ્રિય વૈક્રિય શરીર છે છે કે અપર્યાપ્તા રત્નપ્રભા પૃથ્વી નૈરયિક પંચેન્દ્રિય વૈક્રિય શરીર છે? બંનેને છે. એ પ્રમાણે અધઃસપ્તમી પૃથ્વી નૈરયિક સુધી આ બંને ભેદો કહેવા.

ભગવન્ ! જો તિર્યંચ પંચેન્દ્રિય વૈક્રિયશરીર છે, તો શું સંમૂર્ચ્છિમ તિર્યંચ પંચેન્દ્રિયને વૈક્રિયશરીર છે કે ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિયને વૈક્રિયશરીર છે ? સંમૂર્ચ્છિમ તિર્યંચ પંચેન્દ્રિયને વૈક્રિય શરીર ન હોય, ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિયને વૈક્રિય શરીર હોય.

ભગવન્ ! જો ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિયને વૈક્રિય શરીર હોય તો શું સંખ્યાતા વર્ષાયુષ્કને હોય કે અસંખ્યાતા વર્ષાયુષ્ક ને ? સંખ્યાતા વર્ષાયુષ્ક ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિયને વૈક્રિય શરીર હોય, અસંખ્યાતા વર્ષાયુષ્કને ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિયને વૈક્રિય શરીર ન હોય.

ભગવન્ ! જો સંખ્યાતા વર્ષાયુષ્ક ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિયને વૈક્રિય શરીર હોય તો પર્યાપ્તાને હોય કે અપર્યાપ્તાને? પર્યાપ્તા સંખ્યાતા વર્ષાયુષ્ક ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિયને વૈક્રિય શરીર હોય અપર્યાપ્તાને૦ ન હોય.

ભગવન્ ! જો સંખ્યાતા વર્ષાયુષ્ક ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિયને વૈક્રિય શરીર હોય તો શું જલચર સંખ્યાતા વર્ષાયુષ્ક ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિયને વૈક્રિય શરીર હોય, સ્થલચર સંખ્યાતા વર્ષાયુષ્ક ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિયને વૈક્રિય શરીર હોય કે ખેચર સંખ્યાતા વર્ષાયુષ્ક ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિયને વૈક્રિય શરીર હોય? ગૌતમ ! તે ત્રણે ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચને વૈક્રિય શરીર હોય.

ભગવન્ ! જો જલચર સંખ્યાતા વર્ષાયુષ્ક ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચને વૈક્રિય શરીર છે, તો શું પર્યાપ્ત૦ને છે કે અપર્યાપ્ત૦ને છે ? પર્યાપ્તા જલચર સંખ્યાતા વર્ષાયુષ્ક ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચને વૈક્રિય શરીર ને હોય, અપર્યાપ્તા૦ને ન હોય.

જો સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચને યાવત્ વૈક્રિય શરીર છે, તો શું ચતુષ્પદ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચને વૈક્રિય શરીર હોય કે પરિસર્પ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચને વૈ વૈક્રિય શરીર હોય? બંનેને હોય. એમ બધાને જાણવું.

ખેચર પર્યાપ્તાને હોય, અપર્યાપ્તાને નહીં.

જો મનુષ્ય પંચેન્દ્રિયને વૈક્રિય શરીર છે તો શું સંમૂર્છિમ મનુષ્ય પંચે૦ વૈક્રિય શરીર હોય કે ગર્ભજ૦? સંમૂર્છિમને ન હોય, ગર્ભજને હોય.

જો ગર્ભજ મનુષ્ય પંચે૦ વૈક્રિયશરીર છે તો શું કર્મભૂમિજ ગર્ભજ૦ હોય કે અકર્મભૂમિજ ગર્ભજ૦ કે અંતર્દ્વીપજ ગર્ભજ મનુષ્ય પંચે૦ વૈક્રિય શરીર હોય? કર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય પંચે૦ વૈક્રિય શરીર હોય, અન્ય બેને ન હોય.

જો કર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય પંચે૦ વૈ૦ શરીર છે તો શુ સંખ્યાતા વર્ષાયુષ્ક૦ને હોય કે અસંખ્યાતા વર્ષાયુષ્કને? સંખ્યાતા વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય પંચે૦ વૈક્રિય શરીર હોય, અસંખ્યાતા વર્ષા૦ ન હોય.

જો સંખ્યાતા વર્ષાયુષ્ક કર્મ૦ ગ૦ મ૦ પંચે૦ વૈ૦ શ૦ હોય તો શું પર્યાપ્તા૦ને હોય કે અપર્યાપ્તા૦ને હોય? પર્યાપ્તાને હોય અપ૦ને નહીં.

જો દેવ પંચે૦ વૈક્રિય શરીર છે તો શું ભવનવાસી દેવ પંચે૦ વૈ૦ શ૦ છે યાવત્ વૈમાનિક હોય. તે ચારેને હોય.

જો ભવન૦ દેવ પંચે૦ વૈ૦ શરીર છે, તો શું અસુરકુમાર ભવ૦ દેવ પંચે૦ વૈ૦ શરીર હોય કે યાવત્ સ્તનિતકુમાર ભવ૦ને હોય ? અસુર૦ યાવત્ સ્તનિત૦ બધાને હોય.

જો અસુર૦ દેવ પંચે૦ વૈ૦ શરીર છે, તો શું પર્યાપ્તા૦ને હોય કે અપર્યાપ્તા૦ને હોય ? પર્યાપ્તા અસુર૦ દેવ પંચે૦ વૈ૦ શરીર પણ હોય, અપર્યાપ્તા૦ પણ હોય. એમ સ્તનિતકુમાર સુધી જાણવું.

એ પ્રમાણે આઠ પ્રકારના વ્યંતરો, પાંચ પ્રકારના જ્યોતિષ્કોને જાણવું.

વૈમાનિકોના બે ભેદ – કલ્પોપપન્ન, કલ્પાતીત, કલ્પોપપન્ન બાર પ્રકારે, તેના પર્યાપ્તા–અપર્યાપ્તા બે ભેદ. કલ્પાતીત બે પ્રકારે – ગ્રૈવેયક, અનુત્તરોપપાતિક. ગ્રૈવેયક નવ ભેદે, અનુત્તરોપપાતિક પાંચ ભેદે છે. તેમના પર્યાપ્તા–અપર્યાપ્તા બે ભેદ છે. આ સર્વેને વૈક્રિય શરીર હોય.

સૂત્ર–૫૧૭

ભગવન્ ! વૈક્રિયશરીરનું સંસ્થાન કેવું છે ? ગૌતમ ! અનેક પ્રકારનું છે. વાયુકાયિક એકેન્દ્રિય વૈ૦ શરીર કેવા સંસ્થાને છે ? પતાકા આધારે છે.

ભગવન્ ! નૈરયિક પંચે૦ વૈ૦ શરીર સંસ્થાન કેવું છે ? તે બે ભેદે – ભવધારણીય, ઉત્તરવૈક્રિય. ભવધારણીય છે તે હુંડ સંસ્થાને છે, ઉત્તરવૈક્રિય પણ હુંડ સંસ્થાને છે.

ભગવન્ ! રત્નપ્રભા પૃથ્વી નૈરયિક પંચે૦ વૈ૦ શરીર સંસ્થાન કેવું છે? તે બે ભેદે છે. બાકી બધું ઔધિકવત્. એમ અધઃસપ્તમી નૈરયિક સુધી જાણવું.

ભગવન્ !તિર્યંચ પંચે૦ વૈક્રિયશરીર સંસ્થાન કેવું છે ? અનેકવિધ સંસ્થાનવાળુ છે. એ પ્રમાણે જલચર–સ્થલચર–ખેચરનું પણ છે. સ્થલચરોમાં ચતુષ્પદ, પરિસર્પ–ઉરપરિસર્પ, ભૂજપરિસર્પનું પણ એમ જ છે. એમ મનુષ્ય પંચે૦ વૈક્રિયશરીર વિશે પણ જાણવું.

અસુરકુમાર ભવનવાસી દેવ પંચેન્દ્રિય વૈક્રિયશરીર સંસ્થાન કેવું છે ? અસુરકુમારનું શરીર બે ભેદે – ભવ–ધારણીય, ઉત્તરવૈક્રિય. ભવધારણીયનું સમચતુરસ્ર અને ઉત્તરવૈક્રિયનું અનેક પ્રકારે સંસ્થાન છે. એમ સ્તનિતકુમાર સુધી જાણવું.

એમ વ્યંતરમાં પણ જાણવું. એમ જ્યોતિષ્કો સંબંધે પણ જાણવું. એમ સૌધર્મથી અચ્યુત દેવ વૈક્રિયશરીર પણ જાણવું.

ગ્રૈવેયક અને કલ્પાતીત વૈમાનિક દેવોને એક ભવધારણીય શરીર છે અને તે સમચતુરસ્ર સંસ્થાનવાળું છે. એમ અનુત્તરોપપાતિકને પણ છે.

સૂત્ર–૫૧૮

ભગવન્ ! વૈક્રિયશરીરની કેટલી મોટી અવગાહના છે ? જઘન્યથી અંગુલનો અસંખ્યાતમો ભાગ, ઉત્કૃષ્ટ સાધિક લાખ યોજન,

ભગવન્ ! વાયુકાયિક એકેન્દ્રિય વૈક્રીય શરીરની અવગાહના કેટલી છે ? જઘન્યથી અને ઉત્કૃષ્ટથી અંગુલનો અસંખ્યાતમો ભાગ.

ભગવન્ ! નૈરયિક પંચેન્દ્રિય વૈક્રીય શરીરની કેટલી અવગાહના છે ? તેમની બે ભેદે અવગાહના છે – ભવધારણીય, ઉત્તરવૈક્રિય. ભવધારણીય શરીરાવગાહના જઘન્ય અંગુલનો અસંખ્યાત ભાગ, ઉત્કૃષ્ટ–૫૦૦ ધનુષ, ઉત્તરવૈક્રિય શરીરાવગાહના જઘન્ય પૂર્વવત્. ઉત્કૃષ્ટ ૧૦૦૦ ધનુષ.

ભગવન્ ! રત્નપ્રભાપૃથ્વી નૈરયિકની શરીરવગાહના ? બે ભેદે – ભવધારણીય, ઉત્તરવૈક્રિય. જઘન્ય બંનેમાં પૂર્વવત્. ઉત્કૃષ્ટ ભવધારણીય સાત ધનુષ, ત્રણ હાથ છ અંગુલ, ઉત્તરવૈક્રિય ઉત્કૃષ્ટ ૧૫–ધનુષ, અઢી હાથ.

**અહીંથી ઉત્કૃષ્ટ અવગાહના કહી છે..**

શર્કરાપ્રભાની ભવધારણીય અવગાહના પંદર ધનુષ, અઢી હાથ, ઉત્તર વૈક્રિય–૩૧ ધનુષ, ૧–હાથ છે.

વાલુકાપ્રભાની ભવધારણીય અવગાહના ૩૧–ધનુષ, ૧–હાથ, ઉત્તરવૈક્રિય–૬૨ ધનુષ, ૨–હાથ,

પંકપ્રભાની ભવધારણીય ૬૨–ધનુષ ૨–હાથ, ઉત્તરવૈક્રિય–૧૨૫ ધનુષ છે.

ધૂમપ્રભાની ભવધારણીય–૧૨૫ ધનુષ, ઉત્તરવૈક્રિય–૨૫૦ ધનુષ છે.

તમઃપ્રભા પૃથ્વીની ભવધારણીય–૨૫૦ ધનુષ, ઉત્તરવૈક્રિય–૫૦૦ ધનુષ છે.

અધઃસપ્તમીની ભવધારણીય–૫૦૦ ધનુષ અને ઉત્તર–વૈક્રિય ૧૦૦૦ ધનુષ ઉત્કૃષ્ટથી જાણવી. આ સાતે નરક પૃથ્વીમાં નૈરયિકોની જઘન્ય અવગાહના પૂર્વવત જાણવી.

ભગવન્ ! તિર્યંચ પંચેન્દ્રિય વૈક્રિય શરીરની અવગાહના કેટલી છે ? જઘન્ય–અંગુલનો અસંખ્યાત ભાગ, ઉત્કૃષ્ટ યોજન શત–પૃથક્ત્વ.

ભગવન્ ! મનુષ્ય પંચેન્દ્રિય વૈક્રીય૦ શરીરની અવગાહના કેટલી છે? જઘન્ય પૂર્વવત્, ઉત્કૃષ્ટ સાધિક એક લાખ યોજન.

ભગવન્ ! અસુરકુમાર ભવનવાસી દેવ પંચે૦ વૈ૦ શરીરની અવગાહના કેટલી છે? તે બે ભેદે છે – ભવધારણીય, ઉત્તરવૈક્રિય. ભવધારણીય જઘન્ય અંગુલનો અસં૦ ભાગ, ઉત્કૃષ્ટ સાત હાથ. ઉત્તરવૈક્રિયમાં ઉત્કૃષ્ટ લાખ યોજન, જઘન્ય પૂર્વવત્. એ પ્રમાણે સ્તનિતકુમાર સુધી જાણવું.

એમ સામાન્ય વ્યંતર, જ્યોતિષ્ક, સૌધર્મ–ઈશાન દેવોને જાણવું. યાવત્ અચ્યુત કલ્પ સુધી ઉત્તરવૈક્રિય સમજવું પણ સનત્કુમારને ભવધારણીય અવગાહના ઉત્કૃષ્ટ છ હાથ, માહેન્દ્રને એમ જ, બ્રહ્મલોક અને લાંતક દેવને પાંચ હાથ, મહાશુક્ર અને સહસ્રારને ચાર હાથ, આનતાદિચારને ત્રણ હાથ છે.

ગ્રૈવેયક કલ્પાતીત વૈમા**નિક** દેવ પંચેન્દ્રિય વૈ**ક્રીય** શરીરની અવગાહના કેટલી છે ? જઘન્ય પૂર્વવત્, ઉત્કૃષ્ટ બે હાથ. એ પ્રમાણે અનુત્તરોપપાતિક દેવ જાણવા. અવગાહના હાથ પ્રમાણ હોય.

સૂત્ર–૫૧૯

ભગવન્ ! આહારક શરીર કેટલા ભેદે છે ? ગૌતમ ! એકાકાર છે.

ભગવન્ ! જો એકાકાર છે, તો શું મનુષ્યને હોય કે અમનુષ્યને હોય ? મનુષ્યને આહારક શરીર હોય, અમનુષ્યને આહારક શરીર ન હોય.

ભગવન્ !જો મનુષ્યને આહારક શરીર હોય તો શું સંમૂર્ચ્છિમ મનુષ્યને આહા**રક** શરીર છે કે ગર્ભજ મનુષ્યને

આહારક શરીર છે ? સંમૂર્ચ્છિમને નથી, ગર્ભજ મનુo આહાo છે.

ભગવન્ !જો ગર્ભજ મનુo આહાo શરીર છે, તો શું કર્મભૂમિજo, અકર્મભૂમિજo કે અંતર્દ્વીપજ ગર્ભજ મનુo આહાo શરીર છે ? કર્મભૂમિજ મનુષ્યને આહારક શરીર હોય, બાકીના બંનેને ન હોય.

ભગવન્ ! જો કર્મભૂમિજ ગર્ભજ મનુo આહાo શરીર હોય તો શું સંખ્યાત વર્ષાયુષ્કoને હોય કે અસંખ્યાતવર્ષાoને ? સંખ્યાત વર્ષાયુ કર્મભૂમિ–ગર્ભજ મનુo આહાo શરીર હોય, અસંખ્યાતને ન હોય.

ભગવન્ ! જો સંખ્યાત વર્ષo કર્મo ગર્ભજ મનુo આહાo શરીર હોય તો પર્યાપ્તાoને હોય કે અપર્યાપ્તાoને હોય ? પર્યાપ્તાoને હોય, અપર્યાપ્તાoને નહીં.

ભગવન્ ! જો પર્યાપ્તા સંખ્યાતા વર્ષo કર્મo ગo આo શo છે, તો શું સમ્યગ્દષ્ટિoને હોય કે મિથ્યાદષ્ટિoને કે મિશ્રદષ્ટિoને હોય? સમ્યગ્–દષ્ટિ પર્યાપ્તા સંખ્યાત વર્ષાયુ કર્મભૂમિ ગર્ભજ આહારક શરીર હોય, મિથ્યાદષ્ટિo કે મિશ્રદષ્ટિoને ન હોય.

ભગવન્ ! જો સમ્યગ્o પર્યાપ્તા સંખ્યાતાo કર્મo ગર્ભજ મનુo આહાo શરીર હોય તો શું સંયતo ને હોય કે અસંયતo કે સંયતાસંયતoને ? સંયત સમ્યગ્દષ્ટિ પર્યાપ્તા સંખ્યાતાયુષ્ક ગર્ભજ કર્મભૂમિજ મનુષ્ય આહારક શરીર હોય, અસંયતo કે સંયતાસંયતo ન હોય.

ભગવન્ ! જો સંયત સમ્યગ્o પર્યાપ્ત સંખ્યાયુ કર્મo ગર્ભજ મનુo આહાo શરીર છે, તો શું પ્રમત્ત સંયતo હોય કે અપ્રમત્ત સંયતo? પ્રમત્ત સંયત સમ્યગ્દષ્ટિ પર્યાપ્તા સંખ્યાતાયુ કર્મo ગo મનુo આહાo શરીર હોય, પણ અપ્રમત્તo ન હોય. જો પ્રમત્ત સંયતoને હોય તો શું ઋદ્ધિ પ્રાપ્તoને હોય કે ઋદ્ધિ અપ્રાપ્તoને? ઋદ્ધિપ્રાપ્ત પ્રમત્ત સંયત સમ્યગ્દષ્ટિ પર્યાપ્ત સંખ્યાતાયુ કર્મo ગર્ભજ મનુo આહાo શરીર હોય, પણ ઋદ્ધિ અપ્રાપ્તoને ન હોય.

ભગવન્ ! આહારક શરીર સંસ્થાન કેવું છે ? સમચતુરસ્ર.

આહારક શરીરની અવગાહના કેટલી છે? જઘન્ય કંઈક ન્યૂન એક હાથ, ઉત્કૃષ્ટ સંપૂર્ણ એક હાથ.

## સૂત્ર–૫૨૦, ૫૨૧

**૫૨૦.** ભગવન્ ! તૈજસ શરીર કેટલા ભેદે છે ? પાંચ ભેદે – એકેન્દ્રિયo યાવત્ પંચેન્દ્રિય તૈજસ શરીર,

ભગવન્ ! એકેન્દ્રિય તૈજસ શરીર કેટલા ભેદે છે ? પાંચ ભેદે – પૃથ્વીકાયિક યાવત્ વનસ્પતિ એકેન્દ્રિય તૈજસ શરીર. એ પ્રમાણે ઔદારિક શરીરના ભેદાનુસાર તૈજસ શરીરનો પણ ચઉરિન્દ્રિય જીવો સુધી ભેદ કહેવો.

ભગવન્ ! પંચેન્દ્રિય તૈજસ શરીર કેટલા ભેદે છે ? ચાર ભેદે – નૈરયિક પંચેન્દ્રિય તૈજસ શરીર યાવત્ દેવ પંચેન્દ્રિય તૈજસ શરીર.

નૈરયિકના વૈક્રિય શરીર માફક તૈજસના પણ બે ભેદ કહેવા.

પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યોને ઔદારિકશરીરવત્ ભેદો કહેવા.

દેવોને વૈક્રિય શરીરનો ભેદ કહ્યો, તેમ સર્વાર્થસિદ્ધ સુધી કહેવો.

ભગવન્ ! તૈજસ શરીર કેવા સંસ્થાનવાળું છે ? અનેક પ્રકારે.

ભગવન્ ! એકેન્દ્રિય તૈજસ શરીર કેવા સંસ્થાનવાળું છે? અનેક પ્રકારે.

ભગવન્ ! પૃથ્વીકાયિક એકેન્દ્રિય તૈજસ શરીર કેવા સંસ્થાને છે ? મસૂર ચંદ્રાકારે. એમ ઔદારિક સંસ્થાનાનુસાર ચઉરિન્દ્રિય જીવો સુધી કહેવું.

નૈરયિક તૈજસ શરીર કેવા સંસ્થાને છે ? વૈક્રિય માફક કહેવું.

પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યો તેમના ઔદારિક શરીર માફક કહેવા.

દેવોનું તેજસ શરીર સંસ્થાન વૈક્રિયશરીરવત્ અનુત્તરોપપાતિક સુધી કહેવું.

**૫૨૧.** ભગવન્ ! મારણાંતિક સમુદ્‌ઘાતથી સમવહત તૈજસ શરીરની શરીરાવગાહના કેટલી છે ? વિસ્તાર, જાડાઈમાં શરીર પ્રમાણ માત્ર. લંબાઈમાં જઘન્યથી અંગુલનો અસંખ્યાતભાગ. ઉત્કૃષ્ટ લોકાંતથી લોકાંત સુધી.

ભગવન્ ! મારણાંતિક સમુદ્‌ઘાતથી યુક્ત એકેન્દ્રિય જીવના તૈજસ શરીરની અવગાહના કેટલી છે ? એમ જ છે. એમ યાવત્ પૃથ્વીકાયિક થી વનસ્પતિકાય સુધી જાણવી.

ભગવન્ ! મારણાંતિક સમુદ્‌ઘાતથી સમવહત બેઈન્દ્રિયની શરીરાવગાહના ? વિસ્તાર–જાડાઈ–જઘન્ય લંબાઈ ઔધિકવત્. ઉત્કૃષ્ટ તીર્છાલોકથી લોકાંત સુધી. એમ ચઉરિન્દ્રિય સુધી કહેવું.

ભગવન્ ! મારણાંતિક સમુદ્‌ઘાત યુક્ત નૈરયિકના તૈજસ શરીરની શરીરાવગાહના ? વિસ્તાર–જાડાઈ શરીર પ્રમાણ, લંબાઈ જઘન્ય સાધિક ૧૦૦૦ યોજન, ઉત્કૃષ્ટ સાતમી નરક સુધી, તીર્છુ સ્વયંભૂરમણ સમુદ્ર સુધી, ઉર્ધ્વલોકમાં પંડકવનની પુષ્કરિણી સુધી હોય.

ભગવન્ ! મારણાંતિક સમુ૦ થી પંચે૦ તિર્યંચના તૈજસ શરીરની અવગાહના? બેઈન્દ્રિયવત્ જાણવી. ભગવન્! યાવત્ મનુષ્યની ? મનુષ્યક્ષેત્રથી લોકાંત સુધી.

ભગવન્ ! અસુરકુમારની? વિસ્તાર અને જાડાઈમાં શરીર પ્રમાણ, લંબાઈમાં જઘન્ય અંગુલનો અસંખ્યાત ભાગ, ઉત્કૃષ્ટ ત્રીજી નરક પૃથ્વીના અધો ચરમાંત સુધી, તીર્છુ યાવત્ સ્વયંભૂરમણ સમુદ્રની બાહ્ય વેદિકાંત સુધી, ઉપર ઈષત્પ્રાગ્ભારા પૃથ્વી સુધી હોય છે, એમ સ્તનિતકુમાર સુધી તૈજસ શરીરાવગાહના જાણવી.

વ્યંતર, જ્યોતિષ્ક, સૌધર્મ, ઈશાન દેવોને એમ જ જાણવા.

ભગવન્ ! મારણાંતિક સમુદ્‌ઘાતથી યુક્ત સનત્કુમાર દેવના તૈજસ શરીરની કેટલી અવગાહના છે ? વિસ્તાર અને જાડાઈમાં શરીર પ્રમાણ, લંબાઈમાં જઘન્યથી અંગુલનો અસંખ્યા ભાગ, ઉત્કૃષ્ટ નીચે મહાપાતાળ કળશનો બે તૃતીયાંશ ભાગ, તીર્છુ સ્વયંભૂરમણ સમુદ્ર સુધી, ઉપર અચ્યુતકલ્પ સુધી, એ પ્રમાણે સહસ્રાર દેવ સુધી જાણવું.

મારણાંતિક સમુદ્‌ઘાત યુક્ત આનતદેવના તૈજસ શરીરની અવગાહના કેટલી છે? વિસ્તાર–જાડાઈ–લંબાઈ ઉપર મુજબ, ઉત્કૃષ્ટ અધોલૌકિક ગ્રામ સુધી, તીર્છુ મનુષ્યક્ષેત્ર, ઊંચે અચ્યુતકલ્પ સુધી. એમ આરણ સુધી જાણવું. અચ્યુત દેવને એમ જ સમજવું. પણ ઉપર પોત–પોતાના વિમાન સુધી હોય.

મરણ સમુદ્‌ઘાતયુક્ત ગ્રૈવેયક દેવની તૈજસ શરીરની અવગાહના? વિસ્તાર, જાડાઈમાં શરીરપ્રમાણ, લંબાઈ જઘન્યથી વિદ્યાધર શ્રેણી સુધી, ઉત્કૃષ્ટ અધોલૌકિક ગ્રામ સુધી, તીર્છુ મનુષ્યક્ષેત્ર પર્યન્ત, ઉપર પોતપોતાના વિમાન સુધી હોય. અનુત્તરોપપાતિકને એમ જ જાણવું.

ભગવન્ ! કાર્મણ શરીર કેટલા ભેદે છે ? પાંચ – એકેન્દ્રિય યાવત્ પંચેન્દ્રિય કાર્મણ શરીર. એમ તૈજસ શરીરનો ભેદ, સંસ્થાન, અવગાહના કહ્યા તેમ અનુત્તરોપપાતિક સુધી બધું કહેવું.

સૂત્ર–૫૨૨

ભગવન્ ! ઔદારિક શરીરના પુદ્‌ગલો કેટલી દિશાથી આવીને એકઠાં થાય છે ? ગૌતમ ! વ્યાઘાતના અભાવે છ દિશાથી, વ્યાઘાતને આશ્રીને કદાચ ત્રણ, કદાચ ચાર, કદાચ પાંચ દિશાથી આવીને એકઠાં થાય છે.

ભગવન્ ! વૈક્રિય શરીરના પુદ્‌ગલો કેટલી દિશાથી આવીને એકઠા થાય ? અવશ્ય છ દિશાથી એકઠા થાય. એ પ્રાણે આહારક શરીરમાં પણ જાણવું. તૈજસ અને કાર્મણ શરીરને ઔદારિકવત્ જાણવું.

ભગવન્ ! ઔદારિક શરીરના પુદ્‌ગલો કેટલી દિશાથી આવી ઉપચયને પામે છે ? ચયવત્ જ જાણવું યાવત્ કાર્મણ શરીરના પુદ્‌ગલો એ પ્રમાણે ઉપચય કે અપચયને પામે છે.

ભગવન્ ! જેને ઔદારિકશરીર છે, તેને વૈક્રિય હોય ? જેને વૈક્રિય શરીર છે, તેને શું ઔદારિક શરીર હોય ? ગૌતમ ! જેને ઔદારિક શરીર છે, તેને વૈક્રિય શરીર કદાચ હોય – કદાચ ન હોય, જેને વૈક્રિય છે તેને ઔદારિક શરીર

કદાચ હોય – કદાચ ન હોય.

ભગવન્ ! જેને ઔદારિક શરીર છે, તેને આહારક શરીર હોય? જેને આહારક છે તેને ઔદારિક હોય ? ઔદારિક શરીરવાળાને આહારક શરીર કદાચ હોય - કદાચ ન હોય, આહારક શરીરવાળાને ઔદારિક શરીર અવશ્ય હોય.

જેને ઔદારિક છે તેને તૈજસ શરીર હોય ? જેને તૈજસ છે તેને ઔદારિક શરીર હોય ? ઔદારિકવાળાને તૈજસ શરીર અવશ્ય હોય, તૈજસવાળાને ઔદારિક શરીર કદાચ હોય – કદાચ ન હોય. એ પ્રમાણે કાર્મણ શરીર સંબંધે પણ જાણવું.

જેને વૈક્રિય શરીર છે તેને આહારક હોય ? આહારક શરીર છે તેને વૈક્રિય હોય? તેમ ન હોય. તૈજસ, કાર્મણનો વિચાર ઔદારિક સાથે આહારકનો કર્યો, તેમ કરવો.

તૈજસ શરીર છે, તેને કાર્મણ હોય ? કાર્મણ શરીર છે તેને તૈજસ હોય ? તે બંને અવશ્ય પરસ્પર હોય છે.

**સૂત્ર–૫૨૩, ૫૨૪**

**૫૨૩.** ભગવન્ ! ઔદારિક યાવત્ કાર્મણ શરીરમાં દ્રવ્યાર્થપણે, પ્રદેશાર્થપણે, દ્રવ્યાર્થ–પ્રદેશાર્થપણે કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? ગૌતમ ! દ્રવ્યાર્થપણે–સૌથી થોડાં આહારક શરીરો, વૈક્રિય૦ અસંખ્યાતગણા, ઔદારિક૦ અસંખ્યાત–ગણા, તૈજસ–કાર્મણશરીરો અનંતગણા અને બંને પરસ્પર તુલ્ય છે.

પ્રદેશાર્થપણે – સૌથી થોડાં આહારક શરીરો, વૈક્રિય૦ અસંખ્યાતગણા, ઔદારિક૦ અસં૦, તૈજસ૦ અનંતગણા, કાર્મણ૦ તેનાથી અનંતગણા છે. દ્રવ્યાર્થ પ્રદેશાર્થપણે – સૌથી થોડાં આહારક શરીરો દ્રવ્યાર્થપણે, વૈક્રિય૦ દ્રવ્યા૦ અસંખ્યાતગણા, ઔદારિક૦ દ્રવ્યા૦ અસં૦, દ્રવ્યાર્થરૂપ ઔદારિક૦ કરતા પ્રદેશાર્થ રૂપ આહારક૦ અનંતગણા, વૈક્રિય૦ પ્રદેશાર્થ૦ અસં૦, ઔદારિક૦ પ્રદેશાર્થ૦ અસં૦ તેથી તૈજસ–કાર્મણ શરીરો દ્રવ્યાર્થ૦ અનંત૦ અને પરસ્પર તુલ્ય, તૈજસ૦ પ્રદે૦ અનંત૦, કાર્મણ૦ પ્રદેશા૦ અનંત૦ છે.

**૫૨૪.** ભગવન્ ! આ ઔદારિક યાવત્ કાર્મણ શરીરોમાં જઘન્ય, ઉત્કૃષ્ટ, જઘન્ય–ઉત્કૃષ્ટ અવગાહના વડે કોણ કોનાથી અલ્પ૦ છે? ગૌતમ! સૌથી થોડી ઔદારિક શરીરની જઘન્ય અવગાહના છે, તૈજસ–કાર્મણ શરીરની જઘન્ય અવ૦ તેથી વિશેષાધિક અને પરસ્પર તુલ્ય છે. વૈક્રિય૦ની જઘન્ય અવ૦ અસંખ્યાતગણી છે, આહારક૦ જઘન્ય અવ૦ અસં૦, ઉત્કૃષ્ટ અવ૦ વડે સૌથી થોડી આહારક૦ની અવ૦, ઔદારિક૦ની સંખ્યાતગણી અવ૦ છે, વૈક્રિયની અવ૦ સંખ્યાત૦ છે, તૈજસ–કાર્મણ૦ની અસંખ્યાતગણી અને પરસ્પર તુલ્ય અવગાહન છે.

જઘન્યોત્કૃષ્ટ અવગાહના વડે – સૌથી થોડી ઔદા૦ શરીરની જઘન્ય અવગાહના છે. તૈજસ–કાર્મણ૦ની જઘન્ય અવ૦ વિશેષાધિક અને પરસ્પર તુલ્ય છે. વૈક્રિય૦ની જઘન્ય અવ૦ અસંખ્યાતગણી છે. આહારક૦ની જઘન્ય અવ૦ અસં૦, આહારક૦ની જઘન્ય અવ૦થી તેની જ ઉત્કૃષ્ટ અવ૦ વિશેષ૦ છે, ઔદારિક૦ની ઉત્કૃષ્ટ અવ૦ સંખ્યા૦, વૈક્રિય ની ઉત્કૃષ્ટ અવ૦ સંખ્યા૦ તૈજસ–કાર્મણ૦ની ઉત્કૃષ્ટ અવ૦ અસં૦ અને પરસ્પર તુલ્ય છે.

**પદ-૨૧ ‘શરીર’ મુનિ દીપરત્નસાગરે કરેલ ભાવાનુવાદ પૂર્ણ**

# પદ–૨૨ ' ક્રિયા'

### સૂત્ર–૫૨૫

ભગવન્ ! કેટલી ક્રિયાઓ છે ? ગૌતમ ! પાંચ – કાયિકી, અધિકરણિકી, પ્રાદ્વેષિકી, પારિતાપનિકી, પ્રાણાતિપાતિકી.

ભગવન્ ! કાયિકી ક્રિયા કેટલા ભેદે છે ? બે ભેદે – અનુપરત કાયિકી, દુષ્પ્રયુક્ત કાયિકી.

ભગવન્ ! અધિકરણિકી ક્રિયા કેટલા ભેદે છે ? બે ભેદે – સંયોજનાધિકરણિકી, નિર્વર્તનાધિકરણિકી.

ભગવન્ ! પ્રાદ્વેષિકી ક્રિયા કેટલા ભેદે છે ? ત્રણ ભેદે – જે રીતે પોતાની, બીજાની કે બંનેની પરત્વે અશુભ મન કરે તે.

ભગવન્ ! પારિતાપનિકી ક્રિયા કેટલા ભેદે છે ? ત્રણ ભેદે – પોતાને, બીજાને, બંનેને અશાતા વેદના ઉદીરે.

ભગવન્ ! પ્રાણાતિપાત ક્રિયા કેટલા ભેદે છે? ત્રણ ભેદે – જે પ્રકારે પોતાને, બીજાને, બંનેને જીવિતથી જુદા કરે. તે પાંચ ક્રિયા કહી..

### સૂત્ર–૫૨૬

ભગવન્ ! જીવો ક્રિયાવાળા છે કે ક્રિયારહિત ? ગૌતમ ! જીવો તે બંને છે.

ભગવન્! એમ કેમ કહો છો ? જીવો બે પ્રકારના – સંસારી અને સિદ્ધ. જે સંસારી છે તે જીવો બે ભેદે છે – શૈલેશી પ્રાપ્ત, શૈલેશી અપ્રાપ્ત. શૈલેશી પ્રાપ્ત છે તે ક્રિયારહિત છે. શૈલેશી પ્રાપ્ત નથી તેઓ ક્રિયાસહિત છે માટે એમ કહ્યું કે જીવો સક્રિય અક્રિય બંને છે.

ભગવન્ ! શું જીવો પ્રાણાતિપાત વડે ક્રિયા કરે છે ? હા, ગૌતમ ! કરે છે.

ભગવન્ ! જીવો કોના વિશે પ્રાણાતિપાત વડે ક્રિયા કરે ? છ જીવનિકાયને વિશે કરે. શું નૈરયિકો પ્રાણાતિપાત વડે ક્રિયા કરે? હા, કરે. એ પ્રમાણે નિરંતર વૈમાનિક સુધી જાણવું.

ભગવન્ ! શું જીવો મૃષાવાદથી ક્રિયા કરે ? હા, કરે. જીવો કોના વિશે મૃષાવાદથી ક્રિયા કરે ? સર્વ દ્રવ્યોને વિશે કરે. એ પ્રમાણે નિરંતર નૈરયિકોને યાવત્ વૈમાનિકોને જાણવું.

ભગવન્ ! શું જીવો અદત્તાદાનથી ક્રિયા કરે ? હા, કરે. જીવો કોના વિશે અદત્તાદાનથી ક્રિયા કરે ? ગ્રહણ અને ધારણ કરવા યોગ્ય દ્રવ્યોને વિશે કરે. એમ નૈરયિક યાવત્ વૈમાનિકોને જાણવું.

ભગવન્! શું જીવો મૈથુનથી ક્રિયા કરે? હા, કરે. જીવો મૈથુનથી કોને વિશે ક્રિયા કરે? રૂપ કે રૂપ સહિત દ્રવ્યને વિશે કરે એમ નૈરયિકોને નિરંતર વૈમાનિક સુધી જાણવું.

ભગવન્ ! શું જીવો પરિગ્રહ વડે ક્રિયા કરે ? હા, કરે. જીવો કોના વિશે પરિગ્રહ વડે ક્રિયા કરે ? સર્વ દ્રવ્યને વિશે. એમ નૈરયિકથી વૈમાનિક સુધી જાણવું. એમ ક્રોધ, માન યાવત્ મિથ્યાદર્શનશલ્ય વડે ક્રિયા કરે છે. એમ સર્વને વિશે જીવ અને નૈરયિકના ભેદ કહેવા. એમ યાવત્ વૈમાનિક જાણવું. એ પ્રમાણે અઢાર દંડકો થાય છે.

### સૂત્ર–૫૨૭, ૫૨૮

**૫૨૭.** ભગવન્ ! જીવ પ્રાણાતિપાત વડે કેટલી કર્મપ્રકૃતિ બાંધે ? સાત કે આઠ બાંધે. એમ નૈરયિકથી વૈમાનિક છે.

ભગવન્ ! જીવો પ્રાણાતિપાત વડે કેટલી કર્મપ્રકૃતિ બાંધે ? સાત પણ બાંધે, આઠ પણ બાંધે. નૈરયિકો પ્રાણાતિપાત વડે કેટલી કર્મપ્રકૃતિ બાંધે ? બધા સાત બાંધનારા હોય કે બધા સાત બાંધે અને કોઈ આઠ બાંધે અથવા સાત પણ બાંધે અને આઠ પણ બાંધે. એ પ્રમાણે અસુરકુમારથી સ્તનિતકુમાર સુધી જાણવું.

પૃથ્વીકાયથી વનસ્પતિકાય ઔધિકવત્ જાણવા. બાકીના બધા નૈરયિકવત્ જાણવા. એમ જીવ અને એકેન્દ્રિય સિવાય ત્રણ ત્રણ ભંગ બધે કહેવા. આ પ્રમાણે મિથ્યાદર્શનશલ્ય સુધી કહેવું. એમ એકવચન, બહુવચનના છત્રીશ દંડકો થશે.

**૫૨૮.** ભગવન્ ! જીવ જ્ઞાનાવરણીય કર્મ બાંધતો કેટલી ક્રિયાવાળો હોય ? ગૌતમ ! કદાચ ત્રણ, કદાચ ચાર, કદાચ પાંચ ક્રિયાવાળો હોય. એમ નૈરયિક યાવત્ વૈમાનિક જાણવા.

ભગવન્ ! જીવો જ્ઞાનાવરણીય કર્મ બાંધતા કેટલી ક્રિયાવાળા હોય ? કદાચ ત્રણ, કદાચ ચાર, કદાચ પાંચ. એ પ્રમાણે નૈરયિકોથી નિરંતર વૈમાનિકો સુધી જાણવું. એમ દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુ, નામ, ગોત્ર, અંતરાય આઠે કર્મપ્રકૃતિ કહેવી. એમ એકવચન, બહુવચનમાં ૧૬–દંડકો થાય.

ભગવન્ ! જીવ જીવને આશ્રીને કેટલી ક્રિયાવાળો થાય ? કદાચ ત્રણ, કદાચ ચાર, કદાચ પાંચ અને કદાચ અક્રિય હોય. જીવ નૈરયિકને આશ્રીને કેટલી ક્રિયાવાળો થાય? કદાચ ત્રણ, કદાચ ચાર, કદાચ અક્રિય હોય. એમ સ્તનિતકુમારો સુધી જાણવું. પૃથ્વીકાયથી વનસ્પતિકાય, વિકલેન્દ્રિય, પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યોને આશ્રીને જેમ જીવને આશ્રીને કહ્યું તેમ જ છે.

જીવ જીવોને આશ્રીને કેટલી ક્રિયાવાળો હોય? કદાચ ત્રણ, કદાચ ચાર, કદાચ પાંચ, કદાચ અક્રિય હોય. જીવ નૈરયિકોને આશ્રીને કેટલી ક્રિયાવાળો હોય ? કદાચ ત્રણ, કદાચ ચાર, કદાચ અક્રિય હોય. એમ પહેલા દંડકવત્ આ બીજો દંડક કહેવો.

જીવો એક જીવને આશ્રીને કેટલી ક્રિયાવાળા હોય? કદાચ ત્રણ, કદાચ ચાર, કદાચ પાંચ, કદાચ અક્રિય પણ હોય. જીવો એક નૈરયિકને આશ્રીને કેટલી ક્રિયાવાળા હોય? પહેલા દંડકવત્ વૈમાનિક સુધી કહેવું. જીવો જીવોને આશ્રીને કેટલી ક્રિયાવાળા હોય? કદાચ ત્રણ, કદાચ ચાર, કદાચ પાંચ, કદાચ અક્રિય હોય? જીવો નૈરયિકોને આશ્રીને કેટલી ક્રિયાવાળા હોય ? કદાચ ત્રણ, કદાચ ચાર, કદાચ અક્રિય. અસુરકુમાર પણ એમ જ જાણવા. વૈમાનિક સુધી પણ એમ જ જાણવું.

જેમ જીવોને આશ્રીને કહ્યું, તેમ ઔદારિક શરીરને આશ્રીને કહેવું.

નૈરયિક, જીવને આશ્રીને કેટલી ક્રિયાવાળો હોય ? કદાચ ત્રણ, કદાચ ચાર, કદાચ પાંચ. નૈરયિક નૈરયિકને આશ્રીને કેટલી ક્રિયાવાળો હોય? કદાચ ત્રણ, કદાચ ચાર. એ પ્રમાણે યાવત્ વૈમાનિક સમજવું. પરંતુ નૈરયિક નૈરયિકોને અને દેવોને આશ્રીને પાંચમી પ્રાણાતિપાત ક્રિયા નથી.

નૈરયિકો જીવને આશ્રીને કેટલી ક્રિયાવાળા હોય? કદાચ ત્રણ, કદાચ ચાર, કદાચ પાંચ. એમ વૈમાનિક સુધી જાણવું. પરંતુ નૈરયિક અને દેવને આશ્રીને પાંચમી પ્રાણાતિપાત નથી.

નૈરયિકો જીવોને આશ્રીને કેટલી ક્રિયાવાળા હોય ? ત્રણ, ચાર કે પાંચ. નૈરયિકો નૈરયિકોને આશ્રીને કેટલી ક્રિયા વાળા હોય? ત્રણ કે ચાર. એમ વૈમાનિકોને આશ્રીને સુધી જાણવું. પરંતુ ઔદારિક શરીરને આશ્રીને કહ્યું, તેમ જીવોને આશ્રીને કહેવું.

અસુરકુમાર જીવને આશ્રીને કેટલી ક્રિયાવાળો હોય? નૈરયિકવત્ અસુરકુમારને પણ ચાર દંડકો કહેવા. એમ ઉપયોગથી વિચારવું. જીવ અને મનુષ્ય અક્રિય કહેવાય. બાકીના ન કહેવાય. બધા જીવો ઔદારિક શરીર આશ્રિત પાંચ ક્રિયાવાળા હોય અને નૈરયિકો તથા દેવોને આશ્રીને પાંચ ક્રિયાવાળા ન હોય. એમ એક એક જીવપદમાં ચાર ચાર દંડકો કહેવા. એમ બધા જીવાદિ મળીને ૧૦૦ દંડકો થાય છે.

સૂત્ર–૫૨૯

ભગવન્! ક્રિયા કેટલી છે ? પાંચ – કાયિકી યાવત્ પ્રાણાતિપાતિકી.

નૈરયિકોને કેટલી ક્રિયા છે? પાંચ. કાયિકી યાવત્ પ્રાણાતિપાતિકી. એ પ્રમાણે વૈમાનિક સુધી કહેવું.

જે જીવને કાયિકી ક્રિયા હોય, તેને અધિકરણિકી ક્રિયા હોય ? જેને અધિકરણિકી ક્રિયા હોય તેને કાયિકી હોય? તે બંને ક્રિયા પરસ્પર અવશ્ય હોય. જેને કાયિકી ક્રિયા હોય તેને પ્રાદ્વેષિકી હોય ? જેને પ્રાદ્વેષિકી ક્રિયા હોય તેને કાયિકી હોય ? એમ જ સમજવું.

જેને કાયિકી ક્રિયા હોય તેને પારિતાપનિકી હોય અને પારિતાપનિકી ક્રિયા હોય તેને કાયિકી હોય ? જેને કાયિકી હોય તેને પારિતાપનિકી કદાચ હોય – કદાચ ન હોય. પારિતાપનિકી ક્રિયા હોય તેને કાયિકી ક્રિયા અવશ્ય હોય. એમ પ્રાણાતિપાત ક્રિયા પણ જાણવી. એમ પહેલાંની ત્રણ ક્રિયા પરસ્પર અવશ્ય હોય. પણ આદિની ત્રણ ક્રિયાવાળાને પછી બંને હોય કે ન પણ હોય. પણ પછી બંને ક્રિયાવાળાને પૂર્વની ત્રણ ક્રિયા અવશ્ય હોય.

ભગવન્ ! જેને પારિતાપનિકી ક્રિયા હોય તેને પ્રાણાતિપાત ક્રિયા હોય અને પ્રાણાતિપાત ક્રિયા હોય તેને પારિતાપનિકી ક્રિયા હોય ? જેને પારિતાપનિકી ક્રિયા હોય, તેને પ્રાણાતિપાત કદાચ હોય કે ન હોય. જેને પ્રાણાતિપાત ક્રિયા હોય તેને પારિતાપનિકી અવશ્ય હોય.

જે નૈરયિકને કાયિકી ક્રિયા હોય તેને અધિકરણિકી ક્રિયા હોય ? જીવમાં કહ્યું તેમ જ નૈરયિકને પણ જાણવું. એ પ્રમાણે વૈમાનિક સુધી સમજવું.

જે સમયે જીવને કાયિકી ક્રિયા હોય, તે સમયે અધિકરણિકી ક્રિયા હોય ? જે સમયે અધિકરણિકી હોય ત્યારે કાયિકી હોય ? પહેલા દંડક મુજબ વૈમાનિકી સુધી આ દંડક જાણવો.

જીવને જે અંશે કાયિકી ક્રિયા હોય, તે અંશે અધિકરણિકી ક્રિયા હોય ઇત્યાદિ ? પૂર્વવત્. વૈમાનિક સુધી કહેવું. જીવને જે પ્રદેશે કાયિકી ક્રિયા હોય, તે પ્રદેશે અધિકરણિકી ક્રિયા હોય ? આદિ. પૂર્વવત્. વૈમાનિક સુધી જાણવું. આ રીતે ચાર દંડકો થયા.

ભગવન્ ! કેટલી આયોજિકા ક્રિયા કહી ? પાંચ – કાયિકી યાવત્ પ્રાણાતિપાત ક્રિયા. એમ વૈમાનિક સુધી જાણવું.

જે જીવને કાયિકા આયોજિકા ક્રિયા હોય તેને આધિકરણિકી આયોજિકા ક્રિયા હોય ? જેને આધિકરણિકી આયોજિકા હોય તેને કાયિકી આયોજિકા ક્રિયા હોય ? ગૌતમ ! પૂર્વવત. આવા પાઠથી– જે જીવમાં, જે સમયમાં, જે દેશમાં અને જે પ્રદેશમાં એમ ચાર દંડકો વૈમાનિકો સુધી કહેવા.

ભગવન્ ! જે સમયે જીવ કાયિકી, અધિકરણિકી અને પ્રાદ્વેષિકી ક્રિયાથી સ્પૃષ્ટ હોય, તે સમયે પારિતાપનિકી અને પ્રાણાતિપાત ક્રિયાથી યુક્ત હોય ? ૧. કોઈ જીવ – જે સમયે કાયિકી આદિ ત્રણથી યુક્ત હોય, તે સમયે પારિતાપનિકી ક્રિયાથી યુક્ત હોય અને પ્રાણાતિપાત ક્રિયાથી યુક્ત હોય. ૨. કોઈ જીવ – જ્યારે કાયિકી આદિ ત્રણથી યુક્ત હોય, તે સમયે પારિતાપનિકી યુક્ત હોય પણ પ્રાણાતિપાતથી યુક્ત ન હોય. ૩. કોઈ જીવ કોઈ જીવને આશ્રીને જ્યારે કાયિકી આદિ ત્રણથી યુક્ત હોય, ત્યારે પારિતાપનિકી અને પ્રાણાતિપાત તે બંને ક્રિયા વડે અયુક્ત હોય.

સૂત્ર–૫૩૦

ભગવન્ ! ક્રિયાઓ કેટલી છે ? પાંચ છે – આરંભિકી, પારિગ્રહિકી, માયાપ્રત્યયિકી, અપ્રત્યાખ્યાન, મિથ્યાદર્શન–પ્રત્યયિકી.

ભગવન્ ! આરંભિકી ક્રિયા કોને હોય ? કોઈ પણ પ્રમત્ત સંયતને હોય.

ભગવન્ ! પારિગ્રહિકી ક્રિયા કોને હોય ? કોઈ સંયતાસંયતને હોય.

ભગવન્ ! માયાપ્રત્યયિકી ક્રિયા કોને હોય ? કોઈ પણ અપ્રમત્ત સંયતને હોય.

ભગવન્ ! અપ્રત્યાખ્યાન ક્રિયા કોને હોય ? કોઈ પણ અપ્રત્યાખ્યાનીને હોય.

ભગવન્ ! મિથ્યાદર્શન પ્રત્યયિકી ક્રિયા કોને હોય ? મિથ્યાદષ્ટિને હોય.

નૈરયિકને કેટલી ક્રિયા હોય ? પાંચ ક્રિયા – આરંભિકી યાવત્ મિથ્યાદર્શન પ્રત્યયિકી. એમ વૈમાનિક સુધી જાણવું.

જે જીવને આરંભિકી ક્રિયા હોય, તેને પારિગ્રહિકી ક્રિયા હોય ? જેને પારિગ્રહિકી ક્રિયા હોય તેને આરંભિકી હોય ? જેને આરંભિકી ક્રિયા હોય તેને પારિગ્રહિકી કદાચ હોય – કદાચ ન હોય. જેને પારિગ્રહિકી ક્રિયા હોય તેને આરંભિકી અવશ્ય હોય.

જેને આરંભિકી ક્રિયા હોય તેને માયા પ્રત્યયિકી ક્રિયા હોય૦ ઇત્યાદિ પ્રશ્ન. જેને આરંભિકી ક્રિયા હોય તેને માયાપ્રત્યયિકી અવશ્ય હોય. જેને માયા પ્રત્યયિકી હોય, તેને આરંભિકી કદાચ હોય – કદાચ ન હોય.

જેને આરંભિકી ક્રિયા હોય તેને અપ્રત્યાખ્યાન ક્રિયા હોય – ઇત્યાદિ પ્રશ્ન. આરંભિકીવાળાને અપ્રત્યાખ્યાન ક્રિયા કદાચ હોય – કદાચ ન હોય. અપ્રત્યાખ્યાનવાળાને આરંભિકી ક્રિયા અવશ્ય હોય. એ પ્રમાણે મિથ્યાદર્શન પ્રત્યયિકી ક્રિયા સાથે યોગ કરવો. એમ પારિગ્રહિકીની ઉક્ત ત્રણે ક્રિયા સાથે વિચાર કરવો.

જેને માયાપ્રત્યયિકી ક્રિયા હોય તેને પછીની બે ક્રિયા કદાચ હોય – કદાચ ન હોય, જેને પછીની બે ક્રિયા હોય તેને માયાપ્રત્યયિકી ક્રિયા અવશ્ય હોય.

જેને અપ્રત્યાખ્યાન ક્રિયા હોય તેને મિથ્યાદર્શન પ્રત્યયિકી કદાચ હોય – કદાચ ન હોય, જેને મિથ્યાદર્શન પ્રત્યયિકી ક્રિયા હોય તેને અપ્રત્યાખ્યાન ક્રિયા હોય જ.

નૈરયિકને પહેલાંની ચાર ક્રિયા પરસ્પર હોય જ. જેને આ ચાર ક્રિયા છે, તેને મિથ્યાદર્શન પ્રત્યયિકી ક્રિયા ભજનાએ હોય. જેને મિથ્યાદર્શન ક્રિયા હોય, તેને એ ચારે ક્રિયાઓ અવશ્ય હોય. એ પ્રમાણે સ્તનિતકુમાર સુધી જાણવું. પૃથ્વીકાયિકથી ચઉરિન્દ્રિય સુધીના જીવોને પાંચે ક્રિયા પરસ્પર અવશ્ય હોય છે.

પંચેન્દ્રિય તિર્યંચને પહેલી ત્રણ ક્રિયા પરસ્પર અવશ્ય હોય. જેને તે ક્રિયાઓ હોય તેને ઉપરની બંને ક્રિયાઓ ભજનાએ હોય. જેને ઉપરની બે ક્રિયા હોય તેને આ ત્રણે ક્રિયાઓ અવશ્ય હોય.

જેને અપ્રત્યાખ્યાન ક્રિયા હોય, તેને મિથ્યાદર્શન પ્રત્યયિકી ક્રિયા કદાચ હોય – કદાચ ન હોય. જેને મિથ્યા૦ ક્રિયા હોય, તેને અપ્રત્યાખ્યાન ક્રિયા અવશ્ય હોય.

મનુષ્યને, જીવને કહ્યા મુજબ જાણવું. વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિકને નૈરયિકની માફક જાણવા.

ભગવન્ ! જે સમયે જીવને આરંભિકી ક્રિયા હોય, તે સમયે પારિગ્રહિકી ક્રિયા હોય ? એ પ્રમાણે જે જીવને, જે સમયે, જે અંશે, જે પ્રદેશે ચારે દંડક જાણવા.

નૈરયિકવત્ સર્વે દેવો વૈમાનિક સુધી જાણવા.

## સૂત્ર–૫૩૧ થી ૫૩૩

**૫૩૧.** ભગવન્ ! શું જીવોને પ્રાણાતિપાત વિરમણ હોય? હા, હોય. જીવોને કોના વિશે પ્રાણાતિપાત વિરમણ હોય ? છ જીવનિકાયને વિશે. નૈરયિકોને પ્રાણાતિપાત વિરમણ હોય ? એ અર્થ સમર્થ નથી. એમ વૈમાનિક સુધી જાણવું. પણ મનુષ્યોને જીવની માફક કહેવા.

એમ મૃષાવાદ યાવત્ માયા મૃષાવાદ વડે જીવને અને મનુષ્યને જાણવા, બાકીનાને એ અર્થ યુક્ત નથી. પરંતુ અદત્તાદાન, ગ્રહણ અને ધારણ કરવા લાયક દ્રવ્ય વિશે, મૈથુન રૂપ અને રૂપ સહિત દ્રવ્યો વિશે, બાકી બધાં સર્વ દ્રવ્ય વિશે જાણવા.

જીવોને મિથ્યાદર્શનશલ્ય વિરમણ હોય ? હા, હોય. કોને વિશે જીવોને મિથ્યાદર્શનશલ્ય વિરમણ હોય ? સર્વ દ્રવ્યોને વિશે.

એ પ્રમાણે નૈરયિક યાવત્ વૈમાનિક જાણવા. પણ એકેન્દ્રિય અને વિકલેન્દ્રિયોને એ અર્થ યુક્ત નથી.

**૫૩૨.** પ્રાણાતિપાતની વિરતિવાળો જીવ કેટલી કર્મપ્રકૃતિઓ બાંધે ? સાત બાંધે, આઠ બાંધે, છ બાંધે કે એક બાંધે, કે અબંધક પણ હોય. એમ મનુષ્યોને પણ કહેવું.

પ્રાણાતિપાતની વિરતીવાળા જીવો કેટલી કર્મપ્રકૃતિ બાંધે? ગૌતમ!

૧. બધા જીવો સાત પ્રકૃતિ બાંધે અને એક પ્રકૃતિ બાંધે.

૨. બધા સાત બાંધે, એક બાંધે અને કોઈ આઠ બાંધે.

૩. ઘણા સાતના બંધક અને એકના બંધક તથા એક આઠનો બંધક હોય.

૪. ઘણા સાત બાંધનાર, એક બાંધનાર અને એક છ પ્રકૃતિ બંધક હોય.

૫. ઘણા સાત બાંધનાર, એક બાંધનાર અને છ બાંધનાર હોય.

૬. ઘણા સાત બાંધનાર, એક બાંધનાર અને એક અબંધક હોય.

૭. ઘણા સાત બાંધનાર, એક બાંધનાર અને અબંધક હોય. અથવા –

૧. ઘણા સાત બાંધનાર, એક બાંધનાર, એક આઠ બાંધનાર તથા એક છ પ્રકૃતિ બાંધનાર હોય. ૨. ઘણા સાત બાંધનાર, એક બાંધનાર, એક આઠ પ્રકૃતિ બાંધનાર, ઘણા છ બાંધનાર હોય. ૩. ઘણા સાત બાંધનાર, એક બાંધનાર, આઠ બાંધનારા અને એક છ બાંધનાર હોય. ૪. ઘણા સાત બાંધનાર, એક બાંધનાર, આઠ બાંધનાર અને છ બાંધનાર હોય. અથવા –

૧. ઘણા સાત બાંધનાર, એક બાંધનાર, એક છ બાંધનાર, એક અબંધક હોય. ૨. ઘણા સાત બાંધનાર, એક બાંધનાર, છ બાંધનાર, ઘણા અબંધક હોય. ૩. ઘણા સાત બાંધનાર, એક બાંધનાર, એક છ બાંધનાર અને અબંધક હોય. ૪. ઘણા સાત બાંધનાર, એક બાંધનાર, છ બાંધનાર અને અબંધક હોય. અથવા –

૧. ઘણા સાત બાંધનાર, એક બાંધનાર, એક આઠ બાંધનાર, એક છ બાંધનાર, એક અબંધક.

૨. ઘણા સાત બાંધનાર, એક બાંધનાર, એક આઠ બાંધનાર, એક છ બાંધનાર, ઘણા અબંધક.

૩. ઘણા સાત બાંધનાર, એક બાંધનાર, એક આઠ બાંધનાર, ઘણા છ બાંધનાર, એક અબંધક.

૪. ઘણા સાત બાંધનાર, એક બાંધનાર, એક આઠ બાંધનાર, ઘણા છ બાંધનાર, ઘણા અબંધક હોય.

૫. ઘણા સાત બાંધનાર, એક બાંધનાર, આઠ બાંધનાર, છ બાંધનાર, એક અબંધક હોય.

૬. ઘણા સાત બાંધનાર, એક બાંધનાર, આઠ બાંધનાર, એક છ બાંધનાર, ઘણા અબંધક હોય.

૭. ઘણા સાત બાંધનાર, એક બાંધનાર, આઠ બાંધનાર, છ બાંધનાર, એક અબંધક હોય.

૮. ઘણા સાત બાંધનાર, એક બાંધનાર, આઠ બાંધનાર, છ બાંધનાર અને અબંધક હોય. એ પ્રમાણે આઠ ભંગો થયા.

બધા મળીને **૨૭** ભંગો થાય. એમ મનુષ્યોને એ જ **૨૭** ભંગો કહેવા. એ રીતે મૃષાવાદવિરત યાવત્ માયામૃષા વાદ વિરત જીવ અને મનુષ્ય જાણવા.

મિથ્યાદર્શનશલ્ય વિરત જીવ કેટલી કર્મપ્રકૃતિ બાંધે ? સાત બાંધે, આઠ બાંધે, છ બાંધે, એક બાંધે, અબંધક હોય. મિથ્યાદર્શનશલ્ય વિરત નૈરયિક કેટલી કર્મપ્રકૃતિ બાંધે ? સાત અને આઠ યાવત્ પંચેન્દ્રિય તિર્યંચ બાંધે. મનુષ્યને જીવ માફક જાણવો. વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિકને નૈરયિકવત્ સમજવો.

મિથ્યાદર્શન શલ્ય વિરત જીવો કેટલી કર્મપ્રકૃતિ બાંધે ? પૂર્વોક્ત **૨૭**–ભંગો કહેવા. મિથ્યાદર્શનશલ્ય વિરત નૈરયિક કેટલી કર્મપ્રકૃતિ બાંધે ? બધા સાત બાંધે અથવા ઘણા સાત બાંધે અને એક આઠ બાંધે. ઘણા સાત અને આઠ બાંધે. એ પ્રમાણે વૈમાનિક સુધી કહેવું. પણ મનુષ્યો જીવ માફક કહેવા.

**૫૩૩.** પ્રાણાતિપાત વિરત જીવોને શું આરંભિકી ક્રિયા હોય ? યાવત્ મિથ્યાદર્શન પ્રત્યયિકી ક્રિયા હોય ? આરંભિકી ક્રિયા કદાચ હોય – કદાચ ન હોય. પારિગ્રહિકી ક્રિયા ? એ અર્થ સમર્થ નથી. માયા પ્રત્યયિકી ક્રિયા ? કદાચ હોય – કદાચ ન હોય. અપ્રત્યાખ્યાન પ્રત્યયા ? એ અર્થ સમર્થ નથી. મિથ્યાદર્શન પ્રત્યયા ? એ અર્થ સમર્થ નથી. એમ પ્રાણાતિપાત વિરત મનુષ્ય પણ જાણવા. એ પ્રમાણે માયામૃષાવાદ વિરત સુધીના જીવ, મનુષ્ય જાણવા.

ભગવન્ ! મિથ્યાદર્શન શલ્ય વિરત જીવને શું આરંભિકી યાવત્ મિથ્યાદર્શન પ્રત્યયા ક્રિયા હોય ? આરંભિકી ક્રિયા કદાચ હોય – કદાચ ન હોય. એ પ્રમાણે અપ્રત્યાખ્યાન ક્રિયા સુધી જાણવું, મિથ્યાદર્શન પ્રત્યયિકી ન હોય.

ભગવન્ ! મિથ્યાદર્શન શલ્ય વિરત નૈરયિકને શું આરંભિકી યાવત્ મિથ્યાદર્શન પ્રત્યયિકી ક્રિયા હોય ? આરંભિકી યાવત્ અપ્રત્યાખ્યાન ક્રિયા હોય. મિથ્યાદર્શનપ્રત્યયા ન હોય. એમ સ્તનિતકુમાર સુધી જાણવું.

પંચેન્દ્રિય તિર્યંચને આરંભિકી, માયા પ્રત્યયિકી ક્રિયા હોય, અપ્રત્યાખ્યાન ક્રિયા કદાચ હોય – કદાચ ન હોય. મિથ્યાદર્શન પ્રત્યયા ન હોય. મનુષ્ય જીવવત્ જાણવા. વ્યંતર, જ્યોતિષ, વૈમાનિકને નૈરયિકવત્ જાણવા.

આ આરંભિકી યાવત્ મિથ્યાદર્શન પ્રત્યયા ક્રિયામાં કઈ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે**?** સૌથી થોડી મિથ્યાદર્શન પ્રત્યયા ક્રિયા છે. અપ્રત્યાખ્યાન ક્રિયા તેનાથી વિશેષાધિક, પારિગ્રહિકી તેનાથી વિશેષાધિક, આરંભિકી તેનાથી વિશેષાધિક, માયાપ્રત્યયિકી તેનાથી વિશેષાધિક છે.

પદ-૨૨ ‘ક્રિયા’ મુનિ દીપરત્નસાગરે કરેલ ભાવાનુવાદ પૂર્ણ

# પદ-૨૩ 'કર્મપ્રકૃતિ'

**સૂત્ર–૫૩૪**

કેટલી કર્મપ્રકૃતિ, કેવી રીતે બાંધે ? કેટલા સ્થાને બાંધે? કેટલી પ્રકૃતિ વેદે ? કેનો કેટલા ભેદે અનુભાવ ? આટલા દ્વારો અહીં કહેશે.

## પદ-૨૩, ઉદ્દેશો-૧

**સૂત્ર–૫૩૫, ૫૩૬**

**૫૩૫.** ભગવન્ ! કેટલી કર્મપ્રકૃતિ છે ? આઠ છે – જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુ, નામ, ગોત્ર, અંતરાય.

નૈરયિકોને કેટલી કર્મપ્રકૃતિ છે ? આઠ. એમ વૈમાનિકો સુધી કહેવું.

**૫૩૬.** ભગવન્ ! જીવ આઠ કર્મપ્રકૃતિ કેવી રીતે બાંધે છે ? જ્ઞાનાવરણીય કર્મના ઉદયથી દર્શનાવરણીય કર્મનો ઉદય થાય છે. દર્શનાવરણીય કર્મના ઉદયથી દર્શન મોહનીયનો ઉદય થાય છે. દર્શન મોહનીયના ઉદયથી મિથ્યાત્વનો ઉદય થાય, મિથ્યાત્વના ઉદયથી ગૌતમ ! એ પ્રમાણે ખરેખર જીવ આઠ પ્રકૃતિ બાંધે.

ભગવન્ ! નૈરયિક કઈ રીતે આઠ કર્મ પ્રકૃતિ બાંધે ? ગૌતમ! એમ જ જાણવું. એ રીતે વૈમાનિક સુધી કહેવું. જીવો આઠ કર્મપ્રકૃતિ કઈ રીતે બાંધે ? ઉપર કહ્યા મુજબ જ. એ રીતે વૈમાનિકો સુધી જાણવું.

**સૂત્ર–૫૩૭**

જીવ કેટલા સ્થાને જ્ઞાનાવરણીય કર્મ બાંધે ? બે સ્થાને – રાગથી અને દ્વેષથી. રાગ બે ભેદે – માયા, લોભ. દ્વેષ બે ભેદે – ક્રોધ, માન, જીવવીર્ય વડે યુક્ત એ ચાર સ્થાને એ રીતે ખરેખર જ્ઞાનાવરણીય કર્મ બાંધે. એમ નૈરયિકથી વૈમાનિક સુધી જાણવું.

જીવો કેટલા સ્થાને જ્ઞાનાવરણીય કર્મ બાંધે ? બે સ્થાને. ઇત્યાદિ એમ જ છે. એ રીતે નૈરયિક યાવત્ વૈમાનિક જાણવા. એમ દર્શનાવરણીયથી અંતરાય કર્મ સુધી જાણવું.

એમ એકવચન–બહુવચનના ૧૬ દંડક છે.

**સૂત્ર–૫૩૮**

ભગવન્ ! જીવ જ્ઞાનાવરણીય કર્મ વેદે ? કદાચ વેદે, કદાચ ન વેદે. નૈરયિક જ્ઞાનાવરણીય કર્મ વેદે ? અવશ્ય વેદે. એ પ્રમાણે વૈમાનિક સુધી જાણવું. પણ મનુષ્યને જીવની માફક કહેવા.

જીવો જ્ઞાનાવરણીય કર્મ વેદે ? એ પ્રમાણે વેદે જ. એમ વૈમાનિક સુધી જાણવું. જ્ઞાનાવરણીય કર્મ કહ્યું તેમ દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય કર્મ કહેવું. વેદનીય, આયુ, નામ, ગોત્ર પણ એમ જ સમજવા, પણ મનુષ્ય પણ તેને અવશ્ય વેદે. એ રીતે એકવચન, બહુવચનના સોળ દંડકો જાણવા.

**સૂત્ર–૫૩૯**

ભગવન્ ! જીવે બાંધેલ, સ્પર્શેલ, ગાઢ સ્પર્શથી સ્પૃષ્ટ, સંચિત, ચિત, ઉપચિત આપાક પ્રાપ્ત, વિપાક પ્રાપ્ત, ફળ પ્રાપ્ત, ઉદય પ્રાપ્ત, જીવે કરેલ, જીવે નિર્વર્તિત, જીવે પરિણમાવેલ, સ્વયં ઉદય પ્રાપ્ત, પરનિમિત્તે ઉદય પ્રાપ્ત, તદુભય ઉદય પ્રાપ્ત, જ્ઞાનાવરણીય કર્મની ગતિને – સ્થિતિને – ભવને – પુદ્‌ગલના પરિણામને પામીને કેટલા પ્રકારનો વિપાક કહ્યો છે ? ગૌતમ ! જીવે બાંધેલ જ્ઞાનાવરણ કર્મનો યાવત્ પુદ્‌ગલ પરિણામને પામી દશ પ્રકારનો અનુભાવ કહ્યો છે. તે આ પ્રમાણે –

શ્રોત્રાવરણ, શ્રોત્રવિજ્ઞાનાવરણ, નેત્રાવરણ, નેત્રવિજ્ઞાનાવરણ, ઘ્રાણાવરણ, ઘ્રાણવિજ્ઞાનાવરણ, રસાવરણ,

રસ–વિજ્ઞાનાવરણ, સ્પર્શાવરણ, સ્પર્શવિજ્ઞાનાવરણ. જે પુદ્‌ગલને, પુદ્‌ગલોને, પુદ્‌ગલ પરિણામને અને વિસ્રસા વડે પુદ્‌ગલોના પરિણામને વેદે છે, તેઓના ઉદય વડે જાણવા યોગ્ય જાણતો નથી, જાણવાની ઇચ્છાવાળો છતાં જાણતો નથી. જાણીને પછી પણ જાણતો નથી. જ્ઞાનાવરણીય કર્મના ઉદયથી આચ્છાદિત જ્ઞાનવાળો પણ થાય છે. ગૌતમ! એ જ્ઞાનાવરણીય કર્મ છે. હે ગૌતમ! જીવે બાંધેલા જ્ઞાનાવરણ કર્મનો યાવત્ પુદ્‌ગલ પરિણામ પામી દશ પ્રકારનો અનુભાવ કહ્યો છે.

ભગવન્ ! જીવે બાંધેલ દર્શનાવરણ કર્મનો યાવત્ પુદ્‌ગલ પરિણામને પામી કેટલા પ્રકારનો વિપાક કહ્યો છે? જીવે બાંધેલા દર્શનાવરણ કર્મ યાવત્ પુદ્‌ગલ પરિણામને પામી નવ પ્રકારનો વિપાક કહ્યો છે – નિદ્રા, નિદ્રાનિદ્રા, પ્રચલા, પ્રચલાપ્રચલા, સ્ત્યાનર્દ્ધિ, ચક્ષુદર્શનાવરણ, અચક્ષુદર્શનાવરણ, અવધિદર્શનાવરણ, કેવળદર્શનાવરણ.

જે પુદ્‌ગલ પુદ્‌ગલો, પુદ્‌ગલ પરિણામ કે સ્વભાવ વડે થયેલા પુદ્‌ગલ પરિણામને વેદે છે, તેઓના ઉદય વડે જોવા યોગ્ય વસ્તુને જોતો નથી. જોવાની ઇચ્છા છતાં જોતો નથી, જોયા પછી જોતો નથી. દર્શનાવરણીય કર્મના ઉદયથી આચ્છાદિત દર્શનવાળો થાય છે. એ દર્શનાવરણીય કર્મ છે. એ જીવે બાંધેલ દર્શનાવરણ કર્મનો યાવત્ પુદ્‌ગલ પરિણામી વિપાક છે.

ભગવન્ ! જીવે બાંધેલા સાતા વેદનીય કર્મ યાવત્ પુદ્‌ગલ પરિણામને પામી કેટલા પ્રકારે વિપાક છે ? યાવત્ આઠ પ્રકારનો વિપાક કહ્યો છે. તે આ રીતે – મનોજ્ઞશબ્દ, મનોજ્ઞ રૂપ, મનોજ્ઞ ગંધ, મનોજ્ઞ રસ, મનોજ્ઞ સ્પર્શ, મન સુખતા, વચન સુખતા, કાય સુખતા. જે પુદ્‌ગલ, પુદ્‌ગલો, પુદ્‌ગલ પરિણામ, વિસ્રસા પુદ્‌ગલ પરિણામને વેદે છે, તેઓના ઉદય વડે શાતાકર્મનીય વેદે છે. ગૌતમ ! તે સાતાવેદનીય કર્મ છે. યાવત્ વિપાક છે.

ભગવન્ ! અસાતા વેદનીય કર્મનો પ્રશ્ન – ઉત્તર તેમ જ છે. પરંતુ અમનોજ્ઞ શબ્દો યાવત્ શરીર સંબંધી દુઃખ. એ અસાતા વેદનીય કર્મ છે. એ અસાતા વેદનીય કર્મનો વિપાક છે.

ભગવન્ ! જીવે બાંધેલ મોહનીય કર્મનો યાવત્ કેટલા પ્રકારે વિપાક છે ? ગૌતમ ! પાંચ પ્રકારે છે – સમ્યક્ત્વ વેદનીય, મિથ્યાત્વ વેદનીય, મિશ્ર વેદનીય, કષાય વેદનીય અને નોકષાય વેદનીય. જે પુદ્‌ગલ, પુદ્‌ગલો–પુદ્‌ગલ પરિણામ–વિસ્રસા પુદ્‌ગલને વેદે છે, તેઓના ઉદય વડે મોહનીય કર્મને વેદે છે. એ મોહનીય કર્મનો યાવત્ પાંચ પ્રકારનો વિપાક કહ્યો છે.

જીવે બાંધેલ આયુકર્મના વિપાકની પૃચ્છા – ગૌતમ ! યાવત્ ચાર પ્રકારે વિપાક છે – નૈરયિકાયુ, તિર્યંચાયુ, મનુષ્યાયુ, દેવાયુ. જે પુદ્‌ગલ, પુદ્‌ગલો, પુદ્‌ગલપરિણામ, વિસ્રસા પુદ્‌ગલ પરિણામોને વેદે છે, તેઓના ઉદય વડે આયુ કર્મને વેદે છે. એ આયુકર્મ છે. એ આયુષ કર્મનો ચાર ભેદે વિપાક છે.

જીવે બાંધેલ શુભનામકર્મની પૃચ્છા – શુભનામકર્મનો ચૌદ પ્રકારે વિપાક છે – ઇષ્ટ શબ્દ, ઇષ્ટ રૂપ, ઇષ્ટ ગંધ, ઇષ્ટ રસ, ઇષ્ટ સ્પર્શ, ઇષ્ટ ગતિ, ઇષ્ટ સ્થિતિ, ઇષ્ટ લાવણ્ય, ઇષ્ટ યશોકીર્તિ, ઇષ્ટ બળ–વીર્ય–પુરુષકાર પરાક્રમ, ઇષ્ટ સ્વર, કાંત સ્વર, પ્રિય સ્વર અને મનોજ્ઞ સ્વર. જે પુદ્‌ગલ, પુદ્‌ગલો, પુદ્‌ગલ પરિણામ, વિસ્રસા પુદ્‌ગલ પરિણામને વેદે છે, તેમા ઉદય વડે શુભનામકર્મ વેદે છે. એ શુભનામકર્મ, એ શુભનામકર્મનો ચૌદ પ્રકારે વિપાક છે.

દુઃખ નામકર્મની પૃચ્છા – એ પ્રમાણે છે. વિશેષ આ – અનિષ્ટ શબ્દ યાવત્ હીનસ્વર, દીનસ્વર, અકાંત સ્વર. જે વેદે છે ઇત્યાદિ બધું તેમજ છે. યાવત્ વિપાક છે.

ઉચ્ચ ગોત્રકર્મની પૃચ્છા – જીવે બાંધેલ ઉચ્ચગોત્ર કર્મનો આઠ પ્રકારે વિપાક છે – જાતિ, કુળ, બલ, રૂપ, તપ, શ્રુત, લાભ અને ઐશ્વર્ય વિશેષતા. જે પુદ્‌ગલ, પુદ્‌ગલો, પુદ્‌ગલ પરિણામ કે વિસ્રસા પુદ્‌ગલોના પરિણામને વેદે છે, તેના ઉદય વડે – યાવત્ – આઠ પ્રકારે ઉચ્ચ ગોત્રનો વિપાક કહ્યો.

નીચ ગોત્રકર્મની પૃચ્છા–એમ જ જાણવું. પણ જાતિ યાવત્ ઐશ્વર્યનું હીનપણું યાવત્ આઠ પ્રકારે

વિપાક કહ્યો.

અંતરાયકર્મની પૃચ્છા – જીવે બાંધેલ અંતરાયકર્મનો યાવત્ પાંચ પ્રકારે વિપાક કહ્યો – દાનાંતરાય, લાભાંતરાય, ભોગાંતરાય, ઉપભોગાંતરાય, વીર્યાંતરાય. જે પુદ્‌ગલને યાવત્ વિસ્રસા પુદ્‌ગલના પરિણામને વેદે છે, તેઓના ઉદય વડે અંતરાય કર્મને વેદે છે. એ અંતરાય કર્મ છે. એ અંતરાયકર્મનો પાંચ પ્રકારે વિપાક છે.

## પદ-૨૩, ઉદ્દેશો-૨

**સૂત્ર–૫૪૦**

ભગવન્ ! કેટલી કર્મ પ્રકૃતિઓ છે ? ગૌતમ ! આઠ છે – જ્ઞાનાવરણીય યાવત્ અંતરાય. જ્ઞાનાવરણીય કર્મ કેટલા ભેદે છે ? પાંચ – આભિનિબોધિક જ્ઞાનાવરણીય યાવત્ કેવળ જ્ઞાનાવરણીય.

ભગવન્ ! દર્શનાવરણીય કર્મ કેટલા ભેદે છે ? બે ભેદે – નિદ્રા પંચક, દર્શન ચતુષ્ક. નિદ્રાપંચક કેટલા ભેદે છે? પાંચ – નિદ્રા યાવત્ સ્ત્યાનર્દ્ધિ. દર્શન ચતુષ્ક કેટલા ભેદે છે? ચાર ભેદે – ચક્ષુદર્શનાવરણીય યાવત્ કેવળદર્શનાવરણીય.

ભગવન્ ! વેદનીય કર્મ કેટલા ભેદે છે ? બે ભેદે – સાતાવેદનીય, અસાતા વેદનીય. સાતા વેદનીય કેટલા ભેદે છે ? આઠ ભેદે – મનોજ્ઞ શબ્દો યાવત્ કાય સુખ. અસાતા વેદનીય કર્મ કેટલા ભેદે છે? આઠ ભેદે – અમનોજ્ઞ શબ્દો યાવત્ કાય દુઃખ.

મોહનીયકર્મ કેટલા ભેદે છે ? બે ભેદે – દર્શનમોહનીય, ચારિત્ર મોહનીય. દર્શન મોહનીય કેટલા ભેદે છે? ત્રણ ભેદે – સમ્યક્ત્વ વેદનીય, મિથ્યાત્વ વેદનીય, મિશ્ર વેદનીય. ચારિત્ર મોહનીય કર્મ કેટલા ભેદે છે ? બે ભેદે – કષાય વેદનીય, નોકષાયવેદનીય. કષાય વેદનીય કર્મ કેટલા ભેદે છે ? સોળ ભેદે – અનંતાનુબંધી એવા ક્રોધ, માન, માયા, લોભ. અપ્રત્યાખ્યાન ક્રોધાદિ, પ્રત્યાખ્યાનાવરણીય ક્રોધાદિ સંજ્વલન ક્રોધ, માન, માયા, લોભ. નોકષાયવેદનીય કર્મ કેટલા ભેદે છે ? નવ ભેદે – સ્ત્રીવેદ, પુરુષ વેદ, નપુંસક વેદ, હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સા.

ભગવન્ ! આયુષ્યકર્મ કેટલા ભેદે છે ? ચાર. નૈરયિકાયુ યાવત્ દેવાયુ.

નામકર્મ કેટલા ભેદે છે ? ૪૨–ભેદે છે. ગતિ, જાતિ, શરીર, શરીરંગોપાંગ, શરીર બંધન, શરીરસંઘયણ, સંઘાતન, સંસ્થાન, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, અગુરુલઘુ, ઉપઘાત, પરાઘાત, આનુપૂર્વી, ઉચ્છ્વાસ, આતપ, ઉદ્યોત, વિહાયોગતિ, ત્રસ, સ્થાવર, બાદર, સૂક્ષ્મ, પર્યાપ્ત, અપર્યાપ્ત, સાધારણ, પ્રત્યેક શરીર, સ્થિર, અસ્થિર, શુભ, અશુભ, સુભગ, દુર્ભગ, સુસ્વર, દુઃસ્વર, આદેય, અનાદેય, યશોકીર્તિ, અયશોકીર્તિ, નિર્માણ, તીર્થંકર નામકર્મ.

ગતિનામકર્મ કેટલા ભેદે છે ? ચાર – નૈરયિકગતિ, તિર્યંચગતિ, મનુષ્યગતિ, દેવગતિ.

જાતિનામકર્મ કેટલા ભેદે છે? એકેન્દ્રિય જાતિનામ યાવત્ પંચેન્દ્રિય જાતિનામ.

શરીર નામકર્મ કેટલા ભેદે છે? પાંચ ભેદે – ઔદારિક શરીર યાવત્ કાર્મણશરીર નામ.

શરીરંગોપાંગ નામકર્મ કેટલા ભેદે છે ? ત્રણ ભેદે – ઔદારિક શરીર અંગોપાંગ, વૈક્રિય શરીરંગોપાંગ, આહારક શરીરંગોપાંગ. શરીરબંધ નામકર્મ કેટલા ભેદે છે ? પાંચ ભેદે – ઔદારિક શરીર બંધન નામ યાવત્ કાર્મણ શરીર બંધન નામ. શરીર સંઘાત નામકર્મ કેટલા ભેદે છે ? પાંચ ભેદે – ઔદારિક૦ યાવત્ કાર્મણશરીર સંઘાત નામ.

સંઘયણ નામકર્મ કેટલા ભેદે છે ? છ ભેદે – વજ્રઋષભનારાચ૦, ઋષભનારાચ૦, નારાચ૦, અર્ધનારાચ૦, કીલિકા૦ અને સેવાર્ત્ત સંઘયણ નામ. સંસ્થાન નામકર્મ કેટલા ભેદે છે? છ ભેદે – સમચતુરસ્ર૦, ન્યગ્રોધ પરિમંડલ૦, સાદિ, વામન, કુબ્જ અને હુંડક સંસ્થાન નામ.

વર્ણનામ કર્મ કેટલા ભેદે છે? પાંચ ભેદે – કૃષ્ણ વર્ણનામ યાવત્ શુક્લ વર્ણનામ. ગંધ નામકર્મ કેટલા ભેદે છે? બે ભેદે – સુરભિગંધ નામ, દુરભિગંધ નામ. રસનામ કર્મ? પાંચ ભેદે – સુરભિગંધનામ યાવત્ મધુરરસનામ

સ્પર્શનામ કર્મ? આઠ ભેદે – કર્કશ સ્પર્શ નામ યાવત્ લઘુ સ્પર્શનામ.

અગુરુલઘુનામ એક પ્રકારે છે. ઉપઘાતનામ એક પ્રકારે છે, પરાઘાતનામ એક પ્રકારે છે, આનુપૂર્વી નામ ચાર ભેદે છે – નૈરયિકાનુપૂર્વી યાવત્ દેવાનુપૂર્વીનામ. ઉચ્છ્વાસનામ એક પ્રકારે છે, બાકીના સર્વ પ્રકૃતિ તીર્થંકરનામ પર્યન્ત એક પ્રકારે છે. પણ વિહાયોગતિ બે ભેદે છે – પ્રશસ્ત વિહાયોગતિ નામ અને અપ્રશસ્ત વિહાયગતિ નામ.

ભગવન્ ! ગોત્રકર્મ કેટલા ભેદે છે ? બે ભેદે – ઉચ્ચ ગોત્ર, નીચ ગોત્ર.

ઉચ્ચ ગોત્ર કેટલા ભેદે છે ? આઠ ભેદે – જાતિવિશિષ્ટતા યાવત્ ઐશ્વર્યવિશિષ્ટતા. એ પ્રમાણે નીચ ગોત્ર પણ જાણવું. પરંતુ જાતિવિહિનતા યાવત્ ઐશ્વર્યવિહિનતા.

ભગવન્ ! અંતરાય કર્મ કેટલા ભેદે છે ? પાંચ ભેદે – દાનાંતરાય યાવત્ વીર્યાંતરાય.

સૂત્ર–૫૪૧

જ્ઞાનાવરણીય કર્મની કેટલા કાળની સ્થિતિ છે ? ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ૩૦ કોડાકોડી સાગરોપમ, અબાધા કાળ ૩૦૦ વર્ષ, અબાધાકાળ હીન કર્મની સ્થિતિ તે કર્મનિષેક છે.

નિદ્રા પંચક કર્મની કેટલા કાળની સ્થિતિ છે ? જઘન્ય પલ્યોપમનો અસંખ્યાત ભાગ ન્યૂન ૩/૭ સાગરોપમ અને ઉત્કૃષ્ટ ૩૦ કોડાકોડી સાગરોપમ છે. ૩૦૦૦ વર્ષ અબાધાકાળ, અબાધાકાળ હીન કર્મસ્થિતિ કર્મનો નિષેક છે.

દર્શનચતુષ્ક કર્મની કેટલો કાળ સ્થિતિ છે ? જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ૩૦–કોડાકોડી સાગરોપમ, અબાધા–કાળાદિ પૂર્વવત્.

સાતા વેદનીયની ઈર્યાપથિક બંધને આશ્રીને જઘન્ય અને ઉત્કૃષ્ટ સિવાય બે સમયની સ્થિતિ છે. સાંપરાયિક બંધને આશ્રીને જઘન્ય ૧૨–મુહૂર્ત, ઉત્કૃષ્ટ ૧૫–કોડાકોડી સાગરોપમ છે. ૧૫૦૦ વર્ષ અબાધાકાળ છે. અસાતાવેદનીયની જઘન્યથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગ ન્યૂન ૩/૭ સાગરોપમ સ્થિતિ છે અને ઉત્કૃષ્ટ ૩૦ કોડાકોડી સાગરોપમ સ્થિતિ. ૩૦૦૦ વર્ષ અબાધાકાળ અને અબાધાકાળથી ન્યૂન સ્થિતિ કર્મનિષેક કાળ સમજવો.

સમ્યક્ત્વ વેદનીયની પૃચ્છા – જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ સાધિક ૬૬ સાગરોપમ સ્થિતિ. મિથ્યાત્વ વેદનીયની જઘન્ય પલ્યોપમનો અસંખ્યાતભાગ ન્યૂન એક સાગરોપમ, ઉત્કૃષ્ટ ૭૦ કોડાકોડી સાગરોપમ, ૭૦૦૦ વર્ષ અબાધા. સમ્યગ્મિથ્યાત્વ વેદનીયની જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત. બાર કષાયોની જઘન્ય સ્થિતિ પલ્યોપમનો અસંખ્યાતભાગ ન્યૂન ૪/૭ સાગરોપમ, ઉત્કૃષ્ટ સ્થિતિ ૪૦ કોડાકોડી સાગરોપમ, ૪૦૦૦ વર્ષ અબાધાકાળ યાવત્ નિષેક૦

સંજ્વલન ક્રોધ – જઘન્ય બે માસ, ઉત્કૃષ્ટ ૪૦ કોડાકોડી સાગરોપમ, ૪૦૦ વર્ષ અબાધાવાળા. સંજ્વલન માન – જઘન્ય એક માસ, ઉત્કૃષ્ટ ક્રોધની જેમ. સંજ્વલન માયા – જઘન્ય અર્ધમાસ, ઉત્કૃષ્ટ ક્રોધની જેમ. સંજ્વલન લોભ – જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ક્રોધની જેમ.

સ્ત્રીવેદની પૃચ્છા – પલ્યોપમનો અસંખ્યાત ભાગ ન્યૂન સાગરોપમના અઢી સપ્તમાંશ, ઉત્કૃષ્ટ–૧૫ કોડાકોડી સાગરોપમ, ૧૫૦૦ વર્ષ અબાધાકાળ. પુરુષવેદ – જઘન્ય આઠ વર્ષ, ઉત્કૃષ્ટ દશ કોડાકોડી સાગરોપમ, ૧૦૦૦ વર્ષ અબાધાકાળ. નપુંસક વેદ – જઘન્ય પલ્યોપમનો અસંખ્યાતભાગ ન્યૂન–૨/૭ સાગરોપમ, ઉત્કૃષ્ટ ૨૦ કોડાકોડી સાગરોપમ સ્થિતિ, ૨૦૦૦ વર્ષ અબાધાકાળ.

હાસ્ય અને રતિ – જઘન્ય પલ્યોપમનો અસંખ્યાત ભાગ ન્યૂન–૧/૭ સાગરોપમ. ઉત્કૃષ્ટ ૧૦–કોડાકોડી સાગરોપમ. ૧૦૦૦ વર્ષ અબાધાકાળ૦ અરતિ, ભય, શોક, જુગુપ્સા – જઘન્ય પલ્યોપમનો અસંખ્યાત ભાગ ન્યૂન–૨/૭ સાગરોપમ, ઉત્કૃષ્ટ ૨૦–કોડાકોડી સાગરોપમ સ્થિતિ, ૨૦૦૦ વર્ષનો અબાધાકાળ.

નૈરયિકાયુષ્ની પૃચ્છા – જઘન્ય અંતર્મુહૂર્ત અધિક ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટ પૂર્વકોટીનો ત્રીજો ભાગ અધિક

૩૩–સાગરોપમ. તિર્યંચાયુષ્ – જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ પૂર્વકોટીનો ત્રીજો ભાગ અધિક ત્રણ પલ્યોપમ. એક મનુષ્યાયુ, દેવાયુષ્ નૈરયિકવત્ છે.

નરકગતિનામની પૃચ્છા – જઘન્ય પલ્યોપમનો અસંખ્યાતભાગ ન્યૂન ૧૦૦૦ સાગરોપમના બે સપ્તમાંશ, ઉત્કૃષ્ટ ૨૦ કોડાકોડી સાગરોપમ સ્થિતિ, અબાધાકાળ ૨૦૦૦ વર્ષ. તિર્યંચ ગતિનામ – નપુંસકવેદ માફક સ્થિતિ છે. મનુષ્યગતિ નામ – જઘન્ય પલ્યોપમનો અસંખ્યાતભાગ ન્યૂન દોઢ સપ્તમાંશ સાગરોપમ, ઉત્કૃષ્ટ ૧૫–કોડાકોડી સાગરોપમ સ્થિતિ. અબાધાકાળ ૧૫૦૦ વર્ષ. દેવગતિનામ – જઘન્ય પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન ૧૦૦૦ સાગરોપમનો સાતમો ભાગ, ઉત્કૃષ્ટ સ્થિતિ પુરુષવેદ સમાન.

એકેન્દ્રિય જાતિ નામ – જઘન્ય પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન ૨/૭ સાગરોપમ, ઉત્કૃષ્ટ ૨૦–કોડાકોડી સાગરોપમ સ્થિતિ, ૨૦૦૦ વર્ષ અબાધાકાળ. બેઈન્દ્રિયજાતિનામ – જઘન્ય પલ્યોપમનો અસંખ્યાતભાગ ન્યૂન ૯/૩૫ સાગરોપમ. ઉત્કૃષ્ટ ૧૮-કોડાકોડી સાગરોપમ, ૧૮૦૦ વર્ષ અબાધાકાળ. તેઈન્દ્રિય જાતિનામ-જઘન્ય સ્થિતિ બેઈન્દ્રિયવત્ ઉત્કૃષ્ટ ૧૮-કોડાકોડી સાગરોપમ, ૧૮૦૦ વર્ષ અબાધાકાળ. ચઉરિન્દ્રિયજાતિનામ - જઘન્ય સ્થિતિ પલ્યોપમનો અસંખ્યાત ભાગ ન્યૂન-૯/૩૫ સાગરોપમ, ઉત્કૃષ્ટ સ્થિતિ ૧૮-કોડાકોડી સાગરોપમ, અબાધાકાળ-૧૮૦૦ વર્ષ. પંચેન્દ્રિય જાતિ નામ - જઘન્ય પલ્યોપમનો અસંખ્યાત ભાગ ન્યૂન-૨/૭ સાગરોપમ, ઉત્કૃષ્ટ ૨૦-કોડાકોડી સાગરોપમ, ૨૦૦૦ વર્ષ અબાધાકાળ.

ઔદારિક શરીર નામમાં તેમજ જાણવું. વૈક્રિય શરીર નામ – જઘન્ય પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન–૨/૭ સાગરોપમ સહસ્ર, ઉત્કૃષ્ટ ૨૦ કોડાકોડી સાગરોપમ, ૨૦૦૦ વર્ષ અબાધાકાળ. આહારક શરીર નામ – જઘન્ય અંતઃ કોડાકોડી સાગરોપમ, ઉત્કૃષ્ટ પણ તેમજ. તૈજસ અને કાર્મણની પલ્યોપમનો અસંખ્યાત ભાગ ન્યૂન–૨/૭ અને ઉત્કૃષ્ટ ૨૦–કોડાકોડી સાગરોપમ સ્થિતિ, ૨૦૦ વર્ષ અબાધાકાળ. ઔદારિક–વૈક્રિય–આહારક શરીરંગોપાંગ. એ ત્રણેની સ્થિતિ ઉપરોક્ત જ જાણવી. પાંચ શરીરબંધન નામની સ્થિતિ પણ એમ જ છે. પાંચે શરીરસંઘાતની સ્થિતિ શરીરનામકર્મની સ્થિતિ પ્રમાણે જાણવી.

વજ્રઋષભનારાચ સંઘયણની સ્થિતિ રતિમોહનીય માફક છે. ઋષભનારાચ સંઘયણ – જઘન્ય પલ્યોપમનો અસંખ્યાત ભાગ ન્યૂન–૬/૩૫ સાગરોપમ, ઉત્કૃષ્ટ ૧૨–કોડાકોડી સાગરોપમ સ્થિતિ, ૧૨૦ વર્ષ અબાધાકાળ. નારાચ સંઘયણ – જઘન્ય સ્થિતિ પલ્યોપમનો અસંખ્યાત ભાગ ન્યૂન–૭/૩૫ સાગરોપમ, ઉત્કૃષ્ટ ૧૪–કોડાકોડી સાગરોપમ, ૧૪૦૦ વર્ષ અબાધાકાળ.. અર્ધનારાચ સંઘયણ – જઘન્ય પલ્યોપમનો અસંખ્યાતભાગ ન્યૂન–૮/૩૫ સાગરોપમ, ઉત્કૃષ્ટ ૧૬ કોડાકોડી સાગરોપમ, ૧૬૦૦ વર્ષ અબાધાકાળ. કીલિકા સંઘયણ – જઘન્ય પલ્યોપમનો અસં૦ ન્યૂન–૯/૩૫ સાગરોપમ, ઉત્કૃષ્ટ ૧૮ કોડાકોડી સાગરોપમ, ૧૮૦૦ વર્ષ અબાધાકાળ. સેવાર્ત સંઘયણ – પલ્યો૦ અસં૦ ન્યૂન–૨/૭ સાગરોપમ, ઉત્કૃષ્ટ ૨૦ કોડાકોડી સાગરોપમ, ૨૦૦૦ વર્ષ અબાધાકાળ. સંઘયણની જેમ સંસ્થાન કર્મની પ્રકૃતિ કહેવી.

શુક્લવર્ણનામની પૃચ્છા – જઘન્ય પલ્યો૦નો અસં૦ ન્યૂન–૧/૭ સાગરોપમ, ઉત્કૃષ્ટ ૧૦ કોડાકોડી સાગરોપમ, ૧૦૦૦ વર્ષ અબાધાકાળ. હારિદ્રવર્ણનામ – જઘન્ય પલ્યો૦ અસં૦ ભાગ ન્યૂન–૫/૨૮ સાગરોપમ, ઉત્કૃષ્ટ સાડાબાર કોડાકોડી સાગરોપમ. ૧૨૫૦ વર્ષ અબાધાકાળ. લોહિતવર્ણ નામ – જઘન્ય સ્થિતિ પલ્યો૦નો અસં૦ ભાગ ન્યૂન–૬/૨૮ સાગરોપમ, ઉત્કૃષ્ટ ૧૫–કોડાકોડી સાગરોપમ, ૧૫૦૦ વર્ષ અબાધાકાળ. નીલવર્ણ નામ – જઘન્ય સ્થિતિ પલ્યો૦નો અસં૦ ભાગ ન્યૂન–૭/૨૮ સાગરોપમ, ઉત્કૃષ્ટ સાડા સત્તર કોડાકોડી સાગરોપમ, ૧૭૫૦ વર્ષ અબાધાકાળ. કાળા વર્ણ નામકર્મની સ્થિતિ સેવાર્ત્ત સંઘયણનામ માફક જાણવી.

સુરભિગંધ નામ – શુક્લવર્ણનામની સ્થિતિવત્. દુરભિગંધ નામની સ્થિતિ, સેવાર્ત્ત સંઘયણ માફક જાણવી. મધુરાદિ રસની સ્થિતિ, વર્ણની સ્થિતિવત્ અનુક્રમે કહેવી. અપ્રશસ્ત સ્પર્શોની સ્થિતિ સેવાર્ત્ત સંઘયણ નામની જેમ અને પ્રશસ્ત સ્પર્શોની સ્થિતિ શુક્લવર્ણ નામવત્ કહેવી. અગુરુલઘુ નામકર્મની સ્થિતિ સેવાર્ત્ત સંઘયણ નામવત્ જાણવી. એ પ્રમાણે ઉપઘાતનામ અને પરાઘાત નામકર્મની સ્થિતિ પણ સમજવી.

નરકાનુપૂર્વી નામની પૃચ્છા – જઘન્ય સ્થિતિ પલ્યો૦નો અસં૦ ભાગ ન્યૂન–૨/૭ સાગરોપમ સહસ્ર, ઉત્કૃષ્ટ ૨૦ કોડાકોડી સાગરોપમ, ૨૦૦૦ વર્ષ અબાધાકાળ. તિર્યંચાનુપૂર્વીની જઘન્ય સ્થિતિ પલ્યો૦નો અસં૦ ન્યૂન–૨/૭ સાગરોપમ, ઉત્કૃષ્ટ નરકાનુપૂર્વીવત્. મનુષ્યાનુપૂર્વી – જઘન્ય સ્થિતિ પલ્યો૦નો અસં૦ ન્યૂન દોઢ સપ્તમાંશ સાગરોપમ, ઉત્કૃષ્ટ ૧૫–કોડાકોડી સાગરોપમ, ૧૫૦૦ વર્ષ અબાધા૦ દેવાનુપૂર્વી – જઘન્ય સ્થિતિ પલ્યો૦નો અસં૦ ભાગ ન્યૂન–૧/૭ સાગરોપમ સહસ્ર, ઉત્કૃષ્ટ ૧૦ કોડાકોડી સાગરોપમ, ૧૦૦૦ વર્ષ અબાધા.

ઉચ્છ્વાસનામ – તિર્યંચાનુપૂર્વીવત્. આતપનામ – પણ તેમ જ છે. ઉદ્યોત અને પ્રશસ્ત વિહાયોગતિ – જઘન્ય ૧/૭ સાગરોપમ, ઉત્કૃષ્ટ દશ કોડાકોડી સાગરોપમ, ૧૦૦૦ વર્ષ અબાધાકાળ. અપ્રશસ્ત વિહાયોગતિનામ – જઘન્ય સ્થિતિ પલ્યો૦નો અસં૦ ભાગ ન્યૂન–૨/૭ સાગરોપમ, ઉત્કૃષ્ટ ૨૦ કોડાકોડી સાગરોપમ, ૨૦૦૦ વર્ષ અબાધાકાળ. ત્રસ અને સ્થાવર નામકર્મ તેમજ જાણવું. સૂક્ષ્મનામ – જઘન્ય સ્થિતિ પલ્યો૦ અસં૦ ન્યૂન–૯/૩૫ સાગરોપમ, ઉત્કૃષ્ટ ૧૮ કોડાકોડી સાગરોપમ, ૧૮૦૦ વર્ષનો અબાધાકાળ. બાદર નામકર્મની સ્થિતિ અપ્રશસ્ત વિહાયોગતિવત્ કહેવી. એમ પર્યાપ્ત નામની કહેવી, અપર્યાપ્ત નામની સૂક્ષ્મ નામની માફક જાણવી. પ્રત્યેક શરીરનામની પણ ૨/૭, સાધારણ શરીર નામની સૂક્ષ્મવત્, સ્થિર નામની ૧/૭, અસ્થિર નામની ૨/૭, શુભનામની ૧/૭, અશુભ નામની ૨/૭, સુભગ નામી ૧/૭, દુર્ભગ નામની ૨/૭, સુસ્વર નામની ૧/૭, દુઃસ્વર નામની ૧/૭, આદેય નામની ૧/૭, અનાદેય નામની ૨/૭, યશોકીર્તિ નામની જઘન્ય સ્થિતિ આઠ મુહૂર્ત, ઉત્કૃષ્ટ ૧૦ કોડાકોડી સાગરોપમ, ૧૦૦૦ વર્ષ અબાધાકાળ જાણવો.

અયશોકીર્તિનામની પૃચ્છા – અપ્રશસ્ત વિહાયોગતિ નામની સ્થિતિવત્, એ પ્રમાણે નિર્માણ નામની સ્થિતિ કહેવી. તીર્થંકર નામની સ્થિતિ – જઘન્ય અંતઃ કોડાકોડી સાગરોપમ, ઉત્કૃષ્ટ પણ તેમજ. એ પ્રમાણે જ્યાં ૧/૭ ભાગ હોય ત્યાં ઉત્કૃષ્ટ દશ કોડાકોડી સાગરોપમ સ્થિતિ, ૧૦૦૦ વર્ષ અબાધાકાળ, જ્યાં ૨/૭ ભાગ હોય ત્યાં ઉત્કૃષ્ટ ૨૦–કોડાકોડી સાગરોપમ, ૨૦૦૦ વર્ષ અબાધાકાળ છે.

ઉચ્ચગોત્ર સંબંધી પૃચ્છા – જઘન્ય આઠ મુહૂર્ત, ઉત્કૃષ્ટ દશ કોડાકોડી સાગરોપમ સ્થિતિ, ૧૦૦૦ વર્ષ અબાધા કાળ, નીચગોત્ર સ્થિતિની પૃચ્છા – અપ્રશસ્તવિહાયોગતિવત્ સ્થિતિ જાણવી.

અંતરાયની સ્થિતિ – જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ૩૦ કોડાકોડી સાગરોપમ સ્થિતિ, ૩૦૦૦ વર્ષ અબાધાકાળ, અબાધાકાળ ન્યૂન કર્મસ્થિતિ, તે કર્મ નિષેક જાણવો.

**સૂત્ર–૫૪૨**

ભગવન્ ! એકેન્દ્રિય જીવો જ્ઞાનાવરણીય કર્મની કેટલી સ્થિતિ બાંધે ? ગૌતમ ! જઘન્ય પલ્યોપમના અસંખ્યાત ભાગ ન્યૂન–૩/૭ સાગરોપમ અને ઉત્કૃષ્ટ પરિપૂર્ણ ૩/૭ સાગરોપમ બાંધે. એ પ્રમાણે નિદ્રા પંચક અને દર્શન ચતુષ્કની પણ સ્થિતિ જાણવી.

ભગવન્ ! એકેન્દ્રિયો સાતા વેદનીયની કેટલી સ્થિતિ બાંધે? જઘન્ય પલ્યો૦નો અસં૦ ન્યૂન દોઢ સપ્તમાંશ સાગરોપમ, ઉત્કૃષ્ટ પરિપૂર્ણ દોઢ સપ્તમાંશ સાગરોપમ બાંધે. અસાતા વેદનીયની જ્ઞાનાવરણીય માફક જાણવી. એકેન્દ્રિયો સમ્યક્ત્વ વેદનીય કર્મની કેટલી સ્થિતિ બાંધે? કંઈપણ ન બાંધે. એકેન્દ્રિયો મિથ્યાત્વ વેદનીય કર્મની કેટલી સ્થિતિ બાંધે? જઘન્ય પલ્યોપમનો અસંખ્યાત ભાગ ન્યૂન એક સાગરોપમ, ઉત્કૃષ્ટ પરિપૂર્ણ એક સાગરોપમ

બાંધે. એકે૦ મિશ્ર વેદનીય ની કેટલી સ્થિતિ બાંધે? કંઈપણ ન બાંધે.

એકે૦ બાર કષાયની કેટલી સ્થિતિ બાંધે? જઘન્ય પલ્યો૦નો અસં૦ ન્યૂન–૪/૭ સાગરોપમ, ઉત્કૃષ્ટ–૪/૭ સાગરોપમ બાંધે. એ પ્રમાણે સંજ્વલન ક્રોધ યાવત્ લોભની જાણવી. સ્ત્રીવેદની સાતા વેદનીયવત્ જાણવી. એકેન્દ્રિયો પુરુષવેદ કર્મની સ્થિતિ પલ્યો૦નો અસં૦ ન્યૂન–૧/૭ સાગરોપમ, ઉત્કૃષ્ટ પરિપૂર્ણ તે જ સ્થિતિ બાંધે. નપુંસકવેદની જઘન્ય પલ્યો૦નો અસં૦ ભાગ ન્યૂન–૨/૭ સાગરોપમ અને ઉત્કૃષ્ટ તેટલી જ પૂર્ણ બાંધે. હાસ્ય અને રતિની પુરુષવેદ જેટલી બાંધે. અરતિ, ભય, શોક, જુગુપ્સાની સ્થિતિ નપુંસક વેદ જેટલી બાંધે. નૈરયિકાયુ, દેવાયુ, નરક–દેવગતિનામ, વૈક્રિય – આહારક શરીરનામ, નરક–દેવાનુપૂર્વી, તીર્થંકર નામ એ નવ પ્રકૃતિ ન બાંધે.

તિર્યંચાયુની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ ૭૦૦૦ અને ૧૦૦૦ના ત્રીજા ભાગ વડે અધિક પૂર્વકોટી વર્ષની બાંધે. એમ મનુષ્યાયુની સ્થિતિ જાણવી. તિર્યંચગતિ નામની સ્થિતિ નપુંસકવેદ જેટલી, મનુષ્યગતિ નામની સ્થિતિ સાતા વેદનીય જેટલી સમજવી. એકે૦ અને પંચે૦ નામની નપુંસક વેદની સ્થિતિ પ્રમાણે જાણવી. બેઇન્દ્રિય, તેઇન્દ્રિય નામની જઘન્ય સ્થિતિ પલ્યો૦નો અસં૦ ભાગ ન્યૂન–૯/૩૫ સાગરોપમ, ઉત્કૃષ્ટ સંપૂર્ણ તેટલી જ સ્થિતિ બાંધે. ચઉરિન્દ્રિય નામની પણ જઘન્ય પલ્યો૦નો અસં૦ ભાગ ન્યૂન–૯/૩૫ સાગરોપમ, ઉત્કૃષ્ટ તેટલી જ બાંધે.

એ પ્રમાણે જ્યાં સાગરોપમના ૨/૭ કે ૩/૭ કે ૪/૭ કે ૨૮ ભાગની સ્થિતિ હોય ત્યાં તેટલા ભાગ જઘન્યથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ન્યૂન કહેવી. જ્યાં જઘન્ય એક કે દોઢ સપ્તમાંશ સ્થિતિ હોય ત્યાં તે જ ભાગ પલ્યોપમના અસંખ્યાતમો ભાગ ન્યૂન કહેવો. ઉત્કૃષ્ટ તે જ ભાગ પરિપૂર્ણ બાંધે એમ જાણવું. અંતરાયની સ્થિતિ જ્ઞાના–વરણીયની સ્થિતિવત્ કહેવી. ઉત્કૃષ્ટ તે જ પૂર્ણ કહેવી.

સૂત્ર–૫૪૩

ભગવન્! બેઇન્દ્રિય જીવો જ્ઞાનાવરણીય કર્મનો કેટલો બંધ કરે છે ? ગૌતમ ! જઘન્યથી પલ્યોપમનો અસંખ્યાત ભાગ ન્યૂન સાગરોપમના પચ્ચીશ ૩/૭ ભાગ અને ઉત્કૃષ્ટથી તેટલો જ પૂર્ણ બંધ કરે. એમ નિદ્રાપંચકનો બંધ પણ જાણવો. એમ એકેન્દ્રિયોવત્ બેઇન્દ્રિયો પણ કહેવા. પરંતુ પલ્યોપમના અસં૦ ન્યૂન પચ્ચીશ ગણા સાગરોપમનો બંધ કહેવો. બાકી બધું તેમજ પૂર્ણ બંધ કરે છે. જેને એકેન્દ્રિય નથી બાંધતા તેને બેઇન્દ્રિયો પણ નથી બાંધતા.

બેઇન્દ્રિયો મિથ્યાત્વ વેદનીયની કેટલી સ્થિતિ બાંધે ? જઘન્ય પલ્યો૦નો અસં૦ ન્યૂન પચ્ચીશ સાગરોપમ, ઉત્કૃષ્ટ પરિપૂર્ણ તેટલો જ બંધ કરે. તિર્યંચાયુને જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ ચાર વર્ષ અધિક પૂર્વકોટી વર્ષનો બંધ કરે, એમ મનુષ્યાયુનો પણ બંધ જાણવો. બાકી બધું એકેન્દ્રિયો માફક યાવત્ અંતરાય કહેવું.

તેઇન્દ્રિય જીવો જ્ઞાનાવરણ કર્મની કેટલી સ્થિતિ બાંધે ? જઘન્ય પલ્યો૦નો અસં૦ ભાગ ન્યૂન પચાસગણા ૩/૭ સાગરોપમ અને ઉત્કૃષ્ટથી પરિપૂર્ણ તેટલી જ બાંધે. એકેન્દ્રિયોને સાગરોપમના જેટલા ભાગની સ્થિતિ કહી તેથી તેઇન્દ્રિયોને ૫૦ ગણા સાગરોપમ સહિત કહેવી. તેઇન્દ્રિય જીવો મિથ્યાત્વ વેદનીયની કેટલી સ્થિતિ બાંધે ? જઘન્ય પલ્યો૦ અસં૦ ન્યૂન ૫૦ સાગરોપમ, ઉત્કૃષ્ટ પૂર્ણ ૫૦–સાગરોપમ. તિર્યંચાયુની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ દિવસના ત્રીજા ભાગ સહિત ૧૬ દિન અધિક પૂર્વકોટી વર્ષ બાંધે. એ પ્રમાણે મનુષ્યાયુની પણ જાણવી. બાકી બધું બેઇન્દ્રિયોવત્ અંતરાયકર્મ સુધી કહેવું.

ભગવન્ ! ચઉરિન્દ્રિયો જ્ઞાનાવરણની કેટલી સ્થિતિ બાંધે ? ગૌતમ ! જઘન્યથી પલ્યો૦ અસં૦ ભાગ ન્યૂન સો સાગરોપમના ૩/૭ અને ઉત્કૃષ્ટ તેટલી જ પરિપૂર્ણ સ્થિતિ બાંધે. એ પ્રમાણે જે પ્રકૃતિની એકે૦ને સાગરોપમના જેટલા ભાગની સ્થિતિ કહી છે, તે પ્રકૃતિના ૧૦૦ ગણા સાગરોપમ સહિત સ્થિતિ કહેવી. તિર્યંચાયુની જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ બે માસ અધિક પૂર્વકોટી વર્ષની બાંધે. એમ મનુષ્યાયુ સ્થિતિ જાણવી. બાકી બધું બેઇન્દ્રિયવત્

કહેવું. પરંતુ મિથ્યાત્વ વેદનીયની જઘન્ય પલ્યો૦નો અસં૦ ભાગ ન્યૂન ૧૦૦ સાગરોપમ, ઉત્કૃષ્ટ તેટલી જ પરિપૂર્ણ બાંધે. બાકી બધું બેઇન્દ્રિયવત્ અંતરાય કર્મ સુધી કહેવું.

ભગવન્! અસંજ્ઞી પંચેન્દ્રિય જીવો જ્ઞાનાવરણીયની કેટલી સ્થિતિ બાંધે? ગૌતમ! જઘન્ય પલ્યો૦નો અસં૦ ભાગ ન્યૂન હજાર સાગરોપમના ૩/૭ અને ઉત્કૃષ્ટ પરિપૂર્ણ તેટલી જ સ્થિતિ બાંધે. એમ બેઇન્દ્રિયના પાઠ મુજબ અસંજ્ઞી પંચે૦ કહેવા. પરંતુ જે પ્રકૃતિની સાગરોપમના જેટલા ભાગની સ્થિતિ કહી, તેને હજારગણા સાગરોપમ સહિત કહેવી. મિથ્યાત્વ વેદનીય કર્મની સ્થિતિ જઘન્ય પલ્યો૦નો અસં૦ ન્યૂન હજાર સાગરોપમ, ઉત્કૃષ્ટ તેટલાં જ પૂર્ણ સાગરોપમ.

નૈરયિકાયુની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્તાધિક ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટ પૂર્વકોટીનો ત્રીજો ભાગ અધિક પલ્યો૦ અસં૦ ભાગ બાંધે. એમ જ તિર્યંચાયુની સ્થિતિ જાણવી. પણ તેની જઘન્યથી અંતર્મુહૂર્ત બાંધે. એમ જ મનુષ્યાયુની સ્થિતિ પણ જાણવી. દેવાયુની સ્થિતિ નારકાયુષ માફક જાણવી. અસંજ્ઞી પંચે૦ જીવો નરકગતિ નામકર્મની કેટલી સ્થિતિ બાંધે? જઘન્ય પલ્યો૦ અસં૦ ન્યૂન હજાર સાગરોપમના ૨/૭ અને ઉત્કૃષ્ટ પરિપૂર્ણ તે જ સ્થિતિ બાંધે. એમ તિર્યંચગતિ નામની જાણવી. મનુષ્યગતિનામમાં એમ જ સમજવું. પણ જઘન્ય પલ્યો૦નો અસં૦ ભાગ ન્યૂન હજાર સાગરોપમના દોઢ સપ્તમાંશ અને ઉત્કૃષ્ટ પૂરી સ્થિતિ બાંધે. એમ દેવગતિમાં જાણવું. પરંતુ પલ્યો૦નો અસં૦ ન્યૂન હજાર સાગરોપમના ૧/૭ અને ઉત્કૃષ્ટ પૂરી તે જ સ્થિતિ બાંધે. વૈક્રિય શરીર નામકર્મ, જઘન્ય પલ્યો૦નો અસં૦ ન્યૂન હજાર સાગરોપમના ૨/૭ અને ઉત્કૃષ્ટ તે જ પરિપૂર્ણ બાંધે. સમ્યક્ત્વ મોહનીય, મિશ્રમોહનીય, આહારક શરીર નામ અને તીર્થંકર નામકર્મનો કોઈપણ બંધ કરતા નથી. બાકી બધું બેઇન્દ્રિયોવત્ જાણવું. પરંતુ જે પ્રકૃતિની સાગરોપમનો જેટલો ભાગ સ્થિતિ કહી છે, તે પ્રકૃતિની હજાર ગુણા સાગરોપમ સહિત કહેવી. એમ સર્વે પ્રકૃતિઓની અનુક્રમે સ્થિતિ અંતરાય સુધી જાણવી.

ભગવન્! સંજ્ઞી પંચેન્દ્રિય જીવો જ્ઞાનાવરણીય કર્મની કેટલી સ્થિતિ બાંધે ? ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ૩૦ કોડાકોડી સાગરોપમ બાંધે. ૩૦૦૦ વર્ષ અબાધાકાળ. નિદ્રાપંચકની કેટલી સ્થિતિ બાંધે? જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ૩૦ કોડાકોડી સાગરોપમ. દર્શનાવરણ ચતુષ્કની જ્ઞાનાવરણીય માફક અને સાતા વેદનીયની સામાન્ય વેદનીય કર્મ મુજબ ઇર્યાપથિક અને સાંપરાયિક બંધની અપેક્ષાએ કહેવી. અસાતાવેદનીય કર્મની સ્થિતિ નિદ્રાપંચકવત્, સમ્યક્ત્વ અને મિશ્ર મોહનીયની ઔધિકવત્ કહેવી. મિથ્યાત્વ મોહનીયની જઘન્ય અંતઃકોટાકોટી, ઉત્કૃષ્ટ ૭૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ તથા ૭૦૦૦ વર્ષ અબાધાકાળ છે.

બાર કષાયની સ્થિતિ જઘન્ય અંતઃ કોડાકોડી અને ઉત્કૃષ્ટ ૪૦-કોડાકોડી સાગરોપમ, ૪૦૦૦ વર્ષ અબાધાકાળ છે. સંજ્વલન ક્રોધ, માન, માયા, લોભનો બે માસ, માસ, અર્ધમાસ, અંતર્મુહૂર્ત એમ જઘન્ય સ્થિતિ બંધ છે, ઉત્કૃષ્ટ બાર કષાય માફક છે. ચાર આયુની, ઔઘિક સ્થિતિ પ્રમાણે બાંધે. આહારક શરીર અને તીર્થંકરનામની જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતઃ કોડાકોડી સાગરોપમની સ્થિતિ છે. પુરુષવેદની જઘન્ય આઠ વર્ષ ઉત્કૃષ્ટ દશ કોડાકોડી સાગરોપમ સ્થિતિ છે. યશોકીર્તિનામ અને ઉચ્ચ ગોત્રની એ પ્રમાણે જાણવી. પરંતુ જઘન્ય સ્થિતિ આઠ મુહૂર્ત સમજવી. અંતરાયની સ્થિતિ જ્ઞાનાવરણીયવત્ જાણવી. બાકી સર્વે સ્થાનોમાં સંઘયણ, સંસ્થાન, વર્ણ, ગંધની જઘન્ય અંતઃકોડાકોડી સાગરોપમ અને ઉત્કૃષ્ટ જે પ્રકૃતિની જે સામાન્ય સ્થિતિ કહી તે બાંધે છે. પણ વિશેષ એ કે – અબાધા અને નિષેક કહેવો નહીં. એમ સર્વે કર્મપ્રકૃતિઓની સ્થિતિ અનુક્રમે અંતરાય સુધી કહેવી.

સૂત્ર-૫૪૪

ભગવન્ ! જ્ઞાનાવરણીય કર્મની જઘન્ય સ્થિતિબંધક કોણ છે ? ગૌતમ ! કોઈપણ ઉપશમક કે ક્ષપક સૂક્ષ્મસંપરાય છે. એ જ્ઞાનાવરણીય કર્મનો જઘન્ય સ્થિતિ બંધક છે. તે સિવાય બીજો અજઘન્ય સ્થિતિબંધક છે. એ

રીતે મોહનીય અને આયુ સિવાય બીજા બધા કર્મ માટે કહેવું.

મોહનીય કર્મનો જઘન્ય સ્થિતિબંધક કોણ છે ? કોઈપણ ઉપશમક કે ક્ષપક બાદર સંપરાય હોય છે. તે જઘન્ય સ્થિતિ બંધક છે, બીજો અજઘન્ય સ્થિતિ બંધક છે. આયુકર્મનો જઘન્ય સ્થિતિ બંધક કોણ છે? અસંક્ષેપ્યાદ્ધા પ્રવિષ્ટ, સર્વ નિરુદ્ધ આયુષ, તે સૌથી મોટાં આયુબંધના કાળના એક ભાગરૂપ છે, તે આયુબંધના છેલ્લા કાળમાં વર્તતો પર્યાપ્ત–અપર્યાપ્ત એવી સૌથી જઘન્ય સ્થિતિ બાંધે છે. તે જઘન્ય સ્થિતિ બંધક છે.

સૂત્ર–૫૪૫

ભગવન્ ! ઉત્કૃષ્ટ કાળ સ્થિતિક જ્ઞાનાવરણીય કર્મ શું નૈરયિક બાંધે ? તિર્યંચ બાંધે ? તિર્યંચ સ્ત્રી બાંધે ? માનુષી બાંધે ? દેવ બાંધે ? કે દેવી બાંધે ? ગૌતમ! તે બધા બાંધે.

કેવો નારક ઉત્કૃષ્ટ કાળ સ્થિતિક જ્ઞાનાવરણીય કર્મ બાંધે ? સંજ્ઞી પંચેન્દ્રિય સર્વ પર્યાપ્તિથી પર્યાપ્ત, સાકારો–પયોગી, જાગતો, શ્રુતોપયુક્ત, મિથ્યાદૃષ્ટિ, કૃષ્ણલેશ્યી, ઉત્કૃષ્ટ સંક્લિષ્ટ પરિણામી કે કંઈક મધ્યમ પરિણામી એવો નારક૦ આ કર્મ બાંધે.

કેવો તિર્યંચ ઉત્કૃષ્ટ કાળસ્થિતિક જ્ઞાનાવરણીય કર્મ બાંધે ? કર્મભૂમજ કે કર્મભૂમગ પ્રતિભાગી સંજ્ઞી પંચેન્દ્રિય, સર્વ પર્યાપ્તિથી પર્યાપ્ત, બાકીનું નૈરયિકવત્ કહેવું. એમ તિર્યંચ સ્ત્રી, મનુષ્ય, મનુષ્ય સ્ત્રીમાં પણ જાણવું. દેવ–દેવી નૈરયિક વત્ કહેવા. એ પ્રમાણે આયુ સિવાયની સાતે પ્રકૃતિનો ઉત્કૃષ્ટ બંધ કરે.

ઉત્કૃષ્ટ કાળસ્થિતિક આયુકર્મ નૈરયિક બાંધે કે યાવત્ દેવી બાંધે ? ગૌતમ ! નૈરયિક, તિર્યંચ સ્ત્રી, દેવ–દેવી ન બાંધે. તિર્યંચ, મનુષ્ય, મનુષ્ય સ્ત્રી બાંધે. કેવો તિર્યંચ ઉત્કૃષ્ટ સ્થિતિક આયુકર્મ બાંધે ? કર્મભૂમિજ, કર્મભૂમિજ જેવો, સંજ્ઞી પંચેન્દ્રિય, સર્વ પર્યાપ્તિ વડે પર્યાપ્ત, સાકારોપયુક્ત, જાગતો, શ્રુતોપયોગી, મિથ્યાદૃષ્ટિ, પરમ કૃષ્ણલેશ્યી, ઉત્કૃષ્ટ સંક્લિષ્ટ પરિણામી તિર્યંચ બાંધે.

કેવો મનુષ્ય ઉત્કૃષ્ટ કાળ સ્થિતિક આયુકર્મને બાંધે ? કર્મભૂમિજ, કર્મભૂમિજવત્ યાવત્ શ્રુતોપયુક્ત, સમ્યગ્દૃષ્ટિ કે મિથ્યાદૃષ્ટિ, કૃષ્ણ કે શુક્લલેશ્યી, જ્ઞાની કે અજ્ઞાની, ઉત્કૃષ્ટ સંક્લિષ્ટ પરિણામી, અસંક્લિષ્ટ પરિણામી કે તેને યોગ્ય વિશુદ્ધ પરિણામી, એવો મનુષ્ય ઉત્કૃષ્ટ સ્થિતિક આયુકર્મ બાંધે.

કેવી મનુષ્ય સ્ત્રી ઉત્કૃષ્ટ સ્થિતિક આયુકર્મ બાંધે ? કર્મભૂમિજા, કર્મભૂમિજાવત્, યાવત્ શ્રુતોપયોગી, સમ્યક્દૃષ્ટિ, શુક્લલેશ્યી, તેને યોગ્ય વિશુદ્ધ પરિણામવાળી એવી સ્ત્રી ઉત્કૃષ્ટ સ્થિતિક આયુ કર્મ બાંધે. અંતરાય કર્મ જ્ઞાનાવરણીયવત્ જાણવું.

**પદ-૨૩ 'કર્મપ્રકૃતિ' મુનિ દીપરત્નસાગરે કરેલ ભાવાનુવાદ પૂર્ણ**

## પદ-૨૪ 'કર્મપ્રકૃતિબંધ'

### સૂત્ર–૫૪૬

ભગવન્ ! કેટલી કર્મપ્રકૃતિઓ કહી છે ? ગૌતમ ! આઠ છે – જ્ઞાનાવરણીય યાવત્ અંતરાય. એમ વૈમાનિક સુધી જાણવું.

ભગવન્ ! જીવ જ્ઞાનાવરણીય કર્મ બાંધતો કેટલી કર્મ પ્રકૃતિ બાંધે ? સાત, આઠ કે છ કર્મપ્રકૃતિ બાંધે. નૈરયિક જ્ઞાનાવરણીય કર્મ બાંધતો કેટલી કર્મપ્રકૃતિ બાંધે ? સાત કે આઠ બાંધે. એમ વૈમાનિક સુધી જાણવું. પણ મનુષ્યને જીવ પ્રમાણે જાણવો. જીવો જ્ઞાનાવરણીય કર્મ બાંધતા કેટલી કર્મપ્રકૃતિ બાંધે ? બધા જીવો સાત બાંધે અને આઠ બાંધે, અથવા સાત બાંધે, આઠ બાંધે અને એક છ બાંધે, અથવા સાત બાંધે, આઠ બાંધે અને છ બાંધે.

નૈરયિકો જ્ઞાનાવરણીય કર્મ બાંધતા કેટલી કર્મપ્રકૃતિ બાંધે ? બધા સાત બાંધે અથવા સાત બાંધે અને એક આઠ બાંધે. અથવા બધા સાત બાંધે અને આઠ બાંધે, એમ ત્રણ ભંગો થયા. એમ સ્તનિતકુમાર સુધી જાણવું. પૃથ્વીકાયિકો કેટલી કર્મપ્રકૃતિ બાંધે ? સાત બાંધે અને આઠ બાંધે. એમ વનસ્પતિકાયિકો સુધી જાણવું.

વિકલેન્દ્રિય અને પંચેન્દ્રિય તિર્યંચોને ત્રણ ભંગ છે. બધા સાત બાંધે અથવા સાત બાંધે અને એક આઠ બાંધે, અથવા સાત બાંધે અને આઠ બાંધે. ભગવન્ ! મનુષ્યો જ્ઞાનાવરણીયનો બંધ કરતા કેટલી કર્મપ્રકૃતિ બાંધે? બધા સાત પ્રકૃતિ બાંધે અથવા સાત બાંધે અને એક આઠ બાંધે. અથવા સાત બાંધે અને આઠ બાંધે, અથવા સાત કર્મ બાંધે અને એક છ બાંધે. અથવા સાત બાંધે અને છ બાંધે, અથવા સાત બાંધે, એક આઠ કર્મ બાંધે અને એક છ બાંધે. અથવા સાત બાંધે, એક આઠ બાંધે અને છ બાંધે. અથવા સાત બાંધે, આઠ બાંધે અને એક છ કર્મ બાંધે. અથવા સાત બાંધે, આઠ બાંધે અને છ કર્મ બાંધે. એ નવ ભંગો થાય.

બાકીના વ્યંતરથી વૈમાનિક સુધીના દેવો નૈરયિકોની માફક સપ્તવિધાદિ બંધક કહેવા. એમ જેમ જ્ઞાનાવરણ ના બંધક કહ્યા, તેમ દર્શનાવરણનો પણ બંધ કરનારા જીવાદિ એકવચન અને બહુવચન વડે કહેવા.

વેદનીય કર્મ બાંધતો જીવ કેટલા કર્મ બાંધે ? સાતનો બંધક, આઠનો બંધક, છનો બંધક અને એકનો પણ બંધક હોય. એમ મનુષ્ય સંબંધે પણ કહ્યું. બાકીના નૈરયિકાદિ જીવો સાત કર્મબંધક, આઠ કર્મબંધક છે, તે વૈમાનિક સુધી કહેવા. વેદનીય કર્મ બાંધતા જીવોની પૃચ્છા – બધાં જીવો સાત બાંધે, આઠ બાંધે, એક બાંધે અને એક છ બાંધે. અથવા સાત બાંધે, આઠ બાંધે, એક બાંધે અને છ બાંધે તેવા હોય. બાકીના નારકાદિ યાવત્ વૈમાનિકો જ્ઞાનાવરણ બાંધતા જે પ્રકૃતિ બાંધે તે વડે કહેવા. પરંતુ મનુષ્યો વેદનીય કર્મ બાંધતા કેટલી કર્મ પ્રકૃતિ બાંધે? બધાં મનુષ્યો ૧. સાતના બંધક અને એકના બંધક હોય, અથવા ૨. સાત બાંધે, એક બાંધે અને એક આઠ કર્મ બાંધે, ૩. અથવા સાત બાંધે, એક બાંધે અને આઠ બાંધે, અથવા ૪. સાત બાંધે, એક બાંધે, એક છ કર્મ બાંધે. અથવા ૫. સાત બાંધે, એક બાંધે, છ કર્મ બંધક હોય. અથવા ૬. સાત બાંધે, એક બાંધે, એક આઠ કર્મ બાંધે, એક છ કર્મ બાંધે, ૭. અથવા સાત બાંધે, એક બાંધે, એક આઠ કર્મ બાંધે અને છ કર્મ બંધક હોય, ૮. અથવા સાત બાંધે, એક બાંધે, આઠ બાંધે, એક છ કર્મ બંધક હોય અથવા ૯. સાત બાંધે, એક બાંધે, આઠ બાંધે, છ બાંધે. એ નવ ભંગો કહેવા.

મોહનીયકર્મ બંધ કરતો જીવ કેટલી કર્મપ્રકૃતિ બાંધે ? જીવ અને એકેન્દ્રિય સિવાય બાકીનાને ત્રણ ભંગો જાણવા. જીવ અને એકેન્દ્રિયો સાત કર્મ બંધક અને આઠ કર્મ બંધક પણ હોય. આયુકર્મ બાંધતો જીવ કેટલી કર્મપ્રકૃતિ બાંધે? અવશ્ય આઠ પ્રકૃતિ બાંધે, એ પ્રમાણે નૈરયિકથી વૈમાનિક સુધી જાણવું. એમ બહુવચન વડે પણ સમજવું. નામ, ગોત્ર અને અંતરાય કર્મનો બંધ કરતો જીવ કેટલી કર્મપ્રકૃતિ બાંધે? જ્ઞાનાવરણીયનો બંધ કરતા જેટલી કર્મપ્રકૃતિ બાંધે તેટલી કહેવી. એમ નૈરયિકથી વૈમાનિક સુધી કહેવું. એમ બહુવચન વડે કહેવું.

પદ-૨૪ 'કર્મપ્રકૃતિબંધ'નો મુનિ દીપરત્નસાગરે કરેલ ભાવાનુવાદ પૂર્ણ

# પદ–૨૫ ' કર્મવેદ'

સૂત્ર–૫૪૭

ભગવન્ ! કર્મપ્રકૃતિ કેટલી છે ? ગૌતમ ! આઠ છે – જ્ઞાનાવરણીય યાવત્ અંતરાય, એમ વૈમાનિક સુધી જાણવું.

ભગવન્ ! જીવ જ્ઞાનાવરણીય કર્મ બાંધતો કેટલી પ્રકૃતિઓ વેદે ? અવશ્ય આઠ વેદે. એમ નૈરયિકથી વૈમાનિક સુધી જાણવું. એ પ્રમાણે બહુવચનમાં પણ સમજવું. એ રીતે વેદનીય સિવાય અંતરાય સુધી જાણવું.

ભગવન્ ! જીવ વેદનીય કર્મ બાંધતો કેટલી કર્મપ્રકૃતિઓ વેદે ? ગૌતમ ! સાત પ્રકૃતિ વેદે, આઠ પ્રકૃતિ વેદે કે ચાર પ્રકૃતિ વેદે. એ પ્રમાણે મનુષ્ય પણ વેદે.

બાકીના નૈરયિકથી વૈમાનિક સુધી એકવચન અને બહુવચન વડે પણ અવશ્ય આઠ કર્મપ્રકૃતિ વેદે.

ભગવન્ ! જીવો વેદનીય કર્મ બાંધતા કેટલી કર્મપ્રકૃતિઓ વેદે ? ગૌતમ ! ૧. બધા આઠ કર્મ વેદક અને ચાર કર્મ વેદક હોય. ૨. અથવા આઠ કર્મ વેદક, ચાર કર્મ વેદક અને એક સાત કર્મ વેદક હોય, ૩. અથવા આઠ કર્મ વેદક, ચાર કર્મ વેદક અને સાત કર્મ વેદક હોય. એ પ્રમાણે મનુષ્યો પણ કહેવા.

પદ-૨૫ 'કર્મવેદ'નો મુનિ દીપરત્નસાગરે કરેલ ભાવાનુવાદ પૂર્ણ

----- x ----- x ----- x ----- x ----- x -----

# પદ–૨૬ ' કર્મવેદબંધ'

સૂત્ર–૫૪૮

ભગવન્ ! કેટલી કર્મપ્રકૃતિઓ છે ? ગૌતમ ! આઠ છે – જ્ઞાનાવરણ યાવત્ અંતરાય. એમ નૈરયિકોથી વૈમાનિકો કહેવા.

ભગવન્ ! જ્ઞાનાવરણીય કર્મ વેદતો કેટલી પ્રકૃતિ બાંધે? સાતનો, આઠનો, છનો અને એક કર્મનો બંધક હોય.

નૈરયિક જ્ઞાનાવરણીય કર્મ વેદતો કેટલી પ્રકૃતિ બાંધે? સાત કે આઠ બાંધે. એ પ્રમાણે વૈમાનિક સુધી જાણવું. મનુષ્યને જીવ માફક કહેવો. જીવો જ્ઞાનાવરણીય કર્મ વેદતા કેટલા કર્મ બાંધે? ૧. બધા સાત કે આઠ કર્મ બંધક હોય, ૨. અથવા સાત, આઠ કર્મબંધક અને એક છ કર્મબંધક હોય, ૩. અથવા સાત, આઠ, છ કર્મબંધક હોય, ૪. અથવા સાત, આઠ અને એક એક કર્મનો બંધક હોય. ૫. સાત, આઠ, એક કર્મબંધક હોય, ૬. સાત, આઠ, એક છ કર્મ, એક એક કર્મનો બંધક હોય, ૭. અથવા સાત, આઠ, એક છ, એક કર્મ બંધક હોય, ૮. અથવા સાત, આઠ, છ અને એક એક કર્મ બંધક હોય. અથવા ૯. સાત, આઠ, છ અને એક કર્મબંધક હોય. એ પ્રમાણે નવ ભંગો થાય. એકેન્દ્રિય અને મનુષ્ય સિવાય બીજાને વૈમાનિક સુધી ત્રણ ભંગો હોય છે. એકે૦ સાત કે આઠ કર્મબંધક હોય.

મનુષ્યો જ્ઞાનાવરણ વેદતા કેટલી કર્મપ્રકૃતિ બાંધે? ગૌતમ! ૧. બધા સાત કર્મબંધક હોય, ૨. અથવા સાત અને એક આઠ કર્મ બંધક હોય, ૩. અથવા સાત અને આઠ કર્મબંધક હોય, ૪. અથવા સાત અને એક છ કર્મબંધક હોય, ૫. અથવા છ કર્મબંધક સાથે બે ભંગો હોય, ૬/૭. અથવા એક કર્મબંધક સાથે બે ભંગો હોય, ૮ થી ૧૧. અથવા સાત, આઠ અને એક છ કર્મનો બંધક ઇત્યાદિ ચાર ભંગો હોય, ૧૨ થી ૧૫. અથવા સાત, એક આઠ કર્મ, એક એક કર્મનો બંધક ઇત્યાદિ ચાર ભંગો, ૧૬ થી ૧૯. સાત, એક, છ અને એક એક કર્મબંધક હોય ઇત્યાદિ ચાર ભંગ, ૨૦ થી ૨૭. અથવા સાત, એક આઠ, એક છ, એ એક કર્મબંધક હોય ઇત્યાદિ આઠ ભંગો. એ પ્રમાણે ૨૭–ભંગો થાય છે. એમ જે રીતે જ્ઞાનાવરણીય વેદતો કર્મપ્રકૃતિનો બંધ કહ્યો, તેમ દર્શનાવરણીય અને અંતરાય વેદતા કહેવો.

વેદનીય કર્મ વેદતો જીવ કેટલી કર્મપ્રકૃતિ બાંધે? સાત, આઠ, છ કે એક કર્મબંધક અને અબંધક પણ હોય. એમ મનુષ્યો જાણવા. બાકીના નૈરયિકાદિ સાત કે આઠ કર્મના બંધક હોય. એમ વૈમાનિક સુધી કહેવું. જીવો વેદનીય કર્મ વેદતા કેટલી પ્રકૃતિ બાંધે? **૧.** બધા સાત કર્મ બંધક, આઠ કર્મબંધક અને એક કર્મબંધક હોય અથવા **૨.** સાત, આઠ, એક અને એક છ કર્મબંધક હોય. અથવા **૩.** સાત, આઠ, એક અને છ કર્મબંધક હોય, **૪–૫.** અબંધકની સાથે બે ભંગ હોય, **૬** થી **૯.** સાત, આઠ, એક, એક છ કર્મબંધક અને એક અબંધક ઇત્યાદિ ચાર ભંગો જાણવા. એ પ્રમાણે નવ ભંગો થાય.

એકેન્દ્રિયો અભંગક છે. નૈરયિકથી વૈમાનિક સુધી ત્રણ ભંગો સમજવા. પણ મનુષ્યો વિશે પ્રશ્ન કરવો – બધા સાત૦ અને એક કર્મબંધક હોય અથવા સાત, એક, એક છ કર્મનો બંધક, એક આઠ કર્મનો બંધક અને એક અબંધક હોય. એમ **૨૭**–ભંગો કહેવા.

જેમ વેદનીય કહ્યું, તેમ આયુ, નામ અને ગોત્ર કહેવું. જ્ઞાનાવરણીય વેદતા કહેલ પ્રકૃતિ બંધ પ્રમાણે મોહનીય કર્મ કહેવું.

### પદ-૨૬ ‘કર્મવેદબંધ’નો મુનિ દીપરત્નસાગરે કરેલ ભાવાનુવાદ પૂર્ણ

----- x ----- x ----- x ----- x -----

# પદ–૨૭ ‘ કર્મવેદ વેદક’

**સૂત્ર–૫૪૯**

ભગવન્ ! કેટલી કર્મપ્રકૃતિ છે ? ગૌતમ ! આઠ – જ્ઞાનાવરણ યાવત્ અંતરાય. એમ નૈરયિકથી વૈમાનિક સુધી કહેવું.

ભગવન્ ! જ્ઞાનાવરણીય કર્મ વેદતો જીવ કેટલી પ્રકૃતિ વેદે ? ગૌતમ ! સાત કે આઠ વેદે. એમ મનુષ્યમાં કહેવું. બાકીના બધા એકવચન અને બહુવચન વડે પણ અવશ્ય આઠ પ્રકૃતિ વેદે છે.

એ પ્રમાણે વૈમાનિક સુધી જાણવું.

ભગવન્ ! જીવો જ્ઞાનાવરણીય કર્મ વેદતા કેટલી પ્રકૃતિ વેદે ? ગૌતમ ! બધા જીવો આઠ કર્મવેદક હોય, અથવા આઠ કર્મવેદક અને એક સાત કર્મવેદક હોય, અથવા આઠ કર્મવેદક અને સાત કર્મવેદક હોય. એમ મનુષ્યો પણ જાણવા. દર્શનાવરણીય અને અંતરાય સંબંધે એમ જ કહેવું. વેદનીય, આયુ, નામ, ગોત્ર, કર્મ વેદતો કેટલી કર્મ પ્રકૃતિ વેદે ? જેમ બંધક વેદકને વેદનીય કર્મ કહ્યું, તેમ કહેવું.

મોહનીય કર્મ વેદતો જીવ કેટલી કર્મપ્રકૃતિ વેદે ? આઠ વેદે. એમ નૈરયિકથી વૈમાનિક સુધી જાણવું. એમ બહુવચનમાં જાણવું.

### પદ-૨૭ ‘કર્મવેદ વેદક’નો મુનિ દીપરત્નસાગરે કરેલ ભાવાનુવાદ પૂર્ણ

----- x ----- x ----- x ----- x -----

# પદ–૨૮ 'આહાર'

## પદ-૨૮, ઉદ્દેશો-૧

### સૂત્ર–૫૫૦ થી ૫૫૩

**૫૫૦.** સચિત્તાહારી, આહારાર્થી, કાળ, શેનો આહાર, સર્વતઃ, કેટલામો ભાગ, સર્વ પુદ્‌ગલ, કેવા રૂપે પરિણમે,

**૫૫૧.** એકેન્દ્રિયાદિ શરીરાદિ આહાર કરે ?, લોમાહાર, મનોભક્ષી એ પદોની વ્યાખ્યા કરવી.(આટલા વિષયોની અહીં વિચારણા કરવની છે.)

**૫૫૨.** ભગવન્ ! નૈરયિકો સચિત્તાહારી, અચિત્તાહારી કે મિશ્રાહારી હોય ? તેઓ સચિત્ત કે મિશ્રાહારી નથી, પણ અચિત્તાહારી છે. એ રીતે અસુરકુમારથી વૈમાનિક સુધી જાણવું. ઔદારિક શરીરી યાવત્ મનુષ્યો સચિત્ત, અચિત્ત, મિશ્ર એ ત્રણે આહારી હોય.

ભગવન્ ! નૈરયિકો આહારાર્થી હોય ? હા, હોય. નૈરયિકોને કેટલા કાળે આહારેચ્છા ઉત્પન્ન થાય ? ગૌતમ ! નૈરયિકોને બે પ્રકારે આહાર છે – આભોગ નિર્વર્તિત અને અનાભોગ નિર્વર્તિત. તેમાં અનાભોગ નિર્વર્તિત આહાર પ્રતિસમય નિરંતર હોય, આભોગ નિર્વર્તિત આહારની ઇચ્છા અસંખ્યાત સમયના અંતર્મુહૂર્તે થાય.

ભગવન્ ! નૈરયિકો શેનો આહાર કરે છે ? દ્રવ્યથી અનંત પ્રદેશી, ક્ષેત્રથી અસંખ્યાત પ્રદેશી, કાળથી કોઈપણ સ્થિતિક, ભાવથી વર્ણ–ગંધ–રસ–સ્પર્શવાળા પુદ્‌ગલ સ્કંધોનો આહાર કરે છે. ભાવથી જે વર્ણવાળા પુદ્‌ગલો આહારે છે, તે શું એકવર્ણી યાવત્ પંચવર્ણી પુદ્‌ગલો આહારે છે?

સ્થાન માર્ગણાથી એકવર્ણી યાવત્ પંચવર્ણી પુદ્‌ગલો આહારે છે ? અને વિધાન માર્ગણાથી કાળા વર્ણના યાવત્ શુક્લ વર્ણના પુદ્‌ગલોનો આહાર કરે છે. વર્ણથી કાળા વર્ણના પુદ્‌ગલોનો આહાર કરે છે, તે શું એકગુણ કાળા વર્ણના યાવત્ દશ ગુણ કાળા વર્ણના, સંખ્યાત–અસંખ્યાત કે અનંતગુણ કાળા વર્ણના પુદ્‌ગલોનો આહાર કરે છે? એક ગુણ યાવત્ અનંતગુણ કાળાવર્ણી પુદ્‌ગલોનો આહાર કરે છે. એ પ્રમાણે યાવત્ અનંતગુણ શુક્લવર્ણી પુદ્‌ગલોનો પણ આહાર કરે છે. એમ ગંધ અને સરસમાં પણ જાણવું. ભાવથી જે સ્પર્શવાળા પુદ્‌ગલોનો આહાર કરે છે, તેમાં એક–બે–ત્રણ સ્પર્શવાળાનો આહાર કરતો નથી. પણ ચારથી આઠ સ્પર્શવાળાનો આહાર કરે છે.

વિધાનમાર્ગણાથી કર્કશ યાવત્ રૂક્ષ પુદ્‌ગલોનો પણ આહાર કરે છે. સ્પર્શથી જે કર્કશ પુદ્‌ગલોનો આહાર કરે છે તે એકગુણ યાવત્ અનંતગુણ કર્કશ પુદ્‌ગલોનો આહાર કરે છે, એમ આઠ સ્પર્શો કહેવા. યાવત્ અનંતગુણ રૂક્ષ પુદ્‌ગલોનો પણ આહાર કરે છે. ભગવન્! જે અનંતગુણ રૂક્ષ પુદ્‌ગલ દ્રવ્યોનો આહાર કરે છે, તે સ્પૃષ્ટ કે અસ્પૃષ્ટ પુદ્‌ગલોનો આહાર કરે છે? ગૌતમ! સ્પૃષ્ટનો આહાર કરે છે, અસ્પૃષ્ટ પુદ્‌ગલોનો નહીં – ઇત્યાદિ જેમ ભાષા ઉદ્દેશામાં કહ્યું તેમ યાવત્ છ દિશાથી આહાર કરે છે.

બહુલતાથી વર્ણથી કાળા અને લીલા, ગંધથી દુર્ગંધી, રસથી કડવા અને તીખા, સ્પર્શથી કર્કશ, ગુરુ, શીત, રૂક્ષ પુદ્‌ગલ દ્રવ્યોનો આહાર કરે છે. તેઓના પૂર્વના વર્ણ–ગંધ–રસ–સ્પર્શ ગુણનો વિપરિણામ કરી, પરિપીડન કરી, નાશ કરી, વિધ્વંસ કરી બીજા અપૂર્વ વર્ણ–ગંધ–રસ–સ્પર્શ ગુણને ઉત્પન્ન કરી પોતાના શરીરરૂપ ક્ષેત્રમાં રહેલા પુદ્‌ગલોનો સર્વાત્મા વડે આહાર કરે છે.

ભગવન્ ! નૈરયિકો સર્વતઃ આહાર કરે છે, સર્વતઃ પરિણમાવે છે, સર્વાત્મા વડે ઉચ્છ્‌વાસ લે છે – નિઃશ્વાસ મૂકે છે, વારંવાર આહાર કરે છે – પરિણમાવે છે – ઉચ્છ્‌વાસ લે છે – નિઃશ્વાસ મૂકે છે ? ગૌતમ ! હા, બધું તે પ્રમાણે જ કહેવું.

ભગવન્ ! નૈરયિકો જે પુદ્‌ગલો આહારપણે ગ્રહણ કરે છે, તે પુદ્‌ગલોના કેટલા ભાગે ભાવિકાળે આહાર કરે છે, કેટલા ભાગે આસ્વાદ કરે છે ? ગૌતમ! અસંખ્યાતમા ભાગનો આહારપણે ઉપયોગ કરે, અનંતમાં ભાગનો આસ્વાદ લે.

ભગવન્ ! નૈરયિકો જે પુદ્‌ગલો આહારપણે ગ્રહણ કરે છે તે બધા પુદ્‌ગલોનો આહાર કરે છે કે કરતો નથી ? બધા અપરિશેષ પુદ્‌ગલોનો આહાર કરે છે. જે પુદ્‌ગલો આહારપણે ગ્રહણ કરે છે, તે પુદ્‌ગલો તેઓને કેવા રૂપે વારંવાર પરિણમે છે ? તેમને શ્રોત્ર યાવત્ સ્પર્શનેન્દ્રિયપણે, અનિષ્ટ, અકાંત, અપ્રિય, અશુભ, અમનોજ્ઞ, અમનોહર, અનિચ્છનીય, અનભિલાષિતપણે, અધોપણે પણ ઉર્ધ્વપણે નહીં, દુઃખરૂપે પણ સુખરૂપે નહીં, એ રીતે પરિણમે છે.

**૫૫૩.** ભગવન્ ! અસુરકુમારો આહારેચ્છાવાળા હોય ? હા, હોય. નૈરયિકોવત્ અસુરકુમારોને કહેવું યાવત્ તેમને વારંવાર પરિણમે છે. તેમાં આભોગ નિર્વર્તિત આહાર જઘન્યથી એક દિવસે, ઉત્કૃષ્ટ સાધિક હજાર વર્ષે આહારેચ્છા થાય છે. સામાન્ય કારણથી વર્ણથી પીળા અને સફેદ, ગંધથી સુગંધી, રસથી ખાટા અને મધુર, સ્પર્શથી મૃદુ, લઘુ, સ્નિગ્ધ, ઉષ્ણ પુદ્‌ગલો તથા તેઓના પૂર્વના વર્ણગુણનો વિપરિણામ કરી યાવત્ સ્પર્શનેન્દ્રિયપણે યાવત્ મનોહરપણે, ઇચ્છનીયપણે, અભિલષિતપણે, ઉર્ધ્વપણે, લઘુપણે, સુખરૂપે વારંવાર પરિણમે છે, બાકી બધું નૈરયિકવત્ સમજવું.

એમ સ્તનિતકુમાર સુધી જાણવું. પણ ઇચ્છાપૂર્વક આહાર સંબંધે ઉત્કૃષ્ટ દિવસ પૃથક્ત્વે આહારની ઇચ્છા ઉત્પન્ન થાય છે.

સૂત્ર-૫૫૪

ભગવન્ ! પૃથ્વીકાયિકો આહારાર્થી છે. હા, છે. ભગવન્ ! પૃથ્વીકાયિકોને કેટલા કાળે આહારેચ્છા ઉપજે ? તેને પ્રતિસમય નિરંતર આહારેચ્છા હોય. પૃથ્વીકાયિકો શેનો આહાર કરે ? નૈરયિકવત્ કહેવું. યાવત્ કેટલી દિશાથી આવેલા પુદ્‌ગલ દ્રવ્યોનો આહાર કરે છે ? વ્યાઘાત સિવાય છ દિશાથી આવેલ અને વ્યાઘાતને આશ્રીને કદાચ ત્રણ કે ચાર કે પાંચ દિશાથી આવેલા પુદ્‌ગલ દ્રવ્યોનો આહાર કરે. પરંતુ અહીં સામાન્ય કારણ કહેવાનું નથી.

વર્ણથી કાળા, લીલા, પીળા, સફેદ વર્ણવાળા, ગંધથી સુગંધી કે દુર્ગંધી, રસથી તીખા, કડવા, તૂરા, ખાટા, મધુર રસવાળા, સ્પર્શથી કર્કશ, મૃદુ, ગુરુ, લઘુ, શીત, ઉષ્ણ, સ્નિગ્ધ, રૂક્ષ સ્પર્શવાળા પુદ્‌ગલો તેઓના પૂર્વના વર્ણગુણોને વિપરિણમાવી ઇત્યાદિ બધું નૈરયિકવત્ કહેવું. યાવત્ કદાચ નિઃશ્વાસ લે.

પૃથ્વીકાયિકો જે પુદ્‌ગલોને આહારપણે ગ્રહણ કરે તે પુદ્‌ગલનો કેટલામો ભાગ ભાવિ કાળે આહાર કરે – પરિણામને યોગ્ય કરે – આસ્વાદ લે છે ? અસંખ્યાતમો ભાગ આહારે, અનંતમો ભાગ આસ્વાદે છે. પૃથ્વીકાયિકો જે પુદ્‌ગલો આહારપણે ગ્રહે, શું તે બધાનો આહાર કરે કે ન કરે ? નૈરયિકવત્ કહેવું, જે પુદ્‌ગલો આહારપણે ગ્રહણ કરે, તેમને કેવા રૂપે વારંવાર પરિણમે ? સ્પર્શનઇન્દ્રિયના વિવિધ પ્રકારે વારંવાર પરિણમે. વનસ્પતિકાયિકો સુધી એમ છે

સૂત્ર-૫૫૫

ભગવન્ ! બેઇન્દ્રિયો આહારની ઇચ્છાવાળા હોય ? હા, હોય. બેઇન્દ્રિયોને આહારનો અભિલાષ કેટલા કાળે થાય ? નૈરયિકવત્ જાણવું. પરંતુ તેમાં જે આભોગ નિર્વર્તિત આહાર છે, તે સંબંધે અસંખ્યાત સમય પ્રમાણ અંતર્મુહૂર્ત ગયા પછી વિવિધરૂપે આહારેચ્છા થાય છે. બાકી બધું પૃથ્વીકાયિકવત્ યાવત્ કદાચ નિઃશ્વાસ લે છે, ત્યાં સુધી કહેવું. વિશેષ એ કે – અવશ્ય છ દિશાથી આવેલ પુદ્‌ગલો આહારે છે.

ભગવન્ ! બેઇન્દ્રિય જીવો જે પુદ્‌ગલો આહારપણે ગ્રહણ કરે છે, તે પુદ્‌ગલોનો કેટલા ભાગ ભાવિકાળે આહાર રૂપે પરિણમે છે અને કેટલો ભાગ આસ્વાદ લે છે – નૈરયિકવત્ કહેવું. બેઇન્દ્રિય જીવો જે પુદ્‌ગલોને આહારરૂપે ગ્રહણ કરે છે, શું તે બધાનો આહાર કરે છે કે કરતો નથી ? બેઇન્દ્રિયોને બે પ્રકારે આહાર કહ્યો – લોમાહાર, પ્રક્ષેપાહાર. લોમાહારપણે ગ્રહણ કરેલા પુદ્‌ગલોનો સમગ્રપણે આહાર કરે છે અને પ્રક્ષેપાહાર પુદ્‌ગલોનો અસંખ્યાતમા ભાગે

આહાર કરે છે. અનેક હજારો ભાગો સ્પર્શ્યા વિના કે સ્વાદ લીધા વિના નાશ પામે છે.

સ્વાદ લીધા સિવાયના અને સ્પર્શ્યા સિવાયના પુદ્‌ગલોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? સૌથી થોડાં પુદ્‌ગલો સ્વાદ લીધા વિનાના, તેનાથી સ્પર્શ્યા વિનાના પુદ્‌ગલો અનંતગણા છે.

બેઇન્દ્રિયો જે પુદ્‌ગલો આહારપણે લે છે, તેઓને કેવા રૂપે વારંવાર પરિણમે છે ? તેમને જિહ્વેન્દ્રિય અને સ્પર્શનેન્દ્રિયના વિવિધરૂપે વારંવાર પરિણમે છે. એમ ચઉરિન્દ્રિય સુધી જાણવું. પરંતુ તેના હજારો ભાગો સૂંઘ્યા–આસ્વાદ્યા કે સ્પર્શ્યા વિના નાશ પામે છે. આ સૂંઘ્યા–આસ્વાદ્યા કે સ્પર્શ્યા વિનાના પુદ્‌ગલોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? સૌથી થોડાં સૂંઘ્યા વિનાના, આસ્વાદ્યા વિનાના અનંતગુણા, સ્પર્શ્યા વિનાના પુદ્‌ગલો અનંતગણા છે.

તેઇન્દ્રિયોએ ગ્રહણ કરેલ આહાર પુદ્‌ગલો તેમને કેવા રૂપે પરિણમે છે? તે તેમને ઘ્રાણ–જિહ્વા–સ્પર્શન ઈન્દ્રિયના વિવિધ રૂપે વારંવાર પરિણમે છે.

ચઉરિન્દ્રિયોને ચક્ષુ–ઘ્રાણ–જિહ્વા–સ્પર્શન ઇન્દ્રિયના વિવિધ રૂપે તે પુદ્‌ગલો વારંવાર પરિણમે છે. બાકી બધું તેઇન્દ્રિયો મુજબ જાણવું.

પંચેન્દ્રિય તિર્યંચો તેઇન્દ્રિયવત્ સમજવા. પરંતુ તેમાં આભોગ નિર્વર્તિત આહાર જઘન્યથી અંતર્મુહૂર્ત્તે અને ઉત્કૃષ્ટ બે દિવસે તેને આહારેચ્છા થાય છે.

પંચેન્દ્રિય તિર્યંચોએ ગ્રહણ કરેલ પુદ્‌ગલો તેને કેવા રૂપે પરિણમે છે ? શ્રોત્ર–ચક્ષુ–ઘ્રાણ–જિહ્વા અને સ્પર્શન ઇન્દ્રિયરૂપે વારંવાર પરિણમે છે.

મનુષ્યો પણ એમ જ સમજવા. પણ આભોગનિર્વર્તિત આહાર સંબંધે જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ ત્રણ દિવસે આહારેચ્છા થાય છે.

વ્યંતરો નાગકુમારવત્ જાણવા. એમ જ્યોતિષ્ક દેવો પણ જાણવા. પરંતુ આભોગ નિર્વર્તિત આહારમાં જઘન્યથી દિવસપૃથક્ત્વ ઉત્કૃષ્ટથી પણ તેમજ આહારેચ્છા થાય છે. એમ વૈમાનિકો પણ જાણવા પરંતુ આભોગ નિર્વર્તિત આહારમાં જઘન્યથી દિવસ પૃથક્ત્વ અને ઉત્કૃષ્ટથી ૩૩,૦૦૦ વર્ષે આહારેચ્છા થાય. બાકી બધું અસુરકુમારવત્ યાવત્ "તેઓને વારંવાર પરિણમે છે," સુધી જાણવું.

સૌધર્મ કલ્પમાં આભોગ નિર્વર્તિત આહાર સંબંધે જઘન્યથી દિવસ પૃથક્ત્વ, ઉત્કૃષ્ટ બે હજાર વર્ષે આહારા–ભિલાષ થાય છે.

ઇશાનકલ્પની પૃચ્છા – જઘન્યથી સાધિક દિવસ પૃથક્ત્વ, ઉત્કૃષ્ટથી સાધિક બે હજાર વર્ષે આહારેચ્છા થાય.

સનત્કુમાર–જઘન્યથી ૨૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટ સાત હજાર વર્ષે આહારેચ્છા થાય.

માહેન્દ્ર દેવોનો પ્રશ્ન – જઘન્ય ૭૦૦૦, ઉત્કૃષ્ટ ૧૦,૦૦૦ વર્ષે.

બ્રહ્મલોકમાં જઘન્ય ૭૦૦૦, ઉત્કૃષ્ટ ૧૦,૦૦૦ વર્ષે.

લાંતકકલ્પે જઘન્ય ૧૦,૦૦૦, ઉત્કૃષ્ટ ૧૪,૦૦૦ વર્ષે,

મહાશુક્ર કલ્પે જઘન્ય ૧૪,૦૦૦, ઉત્કૃષ્ટ ૧૭,૦૦૦ વર્ષે.

સહસ્રાર કલ્પે – જઘન્ય ૧૭,૦૦૦, ઉત્કૃષ્ટ ૧૮,૦૦૦ વર્ષે.

આનત કલ્પે – જઘન્ય ૧૮,૦૦૦, ઉત્કૃષ્ટ ૧૯,૦૦૦ વર્ષે.

પ્રાણતકલ્પે – જઘન્ય ૧૯,૦૦૦, ઉત્કૃષ્ટ ૨૦,૦૦૦ વર્ષે.

આરણકલ્પે જઘન્ય ૨૦,૦૦૦, ઉત્કૃષ્ટ ૨૧,૦૦૦ વર્ષે.

અચ્યુતકલ્પે – જઘન્ય ૨૧,૦૦૦, ઉત્કૃષ્ટ ૨૨,૦૦૦ વર્ષે આહારની ઇચ્છા થાય છે.

અધોઅધો ગ્રૈવેયકની પૃચ્છા – જઘન્ય **૨૨,૦૦૦**, ઉત્કૃષ્ટ **૨૩,૦૦૦** વર્ષે આહારેચ્છા થાય. એ પ્રમાણે જેટલા સાગરોપમનું આયુષ હોય, તેટલા હજાર વર્ષો સર્વાર્થસિદ્ધ સુધી કહેવા. તે મુજબ. અધો મધ્યમ ગ્રૈવેયકમાં ઉત્કૃષ્ટ **૨૪,૦૦૦** વર્ષ, અધો ઉર્ધ્વ ગ્રૈવેયકમાં ઉત્કૃષ્ટ **૨૫,૦૦૦** વર્ષે આહારેચ્છા થાય. બધામાં જઘન્ય સ્થિતિ તે પૂર્વની ઉત્કૃષ્ટ સ્થિતિ જાણવી. આ પ્રમાણે આગળ પણ જઘન્ય સ્થિતિ કહેવી.

અધો મધ્યમ ગ્રૈવેયકમાં ઉત્કૃષ્ટ **૨૬,૦૦૦** વર્ષે, મધ્યમ મધ્યમ ગ્રૈવેયકે ઉત્કૃષ્ટ–**૨૭,૦૦૦** વર્ષ, મધ્યમ ઉર્ધ્વ ગ્રૈવેયકે ઉત્કૃષ્ટ–**૨૮,૦૦૦** વર્ષે આહારેચ્છા થાય છે. ઉર્ધ્વ અધો ગ્રૈવેયકના દેવોને ઉત્કૃષ્ટ **૨૯,૦૦૦** વર્ષે, ઉર્ધ્વ મધ્યમ ગ્રૈવયક દેવોને ઉત્કૃષ્ટ **૩૦,૦૦૦** વર્ષે, ઉર્ધ્વ ઉર્ધ્વ ગ્રૈવેયકે દેવોને ઉત્કૃષ્ટ **૩૧,૦૦૦** વર્ષે આહારની ઈચ્છા થાય છે. વિજય, વૈજયંત, જયંત, અપરાજિત કલ્પે પૃચ્છા – ગૌતમ! જઘન્ય **૩૧,૦૦૦**, ઉત્કૃષ્ટ **૩૩,૦૦૦** વર્ષે આહારેચ્છા થાય. સર્વાર્થ સિદ્ધ દેવો વિશે પ્રશ્ન – અજઘન્યોત્કૃષ્ટ **૩૩,૦૦૦** વર્ષે આહાર ઈચ્છા થાય છે.

### સૂત્ર–૫૫૬

ભગવન્ ! નૈરયિકો શું એકેન્દ્રિય શરીરનો આહાર કરે કે યાવત્ પંચેન્દ્રિય શરીરનો આહાર કરે ? ગૌતમ ! પૂર્વભાવની પ્રજ્ઞાપના ને આશ્રીને તે પાંચે શરીરનો આહાર કરે. વર્તમાન ભાવ પ્રજ્ઞાપનાને આશ્રીને અવશ્ય પંચેન્દ્રિય શરીરોનો આહાર કરે, એમ સ્તનિતકુમાર સુધી છે.

પૃથ્વીકાયિકો વિશે પૃચ્છા – પૂર્વભાવ પ્રજ્ઞાપનાથી એમ જ સમજવું. વર્તમાન ભાવ પ્રજ્ઞાપનાથી અવશ્ય એકેન્દ્રિય શરીરોનો આહાર કરે. બેઈન્દ્રિયો પૂર્વભાવ પ્રજ્ઞાપનાથી તેમજ છે. વર્તમાન ભાવ પ્રજ્ઞાપનાથી અવશ્ય બેઈન્દ્રિય શરીરોનો આહાર કરે. એમ ચઉરિન્દ્રિય સુધી જાણવું. પરંતુ વર્તમાન ભાવ પ્રજ્ઞાપનામાં જેને જેટલી ઈન્દ્રિયો હોય તે તેટલી ઈન્દ્રિયવાળા શરીરનો આહાર કરે. બાકી બધું નૈરયિકવત્ વૈમાનિક સુધી જાણવું.

ભગવન્ ! નૈરયિકો લોમાહારી છે કે પ્રક્ષેપાહારી છે ? લોમાહારી છે, પ્રક્ષેપાહારી નથી, એમ એકેન્દ્રિયો અને સર્વે દેવો કહેવા. બેઈન્દ્રિયો યાવત્ મનુષ્યો લોમાહારી, પ્રક્ષેપાહારી બંને પણ હોય.

### સૂત્ર–૫૫૭

ભગવન્ ! નૈરયિકો ઓજાહારી અને મનોભક્ષી હોય છે ? ગૌતમ ! ઓજાહારી હોય, મનોભક્ષી નહીં. એમ બધા ઔદારિક શરીરી જાણવા. વૈમાનિક સુધીના બધા દેવો ઓજાહારી અને મનોભક્ષી હોય. તેઓમાં મનોભક્ષી દેવોને “અમે મન વડે ભક્ષણ કરવા ઈચ્છીએ છીએ” એવું ઈચ્છાપ્રધાન મન થાય છે. તે દેવો એવો વિચાર કરે છે ત્યારે તુરંત જ ઈષ્ટ, કાંત યાવત્ મનોનુકુળ પુદ્‌ગલો તેમને મનોભક્ષણરૂપે પરિણમે છે. જેમ શીત પુદ્‌ગલો શીતયોનિક જીવને આશ્રીને શીતરૂપે પરિણમીને રહે, ઉષ્ણ પુદ્‌ગલો ઉષ્ણયોનિક જીવને આશ્રીને ઉષ્ણરૂપે થઈને રહે, એમ તે દેવો મનોભક્ષણ કરે ત્યારે તેમનું આહારનું ઈચ્છાપ્રધાન મન જલ્દીથી શાંત થાય છે.

## પદ-૨૮, ઉદ્દેશો-૨

### સૂત્ર–૫૫૮

આહાર, ભવ્ય, સંજ્ઞી, લેશ્યા, દષ્ટિ, સંયત, કષાય, જ્ઞાન, યોગ, ઉપયોગ, વેદ, શરીર અને પર્યાપ્તિ **૧૩** દ્વારો છે.

## પદ-૨૮, ઉદ્દેશો-૨, દ્વાર-૧ થી ૩

### સૂત્ર–૫૫૯ થી ૫૬૧

**૫૫૯.** ભગવન્ ! જીવ આહારક હોય કે અનાહારક ? ગૌતમ ! કદાચ આહારક, કદાચ અનાહારક. એ પ્રમાણે નૈરયિક યાવત્ અસુરકુમાર યાવત્ વૈમાનિક કહેવા.

ભગવન્ ! સિદ્ધ આહારક છે કે અનાહારક ? આહારક નથી, અનાહારક છે. જીવો આહારક છે કે અનાહારક ? આહારક પણ હોય અને અનાહારક પણ હોય.

નૈરયિકો વિશે પ્રશ્ન – ૧. બધા જ આહારક હોય, અથવા ૨. બધા આહારક અને એક અનાહારક હોય. અથવા ૩. ઘણા આહારક હોય, ઘણા અનાહારક હોય. એ રીતે વૈમાનિકો સુધી કહેવું. પરંતુ એકેન્દ્રિયો જીવોવત્ જાણવા.

સિદ્ધો ? તેઓ આહારક નથી. અનાહારક છે.

**૫૬૦.** ભગવન્ ! ભવ્ય જીવ આહારક હોય કે અનાહારક ? કદાચ આહારક, કદાચ અનાહારક. એમ વૈમાનિક સુધી જાણવું.

ભવ્ય જીવો આહારક કે અનાહારક ? જીવ અને એકેન્દ્રિય સિવાય ત્રણ ભંગો જાણવા. અભવ્યજીવ પણ એમ જ સમજવો.

નોભવ્ય–નોઅભવ્યજીવ આહારક કે અનાહારક? આહારક ન હોય, અનાહારક હોય. એમ સિદ્ધો પણ જાણવા

**૫૬૧.** ભગવન્ ! સંજ્ઞી જીવો આહારક કે અનાહારક ? ગૌતમ ! કદાચ આહારક, કદાચ અનાહારક. એમ વૈમાનિક સુધી છે. પરંતુ એકેન્દ્રિયો–વિકલેન્દ્રિયો વિશે પ્રશ્ન ન કરવો.

ભગવન્ ! સંજ્ઞી જીવો આહારક કે અનાહારક ? જીવાદિ સંબંધે ત્રણ ભંગો વૈમાનિક સુધી જાણવા.

અસંજ્ઞી જીવ આહારક કે અનાહારક ? કદાચ આહારક, કદાચ અનાહારક. એમ નૈરયિકથી વ્યંતર સુધી જાણવું. જ્યોતિષ્ક અને વૈમાનિક સંબંધે પ્રશ્ન ન કરવો.

અસંજ્ઞીજીવો આહારક કે અનાહારક ? તેઓ આહારક પણ હોય, અનાહારક પણ હોય એ એક ભંગ જાણવો.

અસંજ્ઞી નારકો આહારક હોય કે અનાહારક ? ૧. બધા આહારક, ૨. બધા અનાહારક, ૩. એક આહારક–એક અનાહારક, ૪. એક આહારક–ઘણા અનાહારક, ૫. ઘણા આહારક–એક અનાહારક, ૬. ઘણા આહારક–ઘણા અનાહારક. એમ છ ભંગો જાણવા. એ પ્રમાણે સ્તનિતકુમારો સુધી જાણવું.

એકેન્દ્રિયોમાં બીજા ભંગો નથી. બેઇન્દ્રિયથી પંચેન્દ્રિય તિર્યંચોમાં ત્રણ ભંગો તથા મનુષ્ય, વ્યંતરોમાં છ ભંગો જાણવા.

ભગવન્ ! નોસંજ્ઞી–નોઅસંજ્ઞી જીવ આહારક કે અનાહારક ? કદાચ આહારક–કદાચ અનાહારક. એમ મનુષ્ય વિશે પણ જાણવુ. સિદ્ધ અનાહારક હોય.

બહુવચનમાં નોસંજ્ઞી–નોઅસંજ્ઞી જીવો આહારક પણ હોય, અનાહારક પણ હોય. મનુષ્યને વિશે ત્રણ ભંગો હોય છે. સિદ્ધો અનાહારક હોય છે.

## પદ-૨૮, ઉદ્દેશો-૨, દ્વાર-૪ થી ૭

### સૂત્ર–૫૬૨ થી ૫૬૫

**૫૬૨.** સલેશ્યી જીવ આહારક હોય કે અનાહારક ? કદાચ આહારક, કદાચ અનાહારક. એમ વૈમાનિક સુધી જાણવુ.

ભગવન્ ! સલેશ્યી જીવો આહારક કે અનાહારક ? જીવ અને એકેન્દ્રિય સિવાય ત્રણ ભંગો જાણવા. એમ કૃષ્ણ–નીલ–કાપોતલેશ્યીને પણ જીવ અને એકેન્દ્રિય વર્જીને ત્રણ ભંગો જાણવા. તેજોલેશ્યામાં પૃથ્વી, અપ્ અને વનસ્પતિકાયિકને છ ભંગો, બાકીના જેઓને તેજોલેશ્યા છે તેમને જીવાદિ સંબંધી ત્રણ ભંગ જાણવા. પદ્મ અને શુક્લ લેશ્યામાં જીવાદિ સંબંધી ત્રણ ભંગ.

અલેશ્યી જીવો, મનુષ્યો અને સિદ્ધો હોય છે અને એકવચન–બહુવચનથી આહારક નથી, પણ અનાહારક છે.

**૫૬૩.** ભગવન્ ! સમ્યગ્દૃષ્ટિ જીવો આહારક કે અનાહારક ? ગૌતમ ! કદાચ આહારક, કદાચ અનાહારક હોય. બે–ત્રણ–ચાર ઇન્દ્રિયોને છ ભંગ હોય. સિદ્ધો અનાહારક છે. બાકીના જીવોને ત્રણ ભંગો હોય છે. મિથ્યાદૃષ્ટિમાં જીવ અને એકેન્દ્રિય સિવાય ત્રણ ભંગો સમજવા.

સમ્યગ્મિથ્યાદષ્ટિ જીવ આહારક કે અનાહારક ? ગૌતમ ! આહારક હોય, અનાહારક ન હોય. એમ એકેન્દ્રિય અને વિકલેન્દ્રિય સિવાય વૈમાનિક સુધી જાણવું. બહુવચનમાં પણ એમ જાણવું.

**૫૬૪.** ભગવન્ ! સંયત જીવ આહારક કે અનાહારક ? ગૌતમ ! કદાચ આહારક, કદાચ અનાહારક. એમ મનુષ્યમાં પણ કહેવું. બહુવચનમાં ત્રણ ભંગો જાણવા.

અસંયતની પૃચ્છા – કદાચ આહારક કે અનાહારક હોય. બહુવચનમાં જીવ અને એકેન્દ્રિય સિવાય ત્રણ ભંગો જાણવા.

સંયતાસંયત જીવ, પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્ય હોય છે. તે એકવચન–બહુવચનથી પણ આહારક હોય છે, પણ અનાહારક હોતા નથી.

નોસંયત–નોઅસંયત–નોસંયતાસંયત, જીવ અને સિદ્ધ છે. તે બંને વચનથી આહારક નથી, અનાહારક છે.

**૫૬૫.** ભગવન્ ! સકષાયી જીવ આહારક કે અનાહારક ? ગૌતમ ! કદાચ આહારક, કદાચ અનાહારક. એમ વૈમાનિક સુધી છે. બહુવચનમાં જીવ અને એકેન્દ્રિય સિવાય ત્રણ ભંગો જાણવા.

ક્રોધ કષાયી જીવાદિ વિશે એમ જ છે. પરંતુ દેવોમાં છ ભંગો હોય છે. માન અને માયા કષાયી દેવ અને નારકોમાં છ ભંગો, બાકીના સ્થાને જીવ અને એકેન્દ્રિય સિવાય ત્રણ ભંગો જાણવા.

લોભકષાયી નારકોને છ ભંગો અને બાકી સ્થાનોમાં જીવ અને એકેન્દ્રિય સિવાય ત્રણ ભંગો જાણવા. અકષાયીને નોસંજ્ઞી–નોઅસંજ્ઞી માફક કહેવા.

## પદ–૨૮, ઉદ્દેશો–૨, દ્વાર–૮ થી ૧૩

### સૂત્ર–૫૬૬ થી ૫૭૧

**૫૬૬.** જ્ઞાની સમ્યગ્દષ્ટિવત્ છે. આભિનિબોધિક જ્ઞાની અને શ્રુતજ્ઞાની બે–ત્રણ–ચાર ઇન્દ્રિયોમાં છ ભંગો સમજવા, બાકીના જીવોમાં જેમને આ જ્ઞાનો છે, તેમને જીવાદિમાં ત્રણ ભંગો જાણવા.

અવધિજ્ઞાની પંચેન્દ્રિય તિર્યંચો આહારકો હોય, પણ અનાહારક ન હોય. બાકીના જીવોમાં જેમને અવધિજ્ઞાન છે, તેમને જીવાદિ સંબંધે ત્રણ ભંગો જાણવા.

મનઃપર્યવજ્ઞાની જીવો અને મનુષ્યો બંને વચન વડે આહારક છે પણ અનાહારક નથી. કેવળજ્ઞાની નોસંજ્ઞી નોઅસંજ્ઞીવત્ જાણવા.

અજ્ઞાની, મતિઅજ્ઞાની, શ્રુતઅજ્ઞાનીમાં જીવ, એકેન્દ્રિય સિવાય ત્રણ ભંગ છે.

વિભંગજ્ઞાની પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્ય આહારક છે, અનાહારક નથી. બાકીના જીવાદિને ત્રણ ભંગ છે.

**૫૬૭.** સયોગીમાં જીવ અને એકેન્દ્રિય સિવાય ત્રણ ભંગો જાણવા. મનોયોગી, વચનયોગી સમ્યગ્મિથ્યાદષ્ટિવત્ કહેવા. પરંતુ વચનયોગ વિકલેન્દ્રિયોને પણ કહેવો.

કાયયોગીમાં જીવ અને એકેન્દ્રિય સિવાય ત્રણ ભંગો હોય છે.

અયોગી જીવ, મનુષ્ય, સિદ્ધ અનાહારક છે.

**૫૬૮.** સાકાર–અનાકારોપયુક્ત જીવ અને એકેન્દ્રિય સિવાય ત્રણ ભંગ, સિદ્ધો અનાહારક હોય છે.

**૫૬૯.** સવેદીમાં જીવ અને એકેન્દ્રિય સિવાય ત્રણ ભંગ. સ્ત્રીવેદ–પુરુષવેદમાં જીવાદિ સંબંધે ત્રણ ભંગ અને નપુંસકવેદમાં જીવ અને એકેન્દ્રિય સિવાય ત્રણ ભંગ જાણવા.

અવેદી જીવ કેવળજ્ઞાની માફક જાણવો.

**૫૭૦.** સશરીરી જીવને એકેન્દ્રિય સિવાય ત્રણ ભંગ. ઔદારિક શરીરી જીવ અને મનુષ્યોમાં ત્રણ ભંગો. બાકીના ઔદારિક શરીરી જીવો આહારક હોય – અનાહારક ન હોય.

વૈક્રિય અને આહારક શરીરી, તે જેમને છે, તે આહારક હોય – અનાહારક ન હોય.

તૈજસકાર્મણ શરીરી, જીવ અને એકેન્દ્રિય સિવાય ત્રણ ભંગો જાણવા.

અશરીરી જીવો અને સિદ્ધો આહારક નથી પણ અનાહારક છે.

**૫૭૧.** આહાર પર્યાપ્તિથી પર્યાપ્ત, શરીર–ઇન્દ્રિય–શ્વાસોચ્છ્વાસ–ભાષામન પર્યાપ્તિથી પર્યાપ્તનો વિચાર કરતા એ પાંચે પર્યાપ્તિમાં જીવ અને મનુષ્ય પદને આશ્રીને ત્રણ ભંગો છે. બાકીના જીવો આહારક હોય પણ અનાહારક ન હોય.

ભાષા અને મન પર્યાપ્તિ પંચેન્દ્રિયોને હોય, બીજાને નહીં.

આહાર પર્યાપ્તિથી અપર્યાપ્તો બંને વચનથી પણ આહારક નથી, પણ શરીર પર્યાપ્તિથી અપર્યાપ્ત કદાચિત્ આહારક હોય, કદાચિત્ અનાહારક હોય. ઉપરની ચારે અપર્યાપ્તિઓમાં નારક, દેવ, મનુષ્યોમાં છ ભંગો હોય છે. બાકીના પદોમાં જીવ અને એકેન્દ્રિય સિવાય ત્રણ ભંગો હોય.

ભાષામન પર્યાપ્તિ વડે પર્યાપ્તા જીવો અને પંચેન્દ્રિય તિર્યંચોમાં ત્રણ ભંગો, નારક, દેવ, મનુષ્યોમાં છ ભંગો કહેવા. સર્વે પદોમાં એકવચન–બહુવચનની અપેક્ષાથી જીવાદિ દંડકો પ્રશ્ન વડે કહેવા. જેને જે હોય તેને તેનો પ્રશ્ન કરવો, જેને જે નથી તેનો તેને પ્રશ્ન ન કરવો. યાવત્ ભાષામન પર્યાપ્તિ વડે અપર્યાપ્તા દેવ અને મનુષ્યોમાં છ ભંગો અને બાકીના સ્થાનમાં ત્રણ ભંગો કહેવા.

પદ-૨૮ ‘આહાર’ મુનિ દીપરત્નસાગરે કરેલ ભાવાનુવાદ પૂર્ણ

# પદ–૨૯ ' ઉપયોગ'

સૂત્ર–૫૭૨

ભગવન્ ! ઉપયોગ કેટલા ભેદે છે ? ગૌતમ ! બે ભેદે – સાકાર ઉપયોગ, અનાકાર ઉપયોગ.

સાકાર ઉપયોગ કેટલા ભેદે છે ? આઠ ભેદે – આભિનિબોધિક જ્ઞાન સાકારોપયોગ યાવત્ કેવળજ્ઞાન સાકારોપયોગ. મતિ અજ્ઞાન સાકારોપયોગ યાવત્ વિભંગજ્ઞાન સાકારોપયોગ.

અનાકારોપયોગ કેટલા ભેદે છે ? ચાર ભેદે – ચક્ષુદર્શન અનાકારોપયોગ, અચક્ષુદર્શન અનાકારોપયોગ, અવધિદર્શન અનાકારોપયોગ અને કેવળ દર્શન અનાકારોપયોગ. એ પ્રમાણે જીવોને કહેવું.

નૈરયિકોને કેટલા ભેદે ઉપયોગ છે ? ગૌતમ ! બે ભેદે – સાકાર અને અનાકાર. નૈરયિકોનો સાકાર ઉપયોગ કેટલા ભેદે છે ? છ ભેદે– મતિજ્ઞાન સાકાર ઉપયોગ, શ્રુતજ્ઞાન સાકાર ઉપયોગ, અવધિજ્ઞાન સાકાર ઉપયોગ તથા મતિઅજ્ઞાન સાકાર ઉપયોગ, શ્રુતઅજ્ઞાન સાકાર ઉપયોગ, વિભંગજ્ઞાન સાકારોપયોગ.

નૈરયિકોને અનાકારોપયોગ કેટલા પ્રકારે છે ? ત્રણ ભેદે – ચક્ષુદર્શન અનાકારોપયોગ, અચક્ષુદર્શન અનાકારોપયોગ, અવધિદર્શન અનાકારોપયોગ. એમ સ્તનિતકુમાર સુધી જાણવું.

પૃથ્વીકાયિકોની પૃચ્છા–બે ભેદે છે. ચક્ષુદર્શન૦ અને અચક્ષુદર્શન અનાકારોપયોગ. પંચેન્દ્રિય તિર્યંચો નૈરયિકવત્ કહેવા. સામાન્ય ઉપયોગવત્ મનુષ્યોને કહેવા.

ભગવન્ ! વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિકોને કેટલા ભેદે ઉપયોગ છે ? નૈરયિકોવત્ છે.

ભગવન્ ! જીવો સાકારોપયોગી છે, કે નિરાકારોપયોગી છે ? ગૌતમ ! બંને છે.

ભગવન્! એમ કેમ કહો છો? ગૌતમ ! જે હેતુથી જીવો આભિનિબોધિક, શ્રુત, અવધિ, મનઃપર્યવ, કેવળજ્ઞાન, મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, વિભંગજ્ઞાનના ઉપયોગવાળા છે, તે હેતુથી જીવો સાકારોપયોગી છે. જે હેતુથી જીવો ચક્ષુદર્શનાદિ ચારે દર્શનોપયોગી છે, તે હેતુથી જીવો અનાકારોપયોગી છે, માટે એમ કહ્યું.

ભગવન્ ! નૈરયિકો સાકારોપયોગી છે કે નિરાકારોપયોગી ? ગૌતમ ! તે બંને છે. ભગવન્ ! એમ કેમ કહો છો ? ગૌતમ ! જે હેતુથી નૈરયિકો આભિનિબોધિક – શ્રુત – અવધિજ્ઞાન અને મતિઅજ્ઞાન, શ્રુત અજ્ઞાન, વિભંગજ્ઞાનના ઉપયોગવાળા છે, તે હેતુથી સાકારોપયોગી હોય છે. જે હેતુથી નૈરયિકો ચક્ષુ આદિ ત્રણે દર્શનવાળા છે, તે હેતુથી નૈરયિકો અનાકારોપયોગી છે. માટે ગૌતમ ! એમ કહ્યું. એ પ્રમાણે સ્તનિતકુમારો સુધી જાણવું.

પૃથ્વીકાયિકો વિશે પૃચ્છા – ગૌતમ ! તેમજ કહેવું યાવત્ જે હેતુથી પૃથ્વીકાયિક મતિ–શ્રુત અજ્ઞાન ઉપયોગવાળા છે, તે હેતુથી તેઓ સાકારોપયોગી છે. જે હેતુથી પૃથ્વીકાયિક અચક્ષુદર્શન ઉપયોગવાળા છે, તે હેતુથી તેઓ અનાકારોપયોગી છે, માટે ગૌતમ ! એમ કહ્યું. એ પ્રમાણે વનસ્પતિકાયિક સુધી જાણવું.

ભગવન્ ! બેઇન્દ્રિયની પૃચ્છા – બે ઉપયોગ છે, સાકારોપયોગ – અનાકારોપયોગ.

ભગવન્ ! બેઇન્દ્રિયોનો સાકારોપયોગ કેટલા ભેદે છે ? ચાર ભેદે – મતિ–શ્રુતજ્ઞાન, મતિ–શ્રુત અજ્ઞાન. તેમનો અનાકારોપયોગ કેટલા ભેદે છે ? એક અચક્ષુદર્શન અનાકારોપયોગ, તેઇન્દ્રિયો એમ જ છે. ચઉરિન્દ્રિયો પણ એમ જ છે, પરંતુ અનાકારોપયોગ બે ભેદે છે – ચક્ષુ૦ અને અચક્ષુદર્શનાવરણ અનાકારોપયોગ.

પંચેન્દ્રિય તિર્યંચ, નૈરયિકવત્ જાણવા. મનુષ્યોને ઔઘિક ઉપયોગવત્ કહેવા.

વ્યંતર, જ્યોતિષ્ક અનેવૈમાનિક, એ ત્રણે નૈરયિકવત્ કહેવા.

ભગવન્ ! જીવો સાકારોપયોગી કે અનાકારોપયોગી ? બંને છે. કઈ રીતે ? જેથી જીવો પાંચ જ્ઞાન – ત્રણ અજ્ઞાનથી ઉપયુક્ત છે, તેથી સાકારોપયોગી છે. જેથી જીવો ચાર દર્શનથી ઉપયોગી છે, તેથી અનાકારોપયોગી છે.

તેથી કહ્યું કે – બંને ઉપયોગી છે.

નૈરયિકો, સાકારોપયોગી કે અનાકારોપયોગી ? બંને છે. એમ કેમ કહ્યું ? જેથી નૈરયિકો આભિનિબોધિકાદિ ત્રણ જ્ઞાન, મત્યાદિ ત્રણ અજ્ઞાનથી ઉપયુક્ત છે, તેથી સાકારોપયોગી છે. ચક્ષુ આદિ ત્રણ દર્શન ઉપયુક્ત છે, તેથી અનાકારોપયોગી છે. માટે તેમ કહ્યું. એ પ્રમાણે સ્તનિતકુમાર સુધી જાણવું.

પૃથ્વીકાયિકોની પૃચ્છા – પૂર્વવત્ બંને ઉપયોગ કહેવા. એ પ્રમાણે વનસ્પતિકાયિકો સુધી કહેવું.

બેઇન્દ્રિયોની અર્થ સહિત તેમજ પૃચ્છા કરવી – બેઇન્દ્રિય એકવચનવત્ કહેવું. એ પ્રમાણે ચઉરિન્દ્રિય સુધી કહેવું. વિશેષમાં ચક્ષુદર્શન અધિક કહેવું.

પંચેન્દ્રિય તિર્યંચ નૈરયિકોવત્ જાણવા, મનુષ્યો જીવની માફક અને વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિકો એ ત્રણે નૈરયિકોની માફક જાણવા.

**પદ-૨૯ 'ઉપયોગ' મુનિ દીપરત્નસાગરે કરેલ ભાવાનુવાદ પૂર્ણ**

# પદ–૩૦ 'પશ્યતા'

સૂત્ર–૫૭૩

ભગવન્ ! પશ્યતા કેટલા ભેદે છે ? ગૌતમ ! બે ભેદે – સાકાર પશ્યતા, અનાકાર પશ્યતા.

સાકાર પશ્યતા કેટલા ભેદે છે ? ગૌતમ ! છ ભેદે – શ્રુતજ્ઞાન પશ્યતા, અવધિજ્ઞાન પશ્યતા, મનઃપર્યવજ્ઞાન પશ્યતા, કેવલજ્ઞાન પશ્યતા, શ્રુત અજ્ઞાન પશ્યતા, વિભંગજ્ઞાન પશ્યતા.

અનાકાર પશ્યતા કેટલા ભેદે છે ? ત્રણ ભેદે – ચક્ષુદર્શન પશ્યતા અવધિદર્શન પશ્યતા કેવલદર્શન પશ્યતા. એ પ્રમાણે જીવોને પણ કહેવું.

નૈરયિકોને કેટલા પ્રકારે પશ્યતા છે ? બે ભેદે – સાકાર પશ્યતા અને અનાકાર પશ્યતા.

સાકાર પશ્યતા ચાર ભેદે છે – શ્રુતજ્ઞાન પશ્યતા, અવધિજ્ઞાન પશ્યતા, શ્રુતઅજ્ઞાનજ્ઞાન પશ્યતા અને વિભંગજ્ઞાન પશ્યતા. તેમની અનાકાર પશ્યતા બે ભેદે – ચક્ષુદર્શનજ્ઞાન પશ્યતા, અવધિદર્શન પશ્યતા.એ પ્રમાણે સ્તનિતકુમારો સુધી જાણવું.

પૃથ્વીકાયિકોને કેટલા પ્રકારે પશ્યતા હોય છે ? એક સાકાર પશ્યતા હોય, તે પણ શ્રુતઅજ્ઞાન સાકાર પશ્યતા હોય. એમ વનસ્પતિકાયિક સુધી જાણવું.

બેઇન્દ્રિયોને કેટલા ભેદે પશ્યતા હોય ? એક સાકાર પશ્યતા હોય. એમ તેઇન્દ્રિયોને પણ જાણવું. ચઉરિન્દ્રિયોને બે પ્રકારે પશ્યતા હોય – સાકાર અને અનાકાર પશ્યતા. સાકાર પશ્યતા બેઇન્દ્રિયવત્ જાણવી.

અનાકાર પશ્યતા? એક ચક્ષુદર્શનરૂપ કહેવી. મનુષ્યોને જીવવત્ કહેવા. બાકીના જીવો નૈરયિકવત્ વૈમાનિક સુધી કહેવા.

ભગવન્ ! જીવો સાકારપશ્યતા વાળા છે કે અનાકાર પશ્યતાવાળા છે ? ગૌતમ ! તે બંને છે. ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! જે હેતુથી જીવો શ્રુતજ્ઞાની–અવધિજ્ઞાની–મનઃપર્યવજ્ઞાની–કેવળજ્ઞાની છે, શ્રુતઅજ્ઞાની, વિભંગજ્ઞાની છે, તે હેતુથી સાકાર પશ્યતાવાળા છે. જે હેતુથી જીવો ચક્ષુદર્શની–અવધિદર્શની–કેવળદર્શની છે, તે હેતુથી અનાકાર પશ્યતાવાળા છે, માટે ગૌતમ ! હું કહું છું કે જીવો બંને ભેદે છે.

ભગવન્ ! નૈરયિકો સાકાર પશ્યતાવાળા છે કે અનાકાર પશ્યતાવાળા ? ગૌતમ ! એમ જ જાણવું પણ સાકાર–પશ્યતામાં મનઃપર્યવ, કેવળજ્ઞાની ન કહેવા. અનાકારમાં કેવળદર્શન ન કહેવું.

પૃથ્વીકાયિકો સાકારપશ્યતાવાળા કે અનાકાર પશ્યતાવાળા છે ? માત્ર સાકાર પશ્યતાવાળા છે.

ભગવન્ ! એમ કેમ કહો છો ? પૃથ્વીકાયિકો એક શ્રુત અજ્ઞાનરૂપ સાકાર પશ્યતા છે. માટે ગૌતમ ! એમ કહ્યું. એમ વનસ્પતિકાયિક સુધી કહેવું.

બેઇન્દ્રિયો સંબંધે પૃચ્છા – તેઓ સાકારપશ્યતાવાળા જ છે. એમ કેમ કહો છો ? ગૌતમ ! બેઇન્દ્રિયોને બે પ્રકારે સાકાર પશ્યતા છે – શ્રુતજ્ઞાન સાકાર પશ્યતા અને શ્રુતઅજ્ઞાન સાકાર પશ્યતા, તેથી એમ કહ્યું. એ પ્રમાણે તેઇન્દ્રિયોને જાણવા.

ચઉરિન્દ્રિયો વિષયક પૃચ્છા – તે સાકારપશ્યતા વાળા પણ હોય, અનાકારપશ્યતા વાળા પણ હોય.

ભગવન્ ! એમ કેમ કહો છો ? ગૌતમ ! જેથી ચઉરિન્દ્રિયો શ્રુતજ્ઞાની કે શ્રુત અજ્ઞાની છે, તેથી તે સાકાર પશ્યતાવાળા છે, જેથી તેઓ ચક્ષુદર્શની છે તેથી અનાકાર પશ્યતાવાળા છે, માટે ગૌતમ ! એમ કહ્યું છે.

મનુષ્યો જીવવત્ અને બાકીના જીવો નૈરયિકવત્ વૈમાનિક સુધી જાણવા.

સૂત્ર–૫૭૪

ભગવન્ ! કેવલી આ રત્નપ્રભાપૃથ્વીને આકારો, હેતુઓ, ઉપમા, દષ્ટાંતો, વર્ણ, સંસ્થાન, પ્રમાણ, પ્રત્યવતાર વડે જે સમયે જાણે છે, તે સમયે જુએ છે ? જે સમયે જુએ, તે સમયે જાણે છે ? ગૌતમ ! એ અર્થ યોગ્ય નથી.

ભગવન્ ! એમ કેમ કહ્યું કે જે સમયે જુએ છે, તે સમયે જાણતા નથી અને જે સમયે જાને છે તે સમયે જોતા નથી ? ગૌતમ ! તેનું જ્ઞાન સાકાર અને દર્શન અનાકાર હોય છે. તેથી જે સમયે જ્ઞાન હોય તે સમયે દર્શન થતું નથી અને જે સમયે દર્શન હોય તે સમયે જ્ઞાન થતું નથી, તેથી હે ગૌતમ ! એમ કહ્યું કે કેવળજ્ઞાની જે સમયે જાણે છે, તે સમયે જોતા નથી અને જે સમયે જુએ છે, તે સમયે જાણતા નથી. એ પ્રમાણે નીચે સાતમી પૃથ્વી સુધી જાણવું.

એમ સૌધર્મ દેવલોક યાવત્ અચ્યુત દેવલોક, ગ્રૈવેયક, અનુત્તર વિમાન, ઈષત્પ્રાગ્ભારા પૃથ્વી, પરમાણુ પુદ્‌ગલ, દ્વિપ્રદેશી યાવત્ અનંતપ્રદેશી સ્કંધ સંબંધે કહેવું.

ભગવન્ ! કેવલી આ રત્નપ્રભા પૃથ્વીને અનાકાર, અહેતુ, અનુપમા, અદષ્ટાંત, અવર્ણ, અસંસ્થાન, અપ્રમાણ, અપ્રત્યાવતાર વડે જુએ છે, જાણતો નથી ? હા, ગૌતમ ! કેવલી યાવત્ જુએ છે, પણ જાણતો નથી.

ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! તેમને દર્શન અનાકાર હોય છે અને જ્ઞાન સાકાર હોય છે. તેથી એમ કહેવાય છે કે કેવલી આ રત્નપ્રભાપૃથ્વીને અનાકાર વડે યાવત્ દેખે છે, પણ જાણતો નથી. એમ ઈષત્પ્રાગ્ભારા પૃથ્વી, પરમાણુ પુદ્‌ગલ અને અનંત પ્રદેશી સ્કંધને દેખે છે, પણ જાણતો નથી.

**પદ-૩૦ ‘પશ્યતા’ મુનિ દીપરત્નસાગરે કરેલ ભાવાનુવાદ પૂર્ણ**

# પદ–૩૧ ' સંજ્ઞી'

સૂત્ર–૫૭૫, ૫૭૬

**૫૭૫.** ભગવન્ ! જીવો સંજ્ઞી, અસંજ્ઞી કે નોસંજ્ઞી–નોઅસંજ્ઞી હોય ? ગૌતમ ! જીવો એ ત્રણે ભેદે હોય.

નૈરયિકો વિશે પ્રશ્ન – ગૌતમ ! નૈરયિકો સંજ્ઞી કે અસંજ્ઞી હોય, પણ નોસંજ્ઞી–નોઅસંજ્ઞી ન હોય. એમ સ્તનિતકુમાર સુધી જાણવું.

પૃથ્વીકાયિકો વિશે પ્રશ્ન – ગૌતમ ! તેઓ સંજ્ઞી નથી, અસંજ્ઞી છે, નોસંજ્ઞી–નોઅસંજ્ઞી નથી. એ પ્રમાણે વિકલેન્દ્રિયો પણ જાણવા. મનુષ્યો, જીવવત્ જાણવા.

પંચેન્દ્રિય તિર્યંચો અને વ્યંતરો નૈરયિકવત્ સમજવા.

જ્યોતિષ્ક અને વૈમાનિકો સંજ્ઞી છે, અસંજ્ઞી કે નોસંજ્ઞી–નોઅસંજ્ઞી નથી.

સિદ્ધો સંબંધે પૃચ્છા – તેઓ સંજ્ઞી કે અસંજ્ઞી નથી, નોસંજ્ઞી–નોઅસંજ્ઞી છે.

**૫૭૬.** નારક, તિર્યંચ, મનુષ્ય, વ્યંતર, અસુરાદિ સંજ્ઞી અને અસંજ્ઞી છે. વિકલેન્દ્રિયો અસંજ્ઞી છે. જ્યોતિષ્ક–વૈમાનિક સંજ્ઞી છે. એ પ્રમાણે સૂત્રનો જ અર્થ કહેતી ગાથા છે..

પદ-૩૧ 'સંજ્ઞી' મુનિ દીપરત્નસાગરે કરેલ ભાવાનુવાદ પૂર્ણ

# પદ–૩૨ ' સંયમ'

સૂત્ર–૫૭૭, ૫૭૮

**૫૭૭.** ભગવન્ ! જીવો શું સંયત છે, અસંયત છે, સંયતાસંયત છે કે નોસંયત–નોઅસંયત–નોસંયતાસંયત છે? ગૌતમ ! તે ચારે છે.

નૈરયિકો વિશે પ્રશ્ન – તેઓ સંયત નથી, અસંયત છે, સંયતાસંયત નથી, નોસંયત–નોઅસંયત–નોસંયતા સંયત નથી. એમ ચઉરિન્દ્રિયો સુધી જાણવું.

પંચેન્દ્રિયો તિર્યંચ વિશે પૃચ્છા – સંયત નથી, અસંયત છે, સંયતાસંયત છે, નોસંયત–નોઅસંયત–નોસંયતાસંયત નથી.

મનુષ્યો વિશે પૃચ્છા – સંયત, અસંયત, સંયતાસંયત પણ છે. પણ નોસંયત–નોઅસંયત–નોસંયતાસંયત નથી. વ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિકો નૈરયિકવત્ જાણવા.

સિદ્ધોનો પ્રશ્ન – સંયત, અસંયત કે સંયતાસંયત નથી, પણ નોસંયત–નોઅસંયત–નોસંયતાસંયત છે.

**૫૭૮.** જીવો અને મનુષ્યો સંયત, અસંયત, મિશ્ર હોય. તિર્યંચો સંયતરહિત છે. બાકીના અસંયત છે.

પદ-૩૨ 'સંયમ' મુનિ દીપરત્નસાગરે કરેલ ભાવાનુવાદ પૂર્ણ

# પદ-૩૩ 'અવધિ'

## સૂત્ર–૫૭૯, ૫૮૦

**૫૭૯.** ભેદ, વિષય, સંસ્થાન, અભ્યંતર, બાહ્ય, દેશાવધિ, હીયમાન અવધિ, વર્ધમાન અવધિ, પ્રતિપાતી, અપ્રતિપાતી એ દશ દ્વારો.

**૫૮૦.** ભગવન્ ! અવધિ કેટલા ભેદે છે ? ગૌતમ ! તે બે ભેદે છે – ભવપ્રત્યયિક, ક્ષાયોપશમિક.

ભવપ્રત્યયિક બે છે – દેવો અને નૈરયિકો. ક્ષાયોપશમિક બે છે – મનુષ્યો અને પંચેન્દ્રિય તિર્યંચો.

## સૂત્ર–૫૮૧

ભગવન્ ! નૈરયિકો કેટલા ક્ષેત્રને અવધિજ્ઞાનથી જાણે અને જુએ ? ગૌતમ ! જઘન્યથી અર્ધ ગાઉ, ઉત્કૃષ્ટ ચાર ગાઉ ક્ષેત્રને જાણે અને જુએ.

ભગવન્ ! રત્નપ્રભા પૃથ્વીના નૈરયિક અવધિજ્ઞાન વડે કેટલા ક્ષેત્રને જાણે અને જુએ ? જઘન્ય સાડા ત્રણ ગાઉ અને ઉત્કૃષ્ટ ચાર ગાઉ ક્ષેત્રને જાણે અને જુએ.

શર્કરાપ્રભાના નૈરયિકો જઘન્ય ત્રણ, ઉત્કૃષ્ટ સાડા ત્રણ ગાઉ અવધિજ્ઞાનથી જાણે–જુએ.

વાલુકાપ્રભા નૈરયિકો જઘન્ય અઢી, ઉત્કૃષ્ટ ત્રણ ગાઉ. પંકપ્રભા નૈરયિક જઘન્ય બે, ઉત્કૃષ્ટ અઢી ગાઉ. ધૂમપ્રભા નૈરયિક જઘન્ય દોઢ, ઉત્કૃષ્ટ બે ગાઉ. તમઃપ્રભા પૃથ્વી નૈરયિકો જઘન્ય ગાઉ, ઉત્કૃષ્ટ દોઢ ગાઉ. અધઃસપ્તમી નૈરયિક જઘન્ય અર્ધ ગાઉ, ઉત્કૃષ્ટ એક ગાઉ અવધિજ્ઞાન વડે જાણે અને જુએ.

અસુરકુમારો અવધિજ્ઞાનથી કેટલું ક્ષેત્ર જાણે અને જુએ ? જઘન્ય–**૨૫** યોજન, ઉત્કૃષ્ટ અસંખ્યાતા દ્વીપ સમુદ્રો. નાગકુમારો જઘન્ય **૨૫**–યોજન, ઉત્કૃષ્ટ સંખ્યાતા દ્વીપ–સમુદ્રોને અવધિજ્ઞાનથી જાણે અને જુએ. એ પ્રમાણે સ્તનિતકુમારો સુધી જાણવું.

પંચેન્દ્રિય તિર્યંચ કેટલું ક્ષેત્ર અવધિજ્ઞાનથી જાણે અને જુએ ? જઘન્યથી અંગુલનો અસંખ્યાતમો ભાગ, ઉત્કૃષ્ટ અસંખ્યાતા દ્વીપ–સમુદ્રો જાણે–જુએ.

મનુષ્યો વિશે પૃચ્છા – જઘન્યથી અંગુલનો અસંખ્યાતમો ભાગ, ઉત્કૃષ્ટ અલોકમાં લોક પ્રમાણમાત્ર અસંખ્યાતા ખંડોને અવધિ વડે જાણે–જુએ. વ્યંતરો નાગકુમારવત્ જાણવા.

જ્યોતિષ્કો અવધિ વડે કેટલું ક્ષેત્ર જુએ – જાણે ? જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને સંખ્યાતા દ્વીપ–સમુદ્રો.

સૌધર્મ દેવોની પૃચ્છા – જઘન્ય અંગુલનો અસંખ્યાત ભાગ, ઉત્કૃષ્ટ યાવત્ રત્નપ્રભાના ચરમ ભાગને તીર્છું અસંખ્યાત દ્વીપ સમુદ્ર પર્યન્ત અને ઉર્ધ્વ પોત–પોતાના વિમાનો સુધી અવધિ વડે જાણે–જુએ. એમ ઈશાન દેવો પણ કહેવા. સનત્કુમાર પણ તેમજ છે. પરંતુ નીચે બીજી શર્કરાપ્રભા પૃથ્વી નીચેના ચરમભાગ સુધી જાણે–જુએ. માહેન્દ્ર દેવો એમજ જાણવા.

બ્રહ્મલોક અને લાંતક દેવ ત્રીજી વાલુકાપ્રભાની નીચેના ચરમભાગને જાણે–જુએ. મહાશુક્ર અને સહસ્રાર દેવો પંકપ્રભાના અધો ચરમાંતને જાણે–જુએ. આનતાદિ ચાર દેવો પાંચમી નરકના અધો ચરમાંતને જાણે–જુએ.

અધો અને મધ્યમ ગ્રૈવેયક દેવો છટ્ઠી પૃથ્વીના અધો ચરમાંતને, ઉપલી ગ્રૈવેયકના દેવો જઘન્ય અંગુલનો અસંખ્યાત ભાગ અને ઉત્કૃષ્ટ સાતમી નરકના અધો ચરમાંત સુધી, તીર્છું અસંખ્યાતા દ્વીપ–સમુદ્રથી સ્વર–સ્વ વિમાનો સુધી, અનુત્તરોપપાતિક દેવો સંપૂર્ણ લોકનાડીને અવધિ વડે જાણે અને જુએ.

## સૂત્ર–૫૮૨, ૫૮૩

**૫૮૨.** નૈરયિકોને અવધિજ્ઞાન કેવા સંસ્થાનવાળું હોય ? ગૌતમ ! ત્રાપાના આકાર જેવું. અસુરકુમાર વિશે

પૃચ્છા – પ્યાલા જેવા આકારે. એમ સ્તનિતકુમારો સુધી જાણવું.

પંચેન્દ્રિય તિર્યંચો વિશે પ્રશ્ન – અનેક પ્રકારના આકારવાળું. એમ મનુષ્યોનું પણ જાણવું.

વ્યંતરો વિશે પૃચ્છા – ઢોલના આકારે. જ્યોતિષ્કો વિશે પૃચ્છા – તેનો આકાર ઝાલર જેવો છે. સૌધર્મ દેવની પૃચ્છા – ઊભા રહેલા મૃદંગ જેવા આકારે છે. એમ અચ્યુત દેવો સુધી જાણવું.

ગ્રૈવેયક દેવો વિશે પૃચ્છા – તેનો આકાર પુષ્પની ચંગેરી જેવો છે.

અનુત્તરોપપાતિક સંબંધે પૃચ્છા – તેના અવધિજ્ઞાનનો આકાર જવનાલિકા જેવો છે.

૫૮૩. ભગવન્ ! નૈરયિકો અવધિજ્ઞાનના મધ્યવર્તી હોય છે કે બહાર હોય ? મધ્યવર્તી હોય, બહાર ન હોય. એ પ્રમાણે સ્તનિતકુમારો સુધી જાણવું.

પંચેન્દ્રિય તિર્યંચોની પૃચ્છા – તેઓ મધ્યવર્તી ન હોય, બહાર હોય.

મનુષ્યોની પૃચ્છા – મધ્યવર્તી પણ હોય, બહાર પણ હોય, વ્યંતર–જ્યોતિષ્ક–વૈમાનિકો નૈરયિકવત્ જાણવા.

ભગવન્ ! નૈરયિકોને દેશાવધિ હોય કે સર્વાવધિ ? ગૌતમ ! દેશાવધિ હોય, સર્વાવધિ ન હોય. એમ સ્તનિતકુમારો સુધી જાણવું.

પંચેન્દ્રિય તિર્યંચોનો પ્રશ્ન – દેશાવધિ હોય, સર્વાવધિ ન હોય.

મનુષ્યો વિશે પ્રશ્ન – તેમને દેશાવધિ અને સર્વાવધિ બંને હોય છે. વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિકોને નૈરયિકોવત્ જાણવા.

નૈરયિકોને અવધિજ્ઞાન આનુગામિક, અનાનુગામિક, વર્ધમાન, હીયમાન, પ્રતિપાતી, અપ્રતિપાતી, અવસ્થિત કે અનવસ્થિત હોય ? ગૌતમ ! આનુગામિક, અપ્રતિપાતી, અવસ્થિત હોય છે, પરંતુ અનાનુગામિક, વર્ધમાન, હીયમાન, પ્રતિપાતી, અનવસ્થિત હોતું નથી. એ પ્રમાણે સ્તનિતકુમાર સુધી જાણવું.

પંચેન્દ્રિય તિર્યંચની પૃચ્છા – આનુગામિક પણ હોય યાવત્ અનવસ્થિત પણ હોય. એમ મનુષ્યોને પણ કહેવું. વ્યંતર–જ્યોતિષ્ક–વૈમાનિકને નૈરયિકવત્ કહેવું.

**પદ-૩૩ 'અવધિ' મુનિ દીપરત્નસાગરે કરેલ ભાવાનુવાદ પૂર્ણ**

# પદ-૩૪ 'પ્રવિચારણા'

## સૂત્ર-૫૮૪ થી ૫૮૬

**૫૮૪.** અનંતરગતાહાર, આહાર વિશે આભોગાદિ, પુદ્‌ગલોને જાણતા નથી, અધ્યવસાયકથન, તથા

**૫૮૫.** સમ્યક્‌ત્વ પ્રાપ્તિ, પછી કાય-સ્પર્શ-રૂપ-શબ્દ-મન સંબંધી પરિચારણા, અલ્પબહુત્વ.

**૫૮૬.** નૈરયિકો અનંતરાહારક હોય? પછી નિર્વર્તના, પછી પર્યાદાન, પછી પરિણામપણું, પછી પરિચારણા, પછી વિકુર્વણા હોય? હા, ગૌતમ! નૈરયિકો અનંતરાહારક ઇત્યાદિ હોય.

ભગવન્! અસુરકુમારો અનંતરાહારક, પછી નિર્વર્તના, પછી પર્યાદાન, પછી પરિણામપણું, પછી વિકુર્વણા, પછી પરિચારણા હોય? હા, અસુરકુમારોને અનંતરાહારક ઇત્યાદિ તેમજ હોય. એમ સ્તનિતકુમાર સુધી કહેવું. ભગવન્! પૃથ્વીકાયિકો અનંતરાહારક, પછી નિર્વર્તના, પછી પર્યાદાન, પછી પરિણામપણું, પછી પરિચારમા, પછી વિકુર્વણા હોય? પરિચારણા સુધી તેમ હોય, વિકુર્વણા ન હોય. એ પ્રમાણે ચઉરિન્દ્રિયો સુધી કહેવું. પરંતુ વાયુકાયિક, પંચેન્દ્રિય તિર્યંચ, મનુષ્યોને નૈરયિકવત્ હોય. વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિકને અસુરકુમારવત્ જાણવા.

## સૂત્ર-૫૮૭

ભગવન્ ! નૈરયિકોનો આહાર શું આભોગ નિર્વર્તિત છે કે અનાભોગ નિર્વર્તિત ? ગૌતમ ! તે બંને પ્રકારે હોય. એ પ્રમાણે અસુરકુમારથી વૈમાનિક સુધી જાણવું. પરંતુ એકેન્દ્રિયોનો આહાર આભોગ નિર્વર્તિત નથી, પણ અનાભોગ નિર્વર્તિત હોય છે.

ભગવન્ ! નૈરયિકો જે પુદ્‌ગલો આહારપણે ગ્રહણ કરે તે શું જાણે - જુએ અને તેનો આહાર કરે કે ન જાણે, ન દેખે અને આહાર કરે છે ? ગૌતમ ! તેઓ ન જાણે - ન દેખે અને આહાર કરે છે. એ પ્રમાણે તેઇન્દ્રિયો સુધી જાણવું.

ચઉરિન્દ્રિયો સંબંધે પૃચ્છા - કેટલાક જાણે નહીં - જુએ છે અને આહાર કરે છે. કેટલાક જાણે નહીં - જુએ નહીં અને આહાર કરે છે. પંચેન્દ્રિય તિર્યંચો? તેમાં **૧.** કેટલાક જાણે-જુએ-અને આહાર કરે. **૨.** કેટલાક જાણે-જુએ નહીં અને આહાર કરે. **૩.** કેટલાક ન જાણે - જુએ અને આહાર કરે. **૪.** કેટલાક ન જાણે - ન જુએ અને આહાર કરે છે. એ પ્રમાણે મનુષ્યો કહેવા.

વ્યંતર અને જ્યોતિષ્ક નૈરયિકોવત્ જાણવા. વૈમાનિક વિશે પ્રશ્ન - **૧.** કેટલાક જાણે-જુએ અને આહાર કરે. **૨.** કેટલાક ન જાણે - ન જુએ અને આહાર કરે. એમ કેમ કહો છો ? ગૌતમ ! વૈમાનિક બે ભેદે છે - માયી મિથ્યાદષ્ટિ ઉત્પન્ન, અમાયી સમ્યગ્‌દૃષ્ટિ ઉત્પન્ન એમ જે રીતે પહેલાં ઇન્દ્રિય ઉદ્દેશામાં કહ્યું તેમ કહેવું.

ભગવન્ ! નૈરયિકોને કેટલા અધ્યવસાયો છે ? ગૌતમ ! અસંખ્યાતા. તે પ્રશસ્ત છે કે અપ્રશસ્ત ? તે બંને છે. એમ વૈમાનિક સુધી જાણવું.

ભગવન્ ! નૈરયિકો સમ્યક્ત્વાધિગામી છે, મિથ્યાત્વ અધિગામી છે કે મિશ્ર અધિગામી ? ગૌતમ ! તે ત્રણેના અધિગામી હોય. એમ વૈમાનિકો સુધી જાણવું. પરંતુ એકેન્દ્રિયો અને વિકલેન્દ્રિયો સમ્યક્‌ત્વાધિગમી નથી. મિશ્રા-ધિગમી નથી, મિથ્યાત્વધિગમી છે.

## સૂત્ર-૫૮૮ થી ૫૯૩

**૫૮૮.** ભગવન્ ! દેવો શું દેવી સહિત સપરિચાર છે કે દેવી સહિત અપરિચાર છે, કે દેવી રહિત પરિચાર સહિત છે, કે દેવી અને પરિચાર રહિત છે ? ગૌતમ ! કેટલાક દેવો-સદેવી-સપરિચારી છે, કેટલાક અદેવીક-સપરિચારી છે, કેટલાક દેવો અદેવીક-અપરિચારી છે, પરંતુ દેવો સદેવીક-અપરિચારી ન હોય.

ભગવન્! એમ કેમ કહો છો ? ગૌતમ ! ભવનપતિથી ઈશાન કલ્પ સુધી દેવો સદેવીક–સપરિચારી હોય. સનત્કુમારથી અચ્યુત કલ્પ સુધી દેવો અદેવીક–સપરિચારી હોય. ગ્રૈવેયક અને અનુત્તરવાસી દેવો અદેવીક–અપરિચારી છે. પરંતુ કોઈ દેવો–દેવી સહિત અને પરિચાર રહિત ન હોય. માટે ગૌતમ! તેમ કહ્યું.

**૫૮૯.** ભગવન્ ! પરિચારણા કેટલા ભેદે છે ? પાંચ ભેદે – કાયપરિચારણા, સ્પર્શપરિચારણા–રૂપપરિચારણા–શબ્દપરિચારણા–મન–પ્રવિચારણા.

ભગવન્ ! પાંચ પ્રવિચારણા કેમ કહી ? ગૌતમ ! ભવનપતિથી ઈશાનકલ્પ સુધીના દેવો કાયપ્રવિચારી છે. ત્રીજા–ચોથા કલ્પે સ્પર્શ પ્રવિચારી, પાંચમા–છઠ્ઠા કલ્પે રૂપ પ્રવિચારી, સાતમા–આઠમા કલ્પે શબ્દ પ્રવિચારી, આનતાદિ ચાર કલ્પે મન પ્રવિચારી હોય છે. ગ્રૈવેયક અને અનુત્તરમાં દેવો અપ્રવિચારી હોય, માટે તેમ કહ્યું.

તેમાં જે કાય પ્રવિચારી છે, તેઓને ઇચ્છા–મન થાય કે – "અમે અપ્સરા સાથે કાય પ્રવિચાર કરીએ" તો દેવો એમ સંકલ્પ કરે એટલે જલદી અપ્સરાઓ ઉદાર શૃંગારયુક્ત મનોજ્ઞ, મનોહર, મનોરમ, ઉત્તર વૈક્રિય રૂપ કરી દેવો પાસે આવે છે. પછી તે દેવો તે અપ્સરા સાથે કાયપ્રવિચાર કરે છે.

**૫૯૦.** જેમ શીત પુદ્‌ગલ શીતયોનિક પ્રાણીને પામી અતિ શીતપણે પરિણત થઈને રહે, ઉષ્ણપુદ્‌ગલો ઉષ્ણયોનિક પ્રાણીને પામી અતિ ઉષ્ણ પરિણત થઈને રહે છે, તેમ તે દેવો વડે તે અપ્સરા સાથે કાયપ્રવિચાર કરે ત્યારે ઇચ્છા મન જલદી શાંત થાય.

**૫૯૧.** ભગવન્ ! તે દેવોને શુક્ર પુદ્‌ગલો છે ? હા, છે. તે પુદ્‌ગલો અપ્સરાને કેવા રૂપે વારંવાર પરિણમે છે ? શ્રોત્ર–ચક્ષુ–ઘ્રાણ–રસના–સ્પર્શન ઇન્દ્રિયપણે, ઈષ્ટ–કાંત–મનોજ્ઞ–મનામપણે, સુભગ–સૌભાગ્ય–રૂપ–યૌવન–લાવણ્યપણે પુદ્‌ગલો વારંવાર તેઓને પરિણમે છે.

**૫૯૨.** તેમાં જે સ્પર્શ પરિચારક દેવો છે, તેમના મનમાં ઇચ્છા ઉપજે, એ પ્રમાણે કાયપરિચારવત્ બધું જ તે પ્રમાણે કહેવું. તેમાં જે રૂપ પરિચારક ઇચ્છા કરે, ત્યારે તે દેવ એમ મનમાં કરતા પૂર્વવત્ યાવત્ ઉત્તર વૈક્રિયરૂપ વિકુર્વે, વિકુર્વીને જ્યાં તે દેવ છે ત્યાં જાય, જઈને તે દેવની કંઈક સમીપે રહી, તેવા ઉદાર યાવત્ મનોરમ ઉત્તર વૈક્રિયરૂપને દર્શાવતી–દર્શાવતી ઊભી રહે, ત્યારે તે દેવો તે અપ્સરાની સાથે રૂપ પરિચારણા કરે છે. બાકી પૂર્વવત્ યાવત્ વારંવાર પરિણમે છે. તેમાં જે શબ્દ પરિચારક દેવો છે, તેમના મનમાં ઇચ્છા થાય કે –

અમે અપ્સરા સાથે શબ્દ પ્રવિચાર કરીએ, ત્યારે પૂર્વવત્ યાવત્ વૈક્રિય રૂપ વિકુર્વીને દેવો પાસે આવે છે. આવીને તે દેવોની કંઈક સમીપે રહીને અનુત્તર એવા અનેક પ્રકારના શબ્દો બોલતી બોલતી ઊભી રહે છે. ત્યારબાદ તે અપ્સરાની સાથે શબ્દ પ્રવિચાર કરે છે. બાકી બધું પૂર્વવત્ યાવત્ વારંવાર પરિણમે છે.

તેમાં જે મન પ્રવિચારક દેવો છે, તેઓ મનમાં ઇચ્છા કરે કે 'અમે અપ્સરા સાથે મન વડે પ્રવિચાર કરવા ઇચ્છીએ છીએ' ત્યારે તે અપ્સરાઓ જલદી ત્યાં આવી અનુત્તર અનેક પ્રકારે સંકલ્પો કરતી ઊભી રહે છે.

ત્યારપછી દેવો તે અપ્સરાની સાથે મન વડે વિષયસેવન કરે છે, બાકી બધું પૂર્વવત્, યાવત્ વારંવાર પરિણમે.

**૫૯૩.** ભગવન્ ! કાયપરિચારક યાવત્ મનપરિચારક અને અપરિચારક દેવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી થોડાં દેવો અપરિચારક છે, મન પરિચારક સંખ્યાતગણા, શબ્દ પરિચારક અસંખ્યાતગણા, રૂપપરિચારક અસંખ્યાતગણા, સ્પર્શ પરિચારક અસંખ્યાતગણા, કાયપરિચારક અસંખ્યાતગણા, છે.

પદ-૩૪ 'પરીચારણા' મુનિ દીપરત્નસાગરે કરેલ ભાવાનુવાદ પૂર્ણ

# પદ–૩૫ ' વેદના'

## સૂત્ર–૫૯૪ થી ૫૯૬

**૫૯૪.** શીત, દ્રવ્ય, શરીર, સાતા, દુઃખ, આભ્યુપગમિકી, ઔપક્રમિકી, નિદા અને અનિદા વેદના જાણવી.

**૫૯૫.** સાતા–અસાતા, સુખા–દુઃખા અને અદુઃખસુખા વેદના બધા જીવો વેદે છે. વિકલેન્દ્રિયો માનસિક, બાકીના બંને વેદના વેદે.

**૫૯૬.** ભગવન્ ! વેદના કેટલા ભેદે ? ગૌતમ ! ત્રણ ભેદે – શીત, ઉષ્ણ અને શીતોષ્ણ.

નૈરયિકો શું શીત વેદના વેદે છે, ઉષ્ણ વેદના વેદે છે કે શીતોષ્ણ વેદના વેદે છે ? શીત કે ઉષ્ણ વેદના વેદે પણ શીતોષ્ણ વેદના ન વેદે.

કોઈ એકૈક પૃથ્વીની વેદના કહે છે –

રત્નપ્રભા પૃથ્વી નૈરયિકો વિશે પૃચ્છા – તેઓ ઉષ્ણ વેદના વેદે, શીત કે શીતોષ્ણ ન વેદે. એમ વાલુકાપ્રભા પૃથ્વી નૈરયિકો સુધી છે.

પંકપ્રભા પૃથ્વી નૈરયિકો વિશે પૃચ્છા – તેઓ શીત અને ઉષ્ણ વેદના વેદે, શીતોષ્ણ નહીં. ઉષ્ણવેદના વેદક ઘણા છે. શીતવેદના વેદક ઘણા છે અને ઉષ્ણ વેદના વેદક થોડાં છે.

તમા અને તમસ્તમામાં શીતવેદના વેદે છે, પણ ઉષ્ણ અને શીતોષ્ણ વેદના વેદતા નથી.

અસુરકુમારો વિશે પૃચ્છા – તેઓ શીત, ઉષ્ણ, શીતોષ્ણ ત્રણે વેદના વેદે છે. એ પ્રમાણે વૈમાનિકો સુધી જાણવું.

ભગવન્ ! વેદના કેટલા ભેદે છે ? ચાર ભેદે – દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી.

નૈરયિકો શું દ્રવ્યથી યાવત્ ભાવથી વેદના વેદે છે ? ચારે પણ વેદના વેદે. એમ વૈમાનિકો સુધી જાણવું.

ભગવન્ ! વેદના કેટલા ભેદે છે ? ત્રણ ભેદે – શારીરિક, માનસિક, શારીરિક–માનસિક વેદના. નૈરયિકો શારીરિક વેદના વેદે, માનસિક કે શારીરિક–માનસિક વેદના વેદે ? ગૌતમ ! એ ત્રણે પ્રકારની વેદના વેદે છે. એ પ્રમાણે વૈમાનિકો સુધી જાણવું. પરંતુ એકેન્દ્રિયો અને વિકલેન્દ્રિયો શારીરિક વેદના વેદે છે, પણ બીજી બે ન વેદે.

ભગવન્ ! વેદના કેટલા ભેદે છે ? ગૌતમ ! ત્રણ ભેદે – સાતા, અસાતા અને સાતાસાતા.

નૈરયિક શું સાતા વેદના વેદે, અસાતા કે સાતાસાતા વેદના વેદે છે ? ગૌતમ ! ત્રણે પ્રકારની વેદના વેદે.

એમ સર્વે જીવો વૈમાનિક સુધી જાણવા.

ભગવન્ ! વેદના કેટલા ભેદે છે ? ગૌતમ ! દુઃખા, સુખા અને અદુઃખસુખા.

ભગવન્ ! નૈરયિકો શું દુઃખા વેદના વેદે ઇત્યાદિ પ્રશ્ન – ગૌતમ ! તે ત્રણે વેદના વેદે – એમ વૈમાનિકો સુધી જાણવું.

## સૂત્ર–૫૯૭

ભગવન્ ! વેદના કેટલા ભેદે છે ? ગૌતમ ! બે ભેદે છે – આભ્યુપગમિકી અને ઔપક્રમિકી.

ભગવન્ ! નૈરયિકો આભ્યુપગમિકી વેદના વેદે કે ઔપક્રમિકી વેદના વેદે ? ગૌતમ ! આભ્યુપગમિકી વેદના ન વેદે, પણ ઔપક્રમિકી વેદના વેદે છે. એમ ચઉરિન્દ્રિય સુધી જાણવુ.

પંચેન્દ્રિય તિર્યંચો અને મનુષ્યો બંને પ્રકારે વેદના વેદે. વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિકોને નૈરયિકવત્ જાણવા.

સૂત્ર-૫૯૮

ભગવન્ ! વેદના કેટલા ભેદે છે ? બે ભેદે – નિદા અને અનિદા.

નૈરયિકો નિદા વેદના વેદે છે કે અનિદા વેદના ? બંને વેદના વેદે.

ભગવન્ ! એમ કેમ કહો છો ? ગૌતમ ! નૈરયિકો બે ભેદે છે – સંજ્ઞીભૂત અને અસંજ્ઞીભૂત. સંજ્ઞીભૂત નિદા વેદના વેદે, અસંજ્ઞીભૂત અનિદા વેદના વેદે છે. તેથી તેમ કહ્યું છે.

એ પ્રમાણે સ્તનિતકુમાર સુધી જાણવું.

પૃથ્વીકાયિકો વિશે પૃચ્છા. તેઓ નિદા(સમ્યક વિવેકવાળી વેદના) વેદના ન વેદે, અનિદા(સમ્યક વિવેક રહિત વેદના) વેદના વેદે.

ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! પૃથ્વીકાયિકો બધા અસંજ્ઞી છે. તેઓ સંજ્ઞીભૂત અનિદા વેદના વેદે છે. તેથી એમ કહું છું કે પૃથ્વીકાયિકો નિદા વેદના ન વેદે, અનિદા વેદના વેદે. એમ ચઉરિન્દ્રિય સુધી કહેવું. પંચેન્દ્રિય તિર્યંચો, મનુષ્યો, વ્યંતરો નૈરયિકવત્ જાણવા.

જ્યોતિષ્ક દેવો વિશે પૃચ્છા – તેઓ નિદા વેદના વેદે, અનિદા વેદના પણ વેદે. એમ કેમ કહો છો ? જ્યોતિષ્ક દેવો બે ભેદે – માયી મિથ્યાદૃષ્ટિ, અમાયી સમ્યગ્દૃષ્ટિ. માયી મિથ્યાદૃષ્ટિ ઉત્પન્ન થયેલા અનિદા વેદના વેદે. અમાયી સમ્યગ્દૃષ્ટિ ઉત્પન્ન થયેલા નિદા વેદના વેદે છે. તે હેતુથી ગૌતમ! એમ કહ્યું છે કે – જ્યોતિષ્કો બંને વેદના વેદે.

એ પ્રમાણે વૈમાનિકો પણ જાણવા.

પદ-૩૫ 'વેદના' મુનિ દીપરત્નસાગરે કરેલ ભાવાનુવાદ પૂર્ણ

# પદ-૩૬ 'સમુદ્‌ઘાત'

સૂત્ર–૫૯૯

વેદના, કષાય, મરણ, વૈક્રિય, તૈજસ, આહારક અને કેવલી સમુદ્‌ઘાત. એ સાત સમુદ્‌ઘાત જીવ અને મનુષ્યોને હોય છે.

સૂત્ર–૬૦૦

ભગવન્ ! સમુદ્‌ઘાતો કેટલા છે ? સાત. વેદના સમુદ્‌ઘાત યાવત્ કેવલી સમુદ્‌ઘાત. વેદના સમુદ્‌ઘાતો કેટલા સમયનો છે? અસંખ્યાતા સમય પ્રમાણ અંતર્મુહૂર્તનો છે. એમ આહારક સમુદ્‌ઘાતો સુધી કહેવું. કેવલી સમુદ્‌ઘાત કેટલા સમયનો છે ? આઠ સમયનો.

નૈરયિકોને કેટલા સમુદ્‌ઘાત છે ? ચાર – વેદના, કષાય, મારણાંતિક અને વૈક્રિય સમુદ્‌ઘાત.

અસુરકુમારોને કેટલા સમુદ્‌ઘાત છે ? પાંચ – વેદના સમુદ્‌ઘાત, કષાય સમુદ્‌ઘાત, મારણાંતિક સમુદ્‌ઘાત, વૈક્રિય સમુદ્‌ઘાત, તૈજસ સમુદ્‌ઘાત. એમ સ્તનિતકુમારો સુધી કહેવું.

પૃથ્વીકાયિકોને કેટલા સમુદ્‌ઘાત છે ? ત્રણ – વેદના, કષાય અને મારણાંતિક. એમ ચઉરિન્દ્રિયો સુધી કહેવું. પરંતુ વાયુકાયિકોને ચાર સમુદ્‌ઘાત હોય છે – વેદના, કષાય, મારણાંતિક અને વૈક્રિય સમુદ્‌ઘાત.

પંચેન્દ્રિય તિર્યંચ યાવત્ વૈમાનિકને કેટલા સમુદ્‌ઘાતો છે ? પાંચ–વેદના, કષાય, મારણાંતિક, વૈક્રિય અને તૈજસ. પણ મનુષ્યોને ઉપરોક્ત સાતે સમુદ્‌ઘાતો હોય છે.

સૂત્ર–૬૦૧

ભગવન્ ! એકૈક નારકને કેટલા વેદના સમુદ્‌ઘાતો પૂર્વે થયેલા છે? ગૌતમ ! અનંતા. કેટલા ભાવિમાં થવાના છે? કોઈને થવાના હોય, કોઈને ન હોય. જેને હોય તેને જઘન્યથી એક, બે, ત્રણ અને ઉત્કૃષ્ટ સંખ્યાતા, અસંખ્યાતા કે અનંતા થનાર હોય છે. એમ અસુરકુમારોને પણ યાવત્ નિરંતર વૈમાનિક દંડક સુધી કહેવું. એમ તૈજસ સમુદ્‌ઘાત સુધી જાણવું. એ પ્રમાણે પાંચ સમુદ્‌ઘાતો ચોવીસે દંડકે કહેવા.

ભગવન્ ! એકૈક નૈરયિકને પૂર્વે આહારક સમુદ્‌ઘાતો કેટલા થયા છે ? કોઈને હોય, કોઈને ન હોય. જેને હોય તેને જઘન્યથી એક, બે અને ઉત્કૃષ્ટથી ત્રણ હોય. ભાવિકાળે કેટલા થવાના છે ? કોઈને હોય અને કોઈને ન હોય. જેને હોય તેને જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી ચાર હોય. એ પ્રમાણે નિરંતર વૈમાનિક સુધી કહેવું. પણ મનુષ્યને પૂર્વે થયેલ અને ભાવિકાળે થનાર, નૈરયિકને ભાવિ કાળે થનારા છે તેમ કહેવા.

ભગવન્ ! એકૈક નૈરયિકને કેવલી સમુદ્‌ઘાત કેટલા થયેલા છે ? પૂર્વે થયા નથી. ભાવિમાં કેટલા થવાના છે ? કોઈને થાય અને કોઈને ન થાય. જેને થનાર છે તેને એક સમુદ્‌ઘાત થવાનો છે. એ પ્રમાણે વૈમાનિક સુધી કહેવું. પણ મનુષ્યને કોઈને થયેલ છે – કોઈને નથી. જેને છે તેને એક છે, ભાવિકાળે થનાર પણ એક જ છે.

સૂત્ર–૬૦૨

ભગવન્ ! નૈરયિકોને કેટલા વેદના સમુદ્‌ઘાતો પૂર્વે થયેલા છે ? ગૌતમ ! અનંતા. કેટલા ભાવિકાળે થવાના છે? અનંતા. એમ વૈમાનિકો સુધી જાણવું. એમ તૈજસ સમુદ્‌ઘાત સુધી કહેવું. એમ કુલ **૧૨૦** દંડકો થાય છે.

ભગવન્ ! નૈરયિકોને આહાર સમુદ્‌ઘાતો કેટલા પૂર્વે થયા છે ? પૂર્વે અસંખ્યાતા થયેલા છે. ભાવિકાળે કેટલા થવાના છે ? અસંખ્યાતા થવાના છે. એમ વૈમાનિકો સુધી જાણવું. પરંતુ વનસ્પતિકાયિકો અને મનુષ્યોને આ વિશેષ છે – વનસ્પતિકાયિકો પૂર્વે કેટલા આહારક સમુદ્‌ઘાતો થયા છે ? અનંતા.

મનુષ્યોને પૂર્વે કેટલા આહારક સમુદ્‌ઘાતો થયા છે ? કદાચ સંખ્યાતા, કદાચ અસંખ્યાતા. એમ ભવિષ્યકાળે

પણ જાણવા.

ભગવન્ ! નૈરયિકોને પૂર્વે કેટલા કેવલી સમુદ્‌ઘાતો થયા છે ? એક પણ નહીં. કેટલા થવાના છે ? અસંખ્યાતા થવાના છે. એમ વૈમાનિકો સુધી જાણવું.

મનુષ્યોને કેટલા કેવલી સમુદ્‌ઘાતો પૂર્વે થયા છે ? કદાચ થયા હોય, કદાચ ન થયા હોય. જો થયા હોય તો જઘન્યથી એક–બે–ત્રણ અને ઉત્કૃષ્ટથી શતપૃથક્ત્વ હોય. ભાવિમાં કેટલા થશે ? કદાચ સંખ્યાતા અને કદાચ અસંખ્યાતા થવાના છે.

સૂત્ર–૬૦૩

ભગવન્ ! એકૈક નૈરયિકને નૈરયિકપણામાં કેટલા વેદના સમુદ્‌ઘાતો પૂર્વે થયા છે ? ગૌતમ! અનંતા. કેટલા ભવિષ્ય કાળે થવાના છે ? કોઈને થાય – કોઈને ન થાય. જેને થાય તેને જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટ સંખ્યાતા, અસંખ્યાતા કે અનંત થાય.

એ પ્રમાણે અસુરકુમારપણામાં યાવત્ વૈમાનિકપણામાં જાણવું. એકૈક અસુરકુમારને નૈરયિકપણામાં કેટલા વેદના સમુદ્‌ઘાતો અતીતકાળે થયા છે ? અનંતા. કેટલા ભાવિકાળે થવાના છે ? કોઈને થાય – કોઈને ન થાય. જેને થાય તેને કદાચ સંખ્યાતા કે અસંખ્યાતા કે અનંતા થાય.

એકૈક અસુરકુમારને અસુરકુમારપણામાં અતીત કાળે કેટલા વેદના સમુદ્‌ઘાતો થયા છે ? અનંતા. ભાવિ કાળે કેટલા થવાના છે ? કોઈને થાય, કોઈને ન થાય. જેને થાય તેને જઘન્યથી એક, બે, ત્રણ અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા, અસંખ્યાતા, અનંતા થાય. એમ નાગકુમારપણામાં યાવત્ વૈમાનિકપણામાં કહેવું.

એ પ્રમાણે વેદના સમુદ્‌ઘાત વડે અસુરકુમાર નૈરયિકથી આરંભી વૈમાનિક સુધીમાં કહ્યા તેમ નાગકુમારાદિ બધા બાકીના સ્વસ્થાનોમાં અને પરસ્થાનોમાં કહેવા. યાવત્ વૈમાનિકને વૈમાનિકપણામાં કહેવું.

એમ આ ચોવીસગુણા ચોવીસ દંડકો થાય.

સૂત્ર–૬૦૪

ભગવન્ ! એકૈક નૈરયિકને નૈરયિકપણામાં કેટલા કષાય સમુદ્‌ઘાતો અતીતકાળે થયા છે ? અનંતા. ભાવિકાળે કેટલા થવાના છે ? કોઈને થાય – કોઈને ન થાય. જેને થાય તેને એકથી માંડી અનંતા જાણવા.

એકૈક નૈરયિકને અસુર–કુમારપણે કેટલા કષાય સમુદ્‌ઘાતો અતીતકાળે થયા છે ? અનંતા. ભાવિમાં કેટલા થવાના છે ? કોઈને થાય – કોઈને ન થાય. જેને થાય, તેને કદાચ સંખ્યાતા કે અસંખ્યાતા કે અનંતા થવાના છે. એ પ્રમાણે નૈરયિકને સ્તનિતકુમાર સુધી કહેવું. પૃથ્વીકાયિકપણામાં એકથી માંડી અનંત જાણવા, એમ મનુષ્યમાં કહેવું.

વ્યંતરમાં અસુરકુમારવત્ કહેવું. જ્યોતિષ્કપણામાં અતીતકાળે અનંતા છે, ભાવિમાં કોઈને થાય – કોઈને ન થાય. જેને થાય તેને કદાચ અસંખ્યાતા અને કદાચ અનંતા હોય. એમ વૈમાનિકમાં પણ કદાચ અસંખ્યાત કે અનંતા હોય.

અસુરકુમારને નૈરયિકપણે અતીતકાળે અનંતા થયા છે. ભાવિકાળે કોઈને થાય – કોઈને ન થાય. જેને થાય, તેને કદાચ સંખ્યાતા, કદાચ અસંખ્યાતા, કદાચ અનંતા હોય.

અસુરકુમારને અસુરકુમારપણામાં અતીતકાળે અનંતા, ભાવિ કાળે એકથી માંડી અનંત સુધી જાણવા. એમ નાગકુમારપણામાં યાવત્ વૈમાનિકપણામાં નૈરયિકવત્ કહેવું. એમ યાવત્ સ્તનિતકુમારને વૈમાનિકમાં કહેવું. પરંતુ સર્વને સ્વસ્થાનમાં એકથી અનંત સુધી અને પરસ્થાનમાં અસુરકુમરવત્ જ જાણવું.

પૃથ્વીકાયિકને નૈરયિકપણામાં યાવત્ સ્તનિતકુમારમાં અતીતકાળે અનંતા, ભાવિકાળે કોઈને થાય – કોઈને ન થાય. જેને થાય તેને કદાચ સંખ્યાતા – કદાચ અસંખ્યાતા કે અનંતા થવાના હોય. પૃથ્વીકાયિકને

પૃથ્વીકાયિકપણામાં યાવત્ મનુષ્યપણામાં અતીતકાળે અનંતા થયા હોય, ભાવિમાં થવાના કોઈને હોય – કોઈને ન હોય. જેને હોય તેને એકથી અનંત હોય. વ્યંતરપણામાં નૈરયિકવત્ કહેવું.

જ્યોતિષ્ક અને વૈમાનિકપણામાં અતીતકાળે અનંતા છે. ભાવિમાં કોઈને હોય – કોઈને ન હોય. જેને હોય તેને કદાચ અસંખ્યાતા કે અનંતા હોય. એમ યાવત્ મનુષ્ય સંબંધે જાણવું.

વ્યંતર–જ્યોતિષ્ક–વૈમાનિકને અસુરકુમારવત્ કહેવા. પણ સ્વસ્થાનને આશ્રીને એકથી અનંત સુધી. યાવત્ વૈમાનિકોને વૈમાનિકપણામાં કહેવું. એમ ચોવીસ–ચોવીસ ગણા દંડક છે.

સૂત્ર–૬૦૫

મારણાંતિક સમુદ્‌ઘાત સ્વસ્થાનને વિશે અને પરસ્થાનને વિશે પણ એકથી માંડીને અનંતા વડે કહેવો. યાવત્ વૈમાનિકને વૈમાનિકપણામાં કહેવો, એ પ્રમાણે એ ચોવીસ એવા ચોવીસ દંડકો કહેવા.

વૈક્રિય સમુદ્‌ઘાત, કષાય સમુદ્‌ઘાત માફક કહેવો. પરંતુ જેને હોય તેને કહેવો. એ પ્રમાણે પણ ચોવીસ–ચોવીસ દંડકો કહેવા.

તૈજસ સમુદ્‌ઘાત મારણાંતિક સમુદ્‌ઘાત માફક કહેવો. પરંતુ જેને હોય તેને કહેવો. એ પ્રમાણે ચોવીસના ચોવીસ દંડકો કહેવા.

ભગવન્ ! એકૈક નૈરયિક, નૈરયિકપણામાં કેટલા આહારક સમુદ્‌ઘાતો અતીતકાળે થયેલા છે ? ગૌતમ ! થયેલા નથી. એ પ્રમાણે વૈમાનિકપણામાં સુધી કહેવું. પરંતુ મનુષ્યપણામાં અતીતકાળે કોઈને થયેલા છે, કોઈને નથી, જેને થયેલા છે, તેને જઘન્યથી એક, બે, ઉત્કૃષ્ટ ત્રણ હોય છે. કેટલા ભાવિકાળે થવાના છે ? ગૌતમ ! કોઈને થવાના હોય છે – કોઈને હોતા નથી. જેને હોય છે, તેને જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી ચાર હોય છે. એ પ્રમાણે સર્વ જીવો અને મનુષ્યો કહેવા.

મનુષ્યને મનુષ્યપણામાં અતીતકાળે કોઈને હોય છે, કોઈને હોતા નથી, જેને હોય છે, તેને જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી ચાર હોય છે. એ પ્રમાણે ભાવિકાળમાં થવાના પણ જાણવા. એમ પ્રત્યેક દંડકના ચોવીસ એવા ચોવીસ દંડકો વૈમાનિકપણામાં સુધી કહેવા.

ભગવન્ ! એકૈક નૈરયિકને નૈરયિકપણામાં કેટલા કેવલી સમુદ્‌ઘાતો અતીતકાળે થયેલા છે ? ગૌતમ ! થયા નથી. ભાવિ કાળે કેટલા થવાના છે ? થવાના નથી. એમ વૈમાનિકપણામાં સુધી કહેવું. પરંતુ મનુષ્યપણામાં અતીતકાળે થયા નથી. ભાવકાળમાં કોઈને થવાના હોય, કોઈને હોતા નથી. જેને થવાનો છે તેને એક થવાનો છે. મનુષ્યને મનુષ્યપણામાં અતીત કાળે કોઈને થયેલા છે – કોઈને નથી, જેને થયા છે તેને એક થયેલો છે, એમ ભાવિકાળે થવાનો પણ એક જ જાણવો. એમ આ ચોવીસ–ચોવીસ દંડકો કહેવા.

સૂત્ર–૬૦૬

ભગવન્ ! નૈરયિકોને નૈરયિકપણામાં કેટલા વેદના સમુદ્‌ઘાતો અતીતકાળે થયેલા છે ? ગૌતમ ! અનંતા. ભાવિમાં કેટલા થવાના છે ? ગૌતમ ! અનંતા. એમ વૈમાનિકપણામાં સુધી કહેવું. એમ સર્વે જીવોને વૈમાનિકપણામાં સુધી કહેવું. એમ તૈજસ સમુદ્‌ઘાત સુધી કહેવું. પણ ઉપયોગ રાખી જેને વૈક્રિય અને તૈજસ સમુદ્‌ઘાત હોય તેને તે કહેવા.

ભગવન્ ! નૈરયિકોને નૈરયિકપણામાં કેટલા આહારક સમુદ્‌ઘાતો થયા છે ? થયા નથી. કેટલા થશે ? થવાના નથી. એ પ્રમાણે વૈમાનિકપણામાં કહેવું. પરંતુ મનુષ્યપણામાં અતીતકાળે અસંખ્યાતા અને ભાવિ કાળે પણ અસંખ્યાતા કહેવા, તેમ વૈમાનિકો સુધી કહેવું પણ વનસ્પતિકાયિકોને મનુષ્યપણામાં અતીતકાળે અનંતા થયા છે. ભાવિ કાળે અનંતા થવાના છે. મનુષ્યોને મનુષ્યપણામાં અતીતકાળે કદાચ સંખ્યાતા હોય – કદાચ અસંખ્યાતા

હોય. એમ ભાવિકાળમાં પણ જાણવું.

બાકીના બધા દંડકો નૈરચિકવત્ કહેવા, એમ **૨૪**–દંડકો છે.

નૈરચિકોને નૈરચિકપણામાં કેટલા કેવલી સમુદ્‌ઘાતો થયા છે ? થયા નથી. એમ ભાવિમાં પણ નથી. વૈમાનિકપણા સુધી આ કહેવું. પરંતુ મનુષ્યપણામાં અતીતકાળમાં નથી. ભાવિકાળમાં અસંખ્યાતા હોય છે. એમ વૈમાનિક સુધી કહેવા. પણ વનસ્પતિકાચિકોને મનુષ્યપણામાં થયા નથી. ભાવિકાળે અનંતા થશે.

મનુષ્યોને મનુષ્યપણામાં કદાચ થયા હોય કે ન હોય. હોય તો જઘન્યથી એક, બે કે ત્રણ. ઉત્કૃષ્ટ શત પૃથક્ત્વ હોય. કેટલા ભાવિકાળે થવાના છે? કદાચ સંખ્યાતા, કદાચ અસંખ્યાતા થશે. એમ ચોવીસ–ચોવીસ દંડકો કહેવા. યાવત્ વૈમાનિકને વૈમાનિકપણામા સુધી કહેવું.

**સૂત્ર–૬૦૭, ૬૦૮**

**૬૦૭.** ભગવન્ ! આ વેદના, કષાય, મારણાંતિક, વૈક્રિય, તૈજસ, આહારક, કેવલી સમુદ્‌ઘાતવાળા અને સમુદ્‌ઘાત રહિત એ જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક આદિ છે ? ગૌતમ ! સૌથી થોડા જીવો આહારક સમુદ્‌ઘાત છે, કેવલિ સમુદ્‌ઘાત સંખ્યાતગણા છે, તૈજસ સમુદ્‌ઘાત અસંખ્યતગણા છે, વૈક્રિય સમુદ્‌ઘાત અસંખ્યતગણા છે. મારણાંતિક સમુદ્‌ઘાત અનંતગણા છે. કષાય સમુદ્‌ઘાત વાળા અસંખ્યતગણા છે, વેદના સમુદ્‌ઘાત વિશેષાધિક છે. સમુદ્‌ઘાતરહિત અસંખ્યતગણા છે.

**૬૦૮.** ભગવન્ ! વેદના–કષાય–મારણાંતિક અને વૈક્રિય સમુદ્‌ઘાત વડે સમુદ્‌ઘાતો સહિત અને રહિત નૈરચિકોમાં કોણ–કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? ગૌતમ! સૌથી થોડા નૈરચિકો મારણાંતિક સમુદ્‌ઘાત વાળા, વૈક્રિય સમુદ્‌ઘાત અસંખ્યાતગણા, કષાય સમુદ્‌ઘાત સંખ્યાતગણા વેદના સમુદ્‌ઘાત સંખ્યાતગણા છે, સમુદ્‌ઘાત રહિત સંખ્યાતગણા છે.

ભગવન્ ! વેદના–કષાય–મારણાંતિક–વૈક્રિય–તૈજસ સમુદ્‌ઘાત સહિત અને રહિત અસુરકુમારોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? ગૌતમ! સૌથી થોડાં અસુરકુમારોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? ગૌતમ! સૌથી થોડા અસુર–કુમારોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી થોડાં અસુરકુમારો તૈજસ સમુદ્‌ઘાત મારણાંતિક સમુદ્‌ઘાત અસંખ્યાતગણા, વેદના સમુદ્‌ઘાત અસંખ્યાતગણા કષાય સમુદ્‌ઘાત સંખ્યાતગણા, વૈક્રિય સમુદ્‌ઘાત સંખ્યા સંખ્યાતગણા સમુદ્‌ઘાત રહિત અસંખ્યાતગણા છે. એ પ્રમાણે સ્તનિતકુમારો સુધી જાણવું.

ભગવન્ ! વેદના, કષાય, મરણ સમુદ્‌ઘાત સહિત અને રહિત પૃથ્વીકાચિકમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી થોડાં પૃથ્વીકાચિક મારણાંતિક સમુદ્‌ઘાત છે, કષાય સમુદ્‌ઘાત સંખ્યાત–ગણા, વેદના સમુદ્‌ઘાત વિશેષાધિક સમુદ્‌ઘાત રહિત અસંખ્યાતગણા છે. એમ વનસ્પતિકાચિક સુધી જાણવું. પરંતુ સૌથી થોડા વાયુકાચિક વૈક્રિય સમુદ્‌ઘાત, મારણાંતિક સમુદ્‌ઘાત અસંખ્યાતગણા કષાય સમુદ્‌ઘાત સંખ્યાતગણા, વેદના સમુદ્‌ઘાત વિશેષ, સમુદ્‌ઘાત રહિત અનંતગણા છે.

ભગવન્ ! વેદના, કષાય, મારણાંતિક સમુદ્‌ઘાત સહિત અને રહિત બેન્દ્રિયોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી થોડાં બેઇન્દ્રિયો મારણાંતિક સમુદ્‌ઘાત વેદના સમુદ્‌ઘાત અસંખ્યાતગણા કષાય સમુદ્‌ઘાત અસંખ્યાતગણા છે. સમુદ્‌ઘાત રહિત સંખ્યાતગણા છે. એમ ચઉરિન્દ્રિય સુધી છે.

ભગવન્ ! વેદના યાવત્ તૈજસ સમુદ્‌ઘાત સહિત અને રહિત પંચેન્દ્રિય તિર્યંચોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? પંચેન્દ્રિય તિર્યંચો તૈજસ સમુદ્‌ઘાત સૌથી થોડાં, વૈક્રિય સમુદ્‌ઘાત અસંખ્યાતગણા છે. મારણાંતિક સમુદ્‌ઘાત અસંખ્યાતગણા, વેદના સમુદ્‌ઘાત અસંખ્યાતગણા, કષાય સમુદ્‌ઘાત સંખ્યાતગણા,

સમુદ્‌ઘાત રહિત જીવો અસંખ્યાતગણા છે.

ભગવન્ ! વેદના યાવત્ કષાય સમુદ્‌વાળા, સમુદ્‌ઘાત રહિત મનુષ્યોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક આદિ છે ? ગૌતમ ! સૌથી થોડા મનુષ્યો આહારક સમુદ્‌ઘાત, કેવલી સમુદ્‌ઘાત સંખ્યાતગણા, તૈજસ સમુદ્‌ઘાત સંખ્યા, વૈક્રિય સમુદ્‌ઘાત સંખ્યાતગણા, મારણાંતિક સમુદ્‌ઘાત અસંખ્યાતગણા, વેદના સમુદ્‌ઘાત અસંખ્યાતગણા કષાય સમુદ્‌ઘાત અસંખ્યાતગણા સમુદ્‌ઘાત રહિત અસંખ્યાતગણા છે.

વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિકો અસુરકુમારવત્ જાણવા.

સૂત્ર–૬૦૯

ભગવન્ ! કષાય સમુદ્‌ઘાતો કેટલા છે ? ચાર – ક્રોધ યાવત્ માન સમુદ્‌ઘાત. નૈરયિકોને કેટલા કષાય સમુદ્‌ઘાતો છે ? ચાર કષાય સમુદ્‌ઘાતો છે એ પ્રમાણે વૈમાનિક સુધી જાણવું.

ભગવન્ ! એકૈક નૈરીયકને કેટલા ક્રોધ સમુદ્‌ઘાતો અતીત કાળે થયેલ છે ? અનંતા. ભાવિમાં કેટલા થશે ? કોઈને થાય, કોઈને ન થાય. જેને થાય તેને જઘન્યથી એક, બે કે ત્રણ, ઉત્કૃષ્ટ સંખ્યાતા, અસંખ્યાતા કે અનંતા થાય. એમ વૈમાનિક સુધી જાણવું. એમ લોભસમુદ્‌ઘાત સુધી જાણવું. એમ ચાર દંડકો થાય છે.

ભગવન્ ! નૈરયિકોને કેટલા ક્રોધ સમુદ્‌ઘાત અતીત કાળે થયેલા છે ? ગૌતમ! અનંતા. ભાવિમાં કેટલા થશે? અનંતા. એમ વૈમાનિકો સુધી જાણવું. એમ લોભ સમુદ્‌ઘાત સુધી કહેવું. એ ચાર દંડકો.

ભગવન્ ! એકૈક નૈરયિકને નૈરયિકપણામાં કેટલા ક્રોધ સમુદ્‌ઘાત અતીતકાળે થયા છે? અનંતા. એમ વેદના સમુદ્‌ઘાત મુજબ ક્રોધ સમુદ્‌ઘાત સંબંધે બધું વૈમાનિકપણામાં સુધી કહેવું. માન, માયા સમુદ્‌ઘાત સંબંધે પણ મારણાંતિક સમુદ્‌ઘાત મુજબ કહેવું. લોભ સમુદ્‌ઘાત કષાય સમુદ્‌ઘાત માફક કહેવો. પણ અસુરાદિ સર્વ જીવો નૈરયિકોમાં લોભકષાયી એકથી અનંત કહેવા. નૈરયિકોને નૈરયિકપણામાં કેટલા ક્રોધ સમુદ્‌ઘાત થયેલા છે? અનંતા. કેટલા થશે? અનંતા. એમ વૈમાનિકપણામાં જાણવુ. એમ સ્વસ્થાન અને પરસ્થાનમાં બધા કહેવા. સર્વ જીવોને ચારે સમુદ્‌ઘાતો લોભ સમુદ્‌ઘાત જાણવા. યાવત્ વૈમાનિકપણામાં કહેવું.

સૂત્ર–૬૧૦

ભગવન્! આ ક્રોધ–માન–માયા–લોભ સમુદ્‌ઘાત સહિત, અકષાય સમુદ્‌ઘાતવાળા અને સમુદ્‌ઘાત રહિત જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી થોડા જીવો અકષાય સમુદ્‌ઘાતવાળા છે, માન સમુદ્‌ઘાતવાળા વાળા અનંતગણા, ક્રોધ સમુદ્‌ઘાત વિશેષ અધિક, માયા સમુદ્‌ઘાત વિશેષાધિક, લોભ સમુદ્‌ઘાત વિશેષાધિક છે. સમુદ્‌ઘાત રહિત સંખ્યાતગુણા છે.

ભગવન્! એ ક્રોધ–માન–માયા–લોભ સમુદ્‌ઘાતવાળા અને સમુદ્‌ઘાત રહિત નૈરયિકોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી થોડાં નૈરયિકો લોભ સમુદ્‌ઘાત, માયા સમુદ્‌ઘાત સંખ્યાતગણા, માન સમુદ્‌ઘાત સંખ્યાતગણા,, ક્રોધ સમુદ્‌ઘાત સંખ્યાતગણા,, સમુદ્‌ઘાત રહિત સંખ્યાતગણા, છે.

અસુરકુમારો વિશે પ્રશ્ન – સૌથી થોડાં અસુરકુમારો ક્રોધ સમુદ્‌ઘાત, માન સમુદ્‌ઘાત સંખ્યાતગણા, માયા સમુદ્‌ઘાત સંખ્યાતગણા,, લોભ સમુદ્‌ઘાત સંખ્યાતગણા, સમુદ્‌ઘાત રહિત સંખ્યાતગણા, છે. એમ સર્વે દેવો વૈમાનિક સુધી જાણવા.

પૃથ્વીકાયિકો સંબંધે પૃચ્છા – સૌથી થોડાં પૃથ્વીકાયિક, માન સમુદ્‌ઘાત, ક્રોધ સમુદ્‌ઘાત વિશેષાધિક, માયા સમુદ્‌ઘાત વિશેષાધિક, લોભ સમુદ્‌ઘાત વિશેષાધિક, સમુદ્‌ઘાત રહિત સંખ્યાતગણા છે, એમ પંચેન્દ્રિય તિર્યંચો સુધી જાણવા. મનુષ્ય જીવોની જેમ જાણવા. પરંતુ માન સમુદ્‌ઘાત વાળા અસંખ્યાત ગણા કહેવા.

સૂત્ર–૬૧૧

ભગવન્ ! છાદ્મસ્થિક સમુદ્‌ઘાતો કેટલા છે ? ગૌતમ ! છ – વેદના, કષાય, મારણાંતિક, વૈક્રિય, તૈજસ, આહારક સમુદ્‌ઘાત.

ભગવન્ ! નૈરયિકોને કેટલા છાદ્મસ્થિક સમુદ્‌ઘાતો છે ? ચાર – વેદના, કષાય, મારણાંતિક, વૈક્રિય સમુદ્‌ઘાત. અસુરકુમાર સંબંધે પૃચ્છા – પાંચ છાદ્મસ્થિક સમુદ્‌ઘાતો છે – વેદના, કષાય, મારણાંતિક, વૈક્રિય, તૈજસ સમુદ્‌ઘાત. એકેન્દ્રિય અને વિકલેન્દ્રિય વિષયક પૃચ્છા – ત્રણ છાદ્મસ્થિક સમુદ્‌ઘાત છે – વેદના, કષાય, મારણાંતિક. પરંતુ વાયુકાયિકોને ચોથો વૈક્રિય સમુદ્‌ઘાત પણ છે.

પંચેન્દ્રિય તિર્યંચો વિશે પૃચ્છા – તેમને પાંચ છાદ્મસ્થિક સમુદ્‌ઘાત છે – વેદના, કષાય, મારણાંતિક, વૈક્રિય, તૈજસ, મનુષ્યોને કેટલા છાદ્મસ્થિક સમુદ્‌ઘાત છે? છ – વેદના, કષાય, મારણાંતિક, વૈક્રિય, તૈજસ અને આહારક સમુદ્‌ઘાત.

સૂત્ર–૬૧૨

ભગવન્ ! વેદના સમુદ્‌ઘાત વડે સમવહત જીવ વેદના સમુદ્‌ઘાત કરીને જે પુદ્‌ગલો બહાર કાઢે છે, તે પુદ્‌ગલો વડે કેટલું ક્ષેત્ર વ્યાપ્ત હોય ? કેટલું ક્ષેત્ર સ્પૃષ્ટ હોય? ગૌતમ ! અવશ્ય છ દિશામાં વિસ્તાર અને જાડાઈમાં શરીર પ્રમાણ માત્ર ક્ષેત્ર છે, એટલું ક્ષેત્ર વ્યાપ્ત હોય, એટલું ક્ષેત્ર સ્પૃષ્ટ હોય.

તે ક્ષેત્ર કેટલા કાળે વ્યાપ્ત હોય ? કેટલા કાળે સ્પર્શેલુ હોય ? એક–બે કે ત્રણ સમયની વિગ્રહગતિ વડે જેટલું ક્ષેત્ર વ્યાપ્ત હોય તેટલું ક્ષેત્ર એટલા કાળે વ્યાપ્ત અને સ્પૃષ્ટ હોય.

તે પુદ્‌ગલો કેટલા કાળે બહાર કાઢે ? જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ પણ અંતર્મુહૂર્ત્તે કાઢે. બહાર કાઢેલા તે પુદ્‌ગલો હોય તે ત્યાં રહેલા જે પ્રાણો, ભૂતો, જીવો, સત્ત્વોને હણે, ફેરવે, કંઈક સ્પર્શ કરે, એકઠા કરે, વિશેષ એકઠા કરે, પીડા કરે, ક્લાન્ત કરે, જીવિતથી રહિત કરે, તે જીવોને આશ્રીને તે પુદ્‌ગલોથી વેદના સમુદ્‌ઘાત તે જીવ કેટલી ક્રિયાવાળો હોય ? કદાચ ત્રણ કે ચારે કે પાંચ ક્રિયાવાળો હોય.

તે જીવો વેદના સમુદ્‌ઘાત વાળા તે જીવને આશ્રીને કેટલી ક્રિયાવાળા હોય ? ગૌતમ ! કદાચ ત્રણ કે ચાર કે પાંચ. તે જીવ અને તે જીવો અન્ય જીવોના પરંપરાએ આઘાત વડે કેટલી ક્રિયાવાળા હોય ? ત્રણ કે ચાર કે પાંચ ક્રિયાવાળા પણ હોય.

વેદના સમુદ્‌ઘાત વડે સમવહત નૈરયિક આદિ જેમ જીવમાં કહ્યું, તેમ કહેવું. એમ વૈમાનિક સુધી કહેવું. એમ કષાય સમુદ્‌ઘાત કહેવો.

જીવ મારણાંતિક સમુદ્‌ઘાત કરે છે, કરીને જે પુદ્‌ગલોને બહાર કાઢે છે, તે પુદ્‌ગલો વડે કેટલું ક્ષેત્ર વ્યાપ્ત કરે ? કેટલું સ્પૃષ્ટ હોય ? ગૌતમ ! વિસ્તાર અને જાડાઈમાં શરીર પ્રમાણ તથા લંબાઈમાં જઘન્યથી અંગુલના અસંખ્યાતમાં ભાગ પ્રમાણ અને ઉત્કૃષ્ટથી એક દિશામાં અસંખ્યાતા યોજન જેટલું ક્ષેત્ર વ્યાપ્ત અને સ્પૃષ્ટ હોય. તે ક્ષેત્ર કેટલા કાળે વ્યાપ્ત અને કેટલા કાળે સ્પૃષ્ટ હોય? ગૌતમ! એક, બે, ત્રણ કે ચાર સમયની વિગ્રહગતિ વડે જેટલું ક્ષેત્ર વ્યાપ્ત થાય તેટલું એટલા કાળે વ્યાપ્ત હોય, એટલા કાળે સ્પૃષ્ટ હોય. બાકી બધું યાવત્ "પાંચ ક્રિયાવાળો હોય" ત્યાં સુધી પૂર્વવત્.

એ પ્રમાણે નૈરયિક પણ જાણવો. પણ લંબાઈમાં જઘન્ય કંઈક અધિક હજાર યોજન અને ઉત્કૃષ્ટ અસંખ્યાતા યોજન સુધી એક દિશામાં એટલું ક્ષેત્ર વ્યાપ્ત હોય, એટલું ક્ષેત્ર સ્પૃષ્ટ હોય અને તે એક, બે, ત્રણ સમયની વિગ્રહગતિ વડે કહેવું. પણ ચાર સમયની વિગ્રહ ગતિ વડે ન કહેવું. બાકી બધું "યાવત્ પાંચ ક્રિયાવાળા હોય" ત્યાં સુધી જાણવું. અસુર–કુમારને જીવપદ મુજબ કહેવું. પરંતુ નૈરયિકની માફક વિગ્રહગતિ ત્રણ સમયની જાણવી. બાકી બધું જેમ અસુરકુમાર વિશે કહ્યું, તેમ કહેવું. એમ વૈમાનિક સુધી જાણવું પરંતુ એકેન્દ્રિયને જીવની માફક બધું કહેવું.

સૂત્ર-૬૧૩

વૈક્રિય સમુદ્‌ઘાત વડે સમુદ્‌ઘાતવાળો જીવ વૈક્રિય સમુદ્‌ઘાત કરીને જે પુદ્‌ગલો બહાર કાઢી તે પુદ્‌ગલો વડે હે ભગવન્ ! કેટલું ક્ષેત્ર વ્યાપ્ત છે ? કેટલું ક્ષેત્ર સ્પૃષ્ટ છે ? ગૌતમ ! વિસ્તાર અને જાડાઈમાં શરીર પ્રમાણ અને લંબાઈમાં જઘન્ય અંગુલનો અસંખ્યાત ભાગ અને ઉત્કૃષ્ટ સંખ્યાતા યોજન પ્રમાણ એક દિશામાં કે વિદિશામાં એટલું ક્ષેત્ર વ્યાપ્ત હોય અથવા એટલું ક્ષેત્ર સ્પર્શેલું હોય.

ભગવન્ ! તે ક્ષેત્ર કેટલા કાળે વ્યાપ્ત હોય ? કેટલા કાળે સ્પર્શેલું હોય ? ગૌતમ ! એક, બે કે ત્રણ સમયની વિગ્રહ ગતિ વડે, એટલા કાળે વ્યાપ્ત હોય, એટલા કાળે સ્પૃષ્ટ હોય. બાકી બધું “યાવત્ પાંચ ક્રિયાવાળા પણ હોય” ત્યાં સુધી તેમજ જાણવું. એ પ્રમાણે નૈરયિક સંબંધે કહેવું. પરંતુ લંબાઈમાં જઘન્યથી અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા યોજનો એક દિશામાં હોય છે, એટલું ક્ષેત્ર કેટલા કાળે વ્યાપ્ત થાય – ઈત્યાદિ જીવપદમાં કહ્યું છે, તેમજ કહેવું.

એ પ્રમાણે નૈરયિકને કહ્યું તેમ અસુરકુમારને કહેવું. પરંતુ એક દિશામાં કે વિદિશામાં જાણવું. એ રીતે યાવત્ સ્તનિતકુમારને કહેવું. વાયુકાયિકને જેમ જીવપદમાં કહ્યું છે, તેમ કહેવું. પરંતુ ક્ષેત્ર એક દિશામાં કહેવું. પંચેન્દ્રિય તિર્યંચને નૈરયિકની જેમ કહેવું. મનુષ્ય, વ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિકોને બધું અસુરકુમારની માફક જાણવું.

ભગવન્ ! તૈજસ સમુદ્‌ઘાત વડે સમવહત જીવ અને તૈજસ સમુદ્‌ઘાત કરીને જે પુદ્‌ગલોને બહાર કાઢી તે પુદ્‌ગલો વડે હે ભગવન્ ! કેટલું ક્ષેત્ર વ્યાપ્ત હોય, કેટલું ક્ષેત્ર સ્પૃષ્ટ હોય ? ઈત્યાદિ જેમ વૈક્રિય સમુદ્‌ઘાત કહ્યો, તેમજ કહેવું. પરંતુ લંબાઈમાં જઘન્યથી અંગુલના અસંખ્યાતમાં ભાગ પ્રમાણ જાણવું. બાકી બધું પૂર્વવત્. એ પ્રમાણે વૈમાનિક સુધી કહેવું. પરંતુ પંચેન્દ્રિય તિર્યંચને એક દિશામાં એટલું ક્ષેત્ર વ્યાપ્ત હોય અને એટલું ક્ષેત્ર સ્પર્શેલું હોય.

ભગવન્ ! આહારક સમુદ્‌ઘાતવાળો જીવ સમવહત થઈને જે પુદ્‌ગલો બહાર કાઢે, તે પુદ્‌ગલો વડે કેટલું ક્ષેત્ર વ્યાપ્ત હોય ? કેટલું ક્ષેત્ર સ્પૃષ્ટ હોય? ગૌતમ! વિસ્તાર અને જાડાઈમાં શરીર પ્રમાણ માત્ર, લંબાઈમાં જઘન્યથી અંગુલનો અસંખ્યાતભાગ જેટલું અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા યોજન એક દિશામાં, એટલું ક્ષેત્ર એક સમય, બે સમય કે ત્રણ સમયની વિગ્રહગતિ વડે એટલા કાળે વ્યાપ્ત હોય, એટલા કાળે સ્પર્શેલું હોય.

ભગવન્ ! તે પુદ્‌ગલો કેટલા કાળે બહાર કાઢે ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી પણ અંતર્મુહૂર્ત્તમાં કાઢે.

ભગવન્! બહાર કાઢેલા તે પુદ્‌ગલો ત્યાં રહેલા જે પ્રાણો, ભૂતો, જીવો, સત્ત્વોને હણે છે. યાવત્ તેના જીવિતનો નાશ કરે છે. તેને આશ્રીને જીવ કેટલી ક્રિયાવાળો હોય ? ગૌતમ ! કદાચ ત્રણ કે ચાર કે પાંચ ક્રિયાવાળો હોય.

ભગવન્ ! તે જીવો તે સમુદ્‌ઘાતવાળા જીવને આશ્રીને કેટલી ક્રિયાવાળા હોય? ગૌતમ! એમ જ જાણવું.

ભગવન્! તે જીવ અને તે જીવોના પરંપરાએ આઘાત વડે કેટલી ક્રિયાવાળા હોય ? ગૌતમ ! ત્રણ, ચાર કે પાંચ ક્રિયાવાળા પણ હોય, એ પ્રમાણેમ મનુષ્ય સંબંધે પણ જાણવું.

સૂત્ર-૬૧૪

ભગવન્ ! ભાવિતાત્મા કેવલી સમુદ્‌ઘાતયુક્ત અણગારને જે છેલ્લા સમયના નિર્જરા પુદ્‌ગલો છે, તે સૂક્ષ્મ પુદ્‌ગલો કહ્યા છે ? આયુષ્યમાન્ શ્રમણ ! તે પુદ્‌ગલો સર્વ લોકને સ્પર્શીને રહે છે ? હા, ગૌતમ ! તેમજ છે.

ભગવન્ ! છદ્મસ્થ મનુષ્ય તે નિર્જરા પુદ્‌ગલોને કંઈક વર્ણ વડે વર્ણરૂપે, ગંધ વડે ગંધરૂપે, રસ વડે રસ રૂપે, સ્પર્શ વડે સ્પર્શરૂપે જાણે અને જુએ? ગૌતમ! એ અર્થ સમર્થ નથી. ભગવન્! એમ કેમ કહો છો ? ગૌતમ ! આ જંબૂદ્વીપ નામે દ્વીપ, સર્વ દ્વીપ અને સમુદ્રોની સૌની અંદર છે. તે બધાંથી નાનો, વૃત્ત – તેલમાં તળેલા પુડલાના આકાર જેવો ગોળ, રથના પૈડાના સંસ્થાન જેવો વૃત્ત, કમળની કર્ણિકાની આકૃતિ જેવો ગોળ, પરિપૂર્ણ ચંદ્રાકૃતિ

સમાન છે. તે એક લાખ યોજન લાંબો–પહોળો છે. તથા તેની પરિધિ **૩,૧૬,૨૨૭** યોજન, **૩**–કોશ, **૧૨૮** ધનુષ અને સાધિક **૧૩॥** અંગુલ છે. કોઈ એક મહાઋદ્ધિવાળો દેવ એક મોટા વિલેપન દ્રવ્યના ડાબડાને ગ્રહણ કરી ઉપાડે, ઉપાડીને એ પ્રમાણે સંપૂર્ણ જંબૂદ્વીપને ત્રણ ચપટી વગાડે તેટલા સમયમાં **૨૧**–વાર ફરીને શીઘ્ર આવે. હે ગૌતમ! ખરેખર તે સંપૂર્ણ જંબૂદ્વીપ વડે તે ગંધના પુદ્‌ગલો વડે વ્યાપ્ત થાય ?

હે ગૌતમ ! ખરેખર તે સંપૂર્ણ જંબૂદ્વીપ વડે તે ગંધના પુદ્‌ગલો વડે વ્યાપ્ત થાય? હા, થાય. હે ગૌતમ ! છદ્મસ્થ મનુષ્ય તે ગંધના પુદ્‌ગલોને કંઈક વર્ણથી વર્ણ – ગંધથી ગંધ – રસથી રસ – સ્પર્શથી સ્પર્શ રૂપે જાણે – જુએ? ભગવન્ ! એ અર્થ સમર્થ નથી. હે ગૌતમ ! એ કારણે એમ કહું છું કે – છદ્મસ્થ મનુષ્ય તે નિર્જરા પુદ્‌ગલોને કંઈક વર્ણથી વર્ણરૂપે યાવત્ સ્પર્શથી સ્પર્શરૂપે જાણતો–જોતો નથી. હે આયુષ્યમાન્ શ્રમણ! એટલા સૂક્ષ્મ પુદ્‌ગલો તે છે અને તે સર્વલોકને સ્પર્શીને રહે છે.

## સૂત્ર–૬૧૫ થી ૬૧૯

**૬૧૫.** ભગવન્ ! કેવલજ્ઞાની કયા હેતુથી કેવલી સમુદ્‌ઘાતને પ્રાપ્ત થાય છે ? ગૌતમ ! કેવળજ્ઞાનીને ચાર કર્માંશો અક્ષીણ, અવેદિત અને અનિર્જિણર્ણ હોય છે. તે આ – વેદનીય, આયુ, નામ અને ગોત્ર. તેમાં તે કેવલીને સૌથી વધુ પ્રદેશવાળુ વેદનીય કર્મ હોય છે અને સૌથી થોડા પ્રદેશવાળુ આયુકર્મ હોય છે. ત્યારે તેને બંધન વડે અને સ્થિતિ વડે વિષમ હોય તો સમ કરે છે. આ બંધન અને સ્થિતિ વડે વિષમને સમાન કરવા માટે કેવલી સમુદ્‌ઘાત કરે છે. એ પ્રમાણે નિશ્ચે કેવલી સમુદ્‌ઘાતને પામે છે.

ભગવન્ ! બધા કેવલી સમુદ્‌ઘાત કરે છે, બધા કેવલી સમુદ્‌ઘાતને પ્રાપ્ત થાય છે ? ગૌતમ ! એ અર્થ સમર્થ નથી.

**૬૧૬.** જેને આયુના તુલ્ય પ્રદેશ અને સ્થિતિ વડે ભવના હેતુભૂત કર્મ છે, તે સમુદ્‌ઘાત કરતો નથી.

**૬૧૭.** સમુદ્‌ઘાતને પ્રાપ્ત થયા વિના અનંતા કેવલી જિનો જરા–મરણથી મુક્ત થઈ શ્રેષ્ઠ ગતિરૂપ સિદ્ધિને પ્રાપ્ત થયેલા હોય છે.

**૬૧૮.** ભગવન્ ! કેટલા સમયનું આયોજીકરણ છે ? ગૌતમ ! અસંખ્યાતા સમયના અંતર્મુહૂર્ત પ્રમાણ આયોજીકરણ કહેલું છે.

**૬૧૯.** ભગવન્ ! કેટલા સમયનો કેવલી સમુદ્‌ઘાત છે ? ગૌતમ ! આઠ સમય પ્રમાણ. તે આ રીતે – પહેલાં સમયે દંડ કરે છે, બીજા સમયે કપાટ કરે છે, ત્રીજા સમયે મંથાન કરે છે, ચોથા સમયે લોકને પૂરે છે, પાંચમાં સમયે લોકને સંહરે છે, છઠ્ઠા સમયે મંથન સંહરે છે, સાતમા સમયે કપાટ સંહરે છે, આઠમા સમયે દંડ સંહરે છે. દંડને સંહરીને શરીરસ્થ થાય છે.

ભગવન્ ! તે પ્રકારે સમુદ્‌ઘાત પ્રાપ્ત થયેલો શું મનોયોગનો વ્યાપાર કરે છે ? વચનયોગનો વ્યાપાર કરે છે ? કાયયોગનો વ્યાપાર કરે છે ? ગૌતમ ! તે મનોયોગ કે વચનયોગનો નહીં પણ કાયયોગનો વ્યાપાર કરે છે.

ભગવન્ ! કાયયોગનો વ્યાપાર કરતો તે શું ઔદારિક કાયયોગનો વ્યાપાર કરે છે કે ઔદારિક મિશ્ર શરીર કાયયોગનો ? વૈક્રિય–શરીર કાયયોગ કે વૈક્રિયમિશ્ર શરીર કાયયોગનો ? આહારક શરીર કાયયોગ કે આહારક મિશ્ર શરીર કાયયોગનો ? કાર્મણ શરીર કાયયોગનો વ્યાપાર કરે છે ?

ગૌતમ ! તે ઔદારિક શરીર કાયયોગ, ઔદારિક મિશ્ર શરીર કાયયોગ અને કાર્મણ શરીર કાયયોગનો વ્યાપાર કરે છે. પણ વૈક્રિય, વૈક્રિયમિશ્ર, આહારક, આહારક મિશ્ર શરીર કાયયોગનો વ્યાપાર કરતો નથી.

પહેલાં અને આઠમાં સમયમાં ઔદારિક શરીર કાયયોગનો અને બીજા, છઠ્ઠા, સાતમા સમયમાં ઔદારિક મિશ્ર શરીર કાયયોગનો વ્યાપાર કરે છે. ત્રીજા, ચોથા, પાંચમાં સમયમાં કાર્મણ શરીર કાયયોગનો વ્યાપાર કરે છે.

સૂત્ર–૬૨૦

ભગવન્ ! તે પ્રમાણે સમુદ્ઘાતને પ્રાપ્ત થયેલો સિદ્ધ થાય, બુદ્ધ થાય, મુક્ત થાય, નિર્વાણ પામે અને સર્વ દુઃખોનો અંત કરે ? ગૌતમ ! એ અર્થ સમર્થ નથી. તે સમુદ્ઘાતથી નિવૃત્ત થાય છે, નિવૃત્ત થઈને પછી મનોયોગનો પણ વ્યાપાર કરે, વચન યોગનો પણ વ્યાપાર કરે, કાયયોગનો પણ વ્યાપાર કરે છે.

મનોયોગનો વ્યાપાર કરતો શું સત્ય મનોયોગનો વ્યાપાર કરે, મૃષા મનોયોગનો વ્યાપાર કરે,, સત્યામૃષા મનોયોગનો વ્યાપાર કરે, કે અસત્યામૃષા મનોયોગનો વ્યાપાર કરે ?

વચનયોગનો વ્યાપાર કરતો શું સત્ય વચનયોગનો વ્યાપાર કરે, મૃષા વચનયોગનો વ્યાપાર કરે, અસત્યામૃષા વચન યોગનો વ્યાપાર કરે ?

હે ગૌતમ ! સત્ય મનોયોગ અને અસત્યામૃષા મનોયોગનો વ્યાપાર કરે પણ મૃષા મનોયોગ અને સત્યામૃષા મનોયોગનો વ્યાપાર ન કરે,

એ રીતે જ સત્ય વચનયોગ અને અસત્યામૃષા વચનયોગનો વ્યાપાર કરે પણ મૃષા વચનયોગ અને સત્યામૃષા વચનયોગનો વ્યાપાર ન કરે.

કાયયોગનો વ્યાપાર કરતો આવે, જાય, ઊભો રહે, બેસે, આબોટે, ઉલ્લંઘન કરે, પ્રલંઘન કરે, પ્રાતિહારિક, પીઠ, ફલક, શય્યા, સંથારો પાછા આપે.

સૂત્ર–૬૨૧

ભગવન્ ! તે પ્રકારે સયોગી સિદ્ધ થાય યાવત્ દુઃખનો અંત કરે ? ગૌતમ ! એ અર્થ સમર્થ નથી.

તે પહેલાં જઘન્ય યોગવાળા સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તાના મનોયોગની નીચે અસંખ્યાતગુણ હીન – ન્યૂન મનોયોગને રોકે છે. પછી તુરંત જઘન્ય યોગવાળા બેઇન્દ્રિય પર્યાપ્તાના વચનયોગની નીચે અસંખ્યાત ગુણહીન બીજા વચનયોગનો રોધ કરે છે ત્યારપછી તુરંત જઘન્ય યોગવાળા અપર્યાપ્તા સૂક્ષ્મ પનક જીવના કાયયોગની નીચે અસંખ્યાતગુણહીન કાયયોગનો રોધ કરે છે.

તે એ ઉપાય વડે – એ પ્રમાણે પહેલાં મનોયોગનો રોધ કરે છે,

મનોયોગનો રોધ કરી વચનયોગનો રોધ કરે છે,

વચનયોગનો રોધ કરી કાયયોગનો રોધ કરે છે.

કાયયોગનો રોધ કરી યોગ નિરોધ કરે છે.

યોગ નિરોધ કરીને અયોગીપણું – યોગરહિતપણું પામે છે.

યોગરહિતપણું પામ્યા પછી થોડા કાળમાં હ્રસ્વ પાંચ અક્ષરના ઉચ્ચારણકાળ જેટલી અસંખ્યાતા સમયના અંતર્મુહૂર્ત પ્રમાણ શૈલેશીને પ્રાપ્ત થાય છે અને પૂર્વે રચેલી ગુણશ્રેણી જેની છે એવા કર્મને અનુભવવા પ્રાપ્ત થાય છે. તે શૈલેશી કાળમાં અસંખ્યાતી ગુણશ્રેણી વડે અસંખ્યાતા કર્મ સ્કંધોનો ક્ષય કરે છે.

તે ક્ષય કર્યા પછી વેદનીય, આયુષ, નામ, ગોત્ર એ ચાર કર્મભેદોને એક સાથે ખપાવે છે. એક સાથ ખપાવી ઔદારિક, તૈજસ, કાર્મણ શરીરનો સર્વ પ્રકારે ત્યાગ કરે છે.

તે ત્યાગ કર્યા પછી ઋજુશ્રેણીને પ્રાપ્ત થયેલો અસ્પૃશદ્ગતિ વડે એક સમયમાં અવિગ્રહગતિથી ઉર્ધ્વ–ઊંચે જઈને સાકાર ઉપયોગ સહિત સિદ્ધિપદને પામે છે, બોધ પામે છે અને ત્યાં જઈને સિદ્ધ થાય છે.

ત્યાં રહેલા સિદ્ધો શરીર રહિત, જીવપ્રદેશ ઘનવાળા, દર્શન અને જ્ઞાનના ઉપયોગવાળા, નિષ્ઠિતાર્થ, રજરહિત, કંપ રહિત, તિમિર રહિત અને વિશુદ્ધ એવા શાશ્વત અનાગતકાળ સુધી રહે છે.

ભગવન્ ! એમ કેમ કહો છો કે તેઓ ત્યાં રહેલા સિદ્ધ અશરીરી, જીવપ્રદેશ ઘનવાળા, દર્શન–જ્ઞાનના ઉપયોગ

સહિત, કૃતાર્થ, કર્મરજ રહિત, વિતિમિર, વિશુદ્ધ એવા શાશ્વત અનાગત કાળ પર્યન્ત રહે છે?

ગૌતમ ! જેમ અગ્નિથી બળેલા બીજને ફરીથી અંકુરની ઉત્પત્તિ થતી નથી, એ પ્રમાણે સિદ્ધોને પણ કર્મરૂપી બીજ બળી જવાથી ફરીથી જન્મની ઉત્પત્તિ થતી નથી. તે હેતુથી હે ગૌતમ ! એમ કહું છું કે ત્યાં રહેલા તે સિદ્ધો અશરીરી, જીવપ્રદેશના ઘનવાળા, દર્શન–જ્ઞાનના ઉપયોગ સહિત, કૃતાર્થ, કર્મરજ રહિત, નિષ્કંપ, વિતિમિર, વિશુદ્ધ હોય છે અને શાશ્વત–અનાગત કાળ સુધી રહે છે.

સર્વ દુઃખોનો પાર પામેલા, જન્મ–જરા–મરણ અને કર્મના બંધનથી મૂકાયેલા એવા અવ્યાબાધ સુખને પ્રાપ્ત થયેલા અને સુખી શાશ્વત કાળ પર્યન્ત રહે છે.

પદ-૩૬ 'સમુદ્ઘાત' મુનિ દીપરત્નસાગરે કરેલ ભાવાનુવાદ પૂર્ણ

# [૧૫] પ્રજ્ઞાપનાસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ પૂર્ણ

| | | | |
|---|---|---|---|
| મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો–4 [603+DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો– 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | | |
| [૧] | **मूल आगम साहित्य**<br>મૂળ આગમ 3 પ્રકાશનોમાં 147 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 07850 પૃષ્ઠોમાં છે | 147 | 07850 |
| 1 | **आगम सुत्ताणि–मूलं** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 49 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3510 છે | | |
| 2 | **आगम सुत्ताणि–मूलं** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 45 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2810 છે | | |
| 3 | **आगम सुत्ताणि–मंजूषा** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 53 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1530 છે | | |
| [૨] | **आगम अनुवाद साहित्य**<br>આગમ ભાવાનુવાદ 5 પ્રકાશનોમાં165 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 20150 પૃષ્ઠોમાં છે | 165 | 20050 |
| 1 | **आगम सूत्र–गुजराती अनुवाद–मूळ** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 47 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3400 છે | | |
| 2 | **आगम सूत्र–हिन्दी अनुवाद** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 47 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2800 છે | | |
| 3 | **आगम सूत्र–इंग्लिश अनुवाद** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 11 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 400 છે | | |
| 4 | **आगम सूत्र–गुजराती अनुवाद–सटीक** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 48 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 10340 છે | | |
| 5 | **आगम सूत्र–हिन्दी अनुवाद** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 12 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3110 છે | | |
| [૩] | **आगम विवेचन साहित्य**<br>આગમ વિવેચન 7 પ્રકાશનોમાં 171 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 60900 પૃષ્ઠોમાં છે | 171 | 60900 |
| 1 | **आगम सूत्र–सटीकं** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 46 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 13800 છે | | |
| 2 | **आगम मूलं एवं वृत्ति–1** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 51 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 17990 છે | | |
| 3 | **आगम मूलं एवं वृत्ति–2** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2560 છે | | |

| | | | |
|---|---|---|---|
| મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો–4 [603+DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો– 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | | |
| 4 | **आगम चूर्णि साहित्य** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2670 છે | | |
| 5 | **सवृत्तिक आगम सूत्राणि**–1 Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 40 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 18460 છે | | |
| 6 | **सवृत्तिक आगम सूत्राणि**–2 Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 8 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2660 છે | | |
| 7 | **सचूर्णिक आगम सूत्राणि** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 8 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2760 છે | | |
| [૪] | **आगम कोष साहित्य**<br>આગમ કોષ સાહિત્ય 5 પ્રકાશનોમાં 16 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 5190 પૃષ્ઠોમાં છે | 16 | 05190 |
| 1 | **आगम सद्दकोसो** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2100 છે | | |
| 2 | **आगम नाम व कहा–कोसो** Printed.<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 210 છે | | |
| 3 | **आगम सागर कोष:** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1130 છે | | |
| 4 | **आगम शब्दादि संग्रह [प्रा० सं० गु०]** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1250 છે | | |
| 5 | **आगम बृहत् नाम कोष: [प्रा० सं० गु० नाम परिचय ]** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 500 છે | | |
| [૫] | **आगम अन्य साहित्य**<br>આગમ અન્ય સાહિત્ય 3 પ્રકાશનોમાં 9 પુસ્તકોમાં કુલ 1590 પૃષ્ઠોમાં છે | 10 | 03220 |
| 1 | **आगम कथानुयोग** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 6 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2170 છે | | |
| 2 | **आगम संबंधी साहित्य** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 870 છે | | |
| 3 | **ऋषिभाषित सूत्राणि** Printed.<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 80 છે | | |
| 4 | **आगमिय सूक्तावली** Printed.<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 100 છે | | |

મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો–4 [603+DVD] 1,36,000
આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો– 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070

| | | | |
|---|---|---|---|
| [૬] | **आगम अनुक्रम साहित्य**<br>આગમઅનુક્રમસાહિત્ય 3 પ્રકાશનોમાં 9 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 1590 પૃષ્ઠોમાં છે | 9 | 01590 |
| 1 | **आगम विषयानुक्रम–मूल** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 730 છે | | |
| 2 | **आगम विषयानुक्रम–सटीक** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| 3 | **आगम सूत्र–गाथा अनुक्रम** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 3 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| [૭] | મુનિ દીપરત્નસાગર લિખિત "આગમ સિવાયનું અન્ય સાહિત્ય"<br>આગમેતર સાહિત્ય 12 પ્રકાશનોમાં 84 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 9270 પૃષ્ઠોમાં છે | 85 | 09270 |
| 1 | તત્ત્વાભ્યાસ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 13 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2090 છે | | |
| 2 | સૂત્રાભ્યાસ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 6 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1480 છે | | |
| 3 | વ્યાકરણ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1050 છે | | |
| 4 | વ્યાખ્યાન સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1220 છે | | |
| 5 | જિનભક્તિ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1190 છે | | |
| 6 | વિધિ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 300 છે | | |
| 7 | આરાધના સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 3 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| 8 | પરિચય સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 220 છે | | |
| 9 | પૂજન સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 100 છે | | |

| | | | |
|---|---|---|---|
| દીપરત્નસાગરજીના પ્રકાશનો–4 [603+DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો– 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | | |
| 10 | તીર્થંકર સંક્ષિપ્ત દર્શન<br>આ સંપુટમાં અમારા કુલ 25 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 680 છે | | |
| 11 | પ્રકીર્ણ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 290 છે | | |
| 12 | દીપરત્નસાગરના લઘુશોધ નિબંધ<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 220 છે | | |

### મુનિ દીપરત્નસાગરનું સાહિત્ય

| | |
|---|---|
| 1 | મુનિ દીપરત્નસાગરનું આગમ સાહિત્ય [કુલ પુસ્તક 518] તેના કુલ પાના [98,800] |
| 2 | મુનિ દીપરત્નસાગરનું અન્ય સાહિત્ય [કુલ પુસ્તક 85] તેના કુલ પાના [09,270] |
| 3 | મુનિ દીપરત્નસાગર સંકલિત 'તત્ત્વાર્થસૂત્ર'ની વિશિષ્ટ DVD તેના કુલ પાના [27,930] |

**અમારા પ્રકાશનો કુલ ૬૦૩ + વિશિષ્ટ DVD કુલ પાના 1,36,000**

**અમારું બધું જ સાહિત્ય on-line પણ ઉપલબ્ધ છે અને 5 DVD માં પણ મળી શકે છે**

વેબ સાઈટ:– 1. www.jainelibrary.org 2. deepratnasagar.in
ઈમેલ એડ્રેસ:– jainmunideepratnasagar@gmail.com મોબાઈલ 09825967397

સંપર્ક:– મુનિશ્રી દીપરત્નસાગરજી મહારાજ સાહેબ
"પાર્શ્વ વિહાર", જૈન દેરાસરજી, ફોરેસ્ટ રેસ્ટ હાઉસ સામે, કાલાવડ હાઈવે–ટચ
Post: - ઠેબા, Dis:–જામનગર, ગુજરાત, India. [Pin- 361120]

नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

આગમ- ૧૫

# પ્રજ્ઞાપના

## આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ

વેબ સાઈટ:– (1) www.jainelibrary.org (2) deepratnasagar.in

ઈમેલ એડ્રેસ:- jainmunideepratnasagar@gmail.com મોબાઇલ 09825967397